ॐ ह्रीं ॐ

ऐं जैनं जयति शासनम्

श्री अभिनव महाभारत



व्याख्याता :
तीर्थप्रभावक पू. गुरुदेव
विक्रमसूरीश्वरजी म.सा.ना
शिष्यरत्न
पू. पं. राजयशविजयजी म.सा.

B.PANCHAL

"જૈનં જયતિ શાસનમ્"

ॐ પાર્શ્વનાથાય હ્રીઁ ॐ પદ્માવત્યૈ હ્રીઁ

શ્રી ગૌતમ સ્વામિને નમઃ

। આત્મ – કમલ – લબ્ધિસૂરીશ્વર ગુરુભ્યો નમઃ ।

। જયંત – વિક્રમ – નવીનસૂરીશ્વર ગુરુભ્યો નમઃ ।

શ્રી અભિનવ મહાભારત

: શુભનિશ્રા :

પૂ. પા. તીર્થપ્રભાવક નિત્ય ભક્તામર સ્તોત્ર સમારાધક

આચાર્ય ભગવંત વિક્રમસૂરીશ્વરજી મ. સા.

: લેખક :

વિદ્વાન વક્તા પૂ. પંન્યાસ રાજયશવિજયજી મ. સા.

: પ્રકાશક :

શ્રી લબ્ધિવિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર

T/7/A, શાંતીનગર, આશ્રમ રોડ, અમદાવાદ–૧૩.

પ્રથમ સંસ્કરણ : વિ. સં. ૨૦૪૨ આસો સુદ ૧૦ રવિવાર
તા. ૧૨-૧૦-૮૬

કુલ પ્રત : ૨૦૦૦ નકલ પુસ્તકરૂપે
૩૦૦૦ નકલ શ્રેણીરૂપે

પ્રકાશક : શ્રી લબ્ધિ વિક્રમ સૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર

પ્રાપ્તિસ્થાન :
C/o. Chandrakant A. Dalal
T/7/A Shanti Nagar, Vadaj,
AHMEDABAD–380 013.

સંસ્થા-પરિચય

નામ : શ્રી લબ્ધિ-વિક્રમ-સૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર

ઉદ્દેશ્ય : પુસ્તક પ્રકાશન, શિબિર આયોજન, તેમજ સમ્યગ્ જ્ઞાનપ્રચાર

સ્થાપના : બીજાપુર, આસો સુદ ૧૦ વિ. સં. ૨૦૩૪ (રજીસ્ટ્રેશન)

આશીર્વાદદાતા : શાંતમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય નવીનસૂરીશ્વરજી મ. સા.

પ્રેરક : વિદ્વાન વક્તા પૂ. પંન્યાસ શ્રી રાજયશવિજયજી મ. સા.

ટ્રસ્ટીગણ

મેનેજીંગ ટ્રસ્ટી

(૧) શ્રીમાન રાજેન્દ્ર એ. દલાલ-સિકંદ્રાબાદ
(૨) શ્રીમાન માણેકચંદજી બેતાલા-મદ્રાસ
(૩) શ્રીમાન તારાચંદજી ચોરડીયા-સિકંદ્રાબાદ

પ્રકાશનમંત્રી

(૪) શ્રીમાન દિનેશભાઈ શાંતિલાલ શાહ-કોઇમ્બતુર
(૫) શ્રીમાન ચંદ્રકાન્ત એ. દલાલ-અમદાવાદ

સભ્યો

અનેક વિશેષ દાતાઓ સહિત ભારતભરમાં આ સંસ્થાના લગભગ ૪૭૫ દાતા છે.

સંપર્ક સ્થળ

શ્રી રાજેન્દ્ર એ. દલાલ.
૫૧, જવાહર કોલોની પેન્ડર ગાસ્ટ રોડ,
સિકંદ્રાબાદ-૩ (A. P.)

❋ પ્રકાશકીય

શ્રી અભિનવ મહાભારત પ્રકાશનના ઉપક્રમે શ્રી લબ્ધિ વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર તરફથી શ્રી અભિનવ મહાભારત ભાગ–૧ (અંક ૧ થી ૧૬) પ્રકાશિત કરતાં અમે અનેરો આનંદ અનુભવી રહ્યા છીએ.

આ મહાગ્રંથની ૫૦૦૦ નકલો પ્રસિદ્ધ કરવી એ શ્રી લબ્ધિ–વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્રની કદાચિત્ ગજા ઉપરાંતની વાત હતી. એ માટે જ અમે શ્રી શાંતિનગર જૈન શ્વે. મૂ. સંઘ તથા અભિનવ મહાભારત પ્રકાશન સમિતિ સાથે સંપર્ક કરી આ આખીય યોજનાને સાકાર કરી છે.

શ્રી શાંતિનગર જૈન સંઘે પોતાના જ્ઞાન ખાતામાંથી ૧૦૦૦/– પુસ્તકના પ્રકાશનનો સુંદર લાભ લઈને આ પ્રકાશનને પ્રોત્સાહિત કરેલ છે. અને તેવો જ ભવ્ય સહકાર ગુરુભક્ત શ્રી સતીશકુમાર ચીમનલાલ શાહ પાટણવાળા તરફથી સાધ્વીવર્યા સર્વોદયાશ્રીજી મ. ની પુનિત પ્રેરણાથી લેવાયો છે. અમારા અન્ય ઉદાર દાતાઓને ધન્યવાદ આપીએ છીએ પણ આ શ્રી સંઘ તથા ગુરુભક્ત સતીશભાઈની આવી મોટી હામ વિના આ પ્રકાશન આટલી વિશાળ સંખ્યામાં પ્રગટ ન થઈ શકયું હોત.

અમારા આ 'અભિનવ મહાભારત'ના પ્રગટીકરણ પૂર્વે 'જૈન મહાભારત'ના નામે જે જુદા જુદા અંકો બહાર પડતા હતા તેના પણ બધા દાતાઓની યાદી અમે અનુમોદના માટે આપી છે.

શ્રી શાંતિનગર જૈન સંઘના પ્રમુખ શ્રી જયંતિલાલ ભાઉ, આગેવાન કાર્યકર શ્રી મનુભાઇ સી. શાહ, શ્રી રસિકભાઈ જોટાણાવાળાએ આ પ્રકાશનમાં સારો સહયોગ આપ્યો છે. તેમાંય શ્રી રસિકભાઈ સાંડેસરાવાળાએ નિઃસ્વાર્થ ભાવે આ પ્રકાશનમાં ઉંડો રસ ધરાવી અમને સારી સહાય કરી છે. પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા.નો અમારી પર મંગળ આશીર્વાદ છે જ પણ સાધ્વીવર્યા સર્વોદયાશ્રીજી મ. સા. તથા સાધ્વીવર્યા વાચંયમાશ્રીજી મ. એ (. બેન મ.) આ પ્રકાશન માટે ખૂબ ખૂબ પરિશ્રમ લીધો છે તેમને અને સહુ વડીલોને અમે ખૂબ ખૂબ ભાવપૂર્વક વંદન કરીએ છીએ.

વિદ્વાન વ્યાખ્યાતા પૂ. પંન્યાસપ્રવર રાજયશ વિજયજી મ. સા. અનેકાનેક શાસનભક્તિ તથા ગુરુભક્તિના કાર્યમાં લીન હોવા છતાં આટલું આલેખન કરી શકયા છે તે આશ્ચર્યકારી છે....અનુમોદનીય છે. પણ વાંચક જનતાની જે જોરદાર માંગણી છે તેને લક્ષ્યમાં રાખીને તેઓશ્રીને પુનઃ યાદ કરાવીએ છીએ કે હવે આગળના ભાગ–૨ તથા ભાગ–૩નું મેટર અમને શીઘ્ર તૈયાર કરી આપે અને અમને શીઘ્ર આ ઋણમાંથી મુક્ત કરે.

અમે અભિલાષા રાખીએ છીએ કે આગામી વૈશાખ માસમાં જયારે ભરૂચના મંદિરની ભવ્ય પ્રતિષ્ઠા છે તે પહેલાં આ પ્રકાશન અમે પૂરું કરવા સમર્થ બનીએ.

આ પ્રકાશન માટે સુયોગ્ય નોંધ કરનાર તથા પ્રેસ કોપી કરનાર તેમજ પ્રુફ સંશોધન વિગેરે કરીને આ પ્રકાશનને સુયોગ્ય બનાવનાર પૂ. મુનિરાજ રત્નયશવિજયજી

મ. સા. પૂ. મુનિરાજ વિશ્રુતયશવિજયજી મ. સા. તેમજ સાધ્વી રત્નચૂલાશ્રીજી મ. સા. સાધ્વી વાચંયમાશ્રીજી મ. સા. (પૂ. બેન મ. સા.) સાધ્વી અર્હત્પદ્માશ્રીજી મ. સા. સાધ્વી પરમપદ્માશ્રીજી મ. સા. સાધ્વી શુભ્રાંશુયશાશ્રીજી મ. સા. સાધ્વી સુધાંશુયશાશ્રીજી મ. સા. સાધ્વી શીતાંશુયશાશ્રીજી મ. સા. સાધ્વી પુનિતયશાશ્રીજી મ. સા. સાધ્વી તીર્થયશાશ્રીજી મ. સા. સાધ્વી દિવ્યયશાશ્રીજી મ. સા. સાધ્વી પરમેષ્ઠિયશાશ્રીજી મ. સા. સાધ્વી જીતયશાશ્રીજી મ. સા. સાધ્વી શીલયશાશ્રીજી મ. સા. આદિ સાધુ–સાધ્વી મંડળનો અમે વારંવાર આભાર માનીએ છીએ.

અમારી આ સંસ્થા પર ગુરૂદેવની તો મહતી કૃપા ઉતરેલી જ છે; અને તેથી જ આ કાર્ય શકય બને છે પણ પ્રસ્તુત સંસ્થા તથા પ્રકાશનમાં એકધારો રસ લઈ પ્રકાશનને તથા સંસ્થાને મજબુત બનાવવા માટે જેની સદાય પ્રેરણા રહી છે તેવા પૂ. મુનિરાજ નંદિયશવિજયજી મ.સા. તથા વજ્રયશ વિજયજી મ. સા.ની અમે પુનઃ પુનઃ અનુમોદના કરીએ છીએ.

શ્રી રાજેન્દ્રભાઈ એ. દલાલ

તથા

શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ

❋ લેખકની બે વાત

....વિ. સં. ૨૦૨૬માં સિકંદ્રાબાદમાં ચાતુર્માસ હતું. તે વખતે પરમ ઉપકારી પૂ. પાદ આચાર્યદેવ જયંતસૂરીશ્વરજી મ. સા. પણ વિદ્યમાન હતા. તેઓનું મન આ ચાતુર્માસમાં પરમ પ્રસન્ન હતું. તેઓ મારા પૂજ્ય ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા. ને વારંવાર કહેતા હતા–"વિક્રમસૂરિ! રાજાના (તેમના સહુનું મારા માટેનું હુલામણું નામ) વ્યાખ્યાનો ખૂબ ચિંતન પૂર્ણ છે. રામાયણમાં તો કમાલ કરે છે. આવા વ્યાખ્યાનો અમદાવાદમાં થવા જોઈએ." પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા. પણ એ વાતથી પરમ પ્રસન્ન હતા. પાંચ વર્ષ બાદ વિ. સં. ૨૦૩૧માં શાંતિનગર (અમદાવાદમાં ચાતુર્માસ થયું પૂ. ગુરુદેવે ભગવતીજી સૂત્રનું સુંદર વાંચન કરેલ. આજે પણ તત્ત્વજ્ઞાની શ્રોતાઓ એ યાદ કરીને આંખમાં અશ્રુઓ લાવે છે. પણ મને પૂજ્ય ગુરુદેવે કથાધિકારે રામાયણના પ્રવચનો કરવા આજ્ઞા કરેલી. મેં પૂ. વિમલસૂરિજી મ. ના 'પઉમચરિયં'ના આધારે જૈન રામાયણના પ્રવચનો કરેલા અને રવિવારના વિવિધ વિષય પરના તથા ખાસ કરીને 'તરંગવતી તરંગલોલા' કથા પરના કડવા પટેલની વાડી (ઉસ્માનપુરા)માં થતા વ્યાખ્યાનોની જનતાને ખૂબ જ મોહિની લાગી હતી. આજે પણ લોકો પેલા ચકવા–ચકવીની કથાને યાદ કરી શૃંગારથી વૈરાગ્યની પ્રેરણાને યાદ કરે છે.

વિ. સં. ૨૦૩૧ના ચાતુર્માસ પછી તો ઘણું બની ગયું પણ એ બધી વાત કહેવાનો અહીં અવકાશ નથી. પુનઃ અમારું ચાતુર્માસ શાંતિનગરમાં નિર્ણીત થયું. રોજના વ્યાખ્યાનો માટે પણ વિશાળ મંડપની જરૂર પડશે એવું કાર્યકરો પહેલેથી સમજી ગયેલા. આ ચાતુર્માસમાં પણ પૂ-

ગુરુદેવ ભગવતીજી સૂત્ર સંભળાવે તેવી મારી તીવ્ર મનો-કામના હતી. પણ કોઈક વિચિત્ર ભવિતવ્યતાના યોગે તેમ ન બની શકયું. પાંચ–સાત કે વધુમાં વધુ પંદર મિનિટથી વધુ વ્યાખ્યાન આ શાંતિનગરના ચાતુર્માસમાં પૂજ્ય ગુરુદેવ ન કરી શકયા....

આ તરફ પ્રતિ રવિવારની બપોરની પ્રવચનશ્રેણી શરૂ થઈ. જનતા રસ સારી રીતે લઈ રહી હતી. પણ રોજના સુંદર શ્રોતા શ્રી રસિકભાઈ સેક્રેટરીએ ખૂબ જ વિનીત ભાવે વિનંતિ કરી કે, સાહેબ! સળંગ એક વિષય પર આપ પ્રવચનો શરૂ કરો તો આનંદ રહે. મારા કરેલા રામાયણના વ્યાખ્યાનો તેમને યાદ હતા એટલે તેમણે સામાન્ય સૂચન કર્યું, 'સાહેબ! મહાભારત હોય તો કેમ? શ્રી શાંતિલાલ મગનલાલને આ વાત ગમી ગઈ. તેમના શબ્દોમાં હતું "રામાયણ તો થઈ ગઇ હવે સાહેબ! મહાભારત કરો તો સારું." સહજવાર તો સૂચન વિચારણીય લાગ્યું. ત્યાં યાદ આવ્યું મુનિ રત્નયશ વિજયજી પાંડવ ચરિત્ર વાંચતા હતા અને અવારનવાર શ્લોકો અંગે પૂછવા આવતા હતા. તે વખતે પણ આ ગ્રંથ સુંદર લાગેલો. અને તેમાંય વધારે અતીતમાં ઉતર્યો તો યાદ આવ્યું "અહા, તે વખતે નાની ઉંમર હતી છતાંય દાદા ગુરુદેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના વ્યાખ્યાનો સાંભળેલા. નિયમિત તો નહીં પણ અવારનવાર લાલબાગમાં એ વ્યાખ્યાનો સાંભળવાનો પ્રસંગ આવ્યો હતો. મારા પૂજ્ય ગુરુદેવ તે વખતે 'ઠાણાંગ સૂત્ર' વાંચતા હતા. અને આવા પ્રકાંડવાદી વિજેતા પૂ. દાદાગુરૂદેવ કથાધિકારે 'પાંડવ–ચરિત્ર' વાંચતાં હતા. તે વાંચન કરતી વખતે પૂ. દાદા ગુરુદેવની તન્મય થતી મુખમુદ્રાને હું

આજે પણ ભૂલી નથી શકતો. જાણે આ બધા સંસ્કારો જાગૃત થયા....

આખરે દેવપ્રભસૂરિ વિરચિત પાંડવ ચરિત્રના આધારે જૈન મહાભારતના વ્યાખ્યાનની શ્રેણી શરૂ થઈ. પહેલું જ વ્યાખ્યાન ખૂબ સુંદર થયું. સ્વાભાવિક રીતે જ તે વ્યાખ્યાનના સાર રૂપે કંઈક આલેખન કરવાનું મન થયું. પાકી કોપી થયા બાદ પૂ. ગુરુદેવને વંચાવી. પૂ. ગુરુદેવે કહ્યું "ખૂબ જ સુંદર છે. ઉપકારી બને તેવી છે" અને પછી તો. પૂ. ગુરુદેવની કૃપાથી એવો ક્રમ બની ગયો કે એક રવિવારનું વ્યાખ્યાન બીજા રવિવારે પ્રસિદ્ધ થઈને આવતું. આવો ક્રમ લગભગ ૧૪ રવિવાર સુધી ચાલી શકયો. શાંતિનગરમાં પૂજ્ય ગુરુદેવની તબિયત નિમિત્તે રોકાવવાનું થયું ત્યાં શ્રોતાઓની મહાભારત પૂર્ણ કરવાની માંગણી ચાલુ રહી.

આ તરફ ખૂબ વિચાર વિમર્શ બાદ જૈન મહાભારતની શ્રેણીનું 'અભિનવ મહાભારત' એવું નામકરણ થયું....અને ભાવિકની માંગ વધતી જ રહી. હજી મારે આ ૧૬ ભાગથી આગળના ભાગોનું આલેખન કરવાનુ બાકી છે પણ અનેક ભાવિક આત્માઓએ કરેલી વ્યાખ્યાનની નોંધ મોજુદ છે. એટલે એ કાર્ય દુષ્કર નહીં બને. છતાંય પૂજ્ય તત્ત્વોની એવી કૃપા વરસે કે આ કાર્ય હું શીઘ્ર કરવામાં સફળ બનું.....

સર્વત્ર "જૈનં જયતિ શાશનમ્" થાય એજ ભાવના.

લિ.

'ગૌરવ'
૩૧, ધરણીધર સોસાયટી,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭
તા. ૨૦–૯–૮૬

પં. રાજયશ વિજય

卐 દાતાઓની શુભ નામાવલિ 卐

"જૈનં જયતિ શાસનમ્"

ॐ પાર્શ્વનાથાય હ્રીઁ ॐ પદ્માવત્યૈ હ્રીઁ

પૂ. પા. નિત્યસ્મરણીય કલ્યાણમંદિર સ્તોત્ર સમારાધક તીર્થપ્રભાવક
આચાર્ય ભગવંત વિક્રમસૂરીશ્વરજી મ. સા. ની શુભનિશ્રામાં
પૂ. પંન્યાસ રાજ્યશવિજયજી મ. સા. આલેખિત અદ્‌ભુત ગ્રંથ

શ્રી અભિનવ મહાભારત પ્રકાશન માટે પ્રાપ્ત થયેલ દાનનિધિ

પ્રેરક

પૂ. પા. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા.

કોપી

૧૦૦૦ શ્રી શાંતિનગર જૈન શ્વે. મૂ. સંઘના જ્ઞાનખાતામાંથી

૧૦૦૦ શ્રી લબ્ધિવિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર શાંતિનગર
અમદાવાદ–૧૩

પ્રેરિકા

પૂ. સરલહૃદયી સાધ્વીવર્યા વાંચંયમાશ્રીજી મ.સા.

૧૦૦૦ સ્વ. ચીમનલાલ મોહનલાલ શાહ

તથા

સ્વ. શ્રી મણીબેન મોહનલાલ શાહની સ્મૃતિમાં
પાટણ નિવાસી શ્રી વિમલાબેન ચીમનલાલ શાહના
સુપુત્ર શ્રી સતીશભાઈ પુત્રવધુ કુંજબાળાબેન
પૌત્ર નેહલકુમાર
મશીન ટુલ્સ ટ્રેડર્સ–મદ્રાસ

પ્રેરક

પૂ. વિદ્વાન્ વ્યાખ્યાતા પંન્યાસ રાજયશવિજયજી મ.સા.

કોપી

૧૦૦ શ્રી ગાંધીનગર બેંગ્લોર જ્ઞાનખાતામાંથી હસ્તે રવિભાઇ
૧૦૦ ,, જૈનધર્મ ફંડ પેઢી જ્ઞાનખાતામાંથી શ્રીમાળીપોળ ભરૂચ
૧૦૦ ,, ભવાનીપુર જૈન શ્વે. મૂ. સંઘના જ્ઞાનખાતામાંથી કલકત્તા
૧૦૦ ,, ગણેશમલજી અક્ષતાવરમલજી ગિરધરનગર–અમદાવાદ
૧૦૦ ,, મહેન્દ્રભાઇ પોપટલાલ ઝવેરી મંગલપાર્ક–ઓપેરા
૧૦૦ ,, કપૂરચંદજી આઈદાનમલજી શાંતિનગર–અમદાવાદ
૧૦૦ ,, હસમુખભાઈ કેસરીચંદ ચુડગર પ્રીતમનગર–અમદાવાદ
૧૦૦ ,, સુમતિલાલ છોટાલાલ શાહ જૈનનગર–અમદાવાદ
૧૦૦ ,, રમણલાલ ડાહ્યાભાઇ શાહ વીલેપાર્લે–મુંબઇ
૫૧ શ્રી સોભાગચંદ મણીલાલ હ. મનુભાઈ વકીલ
૨૧ ,, હીરાલાલ ડાહ્યાભાઈ શાહ સિકંદ્રાબાદ
૨૧ શ્રીમતી ધર્મિષ્ઠાબેન કિશોરભાઈ ધર્મીછાયા–શાંતિનગર
૨૧ શ્રી કાંતિલાલ વોરા પાર્શ્વનગર અમદાવાદ
૧૧ ,, રવીન્દ્ર બાબુલાલ કાપડીયા મુંબઈ
૧૧ ,, લાલભાઈ હિંમતલાલ દવાવાળા શાંતિનગર–અમદાવાદ
૧૧ શ્રીમતી સૂર્યાબેન હિંમતલાલ શાહ બોરીબેન્ટ શાંતિનગર
૧૧ ,, શ્રીદેવીબેન કમલેશભાઈ ઓપેરા–અમદાવાદ
૧૧ કુ. નીલમબેન રસિકલાલ દલાલ ભૂમિકા–અમદાવાદ
૧૧ શ્રી ચીનુભાઈ વાડીલાલ શાહ વાડજ–અમદાવાદ
૫ ,, મહેશકુમાર સોમચંદ વડોદરા
૫ ,, દિનેશભાઈ પટવા (વાસણા)
૧૫૧ પ. પૂ. મુનિરાજ શ્રી નંદીયશ વિ. મ. ની પ્રેરણાથી શ્રી લાવણ્ય જૈન શ્વે. મૂ. સંઘના જ્ઞાન ખાતાના સૌજન્યથી.

પ્રેરિકા

પૂ. માતૃહૃદયી સાધ્વીવર્યા સર્વોદયાશ્રીજી મ.સા.

કોપી

૧૦૦ શ્રી મૂલચંદજી દેવીચંદજી મદ્રાસ હસ્તે ભંવરલાલજી
૧૦૦ ,, કંચનબેન ભોગીલાલ ઝવેરીના સુપુત્રો મુંબઇ
૧૦૦ ,, ગુણીયલબેન કાંતિલાલ શાહ શાહ ઓટોમોબાઈલ્સ –હૈદ્રાબાદ
૧૦૦ શ્રીમતી કાન્તાબેન ભોગીલાલ શાહ હુબલી
૧૦૦ શ્રી હરેશભાઇ રસિકભાઈ વાડીલાલ શાહ મરીનડ્રાઈવ –મુંબઈ
૧૦૦ ,, નરેન્દ્રભાઈ રતિલાલ શાહ ઝવેરીપાર્ક–અમદાવાદ

卐

કોપી

૫૧ પૂ. સાધ્વી વસંતશ્રીજી મ. સા. ના સદ્‌ઉપદેશથી
શ્રી કાંતિલાલ મોતીલાલ ઈડરવાળા
૩૧ પૂ. સાધ્વી પરમપદ્માશ્રીજી મ.સા.ના ઉપદેશથી
શ્રી રતનબેન આદિ ભક્તો તરફથી મુંબઈ
૨૫ પૂ. સાધ્વી વસુપદ્માશ્રીજી મ.સા.ના ઉપદેશથી
શ્રી કાંતાબેન મોતીલાલ શાહ ભૂલેશ્વર–મુંબઈ
૧૦૦ પૂ. સાધ્વી તીર્થયશાશ્રીજી મ.સા.ના ઉપદેશથી
શ્રી મિલાપચંદજી જૈન દિલ્હી
૧૦૦ પૂ. સાધ્વી દિવ્યયશાશ્રીજી મ.સા.ના ઉપદેશથી
શ્રી વિરેન્દ્રભાઇ લાલભાઈ શેઠ–આંબાવાડી–અમદાવાદ
૧૧ પૂ. સા. વિમલાશ્રીજી મ.ના ઉપદેશથી
શ્રી ભરતભાઇ કચરાલાલ ફડીયા–પ્રાંતીજ

卐

પ્રેરક

પૂ. વિદ્વાન વ્યાખ્યાતા પંન્યાસ રાજયશવિજયજી મ.સા.

રૂા.
૨૫૦૦ શ્રી રસિકભાઇ ચુનીલાલ કાપડીયા
૨૧૦૦ ,, મોહનલાલ ડાહ્યાભાઇ શેરદલાલ અમદાવાદ
૧૬૦૧ ફીલખાના જૈન શ્વે. મૂ. સંઘ જ્ઞાનખાતામાંથી હૈદ્રાથી
૧૬૦૦ ,, મનુભાઇ ચીમનલાલ શાહ શાંતિનગર અમદાવાદ
૧૧૧૧ ,, રસિકભાઇ ખેટાણાવાળા શાંતિનગર–અમદાવાદ
૧૦૦૧ રૂા. પૂ. પં. સ્થુલભદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી
જ્ઞાનખાતા તરફથી
૧૦૦૦ ,, બાબુભાઇ ઉત્તમચંદ દમણવાળા
૫૦૦ ,, યોગેશભાઇ
૨૫૧ ,, દિનેશભાઇ કપાસી

卐

પૂ. મુનિરાજ વજ્રયશવિજયજી મ.સા.ની પ્રેરણાથી

રૂા.
૨૫૦૦ સંગમનેર જૈન શ્વે. મૂ. સંઘના જ્ઞાનખાતામાંથી

પ્રેરિકા

પૂ. સરલહૃદયી સાધ્વીવર્યા સર્વોદયાશ્રીજી મ.સા.

રૂા.
૧૧૧૧ પ્રેમકુંવરબેન પોપટલાલ મહેતાના સ્મૃત્યર્થે
પુત્રવધુ ચંદ્રિકા શશિકાંત મહેતા તરફથી માટુંગા
–મુંબઈ
૫૫૫૫ શ્રી મીતેશકુમાર જસવંતલાલ શાહ વિક્રમનગર–
અમદાવાદ
૧૦૦૦ શ્રીમતી વિલાસબેન શનાલાલ વકીલ અમદાવાદ
૧૦૦૦ ,, ચંદ્રાબેન વસંતલાલ શાહ કોઇમ્બતુર

અમારી આ પ્રવચન શ્રેણી પ્રકાશનના શ્રેષ્ઠદાતા

[ઉપરોક્ત મહાનુભાવોએ શ્રી અભિનવ–મહાભારતની શ્રેણીમાં નહીં પણ તે પૂર્વે પ્રકાશિત થતી પ્રતિ રવિવારીય "જૈન મહાભારત"ની શ્રેણીમાં લાભ લીધેલ તેથી પુનઃ પણ તેઓના નામ અનુમોદના માટે આપવામાં આવ્યા છે.]

પૂ. માતુશ્રી ચંપાબેનના સ્મરણાર્થે
સુપુત્ર નટવરલાલ નરોત્તમદાસ શાહ તથા
પુત્રવધુ શ્રી મંગુબેન નટવરલાલ શાહ તરફથી
[૧૮, સહજીવન, શાંતિનગર–અમદાવાદ–૧૩]

અન્ય ઉદાર દિલ દાતાઓ

(૧) શ્રી કુમારી પ્રીતિ ચંદ્રકાંત શાહ
(૨) ,, રતિલાલ હરગોવનદાસ ડગલી
(૩) ,, રસિકભાઈ સંઘવી સોલાપુર
(૪) ,, વસુબેન રમેશભાઇ શાહ
(૫) ,, એક સદ્‌ગૃહસ્થ હ. રમણિકભાઈ
(૬) શ્રીમતી પદ્માબેન સારાભાઈ કોબાવાળા
(૭) શ્રી નગીનદાસ વાડીલાલ શાહ
(૮) સ્વ. ચંપાબેન મણિલાલ દોશીના સ્મરણાર્થે
શ્રી ઇન્દીરાબેન સત્યેન્દ્રભાઈ ગાંધી તરફથી
(૯) પૂ. માતુશ્રી મણિબેન ગૌતમલાલના સ્મરણાર્થે
(૧૦) પૂ. નટવરલાલ મણિલાલ શાહ
(૧૧) ઝવેરી પાર્ક, અમદાવાદ
(૧૨) ,, બકુલાબેન સેવંતીવાલ શાહ–ઇન્દોર
(૧૩) ,, બંસીભાઈ અમૃતલાલ શાહ સિકન્દ્રાબાદ

卐

પૂ. પંન્યાસ પ્રવર રાજયશ વિજયજી મહારાજે આલેખેલ જૈન મહાભારત અંગેના વાંચકોના પ્રતિભાવ.

卐 જૈન મહાભારત પ્રવચનસાર બહુ જ સ્તુત્ય પ્રયાસ પૂ. પંન્યાસજી મ. સા. એ કર્યો છે. ભાવિકો સુંદર લાભ લેતા હશે. સંકલન ઘણું જ સુંદર છે. મને દરેક પ્રવચન શ્રેણીની બે નકલ મોકલાય તે જોશે. વધુ મોકલી શકાય તો યોગ્ય મુમુક્ષોનાં હાથમાં વધુ મોકલી શકાય તો યોગ્ય મુમુક્ષોનાં હાથમાં વધુ જશે. એવી રસાળ શૈલીમાં કહેવાય છે કે જાણે પ્રવચન મંડપમાં બેસીને સાંભળતા ન હોઈએ ! તો કૃપા કરી શરૂઆતથી અત્યાર સુધી જેટલા પ્રવચનો થયા હોય તે બધાની બે નકલ મોકલાવશો.

— રસીકભાઈ (વડોદરા)

卐 જૈન મહાભારત વ્યાખ્યાનની પુસ્તિકા–૩ મળી. ઘણી જ સુંદર શૈલીમાં અને આકર્ષક છે. અહીં ઘણા બધાને ગમી છે.

— ભુપેન્દ્રભાઈ બદામી (સુરત)

卐 જૈન મહાભારત પર જાહેર પ્રવચનો ચાલુ છે જેની કોપીઓ જેમ વધુ નીકળે તેમ (થશે) જાણી ઘણો જ આનંદ થયો.

— જશરાજભાઈ (કીમ, (Dist–Surat)

卐 જૈન મહાભારતની ત્રણ પુસ્તિકા મળી કથાનકનું પ્રસ્તુતીકરણ બહુજ સુંદર છે. વધુથી વધુ Positive Stories દ્વારા કથાનકનું પ્રસ્તુતીકરણ લોકોને Appel કરશે. આ કથાના આદર્શોને લઈને જીવન વ્યવસ્થિત બનાવવાનો ઉપદેશ લોકોને વધારે ગમશે.

— ધરમચંદભાઈ (વિજયવાડા)

卐 જૈન મહાભારતના દરેક ક્રમાંકની કોપી એકેક મળી ને હવે બધા ક્રમાંકની કોપી મારા સરનામે પોસ્ટથી મોકલશો.

— અમૃતલાલ સાડીવાળા (ખંભાત)

卐 પૂ. ગુરુદેવ રાજયશ વિજયજી મ. સ. ના રવિવારીય વ્યાખ્યાન ૧ થી ૫ શ્રી ધરણેન્દ્રભાઈ તરફથી મોકલાવેલ જે મળી ગયા છે. દર રવીવારના વ્યાખ્યાનની ૧૦ નકલ મોકલતા રહેશે.

વ્યાખ્યાન શ્રેણી પૂર્ણ થયેથી પુસ્તકને પ્રકાશન કરવા નમ્ર સૂચન કરું છું તો યોગ્ય કરશો. વ્યાખ્યાન અને પ્રવચનસાર ખૂબ જ હૃદય ભેદક છે.

સવારના વ્યાખ્યાનમાં 'કથારત્ન કોષ' અને સમ્યક્ત્વ અંગેના વર્ણન વંચાય છે. તેનું કોઈ લખાણ હોય અગર કોઈ ગ્રંથ કે પુસ્તક હોય તો મોકલાવશો. અગર તો સવારના વ્યાખ્યાનમાં કોઈ ભાઈ પાસે લખાવવા માટે વિચારણા કરશો.

— નંદલાલભાઇ તારાચંદ વોરા (મુંબઈ)

卐 જૈન મહાભારત ૧ થી ૩ નકલ મળી છે. વાંચીને ઘરમાં બધાને બહુ જ આનંદ થયો છે.

— હીરાલાલ ડાહ્યાભાઈ (સિકન્દ્રાબાદ)
વડાલા
ભાદરવા વદ—૭

卐 પૂ. પં. શ્રી રાજયશ વિજયજી મ. સા.
વંદના....

'જૈન મહાભારત'ની પુસ્તિકાઓ મળી.

જેવું આકર્ષક છે આપનું નામ....તેટલી જ આકર્ષક છે આપની પ્રવચન શૈલી !

જોશીલો પહાડી અવાજ....વિષયને અનુરૂપ ધારદાર સચોટ શબ્દો....હૃદય સ્પર્શી વેધક વાણી તથા રમુજી દૃષ્ટાંતો સહિતની રોચક રસપ્રદ પ્રભાવક શૈલિ ઈત્યાદિ....આપના પ્રવચનોની ખાસ વિશિષ્ટતા છે.

સિંહ ગર્જના સમી વાણીમાંથી ઝરેલા રત્નકંણો ખરેખર ! મોહનિદ્રામાં પોઢેલ આત્માને જગાડી દે તેવા છે.

મહાભારતના પાત્રો અને તેની રસપ્રદ કથા દ્વારા માનવ જીવનના બહુમૂલ્ય તત્ત્વો ખૂબ સુંદર રીતે સમજાવ્યા છે.

બે શક જૈન—જૈનેતરોને ગમશે. બધી પુસ્તિકાઓનું યોગ્ય સંકલન કરી એક દળદાર પુસ્તક થાય તો વિશેષ સારું.

— દેવરત્નસાગરની વંદના

* *

સરલ અને દૃષ્ટાંત યુક્ત શૈલીના કારણે વાંચવું ગમે.... નવું ચિંતન મળે તેવું સાહિત્ય છે.

— મુનિ કલાપ્રભ સાગર

પુસ્તકો ખૂબ જ સુંદર લખાયા છે. લેખકને ખૂબ અભિનંદન.

— ભુવન ભાનુસૂરિજી મ.

ગંભીર ચિંતન....ચિંતનાત્મક બોધ....બોધાત્મક વૈરાગ્ય

— આ ભદ્રસેન સૂરિજી.

પૂ. ગુરુદેવના સાનિધ્યમાં તેઓશ્રીની અસિમ કૃપાના બળે શાસન પ્રભાવક બનો અને શાસનની ઉન્નતિ કરનારા બનો....આપની લેખન શક્તિ સારી છે.... બાળ જીવોને વિશેષ ઉપકારી બની શકશે તેમાં સંદેહ નથી.

— મુનિ ભદ્રશીલ વિજય (કલકત્તા)

જૈન મહાભારતના પ્રવચન સારમાં તેઓ જે નવનીત પીરસે છે તેનો સ્વાદ હજી દાઢમાં રહ્યો છે. અને એ નવનીત ફરી ફરી આરોગવાની લાલચ કોઈ રીતે રોકી શકાતી નથી.

હૈદ્રાબાદ દૂર છે નહીં તો રાજયશ વિજયજી મ. ના કબાટમાંથી તફડંચી કરવાનું મનથાય છે. એટલી બધી લાલચ વળગી છે.....અમારા ઈરાદાની જાણ થઇ ગઈ એટલે સાવધ રહીને ઘટતા પગલા લેશો.

— પદમશી વીરજી ગાલા (હૈદ્રાબાદ)

卐 મહાભારત પુસ્તિકા નાની પણ....

અંદર આલેખાયેલી વાત ઘણી મઝાની.
વાત તો છે ઘણી....પુરાણી.

પણ....સંસ્કાર સુવર્ણની આતો છે ખાણી.... સુવર્ણ પણ અણ ઘડાયેલ નહિ પરંતુ સુંદર શૈલીથી ઘડીને આભૂષણ રૂપ બનાવેલ છે. આમ તો આ મહાભારતની આખીએ પુસ્તિકા રસદાર છે. એમાં બે મત નથી. મને પ્રવચન સાર ખૂબ જ ગમ્યો. ભારતમાંથી નષ્ટ પ્રાયઃ થયેલ પરસ્પર પ્રેમનો પ્રવાહ આવા વ્યાખ્યાનોથી પુનઃ સમજુ વર્ગમાં વહેતો થશે. વિનય-વિવેકનું વાતાવરણ સર્જાશે એમ માનું છું.

આ ઉપદેશના વચનો જાણે કે હરીયાળા બાગના સુગંધી ફૂલડા અરે....! હું ભૂલી....ફૂલડા નહિ પણ....આ તો ફૂલમાંથી કાઢેલું અત્તર બસ....શાસનદેવ આપને ખૂબ જ સહાયક બને.

નવોન્મેષિની મેધા વડે શાસનના દીપક છો. અને આપની વાણીથી અનેક લોકો ધર્મમાં વિશેષ પ્રેરાશે એમ લાગ્યા વિના રહેતું નથી. પૂ. ગુરુદેવના સમુદાયને ઝળહળાવી રહ્યા છો તેથી સવિશેષ આનંદ.

રામચંદ્રજી તથા ભીષ્મ પિતામહ આ બન્નેમાં વધારે કોણ ઉત્તમ ? એ બાબતમાં પૂ. ગુરુદેવે કેવો સરસ જવાબ આપ્યો છે.

'ઉતાવળમાંથી ભૂતાવળ' 'કર્મનું ગણિત' 'અકસ્માત્માંથી કસ્માત્' વિગેરે વિગેરે સારભૂત તત્ત્વો સમાજમાં અસરકારક (રીતે) પીરસ્યા છે.

— સાધ્વી હંસાશ્રીજી – (માલેગાંવ)

卐 તીર્થપ્રભાવક પરમપૂજ્ય આચાર્ય ભગવંત પૂ. વિક્રમ-સૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન વિદ્વાન પ્રવચનકાર પૂ. પંન્યાસ શ્રી રાજયશ વિજયજી મ. ના "જૈન મહાભારત"ના પ્રવચનો આપણને બહાલા લાગે તેવા આકર્ષકને હદ્ય છે. આપણા હૃદયને ઉંડાણથી સ્પર્શે છે. જૈનાચાર્ય દેવપ્રભસૂરીશ્વરજીએ રચેલ પાંડવ ચરિત્રને આધારે પૂ. પંન્યાસજી મ. સાહેબે અહીં માનવજીવનને ઉર્ધ્વગામી કઈ રીતે બનાવી શકાય....માનવજીવનના જુગ જૂના રોગો—દુહ્રર્ત્તિને—વાસનાને કંઈ રીતે જીતી શકાય તે સુંદર રીતે દર્શાવ્યું છે. અહીં પૂજ્યશ્રીની વાણી આતમની સૂઝે ઓપવન્તી છે. એમની દૃષ્ટિ કવિની છે સૃષ્ટિ ઋષિની છે. સુયોગ્ય દૃષ્ટાંતો....ઉંડી ગવેષણા....ગંભીર ચિંતન....ને બોધાત્મક વૈરાગ્યથી ભાવુકને આનંદ વિભોર તો કરે છે જ વળી એક ડગલું ઉંચે પણ લઈ જાય છે. માનવીને માનવ બનાવે છે. સાચે જ જિન શાસન આવા પુણ્યવંતા મુનિ-પુંગવોથી જયવન્તુ છે તે સહેજે.

— પ્રોફેસર રમણિકભાઈ ખીમચંદ શાહ (ચોધરા)

卐 આપે મોકલેલ જૈન મહાભારત પુસ્તીકા મળી છે. મેં તથા રીટાએ વાંચી છે. ફકત આટલું થોડું જ વાંચ્યું છે ત્યારે પણ મન પર કાંઈ ગજબની જ અસર થઈ છે. જેમણે આ મહાન ગ્રંથો નથી વાંચ્યા તેઓ 'લાયક' નથી તેવું મને પણ લાગે છે. તેથી જ ચધુ ભણવાની ઇંતેજારી પણ થાય છે. આથી જ આવી નાની પુસ્તિકાઓ

વગેરે વધારે બહાર પડે અને ખાસ કરીને મારાં જેવા ને મળે તો કદાચ થોડું ઘણું તો મગજમાં બેસે. હવે મારે ફરીવાર અમદાવાદ આવું ત્યારે પૂ. રાજયશવિ. મ. સા. પાસે જરૂરથી બેસવું પડશે.

— પંકજભાઈ (મુંબઈ)


卐 પૂ. રાજયશવિ. મ. ના વ્યાખ્યાનની પુસ્તિકાઓ તથા પૂ. વાચંયમાશ્રીજી મ. નું લખેલ પુસ્તક પર્યુષણ દરમ્યાન મળેલ. બંને પુસ્તકો ખૂબ જ સુંદર છે.

મહાભારતના વ્યાખ્યાનો તો જેણે જેણે વાંચ્યા તે બધાએ બહુ જ વખાણ્યા છે.

— રસિકભાઈ વી. શાહ (કલકત્તા)

卐 પૂ. બેન મહારાજે મોકલેલ રવિવારના પ્રવચનની પુસ્તિકા મળી વાંચી આનંદ....

— કેશુભાઈ લલ્લુભાઈ (વેજલપુર)



શ્રી અભિનવ મહાભારત

卐 અનુક્રમણિકા 卐

❋ કથાસાર

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૧.	શ્રી ભીષ્મ પિતામહ [ગાંગેય]નો જન્મ.	૧	૫
૨.	શ્રી મહાદેવી ગંગાનો વનવાસ	૧	૮
૩.	શ્રી મહારાજા શાંતનુ નું શિકાર માટે યુદ્ધ.	૧	૧૦
૪.	પિતા–પુત્રનું મિલન....	૨	૧૭
૫.	પુત્ર તથા પતિની સદાની વિદાય....	૨	૨૦
૬.	યુવરાજ ગાંગેય	૨	૨૩
૭.	મહારાજા શાંતનુની યાચના....	૨	૨૪
૮.	સંસ્કારી પુત્ર ગાંગેયની ભીષ્મ પ્રતિજ્ઞા	૨	૨૯
૯.	સત્તાના રખવૈયા ગાંગેય ભીષ્મ પિતામહ....	૨	૩૫
૧૦.	સ્વયંવર મંડપમાં ભીષ્મ પિતામહ....	૨	૩૬
૧૧.	ભીષ્મ પિતામહનું સ્વયંવર મંડપ ગમન તથા રાજ્ય કન્યા અપહરણ....	૩	૩૭
૧૨.	ત્રણેય રાજ કન્યાનો એક જ અફર નિર્ણય	૩	૪૯
૧૩.	વિચિત્ર વીર્યની ભયંકર કામાસક્તિ	૩	૫૧
૧૪.	શ્રી ધૃતરાષ્ટ્ર શ્રી પાંડુ તથા શ્રી વિદુરનો જન્મ	૪	૫૯

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૧૫.	અતિકામી શ્રી વિચિત્રવીર્યનું પરલોક ગમન....	૪	૬૦
૧૬.	શ્રી પાંડુની રાજ્ય પટ્ટ પર સ્થાપના....	૪	૬૨
૧૭.	શ્રી ધૃતરાષ્ટ્રના ગાંધારી આદિ આઠ કુમારી સાથે લગ્ન....	૪	૬૪
૧૮.	શ્રી પાંડુ દ્વારા ભાવિ પત્ની કુંતિનું ચિત્રદર્શન તથા કુંતીનું માંગું....	૪	૬૬
૧૯.	શ્રી કોરકે કરાવેલો કુંતીનો પરિચય	૪	૬૯
૨૦.	હસ્તિનાપુરથી કોરક સહિત પ્રસન્ન હસ્તિનું ગગન....	૪	૭૧
૨૧.	શ્રી પાંડુ જંગલની વાટે....	૫	૮૧
૨૨.	શ્રી પાંડુનો અજાણ્યા યુવક પર નિઃસ્વાર્થ પરોપકાર....	૫	૮૩
૨૩.	કૃતજ્ઞ શિરોમણિ વિદ્યાધર વિશાલાક્ષ....	૫	૮૪
૨૪.	વિદ્યાધર વિશાલાક્ષનું વીંટી પ્રદાન....	૫	૮૬
૨૫.	વિરહ વ્યથિત કુંતા કુમારીનો આત્મહત્યા પ્રયાસ....	૫	૮૭
૨૬.	શ્રી પાંડુ કુમાર દ્વારા કુંતી કુમારીનો અદ્‌ભુત બચાવ	૫	૮૯
૨૭.	શ્રી પાંડુકુમાર તથા કુંતી કુમારીના ગાંધર્વ વિવાહ....	૫	૯૦
૨૮.	શ્રી પાંડુનું હસ્તિનાપુર ગમન અને કુંતીનો પુત્ર જન્મ....	૫	૯૧

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૨૯.	ધાવમાતા દ્વારા માતા સુભદ્રાને સઘળી જાણ....	૫	૯૩
૩૦.	કુંતીના શ્રી પાંડુ સાથે લગ્ન....	૬	૧૦૩
૩૧.	ગાંધારીને ગર્ભ ધારણ....	૬	૧૦૪
૩૨.	પુણ્યાત્મા યુધિષ્ઠિરનો જન્મ....	૬	૧૦૬
૩૩.	કોરક દ્વારા કુંતીના પિયરનો સવિસ્તર હેવાલ....	૬	૧૦૮
૩૪.	સિંહરથ–વસુદેવ તથા કંસનું યુદ્ધ	૬	૧૦૯
૩૫.	કંસ કોનો પુત્ર ?....	૬	૧૧૧
૩૬.	કંસના જીવયશા સાથે લગ્ન.... પિતા ઉગ્રસેનને કેદ	૬	૧૧૩
૩૭.	વસુદેવ મહેલમાં કે જેલમાં	૬	૧૧૪
૩૮.	વસુદેવના આઘાતથી માતા સુભદ્રાનું મૃત્યુ	૭	૧૨૧
૩૯.	સમુદ્ર વિજય રોહિણીના સ્વયંવર મંડપમાં....	૭	૧૨૨
૪૦.	રોહિણીએ કરેલી પડહવાદકની પસંદગી....	૭	૧૨૩
૪૧.	વસુદેવનું પ્રગટીકરણ	૭	૧૨૪
૪૨.	રોહિણીના વસુદેવ સાથે લગ્ન	૭	૧૨૬
૪૩.	વસુદેવના મથુરામાં દેવકી સાથે લગ્ન....	૭	૧૨૭
૪૪.	જીવયશાનું ગાંડપણ અને અતિમુક્તક મુનિની ભવિષ્યવાણી....	૭	૧૨૮
૪૫.	દુષ્ટ કંસની અતિ દુષ્ટ યોજના....	૭	૧૩૦

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૪૬.	સાતમા પુત્રના જન્મ પહેલા....	૮	૧૩૭
૪૭.	સાતમા પુત્ર શ્રીકૃષ્ણનો જન્મ....	૮	૧૪૦
૪૮.	વસુદેવ દ્વારા શ્રીકૃષ્ણજી ગોકુલમાં....	૮	૧૪૧
૪૯.	નંદ ઘેર બેલે કરસનજી	૮	૧૪૩
૫૦.	બલદેવ પણ ગોકુલમાં	૮	૧૪૫
૫૧.	નેમનાથ ભગવાનનોજન્મ....	૮	૧૪૬
૫૨.	કંસનો મૃત્યુ ભય....	૮	૧૪૬
૫૩.	શ્રી કૃષ્ણના વધ માટે કંસની મંત્રીઓ સાથે મસલત....	૮	૧૪૯
૫૪.	અનાધૃષ્ટિ સહિત શ્રી કૃષ્ણ સ્વયંવર મંડપમાં....	૮	૧૫૨
૫૫.	પુનઃ સ્વયંવર આયોજન....	૮	૧૫૪
૫૬.	શ્રી કૃષ્ણજીને બલભદ્રજીએ આપેલો સાચો પરિચય....	૮	૧૫૬
૫૭.	શ્રી કૃષ્ણની કંસના વધની પ્રતિજ્ઞા....	૮	૧૫૭
૫૮.	શ્રી કાલીય નાગનું દમન....	૮	૧૫૮
૫૯.	શ્રી કૃષ્ણનો મલ્લ મંડપમાં પ્રવેશ....	૮	૧૫૯
૬૦.	ચાણુર તથા મૌષ્ટિક મલ્લનો સભા પ્રવેશ...	૮	૧૬૨
૬૧.	ચાણુર અને શ્રી કૃષ્ણનું યુદ્ધ....	૮	૧૬૪
૬૨.	શ્રી મૌષ્ટિકનો પણ યુદ્ધ પ્રવેશ અને.... શ્રી કૃષ્ણદ્વારા ચાણુરનો વધ	૮	૧૬૫
૬૩.	શ્રી કૃષ્ણદ્વારા કંસનો તથા બળભદ્ર દ્વારા મૌષ્ટિકનો વધ	....૮	૧૬૭

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૬૪.	શ્રી કૃષ્ણને સહુના અભિનંદન અને સત્યભામા સાથે લગ્ન	૯	૧૭૭
૬૬.	કંસનો અગ્નિસંસ્કાર અને જીવયશાની પ્રતિજ્ઞા....	૯	૧૭૮
૬૭.	વસુદેવ શૌરીપુરથી પલાયન....	૯	૧૭૯
૬૮.	શ્રી કૃષ્ણની આરાધનાથી દેવદ્વારા દ્વારિકા નગરીની સ્થાપના....	૯	૧૮૦
૬૯.	શ્રી કેારકનું ગૃહગમન....	૯	૧૮૧
૭૦.	નાશિકમાં કુંતી દ્વારા જિનમંદિર...	૯	૧૮૧
૭૧.	કુંતીને પુનઃ ભવ્ય ગર્ભધારણ....	૯	૧૮૨
૭૨.	ગાંધારીને ભયંકર ગર્ભપીડા....	૯	૧૮૩
૭૩.	દુર્યોધન તથા ભીમનો જન્મ....	૯	૧૮૪
૭૪.	શિલાના શૂરા ભીમ અખંડ....	૯	૧૮૫
૭૫.	ગાંધારી આદિના ૧૦૦ પુત્રો....	૯	૧૯૧
૭૬.	ધૃતરાષ્ટ્રનો રાજગાદી માટે નિમિત્તિયાને પ્રશ્ન....	૯	૧૯૩
૭૭.	કુલનાશક શ્રી દુર્યોધન....	૯	૧૯૪
૭૮.	એકસો અને પાંચ બાળકોનો પવિત્ર પ્રેમ....	૯	૧૯૬
૭૯.	હસવામાંથી ખસવું....	૯	૧૯૮
૮૦.	વેરના વાવેતર....	૯	૧૯૯
૮૧.	વિદુરનો સુંદર માર્ગ....	૯	૨૦૨
૮૨.	કૃપાચાર્યની શાળામાં....	૧૦	૨૦૯
૮૩.	દડાની સમરચા....	૧૦	૨૧૦

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૮૪.	વૃદ્ધ ગુરુ એ જ ભાવિ દ્રોણાચાર્ય....	૧૦	૨૧૨
૮૫.	દ્રોણાચાર્ય પાસે ધનુર્વેદાભ્યાસ....	૧૦	૨૧૪
૮૬.	આવાં ધનુર્ધારી કોણ....?	૧૦	૨૧૬
૮૭.	દ્રોણાચાર્ય તથા અર્જુનનું એકલવ્ય પાસે ગમન....	૧૦	૨૧૯
૮૮.	એકલવ્યના ગુરુ કોણ ?....	૧૦	૨૨૧
૮૯.	એકલવ્યની અદ્‌ભુત સમર્પણ કળા....	૧૦	૨૨૨
૯૦.	રાજકુમારોની પરીક્ષા....	૧૦	૨૨૬
૯૧.	પરીક્ષા કે ઝઘડાબાજી ?....	૧૧	૨૩૫
૯૨.	કર્ણ અને અર્જુન આમને સામને....	૧૧	૨૩૭
૯૩.	કુંતીનો શોક પાંડુવ્યગ્ર શ્રીકૃપાચાર્યની ચાલબાજી....	૧૧	૨૪૧
૯૪.	અજ્ઞાત કુલનો કર્ણ અંગદેશનો રાજવી....	૧૧	૨૪૨
૯૫.	કર્ણના પિતા અતિરથીનું સભામાં આગમન....	૧૧	૨૪૩
૯૬.	અતિરથિએ કરેલ રહસ્ય સ્ફોટ....	૧૨	૨૪૯
૯૭.	આખરે આફત દૂર થઈ	૧૨	૨૫૨
૯૮.	કાંપિલ્યપુરથી રાજદૂતનું આગમન	૧૨	૨૫૪
૯૯.	કુરુવંશીઓનો કાંપિલ્યપુર પ્રવેશ....	૧૨	૨૫૫
૧૦૦.	રાધાવેધની પૂર્વ તૈયારી....	૧૨	૨૫૭
૧૦૧.	દ્રોપદીનો પૂર્વભવ....	૧૨	૨૬૬
૧૦૨.	સુકુમારિકાની સમસ્યા....	૧૩	૨૮૧

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૧૦૩.	પતિ–સાગર પલાયન....	૧૩	૨૮૨
૧૦૪.	ભિખારી પણ પલાયન....	૧૩	૨૮૪
૧૦૫.	સુકુમારિકા સાધ્વીતાના પંથે	૧૩	૨૮૫
૧૦૬.	વેશ્યા દર્શને સુકુમારિકાનું નિયાણું....	૧૩	૨૮૬
૧૦૭.	સુકુમારિકા જ દ્રોપદી....	૧૩	૨૮૭
૧૦૮.	દ્રોપદી હસ્તિનાપુરની લક્ષ્મી બને છે.....	૧૩	૨૯૦
૧૦૯.	શ્રી કૃષ્ણજીની ચિંતા–નારદનો ખુલાસો....	૧૩	૨૯૧
૧૧૦.	પાંડવોની પ્રતિજ્ઞા ..	૧૩	૨૯૪
૧૧૧.	દ્રોપદીને પાંચ પુત્રોનો જન્મ....	૧૩	૨૯૬
૧૧૨.	હસ્તિનાપુરમાં પશુઓની ચોરી....	૧૩	૨૯૬
૧૧૩.	અર્જુનનું અજોડ પરાક્રમ	૧૩	૨૯૭
૧૧૪.	શ્રી અર્જુનનો વનવાસ નિર્ણય....	૧૩	૨૯૮
૧૧૫	સ્વજનોની વિનવણી....	૧૩	૨૯૯
૧૧૬	અર્જુનનો સાત્વિક પ્રત્યુતર	૧૩	૩૦૨
૧૧૭	દ્રોપદીનું મનોમંથન અને મનોરથ	૧૩	૩૦૩
૧૧૮	અર્જુનનો વનવાસ	૧૪	૩૧૩
૧૧૯	મંગલકારી જિનદર્શન	૧૫	૩૧૩
૧૨૦	આપઘાત શા માટે ?	૧૪	૩૧૫
૧૨૧	વિદ્યાધર મણિચૂડને સહાય કરવાનો નિર્ણય....	૧૪	૩૧૮
૧૨૨	શ્રી અર્જુનની વિદ્યાસિદ્ધિ	૧૪	૩૨૦

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૧૨૩	સિદ્ધિ છતાંય નિઃસ્પૃહતા....	૧૪	૩૨૨
૧૨૪	મણિચૂડને વિદ્યા સહાયક શ્રી અર્જુન....	૧૪	૩૨૩
૧૨૫	વિદ્યુતવેગ સાથે યુદ્ધ	૧૪	૩૨૫
૧૨૬	પુનઃ વનની વાટે....	૧૪	૩૨૬
૧૨૭	હિરણ્યપુરનો દુઃખી હેમાંગદ....	૧૪	૩૨૯
૧૨૮	પ્રભાવતી કોણ ?....	૧૪	૩૩૧
૧૨૯	હેમકૂટનું અનોખુ સૌંદર્ય....	૧૪	૩૩૨
૧૩૦	મેઘનાદની હાર અને હૃદય પરિવર્તન....	૧૪	૩૩૩
૧૩૧	અજબ ગજબની ઘટના....	૧૪	૩૩૬
૧૩૨	પ્રિય પ્રભાવતીની પ્રાપ્તિ....	૧૪	૩૩૯
૧૩૩	હેમાંગદની કલ્પનાનીત કૃતજ્ઞતા....	૧૪	૩૪૦
૧૩૪	હસ્તિનાપુરથી દૂતનું આગમન....	૧૪	૩૪૨
૧૩૫	શ્રી કૃષ્ણ દ્વારા શ્રી અર્જુનનું ભવ્ય સ્વાગત....	૧૪	૩૪૪
૧૩૬	શ્રી અર્જુનના સુભદ્રા સાથે લગ્ન....	૧૪	૩૪૫
૧૩૭	શ્રી અર્જુનનું હસ્તિનાપુરમાં આગમન	૧૫	૩૫૩
૧૩૮	શ્રી પાંડુની નિવૃત્તિ અને શ્રી યુધિષ્ઠિરની વરણી....	૧૫	૩૫૭
૧૩૯	શ્રી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક....	૧૫	૩૬૦
૧૪૦	પૂર્ણાહુતિ પહેલા....	૧૫	૩૬૩
૧૪૧	નિવૃત્ત પાંડુ રાજમહેલમાં શ્રી ધૃતરાષ્ટ્રનું ઈન્દ્રપ્રસ્થ ગમન....	૧૫	૩૬૬
૧૪૨	દિગ્વિજયનો મનોરથ....	૧૫	૩૭૦

ક્રમ	વિષય	શ્રેણી	પૃષ્ઠ
૧૪૩	દિગ્‌વિજય પ્રસ્થાનની પૂર્વે....	૧૫	૩૭૨
૧૪૪	જે દિગ્‌વિજય માટે જવાના હોત....	૧૫	૩૭૩
૧૪૫	મંગલ પ્રસ્થાન....	૧૫	૩૭૪
૧૪૬	દિગ્‌વિજય સાધના....	૧૫	૩૭૪
૧૪૭	પુનઃ ગૃહગમન....	૧૫	૩૭૭
૧૪૮	નવ જાતનું નામકરણ....	૧૫	૩૮૬
૧૪૯	જિન મંદિરનું નિર્માણ....	૧૬	૩૮૭
૧૫૦	પ્રતિષ્ઠા–મહોત્સવ....	૧૬	૩૮૯
૧૫૧	સહુની વિદાય શ્રી દુર્યોધનનું રોકાણ....	૧૬	૩૯૨
૧૫૨	શ્રી શકુનિનું નિરીક્ષણ....	૬૬	૩૯૪
૧૫૩	દિવ્ય સભામાં પ્રવેશ....હસવામાં બસવું...	૧૬	૩૯૫
૧૫૪	પુનઃ ઇન્દ્ર પ્રસ્થમાં....	૧૬	૩૯૮
૧૫૫	દુષ્ટ યોજના માટે ધૃતરાષ્ટ્રજીની સાથે મંત્રણા	૧૬	૪૦૫
૧૫૬	શ્રી વિદુરજીનું આગમન....	૧૬	૪૧૬

❋ પ્રવચનસાર

શ્રેણી	પૃષ્ઠ
૧	૧૩ થી ૧૬
૨	૩૮ થી ૪૧
૩	૫૪ થી ૫૮
૪	૭૩ થી ૭૮
૫	૯૪ થી ૧૦૦
૬	૧૧૬ થી ૧૧૯
૭	૧૩૧ થી ૧૩૬
૮	૧૭૦ થી ૧૭૫
૯	૨૦૩ થી ૨૦૬
૧૦	૨૨૯ થી ૨૩૩
૧૧	૨૪૫ થી ૨૪૮
૧૨	૨૭૨ થી ૨૭૬
૧૩	૩૦૮ થી ૩૧૨
૧૪	૩૪૮ થી ૩૫૧
૧૫	૩૭૯ થી ૩૮૩
૧૬	૪૧૮ થી ૪૨૨

卐 卐 卐

વાત નાની ભાત મોટી

	શ્રેણી	પૃષ્ઠ
હળવી છતાંય હચમચાવે તેવી વાત....	૧	૧૧
ચઢો પણ....ચોકસાઇથી....	૨	૪૨
ખોટું શું ઉંદર કે ઉંમર ?....	૨	૪૩
બકરી સદાય ભૂખી....	૪	૭૯
મરવાની ય રીત તો હોય ને....!!	૫	૧૦૧
એ મારી દીકરીને મારે તો હું એની વહુને મારું....	૬	૧૨૦
ઉતાવળની ભૂતાવળ....	૮	૧૭૬
જો સાંભળો ટીકા તો કદી ન પડો ફીક્કા....	૯	૨૦૭
પડે કોણ....મરે કોણ....	૯	૨૦૮
આસમાન જિતની રોટી....	૧૦	૨૩૪
બધું જ બનાવટી....	૧૨	૨૭૭
અને....અંતે કૂતરો ચૂંટાઇ ગયો....	૧૨	૨૭૯
શું કરીએ પટેલ મુઆ છીએ....!!	૧૪	૩૫૨
જીભલડીનો રસ ટપકે છે....	૧૫	૩૮૩
હિંગુલ દેવ !....	૧૬	૪૨૩

ગ્રંથ–પરિચય

પરમાત્મા મહાવીરે ગૌતમસ્વામીજીને ત્રિપદી આપી ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા અને ધુવેઈ વા. ત્રિપદીનો વિસ્તાર થયો. દ્વાદશાંગી....૧૨ અંગો.... જૈન આગમો....

આ બાર અંગોમાંનું છટ્ઠું અંગ એટલે જ્ઞાતાધર્મ કથા. આ જ્ઞાતાધર્મ કથામાં ક્રોડો કથા છે. આ કથામાંથી આપણા આ મહાભારતની કથા ઉતરી આવી છે. આ કથા જૈનગ્રંથો વસુદેવ હીંડી, ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર વિગેરે ગ્રંથોમાં આજે પણ મોજુદ છે.

આ બધી કથાઓના આધારે **મલધારિ** ગચ્છના જૈનાચાર્ય પૂ. દેવપ્રભસૂરીશ્વરજી મહારાજે '**પાંડવ ચરિત્ર**' રચના કરી છે. હિન્દુધર્મમાં પણ આ કથા પ્રસિદ્ધ છે. આ કથા ગ્રંથનું હિન્દુ પરંપરામાં પહેલા નામ હતું '**જય**' પછી તેનું નામ થયું '**ભારત**' અને આખરે તેનું નામ પ્રસિદ્ધ થયું '**મહાભારત**' હિન્દુ પરંપરાની આ કથા મહર્ષિ વેદ વ્યાસે રચેલી છે. ગૌરી પુત્ર ગણેશજીએ તેને ગ્રંથ રૂપે લખી છે. અત્યારની હિન્દુ પરંપરામાં મહાભારતના લગભગ એક લાખ શ્લોકો છે. આ જ મહાભારતના પ્રાયઃ તમામ પાત્રોનાં વિશદ અને અતિશયોક્તિ આદિથી રહિત વર્ણનો પાંડવ ચરિત્રમાં છે. જૈનાચાર્ય પૂ. દેવપ્રભસૂરીશ્વરજીએ રચેલ મહાભારતનું કદ આઠ હજાર [૮૦૦૦] શ્લોક પ્રમાણ છે.

પ્રસ્તુત શ્રી અભિનવ મહાભારત ગ્રંથના વ્યાખ્યાનનો આધાર ગ્રંથ છે... '**પાંડવ ચરિત્ર**'.

श्री अभीष्टदेव स्तुतिः

श्रियं विश्वत्रयत्राणनिष्णः, पुष्णातु वः प्रभुः
शंकरः पुण्डरीकाक्षः श्रीमन्नाभिसमुद्भवः ॥ १ ॥

पान्तु श्री शांतिनाथस्य, पदप्रस्खन्नखत्विषः
दुश्चन्तदुरितारण्य-प्रज्वलज्ज्वलनश्रियः ॥ २ ॥

पूण्यप्रसूतिः श्रीनेमेः—पातु वो देशनागवी
घासः स्मरादयो यस्याः, क्षीरं मोक्षसुखं पुनः ॥ ३ ॥

पार्श्वनाथः स वः पायाद्, यदङ्गद्युतिसागरे
प्रवालकन्दलायन्ते, फणरत्नप्रभाङ्कुराः ॥ ४ ॥

जयन्ति वर्धमानस्य, जितदम्भोलिवैभवाः
मोहान्धतमसध्वंसे, हेलयः सत्वकेलयः

(आ. देवप्रभ सुरिकृता) ॥ ५ ॥

卐 卐 卐

: अभीष्टदेवीस्तुति :

भक्तानां देहि सिद्धिं, ममसकलमघं देवि दूरीकुरु त्वं,
सर्वेषाम् धार्मिकाणां सततनियमितं वांछितं पूरयस्व.
संसाराब्धौ निमग्नं प्रगुणगणयुतं जीवराशिं य त्राहि
श्रीमज्जैनेन्द्र धर्मं प्रकटय विमलं देवि ! पद्मावति ! त्वं

(पूर्वाचार्यकृता)

卐 卐 卐

'શ્રી અભિનવ મહાભારત' ગ્રંથ પ્રકાશન પદ્ધતિઃ-

卐 અભિનવ મહાભારત પ્રવચનસાર ગ્રંથને લગભગ ૧૬, ૩૨ કે ૪૮ પાનાની ૪૪ વ્યાખ્યાન શ્રેણીમાં તૈયાર કરી ૪૪ નાની પુસ્તિકારૂપે તૈયાર કરવામાં આવશે.

卐 સુરમ્ય નયનાકર્ષક આ નાની પુસ્તિકાઓના ૧૫ ભાગોને પ્રથમ શ્રેણી યા પ્રથમ વિભાગ રૂપે પ્રસિદ્ધ કરવામાં આવશે. ૧૬ થી ૨૮ દ્વિતીય શ્રેણી યા દ્વિતીય વિભાગ રૂપે પ્રસિદ્ધ કરવામાં આવશે. ૨૯ થી ૪૪ તૃતીય શ્રેણી યા તૃતીય વિભાગ રૂપે પ્રસિદ્ધ કરવામાં આવશે.

卐 પ્રત્યેક પૂ. સાધુ સાધ્વીજી મહારાજને વિનંતિ કે તેઓ પોતાને જે સ્થળે પુસ્તક જોઈએ તેનું પુરૂં સરનામું જણાવે, જેથી અમે સરનામાની નોંધ કરી યથા સમયે પુસ્તકો પહોંચાડવાનો પ્રબંધ કરી શકીએ.

卐 આ ગ્રંથને પહોંચી વળીને સહુ જિજ્ઞાસુઓના હાથમાં આ અભિનવ મહાભારતનો પ્રવચનસાર ગૌરવમય ગ્રંથ પહોંચાડવા નીચે પ્રમાણે યોજના કરવામાં આવી છે.

卐 ઓછામાં ઓછા એકી સાથે ૧૦૦ પુસ્તક નોંધાવનાર માટે પુસ્તક દીઠ રૂા. ૩૨ની કિંમતથી રાખવામાં આવી છે. ૧૦૦ની અંદર જે પુસ્તક નોંધાવશે તેના માટે પુસ્તકની કિંમત રૂા. ૫૧ રહેશે.

卐 **શ્રી લબ્ધિ વિક્રમસૂરીશ્વર સંસ્કૃતિ કેંદ્રે** આ મહાન ગ્રંથ, ગુજરાતી ભાષામાં સુંદર કથા ગ્રંથ-વ્યાખ્યાન ગ્રંથ અને ભાષાંતર ગ્રંથની ગરજ સારે તેવો ગ્રંથ તૈયાર કરાવવા એક અતિ નમ્ર પ્રયત્ન કર્યો છે.

શ્રી અભિનવ મહાભારતના પ્રવચનકારની

卐 ગુરુ પરંપરા : 卐

ચરમ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીના પંચમ ગણધર સુધર્મા સ્વામીએ દ્વાદશાંગીની પ્રરૂપણા કરી. ગણધર ગૌતમ સ્વામીની ૭૭ મી પાટે જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ આચાર્ય ભગવંત **લબ્ધિસૂરીશ્વરજી મ. સા.** થયા. પૂ. પા. આચાર્ય ભગવંત **લબ્ધિસૂરીશ્વરજી** મ. સા. પ્રચંડ પ્રતિભાના સ્વામી અને આગમ શાસ્ત્રના પરમ અધ્યેતા હતા. ષડ્દર્શનના પારંગત પરમ વિદ્વાન અને અનેક વ્યાખ્યાનકાર હતા. અનેક ગ્રંથોના પ્રણેતા હતા. પૂજ્યશ્રીનું સાચું સર્જન અનેક વિદ્વાન શિષ્ય રત્નોનું હતું. પૂ. પા. નિત્ય ભક્તામર સ્તોત્ર સમારાધક તીર્થ પ્રભાવક પૂ. આચાર્ય ભગવંત **વિક્રમસૂરીશ્વરજી મ. સા.** તેઓના મહાન વિદ્વાન્ શિષ્યોમાંના એક વિશિષ્ટ કોટિના વિદ્વાન પટ્ટધર શિષ્ય છે. પૂ. પા. તીર્થપ્રભાવક ગુરુદેવશ્રીના જીવનની અનેક વિશિષ્ટતા છે જે દ્વારા તેઓએ અદ્ભુત અનુપમ કોટિની શાસન પ્રભાવના કરી ભારતભરમાં 'જૈનં જયતિ શાસનં' નો દિવ્યનાદ ગુંજિત કર્યો છે. ૨૧૦૦ કીલો મીટર અને ૩૦૦૦ કીલો મીટરની દીર્ઘ સંઘયાત્રા દ્વારા ભારતના ગામે-ગામે નગરે-નગરે જિનવાણી ગુંજિત કરી છે.

પૂ. ગુરુદેવ આર્ષદૃષ્ટિના સ્વામી છે. તેથી પૂ. ગુરુદેવે પોતાના આદર્શને જીવંત કરનાર અનેક શિષ્યો તૈયાર કર્યા છે, પૂજ્યશ્રીનો શિષ્ય પરિવાર વિદ્વાન–ક્રિયારૂચિ ધરાવનાર–આગમ જ્ઞાતા છે. સર્વ શિષ્યો ગુરુ ચરણે સમર્પિત છે. ગુર્વાજ્ઞા શિરોમાન્ય કરનાર છે. પણ તેમાં પૂ. પંન્યાસ **રાજયશ વિજયજી મ. સા.** એક એવા શિષ્ય છે, જેમણે આ જીવન ગુરુદેવના અભિપ્રાયને અનુસરણ કરવા પ્રયત્ન કર્યો છે.

卐 પ્રસ્તુત ગ્રંથ લેખનની પ્રથમ પ્રેરણા અને શુભાશિષ પણ તારક પૂ. ગુરુદેવના જ છે. પૂ. ગુરુદેવ એક એવા મહાન ગુરુવર છે જેઓ સદા શિષ્યના સમુત્કર્ષના ચાહક અને અભિલાષુક છે. સદાના ગુરુ કુલવાશી પૂ. પં. રાજયશ વિ. મ. સા. ગુરુ નિશ્રામાં વિ. સં. ૨૦૪૧ના અમદાવાદ શાંતિ-નગરના ચાતુર્માસમાં તેઓએ '**અભિનવ મહાભારત**' ના મનનીય પ્રવચન આપેલ. આ છે અભિનવ મહાભારતના પ્રવચનકારની ગુરુ પરંપરા.

[શ્રેણી–૧]

❋ કથાસાર

❋ શ્રી ભીષ્મ પિતામહ [ગાંગેય] નો જન્મ....

યુગાદિદેવ ઋષભનાથ ભગવાનના ભરત વિગેરે સો પુત્ર હતા. તે સો પુત્રોમાં એક કુરુ નામના પણ પુત્ર હતા, આ કુરુના નામ પરથી કુરુદેશ વિખ્યાત થયો છે. કુરુના પુત્ર હસ્તી પરથી હસ્તિનાપુર વસ્યું. આ હસ્તનાપુરની ગાદી પર અનેક પ્રતાપી રાજાઓ થયા. જેમાં 'શાંતનુ' પણ એક પ્રતાપી રાજા થયો. આ પ્રતાપી રાજા દરેક રીતે સુયોગ્ય છે, પણ તેમને સોનાની થાળીમાં લોઢાની મેખની માફક એક દુષ્ટ શોખ છે. તેમને શિકાર ખેલવાની એક બુરી આદત છે. મહારાજા શાંતનુને પોતાને બરાબ વ્યસન પર તિરસ્કાર છે પણ 'આદત સે લાચાર' મહારાજા શાંતનુ આ શિકાર છોડી શકતા નથી. એકવાર શિકાર માટે જંગલમાં ગયા છે. ત્યાં એક હરણ પાછળ દોડ્યા. હરણ નિશાન ચૂકવી ખૂબ આગળ દોડી જાય છે. ત્યાં એક ભવ્ય મહેલ દેખાય છે. સાહસિક શાંતનુ તે મહેલમાં પ્રવેશ કરે છે. મહેલના ઉપરના માળે એક સ્વરૂપવતી રંભા જેવી કુમારીકા છે. સાથે એક દાસી છે. શાંતનુને 'આ કોણ છે?' તેવો પ્રશ્ન થતાં પહેલાં તો દાસીનો આવકાર મળે છે. હસ્તિનાપુરના મહારાજા શાંતનુનું સ્વાગત કરતી દાસી પાસેથી આશ્ચર્ય ચકિત બનેલ શાંતનુ કુમારિકાનો પરિચય માંગે છે. મહારાજા શાંતનુને સમજાય છે કે સામે બેઠેલી કુમારિકા એક વિદ્યાધર રાજાની એકની

એક લાડકી દીકરી 'ગંગા' છે. આ ગંગાએ આકરી પ્રતિજ્ઞા કરી હતી, **જે પુરૂષ તેનું વચન કદી ઉત્થાપે નહીં તેની સાથે જ મારે લગ્ન કરવા.'** ગંગાની પસંદગીમાં અકડાઈ હતી તેમ કહી શકાય છતાંય આ ભારતીય કુમારિકામાં ત્યાગનો ધુધવતો સાગર હતો. પતિ મળે તો મારે જોઇએ તેવો જ મળવો જોઇએ. નહીં તો ત્યાગ કરતાં વાર કોને છે ? યૌવન સહજ અભિલાષા ભલે હોય પણ તેને બ્રહ્મચર્યનું માતબર પીઠબળ છે.... તેના પિતાને થાય છે આ પ્રતિજ્ઞા કોણ માનશે ? પુત્રી ગંગાએ જંગલમાં પવિત્ર જીવન ગાળવા માંડયું. પિતાએ મહેલ બનાવી આપ્યો હતો. પવિત્રમાતાની પુત્રીને ત્યાં ચારણઋષિના પગલાં થયા. તે ધર્મ પામી. તેણે જિન ભક્તિમાં જીવનને તરબોળ કર્યું. કોઈ એક અજાણ્યો નિમિત્તક ત્યાં આવ્યો અને આ જિન ભક્તિમાં મસ્ત ગંગાના માટે આજે જ ભવિષ્ય કહી ગયો. " દાસી ! આજે તારે ત્યાં જે અતિથિ આવશે તે તારી સ્વામિની ગંગાનો સ્વામી થશે." આવનાર એ મહાનુભાવ હસ્તિનાપુરના રાજા શાંતનુ હશે. તે ગંગાની પ્રતિજ્ઞા સ્વીકારશે અને હોંશથી ગંગા સાથે લગ્ન કરશે. નિમિત્તિયાના ભાખ્યા પ્રમાણે ગંગા અને શાંતનુ મળ્યા. **નદીનું ભાગ્ય કોઇ સાગરમાં જ હલવાઈ જવાનું છે. ભલે, નદી કહે હું મીઠી પણ ખારા સાગરિયા વિના તેને કોણે દીઠી ? શું મીઠાશ ખારાશમાં મળે એજ જાણે ગૃહસ્થ જીવનનો સંકેત છે !**

મહારાજા શાંતનુ એ ગંગાના રૂપ–યૌવન અને પૂર્વના ઋણાનુબંધ પર પોતાની સ્વતંત્રતાને હોમી દીધી. તેમણે નક્કી કર્યું " તારા કહ્યા પ્રમાણે જ કરીશ, તારું વચન

નહીં ઉત્થાપું. અને જે વખતે તારું વચન ઓળંગુ તે વખતે તું મને છોડી શકે છે, મારો ત્યાગ કરી શકે છે.” શાંતનુને ભાવિના ગર્ભની કયાં ખબર છે ? ન મેળવવું તેના કરતાં મળ્યા પછી છૂટી જાય તે વસમું થઈ પડે છે. મળે જ નહીં તો કોઈ પીડા ન થાય. પણ મળીને ચાલી જાય ત્યારે વિરહની હજારો ચિતા એક સાથે પ્રગટે છે.

ગંગા ગમાર નથી. તેણે કદી પોતાના પતિની પાસે જીદ કરી નથી. ગંગાએ રાજકાજની કોઈપણ મર્યાદા શાંતનુ ન પાળી શકે તેવી કોઈ અપેક્ષા રાખી નથી. સુખી અને શાંત લગ્ન જીવનમાં ગંગાએ એક પુત્રનો જન્મ આપ્યો. માતા ગંગાએ જાણે ગર્ભમાંથી જ વચન પાલનના અમી પાયા અને આ પુત્ર ગાંગેય કહેવાયો. આગળ આ જ ગાંગેય ભીષ્મ બનશે. ગાંગેયની ચારે બાજુ એક જ વાતાવરણ છે. **‘વચન પાલન’** ભારતીય વિચારધારામાં સૌથી વધુ અમૂલ્ય રત્ન હોય તો તે **વચન પાલન** છે.

⁘ મહાદેવી ગંગાનો વનવાસ....

એકવાર મહારાજા શાંતનુને પુનઃ શિકાર કરવા જવાનું મન થયું. શિકાર માટે જતા પહેલાં મહારાજા શાંતનુ પત્ની ગંગાને નિવેદન કરવા ગયા. “પ્રિયે! હું આજે જંગલમાં જઇશ – શિકાર કરીશ.” ગંગા બોલી; સદાના શાંત આર્ય-

પુત્ર શાંતનુ ! પ્રાણીની હિંસા તમારા જેવાને ન શોભે. સજ્જન માનવ રમત માટે, એક ક્ષણિક આનંદ માટે કોઈની જીંદગી ઝુંટવનારો ન હોય. સ્વામીનાથ ! તમે તો રાજા છો.... પાલક છો.... પ્રાણીમાત્રના પાલકથી આવો દ્રોહ કેમ થાય ? મહારાજા શાંતનુ કરગરી ઊઠે છે"

" પ્રિયે ! તારી વાત સાચી છે."

ધર્મ તો અહિંસાજ છે. રાજાની ફરજ તો પ્રજાનું પાલન જ છે. બળવાનની ફરજ તો નિર્દોષ અને નિર્બળાનું રક્ષણ જ છે. પણ, શિકારનો આ શોખ છૂટતો નથી. ક્ષત્રિય તરીકે વટ મારવાનો અભરખો હું છોડી શકતો નથી." ઘણી લાંબી વાત ચાલી, ગંગા મુખેથી વધુ કશું ન બોલી પણ સમજી ગઈ. આજે મહારાજા શાંતનુ વચન પાલન કરવાની મુખેથી ના પાડે, મર્યાદા તોડે, તે પહેલાં જ તેનો અર્થ મારે સમજી લેવો જોઇએ- ગંગા અર્થ સમજી ગઈ.

મહારાજા શાંતનુ વનમાંથી પાછા આવ્યા. પોકારી ઉઠયા. " ગંગા ! મહાદેવી ગંગા કયાં ? પેલો લાડકો ગાંગેય કયાં ? રાજમહેલમાં સર્વત્ર મૌન છે. મૌન મહારાજા શાંતનુને અકળાવે છે. રાજમહેલમાં બની ચૂકેલ પરિસ્થિતિ– ઘટના તેમને ગભરાવે છે. આખરે સમજ પડે છે, ગંગાના વચનની ઉપેક્ષા થઈ છે તેથી ગંગા પોતાના પિતા જહ્નુને ત્યાં ચાલી ગઈ છે. સાથે ગાંગેયને પણ લઇને ગઇ છે!!!

૧૦

❋ મહારાજા શાંતનુનું શિકાર માટે યુદ્ધ....

મહારાજા શાંતનુ વિષાદના સાગરમાં ગરકાવ થઇ ગયા. એકાએક થયેલ આઘાતને તે સહન ન કરી શકયા. આ આઘાતમાં પચીસ વર્ષ વીતવા આવ્યા. તેઓ આઘાતને ધીમે ધીમે ભૂલવા મથી રહ્યા હતા. તેઓ જાણતા હતા કે ગંગાનું વચન મેં પાળ્યું નથી. ગંગા પુનઃ વિચાર કરીને પાછી ફરે તો ઠીક, પણ હું તો વચન પાલન નથી કરી શકયો તો હવે કયા મોઢે ગંગાને બોલાવવા જાઉં ? ગંગાના વિરહે મહારાજા શાંતનુ શોક સંતપ્ત હતા. આનંદ માટે હવે તેમની પાસે એક જ સાધન હતું, અવાર – નવાર શિકારે જવું. મૃગયા ખેલવા. આવા શોખમાં તેઓ પોતાના દુઃખને સંતાડી દેવા પ્રયત્ન કરતા હતા. એકવાર મહારાજા શાંતનું શિકારે ગયા. જંગલમાં તેમના યથેચ્છ વિહારને, તેમની મૃગયાની તૈયારીને કોઈ દૈવી કુમારે પડકારી. દૈવી કુમારને મહારાજા શાંતનુનો કોઈએ રાજા તરીકે પરિચય આપ્યો હતો. કુમારે કહ્યું. રાજા કોણ ? રક્ષક કે ભક્ષક ?

રીઝવનાર કે રંજાડનાર ?

ખીલાવનાર કે ખેરવી નાંખનાર ?

પણ સત્તાધીશ મહારાજા શાંતનુએ શાંત પણ ધીર વાણીએ ગજરાજ જેમ શ્વાનની ઉપેક્ષા કરે તેમ દૈવી કુમારની ઘોર ઉપેક્ષા કરી. દૈવીકુમારે કહ્યું– "ભો રાજન્ ! તું

રક્ષક ન હોય તો હું ભક્ષકનો ભક્ષક બની નિર્દોષ પ્રાણીનો રક્ષક બની શકું છું. હું જૈન મુનિઓ દ્વારા પ્રાણી રક્ષાનો મર્મ સમજ્યો છું. પણ ક્ષત્રિયનું આ લોહી મને તમારા જેવા નિર્દોષ પ્રાણીઓના ભક્ષક પર તીર છોડતા રોકી નહીં શકે. પરિણામે કુમાર અને મહારાજા શાંતનુ વચ્ચે ભયંકર યુદ્ધ થયું.

❋ હળવી છતાંય હચમચાવે તેવી વાત....

આપણી મહાભારતની ગંગા વચન લઈને બેઠી છે. જે મારું વચન કદાપિ ઉત્થાપે નહીં તેની સાથે જ મારે લગ્ન કરવા છે. લગ્ન એક પવિત્ર સંસ્થા છે. તેના માટે ખૂબ ઉંચા આદર્શ હોવો જોઈએ. આજે એ આદર્શ કયાં પહોંચ્યા છે? કોઈ હળવું લખનાર વ્યંગ લેખક લખે છે.

એક શેઠને પૈસાનો ખૂબ મદ હતો. તેઓ પોતાની પુત્રી માટે ખૂબ ઊંચો અભિપ્રાય ધરાવતા હતા. એક સંપન્ન પણ નિરાભિમાની સંસ્કારી પિતાના પુત્ર માટે તેમણે માંગણી કરી.. પુત્રીના પિતાએ કહ્યું "શેઠ! મારી પુત્રી માટે પૂછશો જ નહીં. તે ખૂબ હોંશિયાર છે. તેને મોટર ચલાવતા....ટાઈપ કરતા....બંદૂક ચલાવતા.... આવડે છે. તરી પણ શકે છે. આપને જરૂર પડે તો વિમાન પણ ચલાવી શકે છે. હવે આપના પુત્ર અંગે કંઈક કહેશો?"

પુત્રના પિતાએ ઠંડે કલેજે જવાબ આપ્યો. તમારી પુત્રી ખૂબ હોંશિયાર છે. મારા પુત્રને તો રોટલી કરતા....છોકરા સાચવતા....કપડાં ધોતા આવડે છે. પુત્રીના પિતા ચમકયા. કહે, " આવું કેમ કહો છો ? પુત્રના પિતા કહે– " આવું ન શીખે તો કેમ ચાલે ? જે તમારી પુત્રીને ન આવડતું હોય તે તો મારા પુત્રને જ કરવું પડે ને ! શેઠ ? આપ ઘર ભૂલ્યા પધારો બીજે. "

પુત્રીના પિતાને ત્યારે જ સમજાયું કે મેં ધનના મદમાં છોકરીને છોકરો બનાવી દીધો પણ ગૃહસ્થ જીવનની–નારીની ફરજો નથી સમજાવી. દૂષિત સમાજની આજ પરિસ્થિતિ હોય છે. ન કરવાના કાર્યો કરવા અને કરવાના કાર્યો ન કરવા.

(હવે આગળ જુઓ પૃષ્ઠ નં. ૧૭)

પ્રવચનસાર

卐 આ ભારત દેશ છે. આ દેશમાં 'મહાભારત' જેવા અપૂર્વ ગ્રંથોનું સર્જન થયું છે. પણ....ભા+રત શબ્દ પર વિચાર કરજો.

'ભા' નો અર્થ પ્રકાશ, 'રત' અટલે એકાગ્ર.

'જે પ્રકાશમાં એકાગ્ર બને તે ભારત.'

ભારત તો પ્રકાશમાં એકાગ્ર થયેલો મસ્ત બનેલો દેશ છે. છતાંય આજે દુર્ભાગ્યે આપણું ધ્યાન પશ્ચિમ તરફ દોરાયું છે.

આ મહાભારતનું વાંચન તમારું મુખ પશ્ચિમથી પૂર્વ તરફ ફેરવવા માટે જ છે.

卐 જે વનમાં રહેલા નિર્દોષ માસુમ પ્રાણીને મારવા તૈયાર થતાં હોય તેમણે શા માટે બાળકના પિતા બનવું જોઈએ? જેટલા બાળકો **નિરપરાધી અને નિર્દોષ** છે તેટલા જ વનના પ્રાણીઓ પણ **નિરપરાધી** અને નિર્દોષ છે.

卐 **હિંસકને ક્ષમા આપી શકાય પણ.... હિંસાને કદી ક્ષમા ન આપી શકાય.**

卐 મહારાજ શાંતનુએ હથિયાર નીચે મૂક્યા તો ગાંગેયનો કાળા ઝાળ કોપ શમી ગયો. આ **'ક્ષમા'** જ શાસ્ત્રનું રહસ્ય છે. 'મિચ્છામિ દુક્કડમ્' જે વાતનો થયો તે વાતનું ચેપ્ટર ત્યાં જ ક્લોઝ થઈ જવું જોઇએ.

卐 પ્રસન્ન હૃદયનો માનવી જે ઓડ નીચે બેસે તે ઓડ પણ ખીલી ઊઠે છે. આ વૈજ્ઞાનિક સત્ય છે.

卐 સાથે રહેવામાં જ સાર છે, પણ સાથે રહેવાથી જો સ્નેહનો ઘટાડો થતો હોય તો સ્નેહ ઘટે નહીં તેટલા માટે દૂર રહેવું તેમાં જ શાણપણ છે.

卐 સુખ અને દુઃખ તો જીવનમાં એક સિક્કાની બે બાજુ જેવા છે. પણ જો દુઃખને જ વિચારશો તો દુઃખી થશો, સુખને વિચારશો તો સુખી થશો. બંનેયને સાથે વિચારશો તો વૈરાગી થશો. બંનેયથી દૂર થઈ જશો તો વીતરાગી થઇ જશો.

卐 આ પ્રકૃતિ તો રસ રેલ વહાવી રહી છે. કદીક આ માનવો સાથે વાત કરવી છોડી તમે ખળભળતી નદી સાથે....કદી કલકલતાં ઝરણાં સાથે....કે કદી અનંત ટમટમતા તારલા સાથે વાત કરી શકો તો આ વાતો કરતાં તમે કયારેક અનંતના બ્રહ્મના સુધી પહોંચી જશો.

卐 મહારથી જેવો પુત્ર પણ માતા–પિતા તથા વડીલોના ચરણમાં જ્યારે જ્યારે ઝૂકે છે ત્યારે આ ભારતની ભવ્યતા કંઈક અનેરા રંગે ચમકતી દેખાય છે.

卐 મહારાજા શાંતનુને પોતાનો મહેલ ગંગા વિના ખાલી લાગે છે. ગૃહસ્થ જીવનની એ જ વિષમતા છે. તેમાં નારી એકલી હોય તો ય પૂરી છે... પણ.... નર ગમે તેટલો શૂરો હોય છતાં અધૂરો છે. એ નારી વિના રહી શકે તે શક્ય નથી લાગતું.

卐 મહારાજા શાંતનુના હૈયામાં વિરહનો દવ (અગ્નિ) પ્રગટયો હતો; છતાં મુખેથી હાસ્ય વેરવા પ્રયત્ન કરતો હતો. વળી કોઈ કવિએ કહ્યું છે કે....

હૈયે દવ જાગે, મુખે સ્નેહ સુધા ઝરે,
સતી સંતજનો સ્નેહી, ઘોરવ્રત એ આચરે.

卐 પોતાની ઈચ્છાને તેમાંય પોતાની અંગત જરૂરિયાત હોય તેવી ઈચ્છાને તો મહાપુરુષો કદી જીભ પર **ન લાવે.**

卐 ગુરુ–પિતા કે વડીલ પોતાની અંગત જરૂરિયાત કહે તો જ પૂરી કરવી એવો ભાવ રાખનાર કદી સાચો શિષ્ય–પુત્ર કે આશ્રિત બની શકતો નથી

卐 કપડાં પર કરચલી પડે તો આપણને ગમતું નથી પણ પણ મા–બાપના ચહેરા પર વિષાદની કરચલીઓ પડે તે આપણે સહી શકીએ છીએ !

卐 વ્યસનોના સેવનની ટેવ ચામડીના દદ્દ જેવી છે. ચામડીના દદ્દો કયારેક મટી ગયા હોય તેમ લાગે છે, પણ એ મટયા નથી હોતા. એ દબાયેલા હોય છે. ચામડીના રોગથી મુક્ત થવા તો કાયાકલ્પની જરૂર છે. તે માટે સ્વના સંકલ્પની અને સદ્‌ગુરુના ભવ્ય શુભાશિષની જરૂર છે.

卐 વડીલોના આશીર્વાદ જે સિદ્ધિ આપે છે તે સિદ્ધિ વડીલોએ આપેલ વારસા કરતાંય કંઈ ઘણી વિશાળ હોય છે. વારસો કુપુત્ર પણ મેળવે છે, વાત્સલ્ય મેળવવા સુપુત્ર થવું જરૂરી છે.

卐 આ ભારતના બંધારણને–કાયદાશાસ્ત્રને કોણ સુધાર શે? ભારતના બંધારણમાં દીકરાને પિતાની મૂડીમાં ભાગ મેળવવાનો અધિકાર છે. પણ એ દીકરો કમાતો હોવા છતાંય માતા–પિતાનું ભરણ–પોષણ ન કરે તો માતા પિતાને કશુંય કરવાનો અધિકાર નથી.

વાહ! આ શું ભારતનું બંધારણ છે? આ કાયદા શાસ્ત્રને કોણ સુધારશે?

[આ લખાણ લખ્યા બાદ જાણવા મળ્યું છે કે સ્વ. શ્રીમતિ ઈન્દીરાગાંધીના રાજ્યકાલ દરમ્યાન એક એવો સુધારો થયો છે તે મુજબ જો પુત્રને સારી આવક હોય અને માતા–પિતાને બીજો કોઇ આધાર ન હોય તો રૂા. ૫૦૦, જેટલી રકમ કાયદેસર મેળવવાનો અધિકાર છે.]

卐 ઉંમર ન વધે.... મૃત્યુ નજીક ન આવે તેવો ઘણાનો આગ્રહ છે પણ બિચારા સમજતાં નથી વૃદ્ધત્વ એ પણ વધાવીને સ્વીકારવાની અવસ્થા છે મૃત્યુ એ પણ મઝેથી માણવાની કળા છે.

卐 મહાભારત એટલે જીવન અને મૃત્યુ માણવાની ભવ્યકળા....
જીવન પરોપકારથી સભર જીવો....
મૃત્યુ ગૌરવથી માણો....
જીવનકર્તવ્યમાં વ્યતીત થાય તો મૃત્યુ મહોત્સવ બને....

卐 મહાભારત જીવન અને મૃત્યુની કળાના અદ્‌ભુત પાઠ શીખવે છે.

❋ કથાસાર

❋ પિતા – પુત્રનું મિલન

(પૃ. ૧૨ થી ચાલુ)

મહારાજા શાંતનુ તથા કુમારના યુદ્ધના અવાજોથી કોઈ બાઈ દોડતી આવે છે. ક્ષણવાર મહારાજા શાંતનુને જોતાં તેને આંચકો લાગે છે. ક્ષણવારમાં પેલા કુમારને જોતાં તે મલકાઈ ઉઠે છે. બંનેનું યુદ્ધ કૌશલ્ય અપાર છે. પણ.... આ બાઇ વિચારે છે; આ મારો વીરો કોની જોડે લડી રહ્યો છે ? શું મારો જ પતિ અને મારો જ પુત્ર આ રીતે લડે તે ઉચિત છે ? માતા ગંગાએ ધૂમ પાડી, "સબૂર ! બેટા ગાંગેય ! યુદ્ધ બંધ કર. તારા પિતાની જોડે યુદ્ધ કેમ કરે છે ?"

ગાંગેયના આશ્ચર્યનો પાર નથી. તેણે પોતાના પિતાને કદી જોયા નથી તે પોકારી ઉઠે છે .... "મા ! આપણે વનવાસી છીએ. આ રાજા મારા પિતા કેવી રીતે હોય ? માતા ગંગા પુત્ર ગાંગેયને પોતે મહારાજા શાંતનુને ત્યાગીને આવી ત્યાં સુધીની સર્વ વાત જણાવે છે. પણ પુત્ર ગાંગેયનો કોપ ઉતરતો નથી. ગાંગેય પૂછે છે મા ! ભલે એ મારા પિતા હોય પણ આજે તે અક્ષમ્ય છે. મા, તું તો આવી પરમ દયાળુ છે અને મારા પિતા આવા ? આવા નિર્દય !!!

નિર્દોષ પ્રાણીને મારનાર !!! મા હું મારા બાહુબળથી આ નિર્દોષ પ્રાણીઓનું રક્ષણ કરું છું. આ ભવ્ય ચહેરો જોઈને એક રાજા સમજીને તેમને મેં વિનંતિ કરી છતાંય તેમણે હિંસા બંધ ન કરી. મા.... આવા કુકર્મી પિતા હોય તો તેમને પણ આજે મારા બાણનો સ્વાદ ચાખવા દે. આજે તેઓએ મારી જોડે શત્રુતા કરી છે.”

માતા ગંગા બેબાકળી બની ગઈ છે. જાણે છે ગાંગેયમાં આજે નિરપરાધી પ્રાણીઓ માટે શરણાગત વાત્સલ્યતા પ્રગટી છે. આજે એ મારી વાત પણ નહીં માને અને કંઈક ખોટું થઈ જશે. ગંગા પાછી દોડી મહારાજા શાંતનુ પાસે. શાંતનુ પણ પ્રેમ સભર નયને પ્રિયાને જોયા કરે છે. ઓળખી ગયા એ પોતાની પ્રિયાને. પ્રિયતમા ગંગા આજે મહારાજા શાંતનુને વિનંતિ કરે છે.... “સ્વામી ! શું પુત્ર જોડે આ યુદ્ધ તમને શોભે છે ?” મહારાજા શાંતનુ તરત જ વાત સમજે છે. વધું કશું થાય તે પહેલાં પોતાના હથિયાર નીચે મૂકીને પુત્ર ગાંગેયની પાસે આવે છે. ગાંગેય જુવે છે હથિયાર નીચે મુકનાર સાથે લડાઈ કરી ન શકાય. અને જ્યાં જરા સરખો ગુસ્સો ઉતર્યો કે તરત જ ગાંગેય પોતાની માતા સાથે આવી રહેલ પિતાના પગમાં પડે છે.

પિતા શાંતનુ બોલી ઉઠે છે– “ઓ બાલ રાજા ! ઓ યુવરાજા ! આજે તમારે નહીં, મારે ઝુકવાનો વારો આવ્યો છે. બેટા, તારા બાણ આવતા હતા ત્યારથી જ વહેમ હતો, તું કોઈ વનેચર નથી.... તું અહીં જંગલનો નિવાસી નથી. બેટા ! તારા પડકાર અને તારા બાણ બેય મને મીઠા જ લાગ્યા કરતા હતા. વ્હાલાપુત્ર ! આજથી.... આ જ ઘડીથી

મેં નક્કી કર્યું છે કે હવે જીંદગીમાં કદી પણ શિકાર ખેલીશ નહીં.... કદી પણ નિર્દોષ પ્રાણી પર બાણ છોડીશ નહીં... બેટા ! વિજય તારો છે.... ના, ના.... બેટા, તારો આ વિજય એ જ તારા પિતાનો મહાવિજય છે. સો .... સો .... વરસ જીવ.... દીર્ઘાયુ ભવ.... ! પ્રેમથી પુત્રને ઉભો કરી મહારાજા શાંતનુ તેને ભેટી પડે છે. ઘટાદાર વૃક્ષ હેઠળ ત્રણેય બેઠા છે. લતાકુંજના મીઠા વાયરા અને પંખી-ઓના કલરવ સાથે આજે પચીશ વર્ષ બાદ હીઝરાયેલાં હૈયાં એકઠાં થયા છે.

મહારાજા શાંતનુ પૂછે છે– "ગંગા ! તું અહીં કેમ ? આ મારો પુત્ર અહીં કેટલા વખતથી ? આ પુત્ર જંગલમાં હોવા છતાંય આવો પારંગત કેવી રીતે થયો ? સવાલો તો જાણે મહારાજા શાંતનુના હૈયામાંથી એટલા કૂદી પડે છે કે જિજ્ઞાસાનો સાગર ઉભરાયો હોય તેમ લાગે.

ગંગા જણાવે છે, " પ્રિયે ! આ તમારો પુત્ર તમારા જેવો છે, તમારી પાસેથી ગયા બાદ હું મારા પિતાને ત્યાં ગઈ. મારા પિતાએ મને પ્રેમથી રાખી. આ તમારા પુત્રને મારાભાઈ પવનવેગે ધનુર્વિદ્યા શીખવવા માંડી. થોડા સમ-યમાં તો પવનવેગને પણ આશ્ચર્ય થયું. આવી ચપળતા ! અને ધીમે ધીમે તે મારા પિતાને ત્યાંના સમસ્ત પરિવારની પોતાના બળથી ઉપેક્ષા કરતો થઈ ગયો.

કોઈને ય ગાંઠે તો આ તમારો ગાંગેય શેનો !

સૂર્ય જેવો એનો સ્વભાવ.... એ ચમકે એટલે બધા તારલિયા અને ચાંદલિયાને સંતાઈ જવું પડે.

હું સમજી ગઈ, હવે આ પુત્ર વધારે વખત મારા પિયરીયા સાથે રહેશે તો કજીયો થયા વિના નહીં રહે. મારા પિતાએ મારી વિનંતિ માન્ય કરી મને અહીં જંગલમાં રહેવા રજા આપી છે. અહીં જંગલમાં તમારા આ પનોતા ગાંગેયને ચારણઋષિઓનો ઉપદેશ મળે છે. ચારણ-ઋષિઓ પાસે તેણે દૃઢ પ્રતિજ્ઞા કરી છે. આ જંગલના પ્રાણીઓને તેની હયાતિમાં કોઈ રંજાડી શકતું નથી. આ જંગલમાં તો ઈન્દ્ર પણ તેની આજ્ઞાને ઓળંગી નહીં શકે એવો એનો વિશ્વાસ છે. આજે તમે દીકરાને ક્ષમા કરો. ગાંગેય એકવાર પિતાના ચરણે નમસ્કાર કરી કહે છે "પિતાજી! ક્ષમા કરો આ તમારા બાળકને."

મહારાજા શાંતનું કહે છે, "બેટા! માફી મારે માંગવાની છે. તારે તો આજે પિતા પાસેથી શૂરવીરતાનો સરપાવ માંગવાનો છે. ચાલો પ્રિયે! ગંગે! હવે, તમે પણ મને ક્ષમા કરો. આ રડી રહેલા રાજમહેલમાં પુનઃ એકવાર રંગત લાવો. આ હસ્તિનાપુરમાં મારા હાસ્યની કયાંય હયાતી નથી. આજે તમે પુનઃ પધારો અને મારા અંતઃપુરને પુનઃ હાસ્ય ભરપૂર બનાવો, તમારા વિનાના મારા દિવસો.... એ વાત જવા દો.... હવે કદી હું આવો અપરાધ નહીં કરું...

⁂ પુત્ર તથા પતિની સદાની વિદાય....

રાજન્! તમે મહાન છો. કાયર જેવા શબ્દો તમારા જેવા શૂરવીરને ન શોભે. મારું મન તો આમેય સંસારથી

કયારનું ઉદાસીન બનેલ છે. મુનિઓએ સમજાવેલ ત્યાગમય સંયમ લેવાનું મારું ભાગ્ય નથી, પણ મને સંસારનો કોઈ મોહ નથી.

ફાટેલા બીસ્સામાંથી પૈસા સરી જાય તેવી રીતે મારા મનમાંથી કયારનોય સંસારનો મોહ સરકી ગયો છે.

બસ.... આ પુત્રને તમારા હાથમાં સોપું એ એક કાર્ય બાકી હતું. આજે તમારી થાપણ તમને સોંપી છે. તમારો રાજવંશ તમે ચલાવો. મને પ્રભુનો ધર્મવંશ ચલાવવા દો.

મહારાજા શાંતનુ ડઘાઈ જાય છે. પુત્ર મિલન....! પત્ની પુનર્મિલન.... કે પત્નીનો સદા વિરહ....આ કેવી ક્ષણ છે. સુખ ભરી કે દુઃખ ભરી? એ તો મહારાજા શાંતનુ જ જાણે છે. ગંગાનો નિર્ણય અફર છે! અફર જ રહેશે! ગંગાના મુખ પર તરતી વૈરાગ્ય રેખાથી શાંતનુ ચકિત થઈ જાય છે. પત્નીના મુખ પર એક સાધ્વી જેવી વૈરાગ્ય રેખા અવલોકતા મહારાજા શાંતનુ પત્નીને હાથ જોડી બેસે છે.

પણ.... પેલો પુત્ર ગાંગેય.... આ અજાણ્યા પિતા પાસે કેવી રીતે જાય? આ ગાંગેય આવી મસ્ત અને માયાળુ માતાને ક્ષણવારમાં ત્યજવાનો નિર્ણય કેવી રીતે કરે? ક્ષત્રિઓની આજ શૂરવીરતા છે....!

આપણે મન નિર્ણય કરવો સહેલો છે. પાળવો કઠણ છે. શૂરા સાત્વિકને નિર્ણય કરવો કઠણ છે. કર્યા બાદ ગમે તેટલી મુસીબત હોય છતાંય પાળવો તેને સહેલો લાગે છે.

ગાંગેયને માતાએ ખૂબ સમજાવ્યો માતાએ કહ્યું— "બેટા! દીકરા... તારા જેવો પુત્ર તો પિતા જોડે જ શોભશે.

અહીં જંગલમાં મને કોઈ તકલીફ નહીં પડે. તમે પિતા-પુત્ર તમારો રાજ્યધર્મ બજાવો, વખતે આત્મધર્મ બજાવજો.... ! મારું મન હવે આત્મધર્મ તરફ જ ખેંચાયું છે. તમે અહીં મારી સાથે રહો કે મને મહેલમાં આવવા ફરજ પાડો મારા માટે બંનેય સરખું છે. મારે મન હવે મહેલ અને જંગલ સમાન છે.” શાંતનુ જાણે છે ગંગાનો નિર્ણય અફર જ રહેશે.

ગાંગેય મહારાજા, પિતા શાંતનુનો એક આશાભર્યો ચહેરો જુવે છે. માતા ગંગાના મુખ પરની વિરક્તિ જુએ છે.... ગાંગેયને અંતે નિર્ણય કરવો પડે છે. પિતા સાથે રાજ્યમહેલમાં જવા તૈયાર થાય છે. માતાના ચરણમાં ઝૂકે છે. માતા.... માતા.... માતા.... પોકારી ઉઠે છે ! આંખમાંથી અશ્રુધારા વહે છે. ક્ષણવાર પહેલાનો મગરૂર બાળક આજે માતા પાસે મુલાયમ બની ગયો છે. આજે માતાનો વિરહ તે સહી શકે તેમ નથી. છતાંય....

માનવ તો એ જ... સફળ માનવ તો એ જ કે જે જગતમાં કર્તવ્યની વેદી પર તમામ માંગણી અને લાગણીઓનું બલિદાન કરી શકે.

ગંગાનદી જેવી જ પવિત્ર માતા ગંગા આ સંસારને એક નાટકથી વધુ ગણતી નથી. નાટકમાં ગયું તે દૃશ્ય ગમે તેવું હોય તો પણ આવતા દૃશ્યની જ તૈયારી કરવાની હોય છે. ગંગાના નિશ્ચલ મને ભૂતકાળને ઓગાળી નાંખ્યો. ભાવિના સુરમ્ય એકાંતમાં જિનભક્તિના અદ્‌ભુત મંડાણ થયા.

પુત્ર ગાંગેય ઘણીવાર સુધી અશ્રુભીનો રહ્યો. આજે તેને

નગરની કોઈ રમણીયતા ખેંચી ન શકી. રાજમહેલમાં આવ્યો પણ માતાના અવાજના ભણકારા તેને વિહ્વળ બનાવતા હતા. તાકાત એક જ હતી.... **'માતાએ આપેલા અંતરના આશિષ.** 'બેટા ! હવે મારા મોહથી પણ પાછો ન ફરીશ. તારા પિતામાં જ હવે માતા અને પિતા બન્નેયના દર્શન કરજે.'

❋ યુવરાજ ગાંગેય....

પિતા શાંતનુ પણ માતા અને પિતાની બેવડી ફરજો બજાવી પુત્રને લાડ લડાવી રહ્યો છે. પુત્ર ગાંગેયના પરાક્રમો જોતાં પિતા શાંતનુને ઘણીવાર લાગે છે કે પુત્રની પ્રતિભા જગત્‌પિતા બને તેવી છે.

ગાંગેયે થોડા જ દિવસમાં પિતાની એવી સારવાર કરવા માંડી કે પિતા જ્યાં સુધી સુખ–દુઃખની વાત દીકરાને ન કરે ત્યાં સુધી તેને ચેન નહોતું પડતું. મહારાજા શાંતનુના હૃદયમાં ગાંગેય કરતા કોઈ વધારે ભરોસાપાત્ર ન હતું. વર્ષો વીતતા યોગ્યતા જોઈને ગાંગેયને યુવરાજ બનાવ્યો પિતા શાંતનુ શાંત હતા. કારણ.... યુવરાજ ગાંગેય ભાવિનો એક સમર્થ રાજવી થશે, એ વાતમાં હવે રાજાને તો શું પ્રજામાં પણ કોઈનેય શંકા ન હતી. ગાંગેયે યુવરાજ હોવા છતાંય રાજકાજની તમામ જવાબદારી ઉપાડી લીધી હતી.

જેઓને પોતાની જવાબદારીનું ભાન કરાવવું પડતું હોય છે તે ભાગ્યે જ જવાબદારીને શોભાવી શકતા હોય છે.... જવાબદારી તો સમજદારીનું પ્રથમ સંતાન છે!!!

મહારાજા શાંતનુ એ દિવસો જોઈ રહ્યા છે કે ગાંગેય હવે રાજા બને અને હવે પોતે જ પોતાની આ નામની પણ રહેલી જવાબદારી પતાવી આત્મ સાધના કરે.

પણ.... કુદરત કોને કહેવાય છે.... ! ભાવિ કોને કહેવાય છે.... ! શું જગતના ધારેલાને ધક્કો મારે તેનું નામ જ ભાવિ છે ! કયાં એ મહારાજા શાંતનુના મનોરથો અને કયાં ભાવિનો માર્ગ.... !!!

❋ મહારાજા શાંતનુની યાચના

મહારાજા શાંતનુ આજે પ્રકૃતિમાં મહાલવા નદી કિનારે ઉપડયા છે. ચારેબાજુના સૌંદર્યમાં સ્નાન કરતા મહારાજાએ એક કુમારીને યમુના નદી પર જોઈ.

કુમારી કે દેવી ! નાગકન્યા કે ગાંધર્વ કન્યા ! વીજળીનો ઝાટકો લાગે તેવી જ રીતે પેલી કન્યાના રૂપે તથા લાવણ્યે મહારાજા શાંતનુ પર જાણે પ્રહાર કર્યો. મહારાજા શાંતનુ એક ક્ષણમાં જાણે ખેંચાઈ ગયા. નાવિક કન્યા પાસે આવીને ઊભા. આંતરડાના ઊંડાણમાંથી જાણે કોઈ ખેંચી રહ્યું હોય તેવી વિવશતા મહારાજા શાંતનુ અનુભવે છે. કિનારે ઉભેલી

કન્યા કુરુવંશના આ નબીરાની ભાવના પામી જાય છે. 'મહારાજન્!' નીચી નજરે નાવિક કન્યા સત્યવતી કહે છે, "આ મારા પિતાના અધિકારની વાત છે. આપ મને મહાલયની રાણી બનાવવા માંગતા હોય તો આપ મારા પિતાને વાત કરો. મારા પિતા નાવિકરાજના નિર્ણયને હું વરેલી છું. મારામાં કોઈ ઈચ્છા ત્યારે જ પેદા થાય છે કે પહેલા એ ઈચ્છા મારા પિતામાં પેદા થયેલ હોય."

મહારાજા શાંતનુને વધારે વિચારવાની જરૂર ન લાગી. રાજમહેલની આ રાજ્ય ઋદ્ધિ જો પોતાની પુત્રીને મળે તો કયો પિતા પુત્રી આપવા તૈયાર ન થાય? એટલે સહજભાવે સરળતાપૂર્વક મહારાજા શાંતનુએ નાવિકરાજ પાસે સત્યવતીની માંગણી કરી.

ધીર નાવિકરાજ કહે છે– "આપ મા–બાપ છો.... આપ રાજા છો....**સમસ્ત** પ્રજા આપની છે....આ મારી પુત્રી પણ આપની છે." મહારાજા શાંતનુ ઉતાવળથી વચમાં જ કહે છે "તો નાવિકરાજ આપની આ પુત્રીનું હું માંગુ લઈને આવ્યો છું.... સ્વીકારો....હમણાં જ લગ્નની તૈયારી થઈ જશે." નાવિકરાજ કંઈ કહેવા માંગે છે. "રાજન્! ત્યાં જ મહારાજા શાંતનુ કહે છે– "બોલો નાવિકરાજ! જલ્દી બોલો! તમારું જીંદગીભરનું દારિદ્રય હવે ચાલી ગયું તેમ સમજો, હવે શી ચિંતા કરો છો?"

પુનઃ દૃઢ સ્વરથી નાવિકરાજ કહે છે– "મહારાજન્! મહારાજા શાંતનુ! હું આપને મારી આ પુત્રી કદી આપી શકું તેમ નથી." રાજા શાંતનુ નાવિકરાજની આ આકસ્મિક

અણધારી વાતથી ચોંકી ઊઠે છે. "કેમ નાવિકરાજ ! તમે શા માટે મને ના પાડી રહ્યા છો ? જે કારણ હોય તે કહો.

નાવિકરાજ કહે છે– "મહારાજા શાંતનુ ! કદાચિત્ હું આપને મારી પુત્રી આપવા તૈયાર થઉં તો પણ આપ સ્વીકાર નહીં કરી શકો." મહારાજા શાંતનુ આજે સરળ ભાવે પોતાની વેદના પ્રગટ કરી રહ્યા છે. "નાવિકરાજ હું તો ગમે તે ભોગે સત્યવતીને સ્વીકારું તેમ છું."

"નાવિકરાજ ! તમે સ્પષ્ટ કહો. શું કહેવા માંગો છો ? આવી વણિક જેવી ગૂઢ વાત મારા જેવા વ્યથિત રાજા પાસે શા માટે કરો છો ?" નાવિકરાજે કહ્યું– રાજન્ ! પુત્રી સત્યવતી તમને આપવાનો કોઈ ફાયદો નથી. પુત્રી સત્યવતી રાજરાણી બને પણ આપ તો હવે રાજ્યભારથી દૂર જાઓ છો.... અને આપના તો અત્યારે ય ગાંગેયને રાજા બનાવવાના મનોરથ છે. જો ગાંગેય રાજા બને અને મારી સત્યવતીનો પુત્ર જો રાજા ન બનવાનો હોય તો સત્યવતી તમારી રાણી બને તો પણ તેને શું કરવાનું ? ગંગાને તો મોહ નથી તેથી જંગલમાં જાય... પણ મારી સત્યા, [સત્યવતી] તેને તો રાજમહેલમાં હોવા છતાંય જંગલમાં રહેવું પડે.

સત્તા પર ચડી બેઠેલો આખલો પણ પૂજાય છે અને સ્થાન વિનાનો બળદ પણ માર ખાય છે.

મહારાજન્ ! વિચારો.... જો ગાંગેયને આપ રાજ્યગાદી પર સ્થાપવાના ન હો તો ખૂબ ખુશીપૂર્વક આપ સત્યવતીનું પાણિગ્રહણ કરો."

"અરે.... સ્વાર્થ !" શાંતનુના હૈયામાંથી એક કારમી ચીસ નીકળી ગઈ. "નાવિકરાજ ! તમારી વાત હું સમજી ગયો છું. આ ઝુંપડીમાં આપ સુખેથી રહેજો. હું જઉં છું." રાજા તુરત ઉભા થઈ ગયા. સત્યવતીની ઝંખના હૃદયમાંથી જાણે ગાળી દેતા હોય તેમ સત્યવતી સામે જરાય જોયા વિના નીકળી ગયા.

મહારાજા શાંતનુ વિચારે છે.... રે ! અવિચારી નાવિક ! હું ગાંગેય જેવા યોગ્ય આત્માને મારી અયોગ્ય વાસના માટે કેવી રીતે તરછોડી શકું !

હું રાજા છું, તેથી એમ નથી માનતો કે મારા મનનો માલિક હું જ છું. **આ દેશમાં તો રાજાના મનનો માલિક પ્રજા હોય છે** પ્રજા જો સાચા હૃદયથી ગાંગેયને રાજા બનાવવા આતુર હોય તો હું પવિત્ર પ્રજાના નિર્ણયને કેવી રીતે રોકી શકું ? હા પણ પેલી સત્યવતીનું શું "

પોતાના મનને કપડું ઓટકે તેવી રીતે જાણે જોરથી ઓટકે છે. કપડામાં રેતી લાગી હોય તો ઓટકવાથી નીકળે પણ કાદવ જ લાગ્યો હોય તો શું થાય ? મહારાજા શાંતનુ રાજમહેલમાં પહોંચે છે. મનને બીજી બાજુ પરોવવા હજારો પ્રવૃત્તિ આદરે છે. પણ, પેલો સત્યવતીનો પ્રેમ જરાય છુટતો નથી. ક્યાં જઈને સત્યવતીને ભૂલવી એ જ સવાલ છે. જ્યાં જાય છે ત્યાં આંખો સામે સત્યવતી જ દેખાય છે. મહારાજા શાંતનુ પોતાની વાસના અને ઈચ્છા પર ફીટકાર વરસાવે છે. એક વાત તેમના હૈયામાં ઘોળાઈ રહી છે. મારી પ્રાણ પ્રિયા ગંગાના પુત્રને શું હું રાજવી પદથી બાકાત

કરું !!! શું એક મારા આનંદ અને મારી મનમાની વાત માટે હું યુવરાજ ગાંગેયને અન્યાય કરું !!!

મનોમન નાવિકરાજને જાણે સંબોધીને મહારાજા શાંતનુ કહે છે– "નાવિકરાજ ! કદાચિત્ હું સત્યવતી વિના તરફડી તરફડીને મરી જઈશ, પણ મારા કર્તવ્યપંથથી હું જરાય દૂર નહીં જઉં."

વાસનાની પૂર્તિ માટે માનવ અનંતવાર મર્યો છે, પણ કર્તવ્યની વેદી પર આહુતિ આપી દેવાનો લાભ કોઈ મહાત્મા જ પ્રાપ્ત કરી શકે છે.

મહારાજા શાંતનુ ભલે કામવૃત્તિમાં ફસાયા હોય, પણ તેમની ન્યાય વૃત્તિનો પરાજય થાય તેમ નથી. મહારાજા શાંતનુ પોતાના નિર્ધારમાં મક્કમ છે. પોતે યુવરાજા ગાંગેયને જરાય અન્યાય કરવા માંગતા નથી, પણ ધિક્કાર છે પેલી કામ વાસનાને જે સાચી ન્યાયી વાતો સમજનાર આત્માના હૈયામાં પણ હોળી પ્રગટાવે છે. મહારાજા શાંતનું આજે ઉદાસ છે. પુત્ર ગાંગેયને ઉદાસીનતા ન દેખાય તે માટે મહારાજા શાંતનુ એ ખૂબ પ્રયત્ન કર્યો; પણ

આ દુઃખેય ગાંડુ છે. અંતરના સ્નેહાળ પાત્ર પાસે છુપાઈને રહેવું હોય તોય છલકાઈ જાય છે.

❋ સંસ્કારી પુત્ર ગાંગેયની "ભીષ્મ-પ્રતિજ્ઞા"

આજે પિતા શાંતનુએ વધુ વાતો ન કરી ગાંગેય હેરાન-પરેશાન થઈ ગયો. પિતાજી કંઈક કહેવા જેવું નહીં હોય માટે જ નહીં કહેતા હોય. અને તેથી જ ચતુર મંત્રીને ગાંગેયે હલાવ્યા 'ચોવીશ કલાક પહેલાં બાતમી લાવી આપો મારા પિતાને થયું છે શું'? "મંત્રીશ્વર! પિતાજીની સાથે વાત કરવા જાવ ત્યારે કોઈપણ વાતની કબુલાત તમારે મારા તરફથી કરવાની યોગ્ય લાગે એ ત્યાં જ કરતાં આવજો. મારા મગરૂર સિંહ જેવા પિતાનું હું આવું ઉતરેલું મુખ જોઈ નથી શકતો. જાઓ....મંત્રીશ્વર ....જલ્દી જવાબ લાવો...."

મંત્રીશ્વર ચોવીશ કલાકમાં તો મહારાજા શાંતનુના પેટના પાતાળ સુધી પહોંચી ગયા. વિવશ બનેલ રાજાએ જરાક દુઃખ હળવું થવાના ભાવે બધું જ કહી દીધું. મંત્રીશ્વરની વાત જાણી સીધો જ યુવરાજ ગાંગેય નદી તટે પહોંચી ગયો. નાવિકરાજને બોલાવ્યા....

"નાવિકરાજ! જુઓ, હું માતા સત્યવતીને લેવા આવ્યો છું, આપે સત્યવતીને મારા પિતાને આપવાની શા માટે ના પાડી? માતા ગંગા આમેય જંગલમાં છે. તમારી પુત્રીને કોઈ શોકયનું દુઃખ નથી. મારેય મન માતા સત્યવતી ગંગા જેટલી જ માન્ય રહેશે. નાવિકરાજ! આવો પ્રસંગ છે....કેમ ઉપેક્ષા કરો છો....?

નાવિકરાજ–" તમે ગાંગેય માત્ર યુવરાજ નથી, ભાવિના મહારાજા ગાંગેય છો.....આપ યુવરાજમાંથી મહારાજા બની લોકોનું પાલન કરો.....મહારાજા શાંતનુની ગાદ્દી સંભાળો ....મારી સત્યવતીની ચિંતા ન કરો. "

ગાંગેય–" ધનુષ્યમાંથી બાણ નીકળે તેમ હું ઘેરથી આવ્યો છું. મારા પિતા શાંતનુ આ માતા સત્યવતી વિના તરફડે છે.

નાવિકરાજ ! હું તમારી વાત સમજું છું. મેં નક્કી જ કર્યું છે કે હું કદ્દી રાજ્ય ગાદ્દી પર બેસવાનો નથી. રાજ્ય ગાદ્દી પર મારો ભાવિનો ભાઈ બેસશે.... માતા સત્યવતીનો પુત્ર બેસશે.... "

નાવિકરાજની આંખમાં હર્ષના અશ્રુ આવે છે. ગાંગેયના ચરણમાં મસ્તક ઝુકાવતાં બોલી ઊઠે છે. **તમારા જેવા પ્રેમાળ પુત્રો જો પિતાને આ સંસારમાં મળતા હોત તો કયા પિતાએ સ્વર્ગમાં જવાની ઈચ્છા રાખી હોત ?** તમે તમારા પિતા માટે આવો ત્યાગ કરો છો....આવા પુત્રોના દર્શન પણ અમને પાવન કરે છે. ગાંગેય સમજે છે કે હવે તો નાવિકરાજ માનશે, પણ આટલી પ્રશસ્તિ કર્યા બાદ પણ નાવિકરાજે પુત્રી આપવાની વાત તો કરી જ નહીં.

ગાંગેય – " નાવિકરાજ ! હજી શું વિચારો છો ? શેની રાહ જુઓ છો ? શું મારા વચન પર....?

નાવિકરાજ – " ના રે ના તમારું વચન કદીય ન ફરે, તમારા વચન પર અવિશ્વાસ ન હોય, તમે તો રાજ્યગાદ્દી પર ન જ બેસો. પણ....પણ.... તમારા ભાવિના પુત્રો માટે

શું કહેવાય ? તેઓ આવતીકાલે મારા સત્યવતીના પુત્રોને સંભળાવે....ઉતરો અમારા બાપની રાજ્ય ગાદી પર તમે કેવી રીતે આવ્યા ?" તમારા જેવા વીરના સાહસિક પુત્રો પણ વીર હોય તો પછી મારા દોહીત્રનું શું થાય ?

નાવિકરાજ પણ આજે હજારો હાથ ઊંડા દરિયામાં વહાણ ચલાવતા હોય તેવી રૂખ કાઢવા માંડ્યા. ગણિત મોટું હતું. ખરેખર તો એના આવા ઊંડા ગણિતમાં કંઈક ભેદ હતો. પણ ગાંગેય સ્વસ્થ છે. એક જ ક્ષણમાં નાવિકરાજની ચિંતાને સમજી જાય છે. સ્વસ્થ થાય છે.... અને સાત્વિક ગાંગેયમાં જાણે દિવ્યધ્વનિ પ્રગટે છે !!!

" નાવિકરાજ ! હું તમારી ચિંતા સમજી ગયો છું. જાણું છું કે મારો પુત્ર પણ ભવિષ્યમાં તારા દોહિત્રાને ગાદી પર ન બેસવા દે તો શું થાય ? બસ, મારે તો આજથી જ નિયમ છે મારા પિતાની આ ઇચ્છા પૂર્ણ કરવા.... માતા સત્યવતીના પુત્રોને જ રાજ્યગાદી પર સ્થાપિત કરવા....

'હું આજીવન બ્રહ્મચારી રહીશ.'

ગાંગેયની આ બ્રહ્મચર્યની સહસા કરેલી પ્રતિજ્ઞાથી જાણે આખું વન તે સમયે સ્થંભી ગયું હતું. માનવના આ વામન મનમાંથી પણ જ્યારે ત્યાગનો વિરાટ આદર્શ પેદા થાય છે ત્યારે દેવો અને વિદ્યાધરો પણ આનંદિત થઈ જાય છે....!!!

વિદ્યાધરો માટે આ આનંદનો બેવડો પ્રસંગ હતો. એક તો તેમના વિદ્યાધર કુળનો સંબંધ સાત્વિક કુરુવંશી સાથે થઈ રહ્યો હતો. બીજું, આ સાત્વિક ભીષ્મ પિતામહ આજે

ત્રણેય લોકને આશ્ચર્ય પમાડે તેવી પ્રતિજ્ઞા કરી રહ્યા હતા. વિદ્યાધરો એ '**ભીષ્મ = બ્રહ્મચારી**' ભીષ્મની જ જાણે 'ભીષ્મ પિતામહ' તરીકે સ્થાપના કરી દીધી. સદા માટેના નિઃસંતાન છતાંય સર્વોત્તમ નિઃસ્વાર્થ આ ભીષ્મ પિતામહની તેઓએ થાય એટલી સ્તુતિ કરી. મન મૂકીને પુષ્પવૃષ્ટિ કરી. વિદ્યાધરો તો ત્યાંથી જ સીધાવ્યા આ ભવ્ય પ્રસંગની વધામણી આપવા મહારાજા શાંતનુના રાજ મહેલમાં....પેલો નાવિકરાજ હવે કશી દલીલ કરી શકે તેમ ન હતો.

ભારત ભૂમિનો આ મહાન આદર્શ છે. એક યુવાવયસ્થ પુત્ર પિતાના સુખ માટે આખી જીંદગી બ્રહ્મચારી રહે છે. મહાભારતની પીઠિકાના આ પવિત્ર પુરુષને કોડો–કોડો વંદન કરવાનું મન થયા વિના ન રહે. એક દિવસની એક ક્ષણિક વાસના પૂર્તિના ત્યાગ માટે કોઈ ભૂખ્યા વરૂની માફક ફાંફાં મારનાર લોકો આ ભીષ્મની [ગાંગેયની] વાતમાં કઈ રીતે શ્રદ્ધા રાખશે ? તેમના જેવા માટે આ પાત્રો સમજવાની કોઈ તાકાત નથી ! ! !

અને.... આ જ વખતે યુવરાજ ગાંગેયની '**ભીષ્મ**' ના નામે ઘોષણા થઈ.

'ભીષ્મ – ભીષ્મ જ હતા.... તેમના માટે ત્યાગ તો ડાબા હાથનો ખેલ હતો...!'

નાવિકરાજ પાસેથી ભાવિ માતા સત્યવતીને લઈને વિદાય માટે ઉતાવળા થતા ભીષ્મ પિતામહને કંઈક રહસ્યમય વાતો નાવિકરાજે કહી. ભીષ્મ પિતામહ આ વાત સાંભળી મલકી ઉઠયા. હસ્તિનાપુરના એક નગરજનમાં પણ કેટલી મહાનતા છે; ભીષ્મ પિતામહ મનોમન વંદી રહ્યા હતા. પણ

આજે તો ભીષ્મ પિતામહને રાજ મહેલમાં પહોંચવાની ઉતાવળ હોવાથી વધુ સમય નાવિકરાજ સાથે ન બગાડતા માતા સત્યવતીને લઇને રાજમહેલમાં જવા રથ ઉતાવળો કર્યો.

રથ રાજમહેલમાં આવી પહોંચ્યો. ગાંગેય – ભીષ્મ પિતાના ચરણમાં જઈ ઓળોટયાને બોલી ઊઠયા. " પિતાજી! માતા સત્યવતીને લઇને હું આવ્યો છું.' મહારાજા શાંતનુ બોલી ઉઠે છે. " બેટા! આ તેં શું કર્યું? આ સત્યવતી મને જરાય પોષાય તેવી નથી. તારા રાજસુખના ત્યાગે મારે કશું ય ના જોઇએ.... એ અન્યાય ન થાય....!!!

ભીષ્મ -- " પિતાજી! આપ મારી વાત સાંભળો; આપને અન્યાય કરવાની ઘડી આવતી જ નથી. આપ માતા સત્યવતી સાથે પાણિગ્રહણ કરો. મેં જાતે જ આજે નિર્ણય કર્યો છે,

.... હું રાજગાદી પર કદી બેસીશ નહીં...!
... હું આ જીવન બ્રહ્મચારી રહીશ...!

મહારાજા શાંતનુનું અંતઃકરણ સંતુષ્ટ થાય છે. મનોમન બોલી ઊઠે છે. ' અમારા બેમાં પિતા કોણ છે? પુત્ર કોણ છે?' મહારાજા શાંતનુ બોલી ઉઠે છે – " પિતા થવાને હું લાયક નથી. પિતા થવાને લાયક તો આ મારો પુત્ર છે." અને ત્યાં જ ભીષ્મ પિતા શાંતનુના ચરણમાં પુનઃ મસ્તક ઝુકાવે છે. પિતા શાંતનુ પોકારી ઊઠે છે. " બેટા! તારા આવતા પહેલાં જ તારા ત્યાગની વધામણીના મંગલ ગીત વિદ્યાધરો અહીં આવીને કરી ગયા છે. બેટા, આવ.... અને આજે

મારા ખોળામાં બેસી જા.' અત્યંત વાત્સલ્યથી પિતાએ પુત્રને પોતાના ખોળામાં બેસાડી દીધો. પિતા શાંતનુ બોલી ઊઠ્યા "બેટા ! **આપની વાત ધ્યાનથી સાંભળનાર વિરલ જ હોય છે, અને વાત સાંભળીને તેમના આદેશ પૂર્વક કરનારા તો ગણ્યા ગાંઠ્યા કોઈક જ હોય છે.** પણ બેટા, હજારો પ્રયત્નોથી પિતાના મનના ઊંડાણમાં રહેલી ઈચ્છાને જાણીને આવી પ્રચંડતાથી પ્રતિજ્ઞાને પૂરી કરનાર તો આ ધરતી પર તારા સિવાય બીજો કયો મહાત્મા હશે તેની મને ખબર નથી. બેટા, તું મહાન છે.... તું મહાત્મા છે.... તું દેવ છે.... તું સત્યવાન છે.... તું વ્રતવાન છે.... તને હું કયા આશીર્વાદ આપું ! તને આશીર્વાદ આપનાર હું કોણ ? છતાંય બેટા, કહેવાઈ જાય છે મારા અંતરના ઉમળકા ઉછળી પડે છે.

"તું ચિરંજીવી બન... ચિરકાળ સુધી તું આ પૃથ્વી પર શાંતિ ફેલાવ..."

અને.... આખાય મહાભારતે આ નિઃસંતાન...આ સદ્ગાયના બ્રહ્મચારી ગાંગેયને 'ભીષ્મ પિતામહ' તરીકે નવાજ્યા....!!! **'ભીષ્મને કોઈ સંતાન ન હતું પણ... તેનું એક જ સર્જન હતું બ્રહ્મચર્ય. જે બ્રહ્મચર્યનું સર્જન કરે છે તેને આ દુનિયામાં સંતતિ જેવી ચીજ પેદા કરવી પડતી નથી.**

" અપુત્રસ્ય ગતિર્નાસ્તિ ' કહેનાર શાસ્ત્રોને આજે આ ભીષ્મે પોતાની પ્રતિજ્ઞાથી જ તમાચો માર્યો છે. **' અપુત્રસ્ય ગતિર્નાસ્તિ '** એ ખોટું છે. તેનો ખરેખરો અર્થ **' असर्जकस्य**

गतिर्नास्ति જે પોતે કંઈ સુંદર સર્જન ન કરી શકે તેની સદ્‌ગતિ ન હોય. બાકી તો નરકના કેટલાય સ્થાનો બહુ પુત્રવાળાઓએ ભર્યા છે. ભીષ્મ પર વરસેલા પિતા શાંતનુના આશીર્વાદ સફળ બની ગયા છે.

⁂ સત્તાના રખવૈયા ગાંગેય–ભીષ્મપિતામહ...

મહારાજા શાંતનુ અને સત્યવતીએ શાંત સંસારમાં બે પુત્રોને જન્મ આપ્યો. મોટો પુત્ર હતો ચિત્રાંગદ અને નાનો હતો વિચિત્રવીર્ય.

ચિત્રાંગદ અને વિચિત્રવીર્યને સંભાળવામાં કોઈ કમીના ગાંગેય ભીષ્મ પિતામહે રાખી નથી. માતા સત્યવતીને તો અપાર આનંદ છે. પિતા શાંતનુને તો પૂર્ણ સંતોષ છે. મહારાજા શાંતનુ તો જાણે આવા પુત્રથી પરમકૃતાર્થ છે. તેમણે પોતાની આત્મમસ્તી પૂર્વક આરાધના કરી પ્રાણ છોડયા.

આ બાજુ ગાંગેય–ભીષ્મે માતા સત્યવતીના જ્યેષ્ઠ પુત્રને રાજ્યગાદી પર આરૂઢ કર્યા છે. ચિત્રાંગદની સામે પેલા કોઈ નિલાંગદ નામના રાજવીએ માથું ઊંચકયું છે. ચિત્રાંગદ ભાઇ ભીષ્મને કહે છે–"મોટાભાઈ ! આપ તો છો જ મને એકવાર આ રણભૂમિની સફર કરવા દો....' ગાંગેય–ભીષ્મ જાણે છે કે આ બાળક છે પણ....

'આ જીવનમાં કોઈનાય અરમાનની આડે આવવું એ અપરાધ છે'!

ગાંગેય–ભીષ્મ જાણે છે, ચિત્રાંગદ સરળ છે. નિલાંગદ કપટી છે. તેથી ભાઈને જતી વખતે પણ સૂચના આપે છે. પણ ચિત્રાંગદ નિલાંગદની માયા જાળને સમજી ન શકયો. રણમેદાનમાં રગદોળાઈ ગયો. ગાંગેય–ભીષ્મ હવે શાંત ન રહી શકયા. ઉપડયા રણ સંગ્રામમાં અને એ કપટી નિલાંગદને પણ સદાને માટે સુવાડી દીધો.

શું યુદ્ધ એટલે બહાદુરોની સ્મશાનભૂમિ! કોણ રોકશે આ યુદ્ધના ગાંડપણને....!

ગાંગેય–ભીષ્મે પુનઃ વિચિત્રવીર્યના હાથમાં રાજ્યધુરા સોંપી. ગાંગેય–ભીષ્મ આજે સત્તાના રખવૈયા છે. એક માત્ર સાક્ષીભાવે પોતાનું કૃત્ય આગળ ધપાવી રહ્યા છે. હવે આ બાજુ વિચિત્રવીર્ય ઉંમરમાં વધી રહ્યા છે. સુયોગ્ય પત્ની સાથે સંબંધ થાય તે માટે ભીષ્મે પોતાની નજર દોડાવી છે.

⁂ સ્વયંવર મંડપમાં ભીષ્મપિતામહ

....ત્યાં જ ખબર પડી છે....પેલા કાશી નરેશે સ્વયંવર રચ્યો છે. દુનિયાભરના રાજાઓને આમંત્રણ પાઠવ્યું છે. પણ....પોતાના ભાઈ વિચિત્રવીર્યને સ્વયંવરમાં બોલાવ્યા નથી. ભીષ્મપિતામહનો પુણ્ય પ્રતાપ આ સહન નથી કરી

શકતો વિચિત્રવીર્યને તો આમંત્રણ નથી તો જાય કેવી રીતે ? પણ, વિચિત્રવીર્ય માટે જ આ બ્રહ્મચારી કમળવત્ નિર્લેપ ભીષ્મપિતામહે પ્રયાણ આદર્યું.

બ્રહ્મચારી પુણ્યપુરુષ ભીષ્મ પિતામહ સ્વયંવર મંડપમાં પહોંચ્યા છે. કાશી રાજાની એ પુત્રીઓ અંબા–અંબિકા–અંબાલિકા સ્વયંવર મંડપમાં આવી છે. અનેક રાજાઓ અનેક અરમાન લઈને આવ્યા છે. પણ....કોણ જાણે કોઈના પર પણ આજે કળશ ઢોળાતો નથી. ભીષ્મ પિતામહ જોઈ રહ્યા છે ત્યાં આવેલા રાજાઓને ! કોઈના મોંઢા પર તેમને વિચિત્રવીર્ય જેવી લવણીમા દેખાતી નથી. અને ત્યાં જ ભીષ્મ પિતામહ સ્વયંવર મંડપની વચ્ચેથી જ ત્રણેય કન્યાઓને ઉપાડીને રથમાં મૂકી દે છે. આ ત્રણેય કન્યાનું જાણે અપહરણ કર્યું હોય તેવું લાગે છે.

(હવે આગળ માટે જુઓ પૃષ્ઠ–૪૫)



પ્રવચનસાર

卐 આ ધરતી પર કોઈ દેશ સમાજવાદી છે તો કોઈ દેશ લોકશાહી છે. કયાંક સરમુખત્યારશાહી છે તો કયાંક લશ્કરશાહી છે, પણ કોઇ દેશ એવો નથી કે જેમાં ઈતિહાસશાહી ન હોય. પ્રત્યેક દેશને પોતાનો ઈતિહાસ હોય જ છે.

卐 આ ધરતી પર જેણે ઇતિહાસ સર્જયો છે તે બધા ઈતિહાસ સર્જકોનો કોઈ સર્જનહાર હોય તો ઇતિહાસ જ છે. [ઈતિ–હ–આસ] મહાભારત અને રામાયણ એ ભારતદેશના ઇતિહાસ સર્જક છે....સંસ્કૃતિ રક્ષક છે....અને જીવન પથ પ્રદર્શક છે....

卐 જે માતા અને જે પિતાએ આ દેશના મહારત્નો જેવા ગ્રંથો મહાભારત અને રામાયણ વાંચ્યા નથી તેઓ માતા અને પિતા થવાની સાચી લાયકાત ધરાવાતા નથી.

卐 આ ભારતની માતાને રામાયણ–મહાભારતની કથા, તીર્થંકરોના ચરિત્ર કે સતીઓની વાર્તા એવી રસ-પૂર્વક કરતાં આવડે કે તમારા રેડીયો અને ટી. વી.ના અસંસ્કારી કાર્યક્રમો બંધ કરીને પણ બાળકને આ કથા સાંભળવાનું મન થાય.

卐 એ બાળકને ધન્ય છે કે જેની માતા તેને રોજ મહા-પુરુષોની વાર્તા સંભળાવતાં સૂવાડે છે અને ધર્મ પ્રાર્થના કરતાં–કરતાં જગાડે છે.

卐 આ ભારતની અભણ સ્ત્રીઓને લખતા કે વાંચતા નહોતું આવડતું, પણ રામાયણ કે મહાભારત જેવી કથાઓ તો કડકડાટ આવડતી હતી.

રામાયણ અને મહાભારત જેવા ગ્રંથો શીખવે છે કે જીવનને પ્રથમથી ત્યાગમય બનાવી શકો તેમ ન હોવ તો જીવનના–સંભવિત ઉંમરના; ચાર ભાગ કરો દા. ત. ૮૦ વર્ષ.

૧ થી ૨૦ વર્ષ–પૂર્ણ બ્રહ્મચારી રહી અભ્યાસ કરો. કલાજ્ઞાન–વ્યવહાર જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મજ્ઞાન (બ્રહ્મજ્ઞાન) મેળવો.

૨૦ થી ૪૦ વર્ષ–યૌવન વયમાં મર્યાદા પૂર્વક જીવી નીતિ અને ન્યાયના પવિત્ર માર્ગે આજીવિકા પ્રાપ્તિ યોગ્ય ધંધો–વ્યાપાર કરી આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરો. અર્થ અને કામના પુરુષાર્થને સુયોગ્ય માર્ગે વાળો.

૪૦ થી ૬૦ વર્ષ–ઘરમાં પણ ટ્રસ્ટી બનીને રહો. આ ઘરનો હું કર્તા છું તેવો ભાવ ગાળી નાંખો. આશ્રિત અને પાલિતો જે કરે છે તેને તમે બને તેટલા નિર્લેપ ભાવે જોયા કરો.

૬૦ થી ૮૦ વર્ષ–સંસારની તમામ જવાબદારીઓને પૂર્ણ કરી, સંયમધર્મને અંગીકાર કરો. સાધુ બનો....સંન્યાસી બનો પણ ગૃહનો ત્યાગ કરો.

મહાભારતની પાસે જીવનને મહાન બનાવવાનો પ્લાન છે. ઘર જેમ પ્લાન વિના ન બને તેમ જીવન પણ આવા સુંદર પ્લાન વિના ન બની શકે.

卐 મહાભારત તમારા જીવનનો ઘડવૈયો બની શકે તેમ છે જો તમે જીવન ઘાટિલું બનાવવા ઈચ્છતા હો તો.

卐 દુકાન પર ચડતાં ઉંબરાને પગે લાગીને ચઢો છો ને! શા માટે? બબર છે, મારો બાપ પણ આમ ચઢતો હતો માટે....લક્ષ્મી રિસાઈ ના જાય માટે....ના....ના ....દુકાન પર ચઢનારો સદ્‌ગૃહસ્થ પ્રાર્થના કરે છે.... પુણ્યાઈ પ્રમાણે કમાવું છે. દુનિયાભરની ઋદ્ધિ સિદ્ધિ મેળવવા લોભ નથી રાખવો. જેટલો લોભ લાગ્યો છે તેટલું મેળવવા પણ અનીતિ નથી કરવી. અનીતિ કરવી પડે તોય નિર્દય, નિર્માનુષી કે નરાધમ નથી બનવું. આવો એકરાર દુકાનના ઉંબરાને નમસ્કાર કરતાં એક સદ્‌ગૃહસ્થ કરે છે!!!"

卐 મહાભારતના યુગમાં સિંહાસન પર ચઢવા યોગ્ય રાજાઓએ મારામારી નથી કરી. સિંહાસનને પૂજ્ય સમજ્યા છે. સત્તા પર ચઢ્યા એ જ લાયકાતથી પૂજ્ય નથી બન્યા પણ લાયકાત કેળવીને સત્તાને યોગ્ય બન્યા છે.

卐 મહાભારત જણાવે છે કે દુર્વૃત્તિ અને વાસના માનવ જીવનના યુગો જૂના રોગ છે. જે આ રોગને રોકી શક્યા છે તેનું જીવન સફળ છે.

卐 આ દેશમાં જ્યારે નારી ચળવળ નહોતી ત્યારે પણ અનુપમા જેવી મહાદેવીઓ હતી. પણ અત્યારની આ હળવી છતાંય હચમચાવે તેવી વાત જણાવે છે કે સ્ત્રીના પુરુષ થવાના અભરખા પૂરા થતા નથી અને પુરુષ પોતાનું પુરુષત્વ કેળવતો નથી.

卐 મહાભારતનો આદિ પુરુષ કહી શકાય તેવો 'શાંતનુ' સર્વ દોષોથી દૂર છે....ન્યાયી છે....નિર્લોભી છે.... મહાપુરુષ છે....પણ, શિકારના મહા વ્યસનથી ઘેરાયેલો છે.

卐 મહાભારત કંઈક એવું કહે છે કે માનવના પતન માટે અનેક દુર્ગુણો નહીં પણ એક જ નબળી કડી કાફી છે.

卐 પહેલવાનને હરાવવા માટે કોઈ મોટા મલ્લની જરૂર પડે, પણ તેને નીચે પટકી દેવા તો એક જ સીડીના પગથિયાની ભૂલ કાફી છે.

卐 મહાભારત 'વચન પાલન'નો ઈતિહાસ છે.
રામાયણ વચન પાલન માટે સત્ત્વના વિકાસનો ઇતિહાસ છે.

卐 આજે આપણે ત્યાં બધું મોંઘું થઈ ગયું છે પણ સસ્તામાં સસ્તુ બન્યું હોય તો વચન 'અભી બોલા–અભી ફોક'

卐 કાયદાઓનું જંગલ અને વકીલોનો વધારો એ સમાજની દુર્બુદ્ધિ વધ્યાની પારાશીશી છે.

卐 મહાભારતમાં પુરુષ પુરુષોત્તમ બનવા પ્રયત્ન કરે છે. નારી–મહાશક્તિ નારાયણી બનવામાં જ ગૌરવ સમજે છે. આવું નહીં બને તો આ દેશ મહાભારતનો દેશ મહાભડક દેશ બની જશે.

卐 જેણે કોઈને પણ આપેલું વચન પાળવું નથી, જેણે કોઈપણ નિયમ [પ્રતિજ્ઞા] પૂર્વકનું વચન પાળવું નથી તેણે મહેરબાની કરીને મહાભારત વાંચવું નહીં.

વાત નાની.....ભાત મોટી

ચઢો પણ...ચોકસાઇથી...

ન્યુ. એમ્પાયર સ્ટેટનું ૧૦૫ માળનું મકાન. આજે અધીજ લીફ્ટ બંધ. ત્રણ મિત્રો ૧૦૫ માં માળે રહે. ઉપર ચઢવું કેવી રીતે? આટલી બધી લેફ્ટ–રાઇટ કેવી રીતે કરવી? ઉપર ગયા વિના છૂટકો પણ ન હતો. ત્રણેય નક્કી કર્યું કે વાતો કરતાં કરતાં મંઝીલે પહોંચી જવું.

પહેલા મિત્રએ સુંદર વાત ચલાવી. લગભગ ૫૦ માળ સુધ–દુઃખે ઓછા થયા. હવે બીજાનો વારો આવ્યો. તેણે વાત ખૂબ જામાવી. વચમાં વચમાં પેલો ત્રીજો મિત્ર વાત કરવાની પરવાનગી બંનેય પાસે માંગતો હતો પણ બેય જણે તેને વચમાં બોલવા ન દીધો. બીજા મિત્રની વાતમાં ને વાતમાં ૧૦૪ માળ ચઢાઈ ગયા. હવે માત્ર એક જ માળ બાકી હતો. પેલા બે એ કહ્યું, "કહી નાંખ તારી વાત, કચારનો વચમાં બોલબોલ કરતો હતો....વાત ટૂંકી કહેજે.... તરત પૂરી થાય." હા, ઉભા રહો, મારી વાત બહુ ટૂંકી છે. આપણે બધા હમણાં ઉપર તો ચઢી જઈશું....રૂમ પાસે પહોંચી જઇશું....હા, પેલા બે કહે હા....હા....પણ તારે શું કહેવું છે? જલ્દી કહે. બસ, મારે એટલું જ કહેવું છે રૂમની ચાવી છે ને એ નીચે મારા સ્કુટરમાં રહી ગઇ છે. બેય બરાડી ઊઠયા— "શું કહે છે?" ચાવી નીચે રહી છે તો ઉપર જઈને કરશું શું?" ત્રીજો મિત્ર કહે છે "એજ કચારનો તમને કહી રહ્યો છું....પણ મારું તમે કયાં સાંભળવા તૈયાર હતા....?

હવે બંનેય જણાના પગ ઢીલા થઇ ગયા. ઉપર ચઢનારે ધ્યાન રાખવાનું છે કે ઉપર તો પોતે ચઢે છે પણ કશું અગત્યનું ભૂલી તો નથી ગયા ને!

જે ઉપર ચઢતાં ચઢતાં કશું અગત્યનું ભૂલી જાય છે તેને ન છૂટકે એકવાર નીચે આવવું જ પડે છે.

વાત નાની.....ભાત મોટી

⁂ ખોટું શું ઉંદર કે ઉંમર ?

....આજનો માનવ જાણે વૃદ્ધત્વથી ડરતો લાગે છે. તેને કોઈ મોટી ઉંમરના કહે તે ગમતું નથી. પોતાની ઉંમર બબર ન પડે માટે તે ઘોળાવાળ પર કાળો કલપ કરીને પણ 'કાળાશ' જમાવી રાખે છે.

એક જમાનામાં વૃદ્ધ બનવું એ પવિત્ર અને પૂજ્ય બનવા જેવું સમજાતું. મહાભારતના માનવને વૃદ્ધ બનવું ગમતું હતું. આજે બધાને જુવાન રહેવું છે. 'સદા જુવાની આપે' તેવા નામથી ઘણાની ભંગાર દવાઓ વેચાઈ ગઈ છે અને તેમણે તિજોરીઓ તર કરી છે. પોતાની ઉંમર છુપાવવામાં સ્ત્રીઓ તો પુરુષો કરતાં પણ હોંશિયાર હોય છે.

એક સ્ત્રી કદી પોતાની સાચી ઉંમર પોતાના પતિને જણાવતી નહોતી. પતિએ આજે પત્નીની સાચી ઉંમર જાણવા નિશ્ચય કર્યો હતો. અલક મલકની વાતો કરતાં ખુશ થયેલી પત્નીને પૂછ્યું—"સાચું તો કહે, તારી ઉંમર કેટલી છે ?" "હોંશિયાર છો હોં, હું રોજ તમને કહું તો છું કે મને ૩૪ વર્ષ થયા, પણ તમને તો થોડોય ફરક બબર પડી જાય છે હોં." પતિ કહે—"એમ ત્યારે, તારી બરી ઉંમર કહે ને !...."

"બસ, ૩૮ છે મારી બરેબરી ઉંમર...."

પત્ની જુએ છે કે પતિના મનમાં કંઈ વાત ઉતરતી નથી. પતિ પણ જુએ છે કે આ સાચી વાત એમ મને

કહેશે નહીં. વાત ચાલતી હતી ત્યાં માળિયા પર પતિ ચઢી ગયો. જાણે માળિયામાં ઉંદરો પેસી ગયા હોય તેવી રીતે બધાંને ભગાડવા અવાજ કરવા માંડ્યો...

ત્યાં પત્ની બોલી–"શું છે? આટલો અવાજ કેમ કરો છો? આ તો ઉંદરડા છે....ભલે રહ્યા માળિયામાં...."

પતિ–શું ભલે રહ્યા માળિયામાં? તારું ત્રણ બાટલા ભરેલું ભીંડું હતું ને! બધું ય ઉંદરડા ખાઈ ગયા. જરાય બચ્યું નથી.

પત્નીને પતિની આ મૂર્ખાઈ ભરી વાત પર રોષ ચડ્યો. તરત તાડુકી ઉઠી–"શું ગપ્પા મારો છો....મારી ૪૬ વર્ષની જીંદગીમાં મેં કદી જોયું નથી કે ઉંદરડા કદી ભીંડું ખાય ....પતિ ધીમેથી–"હાશ? લગ્ન કરે મનેય પંદર વર્ષ થયા પણ મને તેં કદીય સાચી ઉંમર કહી નથી." મુઆ ઉંદરડા ભીંડું ન ખાય પણ સાચી ઉંમર તો તારી પાસેથી બોલાવી જાય ને?



[શ્રેણી–૩]

⁂ કથાસાર

⁂ ભીષ્મપિતામહનું સ્વયંવરમંડપગમન તથા રાજકન્યા અપહરણ

[પૃ ૩૭ થી ચાલુ]

ભીષ્મપિતામહ આ ત્રણેય કન્યાઓને રથમાં બેસાડે છે. ત્રણેય કન્યા સમક્ષ અભયની ઘોષણા કરે છે. ભીષ્મ કહે છે. "હું કોઈનીય ઈચ્છાથી વિરુદ્ધ કરવા માંગતો નથી. તમે ત્રણેય ઈચ્છશો તો હું તમારા પિતા કાશી રાજના દરબારમાં તમને પાછા મૂકી આવીશ પણ તમે મારા બંધુ વિચિત્રવીર્યનું નામ સાંભળ્યું છે ?....આ વિચિત્રવીર્યના ગુણો તો ઘણાય ગવાયા છે. પણ કેટલાક લોકોને તો આ વિચિત્રવીર્યમાં રાજવંશી લોહી દેખાતું નથી. કેટલાય લોકો સમજે છે, ગમે તેવો વિચિત્રવીર્ય હોય છતાંય છે તો એક નાવિકની પુત્રીનો જ પુત્ર ને ?....

પણ હકીકત તદ્દન જુદી છે ! વિચિત્રવીર્ય શુદ્ધ રાજવી વંશનો જ છે. ભીષ્મની પાસે જ્યારે નાવિકરાજ પોતાની પુત્રી સત્યવતીનો જ પુત્ર રાજ્યગાદ્દી પર બેસે તેવો આગ્રહ સેવતો હતો, ત્યારે જ આ આગ્રહમાં કોઈ વધારે પડતું ખેંચ જેવું લાગતું હતું. નાવિકરાજનો ગાંગેય રાજ્યગાદ્દી પર ન બેસે તે આગ્રહ તો હજી સમજાય તેવો હતો પણ સત્યવતીના જ પુત્રને ગાદ્દી મળે તે માટે ભીષ્મ લગ્ન ન

કરે, બ્રહ્મચારી રહે, તેવો આગ્રહ કંઈક વધારે પડતો હતો નાવિકરાજ પણ સમજતો હતો....

'ભીષ્મ મહાન છે! પણ નાવિકના આ આગ્રહનું દૃષ્ટિબિંદુ જુદું જ હતું. નાવિકની વાતમાં કંઈક ભેદ હતો કંઈક રહસ્ય હતું. એ રહસ્ય પોતે જ ભીષ્મ પિતામહ પાસે પ્રગટ કરેલું....નાવિકરાજ ભીષ્મ પિતામહની પ્રચંડ પ્રતિજ્ઞા આગળ ઝૂકી પડેલાં તેમણે કહ્યું હતું....

"ભીષ્મ–ગાંગેય! તમને મારો આ આગ્રહ વધુ પડતો લાગતો હશે. તમને કદાચિત હું વિરોધી જેવો લાગતો હોઈશ પણ મહારાજા ભીષ્મ! આ પુત્રી સત્યવતી એ બરોબર મારી પુત્રી જ નથી"....

એકવાર તો આ જવાબથી ભીષ્મ પણ આશ્ચર્ય અનુભવે છે–"અરે; જેના લગ્ન માટે તું આવી ભયંકર ચીકાશ કરી રહ્યો છે....શું એ સત્યવતી તારી પુત્રી નથી? તો કોણ છે સત્યવતી?....

નાવિકરાજ કહી રહ્યા છે–"આ યમુનાના તટ પર આજે વર્ષો પહેલાં મને અશોક વૃક્ષ નીચેથી બાળકી મળી આવેલી....મહાલક્ષ્મી પ્રગટ થયા....બાળક તો નિર્દોષ જ હોય....પણ આ બાળિકાની પ્રતિભા જ તદ્દન જુદી હતી.... એના મોહક ચહેરાથી હું ખૂબ પ્રભાવિત થયો. સહજ આવી પડેલી જવાબદારીનો સહર્ષ સ્વીકાર કર્યો.

અને આશ્ચર્ય!!!....'આ પુત્રીને મેં ગ્રહણ કરી.... પુત્રીને મારા હાથમાં લેતાં જ દિવ્ય ધ્વનિ થયો"....

"મંગલના ધામ જેવા રત્નપુરના રાજા રત્નાંગદની

પત્ની રત્નવતી છે. આ રત્નવતીએ આ પુત્રીને જન્મ આપ્યો છે. છીપમાંથી અરેઅર મોતી પ્રગટ થયું છે. આ પુત્રીને રત્નાંગદના કોઈ વૈરીએ લાવીને અહીં રાખી છે. આ પ્રભાવ સંપન્ન પુત્રીને ભવિષ્યમાં શાંતનુ પરણશે"....

નાવિકરાજ આગળ ચલાવે છે. મહામાનવ ભીષ્મ! હું આ પુત્રીને લઈને કૃતકૃત્ય થયો. મારો વિચાર સીધો હતો મારી સમજ સરળ હતી. શાંતનુના લગ્ન સત્યવતીની સાથે જ થવાના છે, તો આ પુત્રી નક્કી રાજરાણી બનશે અને રાજરાણી બનશે તો એક દિવસ નક્કી રાજમાતા બનશે. અને જો એ રાજમાતા બનશે તો તેના પુત્રના હાથમાં આ કુરુવંશનું મહાન સામ્રાજ્ય હશે....ભીષ્મ!!! મારું પુત્ર –પુત્રી વિહીન માનવનું અંતર અહીં ઠર્યું. મેં જોયું કે ભાવિના એક મહાન કર્તવ્યની વણમાંગી જવાબદારી મારે માથે આવી છે. આ સત્યવતીને મેં પહેલેથી જ–બાળપણથી જ રાજમાતા તરીકે ઉછેરી છે. એનામાં એવા સંસ્કાર અને એવી શિક્ષા મેં કુટી કુટીને ભર્યા છે કે તેનો ભાવિ પુત્ર–તેની ભાવિ સંતતિ પણ સંસ્કારમાં જરાય ઓછી ન ઉતરે! મેં એના લાલન–પાલન પાછળ સમસ્ત હસ્તિનાપુરની પ્રજાના લાલન–પાલન જોયા છે....

મહામાનવ ભીષ્મ! સત્યવતી જો મારી સગી પુત્રી હોત, સત્યવતીનો જો હું પાલક પિતા ન હોત, તો મેં કદી એવો આગ્રહ ન રાખ્યો હોત કે સત્યવતીનો પુત્ર જ રાજા બનવો જોઇએ. **માલિક પોતાની ચીજનો ભાવ ઘટાડી શકે. પણ પાલક કઈ રીતે વસ્તુનું મૂલ્ય ઓછું કરી શકે?** ....આ જગતમાં એક પાલક તરીકેની ફરજ બજાવવા;

ગાંગેય ભીષ્મ ! મેં રાત-દિન એક કર્યા છે. હું આજે હવે કૃતાર્થ છું. એક પ્રમાણિક પાલક તરીકે મારે આ કઠોર ફરજ બજાવવી પડી છે.

"મહામાનવ ભીષ્મ ! તમને જો મારાથી જરાય દુઃખ થયું હોય તો મને ક્ષમા કરજો.'

"બાકી તમે જ વિચારો ને, કે મારા જેવા નાવિકને ત્યાં આવું રત્ન ક્યાંથી હોય ? મહારાજા શાંતનુ જેવા ધીર પુરુષનો અંતર રાગ કંઈ એમને એમ સત્યવતી પર નહીં રેલાયો હોય, ભાવિનો સંકેત છે....આપણે સહુ વિધિના (ભાગ્યના) રમકડાં છીએ મને આજે ફરજ બજાવ્યાનો પૂર્ણ આનંદ છે."

ભીષ્મ પિતામહે નાવિકરાજને જણાવેલું હે નાવિક રાજ ! બ્રહ્મચર્યનું પાલન એ તો મારા માટેની મનમાની ભેટ હતી. અને તે મેં તમારા શુભ નિમિત્તો સ્વીકારી છે. પણ, તે માટે મને તમારા પર રોષ નહીં—એક રાગ—એક અનુરાગ પેદા થાય છે. અને તેમાંય જ્યારે મારી ભાવિ માતાને હું વિદ્યાધર વંશની પુત્રી તરીકે જાણું છું ત્યારે મારી ભાવિ રાજપુત્ર અંગેની રહી સહી ચિંતા પણ પૂર્ણ થઈ. તમે આપેલી માતા સત્યવતીને એક રાજમાતા બનવાની શિક્ષા સો એ સો ટકા સફળ થવાની છે. માતા સત્યવતીથી અમારા કુરૂ વંશમાં પુનઃ વિદ્યાધરોનું પવિત્ર લોહી વહેશે....વિદ્યાધરો એ તો પ્રભુ ઋષભના પુત્રો, નમિ-વિનમિના સંતાનો છે. હું નહીં આ સમસ્ત હસ્તિનાપુર ધન્ય બનશે....અને નાવિકરાજ ! આ જોઈને પુનઃ એક વખત મારા પાલક 'માતામહ' તરીકે તમારા ચરણમાં મસ્તક ઝુકાવું છું...."

હવે નાવિકરાજ પ્રસન્ન છે. ભીષ્મ પિતામહના પણ પાલક માતામહ તરીકે નાવિકરાજ સદાય પ્રસિદ્ધ રહેશે....

ગાંગેય ભીષ્મ આજે આવા સુયોગ્ય વિચિત્રવીર્યના વંશનું વર્ણન અંબા–અંબાલિકા અને અંબિકાને કરે છે. ત્રણેય એક જ સાથે નિર્ણય પર આવે છે. "પતિ તો વિચિત્રવીર્ય જ થશે...."

ત્રણેય રાજકન્યાનો એકજ અફર નિર્ણય

ભીષ્મ પિતામહ ચિંતા મુક્ત થયા છે. તેઓ ત્રણેય રાજકન્યાઓ સહિત પોતાના રથને મેદાનમાં લાવે છે. ઘુઘવાટા પૂર્વક સિંહ જેવો હાકોટો કરીને જણાવે છે, –"આ ત્રણેય રાજકન્યાને હસ્તિનાપુરના મહારાજા વિચિત્રવીર્ય માટે તેના મોટાભાઈ ભીષ્મ અહીંથી ઉપાડીને લઈ જાય છે....જેની તાકાત હોય તે અવશ્ય પ્રતિકાર કરે...."

ભીષ્મ પિતામહના ભયંકર હાકોટાથી કેટલાય રાજવીઓ સીધા જ રવાના થઈ ગયા પણ કેટલાક હિંમતવાળાએ એકઠા થઈને પ્રતિકાર કરવાનો આરંભ કર્યો. શૂરા ભીષ્મને રણ–મેદાનમાં કોણ પહોંચે ? ચારેય તરફથી દુશ્મનોથી ઘેરાયેલા

ભીષ્મ પિતામહ જરાય ડરતા નથી. એકલા હાથે ચારેય તરફ પ્રતિકાર કરી પેલા દુશ્મનોને થરથરાવે છે. ઘોર સંગ્રામ જામ્યો છે. કાશી રાજા તો સ્વયંવર મંડપને યુદ્ધ મેદાનમાં પલટાયેલ જોઈને વિચારમાં જ પડ્યાં છે.

"શું કરવું?" કશો નિર્ણય કરી શકતાં નથી.... ભીષ્મપિતામહને યુદ્ધ કર્યા કરવું હતું? તેમને તો ભુજાનો પરિચય આપવો હતો. પેલા હતાશ રાજાઓને છોડીને ભીષ્મ-પિતામહનો રથ કાશીરાજની નજીક આવ્યો. કાશીરાજને પણ પુત્રીઓને આ રીતે કોઈ લઈ જાય તે ઠીક નહોતું લાગતું.

ભીષ્મપિતામહની સાથે યુદ્ધ કરવા વિચાર કરે છે. ત્યાં જ નજીક આવી ગયેલ ભીષ્મ પિતામહ કાશીરાજને જણાવે છે– "રાજન્! આ તારી પુત્રીઓ તને સોંપી હું તો તારા રાજ્યની પગની ધૂળને પણ ગામ બહાર ખંખેરી નાંખીશ **ભીષ્મ લેનાર નથી....ભીષ્મનો જન્મ સહુને આપવા માટે છે**....તારી પુત્રીઓની ઈચ્છા વિરુદ્ધ હું કશું જ નહીં કરું પણ તું, તારી પુત્રીઓને પૂછ....તારી પુત્રીની ઈચ્છા શું છે?" પુત્રીઓનો તો સ્પષ્ટ નિર્ણય હતો. અને તેમાંય ભીષ્મ પિતામહ જેવો જેનો રક્ષક હોય તેવા વિચિત્રવીર્ય માટે શું કહેવાનું હોય...? આંખની સામે બેલાયેલ જંગથી પણ પુત્રીઓ પૂરી પ્રભાવિત હતી.

કાશીરાજ પણ સમજ્યા છે....પુત્રીઓના નિર્ણયમાં વિક્ષેપ કરવાથી પુત્રીઓ જ દુઃખી થશે...ચતુર કાશીરાજે પોતાનો નિર્ણય જાહેર કરી દીધો. અંબા–અંબાલિકા અને અંબિકા હવે કાશીરાજની પુત્રીઓ મટી હસ્તિનાપુરની

પટરાણીઓ બની છે....હસ્તિનાપુર આજે કૃતાર્થ બન્યું છે ભીષ્મ પિતામહ પોતાની જવાબદારીઓથી મુક્ત થઈ રહ્યો છે તેમ સમજી સંતોષમાં છે.

❋ વિચિત્રવીર્યની ભયંકર કામાસક્તિ

માતા સત્યવતીના આ પ્રતાપી પુત્ર વિચિત્રવીર્યે રાજ્ય-ધુરા કુશળતાથી સંભાળી. તેના રાજ્યકાળમાં હસ્તિનાપુરના લોકોએ શાંતિ અને સુખનો અનુભવ કર્યો. ભાઈ ભીષ્મના પડઘા એટલા વ્યાપક થઈ ગયા હતા કે પરરાષ્ટ્રો તેની સાથે સંધિ માટે તલપાપડ હતા. પોતાના રાજ્યમાં ચતુર મંત્રીઓ, પરાક્રમી સૈનિકો, ઉદ્દાર સૌજન્યશીલ શ્રેષ્ઠીઓ અને કૃતજ્ઞ પ્રજાજનો હતા. કોઇ વાતનું દુઃખ ન રહ્યું. પરિણામે વિચિત્રવીર્યને કોઇ જ કાર્યબોજ ન રહ્યો. રમ્ય અંતઃપુરની ત્રણેય સ્ત્રીઓએ ભોગ સુખોની ત્રિપદી રચી.

કોઈપણ ફરિયાદ હતી નહીં. કોઈના અંગત જીવનમાં સળવળાટ કરવાની ભીષ્મ પિતામહને પણ જરૂર ન હતી. એટલે બેરોક-ટોક કામ સુખો વધવા માંડ્યા. વિચિત્રવીર્ય હદ પારનો વિલાસી બની ગયો. ત્રણેય સ્ત્રીઓમાં ભયંકર આસક્ત રહેવા લાગ્યો. પરિણામે તે ભયંકર કામાસક્તિએ તેને નપુંસક જેવો બનાવી દીધો. લગ્ન થયે ઘણાં વર્ષો

વીત્યા હોવા છતાં તે હજી એક પણ પુત્રનો પિતા બના શકયો નહોતો. આ વાત ધીમે ધીમે પણ ભીષ્મપિતામહના ધ્યાન પર આવે છે.

ભીષ્મ પિતામહ જુએ છે કે વિચિત્રવીર્ય બધી જ રીતે યોગ્ય છે. છતાંય આ કેવા દોષમાં આવી ગયો છે! ભીષ્મપિતામહને થયું હવે આ વાતનું મૌન–આ વાતની ઉપેક્ષા સારી નથી. તેમણે એકવાર કોમળ અને પ્રેમાળ હૈયે વિચિત્રવીર્યને બોલાવીને વાત કરી. "**ચકોરને ટકોર જ જરૂરી છે.**"

ભીષ્મ પિતામહે કહ્યું, "ઓહ! વિચિત્રવીર્ય! તું આટલો બધો દુર્બળ થયો છે. તારી નજીકમાં જ રહેલાં કામ શત્રુને જીતી નથી શકતો તો પેલા દૂરથી પ્રહાર કરતાં શત્રુઓને કઇ રીતે જીતીશ? ભાઈ, વિચિત્રવીર્ય! શું તું આ ત્રણેય અબલાઓને, નારીઓને, ત્રણેય સ્ત્રીઓને જીતી નથી શકતો, તો કાલે કોઈ બળવાન શત્રુને કેવી રીતે જીતી શકીશ? ભાઈ! તને આ ન શોભે!" અને તે જ વખતે પ્રસંગ પામીને માતા સત્યવતીએ પણ કહ્યું–"બેટા! વિચિત્રવીર્ય! મોટી પિતામહી થવાના–દાદી થવાના મારા કોડ તું કયારે પૂરા કરીશ?"

આ બાનદાનના નબીરાને આટલા શબ્દો પૂરતા હતા. શ્રી વિચિત્રવીર્ય વાતનો મર્મ ન પામે તેવા મૂર્ખ ન હતા. તુરત જ ભાઈ ભીષ્મના ચરણમાં પડયા...."ભાઈ! આશીર્વાદ આપો....તમારા જેવા બ્રહ્મચારીના આશીર્વાદ કદી નિષ્ફળ નહીં જાય." અને ભીષ્મ પિતામહથી કહેવાઇ જાય છે. "**પુત્રવાન્ ભવ....**"

વિચિત્રવીર્યે પોતાની કામાસક્તિને નાથી ગુમાવેલી પૌરુષ શક્તિને પાછી મેળવી. અબ્રહ્મચારી હોવા છતાંય કામાસક્તિના સંયમથી થોડા જ વખતમાં પોતાની ત્રણેય રાણીઓના શુભ ચિહ્નો જોવા લાગ્યો.

અંબા–અંબાલિકા–અને અંબિકા ત્રણેય ખુશ–ખુશ છે....પેલી માવડી સત્યવતીની ખુશીની તો કોઇ સીમા જ નથી....પેલા ભીષ્મ પિતામહ પણ પોતાની ફરજ પાળવાના આત્મ સંતોષથી સંતુષ્ટ છે.

પણ....ભયંકર છે આ કામનું અતિ સેવન....લાગે છે કે વિચિત્રવીર્ય ખૂબ યોગ્ય આત્મા હોવા છતાંય કામાસક્તિના કરપીણ દોષો પ્રાયઃ તેની સંતતિમાં અવશ્ય આમી રાખે છે.

[પૃ. ૫૯ ઉપર જુઓ]



શ્રેણી–૩

❋ પ્રવચનસાર

卐 આ તો સંસ્કૃતિની સૌરભનો દેશ છે. રામાયણ વાંચો તો 'રામ' માં પિતાની છલકાતી ભક્તિ દેખાય છે. મહાભારત વાંચો તો ભીષ્મમાં પિતાની ઉછળતી ભક્તિ દેખાય છે.

અમારા પૂ. ગુરુદેવ **વિક્રમસૂરીશ્વરજી મ સા.** પૂછે છે— પિતૃભક્તિમાં કોને આગળ માનશો? રામાયણના રામને કે મહાભારતના ભીષ્મને? 'સરસ સવાલ છે–પણ પૂજ્ય ગુરુદેવ જણાવે છે, રામ અને ભીષ્મ કરતાં ય મહાન છે– "**પિતૃભક્તિનો આદર્શ**...."

卐 બે મહાપુરુષોની સરખામણી કરવાની ટેવ રાખવા કરતાં કોઈપણ મહાપુરુષના ગુણ જોડે પોતાની જાતની મેળવણી કરવાની આદત ઉત્તમ છે.

卐 મહાપુરુષોમાં મહાનતા હોય છે. સંયોગ અને વાતાવરણ પ્રમાણે સહુ પોતાનું માહાત્મ્ય પ્રગટાવે છે.

卐 રામે રાજમહેલ છોડીને જંગલ સ્વીકાર્યું, તો ભીષ્મે રાજમહેલમાં બ્રહ્મચર્યનું પાલન કરવા જાણે જંગલ સર્જ્યું છે!!

એકને ભરતને ગાદી સોંપવા જંગલમાં જવું જરૂરી હતું. ત્યારે બીજાને ગાદીનો વારસાહક્ક પાછો ખેંચવા બ્રહ્મચારી રહેવું જરૂરી લાગ્યું હતું. બંનેયને પોતાની ફરજ પાલનકર્યાનો પરમ સંતોષ હતો.....

卐 નાવિકરાજે પોતાનું જીવન એક માત્ર સત્યવતીને સંસ્કાર આપવામાં વીતાવ્યું છે. સત્યવતી એક અનાથ

બાળિકા હતી. પણ આજે મને લાગે છે કે તમારા ઘરો બાળક માટે અનાથાશ્રમ બન્યાં છે. તમને પુત્ર- પુત્રીઓ માટે સંપત્તિ કમાવાની કુરસદ છે. પણ તે બિચારાઓને સંસ્કાર આપવાની જરાય કુરસદ નથી....

卐 આજના કેટલાંય મા-બાપને બગીચામાં કુલ ઉછેરતા આવડે છે, પણ ઘરમાં છોકરા ઉછેરતા નથી આવડતા....

卐 પાંચ વર્ષની ઉંમરના કુમળા બાળકને પણ તમે દિવસના બે-ચાર કલાક સાથે નથી રાખી શકતા તો તે પચ્ચીશ વર્ષનો થાય ત્યારે તે તમારી સાથે રહે તેવો આગ્રહ કેવી રીતે રાખી શકાય ?....

卐 બાળકોને મોટામાં મોટી જરૂર છે—**માનું વાત્સલ્ય અને પિતાનો પ્રેમ.** જે બે ય આજના જમાનામાં અદૃશ્ય થયા છે !....

卐 'મા' મહિલા મંડળમાં રોકાઈ ગઈ છે, 'બાપ વેપારી મંડળમાં વિલાસ કરે છે. અને આખરે પ્રેમ ઝંખતા છોકરાઓને ગુંડા મંડળના સભ્ય થવા વિવશ થવું પડે છે.....

卐 પાઠશાળા; હાઈસ્કુલો અને સંસ્કાર ધામો પર તમે કેટલો આધાર રાખી શકો ? **ખરેખરી પાઠશાળા અને સંસ્કાર ધામ તો માતા જ છે.....**

卐 જો આ દેશમાં માતાને સુધારવા તરફ ધ્યાન નહીં અપાય તો ભવિષ્યમાં આ દેશ પણ સંતોનો દેશ મટી શેતાનોનો દેશ બની જશે.....

卐 પુત્ર ઉછેરની નીતિ છે— પાંચ વર્ષ સુધી લાડ પછી દાબ કડડાઈ, સોળ વર્ષ બાદ પુત્રને પણ મિત્ર જેવો માની તેની સાથે વ્યવહાર કરો, કમાતા દિકરાને તો તમે

કોયલ જેવા મીઠા ટહુકે બોલાવો. પણ ગમે તેવી અવસ્થામાં આવેલાં પુત્રનું સ્વમાન જાળવો ત્યારે ખરા પિતા.

卐 જે માતા–પિતા પોતાની જ સંતતિનો તિરસ્કાર કરશે તે સંતતિનું આખું ગામ તિરસ્કાર કરશે. જે પોતાની સંતતિને સન્માનશે તે સંતતિને આખું ગામ સન્માનશે.....

卐 તમે આખો સંસાર છોડીને–જગત્‌ના પ્રાણી માત્રનું હિત કરીને જગત્‌ પિતા તીર્થંકર નથી બની શકતા પણ, એક સદ્‌ગૃહસ્થ તરીકે એક 'સુપુત્ર' સંસારને મળે—એટલો પરિશ્રમ તો કરો....

卐 બાળકને જ્યારે તમારી જરૂર છે તે અવસ્થામાં તમે એને નહીં મળો, તો તમારે જ્યારે તેની જરૂર હશે ત્યારે એ તમને કયાંથી મળશે ?

બાળપણમાં તમે બાળકથી દૂર.... !!!
તો તમારા વૃદ્ધત્વમાં બાળક તમારાથી દૂર.... !!!

卐 તમારા વસ્તી વધારો રોકવાવાળાએ સૂત્ર બનાવ્યું છે....

'બીજું બાળક હમણાં નહીં – બીજા બાદ કદી નહીં.'' પણ.... ખરૂં સૂત્ર એ છે....

'' પહેલાં બાદ વિકાર નહીં....

બીજા બાદ વિલાસ નહીં....
અને બીજું થયે કદી કામનો (ભોગ–વિલાસનો) વિકાસ નહીં....''

卐 માતાએ ૧ થી ૫ વર્ષ સુધી બાળકને જાળવવાનું છે. પિતાએ ૫ થી ૧૫ વર્ષ સુધી બાળકને જાળવવાનું છે. જો આ વર્ષ દરમ્યાન મા–બાપ ઉમદા તાલિમ આપી શકે તો જગત તે બાળકને બગાડી શકે તે વાતમાં માલ નથી....

卐 એ વાત નક્કી છે કે આધુનિક શિક્ષણ પ્રણાલી બાળકને સારા સંસ્કાર આપવામાં સફળ થઈ નથી. પણ આજે ય તેના પાઠય પુસ્તકોમાં સંસ્કારી વાતો છે....એ સંસ્કારી વાતો પણ તમે બાળકને કોઈ દિવસ સમજાવી છે ?

卐 આ કાળમાં જો ધર્મગુરુનું વચન કાયદા રૂપે મનાય તો બધાય ધર્મના ધર્મગુરુઓ એક સાથે એક જ કાયદો કરે કે જેણે મા–બાપની સેવા નથી કરી તેવા પુત્રો કોઈ પણ ધાર્મિક અનુષ્ઠાનમાં લાભ ન લઈ શકે. અને જેમને પોતાની સંતતિને સંસ્કાર આપવા જેવી આવડત ન હોય, તેમને લગ્ન કરવાનો અધિકાર ન હોવો જોઇએ....

卐 બાળક મોટે ભાગે મા–બાપના પ્રેમનું ભૂખ્યું હોય છે. જ્યારે તેને પ્રેમના બદલે તિરસ્કાર મળે છે, તેની ઉપેક્ષા થાય છે ત્યારે જ ભાવિમાં માતા–પિતાનો તિરસ્કાર કરવાની વાત કે તેમની ઉપેક્ષા કરવાની વાત બાળકના અજ્ઞાત માનસમાં નક્કી થઈ જાય છે.

卐 આ દેશમાં મદાલસા જેવી મહાસતીઓ થઇ છે. પુત્રને પારણામાં રડતો સાંભળી કલ્પના કરે છે – "બેટા ! તું મૃત્યુથી ડરે છે પણ જન્મ લેનાર માત્રને મૃત્યુ છે. જો, તારે મરવું જ ન હોય તો જન્મ ન લેવાનું નક્કી કર."

જાત અને જગત, જન્મ અને મૃત્યુ, પાપ અને પુણ્યના સાચા રહસ્યો મા–બાપે પારણામાંથી જ સમજાવવા જોઈએ....

卐 બાળક છે એટલે કશું જ ન સમજે તેવો તમારો આગ્રહ હોય તો તમારે સમજવું કે તમારી બુદ્ધિ જ બાળક છે....

卐 લગ્ન મંડપમાં વિચિત્રવીર્ય ગેરહાજર છે (absent છે.) પણ તેનું પુણ્ય ત્યાંય (present) હાજર છે. વિચિત્રવીર્યને ખબર નથી છતાં ય તેના માટે ત્રણ રાજકુમારીઓ લગ્ન કરવા તૈયાર છે. બાકીના રાજાઓ બિચારા કતાર લગાવીને બેઠાં હતા (pressent હતા) છતાં ય તેમનું પુણ્ય (absent) ગેરહાજર હતું. બધાં ય વીલા મોંઢે પાછાં ફર્યા.

" જાતને present રાખવાની જરૂર નથી, પણ પુણ્યને present રાખવાની જરૂર છે "...

卐 જગતાની જાયદાદ લૂંટાય અને ઉંઘતાને લોટરીઓના નંબર લાગી જાય. આ ગણિતને 'પુણ્યાઇ અને 'પાપ' ના નિયમો સિવાય કોણ સમજાવી શકે ?

卐 મહાપુરુષોની વાત–ચરિત્રો માટે વાદ કર્યા કરતાં જીવનની ભાત બદલવાનો પ્રયત્ન કરો. અવશ્ય સફળતા મળશે.....

❋ કથાસાર

શ્રી ધૃતરાષ્ટ્ર, શ્રી પાંડુ તથા શ્રી વિદુરનો જન્મ

[પૃ. ૫૩ થી ચાલુ]

શ્રી વિચિત્રવીર્યે પોતાની અત્યંત કામાસક્તિને ઓછી કરી શકતાં તેનું પરિણામ સ્પષ્ટ દેખાયું. તેની ત્રણેય રાણીઓએ એકેક પુત્રને જન્મ આપ્યો.

અંબિકાએ જન્મ આપ્યો ધન્ય ધૃતરાષ્ટ્રને !
અંબાલિકાએ જન્મ આપ્યો પવિત્ર પાંડુને !
અંબાએ જન્મ આપ્યો વિરાગી વિદુરને !

ત્રણેય રાણીઓને ત્યાં પુત્રના જન્મથી રાજા પ્રજા સહુ ખુશ થયા. પણ કર્મ કોઈને ય છોડતું નથી. વિચિત્રવીર્ય જેવા પુણ્યવાનનો પ્રથમ પુત્ર ધૃતરાષ્ટ્ર જન્મથી જ અંધ હતો !

કંઈક વિચિત્રતા છે આ કર્મરાજાની !

કોઈને કંઈક ને કંઈક ખામી આપે એ જ છે કર્મરાજાની વિશેષતા ! ધૃતરાષ્ટ્રના જન્મનો મહોત્સવ સહુએ ઉજવ્યો. સહુએ મહોત્સવ જોયો. પણ ધૃતરાષ્ટ્ર જન્મ ધારણ કરીને કશું જ જોઈ નથી શક્યો.

પાંડુની માતા અંબાલિકાએ પણ ખૂબ જ શુભ લક્ષણોથી સૂચિત પુત્રને જન્મ આપ્યો છે, પાંડુ બીજા અનેક

ગુણોથી સંપન્ન હોવા છતાંય જન્મથી પાંડુ રોગથી પીડિત છે. જન્મ્યા ત્યારથી રૂ ની પૂણી જેવા ધોળા છે. દરેક જીવોના પોતાના સુખ દુઃખ માટે પૂર્વ કર્મો જવાબદાર છે. પણ સાથે અન્ય નિમિત્તોની પણ જવાબદારી કંઈ ઓછી નથી હોતી. પુત્રોના આ જન્મથી રોગ માટે વિચિત્રવીર્યની કામાસક્તિ પણ જવાબદાર છે. અત્યંત કામી જીવો પોતાના આલોક અને પરલોકને બગાડે છે સાથે સાથે પુત્ર–પુત્રીના પણ આ જન્મને બગાડી નાંખે છે.

" સંસારના ભોગો લપકારા મારતાં ગુંમડા જેવા છે એમાં જેણે વિવેક નથી રાખ્યો તેનું જીવન વિષમય જ બને છે. "

વિદુરનો કોઈ પુણ્યોદય હશે. તેની માતા અંબાની પણ કોઈ પુણ્યાઈ હશે. તેને આમ કંઈ શારીરિક ખોડ હોવાનું જણાયું નથી. આ ત્રણેય પુત્રો એકંદરે પુણ્યવાન અને ભાગ્યવાન હોવાથી તેઓની પ્રગતિ ખૂબ સુંદર રીતે થઈ રહી છે. શાલીન શૈશવમાં સફળતા પૂર્વક વિદ્યાસાધના પૂર્ણ કરીને યૌવનના આંગણામાં આવીને ઉભા છે.

અતિકામી શ્રી વિચિત્રવીર્યનું પરલોક ગમન

વિચિત્રવીર્યે પોતાની ત્રણેય સુયોગ્ય સંતતિને જોઇને આનંદ માન્યો. પિતામહ ભીષ્મના આશીર્વાદ તો સફળ થઈ

ચૂકયા હતા. પણ હવે શ્રી વિચિત્રવીર્ય પિતામહ ભીષ્મનો ઉપદેશ ભૂલતા જતા હતા..... ધીમે ધીમે અંતઃપુરમાં મસ્ત બનવા લાગ્યા. પુનઃ કામવાસનાએ માઝા મૂકી. શ્રી વિચિત્રવીર્ય રાત-દિવસનું પણ ભાન ચૂકી જતા હતા. પરિણામે પુનઃ શરીર ગળવા માંડયું... વારંવાર શ્વાસ ચડવા માંડયો. નિરંતર ખાંસી રહેવા લાગી. ત્રણેય ચતુર રાણીઓ સમજવા માંડી કે હવે હદ થાય છે. વિચિત્રવીર્ય પણ આ દારુણ પરિણામને કયાં સમજતા નહોતા ? તેઓ જાણતા હતા કે **રોગો એ ભોગોનું જ પરિણામ** છે છતાં ય પેલી ત્રણેય સ્ત્રીઓને જોતાં અનર્ગલ કામાસક્તિ ઉભરાઈ જતી હતી. ખાંસી અને શ્વાસ દ્વારા બહાર ડોકીયા ખાતો ક્ષયરોગ થયો. શરીર તો ઘસાઈને કાણાંવાળી જુની ગોદડી જેવું થઇ ગયું છતાંય વિચિત્રવીર્ય સ્ત્રી સંગને છોડી ન શકયા. આખરે એકવાર તેમણે સદાને માટે સ્ત્રીસંગને તો શું આ દુનિયાને પણ છોડવી પડી. આજ જીવલેણ રોગે ? ના, આ જીવલેણ ભોગે જ તેમનો ભોગ લીધો. શ્રી વિચિત્રવીર્ય પરલોક સીધાવ્યા. શ્રીવિચિત્રવીર્યના આ અકાળ અવસાને માતા સત્યવતીને વિહ્વળ બનાવી દીધી. માતા સત્યવતીએ પુત્રને યાદ કરી કરીને સહુને રડાવ્યા પણ હવે રડવાનો ય કશો અર્થ ન હતો. માતા સત્યવતી કુમાર અવસ્થામાં આવેલા બાળકો ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરને ઓશીયાળા સમજતી હતી. પિતામહ ભીષ્મ તો જાણે સંસારની બધી પરિસ્થિતિ સમાન સમજીને બેઠા હતા.

શ્રી પાંડુની રાજ્યપટ્ટપર સ્થાપના

ભીષ્મ પિતામહે માતા સત્યવતીને આશ્વાસન આપી ત્રણેય કુમારોને ઉછેરવાની જવાબદારી પોતાના માથે લીધી. સદાય તેઓના હિતચિંતક જ હતા. નિષ્કામ ભાવે—અનાસક્ત યોગી સમા ભીષ્મ પિતામહ જીવનમાં જે કાર્ય સામે આવે તેને ઔચિત્ય પૂર્વક પતાવવા લાગ્યા. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર ત્રણેય અદ્‌ભુત પ્રેમપૂર્વક જીવન વ્યતીત કરે છે. ભીષ્મને થાય છે કે હાશ .... ! આવો સંપ સદાય મારા પરિવારમાં ટકી રહે તો.... !!! પણ કોઈનું ધાર્યું આ કર્મોએ સીધું ઉતરવા દીધું છે ? ભીષ્મપિતામહ જાણે છે કે આ રાજ્યના અધિકારી કુમારો નાના છે પણ તેઓને જવાબદારીની સમજ આપવી જ જોઈએ. કોઈ ને રાજગાદ્દી પર આરુઢ કરવો જોઈએ. ધૃતરાષ્ટ્ર અંધ છે. રાજગાદ્દી પર અંધને ન બેસાડાય તેવો નિયમ છે. છતાંય ભીષ્મ પિતામહ ધૃતરાષ્ટ્રને બોલાવે છે. કહે છે "ભાઈ ! આ ગાદ્દી અંગે શું કરીશું ?" ધૃતરાષ્ટ્રે જવાબ આપ્યો, "પિતામહ ! આપે આમાં મને શું કામ પૂછયું ? મારે રાજ્યને શું કરવાનું ?

જેને અંદરનું જગત જોવાનું જ વરદાન મળ્યું છે તેને અંતરના જગતમાં જ રાજ્ય કરવાનું હોય.

મારે વળી બહારની દુનિયાનું કામ શું છે ? અને આપ જ જુઓને ! આપણા ભાઈ પાંડુ કેટલા યોગ્ય છે !

દરેક રીતે યોગ્ય એવા ભાઈ પાંડુને રાજગાદી પર આરુઢ કરો. તેમના ન્યાય માટે મને આદર છે. તેમના વિનયથી હું ખુશ છું. તેમના શૌર્ય માટે મને અભિમાન છે તેના ગુણો પાછળ આખું હસ્તિનાપુર મુગ્ધ છે ! આમેય હારમાં જે મધ્ય હોય છે તે જ નાયક ગણાય છે. પાંડુ અમારા ત્રણેયમાં વચલો છે. તેથી તે જ નાયકને લાયક છે."

ભીષ્મ પિતામહ જુએ છે કે ધૃતરાષ્ટ્રના હૃદયમાં હજી જરાય પાપ આવ્યું નથી. અરે ! આ પાપ કયારે આવે છે માનવમાં ? માનવ જ્યારે પોતે અનુયાયી વર્ગવાળો બને ત્યારે. પુત્ર પરણે નહીં ત્યાં સુધી માતા માટે મરતો હોય છે અને પછી કોણ જાણે શું થાય છે કે તે માતાને મારતો થાય છે. પોતાનો ચાહક વર્ગ, પોતાનો અનુયાયી વર્ગ જેમ વધતો જાય છે તેમ માનવ માને છે કે હું મોટો થયો છું. પણ.... **વાસ્તવિક રીતે તો તે અનુયાયી વર્ગ જ પોતાના અખંડ અને પવિત્ર સામ્રાજ્યમાંથી પોતાને છુટો પાડે છે.** પણ ધૃતરાષ્ટ્ર અને વિદુરમાં આવો ભાવ નથી. ભીષ્મ પિતામહે પાંડુને રાજ્યગાદી પર બેસાડયા. રાજ્યગાદી પર આરૂઢ થયેલ પાંડુએ કદી એવો આગ્રહ નથી રાખ્યો કે આ મારી ગાદી છે. એમણે તો રાજ્યગાદીને એક વ્યવસ્થા માની છે, હક્ક નહીં. **વ્યવસ્થા માનીને ભોગવે તે શાંત રહે. હક્ક માનીને ભોગવે તે ઉપદ્રવી થયા વિના રહે નહીં.** આજે તો આ વ્યવસ્થા જામી ગઈ છે. રાજ્યગાદી પર આરૂઢ થયેલ પાંડુને કદીય મોટા ભાઈ ધૃતરાષ્ટ્રના ચરણમાં પ્રણામ કરતાં સંકોચ થયો નથી. કદી તેમને પૂછીને કામ કરતાં તેને વાંધો આવ્યો નથી. ત્રણેયનું શાંત, સંપીલું અને સ્વચ્છ જીવન આગળ વધી રહ્યું છે.

યૌવનના પગથાર પર ઊભા રહેલા સૌથી જ્યેષ્ઠ બંધુ ધૃતરાષ્ટ્રના માટે વિવાહ વેળાની જાણે રાહ જોવાઈ રહી છે. અનેક પ્રકારના માંગા આવતા જ હતા. વિશ્વનો ક્રમ છે– ફુલ પોતાની ફોરમ વેરે એટલે ભમરાઓ ગણગણાટ શરૂ કરી દે.

રાજા સુબલના પુત્ર ગંધારપતિનું ગંધાર પર પ્રબળ આધિપત્ય જામેલું હતું. ગંધારપતિને 'શકુનિ' નામનો હોંશિયાર પુત્ર હતો અને ગાંધારી વિગેરે આઠ પુત્રીઓ હતી. શકુનિ પણ આ આઠ બહેનોનું કાર્ય પતાવવા ઉત્સુક હતો. આમેય આ આઠ બહેનોમાં પરસ્પર ખૂબ જ પ્રેમ હતો. શકુનિ તો ગણતરીવાન માણસ–વહીવટમાં એને રસ..... "વ્યવસ્થા એની મહત્વાકાંક્ષા" અને "પોતાનું આધિપત્ય ચલાવવાની તીવ્ર લાલસા".... આવા અદ્‌ભુત ગુણોનું સંયોજન હતુ શકુનિમાં .....

શ્રી ધૃતરાષ્ટ્રના ગાંધારી આદિ આઠ કુમારી સાથે લગ્ન

એક વખત શકુનિએ પિતા ગંધારપતિને કહ્યું, "પિતાજી ! આ આઠેય બહેનો માટે હવે કંઈક કરવું હોય તો તે કાર્ય મને સોંપો !"

ગંધારપતિએ કાર્ય સોંપ્યું શકુનિને !

ચતુર શકુનિએ નજર દોડાવી રણમેદાનના વીર પણ વ્યવહારના તદ્દન સરળ ભીષ્મ પિતામહ પર ..... શકુનિ ભીષ્મ પિતામહ પાસે આવ્યો. શકુનિએ ભીષ્મપિતામહને સીધાજ પોતાના પ્રભાવમાં લીધા. શકુનિ– "મહારાજન્ ! ભીષ્મ ! અમારી આઠેય બેનોના પતિ તમારા ભત્રીજા ધૃતરાષ્ટ્ર થવાના છે, આવો અમારો કુળદેવીનો સંકેત છે. આપ તે કાર્ય કરવા માટે તૈયાર થાવ" ભીષ્મ પણ વિચારવાન છે. તે જાણે છે કે ધૃતરાષ્ટ્ર તો અંધ છે તેથી પ્રશ્ન તો તેના માટે આવશે જ. વળી શકુનિ સામેથી વાત કરે છે તો પછી વિચારવાનું શા માટે ? ભીષ્મ પિતામહે કહ્યું, "જેમ આત્માને આઠ કર્મો વળગેલા છે તેમ મારો ભત્રીજો ધૃતરાષ્ટ્ર પણ ભલે તમારી આઠેય બહેનો સાથે પાણિગ્રહણ કરે."

ભીષ્મપિતામહની અનુજ્ઞા મળતાં જ ચતુર શકુનિયે આઠેયના વિવાહ એક સાથે ગોઠવીને એક સાથે જવાબદારીનો ઓજો હળવો કર્યો. ધૃતરાષ્ટ્રનું જાણે કામ પત્યું. પણ હવે પાંડુ માટે શું ? પાંડુ તો ગુણના ભંડાર જેવા હતા.

ભીષ્મ તેમની ચિંતામાં હતા. **"માનવ પોતાની જાતને બુદ્ધિમાન સમજે છે. પણ ક્યારેક લાગે છે કે સૃષ્ટિનું સર્વોત્તમ બુદ્ધિહીન સર્જન જ જાણે માનવ હોય !** એક કાર્ય પૂરું થાય એટલે માનવ હાશ કરે છે. માનવ સમજે કે હાશ.' ચિંતા ટળી. **પણ** ખરેખર તો માનવ જેટલા કાર્યો કરતો જાય છે તેટલી ચિંતા ટળતી નથી પણ નવી ચિંતા તેને વળગતી જાય છે. **નિવૃત્તિ સિવાય કે આત્માને મોહમાંથી ભગીરથ પ્રયત્નપૂર્વક ખેંચી નાંખ્યા સિવાય કોઈ દિવસ**

ચિંતાનો અંત આવે તેમ નથી. પાંડુની ચિંતા ભીષ્મ પિતામહને આજે સતાવી રહી છે. તેને માટે તો કન્યા સુયોગ્ય જ જોઇશે એનો ખ્યાલ ભીષ્મપિતામહને છે. તેઓ ચારે બાજુ નજર દોડાવે છે. પણ....કોઇ જુગલ જોડી ભીષ્મ પિતામહને દેખાતી નથી. તેથી માનવું જ પડે છે કે..... **કાળ સહુનું સમાધાન કરે છે. કોઇને ઇચ્છિત ચીજ આપીને સમાધાન કરે તો કોઈને અનિચ્છનીય વાતાવરણમાંથી મુક્ત કરીને, સમાધાન કરે છે. પણ કાંઇક તો કરે જ છે.**

❋ શ્રી પાંડુ દ્વારા ભાવિ પત્ની કુંતીનું ચિત્રદર્શન તથા કુંતીનું માંગું....

એકવાર ભીષ્મ અને પાંડુ બંનેય રાજવાડીએ નીકળ્યા છે. પોતાના રાજ્યની શોભા અને સુષમા જોતાં બંને પ્રસન્ન છે. દૂર માર્ગમાં ઊભેલા એક સુંદર પુરુષના હાથમાં એક ચિત્ર છે. ચિત્ર જોતાં જ પાંડુ મુગ્ધ થયા છે. ચિત્રપટ પર જાણે પાંડુની આંખ જડાઈ ગયેલી છે. માર્ગમાં આવી રીતે ઊભા રહેતા પણ જાણે પાંડુને ક્ષોભ થયો નથી. સહજવાર ભીષ્મ પિતામહ પોતાની સાથે ઊભા છે તે પણ ભૂલાઇ ગયું, ભીષ્મપિતામહ પણ ચિત્રપટ જુએ છે અને ચિત્રપટ પર મુગ્ધ બનેલ પાંડુને જુએ છે.

ભીષ્મ પિતામહ ક્ષણવારમાં સઘળું સમજી જાય તેવા ચતુર છે. "પાંડુ ! ચાલો હવે રાજમહેલમાં જઈએ ને ?" પાંડુ જાણે ઊંઘમાંથી ઝબકીને ઊઠતા હોય તેમ ભીષ્મ પિતામહને કહે છે, "હા ! ચાલો, આપણે જલ્દી જઈએ." પણ પાંડુની આંખ હજીએ ચિત્રપટ પરથી ખસતી નથી. ભીષ્મ પિતામહ કહે છે-"પાંડુરાજા ! ચાલો હવે આ પુરુષને પણ મહેલમાં લઈ જઈએ. મહેલમાં જ તેની સાથે વાત થશે. **વાત બેસીને કરેલી હશે તો બેસી જશે. બાકી અધીરા થઈને ઊભા ઊભા કરશો તો વાત ઊભી જ રહેશે !** અને ત્રણેય જણાએ રાજમહેલ તરફ પ્રયાણ આદર્યું. આજે પાંડુની ગતિમાં કોઈ અજ્ઞાત કારણથી તીવ્રતા હતી. અનેક પ્રશ્નો એના અંતરના ઉંડાણમાંથી ઉદ્ભવતા હતા, પણ તે બધા તેણે મનમાં ભેગા કરી રાખ્યા છે. પોતાને જ બધું પેલા મુસાફરને પૂછવું પડશે કે ભીષ્મ પિતામહ જ પૂછશે, આ ચિત્રપટ કોઇ કાલ્પનિક હશે કે કોઇ વાસ્તવિક ચિતાર આપતો હશે ?" મનમાં મૂંઝવણ ઝાઝેરી છે, પણ વડીલની મર્યાદા ભારી છે. આજે ભીષ્મ પિતામહ ન હોત તો શ્રી પાંડુએ કદાચિત્ રસ્તામાં જ પેલા મુસાફર સાથે વાત પતાવી દીધી હોત. કદાચિત્ રસ્તામાં ઊભા ઊભા વાત ન કરી હોત તો બાજુના જ કોઈના ભવનમાં બેઠક જમાવી દીધી હોત. અનેક વિચારો શ્રી પાંડુના મનમાં ઘોળાતા રહ્યા ત્યાં તો રાજમહેલ આવી ચૂકયો. સ્વસ્થ થઈને ત્રણેય જણા આનગી મંત્રણાલયમાં ગયા.

ભીષ્મ પિતામહ તે અજાણ્યા મુસાફરને પૂછે છે-"બંધુ! સર્વ પ્રથમ તો મારું આતિથ્ય સ્વીકાર અને તારા નામનો પરિચય કરાવ. તારી ભવ્ય આકૃતિ તારી ગુણવત્તા દર્શાવે

છે પણ તું કયા પ્રયોજને આ ચિત્ર લઈને ફરી રહ્યો છે? વળી આ ચિત્ર કોનું છે? કંઈક પરિચય આપ. ભીષ્મ પિતામહને વિનયથી પ્રણામ કરતો અને પાંડુરાજની આતુરતા તરફ તિરછી નજર નિહાળતો તે મુસાફર બોલ્યો, "સાહેબ! મારું નામ કોરક છે, હું એક બહુ જ સામાન્ય માનવી છું. મારો પરિચય જવા દો હું હવે જે કહું છું તે સાંભળો....!"

"કાલિન્દીના કાળા ભ્રમર નીર પર શોભિત 'મથુરા' નગરી છે. મથુરામાં સુપાર્શ્વનાથ ભગવાનનો મોટો મહિમા હતો. સુપાર્શ્વનાથ પરમાત્માની પ્રતિમા મંગળ મૂર્તિ તરીકે ઘરે-ઘરે, બારણે-બારણે શોભતી હતી, મથુરાનો પ્રભાવિક સ્તુપ તો જગવિખ્યાત હતો. કાળક્રમે આ મથુરા નગરીમાં 'યદુ' નામનો રાજા થયો. તેના પ્રતાપથી તેનો વંશ યદુવંશ કહેવાયો. આ મહાન પ્રતાપી યદુનો બાપથી પણ સવાયો કહેવાય તેવો પુત્ર 'શૂર' થયો. શૂરના પણ 'શૌરિ' અને 'સુવીર' નામના બે પ્રતાપી પુત્રો થયા. રામ-લક્ષ્મણની જાણે જોડી જ હતી! રામ-લક્ષ્મણે તો જંગલવાસ કર્યો હતો. જ્યારે શૌરિ-સુવીરે તો પોતે જ પોતાના દુશ્મનોને જંગલ ભેગા કર્યા હતા. શૌરિ સ્વતંત્ર વિહરણમાં ખૂબ આનંદ લેતો. રાજ્ય તેને મન કોઈ ચીજ ન હતી. પોતાનું રાજ્ય શૌરિએ સુવીરને સોંપ્યું. શૌરિ નીકળ્યો દેશ-વિદેશની વાટે. ઈચ્છા મુજબ ભ્રમણ કરતાં શૌરિને કુશાર્ત દેશ સુંદર લાગ્યો અને ત્યાં જ તેણે પોતાના પરાક્રમથી શૌર્યપુર નામનું નગર વસાવ્યું. શૌરિએ પોતાનું રાજ્ય પોતાના પુત્ર અંધકવૃષ્ણિને સોંપ્યું અને પોતે સંયમનું પાલન કરી મોક્ષે સિધાવ્યા!

અંધકવૃષ્ણિને અનુક્રમે દશ પુત્રો થયા જે દશાર્ણના નામે વિખ્યાત થયા છે. (૧) સમુદ્ર વિજય (૨) અક્ષોભ્ય (૩) સાગર (૪) હિમવાન (૫) અચલ (૬) ધરણ (૭) પૂરણ (૮) અભીચંદ્ર (૯) વસુદેવ (૧૦) સ્તિમિત આ દશેય પુત્રો જાણે દશ દિક્પાલની જેમ મહારાજા અંધકવૃષ્ણિનો મહિમા વધારી રહ્યા હતા. પણ રાણી સુભદ્રાને હજી સંતોષ ન હતો પુત્રો તો ભલે ઘણા હોય પણ એક પુત્રી તો જોઈએ જ ને! અને અનેક અરમાનો બાદ સુભદ્રાને એક પુત્રીનો જન્મ થયો. પુત્રીના જન્મનો મહોત્સવ તો દશેય પુત્રોના મહોત્સવ કરતાં ચડિયાતો થયો.

માનવની એજ વિચિત્રતા છે કે તે અછતની કિંમત આંકે છે અને છત હોય તેને છાપરે ચડાવે છે.

❋ શ્રી કોરકે કરાવેલો કુંતીનો પરિચય

હવે સહુને આતુરતા હતી કે આ છોકરી (લક્ષ્મીદેવી) ના પગલે આટલો મહોત્સવ તો કર્યો પણ લક્ષ્મીદેવીના પગલાં કેવા હશે! શ્રી અંધકવૃષ્ણિએ પારંગામી જ્યોતિર્વિદોને બોલાવ્યા. બાળિકાનું જન્મલગ્ન જોઈને જોષીઓ હરખાઈ ગયા. તેઓએ કહ્યું, "રાજન્! આ બાળકીના રૂપ

અને ગુણ માટે તો કશું જ પૂછવાનું નથી.” આટલું કહી પેલા કોરકે કહ્યું, મહારાજ ભીષ્મ! આ ચિત્રપટ પર આપના આ પાંડુકુવર મુગ્ધ થયા છે! જ્યારે એ સ્વયં આ પુત્રીને જોશે ત્યારે જ તેમને સમજાશે કે ખરેખર આ પુત્રી કોણ છે!!”

શ્રી પાંડુકુંવર ક્ષણવાર માટે મોઢું નીચું કરી ગયા. બોલવાની અદમ્ય ઈચ્છા હોવા છતાં કશું ય ન બોલ્યા. એમને તો કોરકના મોંઢેથી જ બધી વાતો સાંભળવી હતી. આથી શીઘ્રતાથી જરા આંખનો ઈશારો કરી શ્રી પાંડુએ આ ચિત્રપટની નારીની વાત આગળ વધારવા કહ્યું.

કોરકે કહ્યું, “જ્યોતિર્વિદોએ તેના રૂપ અને ગુણના વર્ણન કર્યા.....આથીય વધુ મહાન વાત આ બાળકી માટે એ છે કે આ બાળકી ભારતભરની એક મહાન માતા બનશે. એના પુત્રો મહાન સામ્રાજ્યના માલિક થશે! જ્યોતિર્વિદોની આ ભાવિવાણીને સાંભળીને તેના માતાપિતાએ શુકનની ગાંઠ બાંધી આ લાડકી દીકરીનું નામ રાખ્યુ કુંતી પણ આ કુંતીની નાનપણથી જ વાત કરવાની મોટાઈ જુદી. દરેક વાતમાં તેના વિશાળ અર્થાત્ પૃથુ મનોરથો જોઈને ઘરમાં સહુ તેને ‘પૃથા’ પણ કહેવા લાગ્યા. પૃથા યૌવનમાં આવી અને તેના પિતાશ્રીની ઊંઘ હરામ થવા લાગી. કયા સુયોગ્યનું ઘર મારી આ પૃથા શોભાવશે! વિચક્ષણ પિતાએ પોતાના જ્યેષ્ઠ પુત્ર સમુદ્ર વિજયની સલાહ લીધી. સમુદ્ર વિજયે સ્પષ્ટ જણાવી દીધું, “પિતાજી! વર શોધવાની ઘણી રીત છે પણ આપ મહેરબાની કરીને સ્વયંવર ન

કરતાં. મને આ સ્વયંવરની પ્રથા જરાય પસંદ નથી. એક પુત્રી કંઈ અનેકને અપાતી નથી. તેના માટે અહીં અનેકોને બોલાવવા પછી અંદર અંદર લડાવવા અને પછી પુત્રીના વિવાહ કરવા આ પ્રથા મને તો તદ્દન અવિચારી લાગે છે. રાજાઓનું તેનાથી મહત્ત્વ પણ ગણાતું હશે. અને એક દિવસનો જલસો તો સહુને ગમી જતો હશે પણ મને આ પસંદ નથી. તેમ છતાંય આપ શું વિચારો છો તે જણાવો....પિતાએ પણ પુત્રની વાતને માન્ય કરી કે સ્વયંવર ન કરવો. પણ તો કરવું શું ? સમુદ્ર વિજયે ત્યાં જ રસ્તો બતાવ્યો, " એક ચિત્રપટ તૈયાર કરો. તેના પર કુંતીનું આબેહૂબ ચિત્રનું આલેખન કરો. દરેક રાજાઓના રાજકુમારો પાસે આ ચિત્ર મોકલો, જે પણ રાજાની વાત આવશે તેના પર આપણે વિચારણા કરીશું " આટલું સાંભળતાં જ પાંડુની આંખો ઊંચી થઈ.

ઓહ ! આ ચિત્રપટ ! આ કુંતીનું જ ચિત્ર છે ! સાક્ષાત્ કુંતીનું ! પાંડુને લાગ્યું કે ચિત્રપટમાંથી પ્રગટ થઈને કુંતી પાંડુને સાક્ષાત્ જોઈ રહી છે. પાંડુને લાગે છે કે કુંતી જાણે પોતાના આસકત ચહેરાના ભાવ સમજી ગઈ છે.

❋ હસ્તિનાપુરથી કોરક સાહત પ્રસન્નહસ્તિનું ગમન

કોરકે ભીષ્મ પિતામહને કહ્યું, " મહારાજન્ ! તમારા આ પાંડુ મહારાજા હજી કુંવારા છે ! અમારી બેન કુંતી

માટે હું જેવા પતિની કલ્પના કરતો હતો તેમાંના ઘણા ઘણા ગુણો તેમનામાં લાગે છે.... મને તો લાગે છે, અમારી બેન કુંતીને મહારાજા પાંડુ અવશ્ય પસંદ પડી જશે ! મારૂં પણ અહીં આવવું સાર્થક થઇ જશે !

ભીષ્મ પિતામહને ભાવતું હતું અને વૈદ્યે કીધું એવી દશા થઈ. તેમને ખૂબ ખુશી થઈ. કોરકને ત્યાં જ ભેટણું ધર્યું. અને પોતાના ભાઈ પાંડુના વિવાહ જલ્દી કરવા માટે કોરકની સાથે પોતાના અંગત માણસને મોકલ્યો. શ્રી પાંડુ પ્રસન્ન થયા. આજે તેમને પોતાનું ભાગ્ય ચમકી ઊઠયું હોય તેવું લાગતું હતું....ભીષ્મ પિતામહના વાત્સલ્ય અને પ્રેમથી આજે પોતે કૃતકૃત્ય થયા હોય તેમ લાગતું હતું....!

કોરકની સાથે હસ્તિનાપુરથી પ્રસન્નહસ્તી પણ ગયો. પ્રસન્નહસ્તી પ્રસન્ન સમાચાર લાવ્યા વિના શેનો રહે ! અંધકવૃષ્ણિના દરબારમાં જઈને તેણે ભીષ્મ પિતામહ તથા પાંડુના ઘણા-ઘણા વખાણ કર્યા. રાજા અંધકવૃષ્ણિ અને તેમના પુત્રો સમુદ્રવિજય વિગેરે પણ તૈયાર થઈ ગયા. બસ, હવે વિવાહની ઉદ્‌ઘોષણા થાય એટલી જ વાર હતી. ભીષ્મ પિતામહને પણ વિશ્વાસ હતો. તેમણે પોતાને ત્યાં પણ લગ્નની તૈયારીઓ કરવા માંડી હતી. માત્ર પ્રસન્નહસ્તી પાછો આવે એટલે નજીકમાં નજીકની તિથિ પૂછાવવાની હતી. પણ અંધકવૃષ્ણિએ રાજદરબારમાંથી ઊઠતા પહેલાં કહ્યું –

"જરા સુભદ્રાને પૂછીને વાત...."

[પૃ. ૮૧ ઉપર જુઓ]

ક્રમાંક–૪

પ્રવચનસાર

卐 બાળ ઉંમરના નાના એ ભાઈ ભાંડુઓ કેવા આનંદમાં હોય છે. એક જ સફરજન ત્રણેય જણ એક સાથે જુદી જુદી બાજુથી ખાતા હોય છે અને છતાંય હસતા રહે છે. મોટા થયા બાદ ત્રણ ઘર થાય. ત્રણેય જુદા થાય તોય એક બીજાને જઈને ઘુરકીયા કરે છે.

ક્યાં જતી હશે એ નિર્દોષતા....
ક્યાંથી પ્રગટતી હશે એ સદોષતા....

卐 પાંડુ પોતાની પાસે સામેથી રાજ્યધુરા આવે છે તેનો સ્વીકાર કરે છે. કારણ

માંગ્યા વિના મળે તે દૂધ જેવું કહેવાય....
માંગીને મળે તે પાણી જેવું કહેવાય....
પણ
લૂંટીને ઝુટવીને મેળવ્યું હોય તે તો લોહી જેવું કહેવાય....

卐 આજનો કાળ વિજ્ઞાનનો છે. વિજ્ઞાનને પ્રયોગ વિના ચાલે નહીં. અણુના ધડાકાનો ભયંકર પ્રયોગ તે ભૂગર્ભમાં પણ કરે છે. જોખમ હોવા છતાંય લોકોને તેમાં સાહસ દેખાય છે. પણ તેમને એક નાનો પરોપકાર કરવો હોય તોય અણુધડાકા જેટલું જોખમ લાગે છે. એકવાર તો નાનો શો પરોપકારનો પ્રયોગ કરો.

કોઈક ભવ્ય ઇતિહાસ રહે તેવું સર્જન કરો. આજે હજારો વર્ષબાદ પણ ભીષ્મનું ચરિત્ર વંચાય છે અને લોકો બ્રહ્મચર્યના નિયમ ધારણ કરે છે. શું તમારું ચરિત્ર થોડીય પ્રેરણાની પરબ નહીં બને ?

卐 કેટલાક લોકો શાસ્ત્રોની વાત અધુરી સાંભળે છે. ન સાંભળનાર કરતાં અધુરું સાંભળનારા વધારે બગાડે છે. શાસ્ત્ર સમજો, સાંભળો ને તેને યાદ રાખો. એક વૈદિક શાસ્ત્રની વાત છે. પુત્ર પ્રાપ્તિ માટે અબ્રહ્મસેવન દોષ નથી. [જૈન શાસ્ત્રને આ વાત માન્ય નથી.] વૈદધર્મી હિન્દુધર્મીના શાસ્ત્રોએ પણ પ્રજા પ્રાપ્તિ માટે સ્ત્રી સેવન માટે શું નિયમો કહ્યા છે તે તેમના ગ્રંથથી વિચારવા જેવું છે.

આ સંદર્ભમાં એક વાત આવે છે. એક કોઈ નવ યુવાને કોઈ પુરાણીને પૂછયું, " મહારાજ ! મારે તો પ્રજોત્પત્તિ કરવા સ્ત્રી સંગ કરવો પડશે." પુરાણીએ કહ્યું, કામના આવેગ માટે તારો સ્ત્રી સંગ ન હોય અને પુત્ર પ્રાપ્તિ માટે જ સ્ત્રીસંગ હોય તો જીવનમાં એકવાર જ સ્ત્રીસંગ થાય.

નવયુવાન—" મહારાજ ! આવો કઠીન માર્ગ ! આ તો સાધુ જેવો માર્ગ છે. "

પુરાણી—" ભાઈ ! સાચો માર્ગ આ છે, હવે તું શું પૂછે છે."

નવયુવાન—મહારાજ ! મારી આવી શક્તિ નથી. કંઈક હળવો માર્ગ બતાવો.

પુરાણી–" માર્ગ તો આજ છે પણ તું શક્તિવાન ન હોય તો વર્ષમાં એક વખતથી વધુ સ્ત્રીસંગ ન કરીશ."

નવયુવાન–" મહારાજ ! આ માર્ગ સાચો હશે પણ બહુ કઠીન છે. કંઇક હળવું હોય તો કહો."

પુરાણી–" જો આવી પણ તારી શક્તિ ન હોય તો એક ઋતુમાં કે એક માસમાં એકવારથી વધુ સ્ત્રીસંગ ન કરીશ."

નવયુવાન–મહારાજ ! આ રસ્તે કંઇક હિંમત કરી શકું. પણ તે ભવિષ્યની વાત અત્યારે તો આ રસ્તો મુશ્કેલ દેખાય છે.

પુરાણી–" તો એમ કર એક સપ્તાહમાં એકવારથી વધુ સ્ત્રીસંગ ન કરીશ."

નવયુવાન–મહારાજ ! આ માર્ગ પણ જરા કઠીન છે. છે. આ માર્ગે ન આવી શકું તો તાત્કાલિક કોઈ હજી જરા હળવું બતાવી શકો !

પુરાણી–" ભાઇલા ! હવે આગળ પૂછ–તો મા, સપ્તાહમાં બે દિવસથી વધુ સંગ ન કરતો.

પેલો નવયુવાન હવે કંઇ આગળ પૂછવા જાય તે પહેલાં પુરાણીએ કહ્યું– " અધમમાં અધમ ! સંસારીની–ગૃહસ્થની કામ મર્યાદા સુધીનો રસ્તો બતાવી દીધો છે. હવે આનાથી આગળ મારી પાસે શાસ્ત્ર નથી. ધર્મ શાસ્ત્ર તો ઠીક, પણ પણ કોઈ શરીરશાસ્ત્ર પણ હવે વધુ છુટ આપી શકે તેમ નથી. જો આટલી પણ મર્યાદા તું ન પાળે તો તું સંસારી નથી પણ સંહારી છે. તારા આત્માનો સંહારી....તારા શરીરનો સંહારી....તારા મનનો સંહારી....અને તારી શાંતિનો સંહારી છે. જા હવે મારી પાસેથી...."

આ નાનો સંલાપ બતાવે છે કે આ દેશમાં કેવી મર્યાદા હતી. સંતતિ માટે સ્ત્રી સેવન છે, એમ કહીને સ્ત્રીમાં આસક્ત બનેલ લોકોએ આ વિચારવાનું છે. મહાભારતના કાળથી માંડીને આજના કાળ સુધી કેટલાય સ્ત્રી આસક્ત માનવીની આ વિષય વાસનાએ કારમી કબર ખોદી નાંખી છે. વિચારવાન હોવ તો ચેતજો. અને તમારા પોતાના ભલા ખાતર પણ લગ્નના પ્રથમ દિવસથી જ મહિનાના દસ દિવસના બ્રહ્મચર્ય પાલનનો સંકલ્પ કરજો.

卐 મહાભારતના વિચિત્રવીર્ય અબ્રહ્મની ઉત્તમ સજા ભોગવી ચૂકયા છે, તો ભીષ્મપિતામહ બ્રહ્મચર્યનું ઉત્તમ ફળ પામી ગયા છે. ધૃતરાષ્ટ્ર અંધ જન્મ્યા અને પાંડુ રોગી જન્મ્યા તેની પાછળ જવાબદાર વિચિત્રવીયની અત્યંત કામાસક્તિ પણ છે.

અત્યંત કામી પોતે તો નમાલો બને છે....પણ.... પાછળની સંતતિનેય નકામી બનાવી દે છે.

卐 'વડીલ' એટલે દોષને છાવરનારો નહીં અને દોષિતને છોલનારો નહીં. **વડીલ એટલે આશ્રિતની ભૂલોનો ભાગાકાર અને ગુણોનો ગુણાકાર કરનારી પરમ શક્તિ.** ભીષ્મ પિતામહે વિચિત્રવીર્યની ભૂલનો ભાગાકાર કર્યો હતો, કારણ આખરે તે એક સાચા વડીલ હતા.

卐 ઈન્દ્રિયોનું દમન ન કરવું પણ ઇન્દ્રિયોનું શમન કરવું એવું કેટલાક કહે છે. પણ તેમને ખબર નથી **દમન વિના શમન હોતું નથી. શમન એ ઊંચું પગથિયું છે તેમાં શંકા નથી પણ એ પહેલું પગથિયું નથી તે**

વાત નિર્વિવાદ છે. સીધા બીજે પગથિયે પગ મૂકનારા ચૂકયા છે. પોતે પડયા છે અને અન્યને પાડી નાંખ્યા છે.

દમન પહેલાં શમન કરવા ગયા તે
પતન પથના મહેમાન થયા છે.

દમનની કડક જમીન કર્યા વિના શમનનો રોડ બાંધી શકાય નહીં.

ઈન્દ્રિયો તો બેફામ ગુંડા જેવી છે. પહેલા તેના પર દમનથી હુમલો કરો. ઈન્દ્રિયો શરણાગત થશે. પછી તેની જોડે શમનથી સુલેહ કરો તો ઇન્દ્રિયો હંમેશાં એક સાધેલા ગુંડાની જેમ વિકારોથી તમારું રક્ષણ કરશે.

'આચાર' એ કેટલો સુંદર શબ્દ છે પણ તેને ય 'અતિ' લગાડવામાં આવે તો 'અત્યાચાર' જેવો વિનાશક અર્થ થઇ જાય છે. જીવનમાં કોઈપણ વસ્તુની 'અતિ'; વિકૃતિ એને વિનાશ તરફ પ્રેરે છે. વિચિત્રવીર્યનું મૃત્યુ એક અતિકામ સુખની કરુણ ઘટનાનું દયનીય પરિણામ હતું !

મહાપુરુષોના હૃદયમાં જ્યારે ભયંકર વેદના પ્રગટે છે ત્યારે પ્રશ્નનું નિરાકરણ અવશ્ય આવે છે. ભીષ્મપિતામહને અંધ ધૃતરાષ્ટ્રને પરણાવવાની ચિંતા થઈ. એક નહીં, પણ ગાંધારી જેવી આઠ કુમારિકાઓ હાજર થઈ.

આઠેય બહેનોને અંધ ધૃતરાષ્ટ્ર જોડે પરણાવવામાં શકુનિની કોઈ ગજબની ગણતરી છે.

卐 'શકુનિ' એટલે 'ધૃતરાષ્ટ્ર'નો સાળો ! શું આ સાળા શકુનિની મેલી કરતુતથી જ 'સાલો' એ ગાળ બની ગઇ હશે. તમે સાળાથી ચેતતા રહેજો એમ કહીએ તો તમને ગમશે. પણ તમેય કોઈના સાળા છો. તમારાથી બધા ચેતતા રહે તેવું કહીએ તો ના ગમે !

卐 સત્ યુગમાં બધા ભલા જ હોય અને કલિયુગમાં બધા હલકા જ હોય તેવું તો સાચું નથી લાગતું. પણ કલિયુગમાં ભલાઈ ઉતરતી કક્ષાની હોય છે તે માનવું પડે છે.

બાકી તો સત્ યુગમાં પણ 'યુધિષ્ઠિર' હતા તો 'શકુનિ' પણ હતા, 'રામ' પણ હતા તો 'રાવણ' પણ હતા 'ગૌતમ' હતા તો 'ગોશાળો' પણ હતો. અર્થાત્ આ કલિયુગમાં આવીને નાની પણ ભલાઇ કરશો તો પણ તમારી ભલાઈ મોટી લેખાશે. 'ભીષ્મ'ની જેમ મા–બાપ માટે કુંવારા રહેવાની તમારે આ યુગમાં જરૂર નથી પણ મા–બાપનું સારી રીતે ભરણ–પોષણ કરશો તોય કલિયુગમાં ચમકી ઊઠશો.

卐 આજનો કાળ જોતાં લાગે છે કોઇ ચક્રેશ્વરી દેવીનો આરાધક હોય કે ન હોય, કોઇ અંબિકા દેવીનો આરાધક હોય કે ન હોય, કોઇ પદ્માવતી માતાનો આરાધક હોય કે ન હોય, પણ પેલી લુચ્ચાઇ દેવીનો આરાધક તો આજે ઘરેઘરે જોવા મળે છે. પેલા શકુનિને લુચ્ચાઈ દેવી જાણે સાક્ષાત્ પ્રસન્ન હોય તેવું લાગે છે.

'બકરી' સદાય ભૂખી.....

એક રાજાની પાસે એક મનગમતી બકરી છે. તે બકરી રાજાને ખૂબ પ્રિય છે. રાજા બકરીને વારાફરતી દરેક પ્રજાજનને પાળવા આપે છે. રાજા બકરી આપતી વખતે કહે છે—'મારી બકરીને ખૂબ ખવડાવીને લાવજો તે જરાય ભૂખી ન રહે તેનો ખ્યાલ રાખજો' પ્રજાજનો તો સારી રીતે ખવડાવે....અને વારો પૂરો થતાં રાજાને ત્યાં બકરી મૂકવા જાય. રાજા પૂછે—બકરીને ભૂખી લાવ્યા કે પુરું ખવડાવ્યું છે? ભોળા નગરજનો કહે—"સાહેબ! ખૂબ ખવરાવ્યું છે? બકરીથી ચાલી શકાય નહી એટલું ખવડાવ્યું છે. રાજા કહે—જવા દો, સાચી વાત જુઓ, મારી બકરી તો ભૂખી જ છે, અને તુરત ઘાસનું તણખલું રાજા પોતાના હાથમાં રાખે બકરી તુરત જ એ તણખલું ખાવા જાય. બકરી એટલે બકરી તણખલાને જુએ અને તે તરફ મોઢું કર્યા વિના શાન્ત રહે!

રાજા કહે—જુઓ! ભૂખી ન હોય તો શું કામ ખાવા આવે! આમ બિચારા બધા પ્રજાજનોને રાજા ધમકાવે, ઠંડે, પણ કોઈને ય બકરીને તણખલું ખાતા અટકાવતા આવડે નહીં. એક ચતુર રબારીનો વારો આવ્યો. બકરી રાજાને સોંપવા ગયો. રાજાએ તણખલું ધર્યું પણ બકરીએ મોઢું ઊંચું ય ન કર્યું? રાજાએ ટચકારી બોલાવી પણ તોય બકરીએ તણખલું ના ખાધું. રાજા કહે—ભલા! તેં

બકરીને શું બવરાવ્યું ? રબારી કહે—" સાહેબ ! મેં ખૂબ બવરાવ્યું છે. બરેબર હવે તે ખૂબ ધરાઇ ગઇ છે. એટલે જરાય બાશે નહીં." રાજા કહે—સાચું કહે, તારી કમાલ શું છે ? બધાને સમજાવ. રબારી કહે—" બાપલા ! એમાં કહેવાનું શું ? મેં બકરીને ઘરે રાખી રોજ બવડાવ્યું. અને તેને તમારી જેમ તણબલું ધરું. એ જેવી તણબલાને લેવા જાય કે તેને ફટકારું. એવી જોરથી લાકડીઓ મારી છે કે બકરીબાઈ તણબલા સામે મોઢું કરવાનું ભૂલી ગયા છે.

વાહ ! ભાઈ ! વાહ....! કમાલ છે તારી બુદ્ધિને....! તું સમજી ગયો છે. બકરી ગમે તેટલું ઘાસ બાય પણ ન ધરાય. પણ માર બાય તો જ બાવાનું છોડે.

માનવની ઈન્દ્રિયો પણ એવી જ છે. માલ બાવાથી કદી ધરાશે નહીં. માર બાવાથી જ તે માર્ગે આવશે.

સદાય ભૂખી બકરી જેવી ઈન્દ્રિયોને કાબુમાં લાવવી હોય તો આજ રસ્તો છે.

ઈન્દ્રિયોનું પહેલાં દમન કરો....પછી શમન કરો....



❋ કથાસાર

❋ શ્રી પાંડુ જંગલની વાટે

[પૃ. ૭૨ થી ચાલુ]

અંધકવૃષ્ણિ કુંતીના લગ્ન માટે સુભદ્રાને પૂછે છે. પણ સુભદ્રા તો પહેલેથી બધી વાતથી માહિતગાર છે. તે ફિક્કા પાંડુને પોતાની પુત્રી આપવાની સ્પષ્ટ ના કહે છે. અંધકવૃષ્ણિએ પણ તેના નિર્ણયને કબૂલ કર્યો. કોરકની સાથે આવેલ પ્રસન્નહસ્તી સવારે રાજદરબારમાં આવ્યો. તેની આતુરતા તો પાર વગરની હતી પણ અંધકવૃષ્ણિએ પ્રસન્નહસ્તીને સ્પષ્ટ ના પરખાવી દીધી. આવા આકસ્મિક ફેરફારથી કોરકને પણ આઘાત લાગ્યો. તેને પણ અંધકવૃષ્ણિ રાજાનો આ નિર્ણય ગમ્યો ન હતો. પ્રસન્નહસ્તિનો ચહેરો જાણે તદ્દન અપ્રસન્ન બન્યો. પણ તે છતાંય તે બે ના મુખ પર કંઇક ખુંધું સ્મિત ફરકી ગયું. બંને જાણે કહેવા માંગતા હતા કે જો જો નિર્ણય ફેરવવો ન પડે. પણ આજે તો જે નક્કી કર્યું હતું તે જ તેમણે સ્વીકારવાનું હતું.

મહારાજા ભીષ્મને પ્રસન્નહસ્તિએ ભારે મને વાત કરી ભીષ્મપિતામહે પણ "કર્માધીન જગત છે" કહી ફેંસલો માન્ય રાખ્યો. કેટલાક લોકો સમજતા હોય છે કે મિલન અને વિરહ કોઈકવાર આકસ્મિક હોય છે. પણ કર્મવિજ્ઞાન જણાવે છે કે આકસ્મિક કશું નથી. કર્મના કાયદાનું

અજ્ઞાન હોય ત્યાં સુધી જ અકસ્માત થયો એમ લાગે. આકી વિશ્વમાં સર્વત્ર કર્મસત્તાનું સામ્રાજ્ય તો છે જ. ભીષ્મ પિતામહે તે વાત ધીરે રહીને પાંડુના કાન સુધી પહોંચતી કરી. પાંડુના માટે આ વાત આઘાતજનક હતી. પણ તે ધૈર્યવાન હતા. ભીષ્મ પિતામહ આગળ તેમણે જરાય નાખુશી રજૂ ન કરી પણ તેમણે પ્રસન્નહસ્તિને એકાંતમાં બોલાવ્યો. "બોલ પ્રસન્ન! આવું કેવી રીતે બની ગયું? બધું ફરી કેમ ગયું? પહેલથી આખી વાત મને કહે." પ્રસન્નહસ્તીએ પહેલાં કુંતી માટેની 'હા' અને પાછળથી થયેલી 'ના' નો ઈતિહાસ સંભળાવ્યો. તેમણે પ્રસન્ન-હસ્તિને એક જ પૂછ્યું–ભલે કુંતીના પિતાએ ના કહી હોય પણ મારા સમાચાર સાંભળતા કુંતીના મુખ પર શું ભાવ હતા?"

"કુંતીતો તમને રોમ–રોમથી ચાહતી હોય તેવું લાગતું. હતું. તમારી વાત સાંભળતા જ એક હળવો કંપ તેણે અનુભવ્યો હતો. તમારા ગુણોની વાત એક હરણીની માફક ચકિત નયને તે સાંભળતી હતી. શ્રી પાંડુ સમજી ગયા કે કુંતી જો મને ચાહતી હશે તો કોઇ વાંધો આવવાનો નથી. પણ.....માર્ગ મળે કેવી રીતે? એક તરફ ભીષ્મ પિતા-મહની મર્યાદા છે. બીજી તરફ વિશાળ રાજ્યની જવાબદારી છે. ત્રીજી બાજુ કુંતી માટેનું હૃદયમાં તોફાન છે. **પોતાના દુઃખોને કર્તવ્યની વેદીમાં હોમી દઈ કાર્યમાં મગ્ન રહે-વામાં જ મહાનતા છે.** છતાંય પેલા દુઃખે ખૂબ ઉછાળો માર્યો મોહની રમત સમજવી ખૂબ મુશ્કેલ છે. જ્યારે પ્રિય વ્યક્તિ પાસે હોય ત્યારે તેની પાસે ફરકવાનું મન પણ ન

થતું હોય પણ તેજ વ્યક્તિ જ્યારે દૂર હોય છે ત્યારે જાણે અંતર જોડે બંધાયેલી લાગે છે. તેમાંય કુંતીને તો શ્રી પાંડુએ સાક્ષાત્ હજી જોઈ નથી.....એટલે જ તેના હૃદયમાં અનંત ઉત્સુકતા ઉભરાવા માંડી છે. દુઃખ માનવને સમાજથી એકલો પાડે છે. સહુથી વિખુટા થઇ એકાંતમાં રહેવા પ્રેરે છે. પાંડુ પણ આજે એકલો વનની વાટે નીકળી પડયો છે. ક્યાં જવું છે? એ નક્કી નથી પણ જાય છે....દૂર સુદૂર જાય છે, જંગલની નિરવતા શ્રી પાંડુને પોતાના કાલ્પનિક જગતમાં વિહરણ કરવામાં કોઈ અંતરાય કરતી નથી. તેમને ઝાડની શાખાઓમાં આજે કુંતીના દેખાવનો આભાસ થાય છે. પણ આ કલ્પના સૃષ્ટિને સહજવારમાં વિલીન કરી નાંખે. તેવી એક વાસ્તવિકતા તેની સામે આવે છે.

❋ શ્રી પાંડુનો અજાણ્યા યુવક પર નિઃસ્વાર્થ પરોપકાર

—

એક વૃક્ષની નીચે એક મુર્છિત યુવકને પાંડુ જુએ છે. પાંડુ, તે યુવાનના મુખ પરનું તેજ જોતાં આભો બને છે. યુવકે ચેતના ગુમાવી છે. પણ શ્વાસ હજી ચાલે છે. યુવક મૃત્યુ પામ્યો નથી પણ તેના પાંચેય અંગમાં મોટા ખીલા મારી દેવામાં આવ્યા છે. લોહીની ધારાઓ વહી રહી છે.

આજુબાજુમાં અન્ય કોઈ દેખાતું નથી. **સજ્જનોની પાસે કર્તવ્ય નામની કોઈ એવી કમનીય કારીગરી છે કે તેમને પોતાના કલ્પના જગતમાંથી સહજવારમાં જ વાસ્તવિકતામાં લાવી મુકે છે.** હમણાં શ્રી પાંડુના મગજમાંથી કુંતી તદ્દન ભૂંસાઈ ગઈ છે. તેઓ આ મૃત્યુના આરે આવેલા માનવીને બચાવવા પ્રયત્નો કરે છે. શ્રી પાંડુએ ધીમે રહીને પેલા યુવકના શરીરમાંથી ખીલા કાઢયા. ધીમે ધીમે પોતાની મણિવાળી વીંટીનું પાણી ઘા પર સિંચતા ગયા. પેલા યુવકને કંઈક કળ વળી. યુવક સ્વસ્થ થયો. વનની અનેક ગુણકારી વનસ્પતિઓના પ્રભાવે પીડા મુક્ત થયો. પીડા દૂર થતાં જ પેલા નવયુવકે પુછયું–"મારા પ્રાણદાતા! તું અહીં કયાંથી આવ્યો? મારો ઉપકારી તું કોણ છે?"

પાંડુ આ સેવાના મળેલા અવસરથી અને સહજ રીતે થયેલા પરોપકારથી પ્રસન્ન હતા. આજે તેમનો આત્મા પરોપકારના કર્તવ્યથી જાણે ખીલી ઊઠયો હતો.

"ભાઈ! હું તો હમણાં અહીં આવ્યો છું. પણ આપ પરદેશી લાગો છો. આપ કોણ છો?" અને પેલા નવયુવકે પોતાનો પરિચય આપ્યો.

❋ કૃતજ્ઞ શિરોમણિ વિદ્યાધર વિશાલાક્ષ

"હું વિશાલાક્ષ વિદ્યાધર છું. વૈતાઢય પર્વત અમારા વિદ્યાધરોનું નિવાસ સ્થાન છે. મારા પરમ શત્રુએ મને ત્યાંથી

ઊંચકીને અહીં નાંખ્યો છે. મને મૃત્યુને ઘાટ ઉતારવા જ તેણે આ પાંચ ખીલાથી મને જમીનમાં જડી દીધો હતો. પણ મને લાગે છે આ જંગલમાં પણ તારા જેવો કોઈ દૈવી માનવ મારા પુણ્યે આવ્યો છે ને નિષ્કારણ કરુણા કરીને તેં મને બચાવ્યો છે. બંધુ તું કોણ છે? ઓ પ્રાણદાતા! મારા પિતા સમાન, સજ્જન પુરુષ! તું શા માટે આ જંગલની વાટે આવ્યો છે" પાંડુએ પણ પોતાનો પરિચય આપ્યો. ખૂબ મધુર વાતો થઈ. શ્રી પાંડુ ઘેર પાછા ફરવા ઉતાવળ કરવા લાગ્યા. વિદ્યાધરે જોયું કે આ સજ્જન પુરુષ પાંડુએ કેટલો બધો મારા ઉપર ઉપકાર કર્યો છે છતાંય કેવો નમ્ર અને પ્રિય લાગે છે. વિદ્યાધરે કહ્યું—ભાઇ! પાંડુ! કોઈ તારા અંતરની વાત કહે, અંતરની વાત વિના મૈત્રી હોય નહીં. મૈત્રી હોય ત્યાં અંતરની વાત ઉછળ્યા વિના રહે નહીં, શ્રી વિશાલાક્ષની આવી વાત સાંભળતાં જ પેલું અંતરનું મહામહેનતે રોકી રાખેલું દુઃખ શ્રી પાંડુના ચહેરા પર ઉપસી આવ્યું વિદ્યાધર વિશાલાક્ષે હાથ પકડીને કહ્યું "બંધુ તેં તો મારો ઉપકાર કર્યો પણ તું દુઃખી છે. તું શા માટે દુઃખી છે? એ કહે. શું તને એમ લાગે છે કે હું તારૂં દુઃખ પણ સહૃદયતાથી સાંભળી ન શકું. એટલો હું નાલાયક છું?" શ્રી પાંડુની અડગતા સામે વિશાલાક્ષ આશ્ચર્ય પૂર્વક જુએ છે. શ્રી પાંડુના હોઠ જરાય ફરકતા નથી. પણ આંખ અને મ્હોં પર વિષાદનો સાગર ઉભરાતો દેખાય છે.

સજ્જન વિશાલાક્ષ કહે છે—"બંધુ! જો હું મારા ઉપકારીની અંતરની વાતોનો વિસામો ન બનું તો હું

મહાનાલાયક છું. બંધુ શું તેં મારા જેવા નાલાયકને જીવનદાન કર્યું છે ? આનાં કરતાં તો હું....." અને ત્યાં જ પાંડુના લોચનો ઉભરાયા. વેદના આંખો વાટે વહેવા માંડી. કુંતીની અભિલાષાની વાત પાંડુથી થઇ ગઈ.

❋ વિદ્યાધર વિશાલાક્ષનું વીંટી પ્રદાન

વિદ્યાધર વિશાલાક્ષે કહ્યુ "બંધુ તારી બધી ચિંતા પૂર્ણ થઇ ગઈ સમજ લે, આ મારી વીંટીનો પ્રભાવ સાંભળ.

આ વીંટીના પ્રભાવથી અદૃશ્ય થઈ શકાય છે.....

આ વીંટીના પ્રભાવથી જેને પણ વશ કરવા ચાહે તેને વશ કરી શકે છે. કોઈપણ પ્રકારનો ઘા હોય તો તે ઘા રુઝાઈ જાય–સારો થઈ જાય તેવી ત્રણ સંરોહણી દવા પણ આમાં છે. મિત્ર ! આ વીંટીનો મેં સેંકડોવાર અનુભવ કર્યો છે. મિત્ર ! માત્ર આ મારી અંતઃ કરણની પ્રીતિ તરીકે તું સ્વીકાર કર. મારી અને તારી પ્રીતિ આપણા ભાવિ પરિવારમાં કાયમ રહે તેનું ધ્યાન રાખજે અને આ બધા પ્રભાવોની સાથે એ ખ્યાલ રાખજે કે આ વીંટીના પ્રભાવથી તને જે પણ ઈચ્છિત ચીજ હશે તેની પ્રાપ્તિ થયા વિના રહેશે નહીં."

આટલું કહેતાંની સાથે કંઇક પોતાની જાતને કૃતકૃત્ય માનતો વિદ્યાધર વિશાલાક્ષ પોતાના નગર તરફ જવા ઉપડી જાય છે. આ તરફ પેલો વિદ્યાધર જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધી પાંડુ જોયા કરે છે અને વિચારે છે—અહો ? આ વિદ્યાધર કૃતજ્ઞ છે. આટલા નાના સરખા ઉપકારનો કેટલો ભવ્ય બદલો ? ધન્ય છે પરોપકારિતાના ગુણને. જેઓએ સંસારમાં જન્મ લઈને પરોપકાર કર્યો નથી એ ખરી રીતે તો હજી જન્મ્યા જ નથી.

વિદ્યાધર વિશાલાક્ષની મહત્તાના વિચારમાં મસ્ત બનેલ શ્રી પાંડુ કુમારની આંખ પોતાની આંગળી પર પડે છે. વીંટી દેખાય છે. અને પોતાની હૃદયેશ્વરી બની ચૂકેલ કુંતીને યાદ કરે છે. અને તે જ વખતે ચમત્કારિક રીતે પોતાની જાતને કોઈ વનમાં જૂએ છે. આ દૂર—સુદૂરના વનને તે કંઈક સમજવા અને તપાસ કરવા પોતાની દૃષ્ટિ દોડાવે છે.....

❋ વિરહ વ્યથિત કુંતી કુમારીનો આત્મહત્યા પ્રયાસ

આ તરફ કુમારી કુંતી પણ જ્યારથી પાંડુ કુમારને ના પાડી છે ત્યારથી શોક અને સંતાપમાં સબડી રહી છે. શા

માટે માતા–પિતાએ આવો નિર્ણય લીધો ? શું માત્ર રૂપ એજ માનવ માટે સર્વસ્વ છે ? પાંડુ રાજા છે પણ શું તેના ગુણો મીઠા નથી ? પણ આવી વાત કહેવી. કોના મોંઢે ? કુંતી માટે પોતાની ધાવમાતા જ એક આધાર હતો. કુમારી કુંતી ધાવમાતાની પાસે દિલ ખોલીને કલ્પાંત કરે છે. કુમારી કુંતીને કોઈ આશાના ચિન્હો દેખાતા નથી. આખરે તેણે પોતાનો નિર્ણય ધાવમાતાને કહી દીધો. કુંતી કુમારી કહે છે. "માતા ! જો શ્રી પાંડુ આ જન્મમાં નહીં મળે તો મારા પ્રાણ ભયમાં છે. હું તો મારા મનથી માનેલા પતિ શ્રી પાંડુ કુમાર વિના એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી." ધાવમાતા ધીરજ ધરવા કહે છે. પણ કુંતીથી હવે સહન થાય તેમ નથી. આખરે તેણે પણ જેવા કદી નહીં જોયેલા પણ ગુણોથી ગમેલા.....મનથી માનેલા પતિની પાછળ સાહસિક થવાનું નક્કી કર્યું છે. આજે કુંતી ધાવ-માતાને લઈને જંગલમાં ગઈ છે. ધાવમાતા આગળ કુંતી પોકેપોકે રડી રહી છે. શ્રી પાંડુ કુમારને યાદ કરીને આજે તો તેણે ગળે ફાંસો દેવાનો નિર્ધાર કર્યો છે. ધાવમાતા ઘણી આજીજી કરે છે છતાંય કુંતીકુમારી માનવા તૈયાર નથી. ફાંસો તૈયાર કર્યો છે. ગળું અંદર નાંખી દીધું છે. અને છેલ્લી પ્રાર્થના કરતાં કુંતી કુમારી વન દેવતાને કહી રહી છે.

"હે વનદેવતા ! આ જન્મમાં તો ગુણવાન શ્રી પાંડુ કુમારને હું પતિ તરીકે નથી મેળવી શકી પણ આવતા જન્મમાં આજ શ્રી પાંડુ કુમાર જ મારું શરણ થાવ."

❋ શ્રી પાંડુકુમાર દ્વારા કુંતીકુમારીનો અદ્‌ભુત બચાવ

બરાબર એજ ક્ષણે પાંડુકુમારે પેલા વનમાં આ શબ્દો સાંભળ્યા. અને પોતાનું જ નામ સાંભળીને ચમકયા. પાંડુકુમાર તરત જ દોડયા. ક્ષણવારમાં ફાંસો મજબૂત ન બને માટે પોતાની તલવારથી ઝાડની શાખાને એક જ ઝાટકે કાપી નાંખી. ફાંસાને તુરત જ કાપી નાંખ્યો. કુંતી જમીન પર પટકાઈ અને મૂર્છા પામી. પાંડુ કુમારે કશો જ વિચાર કર્યા વિના કુમારી કુંતીનું મસ્તક પોતાના ખોળામાં લઈ લીધું. અને ધીમે ધીમે તેને પંખો વીંઝવા માંડયા. કુંતીકુમારીને પણ જરા જરા મૂર્છા વળતી હતી. અને વેદનાના જોરથી પુનઃ મૂર્છા આવતી હતી. પણ કુમારી કુંતી એ વિચારે મૂર્છામાં પણ ફફડી ઊઠી હતી, "અહીં આ કયા પુરુષે મને ખોળામાં લીધી હશે. પર પુરુષ માત્રના સ્પર્શથી દૂર રહેનાર હું કઈ આફતમાં આવી ગઈ છું?" પણ કુમારી કુંતીના અંતર આત્માને આ સ્પર્શ ગમતો હતો. કુમારી કુંતીના અંગે અંગમાં કોઈ અગમ્ય વિકાસ થતો હતો. કુમારી કુંતીને ચોક્કસ લાગવા માંડયું કે આ સ્પર્શ કરનાર બીજો કોઈ નહીં પણ શ્રી પાંડુકુમાર જ હોવો જોઇએ. પોતાના મન સાથે થયેલા કંઈક સમાધાન બાદ કુંતી કુમારીમાં ચૈતન્ય સ્થિર થયું. મૂર્છા. વળી ધાવમાતા તથા પેલા રાજકુમારની સામે જુવે છે. ત્યાં જ શ્રી પાંડુકુમાર કહે છે–

"હે કોમલાંગી ! તું જરાય ડરીશ નહીં. હું બીજો કોઈ પુરુષ નથી પણ તારો જ પ્રિયતમ છું. અને તારા ભોગરાના ફૂલ જેવા શ્વેત ગુણોથી જ પ્રેરાઈને હું અહીં આવ્યો છું. હે સુંદરી ! ચિત્રપટમાં જ્યારથી તારું રૂપ જોયું ત્યારથી તેં મારું મન હરી લીધું છે. અને હવે તો તેં મારા મન–વચન અને જીવન ઉપર અધિકાર જમાવી દીધો છે." ત્યાં જ ધાત્રી બોલી ઉઠી. "લો ! બેન બા ! તમે તો ઉતાવળા થતા હતા. પણ લો, હવે તો તમારા પ્રિય અતિથિ આવી ગયા છે. મન ભરીને તેમનું સ્વાગત કરો.

❋ શ્રી પાંડુકુમાર તથા કુંતી કુમારીના ગાંધર્વ વિવાહ

કુમારી કુંતીએ પોતાના શોકને કચાંય ફગાવી દીધો છે. હવે રાજી રાજી થઇ ગઈ છે. શરમાતી શરમાતી પોતાની ધાવમાતાને કહે છે. "માતા ! હું શું જાણું આ મોંઘેરા મહેમાનનું આતિથ્ય ? આતિથ્યમાં તો માતા તું જ ચતુર છે. એવું સરસ આતિથ્ય કર કે"....અને ત્યાં જ ધાવમાતા બોલી, "આ પક્ષીઓ શુભ શકુનો કરી રહ્યા છે. તમારા ગાંધર્વ વિવાહની તૈયારી કરું છું." મને લાગે છે કે હું આતિથ્ય કરું એ કરતાં તમે બે પરસ્પરનું આતિથ્ય કરો.

અને ચતુર ધાવમાતાએ બંનેયના કુળની ઉદ્‌ઘોષણા પૂર્વક વિવાહનો વિધિ પૂર્ણ કર્યો. ચતુર ધાત્રીએ દૂરની એક સઘન લતાજાલ તરફ ઈશારો કરી કહ્યું, જાવ ત્યાંથી સુંદર પુષ્પો લઈને આવો. હું અહીં આરામ કરું છું. આમ કહેતી ધાવમાતા જાણે પ્રસન્નતાથી કંઈક ખુંધું હસી પડી. કુમારી કુંતીએ ચ ભવાં ચઢાવીને કહ્યું, મા ! તું ય આવી જ છે. અમને દૂર મોકલી દે છે.' અને બે પ્રેમી પંખીડા લતા તરફ ઉપડી ગયા.

❋ શ્રી પાંડુનું હસ્તિનાપુર ગમન અને કુંતીને પુત્ર જન્મ

વનની નિરવ એકાંતમાં બંનેય એકમેકમાં મગ્ન થઈ ગયા....મનનો અભેદ્ય તો હતો જ. સાથે તનનો અભેદ્ય સાધી પોતાની દુનિયામાં મસ્ત બની ગયા. જોતજોતામાં તો રાત્રિ પૂર્ણ થવા આવી. ધડકતા હૈયે ધાવમાતા જાગી ગયેલ છે. સવારનો સમય થવાનું એલાન જાહેર કરે છે. અને તુરત જ પેલા શ્રી પાંડુકુમાર પોતાની વીંટીના પ્રભાવથી પાછા હસ્તિનાપુર નગરમાં જતા રહે છે.....

....કુમારી કુંતીએ કરગરી કરગરીને પોતાના સ્વામિનાથને પોતાને જલ્દી બોલાવવા આવે માટે વિનંતિ કરી હતી. પાંડુકુમારે પણ કહ્યું.... હતું, આ હમણાં જ આવ્યો પણ આજે મહિનાઓ વીતવા આવ્યા છે. શ્રી પાંડુકુમારના પાછા ફરવાનું નામ નિશાન નથી. સૂર્ય ઊગે છે ને કુંતીમાં આશાનો સંચાર થાય છે. 'આજે તો પાંડુકુમાર આવશે જ; આજે તો કોઈ દૂત કંઈક સમાચાર લાવશે જ. પણ સૂર્યના અસ્ત થતાંની સાથે કુંતી નિરાશ થઈને સૂઈ જાય છે. ધાવમાતા ચતુર છે. કુમારી કુંતીના ગર્ભધારણના સ્પષ્ટ ચિહ્નોને પણ ખૂબીથી સંતાડે છે. મા–બાપને ગંધ આવવા દેતી નથી. પણ કયાં સુધી એ સંતાડશે એ ગુપ્ત કર્મને? આખરે કુમારી કુંતીને પુત્રનો જન્મ થયો. ધાવમાતાએ એવા પેંતરા રચ્યા છે કે માતા સુભદ્રા અને પિતા અંધકવૃષ્ણિને પુત્રી કુંતીને ગર્ભ રહ્યાનો કે બાળક જન્મ્યાનો કોઈ ખ્યાલ જ ન આવ્યો. પણ હવે શું થાય? હજી સુધી શ્રી પાંડુકુમારના કોઈ સમાચાર નથી. આખરે કંઈક ડરથી કંઈક શરમથી શ્રીકુંતીએ એક દુષ્કાર્ય કરી નાંખ્યું. જન્મેલ દેવ જેવા કુંવરને તેણે પોતાના ભાગ્ય પર છોડી દેવાનું નક્કી કર્યું. ધાવમાતાની સાથે યોજના વિચારીને બાળકને લઈને તે ગંગાના કાંઠે આવી. ગંગાના પવિત્ર તટ પર મણિના કુંડલ સાથે શોભિત કરીને તે પુત્રને એક પેટીમાં મૂકયો. અને પોતાનું હૃદય જાણે પાણીમાં વહાવતી શ્રી કુંતીએ હોય તેવી રીતે તે પુત્રને અનિચ્છાએ પણ ગંગાના પ્રવાહમાં વહાવી દીધો. **"અરે કુટિલકાળ! તું એક જ વાર માનવને મર્યાદા ભૂલાવીને પછી કેવા મર્યાદા વિનાના દુઃખો આપી શકે છે!"**

❋ ધાવમાતા દ્વારા માતા સુભદ્રાને સઘળી જાણ

અત્યાર સુધી તો કુંતી પોતાના પતિ પાંડુના વિરહથી પીડાતી હતી. હવે આ પુત્રનો વિરહ પણ તેના કાળજાને કોરી ખાતો હતો. મા–બાપ જોઈ રહ્યા હતા કે કુંતીને કોઇ વાતમાં આનંદ આવતો ન હતો. સારામાં સારા પ્રસંગે એ હસે તો પણ લાગતું કે બળાત્કારે હસી રહી છે. આખરે તેના શોકે તેની માતા સુભદ્રાને પણ વિહ્વળ બનાવી છે. ભોળી સુભદ્રાએ કડક હાથે ધાવમાતાની ખબર લેવા માંડી. તું જ કુંતીની સાથે ચોવીસ કલાક રહે છે. અને કેમ ન જાણે કે મારી કુંતી કેમ દુઃખી છે? આખરે ધાવમાતાએ પણ બધી જ વાત સુભદ્રાને સંભળાવી. સુભદ્રા વિચાર કરી રહી છે. આ ભયંકર ભૂલ માટે મારે કોને દોષિત કહેવા.... આ ધાવામાતાને દોષિત ગણવી.....!

કે આ કુંતીને દોષિત ઠરાવવી.....!

કે પેલા પાંડુને જ ગુન્હેગાર કહેવો.....!

કે પછી પોતાની જાતને ! કે પાંડુને પુત્રી નહીં આપવાની પોતાની જ જીદ્દને દોષનું મૂળ સમજવું ! આ બધા વિચારો આવતા હોવા છતાંય સુભદ્રા ચતુર છે. તે વિચારે છે. ગઈ ગુજરી પર શોક કરવાનો કોઈ અર્થ નથી. ધાવમાતાને કહે છે કે જો હકીકત આમ જ હોય તો હવે કુંતી માટે મારે જ કશું વિચારવું પડશે.

[પૃ. ૧૦૩ ઉપર જુઓ]

ક્રમાંક–૫

પ્રવચનસાર

હિન્દુ મહાભારતમાં ગાંધારી અંગે એક સરસ વાત આવે છે. ગાંધારીએ લગ્નના દિવસથી જ નક્કી કર્યું છે. હું મારી આંખે પાટા બાંધીને જ રહીશ. ગંધારી વિચારે છે કે જો મારો પતિ જન્મથી અંધ હોય અને જીવી શકે તો હું લગ્ન કર્યા ત્યારથી અંધ રહી જીવન કેમ નહીં જીવી શકું ? **ભારત દેશ એ ભક્તિ-સમર્પણ અને પરોપકારનો દેશ છે.** આ દેશમાં આવા દૃષ્ટાંતો આજે પણ મળશે. કરોડપતિની સંસ્કારી દિકરીને પતિના ઝુંપડામાં જે આત્મીયતા દેખાય છે. તે પિતાની ભવ્ય મહેલાતમાં પણ તેને દેખાતી નથી.

ભલે ગાંધારીના આંખે પાટા બાંધીને રહેવાની વાત સાચી હોય કે ન હોય પણ તેની પાછળ ઊભો રહેલો આદર્શ આ દેશ માટે સેવાયેલા આદર્શોની અનેરી ઝાંખી કરાવે છે.

આજે જ્યારે દેખતા પતિની આંખમાં ધૂળ નાંખીને સ્વચ્છંદી ફરનાર નારીઓ પાકે છે. ત્યારે ગાંધારી જેવો આદર્શ મસ્તક ઝુકાવી દે છે.

જેમણે જીંદગીનો અર્થ કોઈનું ખાઇ જવું, કોઇનું ઝુંટવી લેવું, કોઈના પર બળાત્કારે હક્ક જમાવી દેવો

એટલો માન્યો છે તેમણે મહેરબાની કરીને આવા મહાભારત જેવા ગ્રંથો ન વાંચવા.

卐 જીંદગી એટલે સ્વહિતને સીમિત કરીને પરહિતને અપરિમિત રીતે સાધવાની પ્રક્રિયા. આવી પ્રક્રિયામાં જે માને છે તેના માટે મહાભારત અને રામાયણ માર્ગદર્શક છે.

卐 કુંતીના માતા–પિતા તરફથી પાંડુના લગ્ન માટે ના આવી ભલે પાંડુ આ કારી ઘાને ઝીલે છે. પણ તે પોતે આ આખા સંસારમાં એકલો અટુલો હોય તેવું તેને લાગે છે....

卐 ખ્યાલમાં રાખીએ કે આ સંસારમાં તમારૂં કોઈ સ્વજન નથી. તમારા પ્રશ્નો એ તમારા પોતાના જ પ્રશ્નો છે. તમે તમારૂં સમાધાન ન કરી શકો તો જગતની કોઈપણ વ્યક્તિને તમારા સંપૂર્ણ પ્રશ્નોના સમાધાનમાં રસ હોય તે શક્ય નથી.

卐 દુઃખ થોડું હોય છે ત્યાં સુધી રસ્તો નીકળતો નથી. પણ જ્યારે દુઃખ પણ હદ વટાવે છે ત્યારે તે જ દુઃખમાંથી મુક્ત થવાનો માર્ગ મળી જાય છે. શ્રી પાંડુ કુમાર ભયંકર વ્યથિત થયા છે અને જંગલને વાટે પહોંચ્યા છે. ત્યાં જ તેમના દુઃખનો માર્ગ નીકળ્યો હતો. માટે દુઃખમાંથી નીકળવાનો માર્ગ શરૂઆતમાં ન જ મળતો હોય તો મુંઝાતા નહીં. દુઃખ ચરમ કોટિએ પહોંચશે ત્યારે દુઃખને પણ સુખમાં પલટાવવું પડશે....

卐 જન પોતાનું દુઃખ જાહેર કરતો ફરે છે પણ સજ્જન બીજાનું દુઃખ વિના કહે સમજી જાય છે.

卐 કોઈપણ જીવ પર કરેલો પરોપકાર, કોઈપણ ગુણવાન આત્માની કરેલી સેવા અને કોઈપણ કરેલું સત્કર્મ કદી વાંઝીયું રહેતું નથી. તેનું ફળ તે જ ક્ષણથી શરૂ થઈ જાય છે. પાંડુનો પરોપકાર ક્ષણવારમાંજ સાર્થક થઈ ગયો હતો.

卐 દુઃખ તો દરેકને જ હોય છે. કોઇનું મોટું તો કોઈનું નાનું !!! કોઈને જાહેર તો કોઈને ગુપ્ત. પણ માનવ જીવનની મઝા જ ત્યારે આવે છે કે જ્યારે કોઈનું વધુ દુઃખ દેખીને આપણે આપણું બધું જ દુઃખ ભૂલી જઈએ. પાંડુને કુંતી નથી મળતી તેનું દુઃખ ચોક્કસ છે. પણ પેલા વિદ્યાધરના પ્રાણ જઇ રહ્યા છે તેની આગળ પાંડુ પોતાનું દુઃખ ભૂલીને કર્તવ્યમાં લાગી ગયા હતા.

卐 સંસારના જુઠાણાં પર શ્રદ્ધા રાખીએ છીએ પણ પરોપકાર જેવા સદ્‌ગુણ પર શ્રદ્ધા નથી રાખતાં. તેમ છતાંય આપણે ધાર્મિક હોવાનો દાવો કરીએ છીએ. એ ઓછું આશ્ચર્ય છે ?

卐 ....દુનિયામાં મહાન વ્યક્તિઓ ઘણી છે ! પણ....તેવી વ્યક્તિઓને મળ્યા વિના તેઓની મહાનતા સમજાતી નથી. અને આવી મહાન વ્યક્તિઓને મળવાનું સૌભાગ્ય સહુનું હોતું નથી....અર્થાત્ દુનિયા દુર્ગુણીઓથી ભરેલી છે એ નિરીક્ષણ નિર્ભાગીઓનું છે !....

卐 ....પાંડુને વિશાલાક્ષ વિદ્યાધરની પ્રાપ્તિ થતાં સમજાયું કે વિશાલાક્ષ મને મળ્યો તે પહેલાં પણ સદ્‌ગુણી તો હતો જ પણ મારું એ સૌભાગ્ય કે મને વિશાલાક્ષ જેવા કૃતજ્ઞ વિદ્યાધરનો સંગ થયો !

卐 ....જૈન ઈતિહાસ પ્રમાણે કૌરવો તેમજ પાંડવો બંનેય કુરુવંશના છે. એટલે બધા જ કૌરવો છે. પણ તેઓનું ચરિત્ર 'પાંડવ ચરિત્ર' રૂપે પ્રસિદ્ધ છે. એ વાત જુદી છે કે જ્યાં પુણ્યાત્માઓના ચરિત્ર લખાય છે ત્યાં પાપાત્માઓના પણ ચરિત્ર લખાઈ જાય છે ! પણ ચરિત્ર તો પુણ્યાત્મા-સદ્‌ગુણી આત્માના નામથી જ પ્રસિદ્ધ થાય છે !

卐 ....પ્રેમ એ પણ અશુદ્ધ દશા છે, મોહ એ પણ આત્માની અશુદ્ધ દશા છે, છતાંય મોહ કરતાં પ્રેમ એટલા માટે પવિત્ર મનાયો છે કે પ્રેમમાં ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે ગમે તેવો ત્યાગ નાનો સમજાય છે ! મોહમાં ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે પણ જરાય જેટલો ત્યાગ કરવાની તૈયારી નથી. કુંતીને શ્રી પાંડુ માટે પ્રેમ હતો માટે તે શ્રી પાંડુ મળે તો આખું જીવન સમર્પણ કરવા તૈયાર હતી અને શ્રી પાંડુ ન મળે તો પોતાના જીવનનો પણ ત્યાગ કરવા શક્તિમાન હતી.

卐 જીવનનો ત્યાગ એ સહેલી ચીજ નથી જ, છતાંય પરમાત્મા તત્ત્વ માટે પ્રેમ ન હોય ત્યાં સુધી તે અશુદ્ધ તો કહેવાય જ !

卐 ....થોડામાં સમજતા હોય તો કહીશ કે પરમાત્મા પરનો પ્રેમ પરિપૂર્ણ છે. પરમાત્મા સિવાય અન્યનો પ્રેમ અપૂર્ણ છે. પણ ત્યાગ હોવાથી તે શુદ્ધ છે! મોહ તો અપૂર્ણ પણ છે. અશુદ્ધ પણ છે!

卐 ....કુંતી અને પાંડુ સમજદાર હોવા છતાંય ભૂલ કરી બેઠેલા કહેવાય જ. ભલે ગાંધર્વ વિવાહ થયા બાદ પરસ્પર શરીર સંગ કર્યો, પણ વાત જાહેર ન કરી શકયા. જે વાત નિર્દોષ હોય તેને જાહેર કરવામાં ડર ન હોય. જાહેર કરવામાં ડર છે, ત્યાં સુધી સમજવું કે તે નિર્દોષ નથી....!

卐 ક્ષણિક આવેગોને શાંત કરીને જે દુઃખો આપણે સહન કરીએ છીએ, જો તેવા દુઃખો સહન કરીને પછી જ ક્ષણિક આવેગોનો સંતોષ કરવાનો વખત આવતો હોત તો....કદાચિત્ ઘણા સમજુઓ પાપ ન કરત! પણ શિક્ષા ભોગવીએ છીએ ત્યારે શાણપણ આવે છે તે શા કામનું....? કુંતી યા શ્રી પાંડુ કોઈ પણ પોતાની વાતને વડીલો સમક્ષ જાહેર કરી શકયા હોત તો....પુત્રને ગંગામાં વહાવી દેવાની ઘટના બનત નહીં!

卐 ડરપોક મન જ ચમત્કારોની ઈચ્છા રાખે છે! ડરપોક મનને જ આકસ્મિક વરદાનોની જરૂર પડે છે! જેને પાપ આચરતાં પહેલાં વિવેક...પાપ કરતાં સભાનતા... અને પાપ થયા બાદ પણ ધીરજ છે તેને કોઈ દૈવી સહાયની જરૂર પડતી નથી....કારણ એ પોતે જ આ ત્રણ ગુણથી દેવ બની ચૂકયો હોય છે!

卐 ....પાંડુ કે કુંતી એવી જ કોઈ આકસ્મિક અને ચમત્કારિક સહાયની ઈચ્છાએ પોતાના વિવાહની વાતને દબાવી બેઠા છે ! જો કે પુત્રને ગુમાવ્યા બાદ પણ કુંતીને વાત તો વડીલો સુધી પહોંચાડવી જ પડી હતી ! બસ....થોડો વહેલો વિચાર કર્યો હોત તો !!

卐 ....ઉતાવળ પાંડુએ કરી છે....ઉતાવળમાં સહકાર કુંતીએ આપ્યો કે પાંડુની ઉતાવળનો વિરોધ કરવામાં મોળી પડી....? ગમેતેમ થયું પણ એ ભૂલ માતા–પિતાએ કરી અને તેમનું બાળક તેમના પાપે અનાથ કહેવાયું. **એવા બાપ તો ન જ કરો કે જેના દુષ્પરિણામો અન્યોને ભોગવવા પડે !**

卐 જે પાપ છુપું રહી જ શકે તેમ ન હોય તેવું પાપ કદી કરવું નહીં. કદાચિત્ ખૂબ જ પ્રમાદથી તેવું પાપ થઈ ગયું હોય તો તે વડીલોથી, જવાબદાર વ્યક્તિઓથી છુપાવવું નહીં.

卐 કુંતીએ કે તેની ધાવમાતાએ પાંડુ સાથેના વિવાહ અને સંગની વાત તેના ઘરના વડીલોને તુરત જ કરી હોત તો કર્ણ જેવા દેવકુમારનો જન્મતાં જ ત્યાગ કરવાનો પ્રસંગ ન આવ્યો હોત....

卐 **કર્મનું ગણિત સારામાં સારી યાદ શક્તિવાળા અને સારામાં સારી સમજ શક્તિવાળાને પણ ભૂલાવે છે.**

卐 પાંડુ કુંતીને ચિત્રપટ પર જોઈને સાક્ષાત્ જોવા માટે અધીર અને સાક્ષાત્ સંગ કર્યા બાદ મહિનાઓ સુધી પાંડુ કુંતીને કદીય યાદ ન કરે તે ઘટનાને કર્મના ગણિત વિના બીજા કશાથી સમજાવી શકાય તેમ નથી...

卐 ઉતાવળ જ ભૂતાવળ પેદા કરે છે.

卐 ....પાંડુએ કુંતીને મળીને સંતોષ રાખ્યો હોત તો, ઉતાવળ ન કરી હોત તો કર્ણનો ત્યાગ કરવાની ભૂતાવળ પેદા ન થાત....

卐 કુંતીને જ્યારે કર્ણ જેવા બાળકનો ત્યાગ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે શું આપણે નથી સમજી શકતા— "એગોડહં નત્થિ મે કોઈ" "હું એકલો છું, મારૂં કોઈ નથી."



વાત નાની ભાત મોટી

❋ "મરવાની ય રીત તો હોય ને !....?!"

એક ભાઈને જીવનથી કંટાળો આવ્યો. આપઘાત કરવાનો નિશ્ચય કર્યો. મરવાની બધી રીતો અઘરી લાગી.... અંતે ઘરના ઓરડામાં જ બારણા બંધ કરી ફાંસો તૈયાર કર્યો....ઓરડામાં પહોંચી ગયા....ઘણીવાર શોધ કરતાં ઘરવાળાઓ ઓરડામાં આવી પહોંચ્યા. દૃશ્ય જોઈને બધા તાજુબ....પે'લા ભાઈ લટકી રહ્યા હતા....

સ્વજનોએ પૂછ્યું–"આ શું કરો છો ?"....

"....દેખાતું નથી ? આપઘાત કરું છું"....

સ્વજનો પૂછે છે–"પણ, આપઘાતની આ રીત છે....? દોરડું તો કમર પર છે. તમે અડધોઅડધ થઈને લટકી રહ્યા છો....આ શું કર્યું છે....?"

પેલાએ હેરાન થઈને કહ્યું–"એ તો મનેય ખબર છે. મરવું હોય તો ગળામાં ફાંસો નાંખવો જોઈએ. મેં ય પહેલાં એમ જ કર્યું હતું ને....?!!"

સ્વજનો–"તો પછી આ શું થયું ?....?"....

પેલો કહે–"ગળામાં ફાંસો નાંખતા પાર વિનાની મુંઝવણ થઈ એટલે જરા ફાંસો ઢીલો કર્યો. અને આવું થયું.

મરી જવાની વાત બરોબર, પણ આવી ગભરામણ કેવી રીતે સહન થાય ? સ્વજનો પોતાનું હાસ્ય માંડ–માંડ રોકી શકયા.

"મરવું છે"–ઘણાં કહે છે. મરવા માટે ઘણાં વાત કરે છે, પણ મરવાની વેળાએ કોણ તૈયાર હોય છે તે વિચાર કરવા જેવું હોય છે !

કુંતીનો પ્રેમ સાત્વિક છે. તેણે શ્રી પાંડુ ન મળે તો આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો. તે પ્રયત્નમાં વીરતા હતી, પણ ધીરતા તો ન જ હતી.

"વીર કદાચિત્ મરી જાણે છે પણ....જીવન તો ધીર પુરૂષ જ જીવી જાણે છે.

વીર અને ધીર બેય હોય તો જીવન અને મોત બેયને માણી શકે છે.



કથાસાર

❋ કુંતીના શ્રી પાંડુ સાથે લગ્ન

[પૃ. ૯૩ થી ચાલુ]

માતા સુભદ્રા વિચારે છે કે કુંતીએ આવું ભોળપણ કર્યું તેના કરતાં તેની ઇચ્છા મને જણાવી હોત તો સારું થાત. ગઇ તિથિ તો જોષી પણ વાંચતો નથી. 'હવે જે કરવા જેવું હોય તે જ કરવું.' એવો નિર્ણય કરી સુભદ્રાએ પોતાનો નિર્ણય અંધકવૃષ્ણિને જણાવ્યો. અંધકવૃષ્ણિને આંચકો લાગ્યો. એકવાર ભીષ્મપિતામહ જેવાના વચનનો અનાદર કરવો, અને પુનઃ પાછું ત્યાં જ તે જ શ્રી પાંડુકુંવર માટે માંગુ કરવું, એ વાત અંધકવૃષ્ણિને ઠીક ન લાગી. સુભદ્રા ચતુર હતી. તેણે જોયું અંધકવૃષ્ણિ જો આ વાતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન માનશે તો ખૂબ જ ખોટું થશે. આખરે તે વાતને હળવી બનાવી સુભદ્રાએ પોતાની પુત્રીના હિત માટે પોતાના પુત્ર ધરણને તૈયાર કર્યો, ચતુર ધરણે કુંતી અને પાંડુકુમારના વિવાહ નક્કી કરી દીધા. ધરણે આ કાર્ય એટલી કુશળતાથી પૂર્ણ કર્યું કે સમસ્ત હસ્તિનાપુર ખુશ થયું. પાંડુએ પણ ધરણનો ખૂબ સુંદર સત્કાર કર્યો. પાંડુ અને કુંતીનું સુખી લગ્ન જીવન શાંતીથી વીતવા માંડયું. વાત હવે વિદુરની બાકી રહેતી હતી. વિદુરના લગ્ન પણ દેવકરાજની પુત્રી કુમુદવતી સાથે થયા.

મદ્રરાજની પુત્રી માદ્રી પણ યૌવનમાં પ્રવેશ પામી ચૂકી હતી. કુંતીના પગલે હસ્તિનાપુરનું નામ પણ વિખ્યાત અન્યું હતું. મદ્રરાજે પણ પાંડુના અનેક ગુણો સાંભળ્યા હતા તેમણે પણ પોતાની પુત્રી માદ્રીના લગ્ન શ્રી પાંડુ સાથે નક્કી કરી નાંખ્યા. શ્રી પાંડુનું રાજ્ય હવે કુંતી અને માદ્રી બંનેય પટરાણીથી શોભે છે.

⁂ ગાંધારીને ગર્ભ ધારણ

ધૃતરાષ્ટ્ર–પાંડુ અને વિદુર યૌવન વયના અનેક સુખ ભોગો ભોગવતાં શાંતિથી જીવન આગળ વધારી રહ્યા છે. કાળ તો એકધારો જ વહે છે. પણ સુખી માનવનો કાળ કદાચ ખૂબ જ ઝડપથી વહેતો લાગે છે.

ગાંધારીને ગર્ભના સ્પષ્ટ ચિહ્નો જણાવા માંડ્યા. ભીષ્મ-પિતામહની આંખ આગળ ત્રીજી પેઢીના નિશાનો સ્પષ્ટ થવા માંડ્યા. દિવસો જતાં ગાંધારીને દોહદો પેદા થવા માંડ્યા. તેને પુરુષનો વેષ પહેરવાનું મન થતું. ગાંધારી પુરુષનો વેષ પહેરી યથેચ્છ વિહાર કરતી. હાથી પર સવારી કરવી તો તેને ખૂબ પ્રિય લાગવા માંડી. અરે! એવું અભિમાન એને થવા માંડ્યું કે ઘરના વડીલોને પણ તિરસ્કારપૂર્વક

બોલાવવા માંડી. પોતાના પતિ ધૃતરાષ્ટ્રને તો ઠીક પણ પરિવારના પૂજ્ય ભીષ્મપિતામહની સામે પણ છણકાપૂર્વક બોલવા માંડી. કુળવૃદ્ધા અને વિશ્વાસુ નોકરો પર તો તેનો જુલમ વરસવા માંડ્યો. તેઓ ભૂલ ન કરે તો ય ગાંધારીના ભવાં ચઢેલા રહેવા માંડ્યાં. અને પેલી બિચારી કુંતીને તો ગાંધારી જુએ એટલી જ વાર ! પોતાના પેટ તરફ ગર્વથી જોઈને કુંતીને કહે—અરે કુંતી ! દીકરા તો દેવને ય દોહ્યલા હોય.' તારે શું છે ? અને કુંતી નીચે નજર નાંખી દે. "ભલે રાજ્ય તમારા પાંડુનું ચાલે છે પણ હવે થોડા ધીરા પડજો. ભાવિનો રાજ્ય વારસદાર તો મારા પેટમાં જ છે." કુંતી શું કરે ? ગર્ભ ધારણ કરવો એ હાથની વાત નથી. આમેય સ્ત્રીને સંતાનની ઇચ્છા હોય જ. તેમાંય ગાંધારી કુંતીને મોટી સ્પર્ધામાં ઉતારે છે. કુંતીએ ઘણીવાર તે વાતને હસી કાઢી. પણ વારંવારના તિરસ્કારથી કુંતીનો આત્મા સળગી ઊઠ્યો. તેને પણ હવે પુત્રની ઇચ્છા સતાવવા માંડી. પણ તે શાણી હતી. જે વાત દુનિયાના કોઇ પ્રયત્નથી શકય ન હોય તે ધર્મથી શકય છે તેવું તે જાણતી હતી. કુંતીએ ધર્મારાધના ખૂબ જ વધારી દીધી. જિનપૂજનમાં ખૂબ જ એકાગ્ર બની. હજારો બોલ જીવોને અભયદાન આપવા માંડી. વાર તહેવારે સાધર્મિક બંધુઓની સુંદર ભક્તિ કરવાની શરૂ કરી. દીન—અનાથને જોઇને તેનું હૈયું પીગળી જતું હતું. તેથી તેઓના ઉદ્ધાર કરવાના અનેક માર્ગો યોજ્યા. દાન તો પાર વિનાનું કરવા માંડી. આ બધા ધર્મકાર્યના પ્રભાવે તેણે એક દિવસ પાંચ સ્વપ્નો જોયા, સમુદ્ર, મેરુપર્વત સૂર્ય, ચંદ્ર અને લક્ષ્મી. આવા પાંચ ભવ્ય સ્વપ્નને જોઇને કુંતી

ખુશ ખુશ થઇ ગઇ. મહારાજા પાંડુને પોતાના સ્વપ્નની વાત કરી, પાંડુએ પણ ભાવી ભાખ્યું. "મહારાણી કુંતી ! તમારા દુઃખના દિવસો ગયા છે. હવે તમે પણ કોઇ મહાન પુત્રને જન્મ આપશો.' કુંતીના હર્ષનો પાર ન હતો. છતાં ય તે જરાય ઉચ્છૃંખલ બની ન હતી. મેણા–ટોણા મારીને દુઃખી દુઃખી કરી નાંખનાર પેલી ગાંધારીને કેટલાય વખતથી ગર્ભ રહ્યો હતો. છતાંય પુત્ર જન્મ થયો ન હતો. તો પણ ગાંધારીને દુઃખ થાય તેવો પણ મનોભાવ કુંતીએ કર્યો નથી. પણ પહેલાં જે ધર્મકાર્યો કરતી હતી તેના કરતાં અનેકગણા ઉલ્લાસથી તે આરાધના કરવા લાગી. ધર્મકાર્ય અંગે જે જે દોહદો કુંતીને થયા તે બધા દોહદો મહારાજા શ્રીપાંડુએ ભાવી મહાત્માની વધામણી રૂપે પૂરા કર્યા.

❀ પુણ્યાત્મા યુધિષ્ઠિરનો જન્મ

મંગળવારના શુભ દિવસે જ્યેષ્ઠા નક્ષત્રમાં ચંદ્ર હતો અને વૃશ્ચિક લગ્ન ચાલતું હતું ત્યારે કુંતીએ પુત્રને જન્મ આપ્યો. ભીષ્મપિતામહે સમસ્ત કૌરવકુળ સહિત આ પુત્રને વધાવ્યો. સહુ તેના જન્મથી હજી તો ખુશ–ખુશાલ થઇ રહ્યા હતા. ત્યાં જ એક દિવ્ય વાણી પ્રગટી.

असौ सत्यवतां मुख्यः, सतामग्रः समग्रधीः ।
शौण्डीर्य-स्थैर्य-गांभीर्य, वसतिर्विनयी नयी ॥१॥
धर्मबद्धरतिर्भूपः, सार्वभौमो भविष्यति ।
वार्धके व्रतमादाय, निर्वाणं च गमिष्यति ॥२॥

"આ બાળક સત્યવાદીનો અગ્રેસર થશે....સજ્જનોમાં મોખરે રહેશે....બહુશ્રુત અને વિદ્વાન થશે....પરાક્રમ, સ્થિરતા અને ગંભીરતા તો જાણે તેના જ આશરે રહ્યા હોય તેવું લાગશે....વડીલ વર્ગનો પરમ વિનય કરનારો થશે. ન્યાય માર્ગને કદી છોડશે નહીં. એક સફળ સંસ્કારી જીવન પૂર્ણ કરી વૃદ્ધાવસ્થામાં દીક્ષા ગ્રહણ કરશે. અને તેનો આ જ ભવ જન્મ-મરણના ચક્રનો છેલ્લો ભવ હશે.

આવી ભવિષ્યવાણીથી સમસ્ત હસ્તિનાપુરમાં એક આનંદનો સાગર ઉભરાઇ ગયો. ભાવિના આ મહાન આત્માના દર્શન માટે લોકોની પડાપડી થવા માંડી. ભીષ્મપિતામહ અને શ્રીપાંડુના તો આંખના ખૂણા આ બાળકને જોતાં ભીનાં ભીનાં થઈ જતા હતા. ભીષ્મ પિતામહને પોતાના કુરુવંશની કરેલ જાળવણીનું કલ્યાણકારી ફળ મળી રહ્યું હતું. બધાએ ભેગા મળીને આ નવજાત બાળકના નામો સૂચવવા માંડ્યા. કોઇએ અત્યારથી તેના સ્થિર અંગો અને ધીરપ્રકૃતિને જોઈને 'યુધિષ્ઠિર' નામ રાખવાનું સૂચન કર્યું. સહુને પસંદ પડ્યું પણ એક નામથી તેઓ ધરાયા નહીં. આ માત્ર યુધિષ્ઠિર નથી. આ બાળક તો કુંતીનું સાક્ષાત્ તપ છે. માટે તેનું નામ 'તપસુનુ' રાખો. કોઇએ કહ્યું કે તપ ધર્મનો એક

પ્રકાર છે. પણ કુંતીએ તો દાન-શીલ-તપ-ભાવ ચારે ય પ્રકારના ધર્મ આરાધી આ ફળ મેળવ્યું છે માટે તેનું નામ 'ધર્મસુનુ' રાખો. આ જ બાળક ભવિષ્યમાં અજાતશત્રુ-'અજાતારિ' એવું નામ પામ્યો હતો.

❋ કોરક દ્વારા કુંતીના પિયરનો સવિસ્તર હેવાલ

આપણે તો હવે તેબાળકને યુધિષ્ઠિરના નામથી જ ઓળખીશું. યુધિષ્ઠિરનો જન્મ મહોત્સવ અદ્‌ભુત રીતે ઉજવાયો. કુંતીના પિયરથી પેલો કોરક પણ આ શુભ સમાચાર જાણીને હસ્તિનાપુર આવી પહોંચ્યો હતો. કુંતી લગ્ન બાદ પિતાને ઘરે એકવાર પણ જઈ શકી ન હતી. એટલે પિયરનાં માણસને જોતાં ગળગળી થઈ ગઈ. પોતાના પિયરિયાની ખબર લેવાને આતુર બની હતી. આપણે પણ યુધિષ્ઠિરના આ જન્મ ટાણે તેના મોસાળીયાની ખબર લઈએ.

કોરકે કુંતીને પોતાના રાજાઓનો ઈતિહાસ કહેવા માંડ્યો. "બેન કુંતી ! મહારાજા અંધકવૃષ્ણિએ તો આપણા બંધુ સમુદ્રવિજયને ગાદી પર બેસાડીને દીક્ષા લઈ લીધી.

આપના બંધુ સમુદ્રવિજય પોતાના નાના ભાઇ વસુદેવ આદિ પ્રત્યે ખૂબ જ પ્રેમ રાખતા હતા. અને ખૂબ જ સ્નેહ અને સંપથી રહેતા હતા. આ વસુદેવને એક સુભદ્ર નામના એક વ્યાપારી સાથે ખૂબ મૈત્રી હતી. આ વ્યાપારી–વણિકને કંસ નામનો પુત્ર હતો. કંસ ખૂબ જ તોફાની હતો. તેના પિતા તેનાથી હેરાન થઈ ગયા હતા. તેને લાગ્યું કે વ્યાપારીનો દિકરો હોવા છતાં ય આવા તોફાનો કરે છે એનાં કરતાં વસુદેવને ત્યાં મોટો થાય અને શસ્ત્ર ચલાવતા શીખે તો ભવિષ્યમાં કંઈક નામ કાઢશે. વસુદેવે પણ જોયું કે આ તોફાનને દબાવવામાં સાર નથી. પણ તેને કોઇ કામે લગાડી દેવા જેવો છે. વસુદેવે પોતાના મિત્ર સુભદ્રના પુત્ર કંસને યુદ્ધના દાવો શીખવામાં લગાડી દીધો. સંહારક શક્તિને સર્જક શક્તિ તરફ વાળવા પ્રયત્ન કર્યો. સુભદ્રાના પુત્ર કંસની અને વસુદેવની મૈત્રી ખૂબ જ જામી ગઇ. વસુદેવ પણ કંસને પોતાની સાથે જ રાખવા લાગ્યા.

કંસ અચ્છો યુદ્ધ વિશારદ બન્યો. તે કોઇ એવો અવસર શોધતો હતો કે તેના પરાક્રમની સહુને પ્રતીતિ કરાવી આપે. એવો અવસર પણ આવી મળ્યો.

ઃઃ સિંહરથ–વસુદેવ તથા કંસનું યુદ્ધ

રાજગૃહીના રાજા જરાસંધ અને શૌર્યપુરના રાજા સમુદ્રવિજયને ખૂબ મૈત્રી હતી. મૈત્રીના નાતે એકવાર જરા-

સંધે સમુદ્રવિજયને યાદ કર્યા. બેન કુંતી! તમારા બંધુ સમુદ્રવિજયની પાસે દૂતે આવીને જણાવ્યું કે સિંહપુરીનો રાજા સિંહરથ માથા ભારે થઈ રહ્યો છે. કોઈનેય ગાંઠતો નથી. જરાસંધથી આ જરાય સાંખી લેવાય તેમ ન હતું. માટે તેને સમુદ્રવિજયની સહાય લેવી યોગ્ય લાગી હતી. અને જે આ સિંહરથને પકડીને લાવે તેને પોતાની જીવયશા નામની પુત્રી આપવાની પણ જાહેરાત કરી હતી. આપના બંધુ સમુદ્રવિજયને હવે રાજગૃહી તરફ જવું જરૂરી લાગ્યું, ત્યાં જ નાના બંધુ વસુદેવ હાજર થયા. મોટાભાઈ બંધુ સમુદ્રવિજયને સમજાવ્યું કે આ માટે પોતાને રજા આપે. વસુદેવ પોતે તો શક્તિશાળી હતા. પણ સાથે કંસ પણ ભારે શૂરવીર હતો. લોકોને પણ આ વ્યાપારી પુત્ર કંસ મહાન ક્ષત્રિય જેવું પરાક્રમ દેખાડતો હતો તેનું આશ્ચર્ય હતું. વસુદેવ ખુદ પણ આશ્ચર્યમાં હતા કે કંસ વણિક થઈને આવી શસ્ત્રબાજી કેવી રીતે કરી શકે છે? પણ કંસ આગળ તેવી શંકા રજૂ કરવાનુ કોઈનું સાહસ ન હતું. વસુદેવ અને કંસ રાજગૃહી ઉપડી ગયા. ખૂબ પરાક્રમ વસુદેવે દેખાડયું. પણ સિંહરથ ઊતરે એવો ન હતો. જો વસુદેવ એકલા આવ્યા હોત, અને કંસને સાથે ન લાવ્યા હોત તો સિંહરથે કંઈક જુદો જ ચમત્કાર બતાવ્યો હોત. પણ કંસની યુદ્ધ વિશારદતા આગળ સિંહરથ હાર્યો. કંસે પ્રચુર પરાક્રમ કર્યું. પણ યશ પ્રાપ્ત કર્યો વસુદેવે.

વસુદેવ પર જરાસંધ ખૂબ પ્રસન્ન થયા ખૂબ ભેટો આપી અને પોતાની પુત્રી જીવયશાની સાથે લગ્ન કરવા વિનવણી કરી. પણ વસુદેવને જીવયશા સાથે લગ્ન કરવાની મુદ્દલ ઈચ્છા ન હતી. તેણે જરાસંધને કહ્યું–"મોટાભાઈને

મળ્યા પછી વાત વિચારાશે. અને આમેય આ યુદ્ધમાં ખરો યશ તો મારા મિત્ર–પુત્ર કંસને જ ઘટે છે”....

વસુદેવને રાજગૃહીથી પાછા ફરતાં જ કૌષ્ટ્રકી નામનો જ્યોતિષી મળી ગયો. તેનાથી વસુદેવે જાણી લીધું હતું કે જરાસંધની પુત્રી જીવયશા છે તો બહુ રૂપાળી, પણ તે સસરા અને પિતા બંનેયના કુળનો નાશ કરનારી છે. પોતાના મોટાભાઈ સમુદ્રવિજયને પણ તેઓએ જીવયશાના આ અપ-મંગળની વાત કરી. સમુદ્રવિજય અને વસુદેવ કોઈ જરા-સંધને નારાજ કરવા નહોતા માંગતા. પોતાના પરાક્રમના ઈનામ તરીકે પ્રાપ્ત થતી જીવયશાની સાથે પરણવાની વસુદેવને ઈચ્છા પણ નહોતી. અને તેથી જ વસુદેવે સમુદ્રવિજયની આજ્ઞા લઈને જરાસંધને કહેવડાવવાનું વિચાર્યું કે આ વિજય ખરેખરો કંસને જ આભારી છે. માટે જીવયશાના લગ્ન કંસની સાથે જ જરાસંધે કરવા. પણ સમુદ્રવિજય જાણતા હતા કે એક વણિક પુત્ર કંસની સાથે જરાસંધ પોતાની પુત્રી જીવયશાને નહીં પરણાવે.

❋ કંસ કોનો પુત્ર ?

વસુદેવે કહ્યું, “ઘણીવાર કંસને પોતાને ય એમ લાગે છે કે પોતે વૈશ્ય નથી. મને ય એમ લાગે છે કે આ ક્ષત્રિય

પુત્ર જ હોવો જોઈએ. નહીં તો મારી છાતી ય ધડકાવી દે તેવું પરાક્રમ કરી શકે? અને એનો નિર્ણય એના પિતા સુભદ્રને પૂછવાથી જ ખબર પડે.

સમુદ્રવિજયે સુભદ્રને બોલાવ્યા. તેના પુત્રના પરાક્રમની વાત કરતા સમુદ્રવિજયે કહ્યું—અહો! કયાં તમારી વેપાર કુશળતા? અને કયાં તારા પુત્ર કંસની યુદ્ધ કુશળતા?.... બેનો મેળ નથી મળતો. આ વાતને કંઈક સમજાવશો?.... અને પોતાના પુત્ર કંસના પરાક્રમથી ખુશ થયેલ સુભદ્રએ સાચી વાત કરી દીધી.....

તેણે કહ્યું—"રાજન્! સમુદ્રવિજય! આપ ચતુર છો! આવો પરાક્રમી પુત્ર મારે ત્યાં કયાંથી હોય? તમારી શંકા યોગ્ય છે....પણ રાજન્! આ મારો પાલિત પુત્ર છે....સગો પુત્ર નથી. મેં એને મોટો કર્યો છે. મારો એના પર પ્રેમ છે. પણ એ મારો પુત્ર નથી...."

સમુદ્રવિજય પૂછે છે—"તો આ કોનો પુત્ર છે?" સુભદ્રે જણાવ્યું— "મને તો યમુના નદીમાંથી કાંસાની પેટીમાંથી આ બાળક મળ્યો હતો. તેમાંથી એક મણિમય વીંટી પણ મને મળેલી. આ મણીમય વીંટી પર 'ઉગ્રસેન' એવું નામ પણ લખેલું હતું. આની સાથે જ રાજન્! જ્યારે પુત્ર મને પ્રાપ્ત થયો ત્યારે એક લેખ સાથે હતો. લેખમાં જણાવ્યું હતું કે "આ મથુરા નરેશ ઉગ્રસેનની રાણી ધારિણીનો પુત્ર છે." રાણીને આ પુત્ર ગર્ભમાં આવતાં જ પોતાના પતિનું માંસ ખાવાના દોહલા થયેલાં રાજ્યમંત્રીએ કોઈપણ રીતે તે દોહદ પૂર્ણ કર્યો. પોષ વદ ચૌદશના આ બાળકનો જન્મ થયો છે.

પણ આવો પુત્ર પિતૃવૈરી હોય....તેમાં શંકા નથી, તેથી

જન્મતાંની સાથે જ ધારિણી રાણીએ આ પુત્રને યમુનામાં વહાવી દીધેલો...

સમુદ્રવિજયે જાણ્યું કે આ તો અમારો જ પિતરાઈ બંધુ છે, ક્ષત્રિય છે.

❋ કંસના જીવયશા સાથે લગ્ન.... પિતા ઉગ્રસેનને કેદ....

કંસ જોડે જીવયશાના લગ્ન થયા તેમાં વસુદેવને પણ આનંદ હતો. કારણ કે આ કંસ માત્ર સિંહરથને મારી શાંત થાય એવો નહોતો. વસુદેવ પર પણ જાણે અધિકાર જમાવવાની કોશિષ કરતો હતો. પરિણામે કંસને પોતે ઉગ્રસેનનો તે પુત્ર છે અને તેનો પાલક પિતા સુભદ્ર છે–તે વાતની જાણ કરવામાં આવી. જરાસંધે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે જીવયશાને તો કંસ સાથે પરણાવી દીધી.

કંસ માથાભારે હતો. એકવાર જીવયશા સાથે તેણે લગ્ન તો કરી દીધા. પણ પિતા સુભદ્રને તે કહેતો તમે પાલક બાપ થઈને મને જાળવ્યો. પણ મારા બાપ–ઉગ્રસેનને મને પાળતાં શું વાંધો આવ્યો? અને તેને ઉગ્રસેન ઉપર ગુસ્સો આવ્યો. શૌર્યપુરથી તે મથુરા ઉપડયો....પોતાના પરાક્રમથી તેણે મથુરાને ઘેરો ઘાલ્યો. મથુરાધિપતિ ઉગ્રસેન હારી ગયા. પણ જ્યારે તેમણે જાણ્યું કે તેઓ બીજા કોઈથી નથી હાર્યા....બીજા કોઈથી નથી પકડાયા પણ પોતાના જ પુત્રથી પકડાયા છે. ત્યારે તેમને આનંદ થયો. બંધનમાં

હોવા છતાં પુત્ર દર્શનથી ખુશ થઈ ગયા હતા અને પોતાના પુત્રના વિજયને પોતાનો જ વિજય માની હરખાયા હતા.

કંસે મથુરાનું રાજ્ય પોતાને આધીન કર્યું. પોતાના પાલક પિતા સુભદ્ર વિગેરેને મથુરા બોલાવ્યા અને જાણે પોતાના જન્મદાતા પિતા હોય તેમ કૃતજ્ઞ ભાવે તેમની સેવા કરવા લાગ્યો.

⁂ વસુદેવ મહેલમાં કે જેલમાં

બેન કુંતી! હવે વસુદેવ આ વિજય બાદ નગરમાં યથેચ્છ વિહરવા માંડ્યા. વસુદેવ તો આમેય રૂપાળા અને પાછા બનીઠનીને ફરે. શહેરની સ્ત્રીઓ તેમના તરફ નજર માંડી જાય અને વસુદેવ પણ છેડછાડ કરી બેસે, ડાહી પ્રજાને આ ન ગમ્યું. આવો અધિકારી લોકોની વચમાં આવું હીન કાર્ય કરે તે લોકોથી સહન ન થયું.

સમુદ્રવિજય પાસે ફરિયાદ પહોંચી. સમુદ્રવિજયે ખૂબી કરી. એક વિશાળ મહેલ તેની ક્રીડા માટે તૈયાર કરાવ્યો. વસુદેવને ખબર પણ ન પડવા દીધી કે તેને આ મહેલમાં શા માટે રોકી રાખ્યો છે. ખરેખર તો આ મહેલ એ એક જેલ હતી. પણ વસુદેવ તે સમજી નહોતો શકયો. તે એમ સમજતો હતો કે મને અહીં આનંદ–પ્રમોદ માટે રાખ્યો છે. મહેલમાં એકવાર દાસીની સાથે વધારે પડતી છેડતી કરી. દાસીએ પણ વસુદેવની પરવા કર્યા વિના કહી દીધું,– "મોટાભાઈએ આ જેલમાં તને પૂર્યો છતાંય તું સીધો ન થયો. ગામના લોકો તારી છેડછાડથી કંટાળ્યા હતા. એટલે

જ તને અહીં જેલ જેવા મહેલમાં ગોંધી રાખ્યો છે. તાકાત હોય તો બહાર નીકળ....ખબર પડે !"

વસુદેવને ખૂબજ આશ્ચર્ય થયું તેને હવે સમજાયું કે સમુદ્રવિજયે તેને મહેલમાં સુખ આપીને ખરી રીતે નગરજનોથી દૂર કર્યો હતો. સમુદ્રવિજયનો આશય સુંદર હતો. પણ વસુદેવને વાંધો પડયો. તેનાથી આ સહન ન થયું. તે ચૂપચાપ નીકળી ગયો. મહેલમાંથી કયાં ગયો તેની કોઈનેય ખબર પડી નહીં—ખૂબ શોધા—શોધ થઈ. ત્યાં ગામ બહાર એક સળગતું મડદું દેખાયુ. વસુદેવ જ હોવા જોઈએ તેવું સહુને લાગ્યું. વધુ તપાસ કરી તો એક ચિઠ્ઠી મળી આવી ....તેમાં સ્પષ્ટ લખ્યું હતું કે....

"पुंसो यस्य गुरुन् याव-दुपालम्भः प्रवर्तते ।
तस्य श्रेयस्करो मृत्यु-र्जीवितं तु त्रपाकरम् ॥
ततः शौरिः कृतोद्वेगो, गुरुणामगुणैकभूः ॥
विरचय्य चितामत्र, कृशानुमविशद् स्वयम् ॥"

"જેના માટે પોતાના વડીલોને ઠપકો સાંભળવો પડે તેવા (નિર્ગુણી) માણસ માટે મૃત્યુ એ જ સારૂં કહેવાય. આવા માણસનું જીવન તો એક શરમરૂપ જ છે ! આ જ કારણથી પોતે ઉદ્વેગ પામેલો, અને પોતાના વડીલ માટે દોષની ખાણ જેવો બનેલો આ શૌરિ પોતે જાતે જ ચિતામાં પ્રવેશ્યો છે...."

સમુદ્રવિજયને અને સારીય શૌરીપુરીને અપાર દુઃખ થયું....કંસ પણ ચમકી ઉઠયો—"આ વસુદેવે શું કર્યું !"

(પૃ. ૧૨૧ ઉપર જુઓ)

卐 卐 卐

ક્રમાંક–૬

❀ પ્રવચનસાર

卐 મહાભારત એક ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ છે. વિચારકો જણાવે છે કે ઈતિહાસની કાવ્યમયતા–કાવ્ય કરતાં પણ વધુ સુંદર હોય છે. દુનિયાનો કોઈ પણ કલ્પનાકારક મહાભારત જેવા કાવ્યની કલ્પના કરી શકે તે શકય લાગતું નથી.

卐 સહજ જીવનનો સચોટ નમૂનો બાળકનું જીવન છે....

卐 સંજ્વલનના કષાયો કેવા હોય એતો શાસ્ત્રમાં સૈદ્ધાંતિક રીતે (theoratical) બતાવાયું છે. પણ તે તેનું (Practical) પ્રાયોગિક ઉદાહરણ બાળક છે. માટે જ મહાપુરૂષોએ પણ બાળક જેવી નિર્દોષતાની માંગણી કરી છે....

卐 તમે રૂમાલ પાથરીને બેસો છો અને ઊઠતી વખતે ઝાટકીને–ખંખેરીને ઊઠો છો. કેવો સુંદર ક્રમ છે. તેવી જ રીતે કોઈ પણ વાત કર્યા બાદ મનને ખંખેરી નાંખતા હોય તો ? હરખ કે શોક જે વાત ત્યાં પતી ગઇ હોય તેને ઝાટકીને ઊઠવું–તો મન સદા ખુલ્લું રહેશે અને શાંત રહેશે.

卐 સાચો 'લીડર' નેતા એ કહેવાય કે જે પક્ષને સત્ય તરફ દોરી જાય. જેને ખોટા પક્ષના પણ હિતો જાળવવાના કામ કરવા પડે છે તે ખરી રીતે પાર્ટી 'લીડર' નથી. પાર્ટી લેબર છે. પક્ષનો મજૂર છે.

卐 અમે પણ ચાલીને વિહાર કરીએ છીએ. વારંવાર જોઈએ છીએ કે રોડ પર જેટલા અકસ્માતો થાય છે તેમાંના મોટા ભાગના overtake (ઓવરટેઈક) માં થતા હોય છે. આ સંસારમાં પણ જ્યાં overcake થાય છે ત્યાં અકસ્માત થાય છે.

卐 (ગાંધારીએ કુંતીને પાછળ પાડવા ખૂબ પ્રયત્નો કર્યા પણ જાણે કુંતીએ (overtake) ઓવરટેઈક કર્યું. ગાંધારીને ગર્ભ પહેલાં રહ્યો પણ જન્મ તો કુંતીએ જ યુધિષ્ઠિરને પહેલાં આપ્યો. આ પણ તેમની ભાવિ ઈર્ષ્યાનું એક કારણ બન્યું હતું.)

卐 તમે બધા માનો છો કે સંપત્તિ, સામર્થ્ય અને શક્તિ હોવી એ સુખ છે. પણ હું તમને સાબિત કરાવી આપું કે એ બધુ દુઃખ છે. તમારી મોટર–તમારી સંપત્તિ જોઈને જ્યાં સુધી તમે કોઈને હતાશા – નિરાશા કે નિસાસા નાંખતા નથી જોતાં ત્યાં સુધી તમને તમારી મોટર આવ્યાનો આનંદ નથી લાગતો. અર્થાત્ તમને તમારા સુખનો રંગ જામેલો ત્યારે જ લાગે છે કે તમારા સુખથી કોઇ દુઃખી થાય. જો તમારી સંપત્તિ એ સુખ હોત–તો તેને બીજાને સુખ આપ્યું હોત અને બીજાને સુખ આપવા વડે જ તમે સુખી બન્યા હોત.

卐 ગાંધારીને કુંતીના પુત્ર જન્મના કોઇપણ લક્ષણો દેખાતા નથી. કુંતી દુઃખી લાગે છે. તે જોઇને ગાંધારીને પોતાના માતા બનવાના દિવસો પરમ સુખના લાગે છે....ઈર્ષ્યાળુનું સુખ કોઈના દુઃખમાંથી જ પાકે છે.

卐 પુણ્યશાળી સામે લડવું જ નહીં, પણ તેની સાથે સ્પર્ધા કરવાની જરૂર પડે તો ય "પુણ્ય" એકકું કરતાં શીખવું. પાપનો ભાર તો કદી ન વધારવો.

卐 કુંતીને ગાંધારી સાથે સ્પર્ધા કરવી પડી, પણ કુંતીએ તે માટે પુણ્યોપાર્જનના જ માર્ગ લીધા, નહિ કે પાપ વૃદ્ધિના....

卐 ગરીબમાં ગરીબ પાસેથી શ્રીમંતમાં શ્રીમંત માણસે મેળવવા જેવી ચીજ એક જ છે. અને તે તેની ઠારેલી આંતરડીના આશીર્વાદ.....

卐 વડીલોના આશીર્વાદ અને લોકોની શુભેચ્છા એ પણ દીર્ઘાયુ બનવાની રામબાણ દવા છે.

卐 કોઈને ઠારી ન શકો તો કંઈ નહીં પણ કોઈને ઠાર કરવાનું કામ ન કરતા.

卐 કોઈના ય નિસાસા લેશો નહીં. નિસાસાનું નઠારૂં ફળ આ જન્મમાં જ દેખાય છે.

卐 કુંતીના નિસાસા ન લીધાં હોત તો કદાચિત્ ગાંધારીની પ્રસૂતિ આટલી લંબાત નહીં. તેને જ પહેલો પુત્ર જન્મત....

卐 તમે દુર્જનથી દૂર રહેશો તો તમારો એકલાનો પુણ્યોદય જાગૃત થશે પણ તમે દુર્જનતાથી દૂર રહેશો તો તમારી સાથે લાખોનો પુણ્યોદય તમે જાગૃત કરી શકશો.

卐 'શક્તિ' એ પાપ નથી. પણ, એ શક્તિથી પ્રગટેલી મસ્તી એ પાપ છે.

卐 આયુષ્ય લાંબુ રાખવાના હજારો ઉપાયોનો એક સુંદર ઉપાય છે–" જીભ ટુંકી રાખવી".....

卐 આજના વ્યાખ્યાનના સાર રૂપે હું એક જ કહીશ કે સુખ–સંપત્તિ માંગો તો કુંતી બ્રાન્ડની જ માંગજો. ગાંધારી બ્રાન્ડની કદાપિ નહીં. કુંતી પોતાના સુખે સુખી છે. ગાંધારી બીજાના દુઃખે સુખી થાય છે.

卐卐卐卐卐

વાત નાની ભાત મોટી

❋ "એ મારી દીકરીને મારે તો હું એની વહુને મારું."

ક્રોડ' તિ શેઠની એક વહાલી પુત્રી હતી. સાસરે ગઈ છે.... પતિને ધમકાવવા પ્રયત્ન કરે છે. પતિ જોરદાર છે. એક લાફો ગાલ પર મારે છે છે....પેલી ક્રોડપતિની પુત્રી કહે છે–"હું મારા બાપને ઘેર જઈશ." પતિએ ઠંડે કલેજે કહ્યું–"Good Bye" તમને વિદાય....ઘેર જઈને તે દિકરીએ બાપને ખૂબ ચઢાવ્યો.... અને કહ્યું કે "પિતાજી ! તે મને લાફો માર્યો તેમાં મારું નહીં પણ આપનું અપમાન છે. આવો સામાન્ય માણસ આપના જેવાની દીકરીને મારે, તે સારૂં નહીં...."

બાપે પણ સાંભળ્યું. દીકરીની આ વાત સમજ્યો. પણ બાપ કાચા કાનનો નહીં....પાકી સાનનો હતો.... ગુસ્સો કરતાં ઊભો થયો....અને બોલ્યો. "એ સમજે છે શું ? હમણાં ખબર પાડી દઉં. અને દીકરી પાસે આવ્યો.

"બોલ, બેટા ! એણે તને કયા ગાલ ઉપર માર્યું હતું ?"

"બાપુજી ! જમણા ગાલે"....અને ત્યાં બાપે હાથ વીંઝતા તેના ડાબા ગાલ ઉપર બીજી ચડાવી દીધી. દીકરી તો આ આકસ્મિક હુમલાથી ડરી ગઇ....

બાપ બોલ્યો–"શું કરું ? મેં મારા જમાઈનો બરાબર બદલો લીધો છે. એણે મારી દીકરીને જમણે ગાલે લાફો માર્યો તો મેંય એની વહુને ડાબા ગાલે લાફો માર્યો છે.

દીકરી તરત સમજી ગઈ. બાપ ખૂબ સમજદાર છે. અને મને સાચી સમજ આપી દીધી છે. દીકરીની આંખ ખૂલી અને સીધી પોતાને ઘેર પહોંચી ગઈ....

"કોઈના ચઢાવ્યા ચઢો નહીં, પણ સહુને વાસ્તવિકતાનું ભાન આપો."

કથાસાર

(પૃષ્ઠ ૧૧૫ થી ચાલુ)

❋ વસુદેવના આઘાતથી માતા સુભદ્રાનું મૃત્યુ

વસુદેવના આવા આકસ્મિક આઘાતથી સમુદ્રવિજય મૂર્છિત થઈ જાય છે. નાનો ભાઇ આત્મહત્યા કરી નાંખશે એવી સમુદ્રવિજયને જરાય કલ્પના ન હતી, ! મૂર્છા વળતાં પુનઃ પોતાના ભાઇને પોકારે છે. નગરજનો ખૂબજ આશ્વાસન આપે છે. એક મહાન સમ્રાટ થઈને બાળકની માફક રૂદન ન કરવા સહુ સમજાવે છે. પણ....સમુદ્રવિજય જાણે છે કે વસુદેવની આત્મહત્યાના પાપના પોતે ભાગીદાર બન્યા છે વસુદેવ જેવા વ્હાલા પુત્રનો આઘાત માતા સુભદ્રા કોઇ પણ રીતે સાંખી નહીં શકે. સમુદ્રવિજયની કલ્પના સાચી જ નીકળી. માતા સુભદ્રાએ વસુદેવના મૃત્યુના સમાચાર મળતાં હૈયાફાટ રૂદન શરૂ કર્યું.

ચાહે રાજદરબારનો માનવી હોય યા પગથાર પરનો માનવી હોય પણ હૈયું તો બધાને સરખું જ હોય છે. રાજમાતા સુભદ્રાના આ વિલાપે પથ્થરોને પણ પીગળાવી દીધા. સમુદ્રવિજયને પોતાનું જીવન અસાર લાગવા માંડયું. આ રાજ્ય વહીવટો અને વહીવટીય ખટપટો તેને નિઃસાર ભાસવા માંડી. સમુદ્રવિજયે અથાગ પ્રયત્નો માતા સુભદ્રાને આશ્વાસન આપવા કર્યા પણ સુભદ્રાનો શોક જરાય ઓછો

ન થયેા. સવારથી સાંજ સુધીના સતત રૂદને તેનું હૈયું શેકી નાંખ્યું. ખાનપાન ત્યાગીને બાવરી બનેલી માતા સુભદ્રા આખરે વસુદેવના વિયેાગમાં ને વિયેાગમાં જ મૃત્યુ પામી. સમુદ્રવિજયના અંતરમાં આ ઘટનાએ ખૂબ જ ઊંડી અસર પહેાંચાડી હતી.

વર્ષોના વ્હાણા વાયા. ધીમે–ધીમે બધું ભુલાતું ગયું. **આ સંસારમાં હર્ષરૂપ નાટક પણ સાચું નથી અને શેાક રૂપ નાટક પણ સાચું નથી... સાચું જો કેાઈ હેાય તેા પેલું સ્ટેજ જ છે; જેને દરેક નાટકમાં સાક્ષી રહેવાનું હેાય છે છતાંય તે દરેક નાટકથી દૂર જ હેાય છે....**

❋ સમુદ્રવિજય રેાહિણીના સ્વયંવર મંડપમાં

અપાર શેાકમગ્ન સમુદ્રવિજયને પેલા કૌષ્ટ્રુકી નિમિત્તિ-ચાએ આવીને કહ્યું “ સ્વામી ! તમે ગમે તેમ કહેા પણ.... વસુદેવ જીવે છે. સ્વામી, તમારેા અને વસુદેવનેા મેળાપ અવશ્ય થશે. સવાલ થેાડા સમયનેા છે. ’ આ સમાચારથી સમુદ્રવિજય કંઈક પ્રસન્ન થયા. જો કે આ સમાચાર પણ મેાડા જ હતા. મા–તેા વિલાપમાં મૃત્યુ પામી હતી છતાંય અંધુના પુનઃ મિલનની આશાએ સમુદ્રવિજય દિવસેા વિતાવી રહ્યા હતા. વસુદેવના ગૃહત્યાગને વર્ષો વીતવા આવ્યા હતા. એક દિવસ એક દૂતે સમુદ્રવિજયને આવીને સમાચાર

આપ્યા– " સાહેબ ! અરિષ્ટનગરના રાજા રુધિરનું આપને આમંત્રણ છે. રાજા રુધિરની પુત્રી રોહિણીનો સ્વયંવર મંડપ રચાયો છે, આપ પધારો."

સમુદ્રવિજયને હવે કોઇ સ્ત્રીની સ્પૃહા ન હતી. હજી વર્ષોથી ડંખતો પેલા બંધુ (શૌરિ) વસુદેવનો શોક હળવો થયો નથી. આ અવસરે જરા મન હળવું થશે, એવું ધારી સમુદ્રવિજયે પણ પોતાના ભાઈઓ અને વિશાળ પરિવાર સાથે અરિષ્ટનગર તરફ પ્રયાણ આદર્યું.... આ સ્વયંવર મંડપમાં જરાસંધ જેવા મહાયોદ્ધા પણ આવ્યા હતા. સમુદ્રવિજય તેઓની સાથે સ્વયવંર મંડપમાં બિરાજયા.

❋ રોહિણીએ કરેલી પડહવાદકની પસંદગી

પેલી દાસીઓ દેશ–દેશના અનેકાઅનેક રાજાઓના– રાજકુમારોના ચરિત્રો બોલતી જાય છે. પણ રોહિણીનું મન કયાંય સ્થિર થતું નથી. પેલો ખૂણામાં ઊભેલો એક પાટહિક (ઢોલવગાડનાર)છે તેના પર રોહિણીની નજર વારંવાર જાય છે. રોહિણી કોઈપણ રાજાની સામે ન જોતાં વારંવાર પાટહિક સામે જુએ છે. તે કોઈ રાજપુત્ર હોય તેવું તો કોઈ જોય નથી લાગ્યું છતાંય રોહિણી ત્યાં શા માટે અટકે છે તેનું બધાને આશ્ચર્ય છે. પણ ત્યાં જ પેલો કુબડો દેખાતો પાટહિક બોલી ઊઠે છે " આવ, સ્વરૂપવંતી ! આજે મને તારી વરમાળાથી ખરીદી લે. પછી હું તને આધીન જ છું." આવા કુરૂપવાળા કુબ્જના ગળામાં રોહિણી માળા નાંખે છે. અને સ્વયંવર મંડપમાં હાહાકાર થઈ જાય છે. શું આ રાજા

રુધિર છે ? શું તેની પુત્રી મૂર્ખ છે ? રાજપુત્રને છોડી આવા હાલતા–ચાલતા સાથે લગ્ન કરવા હતા તો અહીં બધા રાજકુમારોને શા માટે બોલાવ્યા ?

જરાસંધે બધા રાજાને આવા અવિવેકી રાજા રુધિર સાથે યુદ્ધ કરવા એલાન કર્યું. રુધિર પ્રચંડ રાજવી હતો. છતાંય બધાય રાજાઓએ તેને નિઃસહાય કરી નાંખ્યો. અને ત્યાંજ પેલા કુબડાએ ઢોલ–વાદકે રણમેદાનમાં પ્રવેશ કર્યો. સૂર્યનો પ્રકાશ અંધકારને ભેદે તેમ તેણે તે બધા રાજાઓનું ઠેકાણું પાડી નાંખ્યું.

❋ વસુદેવનું પ્રગટીકરણ

જરાસંધે જોયું કે આ કોઈ પ્રતાપી પુરુષ લાગે છે. પોતાના પક્ષનો પરાભવ જોઇને જરાસંધે પોતાના મિત્ર સમુદ્ર-વિજયને કહ્યું, "બંધુ ! હવે આ આબરુનો સવાલ છે. ભલે તમે પરણવા ન આવ્યા હોય પણ....અમારા પક્ષમાં છો. ગમે તેમ કરીને પેલા કુબડા ઢોલીને તો રણમેદાનમાંથી હટાવો, તમારું શૌર્ય બતાવો. આજે તો ક્ષત્રિયોની લાજ રાખો. અને ત્યાં જ શૂરા ક્ષત્રિય સમુદ્રવિજયે રણ મેદાનમાં પ્રવેશ કર્યો. સામે પેલો ઢોલી જે કુશળતાથી બાણો ચલા-વતો હતો. તેનાથી સમુદ્રવિજયને શંકા થઈ કે આ કોઇ પ્રતાપી પુરુષ છે. ભલે રૂપ ઢોલક વગાડવાવાળાનું છે. પણ છે કોઈ ક્ષત્રિયનો નબીરો. જેવું રૂપ દેખાય છે તેવું રૂપ

તેનું હોત તો રોહિણી એના ગળામાં માળા નાંખે ખરી? રોહિણીને તો આ દેવકુમાર જ દેખાતો હશે. અરે! આ કોઈ વિદ્યાધર કે દેવ જ હોવો જોઈએ. આવા વિચારમાં સમુદ્રવિજયને પડેલા જાણીને એક બાણ પર પોતાની ઓળખાણ લખીને પેલા ઢોલકવાદક-કુબડાએ તો બાણ સમુદ્રવિજયના ચરણમાં ફેંકયું. સમુદ્રવિજયે એ બાણ હાથમાં લીધું અને તેના અક્ષરો વાંચવા માંડયા....

"જે તમને મડદાના બહાનાથી છેતરીને પહેલાં તમારા નગરથી નીકળી ગયો હતો તે જ આ વસુદેવ આપ મોટાભાઈ [સમુદ્રવિજય]ના ચરણકમળમાં નમસ્કાર કરે છે."

બાણના અક્ષરો વાંચતા જ સમુદ્રવિજયના આશ્ચર્યનો પાર ન રહ્યો. ક્ષણવારમાં તે રથ પરથી નીચે ઊતરી ગયા. અને "ઓ પ્યારા વાસુદેવ! ઓ વત્સ...." એવા પોકાર કરતાં તે તરત જ વસુદેવને ભેટવા દોડયા. વસુદેવ પણ મોટાભાઈના આ પ્રેમને જોઈને મુગ્ધ થઈ ગયો. અને ભાઈના ચરણમાં ઝુકી પડયો, હર્ષાશ્રુની વર્ષાથી વસુદેવે મોટાભાઈ સમુદ્રવિજયના ચરણો પ્રક્ષાલી નાંખ્યા. આ બંનેય ભાઈઓનુ આવું અદ્‌ભુત મિલન બે ભાઈઓ તો જાણે સમજ્યા પણ રાજા રુધિર, રાજા જરાસંધ અને અન્ય રાજાઓના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. આ ઢોલવાળાને અને આવા મહાન સમુદ્રવિજયને ભેટતા જોઈને જરાસંધે પણ તરત જ ત્રાડ પાડી. "રણમેદાનમાં વળી આ શું લીલા ચાલી?" ચતુર વસુદેવ બધાના આશ્ચર્યનું કારણ સમજી ગયા અને ક્ષણવારમાં પોતાનું રૂપ પરાવર્તન કરી વસુદેવ રૂપે પ્રગટ થયા. હવે તો કોઈને પણ પ્રશ્ન ન રહ્યો. કેટલાયને વસુદેવને

રોહિણી મળે તે નહીં ગમ્યું હોય પણ હવે આ બળિયા સામે બોલવાનું કશું રહ્યું ન હતું. સમુદ્રવિજયે કહ્યું–ભાઇલા! આ તેં શું કર્યું ? તારી આ નાદાનીથી માતા ચાલ્યા ગયા. ભલે, જેવી ભવિતવ્યતા ! હવે ઘેર ચાલ. હવે મને વિરહમાં ન રાખીશ. વસુદેવે કહ્યું–બંધુ ! તમારી આજ્ઞા પ્રમાણ છે. પણ આ વર્ષો દરમ્યાન મેં ખૂબ ભ્રમણ કર્યું છે. ઘણે ઘણે ઠેકાણે હું ગયો છું. અને ભાઈ ! મેં ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા છે. આ બધાને હવે હું સાથે લઇને સમયે આવી જઈશ. મોટાભાઇ આપ મારી ચિંતા ન કરશો.

❋ રોહિણીના વસુદેવ સાથે લગ્ન

આ તરફ મહરાજા રુધિરે પણ પેલા પડહવાદક–ઢોલી પોતે જ વસુદેવ છે એમ જાણ્યું ત્યારે ખુશ–ખુશ થઇ ગયા. પોતાની પુત્રી રોહિણીના લગ્ન ધામધૂમથી વસુદેવ સાથે કર્યા. આ તરફ સમુદ્રવિજય જેનું બીજું નામ 'દેવ' પણ છે તે પોતાના નગર તરફ આનંદિત થતા પાછા આવ્યા છે. પોતાના ભાઇના પરાક્રમને વાગોળતા દેવ (સમુદ્રવિજય) આનંદથી દિવસો પસાર કરી રહ્યા છે. ત્યાં જ ઉત્તરદિશામાં એક ગગન ભેદી અવાજ આવ્યો. સમુદ્રવિજય આદિ સહુ ઉત્તરદિશામાં નગરની બહાર હાજર થયા. ધીરે ધીરે એક દિવ્ય વિમાન આવતું દેખાયું. લોકોની ઉત્કંઠાનો પાર ન રહ્યો. કોનું આ વિમાન હશે ? કોણ આ વિમાનમાંથી ઉતરશે ? એવા હજારો વિતર્કો સહુએ કર્યા.

⁂ વસુદેવના મથુરામાં દેવકી સાથે લગ્ન

રાજા સમુદ્રવિજય આવતી આફતનો સામનો કરવા અને કોઈ દિવ્ય પુરૂષ હોય તો સત્કાર કરવા સજ્જ થયા છે. ત્યાં જ વિમાનમાંથી ઉતરવા વસુદેવને જોઈને સહુએ ગગન ભેદી જય ધ્વનિ કરીને વસુદેવને વધાવ્યા. વસુદેવ પોતાના વચન પ્રમાણે પોતાના સમસ્ત પરિવારને લઈને આવ્યા હતા. નગરી પણ આનંદિત બની ગઇ હતી. સમુદ્રવિજયે પણ પોતાના આ નાનાભાઇની ભવ્ય વિભૂતિની ઈર્ષ્યા ન કરતાં એક ભવ્ય સ્વાગત મહોત્સવ કર્યો. વસુદેવના નગર પ્રવેશની વાત સર્વત્ર પ્રસરી ગઈ. કંસે પણ આ સમાચાર જાણ્યા. હવે પોતાના દરેક રીતે સમૃદ્ધ થઈ ગયેલ મિત્ર વસુદેવને મળવા તે ખાસ મથુરાથી આવ્યો. વસુદેવની સાથે કંસે અહીં ગાઢ મૈત્રી બાંધી. કંસે થોડા દિવસ બાદ સમુદ્રવિજયને એક વિનંતી કરી. તેની ઇચ્છા આ શૌરી વસુદેવને મથુરા લઇ જવાની હતી. બળવાન અને પુણ્યશાળીને આખું જગત ઝંખે છે.

વસુદેવ પણ કંસ સાથે પોતાના સંબંધો અવશ્ય ટકી રહે તેવા પ્રયત્નમાં હતા. કંસે વસુદેવને સસ્વાગત મથુરામાં લાવી કંસે પોતાના પિતરાઈ દેવકની પુત્રી દેવકીના લગ્ન વસુદેવ સાથે નક્કી કરાવ્યા. કંસે એકવાર યુદ્ધમાં સહાય કરી હતી. બીજીવાર દેવકી જેવી સુયોગ્ય અને મહાન રાજકુમારીના લગ્ન કરાવીને વસુદેવને ખૂબ આભારી બનાવી દીધો. વસુદેવ પોતે ખૂબ જ પ્રબળ યોદ્ધો હોવા છતાંય ભૂતકાળની કંસની સિદ્ધિને તે કદી ભૂલી શકે તેમ ન હતો. કંસનું વચન ઓળંગવું તે વસુદેવ માટે કયારેય શકય ન હતું. કંસનો પણ વસુદેવ તરફ આદરભાવ વધતો જતો હતો.

દેવકીના લગ્નની ઉજવણી ખૂબ ઠાઠથી થઈ હતી. ઉત્સવમાં આખું રાજ્ય ગાંડું–ઘેલું બની ગયું હતું. કંસની પત્ની જીવયશા તો જાણે આ પ્રસંગે પાગલ જ બની ગઈ હતી. આજે પોતાની સ્વાભાવિક મર્યાદાઓને ઓળંગી તે નાચગાનમાં મસ્ત બની ચૂકી હતી. **સત્તા યૌવન અને રૂપ આ બધાના ઉન્માદો શરાબના ઉન્માદ કરતાંય ભયંકર હોય છે.** આજે ગાંડા હાથી જેવી ફરતી જીવયશાએ મન ભરીને નાચગાન કરવા માંડયાં- નાચમાં એટલી બધી મસ્તી ચડી કે સમયનું કશું જ ભાન ન રહ્યું.

❋ જીવયશાનું ગાંડપણ અને અતિમુક્તક મુનિની ભવિષ્યવાણી

આ પ્રસંગે જ એક મુનિ મહારાજ વહોરવા આવ્યા. 'ધર્મલાભ'નો ઉદ્‌ઘોષ કર્યો. જીવયશાએ જોયું 'મુનિ' છે. અને એય પરિચિત છે. તેણે મુનિને ઓળખી લીધા. એ મુનિ કંસના જ લઘુ બંધુ છે. અતિમુક્તક તેઓનું નામ છે. ઉન્મત્ત જીવયશાએ કહ્યું ઓહ દિયર ! આવો, બરોબર સમયે તમે આવી ગયા છો. ઘેર લગ્ન પ્રસંગે પધાર્યા છો તેથી ખુબ આનંદ આવ્યો, હવે તમારી સાથે હું નાચ કરું. અને કોણ જાણે આજે તેને શું સૂઝયું ? વાળ છૂટા કરીને મસ્તક ધુણાવવા માંડી. કંચુકી અને નિવી બેયને જાણે ઢીલી કરવા માંડી.

કામના વિકારોને જગાવીને તેણે જાણે મુનિને એક મોટી ચેલેન્જ આપવા માંડી. મુનિના કંઠમાં બળાત્કારે પોતાના બાહુ લગાડી દીધા અને જોરથી તેમને પણ પોતાની સાથે

નચાવવા લાગી. ત્યાં જ અતિમુક્તક મુનિ આવું અનિચ્છનીય વાતાવરણથી ડઘાઈ ગયા. તેમના હૈયામાં આઘાત લાગ્યો. કુળપરંપરાનો નાશ....સાધુની સાથે આવો અવિનય....આવી ઉદ્ધતાઈ ! તેથી તેમનામાં ક્રોધ વ્યાપી ગયો. મન પર જાણે અંધારપટ છવાઈ ગયો. જ્ઞાન હતું છતાંય વિવેક દીપક બુઝાઈ ગયો. મુનિએ જ્ઞાનથી જોયું.

મુનિ ત્રાડ પાડી ઉઠયા—"એ અધમ જીવયશા ! આ તું શું કરે છે ? આજે શેની ઘેલી બની છે ? જે દેવકીના લગ્ન પ્રસંગે તું નાચી રહી છે તે જ દેવકીનો સાતમો પુત્ર આ તારા પતિ કંસનો ઘાત કરશે."

મુનિના આ વચન સાંભળતા જીવયશાનો મદ ઉતરી ગયો. તેની ઘડી પહેલાની રંગીલી દુનિયા વિલય પામી. પોતાના ભાવિ વૈધવ્યની આકરી ઘડીની વાસ્તવિકતા દેખાવા લાગી. મુનિના નિષ્ફળ ન થનાર વચનના પરિપાકની શંકાએ જીવયશા ધ્રુજી ઉઠી.

મુનિ મહારાજ તો આ ભાવિભાવની વાત કરી પોતાના સ્થાને પધાર્યા. જીવયશાના શોકનો પાર ન રહ્યો. તેણે પોતાના પતિને વાત કરી. કંસને પણ એ વાત સાંભળતા પરસેવો થવા માંડયો. યુદ્ધ મેદાનના યોદ્ધાઓ પણ મૃત્યુ સામે આવે છે ત્યારે ગાય જેવા બની જાય છે. મુનિના વચન નિશ્ચિત હોવા છતાં ય કંસમાં વૈરાગ્ય પેદા નથી થયો. ભાવિ ભાવની સામે પણ પોતાની છાતી કાઢી લડવાનો પ્રયાસ કરે છે. એ સમજે છે મારા કુટ પ્રયત્નોથી હું મુનિના વચનને પણ નિષ્ફળ કરીશ.

⁂ દુષ્ટ કંસની અતિ દુષ્ટ યોજના

અરે ! વસુદેવના સાતમા બાળકની વાત છે ને ! એય મોટો થશે ત્યારે મારશેને ! હું તેના સાતેયમાંથી એકને પણ જીવતો નહીં રહેવા દઉં. મિથ્યાભિમાની અને અંદરના ડરપોક કંસે પોતાના મગજમાં એક ક્રુર યોજના વિચારી કાઢી.

વસુદેવ તો પહેલેથી દાક્ષિણ્યનો સાગર હતો. ભલે મનસ્વી હતો એટલે કોઈનું સાંભળી શકતો નહીં. પણ કોઈનીય પ્રાર્થનાનો ભંગ કરી શકતો ન હતો. કોઈ માંગે તો આપવું જ જોઈએ એવી જાણે તેની પ્રતિજ્ઞા હતી. કંસે આ દાક્ષિણ્યનો લાભ લેવાનું વિચાર્યું.

તેણે ધીમે રહીને વસુદેવને કહ્યું—વસુદેવ ! આ દેવકીના લગ્ન મેં જ કરાવી આપ્યા છે. આ દેવકી પર મને પહેલેથી જ પ્રેમ છે. પણ એ તો તારે ઘેર આવશે. બસ, એક જ કરજે કે જે બાળકો દેવકીને જન્મે તે મને તુરત જ મોકલી આપજે. દેવકીની પ્રેમાળ યાદમાં તેના બચ્ચાને પાળીપોષીને હું ખુશ થઇશ. વસુદેવના એકલાના અધિકારની વાત ન હતી. છતાંય તેણે પોતાની પત્ની દેવકીને મનાવી લીધી. દેવકીને કહ્યું. તારે તો બળભદ્ર વિગેરે ઘણા સુપુત્રો છે. જે કંસને મનોરથ હોય તો તેનો મનોરથ પૂર્ણ કરજે. પતિના માર્ગે ચાલનારી સતીએ પતિની વાતમાં સંમતિ તો આપી દીધી પણ કંસ બરેબરતો આ બાળકોને મારી જ નાંખવા ઈચ્છે છે. પણ ભાવિભાવ કદી મિથ્યા થતો નથી.

(અનુસંધાન ૧૩૭ ઉપર)

⁂

❋ પ્રવચનસાર

卐 મહાપુરુષો તો જીવન જીવી ગયા છે. હવે આપણને જીવન જીવવાનું શીખવાડવા ન આવે. પણ, ઈતિહાસ તેમના સફળ જીવનના પદ ચિન્હો છે. (Foot–Prints) તેમના પડેલાં પગલાં પરથી આપણે આપણો જીવન માર્ગ શોધી શકીએ છીએ.

卐 ચિંતકો કહે છે કે કોઈ પણ માનવના જીવનના બે–ચાર પ્રસંગો તો એવા હોય છે કે જે કોઈને પણ જીવન જીવવા માર્ગદર્શન પૂરું પાડે. સફળ માનવનું જીવન એ બતાવશે કે સફળતા કેવી રીતે પ્રાપ્ત થાય. નિષ્ફળ માનવનું જીવન એ બતાવી શકશે કે નિષ્ફળતાથી કેવી રીતે દૂર રહેવાય....

卐 માનવ જીવનને શ્રેષ્ઠતાની કેડી પર દોરી જવા માટે ઈતિહાસ કાળને પણ કૂદી જઈને પથ પ્રદર્શન કરે છે....

卐 વર્તમાનમાં ચાલતું રસપ્રદ મહાભારતનું વાંચન ચોક્કસ તમને અત્યારે ભીષ્મ–કુંતી–પાંડુ અને સમુદ્રવિજય વિગેરે શ્રેષ્ઠ પાત્રોની સાથે તમે જીવતા હો તેવો ભાવ પેદા કરી દેશે....

卐 જૈન ઈતિહાસના આલેખનમાં ઉપસંહાર ખૂબ સુંદર છે....પ્રાયઃ બધાં જ ઉપસંહાર એક સરખા હોય છે....

"અને....અંતે મોક્ષે ગયા કે મોક્ષ પામશે...."

જ્યાં મોક્ષ પામવાની વાત અંતમાં પણ આવતી નથી એવા ચરિત્રોના આલેખન જૈન ઈતિહાસ તરીકે કદીય શોભા પામતા નથી...

卐 કહેવતમાં આવે છે રડતી હતી ને પિયરીયા મળ્યા. પણ કહેવતકારને કોણ પૂછવા જાય કે "હસતી હતી ને પિયરીયા મળે તો શું થાય? શું સ્ત્રી વધુ હસે?"

ના, મને તો લાગે છે કે એ વધુ રડે. એ હસવાનું બંધ કરીને ય રડે કારણ "રડવું" એજ સ્ત્રીનો જન્મ સિદ્ધ અધિકાર છે.

卐 થોડું રૂદન હશે. એકવારનું હશે તો "મન" તમારી આંખને રડાવતું હશે. પણ જો હદ બહાર જઈને રડતાં થશો તો તે આંખો જ તમારા મનને રડાવતી થઈ જશે.

વારંવાર રડવાથી આંખના સ્નાયુ પણ એવા થઈ જાય છે કે જ્યાં સુધી તમે ન રડો ત્યાં સુધી તમને સંતોષ જ ન થાય. આખરે મન હંમેશ માટે રડતું થઈ જાય છે.

卐 આ આંખો વિચિત્ર છે. કયાંક તો જુએ છે કોઈ કૃપાળાને ....કયાંક તો જુએ છે કોઈ કુરૂપને....કોણ જાણે બિચારા મધ્યમ માટે તો કયાંય કલાસ જ નથી....

卐 મધ્યમ વર્ગ સૌથી વધુ દુઃખી કેમ છે? તેના કારણો ઘણાં હશે. પણ એક કારણ તો એ છે કે તે એવા ઉપલા વર્ગની પાછળ જાય છે કે જે વર્ગ તેની સામે જોવા પણ તૈયાર નથી અને નીચલો વર્ગ તેની સામે આંખ માંડીને બેઠો છે તેને મધ્યમ વર્ગ જોવા તૈયાર નથી. પરિણામે ઉપલા વર્ગનો તિરસ્કાર અને નીચલા વર્ગનો નિસાસો લઈને મધ્યમ વર્ગે જાતે જ દુઃખી થવાની પદ્ધતિ આયોજિત કરી છે.

卐 જ્યારે મધ્યમ વર્ગ નીચલા વર્ગની હાશ મેળવતો થશે ત્યારે ઉપલો વર્ગ પણ તેના પર ન છુટકે આશીર્વાદ વરસાવશે જ તે નક્કી છે.

卐 વાળમાં જ પેદા થઈને કરડતા જીવનું નામ "જુ" કહેવામાં આવે છે. પણ મગજમાં પેદા થયેલી "જુ"નું નામ શંકા છે....

卐 પોતાની જાતને સમર્થ માનનાર પણ પહેલો રોષ નિર્બળ અને નિર્દોષ પર કાઢે છે !

卐 રોહિણીએ પેલા ઢોલવાદકને વરમાળા પહેરાવી તો ગુસ્સો રોહિણી પર ઠાલવવો જોઈએ. પેલા ઢોલવાદક પર પણ ગુસ્સો હજીય કરી શકાય....પણ આજે સ્વયંવરમાં ભેગાં થયેલાંઓએ મહારાજા રુધિર પર હુમલો કર્યો. તેની સાથે યુદ્ધ કર્યું....એટલાં જ માટે શું કહેવાયું છે કે "દૈવો દુર્બલ ઘાતક :"....
નસીબ પણ નબળાને જ પહેલા પટકે છે....

卐 ચારિત્રના નિર્માણ માટે એક વાત ધ્યાનમાં રાખશો... "જે નાની બાબતમાં નબળો પડી જશે તે મોટી બાબતમાં કદીય સબળો નહીં થઈ શકે. નાની ભૂલની અપેક્ષા કરીને કોઈ નિષ્કલંક સફળ મહાત્મા બન્યો હોય તેવું ઇતિહાસમાં બન્યું નથી.

卐 વસુદેવની યથેચ્છ પ્રવૃત્તિ રોકવા માટેજ સમુદ્રવિજયે તેમને પહેલાં નજરકેદ રાખ્યા હતા. સમુદ્રવિજયનો આશય વસુદેવને શિક્ષા કરવા કરતાં પણ ભૂલની પરંપરાને રોકવાનો હતો....

卐 "ભૂલ અને ગુમડું" બંનેય જેટલાં પંપાળવામાં આવે છે તેટલાં જ વકરે છે.

卐 માનવ કદાચિત્ ૯૯ટકા દુઃખોનું સર્જન પોતાની પ્રકૃતિ–પ્રવૃત્તિ અને પરિસ્થિતિ ને ખોટી રીતે સમજવાથી જ પેદા કરે છે.

卐 સમુદ્રવિજયે વસુદેવને મહેલમાં કેદ રાખ્યા હતા તેથી વસુદેવે ખોટું ન લગાડયું હોત અને જો પોતાની પ્રવૃત્તિને સમજ્યા હોત તો....? પોતાના દોષ જોઈ શકે તે માનવ શાનો? એ તો દેવ જ કહેવાય....

卐 "ક્રોડ રૂપિયાના માલિકને આપઘાત કરવો પડયો છે" –તેવું જાણો તો તમને શું થાય?
જો ખરા ચિંતક તમે હો તો તમને ધન પરથી શ્રદ્ધા ઊઠી જવી જોઈએ.

卐 જે મળ્યું હોય તે ખટકે છે અને જે ગુમાવ્યું હોય છે તે ગમે છે. માનવ સ્વભાવની આ વિચિત્રતા છે.

卐 સમુદ્રવિજય જેવો ગુણિયલ પુત્ર માતા સુભદ્રાને આજે સંતોષ નથી આપી શકતો. પણ પેલો ચાલી ગયેલો વસુદેવ આજે સુભદ્રાના હૈયા ઉપર એવો કાણુ લઈને બેઠો છે કે તેના વિરહમાં ઝુરી ઝુરીને સુભદ્રા મૃત્યુ પામે છે. ગુમ થયેલો વસુદેવ સુભદ્રાના પ્રાણ હરે છે. પણ સાથે રહેલ સમુદ્રવિજય તેને બચાવી શકતા નથી ....મોહની આ કારમી દશા છે....

卐 "મજાક મર્યાદામાં થાય તો સારૂં" એવું કહેવાય છે. પણ ખરેખર તો મજાક છે ત્યાંજ ગંભીરતાની મર્યાદાનો લોપ થાય છે.

卐 ઉપદેશ તો અમે રોજ આપીએ છીએ પણ આજે તમને એ વ્યક્તિગત સલાહ આપવાનું મને મન થાય છે. (જો કે માંગ્યા વિના સલાહ આપવી ન જોઈએ!)
મારી સલાહ છે કે આ કાળમાં જો સુંદર ધર્મારાધના કરવી હોય તો કોઇપણ સંસ્થાના વહીવટમાં પડતાં

નહીં. આજે લગભગ સંસ્થાના વહીવટો ખટપટોના મેદાન અને રાજકારણના રણો બની ગયા છે.
જે ધર્મ કાર્ય તમારા વિના ન જ ચાલે એવું હોય તેવું કાર્ય કરીને તમે બસી જજો.

卐 દિકરો પોતાની સ્વેચ્છાથી તમારા ચરણમાં પોતાની કમાણી ન મૂકે. અને તમે ધર્મ કરવા માટે તેની પાસે ધનની માંગણી કરી અને દાન કરો તો ત્યાં સમજજો કે ધર્મારાધના તો થશે પણ સેકન્ડકલાસની....(Second Class)....

સાચું સત્વ તો ત્યાં જ છે કે કોઇની ય પાસેથી માંગવું નહીં. જે સહજભાવે પ્રાપ્ત થયું છે તેમાંથી વધુમાં વધુ આપવાનો ખ્યાલ રાખવો. નહીં તો ભલી અનુમોદના....ધર્મ કરનારા ખૂબજ છે. દાન કરનારા ખૂબ છે....સહુની અનુમોદના કરો....દાનથી થતાં ધર્મની ગણતરી કેટલાં રૂપિયા ખર્ચ્યા તેનાથી નહીં, પણ જે સહજભાવે સાત્વિકતાપૂર્વક, પ્રમાણિકતા પૂર્વક મળ્યું છે, તેમાંથી કેટલાં ટકા ખર્ચ્યા તેના પર થાય છે તે ભૂલશો નહીં.

卐 તમને લોકોને એક રોગ લાગુ પડ્યો છે કે ભર્યામાં ભરો છો અને ભૂખ્યાંને ટળવળાવો છો....જ્યાં વાજું વાગતું હોય તેવા ઠેકાણે લાખના બદલે દશલાખ ખર્ચો છો અને જ્યાં પાઈ–પાઇની મુશ્કેલી હોય છે ત્યાં તમારો હાથ પણ પહોંચતો નથી. સાચું "જૈનં જયતિ શાસનમ્" કરવું હોયતો ટોળાની પાછળ ઘસડાઈ જવાના રોગને તિલાંજલી આપો.

卐 તમે સાચા શ્રાવક છો ને ? ભલે તમેય પ્રસિદ્ધ આચાર્ય ભગવંતો અને ગુરુ ભગવંતોનો સંપર્ક રાખો....પણ તેની સાથે સુંદર ચારિત્રવાળા એકાદ એવા અપ્રસિદ્ધ અને અજ્ઞાત મહાત્માની પણ સેવામાં લાગો કે જેને ઓળખવાની પણ કોઇએ પરવા ન કરી હોય....

卐 શિંગડા મહાદેવને નથી હોતા. તેમના પોઠિયાને હોય છે. સત્તાધારીઓ કરતાંય તેમના સંબંધીઓ વધારે માથા ફેરવતાં હોય છે....સત્તાધારી તો પોતાની જવાબદારીનું ભાન રાખી તોફાન કરે છે. પણ તેમના "કૃપાપાત્રો" બેફામ અને બેભાન થઇ ને તોફાન કરતાં હોય છે. એક સફળ સત્તાધીશે તો પોતાના કહેવાતા પોઠિયાઓનાં જ "શીંગડા" બુઠ્ઠા કરી દેવાની જરૂર હોય છે.

卐 કંસની પત્ની જીવયશાએ મુનિની જે મજાક કરી છે, કદાચિત્ કંસ પણ એવી મજાક કરવાની હિંમત ન કરી શકયા હોત....પણ આ જીવયશા તો પ્રતાપી કંસની પત્ની હતી ને ?....

卐 પોતાની શક્તિ પર ગર્વ કરનાર માનવો પોતાની જાતે જ પોતાની ખાઇ ખોદતા હોય છે. પોતાના જ હાથે પોતાનું પતન કરે છે....

卐 કંસ....અતિમુક્તક મુનિની આવી ભવિષ્યવાણી હોવા છતાં ય વિચાર કરતાં નથી....પોતે અંદરથી ડરે છે.... પણ ડર પ્રગટ થઈ જાય તો પોતાની પ્રતિષ્ઠા જોખમાય તેથી કંસ ઉદ્ધત બની જાય છે. જે મુનિએ ભવિષ્યવાણી કરી છે–જે મુનિ પોતાના બંધુ છે. તેની પાસે જઈને ખુલાસો પૂછવાનું દૈર્ય અને ઔચિત્ય પણ કંસમાં નથી આવ્યું અને એ જ તેના વધનું કારણ બન્યું છે.... 卐

શ્રેણી–૮

કથાસાર

(પૃષ્ઠ ૧૩૦ થી ચાલુ)

⁘ સાતમા પુત્રના જન્મ પહેલા

કંસ માયા કરીને વસુદેવના બાળકો લઈ જવા માંડયો. સરળ વસુદેવ સમજતો હતો કે ભલે કંસ એ રીતે ખુશ થાય. દેવકી પણ આખરે એક માતા હતી. એક....બે....ત્રણ....ચાર પુત્રો થયા. દરેક વખતે તરત જ જન્મેલા બાળકોને સોંપી દેતા હવે તેનો જીવ કચવાવા લાગ્યો.

તે પતિ વસુદેવને કહેતી હશે. "ભલે તમે બાળકોને કંસને ઘેર મોટા કરવા મોકલો, પણ કોઈ દિવસ તેના ખબર અંતર કેમ નથી આવતા ? મથુરાથી આવતા વિવિધ લોકોને દેવકી પોતાના પુત્રોના ખબર અંતર પૂછતી પણ કોઈ ખુલાસાકારક જવાબ મળતો નહીં. કંસ વસુદેવને પણ કંઈક ઉટપટાંગ જવાબ આપતા રહ્યા. પરિણામે છ–છ બાળકો તો કંસને ત્યાં અલોપ થઈ ગયા. કંસ જાણે અંદરથી છ જીવોની હત્યા કરીને પોતાનું મોત દૂર કરવા મથી રહ્યો હતો.

માનવ ! તું જાણે છે ? જે નિયત છે તેને દૂર કરવા તું જેટલો પ્રયત્ન કરે છે એટલો જ તું નજીક થતો જાય છે.

કંસ પોતાની જાતને જાણે અમર પટ પર આળોટતો માનવા લાગ્યો. બસ હવે દેવકીને સાતમો પુત્ર થાય, એ

સાતમાને લઈ આવું અને એ સાતમા સંતાનને પણ વધેરી દઉં. એણે વિચાર્યું. સત્તાની પાસે ભાગ્યના ખેલને પણ ફેરવવાની ચાવી છે. બસ હવે સાતમા પુત્રના જન્મની રાહ જોવાય છે.

આ તરફ દેવકીને સાત સ્વપ્નો આવે છે. સાત સ્વપ્નનું મહાફળ તે વસુદેવને જઈને પૂછે છે. વસુદેવ કહે છે– "દેવકી! તમે મહા આનંદ માનો. તમારો આ પુત્ર અર્ધ-ભરતનો-ત્રણ ખંડનો માલિક વાસુદેવ થશે...."

પણ આટલું ભાવી ભાંખીને વસુદેવ ફીક્કા પડી ગયા. દુષ્ટ કંસને આપી દીધેલું વચન પાળવું પડશે. એક વાર તો થાય છે–"ઉપકારી, આ ઉપકારી, આ ઉપકારી કંસ! શું ઉપકારી છે?"

વસુદેવ પણ હવે જાણી જ ગયા હતા કે કંસ પોતાના પુત્રનો અવશ્ય નાશ કરે છે....અને તેમને વિચાર નિમગ્ન જોઈ દેવકી ત્યાં જ રડી ઊઠી....

"ઓ સ્વામી વસુદેવ! હું તો ઘરમાં એક અનાથ છું. તમારા જેવા નાથ હોવા છતાં ય તે કંસ કેમ મારા પુત્રોને આ રીતે ભરખી જાય....? આજે આખું શૌરીપુર જાણે છે કે કંસે મારા છ છ પુત્રોનો નાશ કર્યો છે.

સ્વામી! આ બાળકને તો હું કોઈ પણ હિસાબે કંસને આપીશ નહીં....અને જો કંસને જ બાળક આપવાનો હશે તો તમે સમજી લેજો કે હું પણ અવશ્ય મરી જઈશ. આ બાળકને તો હવે હું કદી કોઈના હાથમાં નહીં જ જવા દઉં."

આજે વસુદેવે પણ પહેલી જ વાર અશ્રુધારા વહાવી. તેને આજે થયું કે,

'નીચના ઉપકાર નીચે જીવવું એના કરતાં મરી જવું સારૂં' પણ કોણ જાણે કંસની એવી ધાક વસુદેવમાં પેસી ગઈ હતી કે વસુદેવ કંસ સાથે ખુલ્લેખુલ્લો વિરોધ કરી શકયા નહીં.

ઇતિહાસના કોયડા અણઉકેલ્યા જ રહે છે અને તે કોયડા કયાં તો કેવલી ઉકેલે, કયાં આપણે જ આપણા અનુભવથી ઉકેલવાના હોય છે. કોઈ વાર આપણે પણ આવા દુષ્ટની ધાકમાં આવી જઈએ છીએ. શક્તિ હોવા છતાં ય સામનો કરી શકતા નથી....

પણ વસુદેવે એટલું તો નક્કી જ કરી લીધું છે કે— આ પુત્ર તો કંસને મળશે જ નહીં.

વસુદેવ બોલ્યા—"દેવકી ! આ પશુ કંસ મારા જીવતા જ મારા પુત્રોને મારવા બેઠો છે. ધિક્કાર છે મારા જીવનને !"

વચન આપનારાઓ ધ્યાન રાખજો દુષ્ટના હાથમાં કદી વચન ફેંકી ન દેતા.

આ વખતે વસુદેવ પોતાના આ પુત્રને બચાવવા માટે કોઈ પણ ભોગે સજ્જ થઈ ગયા હતા.

પેલી તરફ કંસ પણ પોતાની ઘાતકી જાળ બિછાવી ચૂકયો હતો. આ વખતે તો તેણે પોતાના માણસોને દેવકીના સૂતિકા ભવનની ચારે ય બાજુ ગોઠવી દીધા હતા. બાળકને

દેવકી જનમ આપે કે તુરત જ આ પાપીઓ તેને લઈ જવાના હતા....

કૃષ્ણ જેવા મહાપુરુષની આ ભાવી માતા દેવકી આજે તો પળે પળે ભય અને શંકાથી શેકાઇ રહી છે. મહાપુરુષોને પણ કર્મ કેવા કેવા ખેલ કરાવે છે ? એક બાજુ મહાપુણ્ય છે તો એક બાજુ મહાપાપ છે. બે ય ભોગવવા પડે છે. પુણ્યનો ઉદય એ કે આવો મહાભાગી પુત્ર દેવકીના પેટે.... પાપનો ઉદય એ કે તેના જન્મ વખતે મા અને બાપની ભય-શંકા યુક્ત કફોડી દશા....

⁂ સાતમાં પુત્ર શ્રી કૃષ્ણનો જન્મ

આખરે ધન્ય દિવસ આવ્યો શ્રાવણ વદ-૮. અર્ધરાત્રિએ દેવકીએ પોતાના સાતમા પુત્રને જન્મ આપ્યો. ક્ષણ વાર વાતાવરણમાં એક ઉમંગ છવાઈ ગયો. જન્મેલ બાળકની ચારે બાજુ પ્રભામંડળ દેખાયું. તેના વક્ષસ્થલમાં શ્રીવત્સનું મંગલકારી ચિહ્ન દેખાયું. આનંદ સહુમાં વ્યાપી તો ગયો પણ અહીં તો ચૂં ચા કરવાની મના હતી....પણ દેવકીએ જોયું તો પરમ આશ્ચર્ય....! પેલા જીવલેણ બનીને ડોકિયા કરતા કરતા સિપાઇઓ આજે ઘોર નસકોરા બોલાવતા ઊંઘે છે. આ કારમા સૈનિકો આજ સુધી તો કદી રાત્રે સૂતા ન હતા....આજે...બધા કેમ ઘસઘસાટ ઊંઘે છે ? દેવકીને પરમ આશ્ચર્ય છે...પણ પુત્ર પનોતો છે! ભાવનો ઘડવૈયો છે !

તેના સંરક્ષણ માટે જ અર્ધભરતની અધિષ્ઠાત્રી કોઈ દેવીએ જ આજે કંસના બધા સૈનિકોને ઘોર નિદ્રામાં સુવાડી દીધા છે.

રાજીનારેડ બનેલી દેવકીએ વસુદેવને ત્યાં બોલાવ્યા. વસુદેવ આ પુત્રને અને તેના પ્રભાવને જોઈને આભા બની ગયા. મનોમન તે ભાવિ મહાત્માને વંદી ઉઠયા. સહસા તેઓના હાથ જોડાઈ ગયા.

દરેક માતા-પિતાઓએ સમજવા જેવું છે કે તેઓ માત્ર સંતતિ પેદા કરવાના યંત્રો નથી, તેઓ તો અનંતના પ્રવાસી કોઈ સદ્‌ગુણી આત્માના આશ્રય સ્થાન પણ છે. આવી પુણ્યશાળી સંતતિના માતા-પિતા બનવું એ ઓછું સૌભાગ્ય ન કહેવાય....

અને હર્ષાવેશમાં ક્ષણ વાર મસ્ત બનેલ વસુદેવ પોતાના કાર્યમાં લાગી ગયા. ધીમે રહીને તેમણે જાતે જ તે નવ-જાત બાળકને પોતાના હાથમાં લઈ લીધો; અને આ ક્રૂર કંસના હાથમાંથી બાળકને બચાવવા તેઓએ ગોકુળ તરફ પ્રયાણ આદર્યું....

❋ વસુદેવ દ્વારા શ્રીકૃષ્ણજી ગોકુલમાં

આ બાળકનો કોઇ દિવ્ય પ્રભાવ હતો. દેવો આ બાળકને છત્ર ધરી રહ્યા હતા. તેની બે બાજુ ચામરો વીંઝાઈ રહ્યા

હતા. આવા પ્રભાવી બાળકને લઈ જતાં પેલા કેદમાં રહેતા ઉગ્રસેન જોયા. ઉગ્રસેનનું આશ્ચર્ય રોકાઈ ન શકયું–તેઓ બોલી ઉઠયા–"વસુદેવ આ કયો ભવ્યાત્મા છે?" વસુદેવે દૈવી સંકેતો દ્વારા જાણેલી વાત ઉગ્રસેનને કરી. વસુદેવે કહ્યું –ઉગ્રસેન! આ જ બાળક તમને આ કારાગારમાંથી મુક્ત કરનારો થવાનો છે."

ઉગ્રસેને પણ વસુદેવને કહ્યું, વસુદેવ! આ કંસે તો મારી કદર્થના કરી છે. મારી તો હવે અહીંથી છટકી જ જવાની ભાવના છે. તેથી જ તારા પુત્રની અદ્‌ભુત લીલા જોવા હું જાગતો રહ્યો છું. આ અદ્‌ભુત પ્રસંગથી હું પૂરો આશાવાદી બન્યો છુ અને પૂરેપૂરો પ્રભાવિત બન્યો છું."

ત્યારબાદ તરત જ વસુદેવ તોફાની યમુનાને પાર કરી ગોકુળમાં આવ્યા.

યોગાનુયોગ હતો. તેજ વખતે મથુરામાં નંદની પત્નીએ (યશોદાએ) એક પુત્રીનો જન્મ આપ્યો હતો. વસુદેવની બીજી ચિંતા પણ દૂર થઇ. પરમ મિત્ર નંદે પરિસ્થિતિ પામી પૂર્ણ સહકાર આપ્યો. પોતાની પુત્રી વસુદેવને સોંપી અને મિત્ર-પુત્રને પોતાને ત્યાં રાખી લીધો. વસુદેવ નંદની સાથે માત્ર જરૂરી વાત પતાવી વાયુવેગે પોતાની રાજધાનીમાં આવી પહોંચ્યા. હજીય પેલા કંસે મોકલેલા પહેરેદારો ઊંઘતા હતા. વસુદેવે ધીમે રહીને નંદની પુત્રીને દેવકીની સાથે સુવાડી દીધી. પેલા સૈનિકોની નિદ્રાને દેવીએ સંહરી લીધી. સૈનિકો જાગ્યા. ત્રાડ પાડી ઊઠયા–"વસુદેવ! રાજા કંસની આજ્ઞા છે તમારા પુત્રને આપો...."

વસુદેવે કહ્યું–"પુત્ર કે પુત્રી જે હોય તે હાજર છે. કંસને જેની જરૂર હોય તે ખુશીથી લઈ જાય." ચિઠ્ઠીના ચાકર જેવા સેવકો તે બાળિકાને કંસ પાસે લઇ ગયા. ક્રૂર કંસ બાળકીને જોઈને બરાડી ઊઠ્યો–"શું લાવ્યા? આ સાતમું સંતાન? શું આ મને મારી નાંખનાર!!!....

છટ્ પેલા જુઠ્ઠા બોલા મુનિને.....!!!

"આ તો છોકરી છે....આ શું કરશે? મને મારનાર કોણ છે?" તોય અંદરથી ભયભીત અને ઘાતકી બનેલ કંસે તે બાળકીનું નાક કાપી નાખ્યું. **જુલ્મી માનવ ખૂબ જ નબળો હોય છે. તે ગમે તેટલી મોટી વાત કરતો હોય છતાંય તે હૈયામાં ધ્રૂજતો જ હોય છે.** કંસ પણ અમરપટ્ટો લખાવ્યો હોય તેમ પાછો પોતાના ભોગસુખમાં મસ્ત બન્યો....

આ તરફ આ પુણ્ય પ્રભાવી બાળકને પામીને નંદ અને યશોદાના આનંદનો પાર ન રહ્યો....

❋ નંદ ઘેર બેલે કરસનજી

નંદ અને યશોદાએ આ બાળને પોતાના પ્રાણથી પણ અધિક વહાલો ગણ્યો. ખૂબ કાળજીથી લાલન–પાલન કર્યું. બાળકનું નામ પાડવું ય જરૂરી હતું ને! આ બાળકનું શરીર ખૂબ શ્યામ હતું–કાળું હતું. નામ પાડયા વિના પણ બધા સહજભાવે "કાળિયા" કહી ઊઠયા. જરાક શિષ્ટ લોકોએ

"શામળો" કહ્યો. સંસ્કૃત ભાષામાં કાળા માટે "કૃષ્ણ" શબ્દ છે. બસ, હવે આ બાળકને આપણે કૃષ્ણના નામથી જ ઓળખીશું. કૃષ્ણ જેવા મહાભારતના ઘડવૈયાઓને પણ જન્મ બાદ ઉછેર માટે કોઇને ત્યાં જવું પડે છે. કર્મો કોઈને ય કદી છોડવાનું શીખ્યા નથી. રાજકુળમાં જન્મેલ કૃષ્ણ આજે તો ગોકુળમાં ગાયોની વચ્ચે મોટા થાય છે. પણ પેલી દેવકીનું દિલ કંઈ બંધાયેલું રહે?....કચારેક છાની –માની આવી જાય છે. માનું વાત્સલ્ય ઉછાળી જાય છે.... કૃષ્ણને પ્રેમથી ગોદમાં લઈ દૂધ પીવડાવી જાય છે....લાડ –લડાવી જાય છે....પોતાના દુર્ભાગ્ય પર વલવલો કરતી અને યશોદાના ભાગ્યને મહાન ગણતી દેવકી યશોદાને ધન્ય માતા માને છે....યશોદાનો ઉપકાર અને આભાર માને છે....

હજી ય જાણે કૃષ્ણની કસોટી બાકી હોય તેમ કૃષ્ણના પૂર્વ જન્મની વૈરિણી પૂતના અને શકુનિ વિદ્યાધરીઓ આવી. આ વિદ્યાધરીઓએ કૃષ્ણને મારી નાંખવાના પ્રયાસો કર્યા....પણ નિષ્ફળ!! કૃષ્ણ તો ન મર્યા. પણ પેલી બંનેય વિદ્યાધરીઓને કૃષ્ણ પર પ્રસન્ન થયેલા દેવે સદા માટે ખલાસ કરી દીધી....

કૃષ્ણની મનોહર કાલિમા બધાયનાં મન ખેંચતી હતી. કૃષ્ણની ચપળતા ભલભલાને હરખાવતી હતી. ચપળ કૃષ્ણ ગોપીઓના દૂધ અને દહીંના વાસણોને જમીન પર ઢોળી દેતો. ગોપીઓ તેની આવી ધમાલથી કંટાળતી. પણ કોણ જાણે કૃષ્ણ તે ગોપીઓને પોતાની વાતોથી અને લહેકાથી ખુશ કરી ખડખડાટ હસાવી દેતો....તોફાની હોવા છતાં ય આ કૃષ્ણ–કનૈયો ગોપીઓનો પ્યારો બની ગયો.

❋ બલદેવ પણ ગોકુલમાં

સાત–આઠ વર્ષની ઉંમરનો થતાં તો કૃષ્ણ નામચીન બની ગયો. તેના તોફાનો અને લીલાઓ ભલભલાને સીધા કરી દે તેવા હતા. તેનો અને તેના બાળ ગોઠીયાઓની ટોળકીનો આખાય ગોકુળમાં ડંકો વાગતો. હતો. વસુદેવ પોતાના દુલારાના પરાક્રમોથી હરખાતા હતા પણ પેલા કંસથી ખૂબ ડરતા હતા. રખેને કંસ જાણશે કે અમારો પુત્ર છે તો તે ઘાતકી કંસ કૃષ્ણની હત્યા કર્યા વિના નહીં રહે. ચિંતાતુર વસુદેવે આખરે તેના મોટાભાઈ બળદેવને ગોકુળમાં મોકલી આપ્યા. બળદેવે પોતાના નાનાભાઈની રક્ષણની જવાબદારી સ્વીકારી. કૃષ્ણ ગમે ત્યાં જાય, પણ બળદેવની સતત નજર રહેતી. બળદેવની સતત નજરે માત્ર ચોકીનું જ કામ ન કર્યું, પણ પોતાના ભાવિના મહાન નાના ભાઇને અનેક કળાઓ શીખવાડીને એક ગુરુની અને એક આપ્તજનની ગરજ સારી....

શૈશવમાંથી તારુણ્યમાં, તારુણ્યમાંથી શ્રી કૃષ્ણે યૌવનના પ્રાંગણમાં પગ મૂકયો....

શ્યામ છતાંય મનોહર કાયા....!!!

કઠોર છતાંય કોમળતા જગાવે તેવા વચનો !!!....

અનેક કળા અને ચપળતાના આ ભંડારે ગોપીઓને તો મંત્રમુગ્ધ કરી દીધી. જ્યાં કૃષ્ણ ત્યાં ગોપીઓ હોય, હોય.... અને હોય જ....પણ બલભદ્ર તો પ્રત્યેક ક્ષણે શ્રીકૃષ્ણના રક્ષણમાં જાગૃત જ હતા....

⁘ નેમનાથ ભગવાનનો જન્મ

આ તરફ શૌરીપુરમાં સમુદ્ર વિજયની પત્ની શિવા-દેવીને પણ ૧૪ મહા સ્વપ્નો આવ્યા. વિખ્યાત નૈમિત્તિક કૌષ્ટ્રીકે અને ચારણ શ્રમણ મુનિએ ભાવિની આગાહી કરી. હે રાજન્ સમુદ્રવિજય! આ તારો પુત્ર અવશ્ય ભાવિ-તીર્થંકર બનશે.

સમુદ્રવિજયને મહાકલ્યાણકારી પુત્રના જન્મની જાણે વધાઈ આવી. અને શ્રા. સુ. ૫ ના દિવસે ભાવિના બાવીશમાં તીર્થંકર શ્રી અરિષ્ટનેમિનો જન્મ થયો....

આ અરિષ્ટનેમિનો જન્મમહોત્સવ શૌરીપુરીમાં અદ્‌ભૂત રીતે ઉજવાયો છે. કૃષ્ણનો જન્મ મહોત્સવ તો ઉજવાઈ શકાયો જ ન હતો. તેથી સમસ્ત શૌરીપુરીમાં આ ભવ્યાત્માના જન્મ મહોત્સવમાં એક પરમ આનંદ લહરી વહી ગઈ હતી....

હસ્તિનાપુરમાં યુધિષ્ઠરના જન્મ વખતે ભેટણું લઈને આવેલ કોરકની આ વાત સાંભળતાં કુંતીની આંખોમાં વિવિધ-ભાવો આવ્યા અને ગયા. પણ પોતાના અદ્‌ભુત પિતૃકુળ માટે તેને માન થયું....ગૌરવ થયું...કૃષ્ણ અને અરિષ્ટનેમિ જેવા મહાપુરુષોના જન્મથી યદુકુળ હરખી ઊઠે તેમાં કોઈ શંકા નહોતી.

⁘ કંસનો મૃત્યુ ભય

મથુરામાં કંસ પોતાનું શાસન ચલાવી રહ્યો હતો કોરકે પોતાની વાત આગળ ચલાવતાં કહ્યું કે પણ તેના

હૈયામાં પેલી શંકા ખદબદતી હતી. "શું અતિમુક્ત મુનિનું વચન સાચું પડશે?" એક વખત તે શૌરીપુર પહોંચ્યો. અને દેવકીની પાસે મોટી થયેલી પેલી દીકરી જોઈ! એનું નાક કપાયેલું હતું....કંસને યાદ આવ્યું "આ નાક મેં જ કાપ્યું છે," પણ કોણ જાણે તો ય કંસને વિશ્વાસ નથી આવતો. એક ધ્રુજારી અને ઝણઝણાટી તેના દિલમાં વ્યાપી જાય છે....કંસ વિચારે છે કે આ પુત્રી વસુદેવની હોય તેમ લાગતું નથી.

ભલે! મુનિના વચનને મેં ન ગણકાર્યું હોય, પણ મુનિનું વચન સત્ય હશે જ તેમાં શંકા નથી. મુનિ વચન જો સત્ય હશે તો મારો ઘાતક આજે પૂર્ણ યુવાન બની ગયો હશે....!!!

આખરે પોતાના મનના સંશય દૂર કરવા પ્રખ્યાત જ્યોતિષીને બોલાવ્યા. જ્યોતિષીએ ગંભીરતાપૂર્વક પણ દૃઢતાથી કંસને કહ્યું—"કંસ! વસુદેવને સાતમું સંતાન પુત્ર જ છે. અને એ સંતાન હજી જીવે છે. કંસ પોકારી ઊઠે છે—"ઓ! જ્યોતિર્વિદ્ મને જણાવ કે આ સાતમું સંતાન કયાં છે!" જ્યોતિર્વિદ્ની મર્યાદા છે.—"તે આ બાળક કયાં છે આ વાત જણાવી શકતાં નથી. કંસના હૃદયમાં હવે હજારો વીંછીના ડંખની વેદના પ્રગટે છે....

"જ્યોતિર્વિદ્! ગમે તેમ કર, પણ હવે વસુદેવના સાતમા પુત્રને ઓળખવાનો કોઈ માર્ગ બતાવ...."

આ વાત જ્યોતિર્વિદ્ માટે શક્ય હતી. તેણે કહ્યું—

તારા રિષ્ટ નામના બળવાન બળદને જે હણશે....

તારા મનોહર—હેષારવ કરતાં કેશી નામના ઘોડાને જે હણશે....

જે તમારા કોઈનાથી પણ સ્પર્શી ન શકાય તેવા શાર્ઙ્ગ નામના ધનુષ્યને નમાવીને દોરી ચડાવશે....તે અવશ્ય તારો પ્રાણ હર્તા થશે....

આટલું કરનારને તું દેવકીનો સાતમો પુત્ર માનજે....

આ આગાહી મારી નથી. આવી આગાહી આગળના કોઈ મહાન જ્ઞાની ગુરુ ભગવંતે કરેલી છે....

જ્યોતિષીએ એમ પણ કહેલ છે કે કંસના ચાણુર નામના મલ્લને જે હરાવશે અને કંસના પદ્મોત્તર અને ચંપકનામના બે હાથીને જે મારી નાંખશે તે જ કંસનો ઘાતક થશે. અને આ જ મહાન આત્મા યમુના નદીમાં રહેલા કાલિય નાગને પણ નાથી તેના પ્રાણનો નાશ કરશે....”

કંસ જ્યોતિષીના આ વચનથી એકવાર તો પગથી માથા સુધી ધ્રુજી ઊઠ્યા છે. આજે હવે તેની આંખો પોતાના એ ઘાતકને જોવા તલસી રહી છે. હજી તેને મનમાં છે કે જો આ મારો ઘાતક મારી નજરે ચડી જાય તો હું તેને સ્વાહા કરી દઉં. હજારોને જીવાડનારો પોતાના જીવનની ચાહના કરે તે હજી સમજાય....પણ

હજારોના સંહાર કરનારને ય પોતાનું જીવન છોડવું ગમતું નથી....તે આશ્ચર્ય છે.

લાખોના પ્રાણ હરનારને પણ પોતાના પ્રાણ અમૂલ્ય લાગે છે....

❋ શ્રીકૃષ્ણના વધ માટે કંસની મંત્રીઓ સાથે મસલત

કંસે બહુ જ આંતર મથામણ બાદ પોતાના મંત્રીઓને બોલાવ્યા. મંત્રીઓની સલાહ માંગી.... **" પણ શાણાની સલાહ રાણા માને બરા ? ? ? "** તેને મંત્રીઓની પાસેથી પણ ધાર્યું કરાવવું હતું. મંત્રીઓને આદેશ આપ્યો કે અરિષ્ટ બળદને અને કેશી ઘોડાને ખૂબ પુષ્ટ બનાવો.... તેઓને ખૂબ ખૂબ બવડાવો....તેને મારવાની વાત તો દૂર રહે પણ કોઈ તેને પકડી પણ ન શકે....અને બળદ તથા ઘોડાને પુષ્ટ થાય એટલે યમુનાના કાંઠે છોડી દો. જોઉં છું કોની મજાલ છે કે એને હાથ અડાડે !....

અને પેલા ચાણુર અને મુષ્ટિને તો રોજ માલ-પાણી બવડાવો....રોજ નવી નવી કસરતો કરાવો....એમને તો આમે ય કોઈ હરાવનાર નથી પણ તોય તેમને ખૂબ જ તગડા બનાવો.

મંત્રીઓ વિચારતા હશે....પુણ્ય તગડું ન હોય ત્યાં સુધી કોઈને ય તગડા કર્યાનો ફાયદો નથી....પણ રાજ આજ્ઞાનું પાલન અનિવાર્ય હતું. મંત્રીઓએ કંસની આજ્ઞાનું પાલન કર્યું.

આ તરફ શરદઋતુ આવી. પેલા સ્વેચ્છાચારી અરિષ્ટ બળદને અને કેશી ઘોડાને મસ્તી ચડવા માંડી ગોકુળમાં જઈને બધાંય પશુઓને ત્રાહિ ત્રાહિ પોકારાવી દીધી. ભલ-ભલા પશુઓ સાથે આ બળદ અને ઘોડો માથાં અફાળે.

બધાંએ નાસભાગ કરી મૂકી. આખું ગોકુળ થાકયું આ અરિષ્ટથી અને કેશીથી....

શ્રી નંદ બોલી ઉઠયા –" કૃષ્ણ અહીં હોત તો આવું ન થાત. " કેટલાંય ગોવાળિયા શ્રી નંદની વાત સાંભળી દોડયા. શ્રીકૃષ્ણને વનમાં જઈને ખબર આપી, " આજે મથુરાનું ગોકુળ ભયમાં છે. "

જરાય ભય પામ્યા વિના કૃષ્ણ તે બળદની સામે દોડયા. બળદ પણ પોતાના ચમકતા શીંગડા રૂપ ભાલા કૃષ્ણના પેટમાં ખોસી દેવાં જોરથી દોડયો. શ્રી કૃષ્ણે તેની ચાલ ચૂકાવી દીધી. એક ક્ષણમાં કુદકો મારી તેના માથા પર ચડી ગયો. લોકોના જીવ તો અદ્ધર થયા. બળદ પાછો કુદવા જાય છે ત્યાં જ શ્રી કૃષ્ણનો જોરદાર મુષ્ટિ પ્રહાર બળદના મસ્તક પર થયો. પર્વત આખો ઢળી પડે તેમ બળદ ઢળી પડયો. ગોવાળિયાએ જયનાદથી મથુરાને ગજવી દીધી....પણ હજી પેલો ઘોડો કેશી આ બધાંથી બેફીકર થઈ મસ્તીથી વિચરી રહ્યો હતો. ગાય અને બળદને હજી ત્રાસ આપી રહ્યો હતો. કૃષ્ણથી આ જોવાયું નહીં. તેઓ જોરથી પડકાર કરતા ઘોડાની સામે જ ગયા. કેશી ઘોડાએ પણ ચમકતા દાંત બહાર કાઢી ચીચીયારી ભરી હણહણાટી કરી, પોતાના પગથી જમીન ખુંદી ધૂળ ઉછાળવા માંડી.

પણ શ્રી કૃષ્ણે જરાક બાજુમાં થઈ પોતાની કોણી તેના ખુલ્લા મોંમાં ખોસી દીધી. પછી ધીરે રહીને બે ય જડબાંને જોરથી ખેંચી નાંખ્યા. જૂનું ધોતિયું ફાડે તે રીતે તેનું મુખ ચીરી નાખ્યું. અસહ્ય દર્દથી ઘોડો જમીન પર પડયો શ્રીકૃષ્ણે

જાણે કંસના ઘોડા પર કંસનો તિરસ્કાર ઉતાર્યો. વાયુવેગે આ સમાચાર કંસને મળી ગયા. બંને ય અલમસ્ત બળદ અને ઘોડો સદા માટે શાંત થઈ ગયા. મુંઝાયેલા કંસે ફરી મુખ્ય મંત્રી બૃહસ્પતિને બોલાવ્યા, કંસને મંત્રી પાસેથી સાચી નહીં પણ પોતાને સારી લાગે તેવી સલાહની જરૂર હતી. સાચી વાત માનવા તે તૈયાર ન હતો. પણ પોતાની ધારેલી દિશામાં દોડ સફળ કેવી રીતે થાય તે જ તેનો પૂછવાનો અર્થ હતો.

❋ કૃષ્ણના વધ માટે – કંસને બૃહસ્પતિની સલાહ

મુખ્ય મંત્રી બૃહસ્પતિએ કહ્યું, "આમેય તમારી બહેન સત્યભામાને પરણાવવાની છે. સ્વયંવર કરો ! અને એવું જાહેર કરો કે જે તમારા મહાન શાર્ઙ્ગ ધનુષ્ય પર ચાપ ચઢાવે તેને સત્યભામા પરણાવવી. વળી શ્રી કૃષ્ણ વગેરે પણ આવા કુતૂહલના પ્રસંગે આવશે. વળી જ્યોતિષીનું પણ વચન જ છે કે આપનો હત્યારો આ શાર્ઙ્ગ ધનુષ્યપર જે ચાપ ચઢાવશે તે થશે. તેથી જ સ્વયંવર મંડપમાં પહેલેથી સશસ્ત્ર સુભટોને ગોઠવી રાખજો. જેવો ગોપાલ શ્રીકૃષ્ણ સ્વયંવર મંડપમાં આવે કે તરત જ તેનો વધ કરી નાંખજો. આટલો ઉપાય છે.

કંસને તો ભયના માર્યા કશું જ સૂઝતું ન હતું ડુબતો માણસ તણખલાને પણ શોધે તેવી દશા કંસની હતી, કંસે બૃહસ્પતિ મંત્રીને કહ્યું, "બૃહસ્પતિ ! તું જ બધું આયોજન કર પણ શ્રીકૃષ્ણને ખલાસ કરજે."

❋ અનાધૃષ્ટિ સહિત શ્રી કૃષ્ણ સ્વયંવર મંડપમાં

સત્યભામાના સ્વયંવરની વાત શૌરીપુરીમાં રહેલ શ્રી અનાધૃષ્ટિએ જાણી. અનાધૃષ્ટિ શ્રી બલદેવના મોટાભાઈ હતા. તે સીધા મથુરા જવા ઉપડયા. મથુરામાં આવીને શ્રી બળભદ્ર પાસેથી શ્રી કૃષ્ણને લઈને સ્વયંવર માટે ઉપડયા.

શ્રી અનાધૃષ્ટિ રથ હાંકી રહ્યા હતાં. જંગલ સઘન હતું. વૃક્ષો પાસે પાસે હોવાથી રથ નીકળવાની મુશ્કેલી પડતી હતી. એક ઠેકાણે તો વડનું સઘન – ઘટાદાર વૃક્ષ આવ્યું. રથને આગળ વધવાની કોઈ જગા ન હતી તેથી રથ ત્યાં જ ફસાઈ ગયો. વડના ઝાડને વચમાંથી અસેડવામાં ન આવે તો રથ આગળ વધી શકે તેમ ન હતું. શ્રી કૃષ્ણે જોયું કે મોટાભાઈ શ્રી અનાધૃષ્ટિ માર્ગમાં વચ્ચે આવેલા આ વડના ઝાડથી મૂંઝાયા લાગે છે. અદ્‌ભૂત ચપળતાથી ઝાડ પાસે પહોંચી ગયા અને એક જ ઝાટકે વડના વૃક્ષને મૂળ-માંથી ઉખાડીને બાજુમાં ફેંકી દીધું. શ્રી અનાધૃષ્ટિ તો શ્રી કૃષ્ણનું આ પરાક્રમ જોઈ રહ્યા.... અરે.... આ શ્રી કૃષ્ણે તો જમીનમાંથી ઘાસનું તણખલું જેટલી સહેલાઈથી ખેંચી કાઢે તેટલી જ સહેલાઈથી આ ઝાડને પણ ખેંચી કાઢયું !!!

શ્રી અનાધૃષ્ટિ તો શ્રી કૃષ્ણના આ અચિંત્ય પરાક્રમથી ખુશ – ખુશ થઈ ગયા. શ્રી કૃષ્ણને ભેટી પડયા. મનભરીને ચુમીઓનો વરસાદ કૃષ્ણ પર વરસાવી દીધો. શ્રી કૃષ્ણ પણ

કૃતાર્થ થઈને આગળ વધ્યા....બંને ભાઈઓ આ મથુરા નગરી માટે કંઈક અટકળ....કંઈક વિચારો કરતા હતા ત્યાંજ મથુરા નગરીનો વિશાળ સ્વયંવર મંડપ નજરે પડયો! કૃષ્ણની આંખ સહુ પ્રથમ પેલા ધનુષ્ય પર પડી. મુખ પર જરાક સ્મિત આવી ગયું. "અહો! આ જ ધનુષ્ય છે ને? વાંધો નહીં: મારો વારો આવવા દો!" અને ત્યાંજ આ ધનુષ્યને નમાવવાના બદલામાં જેને વરવાનું છે તે સત્યભામા બાજુમાં જ દેખાઈ. સત્યભામા પણ આજે જાણે કૃષ્ણને નિહાળી ધન્ય બનતી દેખાતી હતી! તેને તો સ્વયંવરના વિજેતાને વરવાનું હતું. પણ પોતાના મનોવિજેતા બનેલ કૃષ્ણ હવે કોઈપણ હિસાબે વિજયમાળા વરે તેવી પ્રાર્થના સત્યભામાએ શરૂ કરી.....

સ્વયંવરનો આરંભ થયો! જુદા-જુદા દેશના જુદા-જુદા રાજવી આવ્યા. પણ....બિચારા ધનુષ્યને જોઈને ગભરાયા. હાથમાં ઉપાડે અને આબરૂ જાય તેના કરતાં ઉપાડવું નહીં એ શું ખોટું! તેઓ બધા ધનુષ્યને નમસ્કાર કરી વિદાય પામ્યા!

પેલા શ્રી કૃષ્ણના મોટા ભાઈ શ્રી અનાધૃષ્ટિને પણ થયું. લાવ! હું ય જરા પ્રયત્ન તો કરું! પોતાના લાભની વાતમાં કોઈ ભલો થવા તૈયાર નથી હોતો!

બિચારો શ્રી અનાધૃષ્ટિ ધનુષ્યને નમાવતા પોતે જ નમી ગયો! પછડાયો! મસ્તકનાં મુગટ અને ગળાનો મોતીનો હાર તો વેરવિખેર જ થઈ ગયો! સત્યભામા ગંભીર રહી. પણ તેની સાહેલીઓ તાળી પાડતી ખડખડાટ હસી પડી!

શ્રી કૃષ્ણ તરત જ તૈયાર થઈ ગયા. ધનુષ્ય પાસે આવ્યા અને ક્ષણવારમાં ધનુષ્યને નમાવી દીધું....પણ ધનુષ્યને નમાવનારને આ કંસ સત્યભામા આપે ? તે તો આ સ્વયંવર વિજેતાના લોહીનો પ્યાસો હતો ! કંસના સુભેટોએ હાહાકાર મચાવી દીધો પણ શ્રી અનાધૃષ્ટિ ચતુર હતા ! તુરત જ શ્રી કૃષ્ણને સાથે લઈ નાસી ગયા. કોણ ધનુષ્યને નમાવી ગયું....? કોણ ભાગી ગયું....? તેની તેના સૈનિકોને પણ ખબર પડી નહીં. છતાં ય ચારે ય દિશામાં દોડા દોડ કરી મૂકી. પેલી બાજુ પેલા શ્રી અનાધૃષ્ટિ શ્રી કૃષ્ણને મથુરામાં મૂકી પોતે શૌર્યપુરમાં પહોંચી ગયા ! પેલા કંસના સૈનિકો વીલે મોંઢે પાછા ફર્યા.

ઃઃ પુનઃ સ્વયંવર આયોજન

કંસની દશા હવે ભયંકર થઈ. પોતાનો ભાવિ સંહારક ઘરમાં આવીને ગયો છતાંય પકડી પણ ન શકયો. બીજી બાજુ સત્યભામા હવે રાત–દિવસ તે શ્રીકૃષ્ણજીના વખાણમાં લાગી ગઈ. ભાઈ કંસ કૃષ્ણજીને મારવા ચાહે છે ! બેન હવે કૃષ્ણજી ચિરંજીવી બને તેવી રોજ પ્રાર્થના કરે છે !

આ વિશ્વ એક ઘેરી સમસ્યા છે !
વૈરાગ્ય એના સમાધાનની દિશા છે....!
વીતરાગીતા એ જ તેનું સમાધાન છે....!

સત્યભામાને હવે પોતાના ભાઈ કંસનો કૃષ્ણના હાથે વધ થશે એ વાત આકરી નથી લાગતી ! પોતાના ભાઈનું શું થાય તેની હવે એટલી દરકાર રહી નથી.

કંસ તો આ ઘટનાથી પાગલ બની ગયો છે ! હવે તેની બુદ્ધિ ભ્રમિત થઈ ગઈ છે ! તે હવે ધર્મને ધતિંગ માનવા માંડ્યા હતો ! ગુરુઓ તેને ઠગારા લાગવા માંડ્યા હતા, પોતાનો પ્રિય અને હિતશિક્ષા આપનારો આપ્ત વર્ગ હવે તેને દુશ્મન સમાન દેખાવા માંડ્યો હતો ! પરિણામ એ આવ્યું કે મરતાં પહેલાં જ તેના નિકટવર્તીઓએ તેને હૃદય-માંથી ભૂંસી નાંખ્યો. બાહ્ય વ્યવહાર અને વર્તનથી સહુ સાથે હતા. પણ કોઈનેય કંસ માટે હૃદયમાં આદર રહ્યો ન હતો.

હજી પણ શ્રી કૃષ્ણના વધની ઇચ્છાએ કંસે પુનઃ ધનુષ્યને નમાવવાનો મહોત્સવ આયોજિત કર્યો. બધા રાજવીઓ પુનઃ આવ્યા. દેશ-દેશાવરથી આવતા જતા રાજવીની પૂછપરછથી પેલા શ્રી કૃષ્ણજીને પણ ખબર પડી છે કે પાછો મથુરામાં ઉત્સવ છે ! અને શ્રી કૃષ્ણે તો ફરી તૈયારી મથુરા જવાની, પણ આ વખતે કંસે પૂરો પ્રબંધ રાખ્યો હતો ! શ્રી કૃષ્ણજી આવશે એ તો તેની ગણત્રી હતી જ. અને તેથી ચાણુર અને મુષ્ટિ જેવા બે પહેલવાનોને હાજર રાખ્યા હતા ! ચાણુર અને મુષ્ટિ એ તો ભલભલા માનવીને ચત્તાપાટ કરીને જમીન સાથે ચોંટાડી દે તેવા હતા ! હવે કંસને પાક્કો ભરોસો હતો કે પોતે ફાવશે. તેણે સખત બાંધો રાખ્યો હતો. કંસ માનતો હતો કે શ્રી કૃષ્ણ વધેરાઈ જ જશે !

શ્રી કૃષ્ણજીના પિતા હવે જાગૃત હતા. કંસના આ પ્રપંચની વાત હવે તેમનાથી અજાણ ન રહી. તેમણે કંસના આ વ્યૂહને તોડવા હવે હિંમત કરી. એક તરફ તેમણે બળરામને જણાવ્યું કે હવે તું શ્રીકૃષ્ણને સાચી વાતથી માહિતગાર

અનાવ જેથી કંસના દુષ્કૃત્ય પ્રત્યે શ્રી કૃષ્ણ પણ જાગૃત થાય. બીજી બાજુ તેમણે પોતાના સમુદ્રવિજય વિગેરે મોટાભાઈ-ઓને કંસના ઘાતકી આચરણની જાણ કરી અને જરૂરે પડે ત્યારે તરત જ શ્રી કૃષ્ણને મદદ કરવા તેઓ બધાને તૈયાર કર્યા.

શ્રી કૃષ્ણજીને બલભદ્રજીએ આપેલો સાચો પરિચય

શ્રી કૃષ્ણજી હજી કંસની દુષ્ટતાથી અજ્ઞાત છે. શ્રી કૃષ્ણજી પોતાને નંદના અને યશોદાના જ પુત્ર માને છે....શ્રી બળભદ્રને એક આપ્ત અને ગુરુ તરીકે માને છે. શ્રી બળભદ્ર જુએ છે કે શ્રી કૃષ્ણજી હવે બધી રીતે સમજે છે. હવે તેના કાનમાં સાચી-વાત નાંખવી જોઈએ. એટલે શ્રી બળભદ્રે શ્રી કૃષ્ણને કહ્યું....અરે....કૃષ્ણ આવા માંગલિક પ્રસંગે આમ ન દોડાય ચાલ પહેલાં આપણે સ્નાન કરી લઈ એ....અને બેય નહાવા જવા માટે માતા યશોદા પાસે જાય છે...યશોદા કહે છે "જાવ અહીંથી હું તમને હમણાં નહવડાવીશ નહી. અત્યારે મારે નહાવાનો સમય છે....મારે કામ પણ છે.... જાવ અહીંથી."

શ્રી બળભદ્રએ લાગ જોઈને આંખ લાલ કરી....યશોદાને કહ્યું....હટ્....જાતની દાસી થઈને તું આટલી અભિમાની શું થઈ છે? પાણી ન આપે તો અમે જઈશું યમુનામાં."

અને શ્રી બળભદ્રે શ્રી કૃષ્ણનો હાથ પકડી શ્રી કૃષ્ણને યમુનાના તટપર લઈ જવા ઉતાવળા થયા....શ્રી કૃષ્ણ નીકળ્યા તો ખરા.... પણ મોંઢા પર ખૂબ ઉદાસીનતા હતી....

શ્રી બળભદ્ર ગમે તેવા મોટા હોય પણ પોતાની માતા યશોદાને ગાળ દે તે શ્રી કૃષ્ણથી સહન થયું નહી....સૂનમૂન થઈને ચાલતા શ્રી કૃષ્ણને બળભદ્રે કહ્યું....શું આમ મોઢું ચઢાવ્યું છે? શું થયું છે તને? એ કહે....બહુ મનાવ્યા બાદ શ્રીકૃષ્ણે કહ્યું : "બળભદ્રજી! આપની સજ્જનતા અને શાલીનતામાં મને વિશ્વાસ હતો! પણ આપે મારી માતા યશોદાને જાતની દાસી કહ્યું તે મને નવાઈ લાગે છે....શું મારી માતા દાસી છે? બળભદ્રે કહ્યું "બેટા....એજ કહેવું છે મારે, તારી માતા દાસી ય નથી અને આ ગોવાલણ યશોદા ય તારી માતા નથી....તારી માતા તો છે કોઈ મહારાણી દેવકી....આ દેવકી જ તું નાનો હતો ત્યારે છાનીમાની આવીને તને રમાડતી હતી અને દૂધ પીવડાવતી હતી. હે બંધુ કૃષ્ણ! તું પણ કોઈ સામાન્ય માનવી નથી. જ્ઞાનીઓએ તારા માટે ભાવિ ભાંખેલું છે કે તું અર્ધ ભરતનો સ્વામી થવાનો છે. બેટા! તારા જેવા મહાન રાજવીનો જન્મ ગોવાળિયાના કુળમાં ન હોય." આમ અવસર પામીને શ્રી બળભદ્રજીએ બધી જ વાત શ્રી કૃષ્ણને કરી દીધી

❋ શ્રી કૃષ્ણની કંસના વધની પ્રતિજ્ઞા

શ્રી કૃષ્ણ તો દિગ્મૂઢ બની સાંભળતા જ રહ્યાં.... શ્રી બળભદ્ર કદી ખોટું ન કહે તે તો તેમને ખાત્રી જ હતી.... આખરે ખૂબ આવેશમાં આવીને કંસની દુષ્ટતાની વાત શ્રી બળભદ્રજીએ શ્રીકૃષ્ણને કરી ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું....અહો.....

ત્યારે તો આપ મારા ભાઇ છો ! ભલે તમે રોહીણીના પુત્ર હો.... આપની માતા રોહીણી ભલે મારી માતા દેવકીની શોક પણ હોય....પણ આપણો પ્રેમ તો સગા ભાઇ જેવો જ છે. પણ આટલું કહેતાં જ પેલા ઘાતકી કંસની વાત પર શ્રી કૃષ્ણજીએ તિરસ્કાર વરસાવ્યો ! પગ પછાડીને શ્રીકૃષ્ણજી બોલી ઉઠયા.... " જાવ....આજથી મારી પ્રતિજ્ઞા છે....કે....આ કંસનો વધ કર્યા વિના હું કદી જંપીશ નહી. જે મારા છએ ભાઈઓના હત્યારા કંસને હું ન મારું તો કંસે કરેલી હત્યાનું પાપ મને લાગો." અને શ્રી કૃષ્ણજી અને બળભદ્ર યમુનાના તીરે આવી પહોંચ્યા.

❋ શ્રી કાલીય નાગનું દમન

શ્રી કૃષ્ણજી સ્નાન કરવા જાય છે ત્યાં જ પેલો પ્રખ્યાત કાલીયનાગ યમુનાના તીરની સઘન ઝાડીમાંથી બહાર આવ્યો. ફૂંફાડો મારી ફેણ ઊંચી કરી....જનમ જનમનો વેરી હોય તેમ શ્રી કૃષ્ણજીને ડંખ મારવા ધસ્યો....આજુબાજુમાં ઊભેલા લોકોએ ચિચિયારીઓ પાડી.... સહુને લાગ્યું બાલુડા જેવા શ્રી કૃષ્ણજી હમણાં જ સ્વાહા થઇ જશે....સહુએ દોડાદોડ કરી પણ કોઇનેય કરડયા વિના કાલીય નાગ શ્રી કૃષ્ણ તરફ દોડયો ! શ્રી કૃષ્ણજીએ જરાય ડર્યા વિના દોડીને કાલીયને ગળામાંથી પકડયો ! શ્રી કૃષ્ણજીની આ એક જ પકડથી કાલીય ઠંડો થઈ ગયો શ્રી કૃષ્ણજીએ બીજા હાથે કાલીયનું નાક બાંધી તેમાં હાથ નાંખી ઘોડાને લગામ ખેંચે તેમ ખેંચી પેલા મોટા

હોરિંગપર આરૂઢ થઈને શ્રીકૃષ્ણજીએ નાગને ફેરવવા માંડ્યો ! ડરી ગયેલા લોકો તો શ્રી કૃષ્ણજીનું આ પરાક્રમ જોઈને દિગ્-મૂઢ થઇ ગયા....શ્રી કૃષ્ણજીએ પોતાની સાથળથી કાલીયને મસળી નાખ્યો. તેના દાંત અને વિષની કોથળીને એવી રીતે પીલી નાખી કે નાગનું તમામ ઝેર નાશ પામ્યું....કાલીય નિશ્ચેતન થયો છે તેની ખાત્રી કરી શ્રીકૃષ્ણજીએ નાગને બાજુમાં મૂકી દીધો....નાગ કચાંય ઝાડીમાં છુપાઈ ગયો. યમુના તટવાસીઓએ જય જયરવ કરી શ્રી કૃષ્ણજીને વધાવ્યા. શ્રી કૃષ્ણજીને તો કંસનો વધ કરવાની ઉત્કંઠા વધી ગઈ હતી. તેના માટે જ શ્રી કૃષ્ણજી પ્રયાણ કરતા હતાં. કાલીય દમનની ઘટના એ જાણે એક શુભ શુકન કરી દીધા.

બન્ને ભાઈઓ હવે મથુરાની બહાર આવી પહોંચ્યા. પેલા કંસે ચતુર મંત્રીઓને કામ સોંપી રાખેલું....છે જ્યાં કૃષ્ણ અને બળભદ્ર આવે કે તેમની સામે પેલા મદમસ્ત પદ્મોત્તર અને ચંપક હાથીને છૂટા છોડી દેવાના હતા.... મંત્રીઓએ નક્કી થયા મુજબ હાથીઓ તો છોડયા....પણ અપાર શક્તિના સ્વામી શ્રી કૃષ્ણજી અને બળભદ્રે બંને હાથી-ઓના મદ ઝરાવીને મારી નાંખ્યા અને યમરાજના મહેમાન બનાવી દીધા. કંસના હૈયે બળાપાનો કોઈ પાર ન રહ્યો.

❋ શ્રી કૃષ્ણનો મલ્લ મંડપમાં પ્રવેશ

કંસનો આ દાવ પણ નિરર્થક ગયો. આ બાજુ આનંદથી ઉછળતા શ્રીકૃષ્ણજી અને બળભદ્રજીએ મલ્લકુસ્તી માટે

બનાવેલા મંડપમાં પ્રવેશ કર્યો. જેવો તેઓએ મંડપમાં પ્રવેશ કર્યો કે લોકો પોકારી ઉઠયા.

स एष केशिकीनाशः स एष वृषमर्दनः ।
नन्दस्य नंदनः सोऽयं सोऽयं सर्पस्य दर्पहा ॥
गोपाल-तिलकः सोऽयं सोऽयं सिन्धुरघातकः

"અહો અદ્‌ભુત છે....ગોવાળિયાના વંશને પણ આણે શોભિત કર્યો છે ! આ નંદના દિકરાએ તો કમાલ કરી નાંખી છે ! આ નંદના દીકરાએ જ પેલા કેશી ઘોડાને યમધામમાં પહોંચાડયો છે....

આ નંદના પુત્રે જ પેલા બળદનો સંહાર કર્યો છે....

અરે ! આ નંદના છોકરાએ જ પેલા કાલિયનાગને રહેંસી નાંખ્યો છે....

અરે ! પેલા મદોન્મત્ત હાથીને પણ આ ગોપાળે જ બલાસ કરી નાંખ્યો છે....!

આમ ચારેબાજુથી શ્રીકૃષ્ણજી અને બળદેવજીની પ્રશંસાના પુષ્પો વેરાવા માંડયા....તે બંનેય સમગ્ર લોકોની આંખનું આકર્ષણ બની ગયા.

શ્રીકૃષ્ણજી સ્વયંવર મંડપમાં પ્રવેશ્યા બાદ મંચ ઉપર ચઢવા જાય છે ત્યાં જ બળભદ્રજીએ તેમને રોકયા અને સામેના મંચ પર બેઠેલા પેલા કંસની શ્રીકૃષ્ણજીને ઓળખાણ કરાવી અને પુનઃ વેરને તાજું કરાવ્યું, અને દૂર બેઠેલા તેમના વડીલ કાકાઓ તથા પિતા વાસુદેવના પણ દર્શન કરાવ્યા....દૂર બેઠેલા પોતાના સ્વજનો પણ શ્રીકૃષ્ણજીને

ઓળખી ગયા.... શ્રી કૃષ્ણ પર સહુએ એક અખૂટ સ્નેહની અમીદૃષ્ટિ વરસાવી શ્રીકૃષ્ણજી આજે સાચી સ્થિતિને પામી ગયા છે.

શ્રીકૃષ્ણજીના મોટા કાકા શ્રી સમુદ્રવિજય પણ આજે શ્રીકૃષ્ણજીના પ્રતાપ અને પ્રભાવને જોઈને ખુશ–ખુશ થઇ ગયા છે ! શ્રી સમુદ્રવિજય શ્રી વસુદેવને કહે છે, "હે વત્સ, આજે આપણા કુલદેવતા આપણા પર ખરેખર ખુશ થઈ ગયા લાગે છે ! અહો આ શ્રીકૃષ્ણ કુમાર કેવો મનોહર લાગે છે....! આપણી તરફ જુએ છે ત્યારે જાણે વિનય અને ભક્તિના દરિયા જેવો લાગે છે....અને કંસ સામે જુએ છે ત્યારે ભયંકર દાવાનલની જ્વાળા જેવો તેનો ચહેરો થઈ જાય છે.

આજે શ્રીકૃષ્ણ કૃતનિશ્ચયી બન્યા લાગે છે ! મારી દૃષ્ટિ અત્યાર સુધી ઠગાઇ ગઇ હતી....હું આજે ધન્ય બન્યો છું....કારણ, આજે જ મેં મારી આંખોથી કૃષ્ણને મનભર જોયો છે....!" એક તરફ શ્રી સમુદ્રવિજય અને વસુદેવનો વાર્તાલાપ ચાલે છે તો બીજી તરફ શ્રીકૃષ્ણજીના વિકરાળ ચહેરાથી કંસ થરથરી ઊઠયો છે....પોતાના મંત્રી બૃહસ્પતિને કહે છે...." મંત્રીરાજ ! આજે ઋષિની વાણી સાચી જ જ પડવાની છે. આજે શ્રીકૃષ્ણજી અને બળદેવ મને હરાવી જ જશે એમ લાગે છે....આ મુનિનું વચન સાચું જ પડવાનું છે, જો આ મુનિનું વચન સાચું ન પડવાનું હોત તો મારા આટલા સખત બંદોબસ્ત છતાંય આ કરસન જીવતો કેવી રીતે રહી ગયો....હોત ?

....અને ક્ષણવારમાં લાંબો નિઃસાસો નાંખે છે ! પોતાના એ નિસ્તેજ બનતા ચહેરાને કોઈ પારખી ન જાય તેથી પુનઃ

કંસ સ્વસ્થ થાય છે. વાસ્તવિકતા પોતાને સમજાઈ ગઇ હોવા છતાંય અભિમાનથી ઊછળે છે !

અભિમાન માનવામાં એક સખત ભ્રમ જગાવે છે.... અને એટલે જ અભિમાન માનવનું પતન સહેલાઈથી કરી શકે છે ! ક્રોધ કદાચિત માનવને આંધળો બનાવતો હશે પણ આ માન તો માનવને આંધળો અને ગાંડો ય બનાવી દે છે....!

કંસ તુરત જ પોતાના મંત્રી બૃહસ્પતિને કહે છે, "મંત્રીરાજ ! છોડો એ નમાલી વાતો ! આ કરસનીયો, હવે મારા ચાણુર મલ્લની સામે અવશ્ય ચૂરાઈ જવાનો છે. ભલે અત્યાર સુધી એ જીવી ગયો પણ હવે મારા ચાણુરની સામે તેને શ્વાસ લેવાનું પણ ભારે પડી જવાનું છે !"

❋ ચાણુર તથા મૌષ્ટિક મલ્લનો સભા પ્રવેશ

મંત્રીરાજ બૃહસ્પતિના માર્ગદર્શને અને કંસના ઈશારે પેલા ચાણુર અને મૌષ્ટિક બંનેય મલ્લો સભામાં આવી ચડયા !

આ બંનેય મલ્લોની માંસલ ભુજાઓ ઘડીકમાં બધાને પીલી નાંખશે તેવી ચમકારા મારતી લાગતી હતી ! તેમના માથા પરની ઊંચી જટાઓ તેમના હિમાલય જેવા વિકસળ દેખાવમાં કંઈક વધારો કરતી હતી....તેમના હૃષ્ટ-પુષ્ટ દેહને જોઈને ભલભલાને પણ શંકા પડી ગઈ હતી કે 'આજે શ્રીકૃષ્ણ અને બળભદ્રજીનું આવી જ બન્યું છે....બિચારા

આ કોમળ ફુલ જેવા બાળકોને આ ડુંગરા જેવા મલ્લો કયાંય ચગદી નાંખશે....!

કંસે પણ ચાણુરની સામે જોઈને સંકેત કર્યો. મલ્લ ચાણુરે શ્રીકૃષ્ણજીની સામે જોયું. જાણે કોઈ સિંહ હરણીયાને જોઈને બરાડી ઊઠે તેમ ક્રૂર ચાણુર બરાડી ઊઠયો....

"આ સભામાં જે કોઈ પોતાની જાતને શૂરવીર માનતો હોય....આવી જાય મારી સામે હું એના બધા જ અરમાન પૂરા કરી દઈશ...."

....ચાણુરની રાડથી જરાય ગભરાયા વગર શ્રીકૃષ્ણજી– એ એક છલાંગ મારી. એકજ છલાંગે શ્રીકૃષ્ણજી મંચ પરથી ચાણુરની આગળ આવીને ઊભા રહ્યા. ચાણુરની સામે જોઈ એક બેપરવાહીની દૃષ્ટિથી શ્રીકૃષ્ણજીએ કહ્યું....

"ચાણુર ! તું ધીમો પડ ! તારું અરમાન પૂરું કરનાર હું તારી સામે જ ઉભો છું. આવ....હું જ શૂરો છું.... હું જ ક્ષત્રિયનો નબીરો છું....અને તારા માટે યમરાજ પણ હું જ છું. મારો જન્મ તારા જેવા દ્રોહીઓને દળી નાંખવા થયો છે....ચાણુર....! તૈયાર થા...."

ચાણુરને શ્રીકૃષ્ણજીના આ વચનોથી કારમો કોપ ચડયો ! તેની આંખો જાણે સિંદૂરથી ઊભરાતી હોય તેવી લાલચોળ થઈ ગઈ. ચાણુર પોકારી ઊઠયો.

"અલ્યા એય છોકરા....એય ગોવાળિયા....આવી બડાઈ હાંકતાં તું કયાંથી શીખ્યો છે....છે તો હજી ટચુકડો અને વાત મોટી કરે છે. હજી તો તારું મોં માના દૂધથી ભરેલું લાગે છે ! આ તારી છોકરડા જેવી નાજુક કાયાને જોઇને

મારી મુઠ્ઠીઓને ય શરમ આવે છે....ભલે ગાયના દૂધ પીને તું જાડો થયેલો દેખાતો હોય, પણ ઓ....ગોવાળિયા તને હું પકડીને એવો બગલમાં દબાવી દઈશ કે તું ઓમ કુદ્ કુદ્ સ્વાહા થઈ જઈશ....!"

શ્રીકૃષ્ણજીએ પણ જરા ગંભીર થઈને કહ્યું...."હે.... મલ્લરાજ ! બડાઈ મારવી મને ન શોભે તે બરાબર છે, પણ તને ય બડાશ મારવી શોભતી નથી. પરિણામ જે હશે તે હમણાં જ ખબર પડશે. પછી ફોગટ વાતો કરવાનો શું અર્થ છે ! ઓ....મલ્લ શ્રેષ્ઠ ! ભલે તેં જન્મથી માંડીને આજ સુધી યુદ્ધની શિક્ષા લીધી હોય....અને ભલે હું ગાયો ચરાવવાની વિદ્યામાં પારંગત થયો હોઉં....પણ હમણાં જ યુદ્ધ થશે એટલે આપણા બેનો હિસાબ-કિતાબ ચોક્કો થઈ જશે ! ખબર પડી જશે કે યુદ્ધ રૂપી પવનની સામે ઘાસનો પુડો કોણ છે અને પર્વતરાજ મેરૂ કોણ છે ?"

❋ ચાણુર અને શ્રી કૃષ્ણનું યુદ્ધ

શ્રીકૃષ્ણના આ વચનની સામે હવે ચાણુર સમતા ન રાખી શક્યો. જોરથી મુઠ્ઠી બીડી શ્રીકૃષ્ણજીને મારવા દોડયો ....આખી સભામાં હાહાકાર થઈ ગયો. લોકોના જીવ તાળવે ચોંટી ગયા....કોલાહલ થવા માંડયો...."આ શું થઈ રહ્યું છે....આવું મલ્લયુદ્ધ હોય....આવા નાના છોકરાની સાથે આવો પહાડ જેવો ચાણુર લડે તે કંઈ રીત છે?" લોકોનો અભિપ્રાય શ્રીકૃષ્ણજી તરફ ઢળેલો જોઈને કંસ ચમક્યો....તેને થયું કે આ લોકો કરુણા ભાવમાં આવી જઈને યુદ્ધ બંધ કરાવી દેશે એટલે કંસે ઉભા થઈને કહ્યું....

...."અરે, સભાજનો ! બૂમો શેની મારો છો. તમે બકવાદ શું કરો છો ? મારા ચાણુરે કંઈ આ ગોવાળિયા કરસનીયાને અને આ બળભદ્રને લડવા આવવાનું થોડું કહ્યું છે, અહીં આ ગોવાળિયાને બોલાવ્યા છે જ કોણે ? વિના બોલાવ્યે અને વિના કહે અહીં આવીને ધીંગાણું મચાવવા બેઠા છે....અને પોતાનું જોર કાઢવા માંડયું છે તો તમારે કોઈએ શું કરવા વચમાં પડવાની જરૂર છે !" લોકો બિચારા કંસના આ હાકોટાથી શાંત થઈ ગયા !

હવે ચાણુરે કૃષ્ણ સાથે લડવા બરાબર બાથ ભીડી. શ્રીકૃષ્ણજીએ પણ જરાય ડર્યા વિના ચાણુરનો સામનો કર્યો. ઘડી–ઘડીમાં બંનેય સામ–સામા અજબ–ગજબના દાવ ખેલવા માંડયા. સભામાં આવેલા રાજાઓ તો આ દૃશ્ય જોઈને ડઘાઈ ગયા. રાજાઓ એવા તો સ્તબ્ધ થઈ ગયા કે કાગળ પર દોરેલા ચિત્ર જેવા લાગવા માંડયા. બધું જ હલન–ચલન બંધ....દૃષ્ટિ માત્ર ચાણુર અને શ્રીકૃષ્ણજીની સામે જ !

⁂ શ્રી મૌષ્ટિકનો પણ યુદ્ધ પ્રવેશ અને શ્રીકૃષ્ણદ્વારા ચાણુરનો વધ

સમુદ્ર વિજય અને વસુદેવ તો શ્રીકૃષ્ણજીના જીવ સટોસટીના ખેલાતા દાવો જોઈને ખુશ–ખુશ થઈ ગયા....મોકો જોઈને શ્રીકૃષ્ણજીએ એવા જોરથી જમીન પર પગ પછાડયા કે આખી ધરતી ધ્રૂજી ઉઠી. વાવાઝોડામાં પીપળાનું પાંદડું હાલે તેમ કંસનું મન કાંપવા માંડયું.

કંસને થયું કે આ કૃષ્ણ નાનો દેખાય છે પણ છે મગની ફાડ જેવો ! હમણાં ચાણુરને પણ ખલાસ કરી

નાંખશે એટલે કંસે બીજા પહેલવાન મૌષ્ટિકને ઇશારો કરી શ્રીકૃષ્ણને ઠીક કરવા આદેશ આપ્યો ! બળભદ્રજી હજી સુધી તો આ રમત જોઈ રહ્યા હતા. મલ્લયુદ્ધ જો શરતનું યુદ્ધ હોય તો એક સાથે બે મલ્લને મોકલી ન શકાય પણ આ કંસને તો મલ્લ યુદ્ધના નામે શ્રીકૃષ્ણજીનું કાસળ કાઢવું હતું ! પણ બળભદ્રજી તેની ચાલ સમજી ગયા હતા. તેમણે લાલચોળ આંખો કરી મૌષ્ટિકને પડકાર્યો....

...." અલ્યા એય....દુષ્ટ ! એ દુરાચારી ! કયાં લડવા દોડે છે ? શ્રીકૃષ્ણજી સાથે મેદાનમાં પહોંચતા પહેલા અહીં આવ તારા હાથમાં લડવાની ખૂબજ ચળ ઉપડી હોય તો લાવ ઉતારી દઉં !...એમ બોલતાં જ બળભદ્રજીએ મંચ પરથી દોડીને મૌષ્ટિકની જોડે જાન સટોસટીની મારામારી જમાવી દીધી.

આ તરફ શ્રીકૃષ્ણજીનું ધ્યાન કંઈક બળભદ્રજી તરફ ગયું. ચાણુરે આ લાગ જોઈને શ્રીકૃષ્ણના હૃદય પર જોરથી પ્રહાર કર્યો. સભામાં આવેલા યાદવોની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. શ્રીકૃષ્ણજી આ પ્રહારથી જમીન પર પટકાઈ ગયા....મૂર્છિત થયેલા શ્રીકૃષ્ણને જોઈને સભામાં હાહાકાર મચી ગયો.

કંસ તો તાળીઓ પાડતો અને જયજયકાર કરતો જમીન પર ઉછળવા લાગ્યો ! " વાહ ઠીક દશા કરી છે આ ગોવાળિયાની, એમ કહેતાં પણ અન્યાયી કંસે મૂર્છિત થયેલા શ્રીકૃષ્ણ પર પુનઃ પ્રહાર કરવા માટે ચાણુરને ઇશારો કર્યો. યુદ્ધના મેદાનમાં મૂર્છિત પર પ્રહાર કરવો એ માત્ર અનીતિ જ નહીં, ક્રૂરતા પણ છે. પણ કંસને આજે વિવેક રહે તેવું હતું જ કયાં ? તેને તો શ્રીકૃષ્ણનો નાશ કરીને

અજર અમર બનવું હતું. મર્યાદાના કોઈપણ બંધન તેને નડતા ન હતા. નીતિના બંધનો તો તેણે નેવે જ મૂકી દીધા હતા. પણ બલભદ્રજીએ કંસે કરેલો આ ઈશારો જોઈ લીધો. તે મૌષ્ટિકને એક તરફ નાંખી ચાણુરની તરફ દોડ્યા. ચાણુર શ્રીકૃષ્ણજી પર પ્રહાર કરે તે પહેલાં જ ચાણુરને કોણીનો માર મારી શ્રીકૃષ્ણ પર પ્રહાર કરતાં રોકી લીધો....આ બાજુ આટલી વારમાં શાંતિ થતાં શ્રીકૃષ્ણજીને મૂર્છા વળી ગઇ. જાણે ઘોર નિદ્રામાંથી સફાળા ઉભા ન થયા હોય! આ જોઈ યાદવોને હૈયે ઠંડક વળી. કંસને આ જોઈને અંધાપો આવવા માંડ્યો. જેમ ઘુવડ સૂર્યને ન જોઇ શકે તેમ કંસ શ્રીકૃષ્ણજીને જોઇ ન શક્યા. શ્રીકૃષ્ણજીએ ઉભા થતાં જ શ્રીચાણુરને યમધામનો અતિથિ બનાવી દીધો! સમુદ્રવિજયના હર્ષનો અને કંસના શોકનો કોઈ પાર ન રહ્યો. વિલખા પડેલા કંસને મુનિના વચનની ખાત્રીમાં વધારો થયો. આ ચાણુર પણ કૃષ્ણના હાથે જ મરાયો!!!

શ્રીકૃષ્ણ દ્વારા કંસનો તથા બળભદ્ર દ્વારા મૌષ્ટિકનો વધ

છતાંય જીવવા માટે વલખાં મારતાં કંસે હદ પાર ગુસ્સો કરતાં કહ્યું, "અરે મારા શૂરવીરો! શું જોઈ રહ્યા છો? ઉછળો બધા એક સામટા....હુમલો કરો અને આ કૃષ્ણને પકડો....આ ગોવાળિયાએ મારા ચાણુરને પણ મારી નાંખ્યો છે. હવે તો તેને જીવતો છોડાશે જ નહીં. મારા બહાદુર સૈનિકો! હવે અહીં બેઠેલા જે કૃષ્ણના પક્ષનું ગીત ગાતા હોય તે બધાયને પકડો કૃષ્ણના પક્ષપાતીઓ ચોરના ભાઈ ઘંટીચોર જેવા છે. તે બધા કૃષ્ણની જેમ વધને જ લાયક છે."

કંસના આ વચનો સાંભળી શ્રી કૃષ્ણજી ભૃકુટી ચડાવી પડકાર કરીને બોલ્યા "અરે દુષ્ટ! આ શું બકી રહ્યો છે? જીભને સંભાળીને બોલ. રે દુષ્ટ! પહેલાં તેં બહુ જ પાપ કર્યાં છે. હવે તેના ફળ ભોગવ." આટલું બોલતાં જ શ્રી કૃષ્ણજી સડસડાટ કરતાં કંસના મંચ પર ચડી ગયા અને પોતાના નવજાત ભાઈઓના વધની વાત યાદ આવતા શ્રી કૃષ્ણજીની આંખમાંથી અશ્રુઓ ઝરવા માંડ્યા અને કંસની સામે જ ઉભા રહીને તેણે નિર્ભયતાથી ઉદ્‌ઘોષણા કરી.

"અરે કંસ! આ સભામાં જેટલા તારા મિત્રો હોય, જેટલા તારા ભાઈઓ હોય, જેટલા તારા સ્વજનો હોય, જેજે બળવાન યોદ્ધાઓ હોય તે બધાને તારું રક્ષણ કરવા માટે બોલાવી લે. ઓ નિઃશરમ! ઓ નિર્દય....! તેં મારા છ એ છ મોટાભાઈઓને શિલા પર પછાડીને મારી નાંખ્યા છે. આવા તાજા જન્મેલા બાળકને મારી નાંખતાં તને દયા પણ ન આવી. હજુ ય તને તારી ભુજાનો–તારા બળનો ગર્વ હોય તો તારી જાતનો બચાવ કરવા હાથમાં હથિયાર પકડ નહીં તો હમણાં જ તને બલાસ કરી નાખીશ." શ્રી કૃષ્ણજીએ આટલું કહીને જોરથી એક લાત કંસના મુગટ પર મારી અને મુગટને તોડી નાંખ્યો. મુગટ ફેંકાઈ જતાં શ્રી કૃષ્ણે કંસના વાળ પકડીને એને મંચ પરથી નીચે જમીન પર ફેંકી દીધો. પેલી બાજુ બળભદ્રજીએ પણ મૌષ્ટિકની જોડે ઘોર યુદ્ધ ચાલુ જ રાખ્યું હતું. ચારેય બાજુ લોકો હાહાકાર કરી રહ્યા હતા. પેલો જમીન પર પડેલો કંસ પોતાના રક્ષણ માટે ચારે ય બાજુ પોતાની આંખ ફેરવતો હતો, તેની આંખમાંથી અશ્રુઓ વહી રહ્યા હતાં. ડરની મારી તેની આંખો ફડફડતી હતી. પોતાના સ્વામીની આવી દુર્દશા જોઈને કંસના સુભટો સ્વામીની

ભક્તિથી હાથમાં ભાલા અને તલવારો લઈને શ્રી કૃષ્ણજીને ઘેરી વળ્યા. બળભદ્રજીએ જોયું કે કૃષ્ણજી તો કંસના સુભટોથી ઘેરાઈ ગયા છે. એટલે તેમને મૌષ્ટિકને બતમ કરીને શ્રીકૃષ્ણજી પાસે જવું જરૂરી લાગ્યું.

હવે શ્રી બલભદ્રજીએ ચાણુરની માફક મૌષ્ટિકને પણ યમધામમાં પહોંચાડી દીધો....બલભદ્રજી પાસે કોઈપણ શસ્ત્ર હતું નહીં અને શ્રીકૃષ્ણજીને ઘેરી વળેલા સુભટો પાર વગરના હતા અને બધાયના હાથમાં શસ્ત્રો પણ હતાં. એટલે બલભદ્રજીએ પોતાની નજર મંચ પર નાખી. મંચના એક જોરદાર થાંભલાને ઉખાડી નાંખ્યો. શ્રી કૃષ્ણજીને ઘેરી વળેલા સુભટો શ્રી કૃષ્ણને કંઈ હાનિ પહોંચાડે તે પહેલાં જ શ્રી બલભદ્રે થાંભલાથી સુભટોનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. આ તરફ શ્રી કૃષ્ણજીએ સભા મંડપની વચ્ચે પડેલા કંસની છાતી પર જોરથી લાત મારી. શ્રીકૃષ્ણજીની જોરદાર લાતના પ્રહારથી કંસ હંમેશ માટે શાંત થઈ ગયો અને....શ્રીકૃષ્ણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી.

આ તરફ કંસે શ્રીકૃષ્ણજીના ભયથી પહેલેથી જ ખૂબ જ બંદોબસ્ત કર્યો હતો. જરાસંધના જોરદાર સૈન્યને પણ હાજર રાખ્યું હતું. તો આ બાજુ સમુદ્રવિજય પણ સૈન્ય સાથે જ આવ્યા હતા. એમણે જરાસંધના જોરદાર સૈનિકોને પણ સારો પાઠ ભણાવ્યો હતો. જરાસંધનું સૈન્ય તો તીતર ભીતર થઈ ગયું હતું. કંસ તો સ્વર્ગધામ સીધાવી ગયો હતો. છતાંય શ્રી કૃષ્ણજીનો ગુસ્સો હજી ઉતર્યો ન હતો. શ્રી કૃષ્ણજીએ કંસના મડદાને પણ વાળથી ઊંચકીને રંગભૂમિની બહાર ફેંકી દીધું.

(અનુસંધાન ૧૭૭ ઉપર)

ક્રમાંક-૮

❋ પ્રવચનસાર

卐 ઈતિહાસ સાચો લખાય તે જેટલું જરૂરી છે તેનાં કરતાં પણ વધુ જરૂરી છે કે ઈતિહાસ સારો લખાય.

卐 મહાભારત એ આ દેશનો સાચો અને સારો ઇતિહાસ છે તેમાં શંકા નથી.

卐 સમાજ સુધરી ન શકે, માનવ પ્રેરણા પામી ન શકે, આત્મા શુદ્ધ ન થઈ શકે તેવો ઇતિહાસ લખવો, વાંચવો કે સાંભળવો એ સમયનો બગાડ છે.

卐 ત્રણ પ્રકારના ચિંતકો છે. નિરાશાવાદી, આશાવાદી અને વાસ્તવવાદી. નિરાશાવાદી કહે છે આ સંસારમાં અંધકાર જ છે. બે રાત્રિઓની વચમાં માત્ર એક જ દિવસ છે.

આશાવાદી કહે છે જગત પ્રકાશથી પૂર્ણ છે. બે દિવસની વચમાં માત્ર એક જ વાર રાત આવે છે.

વાસ્તવવાદી કહે છે, રાત અને દિવસ બંનેની સંખ્યા સરખી છે.

જીવનમાં કદાચિત્ તમે બહુ આશાવાદી ન હો તો કંઈ નહિ, પણ વાસ્તવવાદી તો બનશો જ ને !

卐 ઈતિહાસ માત્ર ભૂતકાળની પળોજણ ન હોવી જોઈએ. ભાવિની પ્રેરણા પણ હોવી જોઈએ.

卐 ઇતિહાસ એ મરેલાના મરશિયા જેવો ન હોવો જોઈએ પણ હાલરડાના ગીત જેવો હોવો જોઈએ.

卐 તમારા બાળકને ધર્મપ્રેરણા કરવાનું કામ પારણામાંથી કરો. બાળક શું સમજશે તેની ચિંતા ન કરશો. તમે જે ધર્મ સમજ્યા છો તે જ બાળકને સમજવા દો.

卐 કોઈ જ્યારે ભિખારીનો તિરસ્કાર કરે ત્યારે મને આશ્ચર્ય થાય છે. તિરસ્કાર કરનારા કહે છે 'સાલો, માંગણ રોજ માંગે છે' આવા વખતે મને થાય છે આ ભિખારી કેવો સારો માણસ છે. આટલો તિરસ્કાર લોકોનો સહન કરે છે છતાંય ચોરી કરવાની જરાય ઇચ્છા કરતો નથી. ભીખ માંગવાથી કોઈ તિરસ્કરણીય હોય તો ચોરી ન કરવાથી શું આદરણીય ન કહેવાય? બરેબર દૃષ્ટિનો ભેદ છે.

卐 એક સુવિચાર તમે બાસ નોંધી લેજો.
તમે એક માણસને આખી જીંદગી મૂર્ખ બનાવી શકો. તમે ઘણા માણસોને ઘણીવાર મૂર્ખ બનાવી શકો. પણ તમે બધા માણસોને હંમેશને માટે મૂર્ખ ન બનાવી શકો. (You can not make all the people fool for all the time.)

卐 દુનિયાના તમામ દેશો પાસે પોતાના ઇતિહાસો છે. પણ જીવનના પ્રત્યેક ક્ષેત્રે ભક્તિ અને સમર્પણની આવશ્યકતા અને ઉપયોગિતાના આદર્શને તો ભારતદેશે જ રજૂ કર્યો છે.

卐 ભક્તિ અને સમર્પણ એ નિષેધાત્મક ત્યાગના વિધેયાત્મક સુંદર સર્જનો છે!

卐 ત્યાગમાં હજીયે ભાર છે. ત્યાગ માટે પ્રૌઢતાની જરૂર છે. ત્યાગ જ્ઞાનની પણ અપેક્ષા રાખશે. જ્યારે ભક્તિ અને સમર્પણ હળવા ફૂલ જેવા છે. તેને નથી પ્રૌઢતાની જરૂર એ તો માત્ર આત્મશક્તિનો હળવો ફૂલ જેવો વિકાસ છે.

卐 ભક્તિ અને સમર્પણમાં પુષ્પની જેમ સુવાસ–સૌંદર્ય–સદુપયોગનો સુમેળ સધાયેલો છે.

કોઈનાય ઉપકાર નીચે આવ્યા વિના જીવન જીવી શકાય તેમ નથી. છતાંય નીચ વ્યક્તિના ઉપકાર નીચે કદી ન આવતા. કોઈવાર નીચ વ્યક્તિના ઉપકાર નીચે આવી ગયા હોય તો પણ તેની સાથે વચનથી કદી બંધાતા નહીં.

નીચ કંસની સાથે વચને બંધાયેલ વસુદેવે છ પુત્રોના વિરહનું દુઃખ વેઠયું. કૈકેયીને વચન આપીને દશરથને રામ જેવાને પણ જકારો આપવો પડયો. પ્રભુને પ્રાર્થના કરજો. "હે પ્રભુ! નીચના ઉપકાર નીચે મને કદી દબાવતાં નહીં. ઊંચનો તિરસ્કાર ભળે તોય તેનાથી મને દૂર કરતાં નહીં.

એક માતાએ મને આવીને કહ્યું—સાહેબ! આજે તો મારા દિકરાએ જીદ કરી મને પકડીને બેસાડીને પોણા કલાક સુધી તેના ખેલ અને રમતની વાતો કહી, પછી એ છોકરો બોલ્યો "હાશ! આજે મારું કોઈ છે. તેવું મને લાગ્યું. મેં તરત જ કહ્યું—ખૂબ સારું થયું. વેળાસર તમારા દિકરાની વાત સાંભળવા માટે તમે સમય આપ્યો. હવે રોજ આ માટે સમય કાઢજો. બાળકને ઉછેરવાની પહેલી કળા છે બાળક શું કહે છે તે સાંભળવું. જે માતા—પિતા બાળક શું કહેવા માંગે છે તે સાંભળવાની દરકાર—સમજ અને સહાનુભૂતિ ધરાવતા નથી તે કદીય પોતાના બાળકને પોતાની વાત સંભળાવી કે સમજાવી શકવાના નથી.

આજે તમને બાળકની વાત સાંભળવાનો સમય ન હોય તો તમેય તૈયાર રહેજો ભવિમાં તમારી વાત સાંભળવાનો તેને પણ સમય નહીં રહે.

卐 માનવ તો બધા જ સરખા છે. પણ માનવીય શક્તિ દરેકની જુદી છે, એક માનવ હજારોનો સહારો લેવા છતાં ઉભો થતો નથી. જ્યારે એક માનવ હજારો અને લાખોનો ઉભા કરી દે છે,

કંસ પણ માનવ, કૃષ્ણ પણ માનવ
ગોશાળો પણ માનવ, ગૌતમ પણ માનવ,
ગોડસે પણ માનવ, ગાંધીજી પણ માનવ ! !

પણ બધાંય માનવને બધી જ રીતે એક સરખા સમજનાર જ છે ખરેખરો "**દાનવ.**"

卐 નિકાચિત કર્મોને ઓળંગવાની શક્તિ કોઈનીય નથી. ગમે તેવો શક્તિશાળી દેવ પણ પુણ્ય ન હોય તો કશું ન કરી શકે. પણ તેમ છતાંય દેવોની ભક્તિ કરવી નકામી છે, દેવો કશું જ નથી કરી શકતા—" એમ બોલવું એ ખોટું છે. ડોકટર બધાં જ રોગ મટાડી શકતા નથી છતાંય કોઈ પણ રોગ ડોકટર ન મટાડી શકે તે કહેવું ખોટું છે !

卐 દેવોની સહાય કરવાની શક્તિની મર્યાદા છે એ વાત માન્ય દે પણ દેવ કશું જ કરી ન શકે તે વાત અમાન્ય ! ! !....

卐 સાચા જૈનને મૃત્યુનો ડર નથી. તેને ડર હોય તો મૃત્યુ સમયે સમાધિ ન રહે તેનો જ. તેથી જૈન રોજ પ્રભુ પાસે માંગે છે " **સમાહિ મરણં ચ** " " હે પ્રભુ ! મને તારા પ્રભાવથી સ્વસ્થ શાંત અને સમાધિમય મૃત્યુ મળજો...."

卐 ધર્મ એટલે વિશ્વના સનાતન નિયમોનો નિરાગ્રહભાવે અભ્યાસ, અને અભ્યાસ કરેલાં સત્ય અને સનાતન તત્ત્વનો સહજભાવે સ્વીકાર....

卐 સાચું કહેજો, તમારું જીવન, સંબંધોની જાળવણી માટે છે કે સત્યની જાળવણી માટે ? ભલભલા વિચારકો સંબંધને આડે સત્યોની ઉપેક્ષા કરતાં હોય છે....!

卐 માનવજીવન પ્રાપ્ત કરીને સાધુ–સંતોના આશીર્વાદ મેળવી શકો તો જીવન ધન્ય છે....પણ....આશીર્વાદ ન મેળવી શકયા હો તો કોઈનાય નિઃસાસા ન લેવા. એટલું તો નક્કી જ રાખજો.

卐 કવિઓએ એક મધુરી કલ્પના કરી છે....લુહાર લોઢાને પણ સળગાવી દે છે....પીગળાવી દે છે. કવિ કહે છે કે આ લોઢું એટલે જ વળી ગયું છે કે તેણે પેલા પશુઓનો નિઃસાસો લીધો છે....પેલી ધમણ પશુઓના ચામડાની બનેલી હોય છે. અને તે ધમણની ફૂંકથી જ પ્રજ્વલિત થયેલો અગ્નિ જ લોઢાને પીગાળે છે.

卐 કોઈને આપેલું દુઃખ તે અગ્નિ છે. કોઈના પેદા થયેલા નિઃસાસા એ ધમણનો પવન છે. આપણા સુખ અને શાંતિ એ લોઢું છે. સંભાળીને રહેજો આ લોઢા જેવા સુખ અને સંપતિ કોઈના નિઃસાસાથી સળગી ન જાય....


卐 સત્તાના મદમાં છકી ગયેલ કંસ માનતો હતો કે દુનિયામાં કંસને કોઈ કશું ય કરી શકે તેમ નથી પણ આજ કંસની દશા એવી થઈ કે કંસને નોંધારા મરવું પડયું....ચાણુર અને મૌષ્ટિક જેવા મહામલ્લો સેવામાં હોવા છતાં ય કંસની કોઈ કરામત ચાલી નહી....કારણ ? પુણ્ય સલામત ન હતું.

卐 પુણ્ય સલામત તો બધી કરામત કારગત !

卐 હોંશીયાર લોકો એવી રજૂઆત કરે છે કે અમે સલાહ લેવા આવ્યા છીએ પણ....ખરી રીતે તો તેઓ પોતાની વાતની સ્વીકૃતિ કરાવવા જ આવ્યા હોય છે. બૃહસ્પતિને કંસે સલાહ લેવા બોલાવ્યા છે પણ ખરેખરતો કંસને શ્રી કૃષ્ણજીની હત્યા માટે મંત્રી બૃહસ્પતિનો સહકાર જોઈએ છે.

卐 મૃત્યુ તો સહુનું નિશ્ચિત જ હોય છે. પણ....કંસનું આપણને કમકમાટી ઉપજાવે તેવું છે. પોતાના જ રાજ્ય જીવનમાં આવી નામોશીથી મરવું કેટલું ખરાબ હતું ! જો કંસે એકવાર પણ પોતાના ભાઈમુનિના વચનનો વિચાર કર્યો હોત તો આવી દશા ન થાત !

卐 અતિમુક્તમુનિએ જીવયશાને શ્રાપ આપ્યો ન હતો. પણ....તેમનો આત્મા અત્યંત દુઃખિત થઈ જતાં તેમના મુખમાંથી શબ્દો અનાયાસે નીકળી ગયા હતા. કોઈ પણ જીવની આંતરડી કકળી ઊઠે તેટલું દુઃખ આપણે આપીએ છીએ ત્યારે તે જીવનો નિઃસાસો આપણને લાગ્યા વગર રહેતો નથી.



વાત નાની ભાત મોટી

❋ "ઉતાવળની ભૂતાવળ"

શેઠ દુકાન પર આવે છે....દુકાનમાં એક માણસને આમ તેમ ફાંફા મારતો અને સીસોટી વગાડતો જુએ છે....શેઠનો પિત્તો ઉછળે છે. નોકરી કરવાના આવા ઢંગ છે. તુરત પેલાને પૂછે છે–"તું શું કરવા બેઠો છે?".... નીકળી જા અહીંથી." "બોલ....તારો પગાર કેટલો છે?"

પેલો માણસ શેઠના સવાલથી ડઘાઈ જાય છે...."સાહેબ! ૧૫૦ રૂા." તે બોલી ઉઠે છે અને શેઠ તે માણસ કશું બોલે તે પહેલાં ગજવામાંથી રૂા. ૧૫૦ કાઢે છે...."લે, તારો પગાર અને હવે કોઇ દિવસ આ દુકાન પર આવતો નહીં. પેલા માણસે પણ કશું બોલ્યા વગર ૧૫૦ રૂપિયા ખીસામાં મૂકી દીધા અને ચાલતી પકડી.

જરા અંદર આવીને શેઠે મેનેજરને પૂછયું–"કેવા માણસો રાખ્યા છે તમે નોકરીમાં? પેલા બહાર બેઠાં બેઠાં કશું કામ કરે નહીં, સીટીઓ મારે તેવા માણસને રખાય???"

મેનેજર–"શેઠ સાહેબ! ન રખાય."

શેઠે કહ્યું–"ન રખાય શું? મેં તો એને પગાર ચૂકવીને હમણાં જ રવાના કરી દીધો છે."

મેનેજર–"સાહેબ, કોને?"

શેઠ–"પેલો બહાર બેઠો હતો તેને."

મેનેજર–"અરે! ભગવાન!"

શેઠ–"શું થયું?....ભગવાન કેમ યાદ આવ્યા?"

"કશું નહીં, બહાર બેઠો હતો તે તો આપણે ત્યાં નોકરી કરતો જ નહોતો. એ તો બહારથી પોતાના શેઠ માટે કંઈક ખરીદી કરવા આવ્યો હતો."....મેનેજરે ચોખવટ કરતાં કહ્યું. શેઠ બરાડી ઉઠયો–"સાલી જરાક ઉતાવળમાં રૂા. ૧૫૦નું પાણી થઈ ગયું....પણ હવે શું થાય?"

ઉતાવળની ભૂતાવળ થઈ ચૂકી હતી.

❋ કથાસાર

શ્રીકૃષ્ણને સહુના અભિનંદન અને સત્યભામા સાથે લગ્ન

(પૃ. ૧૬૯ થી ચાલુ)

અનાધૃષ્ટિએ તુરત જ બળભદ્ર અને શ્રીકૃષ્ણને રથમાં બેસાડી પોતાના રથને શૌરીના મહાલયમાં લઇ આવ્યા. રાજા શૌરીને ત્યાં મોટી સંખ્યામાં યાદવો ભેગા થયા હતા. શ્રીકૃષ્ણના આ પરાક્રમથી તેઓ પુલકિત હતા. તેઓ બધાએ તો સ્વાગત કર્યું પણ ખુદ મહારાજા શૌરી પણ શ્રીકૃષ્ણને ભેટી પડયા. શ્રીકૃષ્ણ આ વડીલના ચરણકમળમાં વિનયપૂર્વક નમી પડયા. પણ શૌરીએ તેમને ઉઠાડીને પોતાના ખોળામાં બેસાડયા. સમુદ્રવિજય તો એકીટશે શ્રીકૃષ્ણને જોઈ જ રહ્યા. દેવકીનો અપાર પુત્ર પ્રેમ ઉછળ્યો. દેવકીના સ્તનમાંથી સાક્ષાત્ વાત્સલ્યની ધારાની જેમ દૂધ ઝરવા માંડયું. પુત્રને ચુંબવાની ઝંખનાથી માતા દેવકી પુત્રને ભેટી પડી.

પેલા કેદમાં પડેલા કંસના પિતા ઉગ્રસેનને શ્રીકૃષ્ણએ મુક્ત કર્યો. કંસનું કેવું ઘાતક વલણ હશે કે તેના પિતાને પણ પોતાના પુત્રનો આ વધ જરાય દુઃખકર ના લાગ્યો. તેમને કંસના વધ બાદ રાજ્યગાદી પર બેસતા જરાય અફસોસ થતો હોય તેવું જણાયું નથી....જો ઉગ્રસેન કૃષ્ણને ઘાતકી અને કંસને ન્યાયી પણ સમજતા હોત તો પોતાની

પુત્રી સત્યભામાને તેઓ કદી કૃષ્ણ જોડે પરણાવત નહીં. પણ ઉગ્રસેને જાતે જ પોતાની પુત્રીના લગ્ન શ્રીકૃષ્ણ સાથે કર્યા. જગતની વિચિત્રતા જુઓ–ભાઈના હત્યારા સાથે એનના આનંદથી લગ્ન પિતા જ કરી રહ્યા છે.

❋ કંસનો અગ્નિસંસ્કાર અને જીવયશાની પ્રતિજ્ઞા...

પેલી જીવયશા–કંસની પત્ની તથા અન્ય તમામ પત્નીઓ કંસના શબને વીંટળાઈ વળી છે. દીન–હીન બનીને આંસુડાં સારી રહી છે. પતિના મુખને જોઈને વારંવાર મૂર્છા ખાઈ રહી છે. જાણે આ પત્નીઓનું એક જ કહેવું છે–"કંસ ક્રૂર હશે તે વાત સાચી પણ અમારું આ સંસારમાં કંસ વિના કોણ છે?" રડતી–કકળતી આ સ્ત્રીઓએ દયામય આત્માઓના હૈયાં પીગળાવી નાંખ્યાં. કરુણા એક એવી ચીજ છે કે ન્યાય અને અન્યાયને ગૌણ કરીને પણ હૃદયને ભીનું કરે છે. અનેક રીતે જીવયશાને નિવાપાંજલિ આપવા બધા સ્વજનોએ સમજાવી. પણ જીવયશા માની નહીં. એનો રોષ ભભૂકી ઊઠે છે. એ બોલી ઊઠે છે. કંસને મારા મહાપરાક્રમી સ્વામીને હું કદી નિવાપાંજલિ નહીં આપું. અને જો નિવાપાંજલિ આપવાની જ હશે તો સમજજો કે હું આ કૃષ્ણ, બલરામ અને બધાય યાદવોની સાથે જ નિવાપાંજલિ આપીશ. જીવયશા ચાહે છે કે પોતાના પતિની સાથે આ બધાય હવે યમધામમાં સીધાવે. આ વધુ પડતી વાતથી રાજા ઉગ્રસેન ઉગ્ર થયા, નારાજ થયા. તેમણે કહ્યું, ઓ મુગ્ધ જીવયશા! આવો બકવાદ તને શોભતો નથી. પણ માને તો જીવયશા શાની?

કૃષ્ણને કે ઉગ્રસેનને જે વિવાદ હતો તે કંસ માટે હતો. કંસની પત્ની જીવયશા ગમે તેવી સ્વામીભક્તિ બતાવે તે માટે કોઈનેય તે વધ્ય નથી લાગતી. સહુ તેની પતિભક્તિથી મુગ્ધ છે. જીવયશા પણ અંદરથી અશાંત છે. હવે પતિનું ઘર છોડી પિતાને ઘેર પહોંચે છે. મહારાજા જરાસંધને અનેક પ્રકારે ઉગ્ર કરે છે. કંસની હત્યાની કરુણતાથી જરાસંધના હૃદયને પીગળાવે છે.

⁂ વસુદેવ શૌરીપુરથી પલાયન

જીવયશા યાદવકુળનો સંહાર કરવાની પ્રતિજ્ઞા કરીને ગઈ છે. રાજા વસુદેવ ચિંતામાં પડ્યા છે. કૃષ્ણ અને બળભદ્રમાં પરાક્રમ છે. પણ હજી તેઓ કંઈ જામી ગયેલા મહારાજાઓ નથી. પેલીબાજુ જરાસંધ એક મહાપરાક્રમી રાજા તરીકે કયારનાય ખ્યાત થઈ ગયા છે. વસુદેવ ભાવિની ચિંતામાં છે. ચિંતાહર એવા પેલા કૌષ્ટ્રકી નિમિત્તિયાને યાદ કરે છે. કૌષ્ટ્રકી વસુદેવને સાચી સલાહ આપે છે. ભાવિની સાચી દિશા બતાવે છે. કૌષ્ટ્રકી કહે છે "રાજન્! વસુદેવ! તારા બલરામ અને આ કૃષ્ણ બેય પુત્રો અર્ધ ભરતના માલિક થવાના છે. તેમનું ભાગ્ય દરેક રીતે સુંદર છે. પણ હજી તારા પુત્રોનો પણ ભાગ્યોદયનો કાળ નથી આવ્યો. હમણાં તો આ શૌરીપુરને છોડીને તમારે અને તમારા સહુ અનુયાયીઓએ નાશી જવાનું છે. તેમાંય પશ્ચિમ દિશાના દરિયા તરફ જજો. અને જ્યાં કૃષ્ણની પત્ની સત્યભામા જોડકાને જન્મ આપે ત્યાં જ તમે નગરી વસાવીને રહેજો.

ધીર વસુદેવ પણ વખતને સમજે છે, જે વખતને નથી જાણતો તે મૂર્ખ છે. તાકાત અવસરે બતાવવાની ચીજ છે. અવસર વિનાનું અમૃત પણ ઝેર સમાન હોય છે. વસુદેવે પોતાના પરિવાર અને અનુયાયીઓને લઈને પશ્ચિમ દિશા તરફ પ્રસ્થાન કર્યું.

❋ શ્રીકૃષ્ણની આરાધનાથી દેવદ્વારા દ્વારિકા નગરીની સ્થાપના

સમુદ્રના એ રમ્યતીરે સત્યભામાએ બે પુત્રોનો જન્મ આપ્યો. વસુદેવને હવે ત્યાંજ નગરી વસાવવાની હતી; આ તરફ શ્રીકૃષ્ણને પણ કોઈ જ્યોતિષીએ અઠ્ઠમ તપ કરવા કહેલ. શ્રીકૃષ્ણએ અઠ્ઠમ તપ કરીને લવણ સમુદ્રના અધિષ્ઠાયકની સાધના કરી. નિશ્ચલમનની એ આરાધનામાં પ્રબળ પુણ્યોદયવાળા શ્રીકૃષ્ણની સેવામાં આવીને દેવ ઊભો રહ્યો. શ્રીકૃષ્ણએ પોતાનો નગરી સ્થાપવાનો મનોરથ જણાવ્યો અને વિવિધ દેવોની સહાયથી ત્યાં દ્વારિકાપુરીનું નિર્માણ થયું.

આ ભવ્ય દ્વારિકાપુરી–દ્વારવતીનગરી એ સ્વર્ગના ટુકડા જેવી મનોહર બની હતી. પૃથ્વી પર તેના જેવી શોભા કોઈ નગરીની તે વખતે નહીં હોય. પુણ્યવાન આત્મા એટલે જેને બધું જ મળે તે પુણ્યવાન એવો અર્થ ન સમજતા પણ એમ સમજવું કે જ્યારે જેની જરૂરી હોય ત્યારે તે અલ્પ પ્રયત્ન અને નિર્દોષ પ્રયત્નથી સહજ રીતે જેને મળી જાય તે પુણ્યશાળી.

યાદવો હવે અહીં સંપૂર્ણ ભયમુક્ત હતા. તેમનું સુખમય જીવન અહીં આનંદથી ચાલી રહ્યું છે.

⁂ શ્રી કોરકનું ગૃહગમન

અહીં સુધીની સઘળી વાત કોરકે કુંતીને જણાવી. કુંતીને પોતાના પિયરથી આવેલ આ કોરકની વાત જાણીને ખૂબ ખૂબ આનંદ થયો. કારણ જેનો અંત સુંદર તેનું બધું સુંદર ભલે યાદવોને ગમે તેવી પીડા થઈ હતી, પણ આજે તેઓ દ્વારવતીના અનુપમ સામ્રાજ્યમાં સુખ મગ્ન હતા. કોરકે કુંતીને યુધિષ્ઠિરના જન્મ નિમિત્તે અનેક ભેટણાં આપ્યાં. કુંતીએ બધાં ભેટણાંઓ પોતાના સંબંધીઓને યાદ કરી કરીને સ્વીકાર્યાં.

સ્ત્રીનું જીવન વિચિત્ર હોય છે. એ ગમે તેટલો કાળ સાસરે રહે પણ તેને પ્યારું તો પિયર જ લાગતું હોય છે. કુંતીનું હૈયું આજે હર્ષથી છલકાયું છે. પેલો કોરક વિદાય લઈ રહ્યો છે; તેને પોતાના ગોખમાંથી કુંતી કયાંય સુધી નિહાળ્યા કરે છે.

⁂ નાશિકમાં કુંતીદ્વારા જિનમંદિર

ઉત્તમકુળમાં જન્મેલા શ્રેષ્ઠ બાલ યુધિષ્ઠિરના નમણાં મુખડાં સામે જોતાં કુંતી એક અનેરો આનંદ પ્રાપ્ત કરે છે. યુધિષ્ઠિરના પ્રસવ પૂર્વથી જ કુંતીમાં ધાર્મિકતા વહેતી હતી. સુયોગ્ય પુત્રના પ્રભાવે તે ધાર્મિકતા વૃદ્ધિ પામી.

પુત્રોને ધર્મ માર્ગે સ્થિર કરવાનો કુંતીએ સંકલ્પ કર્યો. ધર્મમાર્ગનો ઊંડો પરિચય પોતાના રાજકુળમાં પણ થાય માટે કુંતીએ નાશિક નગરમાં એક ભવ્ય જિનમંદિર બંધાવ્યું. આ સોહામણા મંદિરમાં તેણે ચંદ્રપ્રભ ભગવાનને બિરાજમાન કરાવ્યા **જિનમંદિર ભક્ત હૃદય માટે અનિવાર્ય આશ્રયસ્થાન છે.** જેમ માર્ગમાં ફરતાં પથિકને ધર્મશાળાની જરૂર છે તેમ સંસારમાં ભટકતાં હૃદયને જિનમંદિર એ વિસામો છે. આવા મંદિરમાં સમજ પૂર્વકના દર્શન કરનારનો માત્ર થાક જ ઊતરતો નથી પણ એક અપૂર્વ તાજગી એ આત્મા પ્રાપ્ત કરે છે.

❋ કુંતીને પુનઃ ભવ્ય ગર્ભધારણ

વધતી જતી આ ધર્મ ભાવનાના જ પ્રભાવે પુનઃ માતા કુંતી ગર્ભવતી બને છે. પેલી બાજુ ગંધારીની ધીરજ ખૂટી છે. તેને પ્રસૂતિ થતી નથી. પુત્ર અવતરતો નથી. કુંતીએ એક સુંદર સ્વપ્ન જોયું. સ્વપ્નમાં પ્રચંડ વાયુને વહેતો જોયો. આ વાયુ સ્વર્ગના ઉદ્યાન નંદનવનમાંથી આખા કલ્પવૃક્ષને ઉપાડીને વહી ગયો. અને તે જ કલ્પવૃક્ષ ઊડતું ઊડતું કુંતીના ખોળામાં આવ્યું.

કુંતીએ શ્રી પાંડુરાજને પોતાના આ સ્વપ્નની વાત કહી. ચતુર શ્રી પાંડુએ કહ્યું. 'તારો આ ભાવિ પુત્ર પ્રચંડ પવન જેવો બળવાન થવાનો છે." આ સ્વપ્નનો ફલિતાર્થ છે. પતિની આ વાતને કુંતીએ પ્રેમથી વધાવી. દિવસો જતાં તો કુંતીને જાત-જાતના મનોરથો થવા માંડ્યા. કયારેક

કુંતીને લાગતું કે તે આખાય પર્વતને ઉપાડીને તેનો ચૂરો કરી રહી છે કયારેક તેને લાગતું કે તે વજ્રને પણ આંગળીના ટેરવાથી ઉછાળી રહી છે. આ બધા તેની કુક્ષીએ આવેલ ભાવિના મહાન આત્માના લક્ષણો હતાં. ધીર ગંભીર કુંતી આરાધના પૂર્વક દિવસોને પસાર કરે છે. હવે લગભગ નવ માસ પૂરા થવા આવ્યા છે.

⁂ ગાંધારીને ભયંકર ગર્ભપીડા

પેલી ગાંધારી બિચારી ત્રીસ મહિના થયા ગર્ભને ધારણ કરીને બેઠી છે. પણ પુત્ર જન્મ થતો નથી. ગર્ભ અખંડ છે. મૃત પણ નથી. અને સ્થિર પણ નથી. ગાંધારી પીડા પામે છે. પીડા પામતી અને કુંતીની ઈર્ષ્યાથી સળગતી ગાંધારી હવે જાણે ગાંડી બની છે. પોતાના પેટ ઉપર તીવ્ર પ્રહારો કરવા માંડી છે. પોતાના હાથની મુઠ્ઠીઓ કચકચાવીને પેટ પર મારે છે. આવા રોજના પ્રહારોથી એક દિવસ તે ગર્ભ બરોબર બહાર નીકળી ગયો. હજી ત્રીસ માસ થયા હોવા છતાં ગર્ભ પૂરો વિકાસ પામ્યો ન હતો. ગર્ભ બહાર નીકળી ગયો ત્યારે પણ તે માંસના વિચિત્ર પિંડ જેવો લાગતો હતો. ગાંધારીએ ત્રાસી જઈને નોકરોને કહ્યું—"જાવ, આ માંસના પિંડને બહાર ફેંકી દો." ગાંધારી આજે ફરજ ચૂકી હતી. ઘરની ઘરડી ડોસીઓ દોડી આવી. ગાંધારીને ખૂબ સમજાવી પણ ગાંધારીનો ગુસ્સો છે કે આ પાપપિંડ મોડો કેમ જન્મ્યો? પેલો યુધિષ્ઠિર હવે રાજા બનશે તો મને રાજ્ય સુખ કયારે? ગાંધારીનો એક જ સવાલ છે. તે કહે

છે" અત્યાર સુધી તો પતિ ધૃતરાષ્ટ્ર અંધ છે એટલે રાજ-પત્ની ન બની શકી અને હવે આ પાપપિંડ મોડો જન્મ્યો! પહેલો યુધિષ્ઠિર રાજા બનશે તો મારા નસીબમાં રાજ્ય સુખ ક્યારે?': આવા પાગલતા પૂર્વકના વિચારો કરતી ગાંધારીને કુલવૃદ્ધાઓએ જણાવ્યું– "ગાંધારી તું સમજુ છે. પુણ્યની વૃદ્ધિ કર. જન્મ અને મરણ એ કંઈ સ્પર્ધા કરવાની વાત નથી અને આ તારો પુત્ર એમ તો મહાન બનવાનો છે. અરે! યુધિષ્ઠિરથી પણ આગળ વધશે. માટે શોક ન કર માતાને ઉચિત કાર્યને સંભાળ."

આખરે શાંત બની ગાંધારીએ પુત્રને ઘીના પુમડા બનાવીને એક સોનાના કુંડમાં પધરાવી તેની સારવાર શરૂ કરી હજી તેના અંગના વિકાસ માટે ગરમ વાતાવરણની જરૂર હોવાથી તેને કુંડમાં જ રાખવો પડ્યો હતો.

❋ દુર્યોધન તથા ભીમનો જન્મ

ગંધારીની દુઃખની આગમાં કોઇએ જાણે ઘી હોમ્યું હોય તેવી રીતે તેનાં આ પુત્રનો જન્મ થયાને માત્ર ત્રણ જ પહોર થયાને કુંતીએ બીજા પુત્રને જન્મ આપ્યો. માત્ર ત્રણ જ પહોરનો ફરક એક જ દિવસે બંનેનો જન્મ હતો. છતાં ય તે બંનેના ભાવિ તદ્દન જુદા હતા.

પાંડુએ આ બંનેય પુત્રોના જન્મની ખુશી મનાવી. તેમણે બંનેના નિમિત્તે એક ભવ્ય મહોત્સવ કરાવ્યો. પાંડુના હૃદયમાં હશે કે પહેલો જન્મ મહોત્સવ ગાંધારીના પુત્રનો

કરવો જોઈતો હતો. તેમ ન થતાં ભલે યુધિષ્ઠિરનો જન્મ મહોત્સવ થયો પણ હવે તો ગાંધારીના આ પ્રથમ પુત્રને ખ્યાલમાં રાખી ખુદ પાંડુએ જ મહાન આયોજન કર્યું. ગાંધારીના પ્રથમ પુત્રનું નામ પડ્યું દુર્યોધન!

કુંતીના પ્રસિદ્ધ પુત્રનું નામ થયું....ભીમ....પવનપુત્ર ભીમના જન્મ વખતે જ દિવ્યવાણી પ્રગટ થઈ હતી....

'આ પુત્ર વજ્ર જેવી કાયાવાળો થશે....

પોતાના વડીલ ભાઈ પર તેનો અપાર પ્રેમ હશે.... અને....આ જ ભવમાં સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરશે....'

આવી દિવ્યવાણી આ પુત્ર માટે થઈ હોવા છતાંય પાંડુ જરાય ગર્વિત ન હતા. મહાપુરુષોના જીવનની એ જ મહત્તા છે કે તેઓ સાગર જેવા ગંભીર હોય છે....

દુર્યોધન અને ભીમ એક જ સરખી વયના હોવાથી તેમના લાલન–પાલન એક સાથે થવા માંડ્યા! બંનેય બળિયાઓનો કલહ પણ બાળપણથી શરૂ થઈ ગયેલ. કોઈ-વાર જમીન પર આળોટતા દુર્યોધનના પગ ભીમ પકડીને ખેંચતો તો કોઈવાર દુર્યોધન ભીમના બધાં રમકડાં કે ભોજન ખેંચીને લઇ લેતો....આ બંનેયમાંથી કોઈનું ય લોહી જાણે શાંત રહેવા ટેવાયું જ ન હોય તેમ લાગ્યા કરતું હતું ઘર પણ આ બળિયાના બાલ કંજિયાથી ભર્યું –ભર્યું લાગતું હતું.

❋ શિલાના ચૂરા – ભીમ અખંડ !

એકવાર શ્રી પાંડુરાજા સાથે મહારાણી કુંતી વસંત વિહાર કરવા ગયેલા....ઋતુરાજ વસંતે વનશ્રીને જાણે નવાં

વસ્ત્રો ધારણ ન કરાવ્યાં હોય! તેવું મોહક વાતાવરણ લાગતું હતું. શ્રી પાંડુરાજા ક્રીડાવનમાં પહોંચી ગયા હતા. મહારાણી કુંતીના હાથમાં આ લાડકો ભીમ હતો. આજે આ બાળક માત્ર એક જ મહિનાનો થયો હતો. છતાં ય માતા કુંતી આ ભીમને ઉપાડીને હાંફી જતા હોય તેમ લાગતું હતું, ભીમ તો માના હાથમાં ય સીધો રહેતો ન હતો. તેની કૂદાકૂદ તો ચાલુ જ હતી. રસ્તામાં જે કોઇ ઝાડ આંખરું આવે તેને ભીમ પકડી લેતો હતો. એકવાર તેણે જે ઝાડને પકડયું તેના મૂળિયા હલાવી નાંખ્યા વિના રહે જ નહીં. મહારાણી કુંતી પ્રેમથી ઝાડ છોડાવવા મથે પણ હાથમાં પકડયા પછી છોડે તે ભીમ નહીં....**પુત્રના લક્ષણ પારણામાંથી** એ અમસ્તું નથી કહેવાતું મહારાણી કુંતીને ય આ બાળકની બાળ લીલા પર આશ્ચર્ય થતું હતું.

પ્રકૃતિએ આજે મનોહર રંગો ધારણ કર્યા હતા. એટલે જ શ્રી પાંડુરાજાએ ક્રીડાવનમાં ક્રીડાપર્વત પર જવાનું યોગ્ય માન્યું મહારાણી શ્રી કુંતી પણ ક્રીડાપર્વતની રમણીયતાને માણવાનું મન રોકી ન શકયા. તેથી મહારાણી પણ પતિના પગલે પગલે ક્રીડાપર્વતપર આવી પહોંચ્યા. આ ક્રીડાપર્વત પર અનેક સરોવરો અને અનેક વાવો હતી. નાના–મોટા અનેક ઉદ્યાનો હતા. આવી ભવ્ય શોભાને જોતાં જોતાં મહારાણી કુંતી ધરાતા ન હતા. એકને જુએ ને એકને ભૂલે એવી શોભા હતી.

આખરે ખૂબ–ખૂબ ચાલવાથી મહારાણી કુંતીને કંઈક પરિશ્રમ પણ થયો હતો. મહારાણી કુંતીને થયું આ થાક ઊતરે તો સારૂં અને ત્યાં જ ઊંચા શિખર પર ઊગેલા એક

કંકેલી વૃક્ષને જોયું. આ વૃક્ષને જોતાં જ ત્યાં જઈને થાક ઉતારવાનું મહારાણી કુંતીએ નક્કી કર્યું. આ સ્થાન થોડું સાંકડું અને ખૂબ ઊંચું હતું છતાંય તેની મનોહરતા અપાર હતી. કુંતીએ પોતાના બાળ ભીમને ખોળામાં બેસાડી હુલરાવવા માંડ્યો. મહારાણી કુંતી બાળ ભીમને જોતાં-જોતાં અપાર હરખાય છે....ગાઈ રહ્યા છે કે....“ઓ કુરુવંશના મુગટ....! ઓ....જગતના લોકો માટે અમૃત (સુધા)ની ધાર વરસાવનાર ચંદ્ર....! બેટા, હવે તું પણ સૂઈ જા.... અને માના મીઠા વેણથી બાળ ભીમ પણ માતા કુંતીના ખોળામાં ઘસઘસાટ ઊંઘી ગયો !

પેલી બાજુ પાંડુરાજા એક મનોહર ચંપક પુષ્પની માળા લઈને આવતા હતા. તેમનો ઈરાદો આ માળા મહારાણી કુંતીનાં ગળામાં પહેરાવવાનો હતો. શ્રી પાંડુરાજાના ચહેરા પર અદ્‌ભુત આતુરતા હતી. મહારાણી કુંતી શ્રી પાંડુરાજની આતુરતા સમજીને એકદમ ઊભા થઈ ગયા. પતિદેવ શા માટે મારી પાસે આવે ? હું જ કેમ સ્વામીની પાસે ન જઉં ? એવા જ કંઈક મનોભાવે તેઓ આગળ વધ્યા. પણ ખોળામાં લાડીલો લાલ સુતો છે તે યાદ ન રહ્યું એક બાજુ શ્રી પાંડુરાજે મહારાણી કુંતીના ગળામાં માળા તો પહેરાવી દીધી પણ પણ પેલો બાળભીમ ત્યાં જ માતા કુંતીના ખોળામાંથી પડી ગયો.

ક્ષણવારમાં આશું થઇ ગયું....? આ શું થઇ ગયું....? એમ વિચારતાં મહારાણી કુંતી તો આભા જ બની ગયા અને જોવા લાગ્યા. એક હાથ માળા તરફ ફેલાવ્યો હતો તો

બીજા હાથે તેમણે પડતા બાળ ભીમને રોકવાનો પ્રયત્ન કર્યો. બાળ ભીમ વજનદાર હતા તેથી મહારાણીનો રોકવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો....ઊંચા શિખર પરથી આ બાળક ગબડતાં જ મહારાણી કુંતીથી મોટી ચીસ પડાઇ ગઇ લોકોએ પણ આ ચીસ સાંભળીને તથા બાળ ભીમને ગબડતો જોઈને હાહાકાર મચાવી દીધો. હજી તો લોકો બાવરા બનીને જુએ છે ત્યાં જ ક્રીડાશૈલના પગથિયાઓ પરથી મોટા મોટા પત્થરો ગબડતાં હોય તેવા અવાજો પણ આવવા લાગ્યા. બાળ ભીમ પગથિયે પગથિયે પછડાતો જતો હતો અને ધડામ ધડામ અવાજો થતા હતા. આ અવાજોથી મહારાણી કુંતીનું હૈયું ભેદાઈ જતું હતું. લોકો પણ આ દૃશ્ય જોઈને કંઈક ઉપાય કરવા જાય તે પહેલાં જ આ બાળ ભીમ ગબડીને છેક તલેટીમાં પહોંચી ગયો....માતા કુંતીથી પણ બોલાઇ ગયું કે મારો લાલ! મારો ભીમ! આટલા ઊંચેથી પડયો છે તો તે કેવી રીતે બચશે!! મારો ભીમ હવે સદાના માટે ચાલી ગયો એને કોઈ બચાવો....! મારા બાળની કોઈ રક્ષા કરો....માતા કુંતીના આ આક્રંદથી ગિરિમાળા પણ જાણે રડતી હોય તેવું લાગતું હતું. શ્રી પાંડુરાજ પણ શોક મગ્ન થઈને બેઠા છે. એટલામાં શ્રી પાંડુરાજની નજર પગથિયાના પત્થરો પર પડે છે. અહો! આ શિલાઓના તો ચૂરેચૂરા થઈ ગયા છે. દેવી કુંતી! આ શિલાઓને કોણે તોડી નાખી છે? શોક મગ્ન કુંતી કહે છે કે આ શિલાઓનું જે થાય તે ખરું, મારા બાળ ભીમનું શું થયું છે તે કહો! આ શિલાઓ મારા દીકરાની વૈરીણી છે. શિલાઓ પોતાના પાપથી જ ચૂરાઈ ગઈ છે. મને પહેલાં એ કહો કે મારો

બાલ....મારો લાલ....મારો લાડલો કયાં છે ? પુનઃ માતા કુંતીએ વિલાપ શરૂ કર્યો.

શ્રી પાંડુરાજ કંઈક વિચારમાં છે....કે આ શિલાઓના ચૂરા હમણાં જ થયા છે. નક્કી તેમાં જ કંઈક ભેદ છે. એટલામાં એક સૈનિક તળેટી પરથી દોડતો દોડતો આવી રહ્યો છે. તેના હાથમાં ખીલેલાં કમળો છે. આવી રહેલા વફાદાર સૈનિકની ચહેરાની ચમક નીરખીને પાંડુરાજા સમજી ગયા કે ચોક્કસ આ શુભ સમાચાર જ લાવ્યો છે....શ્રી પાંડુરાજે પેલો સૈનિક આવે તે પહેલાં જ મહારાણી કુંતીને કહ્યું " મહારાણી દેવી ! તમે જય પામો....વિજય પામો !! તમારો દીકરો કુશળ છે. તમારા દીકરાને કોઈ નુકશાન નથી થયું...."

એટલામાં જ પેલા સૈનિકે કહ્યું, દેવ ! બાલ રાજા છેક ઉપરથી નીચે પડયા છે છતાં ય તેમને જરા પણ વાંધો નથી આવ્યો નીચે પડયા છે છતાં ય નીચે સુધી માતા કુંતીના ખોળામાં બેઠા બેઠા પહોંચી ગયા હોય તેવું લાગે છે ! રાજન્ ! આપ અને મહારાણી બંને ય ન માની શકો તેવી વાત છે. અમે પણ જે દૃશ્ય જોઈને આવ્યા છીએ તે માની શકતાં નથી. હકીકતનો તો સ્વીકાર કરવો પડે છે. આપણા કુંવરને જરા સરખી ય આંચ નથી આવી !

મહારાણી કુંતી અને પાંડુરાજા તુરત જ તળેટી તરફ ઉપડયાં ઘડીવારમાં બંને જણા નીચે જઈને જુએ છે તો ચૂરાયેલી શિલાઓની વચ્ચે બાળ ભીમ આરામથી સૂઈ રહ્યા છે કે જાણે ફુલની શય્યા જ ન બિછાવી હોય ! મહારાણી કુંતીએ તરત જ પોતાના બાહુ ફેલાવીને બાળ ભીમને

ઉપાડી લીધો. અને આશ્ચર્યકારી ભીમ પર મહારાણી કુંતીએ ચૂમીઓને વરસાદ વરસાવી દીધો ! મહારાણીના સ્તન પણ ભીના થઈ ગયા. શ્રી પાંડુરાજને પણ એટલો બધો હર્ષ થઇ ગયો કે મહારાણી કુંતી પાસેથી બાળ ભીમને ઝુંટવીને તેમણે લઈ લીધો, અને બાળકને પોતાની છાતીએ ચાંપી દીધો !

મહારાણી કુંતી સમજી તો ગયા જ હતા છતાંય શ્રી પાંડુરાજને પૂછે છે, "રાજન્ ! બાળક તો દિવ્ય પ્રભાવથી બચી જાય પણ આ બધી શિલાઓને હમણાં તો આપણે ચઢતી વખતે આખીને આખી જોઈ હતી અને આ થોડીવારમાં તેના ચૂરે–ચૂરા કેમ થઈ ગયા ?"

શ્રી પાંડુરાજ કહે છે. "પ્રિયા ! મહાદેવી ! તું પેલી દિવ્યવાણીને ભૂલી ગઈ. બાળ ભીમના જન્મ વખતે જ કહેવાયું હતું કે આ બાળક વજ્ર જેવી કાયાવાળો થશે ! આ તારો વજ્રકાય બાળ તારા ખોળામાંથી પડી ગયો તેનાથી જ આ બધા પગથીયા અને શિલાઓ ચૂરાઈ ગયી છે. ધન્ય છે તારા બાળકને. લે; સંભાળ હવે આને. મહારાણી કુંતીએ એવા જ ઉછળતા પ્રેમે પોતાના પતિના હાથમાંથી ભીમને લઈ લીધો. જાણે એક મહા મંગળકારી ઘટના બની ગઈ હોય તેવા આનંદથી વસંત વિહાર પૂર્ણ કરીને પાંડુરાજા તથા કુંતી મહારાણી ભીમની સાથે રાજ ભવનમાં પાછા ફર્યા.

ભીમનું 'ભીમ' નામ પણ આ નાની બાળવયથી જ સાર્થક થયું....

આ તરફ સમય પસાર થતો ગયો તેમ કુંતીને બીજું ભવ્ય સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે ઇંદ્ર મહારાજાને જોયા. આ ઇંદ્રના સ્વપ્નથી પ્રસન્ન થયેલી કુંતીએ જ્યારે યોગ્ય કાળે બાળકને જન્મ આપ્યો ત્યારે તેના માટે દિવ્ય વાણી તો પ્રગટી પણ અપ્સરાઓએ આકાશમાં નૃત્ય કરીને તેના જન્મનો મહિમા કર્યો. આ મહિમાવંત બાળક જ અર્જુન નામે પ્રસિદ્ધ થયો !

પાંડુરાજાને ત્યાં તો આનંદ પર આનંદના જ દિવસો હતા. કુંતીએ ત્રણ પુત્રને જન્મ આપ્યો તો માદ્રીએ પણ એક સુંદર જોડકાને જન્મ આપ્યો. આ બંને ય રાજકુમારોના નામ **સહદેવ** અને **નકુલ** પાડવામાં આવ્યા.

પાંડવના આ પાંચેય પુત્રો મહાભાગ્યશાળી—ધર્મશીલ અને ભાવિમાં કલ્યાણની પ્રાપ્તિ કરનારા હતા. તે દરમ્યાન ધૃતરાષ્ટ્રની આઠ રાણીઓને ત્યાં પણ વિવિધ પુત્રોના જન્મ થયા. સર્વ મળી ૧૦૦ પુત્રો થયા ! તેમના નામો નીચે પ્રમાણે છે !

❋ ગાંધારી આદિના ૧૦૦ પુત્રો

(૧) દુઃશાસન (૨) દુઃસહ (૩) દુઃશલ (૪) રણ (૫) શ્રાન્ત (૬) સમાઢય (૭) વિન્દ (૮) સર્વસહ (૯) અનુવિન્દ (૧૦) સુભીમ (૧૧) સુબાહુ (૧૨) દુષ્પ્રધર્ષણ (૧૩) દુર્મર્ષણ (૧૪) સુગોત્ર (૧૫) દુષ્કર્ણ (૧૬) દુઃશ્રવા (૧૭) વરવંશ

(૧૮) વિકીર્ણ (૧૯) દીર્ઘદર્શી (૨૦) સુલોચન (૨૧) ઉપચિત્ર (૨૨) વિચિત્ર (૨૩) ચારુચિત્ર (૨૪) શરાસન (૨૫) દુર્મદ (૨૬) દુષ્પ્રગ્રાહ (૨૭) યુયુત્સુ (૨૮) વિકટ (૨૯) ઊર્ણનાભ (૩૦) સુનાભ (૩૧) નંદ (૩૨) ઉપનન્દ (૩૩) ચિત્રબાણ (૩૪) ચિત્રકર્મા (૩૫) સુવ (૩૬) દુર્વિમોચન (૩૭) અયોબાહુ (૩૮) મહાબાહુ (૩૯) શ્રુતવાન્ (૪૦) પદ્મલોચન (૪૧) ભીમબાહુ (૪૨) ભીમબલ (૪૩) સુષેણ (૪૪) પંડિત (૪૫) શ્રુતાયુદ્ધ (૪૬) સુવીર્ય (૪૭) દણ્ડધાર (૪૮) મહોદર (૪૯) ચિત્રાયુધ (૫૦) નિષંગી (૫૧) પાશ (૫૨) વૃંદારક (૫૩) શત્રુંજય (૫૪) શત્રુંસહ (૫૫) સત્યસન્ધ (૫૬) સુદુઃસહ (૫૭) સુદર્શન (૫૮) ચિત્રસેન (૫૯) સેનાની (૬૦) દુષ્પરાજય (૬૧) પરાજિત (૬૨) કુણ્ડશાયી (૬૩) વિશાલાક્ષ (૬૪) જય (૬૫) દૃઢહસ્ત (૬૬) સુહસ્ત (૬૭) વાતવેગ (૬૮) સુવર્ચસ (૬૯) આદિત્યકેતુ (૭૦) બહ્વાશી (૭૧) નિબંન્ધ (૭૨) પ્રયાસ (૭૩) કવચી (૭૪) રણશૌણ્ડ (૭૫) કુણ્ડધાર (૭૬) ધનુર્ધર (૭૭) ઉગ્રરથ (૭૮) ભીમરથ (૭૯) શૂરબાહુ (૮૦) અલોલુપ (૮૧) અભય (૮૨) રૌદ્રકર્મા (૮૩) દૃઢરથ (૮૪) અનાધૃષ્ય (૮૫) કુણ્ડભેદી (૮૬) વિરાજી (૮૭) દીર્ઘલોચન (૮૮) પ્રમથ (૮૯) પ્રમાથી (૯૦) દીર્ઘાલાપ (૯૧) વીર્યવાન (૯૨) દીર્ઘબાહુ (૯૩) મહાવક્ષા (૯૪) દૃઢવક્ષા (૯૫) સુલક્ષણ (૯૬) કનક (૯૭) કાંચન (૯૮) સુધ્વજ (૯૯) સુભુજ અને (૧૦૦) સૌથી જ્યેષ્ઠ દુર્યોધન.

....આ એકસો ને પાંચેય પુત્રો હવે ઉંમરમાં વધી રહ્યા છે. સાથે–સાથે તેઓના માતા–પિતાના મનોરથો પણ છલકાઇ રહ્યા છે. ધૃતરાષ્ટ્રને યુધિષ્ઠિર પ્રત્યે અહોભાવ છે. તેના

જેવો રાજવી હોય તે દેશ પણ ભાગ્યશાળી હોય તેવું પણ ધૃતરાષ્ટ્ર માને છે. છતાંય દુર્યોધન પરનો પ્રેમ અંતઃકરણ માંથી હજીય જાગી રહેલ સ્વપુત્ર દુર્યોધનનો પક્ષપાત ધૃતરાષ્ટ્રને વિહ્વળ બનાવે છે.

❋ ધૃતરાષ્ટ્રનો રાજગાદી માટે નિમિત્તિયાને પ્રશ્ન

....એકવાર રાજ્યસભા ભરાઈ છે ! ધૃતરાષ્ટ્ર પાંડુ અને વિદુર પણ હાજર છે. આ સમયે કોઈ પ્રખ્યાત જ્યોતીષીનું આગમન થયું છે ! ધૃતરાષ્ટ્રે આજે મનમાં ઘોળાઈ રહેલી શંકાનું નિવારણ કરવું ઉચિત માન્યું પાંડુને તો જાણે ભાવિ જાણવામાં રસ જ ન હતો ! તે તો વર્તમાનની ક્ષણને સફળ કરવામાં માનતા હતા. વિદુરને ભાવિ માટેની કોઈ શંકા ન હતી. પરંતુ મન ઝોકાં ખાતું હતું પેલા ધૃતરાષ્ટ્રનું !! અને તેથી જ તેમણે આ અવસરે પૂછી લીધું....' ભલે, યુધિષ્ઠિર જ્યેષ્ઠ હોય અને મહાન ગુણોથી યુક્ત હોય તેથી રાજા બને પણ યુધિષ્ઠિર રાજા બને તે બાદ મારા દુર્યોધનના રાજ્ય ભોગવવાના દિવસો છે કે નહીં....?

બસ...., જ્યાં આ પ્રશ્ન થયો કે તુરત જ આકાશ જાણે ધૂળના વાદળથી ઘેરાઈ ગયું....!

ધરતી જાણે નિઃસાસો નાંખવા માંડી....

શિયાળીયાઓએ પણ રડવાનું શરૂ કર્યું....

અને....સૂર્ય ઉપર પણ કુંડાળું થઈ ગયું....? આવા અશુભ લક્ષણો એકાએક પેદા થયેલા જોઇ ધૃતરાષ્ટ્રના પ્રશ્નના

જવાબ આપવાની હિંમત જ્યોતિષીમાં ન રહી. તે શું જવાબ આપે આ ધૃતરાષ્ટ્રને...! આ અશુભ ચિહ્નો જ દુર્યોધનના ભાવિનો સ્પષ્ટ જવાબ હતો ! છયાંત નૈમિત્તિકે પોતાનું મુખ વિદુર તરફ વાળ્યું.

"મહારાજન્ વિદુર ! આપના બંધુ ધૃતરાષ્ટ્રના પુત્ર જગવિખ્યાત રાજા થશે ! પરાક્રમ શાળી યોદ્ધા થશે....અનેક રાજાઓને જીતીને પોતાને વશ કરશે. પણ....આખરે તો.... આખરે તો...." ત્યાં જ નૈમિત્તિકની જીભ થોથવાઇ ગઈ....તે કહેવા માંગે છે છતાંય કહી નથી શકતો ખૂબ પ્રયત્નને અંતે તે કહે છે...."આખરે તો આ દુર્યોધન સમસ્ત કુરુવંશનો અને આ હસ્તિનાપુરના લોકોનો નાશ કરનારો થશે...."

⁂ કુલનાશક શ્રી દુર્યોધન

નૈમિત્તિકની આ વાત સાંભળી ધૃતરાષ્ટ્રે આશ્ચર્ય સહ મૌન સેવ્યું છે! પોતાનો પુત્ર કુલનાશક થશે એ ભવિષ્ય-વાણીએ ચિંતા કરાવી છે તો એક વાર તો અનેક રાજાઓને હરાવશે તે વાતે ધૃતરાષ્ટ્રથી પ્રસન્ન થઈ જવાયું છે! બે **વિરુદ્ધ વિચારો આવે ત્યારે આમેય મૌન એજ શરણ હોય** છે ! ધૃતરાષ્ટ્ર મૌન છે પણ વિદુર સત્ય વકતા છે! તેને ધૃતરાષ્ટ્રનું મૌન અકળાવે છે! તુરત બોલી ઊઠે છે–"મોટા ભાઇ! તમારે પુત્રોની ઓછાશ કયાં છે ? પૂરા સો પુત્રો છે! જો આ એક પુત્ર કુલનો નાશક બનવાનો છે તો હમણાં જ તેનો ત્યાગ કરી દો ! શું કરવાનો એ પુત્રને કે જે સમસ્ત કુલનો નાશ કરે ! પણ....ધૃતરાષ્ટ્ર મૌન છે ! એમનું એ મૌન

ખૂબ ઊંડા અર્થને સૂચવે છે! વિદુર આશ્ચર્ય ચકિત થઈ ગયા છે! ખરેખર નિર્ણયને વખતે મૌન રહેનાર ધૃતરાષ્ટ્ર પર વિદુર નારાજ છે!

મામલો આગળ વધે તે પહેલા પાંડુ બોલી ઊઠે છે. "બંધુ વિદુર! આ તું શું બોલે છે! ખરેખર દુર્યોધન જ કુરુ વંશનો અધિકારી છે! એજ ગાંધારીના ગર્ભમાં સર્વ પ્રથમ આવ્યો હતો! યુધિષ્ઠિર ભલે જન્મે મોટો હોય પણ ખરેખર ઉંમર તો દુર્યોધનની જ મોટી કહેવાય. તે જ ભલે રાજા થાય. વિદુર! એમ કંઈ છોકરાનો ત્યાગ થાય! આ તો કંઈ વાસણ-કુસણ છે કે તેને છોડી દેવાય. ભાવિની આવી આગાહીથી શું એક પિતા પુત્રને ઉછેરવાનું છોડી દે! અરે! પુત્ર કુલનો નાશ કરે તેમ કહેવાશે તો કુલનો ઉદ્ધાર કોણ કરશે? વિદુર! તું ધીરો થા! આવી બાબતમાં કદી ઉતાવળ ન કરી શકાય."

અને....પાંડુરાજની આ ભવ્ય પ્રતિભાથી તે નિમિત્તિયો પણ વિચારમાં પડી ગયો છે!

નાની સરખી દેખાતી આ દુનિયામાં આવા મહામના માનવો રહે છે કે તેથી પૃથ્વી બહુરત્ના કહેવાય છે....!

નિમિત્તિયાએ ચાલતી પકડી! બિચારાએ સાચું કહીને દક્ષિણા ગુમાવી! વિદુર અને પાંડુ ધીમે પગલે પોતપોતાના મહેલ તરફ વળ્યા! હજીય વિદુરને એ સમજાતું ન હતું કે ધૃતરાષ્ટ્ર મૌન કેમ છે? ધૃતરાષ્ટ્ર પણ શું કરે?

આ દુનિયા વિચિત્ર છે ! ગુલાબ પણ કાંટાની સાથે જ ઊગે છે ! ધૃતરાષ્ટ્રને દુઃશલ્યા નામની એક બેન થઈ અને તે સિંધુ દેશના અધિપતિ જયદ્રથને પરણી હતી.

⁘ એકસો અને પાંચ બાળકોનો પવિત્ર પ્રેમ

વાત એકવાર છેડાઇ ગઇ. પણ....પછી ધીમે ધીમે તે વાત શમી ગઈ. હવે તો એકસો પાંચે ય કુરુવંશીઓ એક જ સાથે ક્રીડાઓ કરે છે ! સવારથી સાંજ સુધી સાથે રમે છે. વહેલી સવારે માતા સત્યવતી–ભીષ્મ પિતામહ–ધૃતરાષ્ટ્ર –પાંડુ–વિદુર–તથા માતા ગાંધારી–કુંતી અને માદ્રીને પ્રણામ કરે છે. ખૂબ આનંદ–મંગલ વર્તે છે. સમસ્ત હસ્તિનાપુરનો રાજ દરબાર ખૂબ ભર્યોભાદર્યો લાગે છે.

રાજકુલના દરેક વડીલો આ બાળકોના સંસ્કાર માટે જાગૃત હતા. આ રાજકુમારોને શિક્ષા આપવા ખૂબ પરિશ્રમ લેવામાં આવતો હતો ! બાળકોનું મન ધર્મમય થાય તે માટે વડીલોએ ખૂબ કાળજી રાખી હતી છતાંય કૌરવો કરતાં પાંડવોમાં ધર્મ સંસ્કાર ખૂબ ખીલ્યા. પાંચ જણા દેવ–ગુરૂ–ધર્મના પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવતા હતા. રાત હોય કે દિવસ હોય પણ તેમના મનમાં પંચ પરમેષ્ઠિનું રટણ ચાલુ જ રહેતું હતું. કુલનું ગૌરવવંતુ વાતાવરણ હોવાં છતાંય અને વડીલોની એકસો પાંચેયને ધર્મના સુંદર સંસ્કાર આપવાની ચીવટ હોવા છતાંય પાંડવોમાં ધર્મસંસ્કાર ખૂબ વિકાસ પામ્યા. તેઓ બાળપણથી જ ચુસ્ત બાળ શ્રાવકો હોય તેવી રીતે વર્તવા માંડ્યા.

આ બધા બાળકોમાં પરસ્પર ખૂબ જ પ્રેમ બંધાયો હતો ! આ બાળ ઉંમર કેવી પવિત્ર છે, જેમાં કોઈના ય પર કોઈને કોઈ આગ્રહ રહેતો નથી. આ બધાયનો પરસ્પર પ્રેમ હોવા છતાંય યુધિષ્ઠિર, ભાઈ દુર્યોધન પર પહેલેથી વધુ પ્રેમ રાખતા હતા. ભીમને પણ ધૃતરાષ્ટ્રના પુત્રો પર અપાર સ્નેહ હતો ! ભીમ વાર'વાર યથેચ્છ વિનોદ કરે છે ! ભીમના બળ પાસે પેલા બિચારા રાકડાં જેવા છે ! ભીમ કોઈ વાર આ ધૃતરાષ્ટ્રના પુત્રોમાંથી પાંચ–દસને બાથમાં પકડે છે....પાંચ–દસને પોતાની બગલમાં દબાવી દે છે....દોડા –દોડ કરાવીને જરા તેઓ ગભરાય એટલે છોડી દે.....!

ધૃતરાષ્ટ્રના પુત્રો તો ભીમને જાણે કોઈ મહાકાળ જ સમજે છે. તેનાથી ખૂબ ગભરાય છે. વિનોદી ભીમને પણ તેમને ગભરાતા જોઈને ખૂબ આનંદ આવે છે. યુધિષ્ઠિરની હાજરીમાં તો ભીમ તોફાન ઓછું કરે, પણ યુધિષ્ઠિર ન હોય ત્યારે પેલો બધાને એવા ગભરાવી મૂકે કે તોબા પોકારી જાય. એકવાર ધૃતરાષ્ટ્રના પુત્રો ઝાડ પર બેઠેલા ભીમ ત્યાં આવી પહોંચ્યા. આવીને એક જ મુક્કો મારીને ઝાડને પાડી નાખ્યું. બાળકોના જીવ ઊંચે ચડી ગયા. પણ ઝાડ જમીન પર પડે તે પહેલાં પકડીને બધાય બાળકોને હેમખેમ ઉતારી છોડી દીધા. બધાને થયું આ ભીમ રાક્ષસ જેવો છે. આજે તો તેમણે આપણને બચાવ્યા. પણ બરોબર મારી નાંખે તો શું ખબર પડે ? અને આવા બળિયાને તો સીધો કરવો જ જોઇએ. બધા ઉપડી ગયા દુર્યોધનની પાસે. દુર્યોધનને પોતાની કથની સંભળાવી. મોટાભાઈની રૂએ દુર્યોધને બધી વાત સાંભળી.

❋ હસવામાંથી ખસવું.

દુર્યોધનને આ વાત સાંભળી ગુસ્સો આવી ગયો. મનમાં બોલી ઉઠયા–" જો ભીમમાં તાકાત હોય તો તે મારી સાથે લડે.

આવા દુબળાં છોકરાં સાથે શું લડે છે ? "દુર્યોધને ભીમ પાસે આવી પડકાર કર્યો." અરે ભીમ ! યુધિષ્ઠિર તને કશું કહેતાં નથી ? અમારા નાનાભાઈઓ સાથે શું કરવા ઝઘડે છે ? તારા હાથમાં ચળ આવતી હોય તો આવને મારી સામે."

ભીમ બોલ્યો "બંધુવર્ય ! મોટાભાઈ યુધિષ્ઠિરને વચમાં લાવવાની જરૂર નથી. મારા હાથમાં કશી ચળ આવતી નથી પણ મને મઝા આવે છે આ છોકરાઓ સાથે ખેલવાની."

દુર્યોધન કહ્યું " આવી જ મઝા આવે છે તને !; નબળાની આગળ શું જોર બતાવે છે ? એકવાર તારે મઝા કરવી હોય તો આવને મારી જોડે, ભીમ સસ્મિત કહે છે. "બંધુવર્ય દુર્યોધન ! આ બાળકો જેવા તમારા ભાઈઓ છે તેવા મારા ભાઈઓ છે. તેઓને ય આનંદ આવે અને મનેય આનંદ આવે માટે જ હું રમત કરું છું. દુર્યોધન કહે–" ભીમ ! હવે રહેવા દે બધી વાત. બિચારા મારા ભાઈઓ રડે અને તને આનંદ આવે ! આવ, મારી જોડે, આનંદ કર તૈયાર થઈ જા; લડવા." ભીમ ઠંડે કલેજે કહે છે–" બંધુવર્ય દુર્યોધન ! હું તો કયારનો ય તૈયાર છું. મારે તો મારા જેવા જોડે જ બાથડવું હોય છે, પણ તું....તો.....મારા કરતાં ત્રણ પ્રહર મોટો છે ને ! મોટાભાઈ એટલે અમારી જોડે કયાંથી રમવા આવે ?" ભીમના આ પડકારે દુર્યોધન તૈયાર થઈ ગયો. મઝા

અને રમત હવે ખરેખરી લડાઈમાં પરિણમ્યા. જોરજોરથી આ બોલચાલથી બધા ભેગા થઈ ગયા. સહુએ ભીમને અને દુર્યોધનને નહીં લડવા સમજાવ્યા. પણ આજે બેય બળિયાએ કહ્યું–" આજે કોઈ વચમાં પડતાં નહીં, એકવાર રંગ જોઈ લેા." બધા જ પ્રેક્ષક બની બેઠા છે. થોડીવારમાં બરાબર બેલ શરૂ થયેા, આજે પહેલી જ વખત કુરુવંશમાં મારા–તારાના પક્ષેા પડ્યા. દુર્યોધન હણાય ત્યારે પાંડવેાના પેાકાર થાય અને ભીમ હણાય ત્યારે કૌરવેાનેા કિલકિલાહટ થાય. પણ આખરે ભેાળા ભીમના ભયંકર પ્રહારે દુર્યોધન દુર્બળ પડયેા. ધીરે રહીને પેાતાના ભાઈની સાથે જઈને શાંત પડયેા.

❋ વેરના વાવેતર

પેલી બાજુ ભીમ પણ બળિયા દુર્યોધનને હરાવી થાકી ગયેા હતેા. જમીન પર ત્યાં ને ત્યાં સૂઈ ગયેા હતેા. યુધિષ્ઠિરનેા બંધુ પ્રેમ ઉછળ્યેા. તે ભીમને લેવા આવ્યા. તેના શરીર પર લાગેલી ધૂળ બંખેરી ભીમને પ્રેમથી પંપાળ્યેા. દુર્યોધન પેાતાના નાના બંધુઓને કહી ઊઠયેા–' જુઓ ! આ યુધિષ્ઠિર કુળના વડા નિકળ્યા છે. મેાટા થવા આવ્યા છે. વાગ્યું તેા વધારે મને છે અને પંપાળવા જાય છે પેાતાના ભાઈ ભીમને, યુધિષ્ઠિર વારંવાર કહે છે. તે પ્રમાણે તેમને મન જો બધા સરખા હેાત તેા સજા કરત તેાફાની ભીમને, મારા જેવા મેાટાભાઈ સાથે લડતા ભીમને જરાય ન રેાકત ! એ તેા બહારના જુદા અને અંદરનાય જુદા.... નહીં ચાલે !" આવેા પક્ષપાત ! હસ્તિનાપુરના રાજભવનમાં....

નહીં ચાલે !" હજી કંઈ ઓછું હતું તે અર્જુન ભીમની પાસે આવી પ્રેમથી વાંસો પંપાળવા માંડ્યો. થાકેલા, હારેલા અને ગુસ્સે ચડેલા દુર્યોધને દાંત પીસ્યા. તે બોલી ઊઠ્યા, બધા અંદર એકના એક જ છે. આપણાથી જુદા ને જુદા જ છે. ત્યાં પેલા નકુલ અને સહદેવ આવ્યા અને પોતાના ખેસથી જાણે ચામર વીંઝતા હોય તેવી રીતે પવન નાંખવા માંડ્યા. દુર્યોધને નક્કી કર્યું-બસ હવે આ પાંચેયને જુદા જ કરવા. તેના મનમાં વેરનું વાવેતર થઈ ચૂક્યું હતું. આ યુધિષ્ઠિરને તો હવે ખલાસ જ કરવો જોઈએ નીતિશાસ્ત્ર પણ કહે છે કે અધું રાજ્ય લેનારને પણ ખલાસ કરી નાંખવો જોઈએ, તો યુધિષ્ઠિર તો આખું મારું રાજ્ય લઈ લેનાર છે. આવા ભાવિના રાજ્યના માલિકને મારે શત્રુ જ સમજવો રહ્યો ! આવા શત્રુનો નાશ નહીં કરું તો શાંતિથી જીવી જ નહીં શકું માટે ગમે તે રીતે મારે યુધિષ્ઠિરને ખલાસ જ કરવો જોઈએ પણ યુધિષ્ઠિરનું જોર તો પેલો ભીમ છે, જો ભીમ પાંડવોમાંથી બાદ થાય તો યુધિષ્ઠિર અને અર્જુનનું કચુંબર થતાં વાર ન લાગે નકુલ-સહદેવને તો ચપટી વગાડતામાં હરાવી દેવાય. તેણે હવે નક્કી કર્યું છે. જલદીમાં જલદી ભીમનો નાશ કરવો દુર્યોધન રંગમંડપમાંથી ગયો તો ખરો પણ આજે ઉદાસ હતો. ખુદ પોતાના નાના ભાઈઓ તેને કશું પુછતા નહતા પણ દુર્યોધન બધું સમજતો હતો. તેના ભાઈઓનો પ્રશ્ન હતો. 'વાતવાતમાં ભીમને ઉડાવી દેવાની બડાઈ કરતા હતા તે અત્યારે તાકાત કયાં ગઈ ? પોતાની દુર્બળતા તરફ ધ્યાન ન લેતાં દુર્યોધને પાપ યોજનાનો આરંભ કર્યો. દુર્યોધને નાના ભાઈઓને કહ્યું, "જુઓ ! આજ તો બધાની શરમે

મેં ભીમને છોડી દીધો છે. પણ તમે બધા તેના પર પૂરતું ધ્યાન આપજો. આપણે થોડા વખતમાં તેને હસ્તિનાપુરમાંથી યમપુરીમાં મોકલી દઇશું. નાના ભાઈઓએ પણ ભીમ ક્યાં જાય છે? ક્યાં સુવે છે? શું કરે છે? ક્યાં જમે છે? શું જમે છે? તેના પર ધ્યાન રાખવાનું શરૂ કરી દીધું."

આ એકસો પાંચેય કુમારને ગંગા નદીના કિનારે રમવું ખૂબ ગમતું હતું. પુત્ર વત્સલ પિતાએ પણ બાળકોને મઝા આવે માટે ગંગાના કિનારે ઝુંપડીઓ બાંધી આપી. અહીંના રમ્ય વાતાવરણમાં ભીમને સૂવાની અને આરામ કરવાની ખૂબ મઝા આવતી હતી એકવાર તેણે વધારે ખાઈ લીધું હતું તેથી તે ગંગાના તટપરજ ઘસઘસાટ સૂઈ ગયો દુર્યોધનને નાના ભાઈઓ દ્વારા આ વાતની ખબર પડી દુર્યોધન રાજી થઈ ગયો! આવો લાગ ફરી ક્યારે મળવાનો છે! એટલે દુર્યોધન સીધો ઉપડ્યો ભીમ સૂતો હતો ત્યાં, દુર્યોધને ભીમને બાંધી દીધો. અને કોઈને ખબર ન પડે તેમ પાણીમાં ફેંકી દીધો! ભીમની ઊંઘ ઊડી ત્યારે તે પાણીમાં હતો! તે તો જરાય ડર્યા વિના પાણીમાં તરવા માંડ્યો! આ બાજુ દુર્યોધન ભીમના શબને ઉપર આવવાની રાહ જોતો હતો. પણ ભીમ તો જાણે હમણાં જ મસ્તીથી જલક્રીડા કરવા પડ્યો છે તેવી રીતે બહાર આવી ગયો! અને ભીમ તો કૌરવ બંધુઓની સાથે સ્મિત કરીને પોતાના ભવનમાં ચાલી ગયો. પેલા દુર્યોધને ભાઈનોને હવે ઘાતકી દાવ બતાવ્યો. કૌરવોએ તે જ પ્રમાણે કરવાનું નક્કી કર્યું. ભયંકર ઝેરી નાના સાપો તેમણે ભેગા કર્યા. જરાક કરડે તો પાણી ન માંગે તેવા સાપ! આ બધા સાપને ભીમ સૂતા હતા ત્યારે છોડ્યા.

આજે તો ભીમ ઉપર પહોંચી જ જશે એવું બધાને લાગતું હતું. પણ પેલા સાપ તેને ડંખ જ નહોતા દઈ શકતા. પરિશ્રમ કરીને એની ચામડી એવી ઘટ્ટ બની ગઈ હતી કે સાપ કરડવા ગયા તો સાપના દાંત પડી ગયા. પણ ભીમને કશું થયું નહીં. શરીર પર કંઈક હરતું ફરતું લાગ્યું. ભીમ નિદ્રામાંથી જાગ્યા. પેલા સાપ તો ભાગી ગયા. પણ આશ્ચર્યથી ગભરાઈને કૌરવો પણ ભાગી ગયા.

કૌરવોએ જ્યેષ્ઠબંધુ દુર્યોધનને કહ્યું, આ તો જાદુગર છે. આને તો સાપેય કરડતો નથી. હવે કોઈ દિવસ આની જોડે તમે લડતા નહીં. દુર્યોધનના આશ્ચર્યનો પાર નથી. અંદર મુંઝવણ પણ ભારી છે. આ બધા બનાવોની ચર્ચા હવે મોટેરા સુધી પહોંચી.

❋ વિદુરનો સુંદર માર્ગ

વિદુર સમજી ગયા. રાજકુમારો માટે આ નવરાશનો સમય છે. રાજપુત્રોને યોગ્ય અધ્યયન હવે કરાવવું જોઈએ આ બધા અભ્યાસમાં પડશે એટલે તેમની લઢવાડો પણ શાંત પડશે. અને રાજ્ય કાર્યને યોગ્ય બનશે વિદુર હવે રાજપુત્રોને ભણાવવા માટે વિચાર કરી રહ્યા છે. તેમનું પરિસ્થિતિ પ્રત્યેનું આ મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ ખૂબ જ તાત્ત્વિક હતું.

તેઓ સમજી ગયા હતા કે શક્તિઓ પેદા થઈ છે તેને જો યોગ્ય માર્ગે વાળવામાં નહીં આવે તો દુર્માર્ગે શક્તિ વેડફાઈ જશે તેમ છતાંય આ બાબતમાં વડીલની સહાય લેવી યોગ્ય હતી. ❋ ❋ ❋

(અનુસંધાન પાન ૨૦૯ પર)

કમાંક–૯

❋ પ્રવચનસાર

卐 નોવેલો અને રહસ્યવાર્તાઓ (ડીટેકટીવ) વાંચવાથી માનવ તરંગી અવ્યવહારુ અને જુઠ્ઠો બને છે. જ્યારે આવા મહાભારત જેવા જીવન ચરિત્રો વાંચતા માનવ વાસ્તવિક, વ્યવહારુ અને સત્યનો પક્ષપાતી બને છે.

卐 જીવનને તાત્વિક અને સાત્વિક બનાવો, તાત્વિક જીવન માનવજીવનના દુઃખોને સહવાની આવશ્યકતા સમજાવે છે. સાત્વિક જીવન માનવ જીવન સાથે ગોઠવાયેલા દુઃખોને આનંદપૂર્વક આવકારવાની કળા આપે છે.

卐 યૌવન મનોહર છે છતાંય વહીજ જશે....
વૃદ્ધત્વ બિહામણું છે છતાંય તેને ઓળગી નહીં શકાય....
મૃત્યુ અપ્રિય છે છતાંય તેને રોકી નહીં શકાય....
તાત્વિક અને સાત્વિક આત્મા આ સમજે છે અને એજ પ્રમાણે જીવી જાણે છે.

卐 આજનો માનવ આમ તો બહાદુર કહેવાય છે પણ તે 'ભાગેડુ' બન્યો છે. તેને આ જીવનના અનિવાર્ય દુઃખોથી પણ ભાગી જવું છે. એને વાસ્તવિકતા પર પડદો પાથરવો છે અને જગતની જોડે સંતાકુકડી રમવી છે. જો ભૌતિક સમૃદ્ધિએ માનવને કશું ય આપ્યું હોત તો તે કદી ભાગેડુ બન્યો ન હોત!

卐 'કંસ' નું જીવન મૃત્યુ સાથેની સંતાકુકડી છે. પોતાના ભાવિ મોતને ભૂલી જવા માંગે છે. તે પોતાની હત્યા કરનારને ભૂંસી નાંખવા માંગે છે. તે એક સત્યમાંથી છટકી જવા આકાશ–પાતાળ એક કરે છે. પણ આખરે જે બનવાનું છે તેજ બને છે.

卐 વાસ્તવિકતાની સામેનો બળવો ઘટનાની કરૂણતાને વધારે છે. કંસે દેવકીના સાતમા પુત્ર શ્રી કૃષ્ણના હાથે બનેલ મોતને સ્વીકારી લીધું હોયતો કંસનું મૃત્યું આવું કરુણ ન બન્યું હોત.

卐 વેરભાવ એ બ્રેઈન ટયુમર છે. [Brain Tumer] ક્ષમા તેનું ઓપરેશન છે.

卐 દુર્જન મિત્ર પોતાના મિત્રના પક્ષમાં રહી ઝઘડાને મજબૂત કરે છે. જ્યારે સજ્જન મિત્ર પોતાનો ભોગ આપીને પણ ઝઘડાને શમાવે છે.

卐 આ દુનિયામાં સલાહ આપનારા મિત્રો ઘણાં હોય છે. સહકાર આપનારા વિરલ જ હોય છે.

卐 જે સમજથી દૂર જાય છે તેને એક દિવસ સમાજથી દૂર જ જવું પડે છે.

卐 પોતાના 'વિજય' મહોત્સવ વખતે પણ જે 'વિવેક' ગુમાવતો નથી તેને નિષ્ફળ બનાવવાની દુનિયામાં કોઈની તાકાત નથી.

卐 તમે રામનું જીવન જુઓકે પાંડવોનું જીવન જુઓ, તમે મહાસતી અંજનાનું જીવન જુઓ કે સીતાના

જીવનને સમજો. તમને સમજાશે કે આ દરેકના જીવનમાં એકવાર 'વનવાસ' આવ્યો છે. જીવનની સફળતાની ચાવી 'વનવાસ'માં જ છે. વનવાસ એ શ્રાપ નથી. એ શ્રાપ હોય તોય એ શ્રાપમાં પણ આશીર્વાદ છે. વનવાસ–નિષ્ફળતા–અહિષ્કાર–ઇનકારો એક એવી પુનિત ચિંતાછે કે તેમાં સાચું સોનું હોયતો ઉજ્જવળ બનીને જ બહાર આવે છે.

卐 પોતાની તાકાત જાણે એ યુદ્ધ તો કરી શકે પણ સફળતો એજ થાય કે જે બીજાની તાકાત પણ જાણતો હોય.

卐 ઈર્ષ્યાળુને જે આશીર્વાદ આપી શકે છે તેના સદ્‌ગુણો ફાયરપ્રુફ બની જાય છે.

卐 તમે સત્તાનું સિંહાસન–સત્તાની ખુરશી જોઈ છે ? એ જમીનથી અદ્ધર હોય છે. માત્ર તેના પાયાજ જમીન પર ટેકેલા હોય છે. એ પાયાની નીચે હોય છે માત્ર ઈર્ષ્યાની આગ અને એ સત્તાધીશ પણું હોય છે માત્ર ઉકળતો કઢાયો....હંમેશા ત્યાં ઉકળતા તેલનો બદબદાટ ચાલુ જ હોય છે. સર્યું આ સત્તાના સિંહાસનોથી.

卐 તમે કોઈપણ સ્થળે ઊભા રહી નજર કરશો તો થોડે દૂર આકાશ પાતાળ એક થતા દેખાશે. તેવી જ રીતે તમે કોઈ પણ ઈચ્છા કરો તમને લાગશે કે હવે તૃપ્તિ નક્કી જ છે. પણ જેમ આકાશ અને પાતાળ મળતા નથી. તેમ કદી ઈચ્છા અને તૃપ્તિનો મેળ થતો નથી.

卐 તૃપ્તિનું સર્જન ઇચ્છાના વિસર્જન બાદ જ થાય છે.

卐 પોતાને વસ્તુ ન મળે તેનું દુઃખ થાય તે તો સમજ્યા પણ કોઈ ને વસ્તુ મળે તેનું દુઃખ આપણેને શા માટે થાય છે ?

卐 શત્રુ, આગ અને દેવું એ ત્રણને કદી નાના સમજવા નહીં.

卐 યુવાન કોઈપણ ચીજનો ફેંસલો ઈચ્છે છે. વૃદ્ધ દરેક વાતને ગોળ ગોળ રાખવા ઈચ્છે છે. યુવાનને લાંબું જીવન જીવવાનું હોય છે. તે જીવનમાં કંઈ રસ્તા થાય તેવું ઇચ્છે છે. વૃદ્ધ ઇચ્છે છે.હવે તો મારૂં જીવન પૂર્ણ થવા આવ્યું. મારે રસ્તો હવે કોના માટે કરવાનો. આ મનોવૈજ્ઞાનિક વિચારણા જ સમાજના પ્રશ્નોને પતવા દેતી નથી.

卐 ભોજનમાં જેટલું માપ ચટણીનું હોય છે તેનાંથી વધુ માપ જીવનમાં મશ્કરીનું પેસે તો ઝઘડો થયા વિના રહે જ નહીં.



વાત નાની મોટી

‘જો સાંભળો ટીકા તો કદી ન પડો ફીક્કા’

સુરમ્યપુરમાં શિલ્પરાજની અનોખા કલાકાર તરીકેની ખ્યાતિ છે. શિલ્પરાજ માનવોનાં પૂતળાં બનાવે છે. શિલ્પરાજના પૂતળાંઓ બન્યાં પછી સાક્ષાત્ જીવંત માનવ જેવા જ લાગે છે. નજીકથી જઈને જોઈએ તો પણ ઓળખાય નહીં કે આ જીવતું માણસ છે કે પૂતળું છે. શિલ્પરાજ પોતે પણ આ કળાથી મુગ્ધ છે. તેને ચિરંજીવ બનવું હતું. શિલ્પરાજ જાણતા હતા કે અંત વખતે યમરાજ સહુને લેવા આવે છે. શિલ્પરાજે યમરાજની ચુંગાળમાંથી બચવા પોતાના જ જેવા સો પૂતળા તૈયાર કરી દીધાં. ભલભલા ભૂલા પડે તેવા પૂતળાં, અંતકાળ નજીક આવ્યો. શિલ્પરાજ તુરત ઊભા થઈને પૂતળાની હારમાં પહોંચી ગયા. આવી પહોંચેલા યમરાજ પણ આ પૂતળામાંથી શિલ્પરાજને ગોતી શકે તેમ ન હતા. યમરાજે ઊંડો વિચાર કર્યો. યમરાજ બોલી ઊઠયા “ શિલ્પરાજ ! તારા બધાં પૂતળાં એક સરખા છે પણ આ એક પૂતળાનું નાક બરોબર નથી.” શિલ્પરાજથી આ ખોટી ટીકા સહન ન થઈ. ભૂલ હોય તો શિલ્પરાજની કૃતિ નહીં શિલ્પરાજની કૃતિ હોય તો તેમાં ભૂલ હોય નહીં. સહસા શિલ્પરાજે કહ્યું–“યમરાજ ! મારી બનાવવામાં નહીં પણ તમારી જોવામાં ભૂલ છે.” યમરાજ સસ્મિત વદને બોલ્યા–“ તારી પૂતળાં બનાવવામાં નહીં બોલવામાં જ ભૂલ છે. ચાલ હવે યમધામમાં અને પોતાની ટીકાનો જવાબ આપવા જતાં ઓળખાઈ ગયેલ શિલ્પરાજને યમરાજ પોતાનાં યમધામમાં લઈ ગયા..... **ટીકાના જવાબ આપવાવાળા કોણ ફીક્કા પડયાવિના રહ્યા છે ! ટીકાને પચાવવી એ સંજીવની આષધિ છે.**

વાતનાની ભાત મોટી

પડે કોણ !...મરે કોણ !

મહાભારતની એક કથા જણાવે છે કે ભીમ હાથમાંથી શીલાપર પડ્યાને શીલાનો ચૂરો થઈ ગયો. વાત આશ્ચર્ય લાગે તેવી છે. પણ જગત આખું આશ્ચર્યમય છે !

આ ઘટના મને એક આવી જ ઘટનાની યાદ આપે છે ! મુંબઈ જેવા શહેરમાં એક ભાઈ ચોથે માળેથી નીચે કંઈક જોવા જતાં સમતુલા ગુમાવી....સીધા નીચે....જોનારાઓને અને પેલા ભાઈને થયું કે ગયા. હવે ૧૦૦ વર્ષ પૂરા થયાં. પણ હજી તો તે નીચે પડે તે પહેલાં એક પાટીવાળો આવ્યો ! નસીબ સંજોગે પાટી (ટોપલો) ખાલી હતો પેલા ભાઈ પડ્યા ને સીધા પેલા પાટીમાં જાણે જાણીને પાટીમાં જ ભુસ્કો ન માર્યો હોય....

આ તરફ પેલો પાટીવાળો આ અચાનક ધક્કાની અથડામણથી રસ્તા પર પટકાયો. વિના વાંક ગુન્હે બિચારો લોહી લુહાણ થઈ ગયો. માર એટલો બધો વાગ્યો હતો કે તેને બચાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. પેલા નિર્દોષ પાટીવાળાનું પ્રાણ પંખેરું ઊડી ગયું. પેલા ચોથેમાળથી પડેલા ભાઈ હેમખેમ બચી ગયા. સૌથી કહેવાઈ ગયું, પડે કોણ ? મરે કોણ ?

❋

કથાસાર

(પૃ. ૨૦૨ થી ચાલુ)

❋ કૃપાચાર્યની શાળામાં

હવે કૃપાચાર્યની શાળામાં આ એકસો પાંચેય રાજપુત્રો અભ્યાસ કરવા માંડ્યા. આ જ રાજમહેલની નજીક કોઈ પ્રખ્યાત સારથિ રહેતો હતો. સારથિ હોવા છતાંય તેના સદાચારની ખ્યાતિ રાજમહેલ સુધી ફેલાયેલી હતી. અતિરથિ નામના એ સારથિની પત્નીનું નામ હતું રાધા. આ રાધા અને અતિરથિને એક પુત્ર હતો. એનું નામ હતું કર્ણ! કર્ણની ઉદારતા અને શૂરવીરતાને બાળપણથી કોઈ પહોંચી શકે તેમ ન હતું. આ કર્ણની રાજપુત્રો સાથે ગાઢ મૈત્રી હતી. કર્ણે આ મૈત્રીનો સુંદર લાભ ઉઠાવી રાજપુત્રોની સાથે અધ્યયન કરવા માંડ્યું. પ્રારંભિક આવશ્યક તમામ વિદ્યા કૃપાચાર્યે રાજપુત્રોને શીખવાડી. અનેક રાજ વિદ્યાઓમાં તેઓ પ્રવીણ થયા બાદ કૃપાચાર્યે રાજપુત્રોને ધનુર્વિદ્યાનો અભ્યાસ શરૂ કરાવ્યો. અભ્યાસ તો સહુ રાજપુત્રો કરતા હતા પણ....આ ધનુર્વિદ્યા શીખવાનો અર્જુન અને કર્ણનો શોખ તો કોઈ અદ્‌ભુત જ હતો. બીજા રાજપુત્રો ભણાવેલા દાવોને હજી સારી રીતે કેળવી ન શકયા હોય તે પહેલાં તો કર્ણ અને અર્જુન કૃપાચાર્યની પાસે નવા દાવની માંગણી કરવા આવી જતા. કૃપાચાર્યે વિદ્યા તો ઝડપથી આપવા માંડી પણ તેમની મૂંઝવણ કંઈક ઓર હતી! કૃપાચાર્ય સમજતા હતા કે હવે આગળનું જે ધનુર્વિદ્યાનું જ્ઞાન

આપવું જોઈએ તે તો મારી પાસે છે નહીં, અને આ વિદ્યાર્થીઓ તો કોઈના રોકાયા રોકાય તેમ નથી. આવી કંઈક મૂંઝવણ કૃપાચાર્ય અનુભવે છે. ત્યાં જ થોડા દિવસમાં એક ઘટના બને છે.

⁂ દડાની સમસ્યા

એકવાર રાજમહેલના વિશાળ ઉદ્યાનમાં બધા રાજકુમારો દડાથી રમી રહ્યા છે. કોઈ એક રાજપુત્રે દડાને જોરથી પ્રહાર કર્યો. દડો જઈને પડ્યો સામેના કુવામાં. કુવામાં જળ ખૂબ જ ઊંડું હતું. બધાય રાજપુત્રો કુવા કાંઠે ઊભા રહી ગયા. દડો તો તરતો દેખાતો હતો; પણ કાઢવો કઈ રીતે? તે માટે સહુ મુંઝાતા હતા. કુવાની અંદર ઉતરવાની કોઈની હિંમત થતી ન હતી, ઉપરથી દોરડા અને ફાંસા નાંખ્યા પણ દડો કોઈનાથી ય બહાર આવતો ન હતો.

બધાય કુમારોને તેમનો આ લાડકો દડો જોઈતો હતો. રમવાના આ એક સુંદર દડાને સહુએ પ્રેમથી જાળવ્યો હતો. એટલે અત્યારે તો કુવા કાંઠે બધા રાજકુમારો જાણે શૂન્યમનસ્ક થઈને ઊભા હતા. ત્યાં કોઈ એક વૃદ્ધ પુરુષ આવ્યા. વૃદ્ધ પુરુષ બોલી ઊઠ્યા. "એ છોકરાંઓ! આ કુવા કાંઠે શા માટે ટોળે વળ્યા છો? કુવામાં શું કોઈક નવો જીવ આવ્યો છે? નવું પ્રાણી આવ્યું છે? બે-ચાર રાજકુમારો સામટા બોલી ઊઠ્યા. "આવો ને કાકા, આ કુવામાં તો કોઈ નવો જીવ કે પ્રાણી નથી આવ્યું પણ અમારો જીવ સમાન દડો કુવામાં પડ્યો છે. આવો, તમે પણ જુઓ." વૃદ્ધ

પુરુષ પણ આ હસ્તિનાપુરના રાજપુત્રોને ઓળખી ગયા છે. એટલે કુવા કાંઠે પહોંચીને અંદર પડેલા દડાને જુએ છે. વૃદ્ધપુરુષે કહ્યું "અરે છોકરાઓ ! દડો જોઇએને ? એમાં શું મુંઝાવ છો ? હમણાં જ કાઢી આપું. પણ તમારામાંથી કોઈને બાણ ચલાવતા આવડે છે ? રાજપુત્રો બોલી ઉઠ્યા...."ઓહ.... બાણ ચલાવતા તો આવડે જ ને ! બાણ સરસ રીતે ચલાવીએ છીએ પણ કાકા તમે અમારા દડાની વાત કરોને !" વૃદ્ધ પુરુષ–" અરે ભાઈ ! આ દડો બાણથી જ બહાર આવશે." પાંચ–પંદર રાજકુમારો હસે છે. એકબીજાને ઈશારો કરીને કહે છે. " આ ડોસાનું ફરી ગયું લાગે છે. દડો તે કંઈ બાણથી બહાર આવતો હશે ?" પણ યુધિષ્ઠિર ગંભીર છે. વિનંતિ કરે છે. "કાકા એમ કરોને, દડો તમે જ બાણથી કાઢી આપોને !" અને ત્યાં જ પેલા બુઢ્ઢા કાકાના મુખ પર તેજ ચમકયું. ધનુષ્ય પર બાણ ચઢાવ્યું. સીધું સનન....ન કરતું....ગયું બાણ દડા પર. પણ....તોય પેલા રાજકુમારોને થયું, શું આનાથી કંઈ દડો બહાર આવતો હશે ? પેલા બાણાવલી કાકાએ કહ્યું. 'એ છોકરાઓ ! આટલું તો તમનેય આવડે છે કેમને ? પણ જુઓ, હવે તમને નથી આવડતું તે બતાવું. એમ કહીને પેલા દડાને લાગી ગયેલા બાણ પર બીજું બાણ છોડયું. તેના પર ત્રીજું, તેના પર ચોથું એમ કરતાં કરતાં છેક કુવાના કાંઠા સુધી બાણોની હાર ઉપર આવવા લાગી. રાજકુમારો બોલી ઉઠ્યા. "વાહ ! કાકા અમારો દડો બહાર લાવ્યા. બુઢ્ઢા કાકાની જે....જે....પણ પેલા કર્ણ અને અર્જુન તો બધું છોડીને પેલા બાણોને જોયા કરે છે. તેમના હાથ અને મન બન્નેય થનગની ઊઠે છે. આવા બાણ મારતા આપણને

આવડે તો ? કર્ણ અને અર્જુને બીજા ઉત્સાહી રાજકુમારો તરફ ઇશારો કર્યો બધા જ જાણે એક સાથે બોલી ઊઠ્યા.

"અમને પણ અમારા ગુરૂ બાણ ચલાવતા શીખવે છે પણ તમારા જેવું તો કદી ગુરુએ અમને બતાવ્યું નથી. માટે હવે તો તમે જ અમારા ગુરુ છો. તમે જ અમારા માતા-પિતા છો. ચાલો, હવે અમે બધા તમારી સેવા કરીશું. પણ તમે અમને બાણ મારતાં શીખવાડો." વૃદ્ધ પુરુષે કહ્યું, "એ વાત તો બરી છે. પણ પહેલાં તમે મને તમારા ગુરુ પાસે લઇ જાવ. તમારા ગુરુ કૃપાચાર્ય મારા સ્વજન છે....સ્નેહી છે અને તમે બધા તે જ મારા કૃપાચાર્યના વિનયી શિષ્યો છો. તે જાણીને મને ખૂબ આનંદ થયો છે. ચાલો, હવે મને કૃપાચાર્ય પાસે લઈ જાવ."

⁂ વૃદ્ધ ગુરુ એજ ભાવિદ્રોણાચાર્ય

ઉત્સાહી અર્જુન છલાંગ મારીને આગળ આવ્યો. વૃદ્ધ-પુરુષના પગમાં પડી નમસ્કાર કરી પેલા વૃદ્ધપુરુષનો હાથ પકડી લીધો. આ તરફ કૃપાચાર્યને પણ વૃદ્ધપુરુષના આગમનના સમાચાર મળી ગયા. તુરત જ કૃપાચાર્ય સામે લેવા નીકળ્યા. વૃદ્ધપુરુષને જોતાં જ કૃપાચાર્યે જમીન પર પોતાનું મસ્તક ટેકવી પ્રણામ કર્યા. રાજપુત્રો તો કૃપાચાર્ય અને તેમનાથી પણ ચઢીયાતા આ વૃદ્ધ પુરુષને જોઈને ખૂબ વિસ્મય પામ્યા. વૃદ્ધપુરુષે તુરત જ કૃપાચાર્યને જમીન પરથી ઊભા કર્યા અને તેઓ ખૂબ જ પ્રેમથી એક બીજાને ભેટી

પડયા. કૃપાચાર્યે ધીમે રહીને વૃદ્ધ પુરુષનો હાથ પકડયો અને તેમને સિંહાસન પાસે લાવ્યા. ખૂબ જ પ્રેમથી વૃદ્ધ-પુરુષને સિંહાસન પર બેસાડયા.

વૃદ્ધપુરુષને સિંહાસન પર બેસાડયા બાદ કૃપાચાર્યે તેમની ખૂબ ખૂબ પ્રશંસા કરવા માંડી. ખૂબ સ્તુતિ કરી. કૃપાચાર્યે જાહેર કર્યું, "રાજકુમારો ! આજે તો આપણે ત્યાં સાક્ષાત્ સરસ્વતી માતા પધાર્યા છે. આવા ગુરુની ચરણ-રજ તો મહાપુણ્યશાલીને જ મળે."

હવે રાજકુમારોની પણ જિજ્ઞાસા વધી. તેમણે કૃપા-ચાર્યને પૂછયું, "આવા આપના પણ પૂજ્ય આ મહાપુરુષ કોણ છે ? પરિચય કરાવો" અને કૃપાચાર્યે પૃથ્વીતલ પરના એક અદ્વિતીય ધનુર્વિદ્યાના પારંગામી તરીકે દ્રોણચાર્યનો પરિચય કરાવ્યો. સાથે આવેલ દ્રોણચાર્યના પ્રતાપી પુત્ર અશ્વત્થામાનો પણ તેમણે ખ્યાલ આપ્યો.

પરિચય વિધિ પૂરી થઇ એટલે કૃપાચાર્યે કહ્યુ, "જાવ રાજકુમારો આજે બધા પોતાના સ્થાને જાઓ હું આ ગુરુવર્ય પાસે બેસીને કંઇક વાત કરીશ." રાજકુમારો મહેલ તરફ ગયા. આ બાજુ દ્રોણાચાર્યને ખૂબ ખૂબ ખુશ કર્યા અને દિલ ખોલીને કહ્યું. "જુઓ દ્રોણાચાર્ય ! આ રાજપુત્રોને હું ધનુર્વિદ્યા શીખવું છું. પણ હવે આગળ ભણાવવાની યોગ્યતા મારામાં નથી. આપે જ આવા સુયોગ્ય રાજકુમારોને વિદ્યા આપવા તૈયાર થઈ જવું પડશે." ફરી કૃપાચાર્યે કહ્યું, "ગુરુવર દ્રોણાચાર્ય ! આ ધનુર્વિદ્યાનું આ

રાજકુમારો ઉત્તમ પાત્ર છે. આવા ઉત્તમ વિદ્યાર્થીઓ અને તેમાંય કર્ણ અને અર્જુન જેવા તેજસ્વી વિદ્યાર્થીઓને મેં જીંદગીમાં જોયા નથી માટે આપ તૈયાર થાવ.'' આખરે દ્રોણાચાર્યે પણ એ વાતનો સ્વીકાર કર્યો.

⁂ દ્રોણાચાર્ય પાસે ધનુર્વેદાભ્યાસ...

....દ્રોણાચાર્યની સંમતિ મેળવી કૃપાચાર્ય ભીષ્મ પિતામહની પાસે પહોંચ્યા. ભીષ્મપિતામહે કૃપાચાર્યની વાતને વધાવી લીધી. કુરુવંશી રાજપુત્રો પણ આ દ્રોણાચાર્ય પાસે ભણવા ખૂબ ઉતાવળા થતા હતા. તેમને દ્રોણાચાર્યની પ્રતિભાનો ખ્યાલ હતો. વિકાસ એ પણ જીવનની એક આવશ્યકતા છે. વિકાસ કોને ન ગમે? હવે સવારથી સાંજ સુધી પરિશ્રમપૂર્વક દ્રોણાચાર્ય કુરુવંશી રાજકુમારોને ભણાવી રહ્યા છે. દ્રોણાચાર્યે પ્રારંભમાં તો સહુને એક જ સરખો અભ્યાસ કરાવ્યો. પણ દિવસો જતાં દ્રોણાચાર્ય પારખી ગયા કે અર્જુનનો વિદ્યા મેળવવાનો ઉત્સાહ અપૂર્વ છે. દ્રોણાચાર્ય જે-જે કળા બતાવે છે તે બધી જ હૃદયમાં ધારણ કરે છે. પણ અર્જુન જુએ છે આટલા બધા વિદ્યાર્થીઓને ભણાવીને સાંજે દ્રોણાચાર્ય થાકી જાય છે. બીજા વિદ્યાર્થીઓ સાજે આનંદ-પ્રમોદમાં મસ્ત હોય છે ત્યારે અર્જુન દ્રોણાચાર્ય પાસે પહોંચી જાય છે. દ્રોણાચાર્યના થાકેલા અને પરિશ્રમવાળા શરીરની સેવા શુશ્રૂષા અર્જુન એવી રીતે કરતા કે દ્રોણાચાર્ય મીઠી નિદ્રાને આધીન થઈ જતા. દ્રોણાચાર્યે એકવાર પૂછયું. ''અરે અર્જુન! ભણે છે

તો બધાય મારી પાસે, તું એકલો શા માટે મારી સેવા કરવા આવે છે?" અર્જુન આ પ્રશ્નનો જવાબ આપતો નહીં. દ્રોણાચાર્યે બે-ચાર વખત આગ્રહ ભરી રીતે એક જ પ્રશ્ન પૂછ્યો ત્યારે અર્જુને જરાક મુખ ઊંચું કરી કહ્યું "ગુરુજી મને આપની સેવામાં આનંદ આવે છે. મારે માત્ર ધનુર્વિદ્યા નથી જોઇતી, મારે જોઈએ છે, આપની કૃપા." દ્રોણાચાર્યનો ચહેરો પ્રસન્ન કમળની માફક ખીલી ઊઠ્યો! અર્જુનના મસ્તક પર હાથ મૂકીને બોલ્યા "વત્સ! ગુરુ તો ગાય જેવા છે. સહુ પાત્રના પ્રમાણે દૂધ પામી શકે છે. બેટા! તું મારા પૂરા હૃદયને પામી જઈશ એમ મને લાગે છે." અર્જુન પોતાની જાતને કૃતકૃત્યમાનીને ગુરુના ચરણમાં મસ્તક ઢાળી દે છે. વિનય વેરીને વશ કરી દેતો હોય તો ગુરુને વશ કરે તેમાં આશ્ચર્ય શું? ગુરુના પ્રશ્નથી અર્જુનની ભક્તિને એક નવું પ્રોત્સાહન મળ્યું. અર્જુને હવે ગુરુના ચરણ પખાલીને પીવાનું શરૂ કર્યું. કેટલાય કુરુપુત્રોને આ વધુ પડતું લાગ્યું. દુર્યોધન અને કર્ણ જેવાને આ અર્જુનનું વેવલાપણું લાગ્યું. પણ અર્જુને તો એ તરફ લક્ષ્ય આપ્યા વિના દ્રોણાચાર્યનું દિલ જીતી લીધું.

કર્ણ અને દુર્યોધન અર્જુનના આ ભક્તિ અને શાસ્ત્રાભ્યાસની પ્રખરતા જોઈને અકળાયા. દુર્યોધન કર્ણને કહેતા "આ શું દ્રોણાચાર્યે માંડ્યું છે? દરેક વાતનો, દરેક નવા પાઠનો આરંભ અર્જુનથી જ કરવાનો? અરે કર્ણ! તને શું નથી આવડતું? અરે! પેલા યુધિષ્ઠિર પણ સમજતા નથી કે પહેલાં એમનું નામ આવવું જોઇએ." કર્ણ કહેતો "ભલે ને અર્જુનને પહેલો પાઠ ગુરુ આપે. એને જ ઉદ્દેશીને પાઠ શિખવાડે પણ મને આવડ્યા વિના રહેવાનું જ નથી.'

ચતુર કર્ણ વિદ્યા પ્રાપ્તિ માટે જાગૃત હતો પણ ગુરુની કૃપા-પ્રાપ્તિ માટે બેભાન હતો. પરિણામ એ આવ્યું કે અર્જુન પર ગુરુ દ્રોણાચાર્યનો પ્રેમ ખૂબ વધી ગયો. દ્રોણાચાર્ય પોતાના પુત્ર અશ્વત્થામા કરતાં પણ અર્જુનને વધુ ચાહવા લાગ્યા. વિનય એ વડીલોની મોટી જરૂરિયાત છે. વડીલો અન્ન વિના ચલાવી શકે છે પણ વિનય વિના છતે ધને અને ઉભરાતે અન્ને ય તેમનું મન ભાંગી પડે છે. તેમાંય અવિનયથી તો વૃદ્ધ વડીલો ખૂબ ગભરાઇ ઊઠતા હોય છે. ....યુધિષ્ઠિર વિગેરે પણ સૌજન્યશીલતા પૂર્વક દ્રોણાચાર્યનો વિનય કરતા. પણ અર્જુનનો દ્રોણાચાર્ય માટેનો વિનય અપૂર્વ હતો. અર્જુનનું બાણ દુનિયામાં કોઇનેય સૌથી ઊંડું લાગ્યું હોય તો દ્રોણાચાર્યને ! અર્જુનના વિનય રૂપ બાણથી દ્રોણાચાર્ય એટલા બધા ઘવાઈ ગયા હતા કે તેમણે પોતાના પ્રાણ પણ કાઢીને અર્જુનને સમર્પિત કરી દીધા હતા....!

દુર્યોધન અને કર્ણને દ્રોણાચાર્ય અને અર્જુનનો સંબંધ સમજાતો ન હતો. જ્યારે એ બે ભેગા મળે ત્યારે તેમની વાતમાં અર્જુન પ્રત્યે ભારો ભાર કટાક્ષ રહેતો. એ કટાક્ષનો ભોગ જાણે અજાણે દ્રોણાચાર્ય પણ બની જતા. તેમ છતાંય કુરુપુત્રોનું અધ્યયન એકંદરે ઉત્સાહપૂર્વક ચાલતું હતું.

⁂ આવો ધનુર્ધારી કોણ ?

—કોઈ એક રજાના દિવસે [અનધ્યાયના દિવસે] વનશ્રી પ્રિય અર્જુન વનની સહેલ માટે ઉપડી ગયો. વનની સઘન ઝાડીમાં જતાં એણે એક આશ્ચર્ય અનુભવ્યું. ક્ષણવાર તેણે તે દૃશ્ય જોઇ પોતાની આંખો મસળી જોઈ. અર્જુને ખાત્રી

કરી પોતે સ્વપ્નમાં નથી, પણ જાગતો જ છે. જાગૃત અર્જુન જે જોતો હતો તે માનવા તૈયાર થતો ન હતો. અર્જુને એક કૂતરાને જોયો. કૂતરાના મુખમાં અનેક બાણો ભર્યા હતા. કુતરાના મુખમાંથી ન તો લોહીની ધારા વહેતી હતી, ન તો તે કુતરો મુખમાંથી બાણ કાઢી શકતો હતો. અર્જુન ચતુર બાણાવળી હતો. તે સમજી ગયો હતો કે આ બાણ એ કોઈ મહાન બાણાવળીની કળા છે. ભસતાં કુતરાના મોંઢાને બાણથી ભરી દેવું અને તેમ છતાંય કુતરાને ઈજા ન થાય તેવી રીતે બાણ મારવા એ ગજબની કળા છે. અર્જુન સૈદ્ધાંતિક રીતે આ કળાને સમજી શકે છે. પણ તેને અમલમાં મૂકવાની શિક્ષા તેની પાસે નથી. અર્જુનને આજે લાગે છે કે કોઇ બળિયો જંગલના ગાઢ અંધકારમાંથી તેને પડકાર કરી રહ્યો છે. પોતાના આ પરાભવથી વિહવળ અર્જુન ધીમે ધીમે કૂતરાની પાછળ જાય છે. થોડે જ દૂર જતાં એક તેજસ્વી ચહેરો તેની નજરે ચડે છે. એક તરુણકુમાર પોતાના તીરથી જંગલમાં અજબ ગજબના ખેલ રમી રહ્યો છે. આ યુવકના પ્રત્યેક આ ખેલને જોતાં અર્જુન વિસ્મય અનુભવે છે. યુવક તેની સાધનામાં રક્ત છે. યુવકની કલા જોનાર અહીં કોઈ નથી પોતે જ નટ છે અને પોતે જ પ્રેક્ષક છે.

સાચા કલાકારને પ્રેક્ષકની કશી જરૂર નથી હોતી અને હજારો પ્રેક્ષકો જ્યાં હોય છે ત્યાં ય સાચો કલાકાર તો એકલો જ હોય છે. સાચો કલાકાર પ્રેક્ષકના મનોરંજન માટે નહીં પણ પોતાના આનંદની વૃદ્ધિ અને કલાની શુદ્ધિ માટે જ કલા પ્રયોગ કરતો હોય છે. અર્જુનનું દિલ હાલી ઊઠયું છે....અર્જુને પહેલો પ્રશ્ન પૂછ્યો, "તું કોણ છે ? પણ આ ઔપચારિક પ્રશ્નના જવાબની અપેક્ષા રાખ્યા વિના મૂળ

પ્રશ્ન કર્યો....તારા ગુરુ કોણ છે?" અર્જુનની પ્રતિભાથી જરાય ક્ષોભ પામ્યા વિના એ તરૂણયુવકે કહ્યું; બંધુવર! હું એકલવ્ય છું....મારા પૂ. પિતાશ્રીનું નામ છે હિરણ્યધનુષ અને ધનુર્વિદ્યાના પારગામી દ્રોણાચાર્ય મારા ગુરૂ છે!!!

....અને અર્જુનની શંકા ૧૦૦ ટકા સાચી પડી....તે જાણતો હતો કે આ એકલવ્યને દ્રોણાચાર્ય સિવાય આ કલા કોઈ શિખવાડી શકે જ નહીં અને દ્રોણાચાર્યે તો મને વાત્સલ્યપૂર્વક વચન આપ્યું છે કે હું તને જગતનો બેનમૂન ધનુર્ધર બનાવીશ. ક્ષણવાર તેને ગુરૂના આપેલ વચન ઉપર વિચાર આવે છે...."આ શું થયું?" પણ અર્જુન તે માટે એકલવ્યની સાથે કોઈ વાત કર્યા વિના સીધો જ દ્રોણાચાર્ય પાસે દોડી જાય છે. દ્રોણાચાર્ય દૂરથી અર્જુનને દોડતો આવતો જોઈને સ્નેહથી બોલાવે છે...."વત્સ! આટલો દોડતો ભાગતો તું શાને આવે છે? કોઈપણ જવાબ વાળ્યા વિના અર્જુન નજીક આવે છે ...દ્રોણાચાર્ય તેના ઉદાસ અને ગમગીન ચહેરાને જોઈને ડઘાઈ જાય છે. અર્જુન કઈ રીસાયો નથી....અર્જુનને કઈ કોઇનો ડર નથી....અર્જુનની સામે કોઈ થઈ શકે તેમ નથી છતાંય આજે અર્જુનનું મોંઢું કેમ શ્યામ છે! દ્રોણાચાર્યે પૂછાય તેટલા પ્રશ્નો પૂછયા....અર્જુનનું નીચે ઢળેલું મુખ પોતે હાથથી ઊંચું કરીને કહ્યું, "બોલ બેટા! હવે તું જ કહે તને શું થયું છે?

અર્જુને પણ મહામહેનતે ડુસકાંને હૈયામાં છુપાવી દીધું અને જરાક સ્વસ્થ થઈને બોલ્યો "ગુરુવર! તમે બેઠાછો ત્યાં સુધી મને કોઈ ડરાવે કે હરાવે તેમ નથી પણ આપે મને વચન નથી આપ્યું કે મારા જેવો ધનુર્ધારી બીજો કોઈ નહીં થાય?

દ્રોણાચાર્ય કહે "વત્સ અર્જુન, તેમાં શંકા શું છે....! આજેય ડંકાની ચોટે કહું છું કે તારા જેવો બાણાવળી આ દુનિયાપર કોઈ નથી" અર્જુન ગુરુને કંઈક આ વાતથી અજાણ સમજી છોભીલો પડી જાય છે....કહે છે "ગુરુવર ! એ વાત તો હું પણ માનતો હતો....પણ આજે આપનાજ એક શિષ્યની ધનુર્ વિદ્યા જોઈને મારો ભ્રમ ભાંગી ગયો છે.... ગુરુવર ! આપે મને આપેલું વચન પણ આજે ખોટું ઠરે છે. આપના તે શિષ્યને આપે જે કળા શિખવાડી છે તેના સોમા ભાગની પણ વિદ્યા આપે મને શિખવાડી નથી."

દ્રોણાચાર્યના આશ્ચર્યનો પાર નથી....આ અણધારી વાતથી દ્રોણાચાર્ય આશ્ચર્ય ચકિત થઈ જાય છે; દ્રોણાચાર્ય કહે છે "બેટા તારા જેવી વિદ્યા મેં કોઈને આપી નથી તો તારાથી વધારે શક્તિવાળો કોઈ પાકે તેવું બનેજ કેવી રીતે ? વત્સ, અર્જુન તું આજે શું કહી રહ્યો છે ?"

❋ દ્રોણાચાર્ય તથા અર્જુનનું એકલવ્ય પાસે ગમન

અર્જુન કહે છે...."ગુરુવર દ્રોણાચાર્ય....! હાથ કંકણને કોઈ આરસીની જરૂર નથી....કોઈ વધુ ચર્ચા કરવાની જરૂર નથી....હું આપને હમણાંજ બતાવીશ આપના તે તેજસ્વી અને કૃપાપાત્ર શિષ્યને....પછી તો આપ માનશોને ?" દ્રોણા-

ચાર્યને લાગ્યું કે ચોક્કસ અર્જુનને ભ્રમ થયો લાગે છે; અથવા અર્જુનને કોઈ દૈવી શક્તિએ છેતર્યો છે....છતાંય દ્રોણાચાર્ય અર્જુનની પાછળ જાય માર્ગમાં અર્જુન કશું જ બોલતો નથી....ઝડપથી માર્ગ કાપી રહ્યો છે. એકલવ્યની નજીક આવતા પહેલા દ્રોણાચાર્ય ને અર્જુન એક ઝાડની પાછળ છુપાવાની સૂચના આપે છે. ઝાડના ઓથેથી દ્રોણાચાર્ય એક તરુણ યુવકના બાણના ગજબના દાવો નિહાળી ગજબનાક આશ્ચર્ય અનુભવે છે....તેમનો પેલા તરુણ તરફ સહસા ભાવ ઉછળે છે. તેઓ હવે સામે પગલે પેલા તરુણને મળવા એકદમ ઝડપથી ચાલવા મંડ્યા....પેલો તરુણ-એકલવ્ય પણ દ્રોણાચાર્યને આવતા જોઈને પરમ આશ્ચર્ય અનુભવી રહ્યો છે. તેની ખુશીનો કોઇપાર નથી રહ્યો....તે સામેથી જઈને ગુરુદેવના પગમાં આળોટે છે. દ્રોણાચાર્યે આ ભીલ જેવા દેખાતા તરુણ એકલવ્યને પ્રેમથી ઊભો કર્યો અને એક એવી વાત્સલ્યભરી દૃષ્ટિ તે તરુણ યુવક ઉપર નાંખી કે અર્જુન આ દ્રશ્ય જરાય સહી ન શકયો....દ્રોણાચાર્ય સહજવારમાં પોતાની કલ્પનાની દુનિયામાંથી વાસ્તવિક દુનિયામાં આવ્યા....તેમણે આ યુવકની બાણકળા અને જે પારંગતતા જોઈ તેનો કોઈ જોટો મળે તેમ નહતું. ખરેખર તો આવા સુયોગ્ય શિષ્ય પાસે અર્જુન પાણી ભરે તેવું લાગ્યું. પણ અર્જુન તરફના પ્રેમ અને અપાઇ ગયેલ વચનના ખ્યાલે દ્રોણાચાર્યે આંખોમાં ખૂબજ કોમળતા ઉભરાતી હોવા છતાંય હૈયાને કઠણ કર્યું. તેમણે એકલવ્ય ને પૂછ્યું....“વત્સ....સાચું કહે આ બાણ વિદ્યાની પારંગતતા તું કયાંથી શિખ્યો ? ગમે તેવી સ્વાભાવિક ચતુરાઈ હોય તોય ગુરુની પરંપરા સિવાય કોઇનામાં આવી કુશળતા આવી ન શકે !

❋ એકલવ્યના ગુરુ કોણ ?

એકલવ્ય કહેછે " ગુરુવર....મારા પ્રણામ સ્વીકારજો.... આપેજ આ વિદ્યા મને શિખવાડી છે....આપજ મારા ગુરુ છે.....આટલું જ બોલતા તો અર્જુને દ્રોણાચાર્યનો હાથ પકડી લીધો ! અર્જુન કહેવા માંગતો હતો...."જુઓ ગુરુજી તમે ના પાડો છો પણ આ એકલવ્ય તમારોજ શિષ્ય છે. તે ખુદજ કહે છે....હું દ્રોણાચાર્યનો શિષ્ય છું." દ્રોણાચાર્યને હજુ પણ આ માયા સમજાતી નથી દ્રોણાચાર્ય એકલવ્યને કહે છે...."વત્સ, શા માટે તું જૂઠું બોલે છે. મેં કદી તને વિદ્યા શિખવી નથી....મેં તને કદી શિષ્ય બનાવ્યો નથી કંઈક તું મને સમજ પાડ....મને તો આ બધું રહસ્યમય લાગે છે....અને તુરત જ એકલવ્ય દ્રોણાચાર્યને હાથ પકડીને એક ઘટાદાર વૃક્ષ નીચે લઈ ગયો. વટવૃક્ષની નીચે એક ભવ્ય પ્રતિમા બતાવી....અર્જુનતો આ પ્રતિમાને જોઈને હર્ષવિભોર બની ગયો છે....ઘડીકવાર તો પોતાનું બધું દુઃખ ભૂલી ગયો છે....આવા ગુરુભક્ત એકલવ્ય પર હવે તેને રોષ નથી. અર્જુન તો દ્રોણાચાર્યની આ પ્રતિમાથી એવો મુગ્ધ બનેલ છે કે વારંવાર તે પ્રતિમાને નમસ્કાર કર્યાજ કરે છે....

અર્જુન એકલવ્યને પૂછે છે...." ગુરુબંધુ ! તેં આ પહેલા દ્રોણાચાર્યને કયાંય જોયા હતા ? એકલવ્યે કહ્યું " બંધુવર ! અર્જુન....હું પણ આપની માફક એકવાર દ્રોણાચાર્યજી પાસે ગયો હતો....મેં ખૂબ જ કાકલુદીભરી વિનંતી કરીને કહ્યું હતું. " ગુરુદેવ મને આ વિદ્યાનો શોખ છે મને આપ શિક્ષણ આપો...." પણ ગુરુએ મારા ઉપર જરાય મહેર ન કરી....મને ખબર નહીં શું અયોગ્યતા હશે મારી ? પણ

મેં નક્કી કર્યું હતું કે ધનુર્વિદ્યાના મારા ગુરુ તો દ્રોણાચાર્યજી જ છે. તેમની પાસેથી નિષ્ફળ થઈને આવ્યાં છતા ય હું જરાય નારાજ ન હતો....જરાય હતાશ ન હતો. મેં નક્કી કર્યું કે આ ગુરુના પુણ્યમય આશીર્વાદથી વિદ્યા મેળવીને જ રહીશ....તેથી જ મેં ગુરુદેવની આ મૂર્તિ બનાવીને અત્રે પધરાવી છે....રોજ સવાર–સાંજ ધ્યાન ધરું છું અને આપના આદેશથી જ અહીં બેસીને ધનુર્વિદ્યાનો અભ્યાસ કરું છું. મારી કોઈ શંકા એવી નથી કે જેનો જવાબ મને આ પ્રતિમા પાસેથી ન મળ્યો હોય.... અને એકલવ્ય ત્યાં જ પુનઃ ગુરુના પગમાં પડીને કહે છે, "આજે તો મારા ભાગ્ય ખુલી ગયા છે કે સાક્ષાત્ ગુરુરાજ જ મારે આંગણે પધાર્યા છે...." આટલું બોલતાં તો એકલવ્યના રોમેરોમ નાચી ઊઠ્યા.... પોતાના વિદ્યાદાતાનું ઋણ કેવી રીતે ચૂકવી શકાય તેની અનંત ઉત્કંઠા તેનામાં ઊભરાઈ જાય છે. દ્રોણાચાર્ય જુવે છે.... એકલવ્યમાં અદ્‌ભુત ગુરુભક્તિ છે, નિષ્કપટપણું કૃતજ્ઞતા અને ઉદારતા છે.

❋ એકલવ્યની અદ્‌ભૂત સમર્પણ કળા

તેથી જ ગુરુ દ્રોણાચાર્ય પોતે આજે એકલવ્ય પાસે સામેથી કંઈક યાચના કરે છે.... "વત્સ! આટલી સુંદર વિદ્યા મેં જ તને શિખવીને ?....તું કંઈક ગુરુદક્ષિણા નહીં આપે ?....

એકલવ્ય કહે છે "ગુરૂભગવંત ! દક્ષિણા આપને ? આપને શું જોઈએ છે ? મારા પ્રાણ પણ આપને અર્પણ છે. આપ માંગો તો એ પણ કાઢીને આપના ચરણે ધરી દઉં....દ્રોણાચાર્ય આજે પોતાના વચનના પાલન માટે.... અર્જુન પ્રતિના પક્ષપાત માટે એક ભયંકર પાપ કરવાનો મનોરથ કરી ચૂક્યા હતા....એમને અર્જુન સિવાય કોઈને ધનુર્વિદ્યામાં આગળ થવા નથી દેવો....અને દ્રોણાચાર્ય બોલી ઉઠે છે. "વત્સ, જો આ વિદ્યા મેં જ તને આપી છે તેમ તું માનતો હોય તો તારા જમણા હાથનો અંગૂઠો કાપીને મને આપી દે....**ગુરુની આજ્ઞા થયા બાદ ક્ષણનો વિલંબ કરે તે શિષ્ય શાનો ?**

એકલવ્ય ભૂમિ પર બેસી ગયો. પેલો અર્જુન પણ આજે થરથરી ઊઠ્યો. તેને પણ લાગ્યું કે ગુરુની પાસેથી મેં સર્વ-શ્રેષ્ઠ ધનુર્ધર થવાનું વચન તો માગ્યું છે. પણ સર્વશ્રેષ્ઠ શિષ્ય તો હું નહીં જ બની શકું. **ધનુર્વિદ્યામાં હું પારંગત તરીકે નામ મેળવીશ પણ સમર્પણ વિદ્યામાં હું સદાયના માટે પાછળ રહી જઈશ.** અર્જુનનું કઠણ કાળજું કોમળ થઈ ગયું છે. ગુરુ દ્રોણાચાર્ય બોલી તો ગયા છે. 'જમણા હાથનો અંગૂઠો આપી દે, પણ....તે બોલ્યા બાદ તેમને પોતાને ય હાંફ ચઢી ગયો છે. શું થાય છે તે જોવા અર્જુન અને દ્રોણાચાર્યના નયનો જાણે બહાર આવી ગયા છે. પણ પ્રસન્ન....કૃતાર્થ અને કર્મઠ છે પેલો એકલવ્ય ! ક્ષણવારમાં પોતાના જમણા હાથનો અંગુઠો કાપીને તેણે દ્રોણાચાર્યના ચરણમાં ધરી દીધો. દ્રોણાચાર્યના મુખમાંથી પણ એક નાની ચીસ નીકળી ગઈ. અર્જુન તો આભો જ થઇ ગયો. **ગુરુએ અંગૂઠો ન માંગ્યો હોત અને એકલવ્યે એ કાપીને**

ન આપ્યો હોત તો માત્ર ધનુર્વિદ્યામાં જ અર્જુન હારત. આજે તો અર્જુન ધનુર્વિદ્યામાં પણ હાર્યો છે અને ગુરુ સમર્પણમાં પણ હાર્યો છે. દ્રોણાચાર્યે લોહીની ધાર નીતરતા એકલવ્યને બાથમાં લઈ લીધો છે. દ્રોણાચાર્ય એટલું જ બોલી શકે છે.—"બેટા એકલવ્ય! આવું કોઈ ન કરી શકે. તેં ખૂબ જ દુષ્કર કાર્ય કર્યું છે." અને તુરત જ કરુણાથી...પ્રેમથી...વાત્સલ્યથી દ્રોણાચાર્યનું અંતર ઉભરાઈ જાય છે. તે કહે છે. "વત્સ! તારી ગુરુભક્તિથી હું જીતાઈ ગયો છું. જા તને મારું વચન છે કે ભલે તારો જમણો હાથનો અંગૂઠો મેં ગુરુ દક્ષિણામાં લઈ લીધો. પણ તું તારી આંગળીઓથી પણ બાણ ચલાવીશ તો પણ કદી તારું બાણ નિષ્ફળ નહીં જાય. વત્સ! તારી ગુરુભક્તિ પણ અમોઘ છે. તારું બાણ પણ અમોઘ રહેશે. તારું બાણ કદી ખાલી નહીં જાય."

આ ગુરુ દક્ષિણાના મંગળ પ્રસંગે દેવોના સિંહાસન પણ હાલી ઊઠ્યા હતા. એકલવ્યનું આ ઘોર એકાંતમાં થયેલું સમર્પણ ભીષ્મ પિતામહની ગાદીના ત્યાગની યાદ આપે છે. ધીર પુરૂષો માટે ત્યાગ કેટલો સ્વાભાવિક છે! શિષ્ય સમર્પણનો એકલવ્યથી વધુ કોઈ દાખલો મળવો શક્ય નથી.

દ્રોણાચાર્ય ભલે ગમે તેવા ગુરુ પણ હતા પોતાના વચન પાલન માટે તેમણે એક આત્માનું ભયંકર શોષણ કર્યું.... એક આત્માને ભયંકર અન્યાય કર્યો છે. અપાઈ ગયેલા એક વખતના વચનની રક્ષા કાજે, અર્જુનના પ્રેમને કાજે એકલવ્યનું બલિદાન લેવાયું એ નક્કી છે, પણ એકલવ્યે ગુરુ ભક્તિનો જે આદર્શ રજુ કર્યો છે તે આખાય મહાભારતનો

એક અનેરો આકર્ષક પ્રસંગ છે. એકલવ્યની પાસેથી આજે દ્રોણાચાર્ય અને અર્જુન પુનઃ પોતાના ધામમાં જઈ રહ્યા છે.

દ્રોણાચાર્ય હજીય ઊંડા વિચારમાં છે. અર્જુનને હજીપણ એકલવ્યનું આ સમર્પણ સમજાતું નથી. વારેવારે તેનો અંતરાત્મા કહે છે—"જે થયું છે મારા માટે ગુરુને જે કરવું પડયું છે; શું એ ખરેખર સારું છે?" અર્જુને પોતાની શ્રેષ્ઠતા માટે સલામતી મેળવી છે. હવે એકલવ્ય શ્રેષ્ઠ બાણ-કળા નહીં બતાવી શકે એ વાત નિર્વિવાદ છે પણ અર્જુનને શાંતિ ન હતી. તેનું અંતર કહ્યા કરતું હતું—"આ શું થઈ ગયું?" અને તેથી જ તેણે દ્રોણાચાર્યને ચાલતાં ચાલતાં જ પૂછવા માંડયું—"આચાર્ય પ્રવર! આપે શિષ્યોના સમસ્ત ગુણોથીયોગ્ય એકલવ્યજેવા મહાન ગુરુભક્તને કેમ વિદ્યા શિખ-વવાની ના પાડી હતી. દ્રણાચાર્ય આજે ભારે મને કહે છે—"હે પાર્થ! હે અર્જુન! તારા કરતાંય સુયોગ્ય વિદ્યા પાત્ર એકલવ્ય છે એ તો હું તેની સાથેની પહેલી મુલાકાતે સમજી ગયો હતો. પણ મેં તે પહેલાંજ તને વચન આપી દીધું હતું કે 'તારાથી વધુ ધનુર્વિદ્યાવાળો કોઈ નહીં બની શકે.' આ વચનની રક્ષા કરવા મેં એકલવ્યને બાણ વિદ્યા આપ-વાની ના કહી હતી. પણ ધન્ય છે એ ગુરુભક્તને! અને પ્રભાવ છે એ મહાન ગુરુભક્તિનો કે ગુરુની અનિચ્છા હોવા છતાંય ગુરુભક્તિથી તેણે વિદ્યા પ્રાપ્ત કરી લીધી. એકલવ્યની આ પારંગામિતાને દૂર કરવા જ મારે અંગૂઠાની ભિક્ષા માંગવી પડી છે, આજે મને સમજાય છે કે વચન સાચું પાડવું એ કેટલું કપરું કામ છે. અર્જુન પગમાં પડીને દ્રોણાચાર્યને કહે છે—"ગુરુદેવ! આપે મારા પર કૃપા કરી છે તો આપનો ઉપકાર હું કદીપણ નહીં ભૂલું. આપના ઉપકારના કાજે

મારા પ્રાણ આપવા પડશેતો હું વિચાર નહીં કરું. પુનઃ ગુરુશિષ્ય રોજના કાર્યક્રમમાં લાગી ગયા.

⁘ રાજકુમારોની પરીક્ષા

એકવાર દ્રોણાચાર્યને આ કુમારોની એક નાનીશી પરીક્ષા લેવાનું મન થયું. ઊંચા એક તાડના ઝાડ પર મોરનું પીછું ભરાવી દીધું. આ પીંછાને લક્ષ્ય બનાવીને સહુએ બાણ ચલાવવાનું હતું. બધા જ કુમારોને કહ્યું તમારે બાણ તૈયાર રાખવાનું છે. અને હું જ્યારે જેને કહું તેને જ બાણ તાડ વૃક્ષ પર રહેલા મોરના પીંછાને મારવાનું છે. દ્રોણાચાર્ય બાણ મારવા તૈયાર થયેલા દરેક કુરુપુત્રને પુછતા. "તમને શું દેખાય છે" અને બધાયના જવાબો જૂદા જૂદા આવતા હતા. કોઈ કહે છે. આ આખું ય જંગલ દેખાય છે. "તો કોઈને લાગ્યું; આ સમસ્ત વનરાજી અને આ સમસ્ત તાડ વૃક્ષ દેખાય છે. આ બધાના જવાબ સાંભળીને દ્રોણાચાર્યને એક વખત તો થઈ આવ્યું. આ મેં કોને ભણાવ્યા છે ? જેનામાં નિરીક્ષણ શક્તિ જ નથી. તે લક્ષ્ય કેવી રીતે વીંધી શકશે ? લક્ષ્યવેધી બાણાવળીની નજર લક્ષ્ય સિવાય કયાંય જવી ન જોઈએ આખરે બધાને પ્રશ્ન કરી અર્જુનને પૂછયું. "હે વત્સ ! તને સામે શું દેખાય છે તે કહે." અર્જુનની તીક્ષ્ણ આંખો ક્ષણવારમાં મોરના પીંછા પર કેન્દ્રિત થઈ. અર્જુને કહ્યું. ગુરુવર ! માત્ર એક પીંછું મને દેખાય છે. બધા રાજકુમારો હસી પડયાઃ મનમાં બોલી ઊઠયા. "વાહ આ તો જબરો, અમને બધાને કેટકેટલું દેખાતું હતું તોય ગુરુએ બાણ છોડવાની ના પાડી. અને આને તો માત્ર પીંછું જ

દેખાય છે. શું કરશે આ અર્જુન ? " હવે ફરી કહે તને શું દેખાય છે ?" અર્જુને કહ્યું, " ગુરુવર ! હવે તો પીછું પણ દેખાતું નથી. માત્ર તેની અંદર રહેલો પેલો ચંદ્રક દેખાય છે." બધા હસી તો પડ્યા. પણ ગુરુએ કહ્યું, "બેટા ! તેં જ સાચું નિરીક્ષણ કર્યું છે. જેને લક્ષ્યને છોડીને બીજું દેખાય તે કદી બાણાવળી બને નહીં. છોડ વત્સ ! બાણ છોડ." અર્જુને થોડી જ વારમાં ઝાડ પર રહેલા મોરના પીંછાને વીંધી નાંખ્યું આજે બધા ય કુરુવંશીઓ અર્જુન પાસે વામણા દેખાતા હતા. દ્રોણાચાર્યે પણ એજ ક્ષણે નક્કી કરી દીધું હતું કે આ એક જ એવો શિષ્ય છે કે જેને રાધાવેધ જેવી કઠીણ ધનુર્વિદ્યા શીખવી શકાય પણ દ્રોણાચાર્યે એ વાત પોતાના મનમાં રાખી. અર્જુન તરફ તેમનું આકર્ષણ તો હતું અને હવે વધતું જ જતું હતું. તેમાંય આજે તો એ પ્રેમમાં અનેકગણી વૃદ્ધિ થઈ હતી.

કોઈ એકવાર દ્રોણાચાર્ય પોતાના ૧૦૬ શિષ્યો લઈને ગંગાના કિનારે આવ્યા હતા. અગાધ જળમાં ખૂબજ દૂર સુધી ગુરુ પહોંચી ગયા. પાણી ધાર્યા કરતાં કંઈક ઘણું ઊંડું નીકળ્યું. અને તેમાંય એક ભયંકર જળચરે દ્રોણાચાર્યને પકડ્યા. પોતાનું ભયંકર મોંઢું ખોલીને દ્રોણાચાર્યને જોરથી પકડી લીધા છે. દ્રોણાચાર્ય અચાનક થયેલા આ હુમલાથી બાવરા બની પોતાના બચાવ માટે બૂમો મારે છે. પણ આજે બધામાંથી કોઈની હિંમત ગુરુને બચાવવા જવાની થતી નથી. બધાય જાણે છે કે આ જળચર હવે ગુરુને છોડશે નહીં. ગુરુની ચીસો ઘેરી બને છે અર્જુન દુરથી દોડી આવે છે બધાને નિઃસહાય બનેલા જોઈ આશ્ચર્ય પામે છે.

પોતે કોઈનીય સહાયની અપેક્ષા કર્યા વિના તુરત ગુરુજીની નજીક પહોંચી જાય છે. ગંગાના તટ પર ઊભા રહીને અર્જુન બાણોની ધોધમાર વર્ષા વરસાવી. ગ્રાહ જેવું જળચર પ્રાણી એક વખત પડકયા પછી કોઈને ય છોડે નહીં. પણ અર્જુનના બાણના વરસાદથી ગ્રાહ પણ પરાભૂત થઈ ગયો. દ્રોણાચાર્ય મૃત્યુના મુખમાંથી બચી ગયા.

દ્રોણાચાર્ય આજે પારખી ગયા હતા કે તેમનો સુશિષ્ય અર્જુન જરૂર પડે પ્રાણ આપે તેવો છે. આજે જ તેમણે અર્જુનને વચન આપી દીધું. "વત્સ! તારી ગુરુ ભક્તિથી ખુશ થઈને હું વચન આપું છું કે તને અવશ્ય રાધાવેધ શીખવાડીશ."

દ્રોણાચાર્યએ બીજા જ દિવસથી અર્જુનને રાધાવેધ શીખવવાનું શરૂ કરી દીધું. અર્જુન હવે આ એક મહાન ધનુર્કળામાં પારંગત બન્યો. "ગુરુનો વિનય અને ભક્તિ કોઈ અવી ચીજ છે કે વિનયને આધીન ગુરૂને શિષ્ય છેતરતો હોય. તો ગુરુને છેતરાવું પણ ગમે છે."

....અર્જુનના આ રાધાવેધના શિક્ષણ કાળમાં અન્ય કુમારો પોતે પ્રાપ્ત કરેલ કળાનું પુનરાવર્તન કરતા હતા. દ્રોણાચાર્ય તો અર્જુનને ભણાવવામાં જ લાગ્યા હતા. અને જ્યાં અર્જુનનો રાધાવેધ પૂર્ણ થયો કે દ્રોણાચાર્યે ભીષ્મ અને પાંડુને જાણ કરી, "આ રાજકુમારોની વિદ્યા પૂર્ણ થઈ છે હવે તેની પરીક્ષા યોજો....

卐

ક્રમાંક–૧૦

પ્રવચનસાર

卐 સિદ્ધાંતો ગમે તેવા મહાન હોય પણ કયા સિદ્ધાંતો જીવનમાં કેટલા અંશે ઉતારી શકાય એતો મહાપુરુષોના જીવન ચરિત્રથી જ સમજાય છે.

卐 મહાભારત એ જીવનને મહાન બનાવવાની એક મહાન અને વાસ્તવિક ચાવી છે.

卐 દુર્બળ માણસને જોઈને તેની સાથે લડવું નહીં અને જાડો જોઈને તેનાથી ડરવું નહીં....જાડા માણસોમાં ઘણીવાર એવું બને છે કે દેખાવ સિંહનો હોય પણ દિલ શિયાળનું હોય છે.

卐 તમારા વચનને એવું બનાવો કે જ્યાં હોળી હોય ત્યાં દિવાળી થાય પણ દિવાળી હોય ત્યાં હોળી પ્રગટે તેવું વચન ભૂલેચૂકે પણ ન કાઢતા.

卐 સત્તાથી જેટલાં દૂર રહીએ તેટલું ડહાપણ વધારે નજીક રહે છે.

卐 સુશિષ્ય પોતાની દૃષ્ટિથી, પોતાની ઉંમરથી ગુરુને ના માપે....ગુરુની સાથે ફરજ કે હક્કની વાતો ન કરે, ગુરુને તો સમર્પણ જ હોય.

卐 કુશિષ્ય એટલે જાગતો ક્લેશ !

卐 ભાઈ–ભાઈનું જુદું થવું એ વ્યવસ્થા છે. પણ જુદાઈ રાખવી એ પાપ છે....

卐 બાળકોના તોફાનને રોકવાનો રસ્તો મારપીટ નથી, પણ બીજી નિર્દોષ વસ્તુમાં તેને રસ જગાડવો જોઇએ.

卐 બાળકને તોફાન કરતો અટકાવવામાં એક ટન શક્તિ લગાડવી પડે છે. બાળકને બીજી નિર્દોષ પ્રવૃત્તિમાં પરોવવામાં એક કિલો શક્તિ જ લગાડવી પડે છે.

卐 વિનય એવી અદ્‌ભુત ચીજ છે કે મૂરખમાં મૂરખની બુદ્ધિને પણ ખિલાવી દે.

卐 ગુરુ એ નળ છે, વિદ્યા એ એમાં રહેલું જળ છે, અને વિનય તે નળ પરની ચકલી છે. વિનયના પ્રમાણમાં જ વિદ્યા વહેશે....

卐 કદાચિત્ વિનય વિના વિદ્યા મળી જાય પણ તે વિદ્યાની યશસ્વિતા અને ઉપયોગીતા તો અવિનયીને કદી પ્રાપ્ત થાય જ નહીં....

卐 વિનય કરે એને જ ગુરુ વિદ્યા આપે એ ગુરુનો પક્ષપાત નથી, પણ વિનય વિહીન ને વિદ્યા આપવી એ વિદ્યાનું પણ અપમાન છે....

卐 યોગ્ય આત્મા વિદ્યા લેનાર ના હોય તો વિદ્યાની પેઢી બંધ કરી દેવામાં કાંઈ વાંધો નથી.

卐 સાચી વિદ્યા ગુરુ પાસે બેસીને પ્રાપ્ત ન થાય પણ ગુરુના હૃદયમાં પેસીને જ પ્રાપ્ત થાય.

卐 ઈર્ષાની આગના સમીકરણને સમજો. બીજાની સમૃદ્ધિ એતો માત્ર દિવાસળી જ હોય છે ! લાકડા તો તમારા હૃદયના હોય છે ! કોઈની દિવાસળીને સફળ કરવા આપણા લાકડા ધરી દેવા એ કેવી બુદ્ધિમત્તા છે !

卐 વૃદ્ધની સેવા કે ગુરુની સેવા કયારેય નિષ્ફળ જતી નથી. અને આત્માર્થી બની સેવા કરનારા કયારેય દુઃખી થતા નથી.

卐 જે શક્તિ ગુરુની કે પૂજ્યોની સેવા કરવામાં વપરાતી નથી તે શક્તિ પણ શ્રાપ છે.

卐 અર્જુને ગુરુ પાસેથી વિદ્યા પ્રાપ્તિના આગ્રહ કરતાં પણ કૃપા પ્રાપ્તિનો વધુ આગ્રહ રાખેલો એટલે જ દ્રોણાચાર્યને છેક સુધી અર્જુનના રક્ષક બનવું પડયું છે !

卐 સ્વાર્થી રહેવું દુર્ગુણ છે....વૈરાગી રહેવું સદ્ગુણ છે.

卐 ઘરમાં સંગ્રહી રાખેલો સાપ પણ કામમાં લાગે તો ઘરમાં રહેલા વૃદ્ધ કેમ કામ ના લાગે ? આવા વૃદ્ધ મહાત્મા જ જીવનમાં સુખશાંતિ ફેલાવે છે....કુટુંબની ઈજ્જત રાખે છે.

卐 દ્રોણાચાર્યનો અંગૂઠાની દક્ષિણા માંગતો નિર્ણય સાંભળી કેટલાક દ્રોણાચાર્યની ગુરુતાને અને સ્વાર્થવૃત્તિને ધિક્કારવામાં એકલવ્યની ગુરુભકિતને અભિનંદન આપવાનું ભૂલી જાય છે.

卐 શાસ્ત્રો કહે છે–" ગુરુમાં જે તાકાત નથી તે તાકાત શિષ્યમાં રહેલી ગુરુ ભક્તિમાં છે "

卐 દ્રોણાચાર્યના કઠણ વજ્ર જેવા કાળજાને એકલવ્યે પોતાના સમર્પણથી કોમળ કરી નાંખ્યું છે. સાક્ષાત્ ગુરુની ઈચ્છા ન હોવા છતાં ય શિષ્યે સમર્પણથી ગુરુ પાસેથી વિદ્યા મેળવી....

卐 દ્રોણાચાર્યના બે શિષ્યો છે. એક અર્જુન અને એક એકલવ્ય!!!

એકલવ્યના સમર્પણમાં એક ક્રોડાધિપતિ શેઠિયા જેવી મસ્તી છે. એક સિંહ જેવી મગરૂરી છે....

અર્જુનના સમર્પણમાં એક ગરીબ જેવી દરિદ્રતા હરણિયા જેવી મજબૂરી અને દીનતા છે....

卐 અર્જુન પોતાના રાજ્યના સંરક્ષણ માટે પોતાના યશ માટે અને પોતાનાથી બીજો કોઈ આગળ આવે નહીં તેવી સ્વાર્થવૃત્તિથી શસ્ત્રવિદ્યા શિખ્યો છે....જ્યારે એકલવ્ય....આત્માના આનંદ માટે નિઃસ્વાર્થ વૃત્તિથી શસ્ત્ર–વિદ્યા શીખ્યો....બન્નેના આદર્શમાં તફાવત છે તેથી જ બન્નેના સમર્પણમાં પણ તફાવત છે.

卐 અર્જુન ભલે જગત વિખ્યાત બાણાવલી બન્યો હોય પણ જગત વિખ્યાત ગુરુભકત તો એકલવ્ય જ બન્યો. દ્રોણાચાર્યે એકલવ્ય પાસેથી અંગૂઠો માંગીને બંને શિષ્યોને પ્રથમ નંબરે બેસાડ્યા....
અર્જુનને બાણ કળામાં....એકલવ્યને સમર્પણ કળામાં....

卐 ગમે તે થયું છતાંય દ્રોણાચાર્યના બંનેય શિષ્યો પ્રથમ પંકિતમાં જ રહ્યા. ગુરુકૃપા શ્રેષ્ઠતા અપાવે તેમાં શંકા નથી....


卐 એકલવ્ય કરતાં અર્જુન જ્યેષ્ઠ બની શકયો છે, પણ શ્રેષ્ઠ નથી બની શકયો.

卐 વચન આપતા લાખવાર વિચાર કરજો....કારણ વચન આપ્યા પછી પ્રાયઃ કસોટી થયા વિના રહેતી નથી.... વચન આપતી વખતે અને પાલન કરવાના સમયે પરિસ્થિતિ અલગ અલગ હોય છે.

卐 જો શિષ્યને ગુરુ પર આક્ષેપ કરવાનો અધિકાર હોય તો ગુરુને પણ પક્ષપાત કરવાનો અધિકાર છે.

卐 ગુરુથી કદાચ પક્ષપાત થઈ જાય તો એ બહુ મોટી વાત નથી કારણ ગુરુ પણ આખર તો છદ્મસ્થ જ છે ને!

卐 મહાભારતમાં સમર્પણની તકાત બતાવનાર માત્ર એકલવ્યનું પાત્ર છે....અને સંપૂર્ણ મહાભારતમાં અકલવ્યની વાત ફકત બે જ પાના રોકે છે....પણ ગુરુભક્તિ કેળવનાર શિષ્યો આ એકલવ્યને જ મહાભારતનું હૃદય માને છે.



વાત નાની લાલચ મોટી

❋ આસમાન જિતની રોટી

ઝુબેદા બીબીનો માસૂમ બાળક કરીમ બિમાર પડ્યો... હકીમોએ હજારો પ્રયત્ન કર્યા બધા નિષ્ફળ થયા. ઝુબેદા-બીબીએ આખરે ખુદાને પ્રાર્થના શરૂ કરી. ખુદા....આજે મારા માસૂમ બાળકને સારૂં કર. મારું બાળક તારૂં જ બાળક છે. અને જો આજ સાંજ સુધીમાં મારા આ માસૂમ બાળકને સારૂં થશે તો હું તને પૂરા આસમાન જેટલી મોટી રોટી ચઢાવીશ.

પેલા માસૂમ બાળક કરીમને પણ આ પ્રાર્થનામાં ખૂબ રસ પડ્યો...., હવે સારો થાઉં તો આસમાન જેવી રોટી જોવા મળશે અને આજે તો કરીમ ખરેખર સારો થઈ ગયો, કરીમને થતું હતું કે હવે અમ્માજાન કયારે આસમાન જેવડી રોટી બનાવે ને કયારે એ રોટી હું જાઉં....દિવસો ના દિવસો નીકળી ગયા પણ આસમાન જેટલી રોટી બનાવાની કોઈ હિલચાલ જોઈ નહીં. તેથી એક દિવસ કરીમે ઝુબેદાબીબીને પૂછી જ નાંખ્યું કે "અમ્માજાન તું કયારે આસમાન જેવડી રોટી ખુદાને ચઢાવીશ ? ઝુબેદાબીબી કંઇ કાચી ન હતી... એણે કહ્યું, બેટા કરીમ, રોટી તો મારે કયારની ખુદાને આપવી છે પણ શું કરું ? "જો બેટા ! જ્યારે ખુદા આસમાન જેવો તવો મોકલશે ત્યારે હું આસમાન જેવી રોટી બનાવીશ અને ખુદાને ચઢાવીશ."

નાનો કરીમ તો શું સમજે પણ તમે સહુ સમજી ગયાને કે ખુદાને રોટલી જોઇએ તો ખુદાને તવો મોકલવો પડે. માનતા કરતી વખતના ભાવો માનતા ફળ્યા પછી ફરી જતાં વાર નથી લાગતી.

....લાલચ આખરે કપટની માતા બને છે.

⁂ કથાસાર

⁂ પરીક્ષા કે ઝઘડાખાજી ?

વિદુરને સંતોષ હતો. થોડા ઘણા વર્ષો હસ્તિનાપુરના રાજમહેલમાં જે શાંતિ રહી હતી તે વિદુરને આભારી હતી વિદુરે જ રાજકુમારોને ભણાવવાનો ઉપાય કરી કુમારોનું ધ્યાન બીજી બાજુ ખેચ્યું હતું. વિદુરને પણ આ રાજકુમારોની વિદ્યા પ્રાપ્તિનું ફળ જોવાની આતુરતા હતી. વડીલોની આજ્ઞા પ્રમાણે વિદુરે એક મહાન પ્રેક્ષામંડપ તૈયાર કરાવ્યો. હસ્તિનાપુરના હજારો માનવી પોતાના ભાવિ સૂત્રધારોની શસ્ત્રકળા જોવા આતુર હતા. નિશ્ચિત દિવસે કળા પરીક્ષાનો આરંભ થયો. ઓછા સમયમાં પ્રત્યેકે પોતાનું કૌવત બતાવવાનું હતું. એટલે દ્રોણાચાર્યે એક પછી એક કૌરવોને બોલાવવા માંડયા. દરેક રાજકુમારે આજે હસ્તિનાપુરન નગરજનોને ખાત્રી આપી કે અમે ભાવિના રાજ્યાધિકારીઓ સમર્થ રાજવીઓ છીએ—શક્તિશાળી યોદ્ધાઓ છીએ. પણ દ્રોણાચાર્યે પોતાના મુખ્ય વિદ્યાર્થીઓનું પરીક્ષણ બાકી રાખ્યું હતું.

યુધિષ્ઠિર, ભીમ, દુર્યોધન, અર્જુન અને કર્ણના રોમાંચક શસ્ત્ર દાવો જોવાની સહુને પ્રબળ ઉત્કંઠા હતી. ગાંધારી, કુંતી તથા માદ્રી પણ પોતાના આ સંતાનોની યુદ્ધ ચાતુરી જોવા આજે સભામંડપમાં હાજર હતા.

એ મુખ્ય શસ્ત્રવિશારદોમાંથી યુધિષ્ઠિરનું નામ જાહેર થયું. યુધિષ્ઠિર જબરજસ્ત પ્રભાવી પુરૂષ છે. લોકોએ તેમની

શસ્ત્રક્રિયા તો પછી જોઈ પણ પહેલાં તો તેમની મોહકમુદ્રા અને ધીર ગંભીર ચાલથી જ બધા પ્રભાવિત થયા હતા.... શસ્ત્રદાવો જે ચપળતાથી યુધિષ્ઠિરે બતાવ્યા તેથી સહુ વાહ વાહ પોકારી ઊઠયા. સહુ યુધિષ્ઠિરથી પ્રભાવિત થઈ ગયા....

હવે વારો આવ્યો ભીમ અને દુર્યોધનનો. તે બંને ય ખાલી ગદાના દાવો જ રજૂ કરવાના હતા. બંનેય એક સાથે ગદાને વીંઝવા માંડી ગદાના એવા એવા દાવો બંનેયે રજૂ કર્યા કે બેયની ગદા જાણે સાક્ષાત્ સૂર્ય અને ચંદ્ર આવી ગયા હોય તેવી તેજસ્વી અને જાજવલ્યમાન દેખાવા માંડી. લોકો તો ઘડીકમાં દુર્યોધનના દાવ જોઈને તેનો જયકાર બોલાવે અને ઘડીકમાં ભીમની ગદાનો દાવ જોઈને. આ બંનેયની ગદાઓ જ્યારે પરસ્પર અથડાતી ત્યારે તો પ્રેક્ષકો ના હૃદય બંધ થઈ જતાં. આમ પરસ્પરના આ પ્રહારો એકબીજા ઝીલતા હતા; ત્યાં જ પેલા દુર્યોધનને ભીમ પરનું વેર યાદ આવ્યું. પોતાના નાના ભાઈઓને હેરાન કરનાર ભીમ આજે પોતાને પણ જાણે હરાવવા બેઠો છે તેમ દુર્યોધનને લાગ્યું. વેરની વસુલાત કરવાનો આ મોકો દુર્યોધનને યોગ્ય લાગ્યો. હવે પરીક્ષાની વાતને છોડીને દુર્યોધને એકદમ પોતાનો ચહેરો બદલી નાંખ્યો. તેના મુખ પર વેર અને ક્રૂરતા તરી આવી. ભીમને કોઈ પણ રીતે પ્રહાર કરીને ખલાસ કરી નાખું– તેવો તેનો મનોભાવ છૂપો ન રહ્યો. ભીમ પણ દુર્યોધનની આ મનની મેલી મુરાદને નિષ્ફળ કરવા પગ પછાડીને ગદાની સાથે ઉછળ્યો. ભીમનો આશય હતો કે તારા જેવા કંઈક દુર્યોધનને હું પીસી નાંખીશ. તારે જે કરવું હોય તે કરી લેજે પણ આજે ભીમ ગાંજ્યો જશે નહીં.... અને પરીક્ષા માટેના દેખાતા દાવો ધીમે ધીમે એક

બીજા પર પ્રહારો રૂપે પરિણમ્યા. દ્રોણાચાર્યે તુરત જ પોતાના પુત્ર અશ્વત્થામાને આદેશ કર્યો, "જા, વત્સ ! આ બળિયા હવે કોઈનું સાંભળે તેમ નથી. વચમાં પડીને બંનેયને છોડાવ અને કહી દે' તમે પરીક્ષા આપવા આવ્યા છો, લડવા નહીં." આખરે બેય બળિયા પોતાના સ્થાન પર જઈને એક બીજાની સામે ઘુરકિયાં કરતાં રહ્યાં.... માંડ માંડ શાંત થયા.

⁂ કર્ણ અને અર્જુન આમને સામને...

આ તરફ અર્જુન અને કર્ણની પરીક્ષા બાકી હતી. દ્રોણાચાર્યને આજે પોતાના શિષ્યોની અભૂતપૂર્વ કળા પરીક્ષાનો એક સંતોષ હતો. તેઓ આનંદમાં હતા. આનંદના અતિરેકમાં અતિરેકમાં જ તેમણે અર્જુનની ખૂબ પ્રશસ્તિ કરી નાંખી ને દ્રોણાચાર્ય બોલી ઊઠયા, "હસ્તિનાપુર નિવાસી ! જુઓ આ બધા જ મારા શિષ્યો છે— ગુરુને તો બધા શિષ્યો પ્રિય હોય છે પણ અર્જુને તો પોતાની કળા અને વિનયથી મારા હૃદય પર કામણ કર્યું છે. એના જેવો સુયોગ્ય શિષ્ય મેં કદી જોયો નથી. આ માત્ર મારો શિષ્ય નથી મારા પુત્ર જેવો છે....ના મારા પુત્ર અશ્વત્થામા કરતાં પણ મને આ મારા પ્રિય શિષ્ય અર્જુન પર વધુ પ્રેમ છે. તમે બધા આ પારંગત અર્જુનની બાણકળા જુઓ અને ત્યાર પછી આ કર્ણ પણ બાણકળા બતાવશે "

અર્જુન તરફનો પક્ષપાત આજે દ્રોણાચાર્યે પોતે જ જાહેર કરી દીધો હતો. કર્ણને અને દુર્યોધનને જાહેર સભામાં

અર્જુનની આવી પ્રશસ્તિ કરવાનું કારણ દેખાતું ન હતું.... પરીક્ષા વખતે કોઈ એક શિષ્યના ગુણો ગાવા યોગ્ય નથી. નીતિશાસ્ત્રોમાં તો ચોકખું કહ્યું છે કે "**શિષ્ય અને નોકરના ગુણ કદી તેના દેખતા કહેવાય નહીં.**" તેમ છતાં દ્રોણાચાર્ય આજે નીતિ કેમ ભૂલી ગયા ! દુર્યોધન અને કર્ણનો એ જ પ્રશ્ન હતો અર્જુન બાણના જે જે દાવો બતાવવા લાગ્યો હતો તે દાવો હસ્તિનાપુર વાસીઓએ કદી ય જોયા નહોતા. તાળીઓના ગડગડાટથી આખો મંડપ ધ્રુજી ઊઠયો હતો. પણ કોણ જાણે અર્જુનને એમ લાગતું હતું કે તે પોતાની શ્રેષ્ઠ-કળા આજે બતાવી શકયો નહોતો !

તેના દાવ પૂર્ણ થયા બાદ તુરત જ કર્ણનો વારો આવ્યો છે. અર્જુને જેવા સને જેટલા દાવા બતાવ્યા તે બધાજ દાવ અને તેવા દાવો કર્ણએ ખૂબજ સારી રીતે અને ઝપાટાબંધ બતાવવા માંડયા. આખી સભા વિસ્મય પામી ગઈ. તાળીઓએ તો સમસ્ત હસ્તિનાપુરને ગજાવી દીધું. કર્ણની આ કળાએ આજે અર્જુનને પણ વિસ્મય પમાડી દીધો. આવી શ્રેષ્ઠ કળા કર્ણ બતાવી શકશે એવી ગણતરી ન તો અર્જુનને હતી કે ન તો દ્રોણાચાર્યને હતી.... !!! આજે કર્ણને પોતાને પણ એ આશ્ચર્ય હતું કે આવી મહાન કળા તે કેવી રીતે બતાવી શકયો ! ચારે બાજુ કર્ણના નામનો જયધ્વનિ થતો હતો. ત્યાં જ પેલા દુર્યોધને અવસર જોયો. પોતે એકદમ ઉઠીને કર્ણને ભેટી પડયો. દુર્યોધને અર્જુનની બાણકળા જોઈ ત્યારથી જ તેના મનમાં થતું હતું કે આનો સામનો કરવાની તાકાત માત્ર કર્ણ સિવાય કોઈનામાં નથી. આજે કર્ણની દ્રોણાચાર્યે

જરાય પ્રશંસા નહોતી કરી એટલે કર્ણ ખૂબજ અકળાયેા હતેા. કર્ણ પ્રેમનેા ભૂખ્યેા હતેા; અને પેલેા દુર્યોધન તેા સત્તાનેા ભૂખ્યેા હતેા દુર્યોધન સમજતેા હતેા કે ભવિષ્યમાં આ કર્ણ જ પેાતાને મદદ કરી શકશે એટલે તુરત જ દુર્યોધને આવીને કર્ણને થાબડયેા. દુર્યોધને કહ્યું–"વ્હાલા મિત્ર! તારી આ કળાથી હું એટલેા બધેા ખુશ થયેા છું કે જો તું કહે તેા મારૂં રાજ્ય અને આ પ્રાણ પણ તારા ચરણે ધરી દઉં." કર્ણના પ્રેમ ભૂખ્યા હૈયાને દુર્યોધનની વાતથી એક ઉંડું આશ્વાસન મળ્યું....! આજે એની પ્રેમ ભૂખ કંઈક સંતેાષાઇ. **માનવ માત્રને એક હુંફાળા હૈયાંની સહાય જોઇએ છે!** કર્ણે વિચાર્યું શું પડયું છે, આ અર્જુનીયામાં કે વારંવાર પેલા દ્રોણાચાર્ય તેના ગીતડા ગાયા કરે છે! આ અર્જુનને તેા હું હરાવીશ જ!" કર્ણ રાજવી ન હતેા. પેાતે રાજપુત્ર નથી તેવું કર્ણ જાણતેા પણ હતેા એને રાજ્યની કેાઇ લિપ્સા પણ ન હતી. પણ એક મજબૂત સુખી રાજની છત્રછાયા કર્ણ ઝંખી રહ્યો હતેા. દુર્યોધનને કર્ણે કહ્યું– "વહાલા મિત્ર! એક વાતનું વચન આપ કે તું હંમેશા મારેા મિત્ર રહીશ. કેાઈપણ સંજોગેામાં આપણી મૈત્રીને કેાઈપણ તેાડી નહીં શકે." ખરેખર તેા આ વચન દુર્યોધન કર્ણની પાસે માંગવા ઇચ્છતેા હતેા; પણ કર્ણે જ આ વચનની માંગણી કરી હતી. તેથી દુર્યોધનને લીલાલ્હેર થઈ ગઇ. તેણે કર્ણની જોડે શાશ્વત્ મૈત્રીનેા ભાવપૂર્ણ કરાર કરી નાંખ્યેા!

દુર્યોધને જેવેા મૈત્રીનેા તંતુ મજબૂત કર્યેા કે તુરત જ કર્ણના હૈયામાં પેલી ઈર્ષ્યાની આગ ઉછળી પડી. કર્ણ કહી ઊઠયેા– "હે મિત્ર દુર્યોધન! અત્યારે તેા એક જ ઈચ્છા છે કે

આ અર્જુનીયાને એકવાર રણ મેદાનમાં રગદોળી નાંખું... આજનો આ મગતરા જેટલો અર્જુનીયો પણ મારી જોડે રૂઆબ કેટલો કરે છે? અર્જુને પણ આ વાત કાનો કાન સાંભળી. દુર્યોધનની ધીઠાઈ અને કર્ણના કોપમય પડકારને સાંભળી, અર્જુન હાલી ઊઠયો, તેણે પોતાના સ્થાનેથી જ પડકાર કરતાં કહ્યું– ઓ કર્ણ મહાશયા જરા શરમાવ તો ખરા, કોની સામે પડકાર કરો છો. હું તો તમારી બધી સ્ત્રીઓની આંખોને મારા બાણરૂપ દરિયામાં ડૂબતી જોઉ છું. મહેરબાની કરીને બડાઈઓ હાંકવી બંધ કરો. આજે તમે જરા થોડા દાવપેચ સારા કર્યા છે તેનાથી કયા અભિમાન પર જઇ બેઠા છો?" કર્ણ–પોકાર કરે છે "ઓ અર્જુ ન! આવો હર આ કર્ણને કદી બતાવીશ નહીં. તાકાત હોય તો આવ; શસ્ત્ર હાથમાં પકડ અને સામે થા. બતાવી દઉં તને!" આટલી ઉગ્રતામાં પણ અર્જુન વિનય ચૂકતો નથી. દ્રોણાચાર્યની સામે જુએ છે. દ્રોણાચાર્ય હતા તો પરીક્ષક! પણ આજે કર્ણ અને દુર્યોધનની ઉદ્ધતાઈ પર જાણે નારાજ હતા. તેમણે આંખના ઈશારાથી જ અર્જુનને લડવાની સંમતિ આપી દીધી, કર્ણ તો તૈયાર જ હતો.

બન્ને વિદ્યાર્થીઓ હવે મહાન યોદ્ધારૂપે આમને–સામને આવી ગયા, કૂતુહલી લોકો માટે આ દુર્લભ દર્શન હતું, બંનેની યુદ્ધ માટે તૈયાર થવાની છટા પણ કોઈ અદ્‌ભુત હતી, સામ સામે ગજરાજ આથડી પડવાના હોય–તેવું દૃશ્ય દેખાવા માંડયું. બંનેય જણાના પરસ્પરના પડકારોથી સભાસદોના કાનમાં જાણે નગારાં વાગવા માંડયા.

❋ કુંતીનો શોક....
પાંડુ વ્યગ્ર....
શ્રી કૃપાચાર્યની ચાલબાજી....

કુંતીથી ભયાનક દૃશ્ય જોઈ ન શકાયું કોમળ બિચારા અર્જુનની સામે આવો પ્રૌઢ કર્ણ પ્રહાર કરશે એ કલ્પનાથી કુંતીને મૂર્છા આવી ગઈ. કુંતી ત્યાં જ ધરતી પર ઢળી પડી. વિદુર તરત જ ભાભી કુંતીની પાસે દોડતા આવ્યા. ચંદન-રસથી વિલેપન કરી વીંઝણા નાંખવા માંડયા. પેલી બાજુ પાંડુને પણ ચિંતા થવા માંડી. ભલે અર્જુન પરાક્રમશાળી છે. પણ યુદ્ધ એ તો આખરે યુદ્ધ છે. કોણ જીતે? કોણ હારે? ખબર ન પડે. આજે જ પરીક્ષાના મોકાના વખતે અર્જુન ઠંડો નહોતો પડી ગયો? તે છતાંય આજે અહીંને અહીં યુદ્ધ કરવા તૈયાર થશે તો તેની શી દશા થશે? પાંડુના આમેય ફીક્કો ચહેરો ચિંતાના ભારથી વધારે ફીક્કો બની ગયો દૂર બેઠેલો કૃપાચાર્ય સમજી ગયા કે આ યુદ્ધ હવે કોઈપણ રીતે રોકવું જોઈએ; તુરત જ કૃપાચાર્ય ઉભા થયા. કર્ણને કહ્યું, "યુદ્ધવીર કર્ણ! તું આટલો બધો લડવૈયો બની ગયો હશે ખબર નહીં. તને મળેલી યુદ્ધની શિક્ષા એ કુરૂવંશનો તારા પરનો ઉપકાર છે. અમે આ પાંડુના, આ ધૃતરાષ્ટ્ર અને આ વિદુરના કુળને જ જાણીએ છીએ. પણ તું કોણ છે? કયા કુળનો છે? તારા મા-બાપ કોણ છે? એ તો બધાને કહે." એક ક્ષત્રિયની જોડે લડવા તું તૈયાર થયો છે તો શું તું ક્ષત્રિય છે? તારું કુળ બતાવ. પછી યુદ્ધ માટે તૈયારી કર ત્યાં સુધી યુદ્ધની રજા મળી શકશે જ નહીં.

❋ અજ્ઞાત કુલનો કર્ણ અંગદેશનો રાજવી

કૃપાચાર્યનો આવો ખેલ જોઈને દુર્યોધનને ગુસ્સો આવ્યો. કૃપાચાર્યની ચાલ સમજતા દુર્યોધનને વાર ન લાગી. ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર આ બાબતમાં શું કહેવા યા કરવા માંગે છે. તેની તેણે કોઈ પરવાહ ન કરી. તેણે ઊભા થઈને કૃપાચાર્યને કહ્યું, "આચાર્ય પ્રવર! આપે જ્યારે આ કર્ણને ભણાવ્યો ત્યારે કુળનો વિચાર કર્યો ન હતો? કુળના વિચારનો પ્રશ્ન એ પણ કર્ણ માટે અને આજે જ્યારે અરેઅરો હાવ જમ્યો છે ત્યારે? આપ જેવા આચાર્યને આ પક્ષપાત શોભતો નથી. આપ આજે કર્ણને હરાવવા માંગો છો. કર્ણને ઠંડો પાડી દેવાનો આપનો પેંતરો છે. કુળનું શું મહત્ત્વ છે? શૂરવીરતા અને રણવીરતા સાથે કુળનું શું મહત્ત્વ છે?

જો યુદ્ધ કરવા માટે કુળનું પ્રયોજન હોય તો એકવાર મારા કર્ણને અર્જુન સાથે લડવા દો. કયા કુળનો છે કેવી તાકાત છે? તે હમણાં જ બહાર પડી જશે. કુળની વાત તો એક બહાનું છે અને કૃપાચાર્ય જો જો અર્જુનને એમ કહેવા માંગતા હોય કે અર્જુન રાજવી કુળ વગરના સાથે યુદ્ધ નહીં કરે તો શા માટે તે કર્ણની સાથે અત્યાર સુધી લડ્યો? અને હવે જો ઈચ્છે કે મારે રાજવી જોડેજ લડવું છે તો હવે, આ જ મહોત્સવ મંડપમાં હું મારા કર્ણને રાજવી બનાવી દઉં છું. હમણાં જ કર્ણનો રાજ્યાભિષેક કરી દઉં છું. થોડી જ વારમાં કર્ણના રાજ્યાભિષેકની તૈયારી થઈ. ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર પણ ધર્મ સંકટમાં પડ્યા.

હતા. પાંડુ કશું જ બોલી શકે તેમ ન હતા. દુર્યોધને પોતાના અધિકારના ક્ષેત્ર અંગ દેશના રાજ્ય પર કર્ણનો અભિષેક કરવાનો નિર્ણય કર્યો. પોતે જ કર્ણને સુવર્ણ આસન પર બેસાડી કર્ણના મસ્તકે છત્ર ધારણ કર્યું. દુર્યોધનના પક્ષકારોએ ચારેયબાજુ મંગળધ્વનિ કરીને કર્ણને વધાવ્યો. બંદીઓએ મન ભરીને કર્ણની સ્તુતિ કરી હવે કર્ણ તો સદાન માટે દુર્યોધનનો સેવક બની ચૂકયો હતો. એને પુનઃ પણ દુર્યોધન પાસે એક જ માંગણી કરી. "બંધુ દુર્યોધન! તારો પ્રેમ મારાપર ઓછો ન થાય. હું સદા તારો મિત્ર બની રહું એજ મારે જોઈએ." અને દુર્યોધન સમજી ગયો કે ભાવિના હસ્તિનાપુરના સામ્રાજ્યનો પાયો આજે નંખાઈ ગયો છે. કર્ણ સાથે છે તો હસ્તિનાપુરના રાજ્યની ધુરા પણ મારી પાસે જ છે.

❋ કર્ણના પિતા અતિરથીનું સભામાં આગમન....

આ તરફ આ સમાચાર મળતાં કર્ણના પિતા અતિરથિ પણ મંડપમાં આવી ગયા. કર્ણ પોતાના પિતાના ચરણમાં ઢળી પડયો. પિતા અતિરથિએ તેને પ્રેમથી ઊભો કર્યો. અંતરના હર્ષથી પુનઃ રાજ્યાભિષેક કર્યો. પુત્રને આલિંગન કર્યું. હર્ષાવેશથી પુત્રને મસ્તક પર પુનઃ પુનઃ ચુંબન કર્યું. ભીમે આ અવસરને જોઈને મર્મપૂર્ણ વ્યંગ કર્યો. ભીમે કર્ણની પાસે જઇને કહ્યું. "એય સારથિના છોકરા! તું શું અર્જુનની જોડે લડવા તૈયાર થયો છે?....અરે, ભાઈ એમ કરને અહીં ધનુષ્ય પકડવા આવ્યો છે એ કરતાં ઘોડાની લગામ પકડને! બાપ–દાદાનો ધંધો છોડી અહીં શી

માથાકૂટ આદરી છે ?' કર્ણને તો આ વચન હડાહડ લાગી ગયું છે. વેરના બીજ વવાઈ ગયા. હજી કર્ણ સ્વસ્થ થઈને આવે તે પહેલાં તો દુર્યોધન વચમાં આવીને ગાજી ઊઠ્યો– ભીમ ! કુળની શી વાત કરે છે ? આ દુનિયામાં પરાક્રમ પુરૂષાર્થ....શૌર્યની કોઇ કિંમત જ નથી ? દરેક વાતમાં કુળની વાત કરનારાઓ એ તો મને કહો કે અગસ્ત્યઋષિનું કયું કુળ હતું ?

જાવ, કુળની જ વાત કરતા હોય તો મારા અંતરાત્માનો અવાજ છે. આ કર્ણનું આવું પરાક્રમ છે તેમાં ચોક્કસ કોઈ ભેદ છે. આવું ઔજસ્વી પરાક્રમ સારથિકુળમાં ન હોય. એ વાત હું નિર્વિવાદ પણે માનું છું. હજી પણ તપાસ કરો તેના કુળની. પણ ધ્યાનમાં રાખજો કે "કુલં આચારંન આખ્યાતિ, આચારઃ કુલં આખ્યાતિ !" કુળથી આચાર નક્કી નહીં થઈ શકે પણ આચારથી જ કુળ નક્કી થશે.

દુર્યોધનનો આ પડકાર સાંભળી સારથિ અતિરથિને એક અમાપ જોર આવ્યું. તેની છાતી ગજગજ ફૂલી ઉઠી. આજે તેનામાં પણ અપૂર્વ સાહસ પ્રગટયું. તેણે સહુને સભા વચ્ચે જ કહ્યું, "સભાજનો ! મહારાજા દુર્યોધનની વાત તદ્દન સાચી છે. દુર્યોધનની વાતમાં મીનમેખ ફરક નથી. સહુ પ્રથમ તો સભાજનો હવે જાણી લો કર્ણ મારે ત્યાં મોટા થયા છે. જન્મથી મારે ઘેર છે. કર્ણને પણ જે વાતની ખબર નથી તે વાત આજે આપને આખી સભામાં જણાવી દઉં છું. ! કર્ણનો હું પાલક પિતા છું કર્ણના જન્મદાતા કોણ છે ? તે હું જાણતો નથી. પણ હું તમને કર્ણની મને પ્રાપ્તિ કેવી રીતે થઈ છે ? તે જણાવીશ.

❀ પ્રવચનસાર

卐 "મહાભારત" જીવનની વાસ્તવિકતા સમજવા માટે એક અનન્ય ગ્રંથ છે. મહાભારત જીવનને એક શાણપણ શીખવાડે છે કે કોઈપણ વ્યક્તિમાં રાગથી સિમીત થઈ જવું કે કોઈ પણ વ્યક્તિથી દ્વેષથી દૂર થઇ જવું એ એક ભૂલ છે. સાચી વાત એક જ છે કે જગતની તમામ વ્યક્તિઓ સાથે વૈરાગ્યથી રહો.

卐 રાગ મુંઝાવે છે દ્વેષ મુરઝાવે છે. માત્ર વૈરાગ્ય જ માનવને પ્રસન્ન રાખે છે.

卐 જો તમારા જીવનનું કોઈ લક્ષ્ય જ ન હોય તો તમારે જીવવાની જરૂર પણ નથી.

卐 જીવનનું જો કોઈ ભવ્ય લક્ષ્ય તમે નક્કી કર્યું જ હોય તો તમારે મોતથી ડરવાની જરૂર નથી. કારણ કે લક્ષ્યની સિદ્ધિ અનેક જન્મો થાય તો પણ થયા વિના નહીં રહે.

卐 ગમે તેવી કલા કેમ ન હોય ? પ્રત્યેક કલાની પારંગતતા મેળવવાનો એક જ સિદ્ધાંત છે–"એકાગ્રતા કેળવો."

卐 તમારી પાસે એકાગ્રતા છે તો તમે જગતની કોઇપણ કલા મેળવી શકશો, તમારામાં એકાગ્રતા નથી તો જગતની કોઇપણ કલા શીખવાથી તમને ફાયદો થવાનો નથી.

卐 સંસારમાં જીવવું એક ભયંકર વિવશતા છે તેમાં ઘૂણ પાપો કરવા પડે છે. પણ એટલો તો નિશ્ચય કરજો કે કોઈપણ નવા પાપની શરૂઆત તો તમે પોતે કરતાં જ નહીં !

卐 વેર એ અરેખર તો ગાંડપણ જ છે. પણ આવા ગાંડાઓ આ દુનિયામાં ઘણાં હોવાથી તમે એકલા ગાંડા તરીકે જાહેર થતાં નથી. બાકી ક્ષમાશીલ પુરુષોની પાસે તમે ઊભા રહો તો તમને તમારી વેરવૃત્તિ એ ગાંડપણ છે એની ખાત્રી થયા વિના ન રહે !....

卐 ઝઘડાનું રીહર્સલ કરવામાં પણ જોખમ છે. રીહર્સલમાંથી અરેખરૂં નાટક કયારે ભજવાઈ જાય તેની ખબર નહીં પડે....

卐 ગુરુ માટે શિષ્ય સદાય પ્રેરણાને યોગ્ય છે. પ્રશંસાને યોગ્ય કદી નહીં.

卐 પ્રેરણા શિષ્યની શક્તિનો વિકાસ કરે છે....
પ્રશંસા શિષ્યની શક્તિનો વિનાશ કરે છે....

卐 શિષ્ય એક વૃક્ષ છે, પ્રેરણા તેને ખિલાવે છે, પ્રશંસા તેને કોહવડાવે છે.

卐 પ્રેરણા પોષણ છે, પ્રશંસા શોષણ છે.

卐 શાસ્ત્રમાં શિષ્યની સામે શિષ્યની પ્રશંસા કરવાનો નિષેધ છે અને યોગ્ય વ્યકિત સામે અસ્થાને થયેલી પ્રશંસા એ પણ દુર્ઘટના સર્જે છે.

卐 તમે કોઈના કાનમાં કડવા શબ્દોની મૂડી વ્યાજે મૂકશો તો તમને તે મૂડી કડવા મોતના વ્યાજ સાથે પાછી મળશે.

卐 મોકા પર ટોણાં મારવાની કળાવાળા માણસો કોઇને કંઈક સંભળાવી દેવામાં ચોક્કસ સફળ થાય છે. પણ મોકો જોઇને કોઈને પ્રેમ આપનાર, આશ્વાસન આપનાર, હુંફ આપનાર જ જીવન જીવવામાં અવશ્ય સફળ થાય છે. ભીમ કર્ણને ટોણો મારીને અવશ્ય ચૂપ કરી શક્યાં. પણ કર્ણને ટાણું જોઈને પ્રેમ આપનાર દુર્યોધન કર્ણને સદા માટે પોતાના પક્ષમાં લઈ ગયો.

卐 શરમમાં નાંખવાથી માણસ નરમ બને છે.
પણ ટીકા કરવાથી તો માણસ ધીઠ્ઠો બને છે.

卐 જે મહત્ત્વાકાંક્ષા તમને શરૂઆતથી પ્રતિક્ષણ અશાંત રાખે છે, તે મહત્ત્વાકાંક્ષાપૂર્ણ થયા બાદ તમને શાંતિ આપશે અરી ? દુર્યોધનની હસ્તિનાપુરના સમ્રાટ બનવાની મહત્ત્વાકાંક્ષાએ દુર્યોધન માટે કોઈ એવો સારો પ્રસંગ જીવનમાં ચોક્કસ નહીં કે જ્યારે તે શાંતિપૂર્વક રહી શક્યા હોય....


卐 સરોવરના બે સંબંધીઓ છે. બગલો અને માછલી. સરોવર સૂકાય એટલે બગલાની સગાઇ ચૂકાઈ જાય છે. બગલો ઊડીને બીજી જગ્યાએ ચાલ્યો જાય છે.... પણ પેલી માછલી ત્યાં જ પોતાનું જીવન સમાપ્ત

કરીદે છે. પોતાના પ્રાણ સૂકવી દે છે. તમે કોઈના સંબંધી તો બન્યા છો જ. પણ વિચાર કરજો કે બગલા જેવા કે માછલી જેવા?....

卐 કુલની વ્યવસ્થા હતી. આજે આ કુલોની વ્યવસ્થા ગુલ થઇ છે. કુલ (fool) લોકોએ કુલની વ્યવસ્થામાં ધૂળ ઉડાડી છે. તેમ છતાંય દુનિયાભરમાં આજે ડાહ્યા માણસો કુલને પવિત્ર સમજે છે....

卐 કુલોનો વ્યવહાર અને કુલોની વ્યવસ્થા સમાજનો શણગાર છે. કુલની વ્યવસ્થા વિનાનો સમાજ ભંગાર છે.

卐 ડોકટરી શોધ પ્રમાણે લોહીને વર્ષો સુધી જાળવી રાખતા શીખ્યા છીએ પણ એવી કઈ મુર્ખાઈ કરી છે કે લોહીના સંસ્કારને જાળવવાનું ભૂલી ગયા છીએ!



કથાસાર

(પૃ. ૨૪૪ થી ચાલુ)

⁂ અતિરથિએ કરેલ રહસ્ય સ્ફોટ

આતુરતાથી અધીરી બનેલી અત્યારની આ સભામાંજ અતિરથિએ હવે નવો પ્રકાશ પાથર્યો. સહુ કર્ણને અતિરથિનો જ પુત્ર સમજતા હતા. અતિરથિએ કહ્યું "સભાજનો ! જરાક તો વિચાર કરો. ક્ષત્રિય પુત્રોને પણ ભય પમાડે એવો આ કુળરત્ન શું મારો પુત્ર હોઈ શકે ? શું આવો તેજનિધિ મારા જેવાના કુળમાં અવતરે ? મને એનો બાપ ન કહો તેમાં મને જરાય વાંધો નથી. પણ આ કુળરત્નને તમે ક્ષત્રિય પુત્ર નથી એમ કહી અપમાનિત ન કરો."

આ પુત્ર પ્રાપ્તિની વાત સાંભળો. મહારાજા દુર્યોધને કરેલી શંકાને હું ટેકો આપું છું. મારી પત્ની રાધાને પુત્રની તીવ્ર ઝંખના રહેતી હતી પુત્ર કંઇ માંગ્યો થોડો મળે છે ? તેણે તથા મેં પુત્ર પ્રાપ્તિ માટે અથાગ પ્રયત્નો કર્યા. ભાગ્યાધીન ચીજ પાછળ ફાંફા મારી આખરે અમે હેઠા પડયાં.

એક વહેલી સવારે ગંગાના તટે હું સ્નાન કરવા ગયો. હતો. શાંતસવાર હતી. વહેલો પહોર હતો. ગંગાના કાંઠે પડતો ઓછો પ્રકાશ ખૂબ મનોહર લાગતો હતો. મારી નજર એ શાંત પ્રવાહ પર ચોંટી જતી હતી. પ્રવાહની

સાથે એક નાનીશી પેટી મને દેખાઈ. કુતૂહલથી હું ત્યાં પહોંચી ગયો. પેટી ખૂબજ હેતુપૂર્વક બંધ કરેલી જોઈ હું પેટીને લઈને સીધો ઘેર આવ્યો. પેટી ખોલી. અહા.... અંદર તો એક બાળક હતું ! રાજ કુમાર જેવીજ તેની કાંતિ હતી. અને તેમાય કાનમાં લગાવેલા લટકતા મણિજડિત કુંડલની શોભા તો અપરંપાર હતી.

આવા સુંદર બાળકને જોઈને હું સીધો પહોંચ્યો રાધા પાસે. મારી પ્રિયા રાધા માટે આજે ખરેખર આનંદનો દિવસ હતો. મારી ખુશી હું વ્યક્ત કરું તે પહેલાં તો રાધા બોલી ઊઠી પ્રિયે ! હું જાણું છું આજે તમે એક સુંદર બાળક લાવ્યા હશો. અતિરથિ કહી રહ્યા છે–કે સભાજનો ! આ વાત સાંભળતાં મારા આશ્ચર્યનો પાર ન રહ્યો." હું કંઈક પૂછું તે પહેલાં જ મારી પ્રિયા, રાધાએ કહ્યું.

"આજે હમણાં જ સવારના સમયે મને એક સ્વપ્ન આવ્યું છે. સ્વપ્નમાં મેં સાક્ષાત્ સૂર્યદેવને જોયા છે. સૂર્ય દેવે કહ્યું– હે રાધા આજે તારા મનોરથ ફળશે. આજ તને અવશ્ય એક મહાપરાક્રમી પુત્રની પ્રાપ્તિ થશે." અને રાધા આટલું કહીને બાળક પાસે દોડી આવી હતી. કર્ણ એની આંખનો તારો બની ગયો હતો. તેનું લાલન પાલન કરતી ક્ષણે ક્ષણે તે એકજ વિચારતી કે આ કોઈક ભવ્ય કુલદીપકને ઉછેરવામાં કંઈ બાકી તો નહીં જ રહી જાયને ? આ બાળક જ્યારે પણ સૂતો ત્યારે કાનની નીચે હાથ રાખીને સૂતો હતો કોણ જાણે સૂતા સૂતાંય એ જાણે ધનુષ્યની દોરીને ખેંચી હાથને કાન પાસે લાવવા માંગતો હોય તેમ લાગતું

હતું. અને તેથી જ અમે બધાયે અજ્ઞાત કુલદીપકનું નામ કર્ણ રાખ્યું હતું. ભલે આ વીર બાળકનું કુળ અમે ન જાણીએ પણ આ કોઇ ક્ષત્રિય પુત્ર છે તેમાં શંકા નથી."

આ તરફ સહુ વિસ્મય પામ્યા. પણ પેલી માતા કુંતીને લગ્ન પહેલાનો પાંડુ સાથેનો સમાગમ યાદ આવ્યો. ત્યારબાદ થયેલ પુત્ર અને કુંડલ સહિત પુત્રનો પોતે કરેલો ત્યાગ બધું જ નજર સમક્ષ દેખાવા લાગ્યું. દૂરથી જોતા કુંતી પેલા કુંડલને ઓળખી ગઈ. કુંતીને ક્ષણવાર તો થયું કે આ મારાજ બે દિકરાને યુદ્ધ કરતા રોકવા ચીસ પાડું. ક્ષણવાર થયું મારું જ બીજ છે. ભલે સારથિ પત્ની રાધાનું તેણે દૂધ પીધું. પણ મારા અર્જુનની સાથે બાથડે તેવી શક્તિ તેના સિવાય કોનામાં હોય?

ઉછેર કરતાં પણ બીજનો પ્રભાવ મોટો છે. ઉછેર ભાત બદલી શકે પણ જાત તો બીજને જ આધીન રહે છે. પણ કોઇ અજ્ઞાત ભયથી કુંતી કશું જ બોલી ન શકી. જે વાતનો વખતે ખુલાસો નથી થઈ શકતો તે વાત એક સમસ્યા બને છે. કુંતીને લાગે છે કે મેં પાંડુરાજાને કદી આ વાત કરી નથી; તો અહીંયા રાજસભામાં પાંડુરાજાને આ વાત કેવી રીતે કહું? કુંતી અવસરે આ વાત કહેવી તેવું નક્કી કરે છે. પણ અત્યારે તો અહીં સંગ્રામ છેડાઈ પડવાની તૈયારી છે.

અતિરથિની વાત સાંભળીને ઓર જોરમાં આવી ગયેલ દુર્યોધને કહ્યું– "અર્જુન! પરાક્રમથી કુળને પરખ અને હવે

આ અંગદેશના રાજાધિરાજ કર્ણ જોડે યુદ્ધ કર." બંનેના ટંકારોથી લોકો ગભરાઈ ઊઠયા છે. પ્રેક્ષકોને થયું છે કે આ પરીક્ષા મંડપમાંથી પલાયન થઈ જઈએ. નહીં તો પાડાના વાંકે પખાલીને ડામ જેવું થશે. આ બધાતો લડશે પણ આપણે નિર્દોષ પ્રેક્ષકો મરી જઈશું.

❋ આખરે આફત દૂર થઈ

લોકોના આ ખળભળાટથી અને કંઈક અંદરની મુંઝવણથી આજે પાંડુરાજ પણ હાલી ઊઠયા હતા!! આજે શું થશે એ કહેવું મુશ્કેલ હતું. અર્જુન પણ નજર સામે કરીને જોવા તૈયાર ન હતો. કર્ણને રોકી શકાય તેમ ન હતું. લોકો આ યુદ્ધ–સંગ્રામને ચાહતા ન હતા. આખરે પાંડુએ દ્રોણાચાર્ય સામે નજર દોડાવી. દ્રોણાચાર્યને પૂછયું.

"આચાર્ય પ્રવર! અહીં આપે આ રાજકુમારોને શા માટે બોલાવ્યા છે? અહીં અમે બધા શું લડવા આવ્યા છીએ? આચાર્ય દ્રોણ! આપ આ ઝઘડો બંધ કરો. આ આપની જ જવાબદારી છે. અને દ્રોણાચાર્યે પોતાનો વજ્ર જેવો હાથ ઉંચો કરી એક હાકોટો કર્યો. પાંડવો અને કૌરવોને ત્યાંને ત્યાં જ સ્થગિત થઈ જવા હુકમ કર્યો. ગુરુની ભ્રકુટીથી અર્જુન શરમાઈ ગયો. કર્ણ ડઘાઈ ગયો. બંનેય સિંહના બચ્ચા જેવા યુવાનોને પોતાના પક્ષકારો પોતાની સાથે લઈ ગયા. અને દ્રોણાચાર્યે આફતને નિવારી.

કર્ણ આ પ્રસંગે કશું બોલ્યા નથી. દુર્યોધને પણ તે વખતે મૌન ધારણ કર્યું છે. પણ તેમના મગજમાં આ અન્યાય થયો છે એવી છાપ ઘર કરી ગઈ છે. બંનેય જણાને જાણે કડવો ઘુંટડો પી ગયા તેવું લાગતું હતું. છતાંય બધું ધીમે ધીમે થાળે પડવા માંડ્યું રાજકુમારો પોતપોતાના અમનચમનમાં થોડા દિવસ મસ્ત બન્યા.

પોતાના રાજ્યને અનેક રીતે વધારતા અને પ્રજાને એક સુખ આપતા મહારાજા શ્રી પાંડુ હસ્તિનાપુરનું રાજ્ય ચલાવી રહ્યા છે. રાજ્યધુરા વહન કરવા છતાંય મહારાજા પાંડુને જરાય ગર્વ નથી. રાજકારણની અને રાજ્યવહીવટની તમામ બાબતોમાં ભીષ્મ પિતામહની સલાહ લેવાય છે ધૃતરાષ્ટ્ર તથા વિદુરની તેમાં સંમતિ મેળવવમાં આવે છે. મહારાજા પાંડુ જાણે છે કે **રાજકુટુંબનો કલહ જ પ્રજાનો કલહ બને છે., દેશનો કલહ બને છે. જ્યાં રાજકુટુંબ શાંત હોય છે ત્યાં દેશ પણ શાંત જ હોય છે.**

મહારાજા શ્રી પાડુની આ ઉદાર નીતિથી હસ્તિનાપુરની કીર્તિ હવે પુરા ભારતમાં ફેલાઇ ગઈ છે. પડદા પાછળ ખટપટ જગાડનાર દુર્યોધન–કર્ણ અને પેલા શકુનિ જેવાની કંઈક વાતો કોઈક ખૂણામાં થયા કરે છે. પણ જ્યાં સુધી વડીલોમાં એકતા છે ત્યાં સુધી તેઓની પીપુડી વધુ વાગે તેમ નથી. મહારાજા શ્રી પાંડુ તો દુર્યોધન અને બીજા કૌરવબાળોને ખૂબ જ લાડથી ઉછેરે છે. સહુની તરફ સમા-દૃષ્ટિ રાખવા અંતઃકરણથી પ્રયાસ કરે છે.

❋ કાંપિલ્યપુરથી રાજદૂતનું આગમન

આજની સુંદર સવાર હતી.... મહારાજા પાંડુનો દરબાર કંઈક અનેરી આભા ધારણ કરી રહ્યો હતો. રાજ્ય દરબારમાં ભીષ્મ ધૃતરાષ્ટ્ર અને વિદુરની હાજરી એક પુણ્ય. મય આપ્ત મંડળની પ્રભા ફેલાવે છે.... બહાર ઊભેલો પ્રતિહાર આવ્યો. "મહારાજા શ્રી પાડું કાંપિલ્યપુરથી રાજદૂત આવ્યો છે. અંદર પ્રવેશ કરી શકશે?" મહારાજા પાંડુ તુરત જ પોતાની નજર ભીષ્મપિતામહ સામે દોડાવે છે. ભીષ્મપિતામહ–ધૃતરાષ્ટ્ર અને વિદુર ત્રણેય જણાની સંમતિ મળતાં જ પાંડુરાજ પ્રતિહારને દૂતને આવવા આજ્ઞા આપે છે.

કાંપિલ્યપુર જેટલે દૂરથી દૂત શા માટે આવ્યો હશે? રાજા દ્રુપદ હસ્તીનાપુર સાથે મૈત્રી રાખે છે માટે યુદ્ધનો તો સવાલ નથી! હમણાં કોઈ એવો અવસર પણ નથી કે દૂતને આવવું પડે? પણ હવે વધારે વિતર્ક કરવાની જરૂર નથી.... રાજદૂત મહારાજા પાંડુના સિંહાસન પાસે આવી ગયો છે ન યુદ્ધના સમાચાર છે કે ન બીજા રાજાઓએ તેમના પર આક્રમણ કર્યું છે. કાંપિલ્યપુરના મહારાજા દ્રુપદને તો પોતાની લાડકી પુત્રી દ્રૌપદીનો સ્વયંવર ગોઠવવો છે. પોતાની પુત્રી દ્રૌપદી પર, તેની કળા અને લાવણ્ય પર, તેની ચતુરાઈ અને ચપળતા પર દ્રુપદ રાજા આફરીન હતો, તેશ્રી રાજા દ્રુપદે નક્કી કર્યું હતું કે આવી દિકરી તો કોઇ સમર્થ રાજાને ત્યાં જ જવી જોઈએ.... અને તેથી જ દ્રુપદે નિર્ણય કર્યો કે જે રાજસભામાં આવીને રાધા વેધ કરે તેની સાથે જ આ કન્યાના લગ્ન કરવા.

દૂતે કહ્યું "આપને મહારાજા દ્રુપદે નિમંત્રણ આપ્યું છે. પાંડુરાજે રાજદૂતની વાત સાંભળી. ભીષ્મ આદિનો અભિપ્રાય જાણ્યો. ભલે પાંડુ રાજા હતા અને આમંત્રણ પાંડુરાજને ઉદ્દેશીને હોય પણ પાંડુ માટે સહુ સમાન હતા.... પોતાના પુત્રોને જ નહીં કૌરવોને પણ તૈયાર થઈ જવા જણાવી દીધું. એટલું જ નહીં આ સ્વયંવર મંડપ તો કોઇ અભૂતપૂર્વ ઘટના જેવો હતો તેથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારી, પાંડુરાજા તથા કુંતી અને માદ્રી સહુએ પણ હાજર રહેવા જોરદાર તૈયારીઓ કરી. આ સ્વયંવર મંડપમાં તો આજે મોટી મોટી હસ્તીઓ પણ આવવાની હતી. સ્વયંવર ઉમેદવારો તરીકે મોટા મોટા રાજવીઓએ ઉમેદવારી નોંધાવી હતી.

જેઓને ઉમેદવાર તરીકેની ઉમ્મીદ ન હતી તે પણ આવા પ્રસંગે આવનાર ઉમેદવારોને જોવાનું પ્રલોભન છોડી શકે તેમ ન હતા. ભારતભરમાં દ્રૌપદીના સ્વયંવર મંડપની ચર્ચા થતી હતી. કોઈપણ નાના મોટા રાજ્યના રાજકુંવરો પણ હાજર રહેવાના હતા, અને આવો મેળો હોય ત્યાં દરેકને પોતપોતાનો અભિપ્રાય હોય છે. હંમશાં બનતું જ આવ્યું છે કે થોડા લોકો કામ માટે ટોળે વળે છે અને બાકીના ઘણા લોકો ટોળાને જોવા માટે ટોળે વળે છે.

❋ કુરુવંશીઓનો કાંપિલ્યપુર પ્રવેશ

હસ્તીનાપુરથી પણ કુરુવંશીઓનું પ્રયાણ ખૂબ ભપકાદાર રીતે થયું હતું. કોઈ રાજ્યનો વિજય કરવા જાય એવી

ભવ્ય સેના સાથે તેઓ નિકળ્યા હતા. અને સેનાની શોભા પણ ભવ્યતમ હતી. રાજા દ્રુપદ ખુદ પાંડુરાજનું સામૈયું કરવા આવ્યા હતા. સામૈયું પણ પાંડુરાજાની સેના જેટલું જ વિશાળ અને ભવ્ય હતું ! કાંપિલ્યપુર તો આજે માણસોથી ઉભરાઈ જતું હતું. સર્વત્ર માનવોનો મહેરામણ ઉભરાતો હતો. દ્રુપદ રાજાએ પાંડુરાજા પર અનેરો પ્રેમ દર્શાવ્યો હતો ! રાજ્યના બધાય નીતિ નિયમોના બંધનો તોડીને ખુદ દ્રુપદ–રાજાએ આવીને થોડીવાર માટે પાંડુરાજાના રથનું સારથીપણું કર્યું હતું. આવું મહાન બહુમાન દ્રુપદ રાજાએ કોઈનેય આપ્યું નહતું ! આ વિશાળ સેનાનું સામૈયું ગામની બહાર જ ઉતારી ત્યાં જ આરામ, સ્નાન અને શણગાર સજીને પાંડુરાજ સ્વયંવર મંડપ સુધી પહોંચ્યા. બીજા રાજાઓ પણ આ શુભ પ્રસંગે ઉપસ્થિત થઈ ગયા હતા....

કાંપિલ્ય નરેશ દ્રુપદે જે સ્વયંવર મંડપની રચના કરી હતી, એ પણ એક ઐતિહાસિક ઘટના હતી ! આટલી વિશાળ સંખ્યામાં આવેલા આ મોંઘેરા મહેમાનોને તમામ સગવડ હાથવેંતમાં રહે તેવી તમામ તૈયારી હતી. સગવડની તો જાણે કોઈ કમીના નહીં....પણ આ મંડપમાં લગાવેલા સોના–ચાંદીના સ્તંભો, માણેક મોતીના તોરણો, સ્ફટીક અને રત્નોના ભોંયતળીયા, ચારેબાજુના માર્ગમાં પથરાયેલા મુલાયમ ગાલીચાઓ, મઘમઘતા ધૂપની મીઠી મહેંકો, અત્તરના સુગંધી છાંટણા, વિગેરે અદ્‌ભુત શોભા હતી. કેટલાય નાના રાજ્યોના રાજવીઓ તો આ સ્વયંવર મંડપને જોઈને બાઘા જેવા બની ગયા હતા. તેઓની કલ્પના કોઈ ભવ્ય મંડપની જરૂર હતી

પણ જે ભવ્યતાથી મંડપ બન્યો હતો તેની તો રાજકુમારો માટે કલ્પના પણ કરવી અશકય હતી !

કેટલાક રાજવીઓનો ખૂબ જ દૂરથી આવ્યાનો થાક આજે ઉતરી ગયો હતો. શિલ્પશાસ્ત્ર પ્રમાણેના એવા મનોહર દૃશ્યો અને સુંદર બાંધણી આ મંડપમાં હતી કે કેટલાય ઉત્કંઠિત રાજવીઓએ આ શિલ્પીઓના નામો પૂછીપૂછીને નોંધવા માંડયા. કેટલાય રાજવીઓ ચર્ચા કરતા હતા. "સ્વર્ગના વિમાનોની વાતો આપણે સાંભળતા હતા પણ અહીં સ્વર્ગથી શુ ઓછું છે ?"

⁂ રાધાવેધની પૂર્વ તૈયારી

આવા કલ્પનાતીત સ્વયંવર મંડપમાં હવે બધા જ સિંહાસનો ભરાઈ ગયા હતા. સભા મંડપની વચમાં એક વિશાળકાય ધનુષ્ય છે. એક તીક્ષ્ણ બાણ છે. અને બાજુમાં જ રાધાવેધનો સ્તંભ છે. સહુએ પહેલાં તો આ દ્રુપદનું દેવાધિષ્ઠિત વિશાળ ધનુષ્ય ઉપાડવાનું છે. ધનુષ્ય ઉપડે તે પછી તેને નમાવી દોરી બાંધવાની છે. દોરી બંધાઇ જાય તે પછી રાધાવેધ માટે જઈ શકાય.

આ મંડપ જોઈને રાજકુમારોને અપાર આનંદ થયો હતો. પણ આ વિશાળ ધનુષ્ય અને રાધાવેધનો સ્તંભ જોયો ત્યારે ઘણાને થયું કે ઉમેદવારી પાછી ખેંચી લઈએ તો સારું ! પણ હવે ઉમેદવારી પાછી ખેંચવાનો સમય રહ્યો ન હતો. હવે તો રાજકુમારોએ આ મંડપમાં પોતાની ઇજ્જત રહી જાય માટે જ ઇષ્ટદેવને પ્રાર્થના શરૂ કરી હતી. ત્યાં જ

પેલી સોળે શણગાર સજીને આવેલી સાક્ષાત્ સ્વર્ગ સુંદરીએ સભા મંડપમાં પગ મૂકયો. સહુની લાલસા વધવા માંડી. રાજવીઓએ પોતાના ઇષ્ટ દેવોને કહ્યું, "હે દેવો ! માર્ગમાંથી જેવી રીતે નિર્વિઘ્ને તમે લઈ આવ્યા છો તેવી રીતે જો આ દ્રૌપદી મળી જાય તો વાહ ! તમારી માનતા પૂરી કરવામાં કશું બાકી ન રાખીએ." પણ તોય સહુ સમજતા હતા દ્રૌપદી એક છે; મળશે કેટલાને ?

અનેકાનેક વિકલ્પો લોકોના મનમાં ચાલી રહ્યા છે. અને દ્રૌપદીને જોયા પછી તો સહુની ઉત્કંઠા આકાશે ચઢી ગઈ છે. ત્યાંજ વ્યવસ્થાપકોએ જયનાદ કરી સભાનો કોલાહલ શાંત કરાવ્યો. સહુની નજર દ્રૌપદી પર અને પેલા બાણ પર કેન્દ્રિત થયેલી છે. દ્રુપદનો પુત્ર રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ન ઉભો થાય છે. પેલા બાણની સામે નજર કરીને અને હાથથી તે બાણ દેખાડીને ઉદ્‌ઘોષણા કરે છે.

"ઓ માનવંતા મહેમાનો ! આપ સહુનું હું સ્વાગત કરું છું. અને આકાશમાં રહેલ સૂર્ય, અહીં અદૃશ્ય રૂપે રહેલા સિદ્ધો અને ગંધર્વો, તેમજ પોતાના વીર્યબળથી વિચરી રહેલા ખેચરો તથા આ રાજાઓ અને આ સભાસદો.... આ બધાની સમક્ષ મારી આ પ્રતિજ્ઞા છે, જે કોઈ અમારા આ ધનુષ્યને નમાવશે, રાધાવેધ કરશે તેને હું મારી પરમ સૌભાગ્યવતી બેન દ્રૌપદી પરણાવીશ" આ અમારું ધનુષ્ય વંશ પરંપરાથી અમારે ત્યાં પૂજાય છે. સેંકડો દેવો આ ધનુષ્યના અધિષ્ઠયકો છે એવું અમે જાણ્યું છે. આવો, જે કોઈ ભાગ્યશાળી–પુણ્યશાળી હોય તે આગળ આવો....

શૂરવીરો પધારો....બહાદુરો પધારો....ક્ષત્રિયના નબીરા શીઘ્ર પધારો....”

ધૃષ્ટદ્યુમ્નની ઘોષણા બાદ તો કેટલાયની દ્રૌપદી મેળવવાની રહી સહી આશા હતી તેય બલાસ થઈ ગઈ. તોય લાલચ કોઈને છોડતી નથી. પ્રયત્ન કરવામાં આપણું શું જાય છે ? એમ સમજીને બધા બેઠા છે. બધા વિચારે છે કે ‘લાગશે તો તીર નહીં તો તુક્કો તો કહેવાશે.’ સભા મંડપમાં હવે બધી તૈયારી પૂર્ણ થઈ હતી, હવે આગંતુક રાજાઓનાં નામ અને પરાક્રમોની ગાથાઓ બોલાવાની હતી. જેના નામ બોલાય તેણે ધનુષ્ય પર પણછ ચઢાવવાની હતી.

રાજાઓના મધુર વર્ણન કરવા માટે અને વંશાવલી પોકારવા માટે પ્રતિહારી તૈયાર થયો. સહુ પ્રથમ રાજા દમદન્તના નામની ઘોષણા થઈ. દમદન્ત ખરેખરો શૂરવીર હતો. તે પગ જોરથી પછાડે તો ધરતી પણ ધમધમી જાય તેવી તેની પડછંદ કાયા હતી. પણ જેવો રાજા દમદન્ત ચાપને નમાવવા ઉભો થાય છે કે તેની સામે જ કોઈને છીંક આવે છે. આ અપશુકનથી તેનું મન ખાટું થઈ જાય છે. અને બીજા રાજવીઓ ય કહે છે “ભાઈ ! મહેરબાની કરીને તું રહેવા દે.” ડાહ્યો દમદન્ત પણ સમજીને પોતાના આસન પર બેસી ગયો !

પ્રતિહારીએ આગળ પ્રશસ્તિ વાંચી; હે દ્રૌપદી ! આ ધર નામના રાજવી છે. યમુનાના તટ પર તેમનું વિશાળ રાજ્ય છે. આ ધર પણ બિચારો એકવાર તો નીચે ઉતર્યો પણ પોતાના ઉપહાસના ડરથી પાછો ઉપર ચઢી ગયો. ત્યારબાદ

વિરાટ દેશના રાજવીનું નામ પોકારયું. તે પણ ઝડપભેર ઉઠ્યો તો ખરો પણ જ્યાં ધનુષ્યની નજીક આવ્યો ત્યાં જાણે ધનુષ્યને જોઇને જ પુતળાની માફક ઉભો રહી ગયો. ન આગળ જાય કે ન પાછળ જાય. આખરે સહુએ તેને પણ બેસાડી દીધો.

નંદિપુરનો રાજા શલ્ય આવ્યો. ધનુષ્યની આગળ તો એ પણ પહોંચી ગયા. પણ આ દેવતાઈ ધનુષ્યની જાજવલ્યમાન પ્રભા જોઈને જ હેબતાઈ ગયો. તે પણ પાછો પોતાના સ્થાને પહોંચી ગયો. સહદેવ પણ ઉભો તો થયો પણ તરત જ પાછો પોતાના આસને બેસી ગયો.

ત્યારબાદ રાજગૃહથી આવેલ મહાન રાજવી જરાસંધનું નામ બોલાયું. જરાસંધના મહાન બળથી સહુ પરિચિત હતા, મહા પરાક્રમી જરાસંધ સાફળો ઉભો થયો. હમણાં જ પોતે ધનુષ્ય નમાવી દેશે તેવો આડંબર કર્યો. પણ સહેજ પકડતાની સાથે તે ધનુષ્ય પાછું પડી ગયું. અને જરાસંધના મુખ પર એક ઘેરી શરમ છાઈ ગઈ. "મારા જેવાથી પણ શું આ ધનુષ્ય નમાવવું શકય નથી?"

ચેદિરાજ શિશુપાલ પણ અહીં હાજર હતા. તેના ભાઈઓ તો તેને આગળ વધવાની જ ના પાડતા હતા; છતાંય શિશુપાલ આગળ ગયો. કોઈનું માને તો શિશુપાલ શાનો! પહોંચી ગયો શિશુપાલ ધનુષ્ય પાસે, પણ તેને નમાવવા જતા શિશુપાલના સ્નાયુઓ અને નસો ફૂલીને બહાર દેખાવા માંડી ધીમે રહીને બધા રાજાઓએ કહ્યું—"શિશુપાલ! હવે બેસીને થાક ઉતાર" અને એક આછું સ્મિત મંડપમાં ફેલાઇ ગયું.

કર્ણને તો જાણે પાર વિનાનો અહંકાર હતો, "શું કરવાનું છે આ બાણ નમાવવામા મોટું ? અને રાધાવેધ કરવામાં શું કમાલ છે ? કર્ણ તો જાણે કહી રહ્યો હતો, મારે દ્રૌપદીનું કશુંય કામ નથી." એટલે એ તો સ્વયંવર માટે ઉભો જ થતો નથી. પણ કેટલાક રાજવીઓએ તેને ઉભો કર્યો. બલિષ્ઠ કર્ણ ધનુષ્યને તો ઉપાડી શકયો. પણછ ચડાવી ગયો. પણ દ્રૌપદી તે વખતે આ સારથિ પુત્ર તરીકે પ્રખ્યાત કર્ણને જરાય ચાહતી ન હતી. એ તો ઈચ્છતી જ હતી કે કર્ણ આગળ ન વધે....

જાણે કુલદેવીના કોઈ પ્રભાવથી જ કર્ણ રાધાવેધ ન જ કરી શકયો. કર્ણ અને રાધાવેધ કરે ! આ સંભવ જ કેવી રીતે ? રાધા તો કર્ણની માતાનું નામ હતું....તો પછી કર્ણ રાધાનો વેધ કેવી રીતે કરે ! વળી આ ધનુષ્યના અધિષ્ઠાયકોને પણ જાણે આ કોઈ રાજકુમારો માન્ય જ ન હતા ! બલરામ, પ્રદ્યુમ્ન અને શાંબથી વીંટળાવેલા શ્રીકૃષ્ણજી પણ આ મંડપમાં હતાં આજે તેમનો હેતુ પણ કંઈક જુદો જ હતો. તેથી તેઓએ તો સ્વયંવર માટે જરાય ઉત્સુકતા બતાવી જ ન હતી.

દુર્યોધન, દુઃશાસન, અશ્વત્થામા, ભગદત્ત, ભૂરિશ્રવ, શલ્ય, જયદ્રથ, ચારુદેષ્ણ એવા એવા કેટલાય રાજવીઓએ વ્યર્થ પ્રયત્નો કર્યા.

આખરે શ્રીકૃષ્ણે પોતાની આંખનો ઈશારો પાંડવોને કર્યો. પાંચેય પાંડવો એક સાથે ઉઠયા. આ પાંચેય પાંડવોને સાથે ઉઠતા જોઇને દ્રૌપદીને પણ ક્ષણવાર વિચિત્રભાવ આવી ગયો.

દ્રૌપદીને થયું, "આ પાંચેય પાંડવો પોતાના પતિ થાય તો કેવું સારું ?" પણ બીજી જ ક્ષણે દ્રૌપદીએ આશ્ચર્ય અનુભવ્યું ? "આવો વિચાર પોતાના મનમાં કેમ આવ્યો ?" દ્રૌપદી મનને સ્વસ્થ કરવા પ્રયત્ન કરે છે. પણ તેનું મન પાંચેયમાં લાગેલું છે.

આ પાંચેય પાંડવોમાંથી અર્જુન સડસડાટ આગળ વધ્યો છે. મોટાભાઈ યુધિષ્ઠિરનો આદેશ માંગે છે. મોટાભાઈનો આદેશ મળતાની સાથે અર્જુને આ ધનુષ્યને ત્રણ પ્રદક્ષિણા દીધી. આવી શુભ વિધિ કોઇપણ રાજકુમારે કરી ન હતી. "વિધિ એ સાધનાનું મોટું અંગ છે" જાણે આ વિધિનો પણ કોઈ મંગળ પ્રભાવ હશે. એક મગફળીનું ફોતરું ઉપાડે એવી રીતે અર્જુને ધનુષ્ય ઉપાડી લીધું. ક્ષણવારમાં તેણે ધનુષ્ય પર પણછ ચઢાવી દીધી. ત્યાં જ ભીમે જાહેર કર્યું.

"હજી પણ કોઈની આવી શક્તિ હોય તો આવે. અને આવું અર્જુનનું પરાક્રમ જોઇને કોઈને કંઈક વાંધો અર્જુન સામે હોય તો કહેજો ! મારો અર્જુન તો રાધાવેધ જાણે છે. પણ વાંધા વચકાવાળા હોય તો આગળ આવો હું માથાવેધ જાણું છું." માથામાં દર્દ થતું હોય તો કહેજો. આ મારી ગદાથી હું માથાની દવા કરી આપીશ. આટલું કહીને ભીમે જરા ખૂંધૂ હાસ્ય કરી બધાને વિસ્મયમાં મૂકી દીધા. અને ધીમે રહીને અર્જુનને સલાહ આપી. "ભાઇલા અર્જુન ! જરા ચાપ (ધનુષ્ય) પર બહુ ભાર ન આવે તેનું ધ્યાન રાખજે. કારણ આ ધનુષ્ય તો જૂનુ થઈ ગયેલું છે. અને તારું બળ અપાર છે. નકામું ધનુષ્ય તૂટી જાય તો આપણું

જ નામ આવે!" અને આ તરફ અર્જુનના આ અદ્‌ભુત પરાક્રમને જોઇને આશ્ચર્યથી બધાએ મોઢામાં આંગળા નાંખી દીધા. દ્રોણાચાર્યથી આ પ્રસંગે બોલ્યા વિના રહેવાયું નહીં. તેમણે ધૃતરાષ્ટ્ર, પાંડુ અને ભીષ્મને કહ્યું.

"જુઓ તો ખરા હવે આ અર્જુનનું પરાક્રમ અને તેની અદ્‌ભુત વિદ્યા....રાધાવેધ તેના સિવાય બીજું કોણ જાણે છે?" અને ચારે બાજુના જયનાદના ધ્વનિની વચ્ચે અર્જુન ધનુષ્યને હાથમાં લઇને રાધાવેધના સ્તંભ પાસે પહોંચ્યાં. આ તરફ દ્રૌપદીની ચિંતા વધવા માંડી હતી. એનું મન તો પાંચેયમાં હતું. અને અહીં તો માત્ર અર્જુન જ આગળ વધી રહ્યો હતો. દ્રૌપદીથી એક નિઃસાસો નંખાઈ ગયો.

"અરે કર્મ...." અને પુનઃ દ્રૌપદી રાધાવેધના એ દેવ દુલર્ભ દૃશ્યને જોવાનું, સ્તંભ પર રાખેલી 'રાધા' નામની પુતળીની ડાબી આંખ વિંધવાની અને તેય વચમાં ચક્ર ફરી રહ્યું હોય તેની વચમાંથી. આ અશક્યપ્રાયઃ રાધાવેધને સાધવા અર્જુન તૈયાર થયો. અર્જુને ક્ષણવારમાં પોતાનું ધ્યાન એકાગ્ર કર્યું. તેલના કુંડમાં પ્રતિબિંબ જોયું. તેના મગજમાં એક જબ્બર ગણત્રી બેસી ગઈ. ભયંકર ટંકારવ કરતું સણ....ણ...ણ કરતું બાણ છૂટ્યું. રાધા (પુતળી)ની ડાબી આંખ વિંધાઈ ગઈ. અને પેલા નિરાશ અને હતાશ બનેલા રાજવીના હૈયાં પણ વિંધાઇ ગયા! કુંતી અને દુર્યોધનને તો આ પ્રસંગે ખૂબ જ બહાવરા બનાવી દીધા!

હવે તો અર્જુનના લગ્ન થશે! કૌરવ તથા પાંડવ સહુમાં

હવે તે મોટા ગણાશે ! આ બધી ચિંતાએ દુર્યોધન કરમાઇ રહ્યા છે. લોકો અર્જુનના જયનાદમાં મસ્ત બન્યા છે ! અર્જુન રાધાવેધ કરીને આવે છે, દ્રૌપદીને તો પાંચેય પાંચ પાંડવો જોઈ એ છે. પણ લોકની લાજથી એવું કેવી રીતે કહેવાય ? એટલે દ્રૌપદી શરત પ્રમાણે અર્જુનના ગળામાં વરમાળા આરોપણ કરવા જાય છે. તે વરમાળા અર્જુનના ગળામાં પહેરાવે છે; પણ એ વરમાળા પાંચેય પાંડવોના ગળામાં એક જ સાથે પડે છે. સહુના આશ્ચર્યનો કોઇ પાર રહેતો નથી.

લોકોને આવું અદ્‌ભૂત દૃશ્ય જોઇ આશ્ચર્ય થાય છે. સભાજનો કંઈ વિચારે તે પહેલાં જ આકાશમાં દિવ્યવાણી થાય છે....'હે સભાજનો.....! " દ્રુપદની પુત્રી દ્રૌપદી આ પાંચેય પાંડવોને પરણી છે તે યુક્ત જ છે ! કોઈ મનમાં કશી જ શંકા લાવશો નહીં...."

આ દિવ્યવાણી થતાં લોકોએ આકાશ સામે જોયું પણ કોઇ દેવ દેખાયા નહીં. વાણી તો અવશ્ય ગેબી અવાજ જેવી જ હતી....

દિવ્યવાણીનો સાર એ જ હતો કે આ દ્રૌપદીના પાંચ પતિમાં કંઈક દિવ્ય સંકેત છે. કુંતીએ વાણીને સાંભળીને તરત જ કહ્યું...." હાશ ! ચાલો મારે તો એક જ પ્રસંગે પાંચ પ્રસંગ ઉકલી ગયા. હવે બીજા કોઈ પુત્રો માટે મારે કન્યાની જરૂર રહી નથી. " કુંતીની નિશ્ચિંતતા અને નિશ્ચિંતતાથી પેદા થતો આનંદ સમજી શકાય તેવો હતો. પાંડુ તો આ પાંચેય પુત્રોના ગળામાં માળા જોઈને અને દિવ્યવાણી સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા છે ! અર્જુન તો ખૂબ જ

આનંદમાં છે. આમેય તેને યુધિષ્ઠિર અને ભીમના લગ્ન ન થયા હોય તો પહેલાં પોતાના લગ્ન થાય તે તેને પસંદ ન હતું. આ ચમત્કારે અર્જુનની પણ ચિંતા ચૂરી નાંખી હતી....

પણ....પેલા દ્રુપદરાજા ખૂબ જ ચિંતાતુર હતા. આવી દિવ્યવાણી થઈ હોવા છતાં ય લોકો શું કહેશે ? તેની દ્રુપદને ખૂબ ચિંતા હતી. એક પુત્રીને પાંચ પતિ સાથે પરણવવાની વાતની લોકો કેવી મજાક ઉડાવશે ? તે ભય દ્રુપદને ખૂબ જ સતાવતો હતો. દ્રુપદ વીલે મોંઢે પોતાના આપ્ત મંડળ તરફ જોઈ રહ્યા હતા....

પાંડુપુત્રો તરફ ઈર્ષ્યા ભાવથી જોનારાએ હા....હો કરવાની તૈયારીમાં હતા. ત્યાં જ આકાશમાં ફરી એકવાર અવાજ થયો. સહુ ઊંચા થઈને જુએ છે ત્યાં જ એક મહાત્મા નીચે ઉતરે છે. આકાશમાંથી ઊતરી રહેલા આ મહાત્મા ચારણ શ્રમણ મુનિ છે. સૌને આવા મહામુનિના પર શ્રદ્ધા છે મહામુનિના આગમને બધા જ ઊભા થઈ ગયા. સહુ રાજાઓએ આ મહામુનિને રત્નજડિત સિંહાસન પર બેસાડી પરમ અહોભાવ પૂર્વક પ્રણામ કર્યા....

મહામુનિએ પણ યથા યોગ્ય ધર્મદેશના આપી. આજે સહુ રાજવીઓ ધર્મદેશના સાંભળતા હતા પણ સહુને હમણાં જ બનેલી દ્રૌપદીના પ્રશ્નના નિરાકરણની જિજ્ઞાસા વધારે હતી.

શ્રી કૃષ્ણે બધાની આતુરતા સમજીને સહુના વતી મહામુનિને પ્રશ્ન કર્યો. "મુનિ ભગવંત....! શું આ દ્રૌપદીને

પાંચ પતિ થશે? શું આ આકાશવાણી સત્ય છે? આપ શું કહો છો? કૃપા કરીને સભાનો સંશય ટાળો....”

મહામુનિએ સસ્મિત વદને કહ્યું, “જુઓ! શાંતિથી સાંભળો! હું આજે તમને એક કથા કહીશ.” અને મુનિએ કથાનો પ્રારંભ કર્યો.

દ્રૌપદીનો પૂર્વભવ

અસંખ્ય વર્ષ પહેલાંની વાત છે. ચંપા નામની નગરીમાં તે વખતે ત્રણ બ્રાહ્મણો રહેતા હતા. સોમદેવ, સોમભૂતિ અને સોમદત્ત. આ ત્રણેય ભાઈઓ યૌવનવય આવતાં ક્રમથી નાગશ્રી, ભૂતશ્રી અને યશશ્રી નામની કન્યાઓને પરણ્યા. ભાઈઓ સમજદાર હતા. લગ્ન થતાં છૂટા થઈ ગયા. ભાઈઓને આ છૂટા રહેવાનું જરાય પસંદ ન હતું. જૂદું રહેવું પડતું હોવા છતાંય તેમનું મન એક-બીજા પ્રત્યે સદાય ખેંચાયેલું રહેતું એક-બીજા વિના તેઓને ખાવાનું પણ ગળે ઊતરતું નહીં. છેવટે ત્રણેય મળીને એવો નિર્ણય કર્યો કે....બધાને ઘેર વારાફરતી ત્રણે ભાઈઓએ જમવું.

‘પરિવાર જુદા રહે એ એક વ્યવસ્થા હોઈ શકે છે પણ....જુદાઈ એ તો સ્વાર્થનું જ પરિણામ છે.’

એકવાર મોટા ભાઈ સોમદેવને ત્યાં બધાએ જમવાનું હતું. નાગશ્રીએ તે દિવસે બીજા પણ મહેમાનોને નોતર્યા હતા. આજે નાગશ્રીએ વિવિધ પ્રકારની ખૂબ જ સુંદર રસોઈ બનાવી હતી. તેમાંય તુંબડીનું શાક તો ખૂબજ ભાવથી બનાવ્યું હતું. બહુ ઊંચા મસાલા નાંખીને મહા-

મહેનતે સુંદર રીતે આ શાક તૈયાર કર્યું. નાગશ્રીને હતું આજે તો જમનારા મારા શાક પર ફીદા–ફીદા થઈ જશે. બધાયને હું કહીશ કે 'આ શાક ભલે ભાવી ગયું હોય પણ થોડું–થોડું ખાજો !'

આવા વિચારમાં લીન નાગશ્રીને થયું, આટલી મહેનત કરીને શાક બનાવ્યું છે તો જરા ચાખી તો જોઉં. શું ચાખવા જાય ? જરાક રસવાળી આંગળી મોંમા જતા તો તમ્મર આવી જાય તેવું થવા માંડયું. નાગશ્રી સમજી ગઈ. આ ભયંકર કડવી ઝેરી તુંબડી આવી ગઈ છે ! હવે આ શાક જે ખાય તેને મોતને શરણ થવું પડે ! છતાંય આટલી બધી મહેનતે અને આવા ઊંચા દ્રવ્યથી બનાવેલા શાકને ફેંકી દેતા નાગશ્રીનો જીવ ન ચાલ્યો ! તેણે શાક લઈને એક ખૂણામાં મૂકી દીધું. મહેમાનો તથા પોતાના દીયરના તમામ પરિવારે ભોજન કરી લીધું. પેલી શાકની તપેલી એમની એમજ પડી રહી.

જમ્યા બાદ વાસણ સાફ થવાની તૈયારી ચાલતી હતી ત્યાં જ 'ધર્મલાભ' નો ધ્વનિ સંભળાયો. એક મહામુનિ વ્હોરવા પધાર્યા ! મહામુનિનું નામ હતું 'ધર્મરૂચિ' તેઓ આચાર્યશ્રી ધર્મઘોષસૂરિ મહારાજના શિષ્ય હતા. આજે માસક્ષમણના પારણે પોતે જ પોતાના માટે આહારની ભિક્ષા લેવા નીકળ્યા હતા. નાગશ્રીએ જોયુ અત્યારે ઘરમાં કશું નથી. ત્યાં જ તેનેય પેલું શાક યાદ આવ્યું. મનમાં બોલી ઊઠી....

" હાશ, એક પંથ દો કાજ.... " મારે આવા શાકને

કયાંય ફેંકવા તો જવાનું જ છે.... આ સાધુ વિના બોલાવ્યે આવ્યા છે. જો આ શાક આ મુનિને આપી દઉં તો મારૂં એક કામ ઓછું થાય અને.... મુનિને ય કશું ભોજન મળ્યું નથી.... ખાશે શાક....! સાધુઓને તો શું ? કડવું હશે તો ય શું થયું....! અને કદાચ સાધુને કશું થશે તો ય કયાં કોઈ ન્હાનાર–નીચોવનાર તેની પાછળ છે !"

નાગશ્રીએ તો મુનિ હા–ના કરે તે પહેલા જ ધર્મરુચિ સાધુના પાત્રામાં બધું જ શાક ઠાલવી દીધું મહામુનિ ભિક્ષા લઈને ઉપાશ્રયમાં આવ્યા. કાયદો છે કે જૈન સાધુઓ ભિક્ષા (ગોચરી) ગમે તે લાવ્યા હોય પણ તેમણે ગુરુ મહારાજને દેખાડવી પડે કયાંથી ? કેવી રીતે ? શા માટે લાવ્યા? તે જણાવવું પડે. આચાર્ય ધર્મઘોષસૂરિ મહારાજે જોયું આજે આ ધર્મરૂચિ મુનિ જે શાક લઈને આવ્યા હતા તે ઝેર સમાન હતું. કોઈનેય ખાવાના ઉપયોગમાં આવે તેમ ન હતું. ધર્મઘોષસૂરિજીએ ધર્મરૂચિ મુનિને આજ્ઞા કરી કે.... "જાવ.... આ શાક કયાંય એવી જગ્યામાં પરઠવી (નિકાલ કરી) આવો કે કોઇ તેને ખાય નહીં અને કોઈ પણ નાના–મોટા જીવ મરે નહીં."

મુનિ દયાના નિધાન....!

૩૦ દિવસના ઉપવાસ પછી મળેલો આ આ આહાર!.... ગુરુ મહારાજની આજ્ઞાથી તે શાક લઈને ચંપાપુરી નગરીની બહાર આવ્યા. જીવ–જંતુ રહિત જગ્યા શોધી કાઢી. ઝોળી માંથી પાત્ર બહાર કાઢયું.... શાકના રસાનું એક ટીપું નીચે પડયું.... એવી મધુરી સુગંધ આ શાકની હતી કે

હજારો કીડીઓ આજુબાજુમાંથી એક સાથે આવી ગઈ. બધી જ કીડીઓ શાકમાં મોં નાંખતા જ ત્યાં ને ત્યાં ખલાસ થઈ ગઈ.

દયાળુ ધર્મરૂચિ અણગાર સમજી ગયા. આ શાક હવે શાક નથી પણ એક ઉત્કટ ઝેર બની ગયું છે. શાકના રસનું એક ટીપું પણ જ્યાં પડશે ત્યાં હજારો જીવો ખલાસ થઇ જવાના.... આવા બધા જીવોને કેમ મરવા દેવાય....? મહા દયાળુ આ ધર્મરૂચિ મુનિનું હૃદય ગાજ્યું ન રહ્યું. તેઓ પોતે લાવેલ આ શાકથી હવે કોઈ જીવ મરે તે સહી ન શકયા. તેમણે ત્યાંજ બેસી જઈને એક મહાન નિર્ણય કર્યો.... તેમણે નકકી કરી દીધું કે બધું જ શાક પોતે વાપરી જવું (ખાઇ જવું)! અનેકોને મારવા કરતા પોતાનું બલિદાન આપવું તેમને શ્રેષ્ઠ લાગ્યું. સાધુ તો એવા જ હોય....

"જગત ખાતર જાત નિચોવી નાંખે પણ....જાત માટે જગતને જરાય દુઃખ ન આપે!

....જીવો અને જીવાડો એટલું જ માનનારા નહીં. પણ.... જીવો અને સહુને જીવતા શીખવાડો....એવું માનનારા હોય....પોતે મરીને પણ અન્યને મોતમાંથી ઉગારનારા હોય!

ધર્મરૂચિ અણગારે ઝપાટાબંધ બધું શાક પૂરું કરી દીધું. નાગશ્રીની મૂર્ખતાએ માસક્ષમણ (૩૦ ઉપવાસ) ના આ મહાન તપસ્વી મુનિનું પારણાના દિવસે જ મોત નિપજાવ્યું....!

વનના આ શૂનકારમાં આ વખતે કોઇ હાજર ન હતું. માત્ર જંગલના ઝાડો જ ઝુકી–ઝુકીને મહામુનિ ધર્મરૂચિ અણગારા (સાધુ)ની મંગલ સ્તવના કરતા હતા !

અહો....! પેલી બાજુ પેલી નિષ્ઠુર નાગશ્રીને આનંદ હતો ભલે સાધુનું જે થવું હોય તે થાય પણ મારે માથેથી તો એક બલા ટળી....

ઉપાશ્રયમાં ધર્મઘોષસૂરિજી મહારાજા તપસ્વી ધર્મરૂચિ મુનિની પાછા આવવાની રાહ જોઈ રહ્યા હતા. થોડી વાર થયા પછી તપસ્વી ન આવ્યા એટલે ગુરૂએ તપાસ આદરી તપાસ કરતાં ત્યાં અન્ય શિષ્યોએ ધર્મરૂચિ મુનિને વનમાં સમાધિ પૂર્વક મૃત્યુ–પામેલા જોયા. શાક પાત્રમાં જરાય ન હતું. અને રજોહરણ વિગેરે સાધુનો વેશ ત્યાં પડયો હતો. શિષ્યો આ વેશ લઈને ગુરુ મહારાજ પાસે પાછા આવ્યા. ગુરુ ધર્મઘોષ સૂરિજી જ્ઞાની હતા. તેમણે પોતાના જ્ઞાન ચક્ષુથી આખી વાત સમજવાનો પ્રયત્ન કર્યો.... ખૂબજ દ્વિધામાં પડેલા પોતાના મુનિઓની શંકા ટાળવા ગુરુ મહારાજે બધી જ વાત ખુલ્લી કરી. શાક વહોરાવનાર નાગશ્રીનું નામ જાહેર થઈ ગયું !

મુનિઓની આ ચર્ચાથી શ્રાવકોને અને શ્રાવકોની ચર્ચા થી આખા ગામમાં આ હત્યાનું પાપ નાગશ્રીના માથે છે તે વાત ગવાઈ ગઈ. સોમદેવે પણ આ વાત સાંભળી. ઘેર જઈ ને નાગશ્રીને ખૂબ જ ધમકાવી. નાગશ્રીએ કબૂલ કરવું જ પડયું કે પોતે જાણી જોઇને આ ઝેરી શાક મુનિને વહોરાવી દીધું હતું. સોમદેવ પોતે જૈન ન હતો છતાંય એક આવા નિર્દોષ અને તપસ્વી સાધુ સાથેનું આવું પાપમય આચરણ કરનાર નાગશ્રી પર તેને ખૂબ જ નફરત થઇ. તેણે વિચાર્યું

– "સ્ત્રી નિર્દોષ સાધુને પણ જાણી જોઈને આવું ઝેરી શાક આપે તે સ્ત્રી કાલે મને શું નહીં કરે? આવી પાપી અને હવે સારાય ગામજનોની નજરોથી ઊતરી ગયેલ નાગશ્રીને ઘરમાં રાખીને શું કરવાનું ?".....

સોમદેવે નાગશ્રીને બહાર કાઢી મૂકી. લોકોએ પણ મહા મુનિની ઘાતક બનેલ સ્ત્રી પર ફીટકાર–તિરસ્કાર વરસાવ્યો. નાગશ્રી પણ ગમે તે સ્થળે ભટકીને જીવન પૂર્ણ કરવા લાગી. કોઈવાર પણ તેણે પાપનો ખેદ ન કર્યો. દરેક વખતે તે લોકોને એમ જ કહેતી કે "મારા ધણીને ધંધો નથી મેં મુનિને બલાત્કારે શાક બવડાવ્યું નથી. મેં મુનિને જોર–જબરજસ્તીથી શાક આપ્યું નથી. તો મને શેનો દોષ ?".... આમ નાગશ્રીએ પોતાની જીંદગીમાં પોતાની ભૂલ કદી જોઈ નહીં. ચારેય બાજુથી અપમાનિત બિચારી નાગશ્રીને અનેક પ્રકારના રોગો તે જ ભવમાં થયા....

અને ત્યાંથી મરીને તે છઠ્ઠી નરકમાં ગઈ. ત્યાંથી પણ મરીને મત્સ્ય બની. ત્યાંથી પાછી સાતમી નરકમાં.... એમ અનેકવાર નરકના દુઃખો ભોગવી આ જ નાગશ્રી ચંપાનગરીમાં સુકુમારિકા નામની સાગરદત્તની પુત્રી રૂપે જન્મી.

આ સુકુમારિકાની વાત આવતાં ત્યાં સ્વયંવર મંડપમાં બેઠેલાં સહુને આશ્ચર્ય થયું કે વાર્તા તો આગળ વધતી જાય છે પણ દ્રૌપદીના પાંચની સાથે લગ્ન થશે કે નહિ? તેનો તો કોઈ જવાબ મળતો જ નથી. પણ એમ અધીરા થવાથી ન ચાલે....

ઉતાવળે આંબા ન પાકે.... એ સુકુમારિકામાં જ દ્રૌપદીના પાંચ પતિનું રહસ્ય છે....

(હવે આગળ જુઓ પૃષ્ઠ ૨૮૧)

❋ પ્રવચનસાર

卐 મહાભારતના પાત્રોમાં બંને પ્રકારના પાત્રો દેખાય છે. સુખી પાત્રો પણ છે, દુઃખી પાત્રો પણ છે. આજીવનમાં આવીને જેણે દુનિયાને કંઇક આપીને જ જવાનો નિર્ણય કર્યો છે તે સરવાળે સુખી જ રહેવાનો અને આ જગત પાસેથી માત્ર લેવાની જ અપેક્ષા જે સેવે છે તે અંતે દુઃખી જ થાય.

卐 જીવન જીવનારની પાસે જો નિશ્ચિત ધ્યેય કે અમૂલ્ય આદર્શ ન હોય તો તેના જીવનનો કશો અર્થ નથી.

卐 નિશ્ચિત લક્ષ્યવાળા માનવોને દુઃખ કદાચિત્ વધારે આવે છે પણ તેઓ દુઃખી ઓછા થાય છે.

અનિશ્ચિત લક્ષ્યવાળાની પાસે સુખ ઘણા આવે છે. પણ તેઓ કદી સુખી રહી શકતા નથી કારણ, **લક્ષ્યશૂન્યતા જેવું બીજું કોઈ પણ દુઃખ નથી.**

卐 જીવન છે એટલે બીજાની સહાયની જરૂર પડવાની જ; બીજાની સહાયની જરૂર હશે તો બીજા પાસેથી ઘણું ઘણું માંગવું પડશે.... મેળવવું પડશે. પણ સફળ જીવનનો આદર્શ મેળવવું એ નથી પણ કોઈ ને આપવાની ભાવના રાખવી એજ છે.

卐 વૈરાગ્યથી જીવવું એ તો હજી સહેલું પડે પણ ન્યાય-પૂર્વક કોઇનાય પક્ષપાત વગર જીવવું એ કપરૂં કામ છે.

卐 મહાભારતને વાંચીને દ્રોણાચાર્યને પક્ષપાતી, અર્જુનને મસ્કા મારું, ભીષ્મને અન્યાયપોષક, શ્રીકૃષ્ણને ખટપટી રાજકારણી અને યુધિષ્ઠિરને જૂઠા, તથા દ્રૌપદીને દુરાચારી કહેનારાઓ આ દુનિયામાં બેઠા છે. તેઓ બધા પોતાની જાતને મહાન સંશોધક ગણે છે. હું પણ તેમને સંશોધક કહું છું. પણ માખી જેવા; જે ગંદકીને ગમે ત્યાંથી અને ગમે તે ભોગે શોધી કાઢે છે'

卐 જીવનનું સાચું ઘડતર કરવું હોય તો દ્રોણાચાર્યનું વિદ્યાવ્યસન, અર્જુનનો વિનય ભીષ્મની વચન પાલનતા, શ્રી કૃષ્ણની રાષ્ટ્રરક્ષા, તથા યુધિષ્ઠિરની સત્યાગ્રહીતા અને દ્રૌપદીની અણિશુદ્ધ પવિત્રતા તરફ જ ધ્યાન રાખો.

卐 દ્રોણાચાર્ય—અર્જુન ભીષ્મ અને શ્રી કૃષ્ણ પણ કોઈવાર સ્ખલના પામે છે કોઈવાર જીવનના સત્યમાર્ગે ઠોકર ખાઈ જાય છે, તે કબુલ પણ તેઓ અસત્યમાર્ગના સમર્થક નથી. ગંદકીમાં લપસી ગયા હશે છતાંય ગંદકીમાં આળોટનારા કદી નથી.

卐 જગતને સ્વીકારતા શીખો, જગતમાં કોઈપણ માનવમાં દોષ ન હોય સ્વાર્થ ન હોય, કોઈનો કંઈ પણ ગુન્હો ન હોય એવી અપેક્ષા જ ખોટી છે. **જગતને દોષોની અવગણના કરીને સ્વીકારશો તો જ સાચી સ્વીકૃતિ કરી શકશો.**

卐 પાણીમાં ઉતરનાર માછલાંની ફરીયાદ કરે તે નકામું છે. તેવી જ રીતે સંસારી માણસ કોઈ વ્યક્તિ સ્વાર્થી છે. તે ફરીયાદ કરે તે નકામું છે. બારો સંસાર સ્વાર્થી છે. માનવરુપ માછલાથી જ ભરેલો છે. ફરિયાદ કર્યા કરતાં હકીકતને સ્વીકારો અને સમજો. સાચી રીતે સમજશો એટલે સંસારનો ત્યાગ સ્વાભાવિક રીતે જ થઈ જશે.

卐 શાસ્ત્રમાં જણાવેલ સાનુકૂળ વાતનું સમર્થન કરનાર ઘણા હોય છે પણ શાસ્ત્રની સર્વ વાતનું સમર્થન કરનાર વિરલ જ હોય છે.

卐 ગુસ્સો પેદા ન થાય તે ઉત્તમમાં ઉત્તમ વાત છે. પણ જો ગુસ્સો પેદા થયો જ હોય તો તેને કોઈ સરળ માર્ગે તદ્દન ખાલી કરી જ દેવો, નહીં તો ધૂંધવાયેલો ગુસ્સો સર્વનાશ સર્જી શકે છે.

卐 વેર એ થીજી ગયેલો અને ઠંડો થઈ ગયેલો ગુસ્સો જ છે.

卐 કર્ણએ પરીક્ષાના પ્રસંગે થયેલ દ્રોણાચાર્યના પક્ષપાત ના ગુસ્સાને વેરમાં ફેરવી દીધો હોય તેવું લાગે છે.

卐 તમારૂં હૃદય બહુ કિંમતી અને નાજુક છે. એની સંભાળ લેવા માટે ખ્યાલ રાખજો.

માન એ પોતાના જ હૃદય પર મુકાતો પથ્થર છે.
માયા એ પોતાના જ હૃદયની વચ્ચે ઊભો કરાયેલો પડદો છે.
લોભ એ પોતાના હૃદયમાં રેડવામાં આવેલો પારો છે.
ક્રોધ એ પોતાના જ હૃદય પર ફેરવાતી છરી છે.

ઈર્ષ્યા એ પોતાના જ હૃદયમાં નાંખેલી સોય છે.
કહો, આ બધામાંથી તમને શું કરવા જેવું લાગ છે?

卐 લાલચ બહુ બુરી ચીજ છે. અશક્ય અને અસંભવિત ચીજ પાછળ દોડાવવાની તેનામાં શક્તિ છે.

卐 લોટરીની ટીકીટનું પહેલું ઈનામ કોઈ એક જ જણને લાગવાનું હોય છે. છતાંય એકપણ ટીકીટ લેનારો એવો નથી હોતો જેને એકવાર પણ પોતાનો પહેલો નંબર લાગે તેવી લાલસા ન રાખી હોય!

卐 ગર્વ ચિત્તને ચંચળ કરે છે. ચિત્તની ચંચળતા એકાગ્રતાનો નાશ કરે છે. એકાગ્રતાનો નાશ સાધનાનો નાશ કરે છે. અને આખરે ગર્વિષ્ટ આત્મા જ્ઞાન હોવા છતાંય સાધનાથી ભ્રષ્ટ થાય છે.

(દ્રૌપદીના સ્વયંવરમાં બીજા રાજપુત્રો ગર્વ કરીને ધનુષ્ય લેવા જાય છે. અર્જુન નમ્રતા કરીને ધનુષ્ય પાસે જાય છે. કદાચિત્ આજ અર્જુનની સફળતાનો પાયો હોય!

卐 પ્રદક્ષિણાનો પણ ભવ્ય અર્થ છે જેની આસપાસ આપણે પ્રદક્ષિણા દઈએ તેના તેજે વર્તુળમાં આપણે પ્રવેશ પામી શકીએ છીએ. જેને પ્રદક્ષિણા દઈએ છીએ તેનું જ તેજે વર્તુળ આપણે આપણા અંતઃકરણમાં સમાવી શકીએ છીએ. વિજ્ઞાન માને છે કે લોહચુંબકની આસપાસ જો ધાતુનો તાર જોરથી ફરે (પ્રદક્ષિણા દે) તો તારમાં અવશ્ય વિદ્યુત પેદા થાય છે.

(અર્જુને બાણને ત્રણ પ્રદક્ષિણા દઈને પછી જ બાણ ઝુકાવાની કોશિષ કરી હતી. કારણ તે દિવ્ય શક્તિને નાથવાનો સિદ્ધાંત જાણતા હતા.)

卐 ઉત્તમ પુરુષોએ આ જગતમાં જાહેર કરેલું છે કે તેઓ પોતાનો ગુસ્સો માફી માંગી લેવાયા બાદ કદી આગળ વધારશે નહીં.

卐 મહામના મહાત્માનો ગુસ્સો ઉતારવો હોય તો એક જ શીખજો. બે હાથ જોડેલા અને માથું નીચું રાખો.

卐 કોઈપણ ઘટના ઐતિહાસિક હોવા માત્રથી આદરણીય બની જતી નથી. ઐતહાસિક વ્યક્તિની પણ આદર્શ-મય વાતો જ આદરણીય અને અનુકરણીય છે.

卐 દ્રૌપદીના પાંચ પતિ ઐતહાસિક ઘટના છે. પણ આદ-રણીય નથી. અને અનુકરણીય પણ નથી.

卐 પુરુષ અનેક સ્ત્રી કરે તો સ્ત્રી અનેક પતિ કરે તેમાં શું વાંધો ? આવી દલીલ કરનારે એટલું સમજવાનું છે. એક મોઢું હજારો કોળિયા કરશે પણ એક કોળિયો બે મોઢાથી નહીં ચવાય.

卐 ભારતના ઈતિહાસકારોની ખૂબી છે કે તે દુર્ગુણ કે દોષની નોંધ અવશ્ય કરે છે. પણ દુર્ગુણ અને દોષની પ્રેરણા નથી કરતા.

卐 આધ્યાત્મિક લોકો ચિંતન કરે છે કે પિતા દ્રુપદ આત્મા છે. પુત્રી દ્રૌપદી ઉપયોગ છે. અને પાંચ પાંડવો એ પાંચ ઇન્દ્રીયો છે.

વાત નાની મોટી

બધું જ બનાવટી

શંકરલાલ આ જીંદગીથી કંટાળી ગયા. પત્નીને પોતે સાચો પ્રેમ કર્યો. પણ પત્ની બનાવટી નીકળી. શંકરલાલે છોકરાઓને જનથી ચાહ્યા. છતાં ય છોકરાઓએ પણ દગો દીધો. શંકરલાલે દાંત પીસ્યા. બધે જ આવી બનાવટ. અને ત્યાં જ પોતાના મહેતાજીએ આવીને ખબર આપી શેઠ નવા બંગલાનું રૂા. એકલાખ બાનુ લઈ જનારો દલાલ બનાવટી છે.

શંકલાલને નફરત આવી ગઇ આ સંસાર પર શું જમાનો છે ? માણસથી માંડીને ખાવા પીવાની દરેક ચીજ બનાવટી જ છે. શું કરવું આ બનાવટી સંસારમાં રહીને ! શંકરલાલને ઉંડો આઘાત લાગ્યો છે.

તેમણે નક્કી કર્યું આ દુનિયામાંથી આપઘાત જ કરવો છે કોઈને ય કહ્યા વિના દવાની દુકાને ઉપડી ગયા. દવાવાળાને કહે છે. "આપ, ઝેર આપ, જે કિંમત લેવી હોય તે લે પણ એકદમ શુદ્ધ–ચોખ્ખું જરાય ભેળસેળ વિનાનું ઝેર આપ."

દવાવાળા દયાલાલ ડઘાઈ ગયા. તેમણે થયું આવા સુખી શંકરલાલ શા માટે ઝેર માંગે છે ?

શંકરલાલે થોડી જ વારમાં કહ્યું–બનાવટી જગતથી હું કંટાળી ગયો છું. હું મારી ઈચ્છાથી આપઘાત કરું છું

મારાથી હવે આ બનાવટી જગમાં રહેવાતું નથી. શંકરલાલની સમસ્ત આપવીતી સાંભળી દવાવાળા દયાલાલે ઝેરની બાટલી આપી. શંકરલાલ ઉપડયા ઘેર. કોઈને ય કીધા વિના ત્રીજે માળે ગયા. ભગવાનનું નામ લીધું ૧૦ મિનિટમાં જ ફેંસલો થાય એવું ઝેર હતું.

શંકરલાલે ૧૦૦ટકા શુદ્ધ ઝેર જ માંગ્યું હતું. પણ ૧૦ મિનિટ....થઈ અડધો કલાક થયો. આખરે સાંજ પડી શંકરલાલને ગજબ આશ્ચર્ય થયું. બાટલી ભરીને ઝેર પીધું છતાં મરી ન શકયા. દવાવાળા દયાલાલને કહે છે. અલ્યા એ ય ! આ બનાવટી દુનિયાથી કંટાળ્યો હતો. તારૂં ઝેર પીધું તો હજીય મર્યો નથી.

મલકતો મલકતો દયાલાલ કહે છે; "સાહેબ ! તમે ન મર્યા એમાં હું શું કરું. બાટલી પર તો ૧૦૦ટકા શુદ્ધ ઝેર લખ્યું હતું. પછી હું શું કરું ?"

શંકરલાલ તાડુકયા, 'એટલે એમ જ કહોને આ ઝેરે ય બનાવટી જ હતું.' દયાલાલે ટંડે કલેજે કહ્યું "સાહેબ! આ બનાવટી દુનિયામાં શુદ્ધ ઝેર કયાંથી મળે. તમે જ કહોને ?"

શંકરલાલથી બોલાઈ ગયું, ગજબની બનાવટી છે દુનિયા સુખેથી જીવવા દે તેમ નથી અને શાંતિથી મરવા દે તેમ પણ નથી.... અને શંકરલાલે હવે આજ બનાવટી દુનિયામાં બનાવટી થઈને પણ જીવવાનું નક્કી કરી નાંખ્યું.

વાતનાની ભાત મોટી

"અને...અંતે કૂતરો ચૂંટાઇ ગયો"

ચૂંટણી જાહેર થઈ. સૌથી પહેલાં કૂતરાભાઇએ ઉમેદવારી નોંધાવી. બધાને અશ્ચાર્ય થયું. આ કૂતરાએ શું સેવા કરી છે? આ કૂતરાને કોણ મત આપશે? એટલે સારા ઉમેદવાર તરીકે લોકોએ ભેંસને ઊભા રહેવા દબાણ કર્યું. ભેંસે તો જાડુ ઘટ્ટ દૂધ બધાને પીવડાવ્યું હતું એટલે તેને મત મળી શકે તેમ હતું. એ પછી કેટલાક ધાર્મિક લોકોએ વિચાર કર્યો. ચૂંટણીમાં કોઈ ધાર્મિક અને પરોપકારી ઉમેદવાર ઊભો રહે તો સારું. આખરે પવિત્રતમ ગાયને પસંદ કરવામાં આવી. ગાયમાતા તો આમેય સહુના મનમાં વસેલી એટલે હવે તેને મત મળી જશે તેમાં કોઈનેય શંકા ન હતી. ચૂટણીનો જંગ હવે જામ્યો હતો. એટલે પક્ષીવર્ગમાંથી મધુરકંઠી પોપટને અને મધુર સ્વરવાળી કોયલને પણ ઊભા રાખવામાં આવ્યા. ચૂંટણી જોરદાર થઈ. કૂતરાભાઇનો તો હવે ચાન્સ લાગે તેમ કોઈનેય લાગતું નહતું. પણ કૂતરાભાઈએ એકજ કામ કર્યું. જ્યારથી ઊભા રહ્યા ત્યારથી છેક સુધી ભસ્યાજ કર્યું....ભસ્યા જ કર્યું. ભસ્યા જ કર્યું.

અને....નિશ્ચિત દિવસે પેટી ખુલી પરિણામ માટે સહુ આતુર હતા. કહેવાની જરૂર નહતી. સૌથી વધુ મતે ચૂંટાઇ આવનાર કૂતરાભાઈ જ હતા.


બધાએ આશ્ચાર્યથી પૂછયું "તમે કેવી રીતે ચૂંટાઈ આવ્યા?" કૂતરાએ કહ્યું. "તમને કયાં કશું આવડે છે?

મેં તો ચૂંટાઈ આવ્યા પહેલાંજ ચૂંટાઈને જે કરવાનું હતું તે શરૂ કરી દીધું, તમને કોઇનેય તે ના આવડયું." બધા આતુરતાથી પૂછે છે. "આપે એવું કયું કામ કર્યું!

ભલા ભાઈ! "ચૂંટાઇને પણ ભસવાનું (ભાષણ આપવાનું કામ) કામ કરવાનું હોય છે. મેં તે સેવા પહેલેથીજ શરૂ કરી દીધી. પછી હું કેમ ચૂંટાઈને ન આવું?" અને કૂતરાએ ભસવાનું શરૂ કર્યું.

બધા પશુ–પક્ષી ભાગી ગયા.

કૂતરાભાઈ હજી રાજ્ય કરી રહ્યા છે....



❋ કથાસાર

(પૃ. ૨૭૧ થી ચાલુ)

❋ સુકુમારિકાની સમસ્યા

એક વખતની દુષ્ટ નાગશ્રી....વર્તમાન જન્મની સુકુમારિકા યૌવનને ઉંબરે આવી ગઈ હતી. ચંપા–નગરીમાં બીજા શ્રેષ્ઠિવર્ય હતા જિનદત્ત. તેમની ધર્મપત્ની હતી ભદ્રા. તેઓને સાગર નામે એક સુંદર પુત્ર હતો....જિનદત્તે એકવાર સુકુમારિકાને પોતાના ઘરના ઝરુખામાં બેઠેલી જોઈ. સુકુમારિકાના રૂપ–લાવણ્ય અને ચપળતા જોતાં જિનદત્તને લાગ્યું કે આ પુત્રી મારા પુત્ર માટે સર્વથા યોગ્ય છે. એટલે જિનદત્તે પોતાના ભાઈ ભાંડુઓને એકઠા કર્યા. અને સુકુમારિકાના પિતા પાસે માંગણી કરી. સુકુમારિકાના પિતા સાગરદત્તને પોતાની પુત્રી પર કોઇ અંધ પ્રેમ હતો. તે એક ક્ષણ પણ આ પુત્રી વિના રહી ન શકતો. એટલે સાગરદત્તે તો પહેલેથી જ નક્કી કરી નાંખ્યું હતું કે જે કોઈ સુકુમારિકાને પરણીને ઘર જમાઈ બને (પોતાને ઘેર રહે) તેને જ આ સુકુમારિકા આપવાની છે. સાગરદત્તની આ વાત સાંભળી જિનદત્તને ખૂબ જ આશ્ચર્ય થયું. છતાંય તેણે સાગરદત્તને કહ્યું–" તમારી વાત ઠીક હશે, પણ મારે તો આ વાત માટે મારા દિકરા સાગરને પૂછવું પડે. જો એ મને છોડીને તમારે ત્યાં રહેવા તૈયાર ન હોય તો શું થાય ?"

જિનદત્ત ઘેર પહોંચે છે. પોતાના પુત્ર સાગરને સુકુમારિકાની વાતથી માહિતગાર કરે છે. પિતા જિનદત્ત પુત્ર

સાગરનો જવાબ ઈચ્છે છે. પણ, સાગર કશો જ જવાબ આપતો નથી. નીચું મોઢું રાખી ચૂપ રહ્યો છે.

પિતા જિનદત્ત કહે છે–"બેટા સાગર! જે વાતનો જવાબ ન મળે એ વાત માન્ય છે તેવો નિયમ છે. જો તું ઘર જમાઈ બનીને જવા તૈયાર હોય તો તારા લગ્ન મેં સુકુમારિકા જોડે નક્કી જ કરી નાખ્યા છે." શુભ મુહુર્તે લગ્ન તો લેવાઈ ગયા. રાત્રિએ બંનેય ભેગા થયા. સુકુમારિકાએ જેવો સાગર પર હાથ ફેરવ્યો કે સાગર ચીસ પાડી ઊઠ્યો. –"હું દાઝ્યો." સુકુમારિકા બોલી ઊઠે છે–"સાગર! અહીં શાનાથી દાઝ્યા? નથી દેવતા–નથી આગ–નથી સૂર્યનો તડકો કે નથી ગરમ પાણીની વરાળ"—સુકુમારિકા પુનઃ સાગર પર હાથ ફેરવવા ગઈ પણ સાગરે તે ધગધગતા અંગારા જેવા હાથને પાછો ફેંકયો.

પતિ–સાગર પલાયન

સુકુમારિકા સમજી ગઈ કે સાગરને પોતાનું શરીર જ આગ અને અંગારા જેવું લાગી રહ્યું હતું. એટલે ના છૂટકે સુકુમારિકા દૂર જઈને સૂઈ ગઈ. સાગર તો એ જ રાહ જોતો હતો. જ્યાં સુકુમારિકાના નસકોરાં શરૂ થયાં કે સાગર તરત જ સસરાના ઘેરથી પલાયન થઈ પોતાને ઘેર જતો રહ્યો. સવાર થતાં; સદા માટે ઘર જમાઈ બનવા તૈયાર થયેલા જમાઈ ક્યાંય દેખાયા નહીં. ઘરમાં તપાસ થઈ. ક્યાંય સાગર દેખાયો નહીં. સુકુમારિકાએ પોતાની માતા સુભદ્રાને રાતની વાત જણાવી. પિતા સાગરદત્ત તો વાત સાંભળીને

તુરત જ જિનદત્તને ત્યાં દોડ્યા. જિનદત્તે પોતાના પુત્ર સાગરને ખૂબ સમજાવ્યો અને કહ્યું કે 'તું પાછો જા' અને સુકુમારિકાનો ત્યાગ ન કર. સાગર તો એક જ કહેતો હતો– "પિતાજી! તમે કહો તો હું આપઘાત કરીને મરી જઈશ. પણ એ સ્ત્રી સાથે તો હું એક ક્ષણ પણ નહીં રહી શકું. તેનું શરીર જ ઊકળતા પાણીની જેમ દઝાવ્યા કરે છે. તેની સાથે હું કેવી રીતે જીંદગી કાઢીશ. આખી જીંદગી મારાથી આવી સ્ત્રી સાથે ન રહેવાય." સાગરદત્તે; જિનદત્ત અને સાગરની એ વાત છુપાઈને સાંભળી લીધી. સાગરદત્તે વિચાર્યું, મારી પુત્રીનો સ્પર્શ આવો ભયંકર હોય તો કોઈ તેની સાથે કેવી રીતે રહી શકે? એટલે ભારે મને પોતાના નસીબને ગાળ દેતો સાગરદત્ત પાછો સુકુમારિકા પાસે આવ્યો. સુકુમારિકાને જેમ તેમ સમજાવીને પિતા સાગરદત્તે કહ્યું– "બેટા. હવે તું એ સાગરને ભૂલી જા અને શાસ્ત્રનો અભ્યાસ કરી જીવનને સાર્થક કર. ધર્મધ્યાનમાં મન લગાવ, સંસારને ભૂલી જા."

સુકુમારિકા બોલી નહીં, પણ તેને આ પરિસ્થિતિએ ખૂબ દુઃખી કરી નાંખી. પિતાના મોઢે તે કશું કહેતી નહીં પણ પિતા સમજી ગયા હતા કે આ સુકુમારિકા કોઇ પુરુષ વિના રહી શકે તેમ નથી. પણ આવી આ સુકુમારિકાને કોણ પરણે? સુકુમારિકાના આ અગ્નિ જેવા સ્પર્શની વાત જાણ્યા બાદ તો કોઇ જ તેની સાથે લગ્ન કરે નહીં. તેનો પિતા પણ પુત્રી પર ખૂબ મુગ્ધ હતો. તે કોઇ પણ ભોગે પુત્રીને આનંદમાં જોવા માંગતો હતો. રોજને રોજ બાપના મનને ચિંતા થાય છે.

❋ ભિખારી પણ પલાયન

આખરે એક દિવસે સાગરદત્તે વિચાર કર્યો. આ દિકરીનું દુઃખ હવે જોવાતું નથી. આજે તો કંઈક રસ્તો કાઢી નાંખું. તેજ દિવસે સવારે તેણે ઝરુખામાંથી એક ભિખારીને જોયો. તે ભિખારીને ખાવાય મળતું નહોતું. માત્ર લંગોટી પહેરેલી હતી. મોંઢા પર માખીઓ બણબણતી હતી. જીવનથી કંટાળી ગયેલો હોય તેવો લાગતો હતો. સાગરદત્તે વિચાર્યું–" આ ભિખારીને અહીં લાવીને સારો કરું–ઠીકઠીક કરું અને પછી સુકુમારિકાને આની સાથે પરણાવી દઉં." સાગરદત્તે તે જ પ્રમાણે કર્યું....પેલા ભિખારીને તો પહેલાં લાગ્યું કે શેઠના જમાઈ થવાનું છે. ભાગ્ય ખુલી ગયું....આખો દિવસ તો સોના જેવો ગયો. આનંદ આનંદ અને આનંદ થઈ ગયો. પેલો ભિખારીમાંથી શેઠનો જમાઈ બની ગયેલો માણસ રાતના તો ખુશ ખુશ થતો હતો. પણ સુકુમારિકાએ આવીને જેવો તેનો સ્પર્શ કર્યો કે તરત જ ભિખારીનું શરીર સળગી ઊઠ્યું અને વીજળીના આંચકા લાગે તેમ આંચકા લાગવા માંડ્યા. કોઈ પણ રીતે પેલો ભિખારી સુકુમારિકાને મૂકીને પલાયન થઈ ગયો ! તેને થયું "કે આવા એક દિવસના સ્વર્ગના બદલામાં સદાની નરક જેવી સુકુમારિકા ન જોઇએ. આવું દુઃખ સહન કરવા કરતાં ભીખ માંગવી શું ખોટી ?"

સવાર થતાં પાછી સુકુમારિકાની અશ્રુધારા શરૂ થઈ. બાપ બિચારો શું કરે ? તેણે તો બનતું બધું જ કર્યું. હવે સાગરદત્ત સમજી ગયો હતો કે આ છોકરીના નસીબમાં એ જાતનું સુખ જરાય નથી. એટલે ખૂબ સમજાવી ને સાગર-

દત્તે સુકુમારિકાને શાંત કરી. ધીમે ધીમે સાગરદત્તે સુકુમારિકાને હવે ધર્મમાર્ગે વાળી દીધી. સાધુઓને દાન આપવામાં અને તેમની વિવિધ સેવા કરવામાં સુકુમારિકા જોડાઈ ગઈ. પોતાના દુઃખને આ પવિત્ર કાર્યમાં તે ભૂલી ગઈ....

⁂ સુકુમારિકા સાધુતાના પંથે

એકવાર કોઈ ગુણવંત સાધ્વીજીઓ સાગરદત્તને ત્યાં વહોરવા આવ્યા. સુકુમારિકાએ ખૂબ જ ભાવપૂર્વક સાધ્વીજીઓને વહોરાવ્યું. સાધ્વીજીની ધર્મ સમજાવવાની છટાથી સુકુમારિકા ખૂબ પ્રભાવિત થઇ. આખરે સુકુમારિકાએ પણ સાધ્વીજી થવાનો નિર્ણય કરી લીધો. સુકુમારિકા ત્યાર બાદ સુંદર સાધ્વી બની ગઇ....વિવિધ અભ્યાસ કર્યા બાદ તેણે કષ્ટો સહન કરવાનો અભ્યાસ કરવા માંડ્યો.

એક દિવસે સુકુમારિકાએ તેમના વડીલ સાધ્વીજીને કહ્યું "આર્યા, હું બહાર ઉદ્યાનમાં જઈને આતાપના લઉં?" (ગરમી સહન કરું.) વડીલ સાધ્વીજીએ મધુરતાપૂર્વક કહ્યું "સાધ્વીજી! તમે જાણો છો કે સાધ્વીજીથી જાહેરમાં આતાપના ન લેવાય." સુકુમારિકાએ પોતાના વડીલ સાધ્વીજીની વાત ગણકારી નહીં. ગુરુણીજીની ના હોવા છતાંય પોતાના ઉદ્ધત સ્વભાવ પ્રમાણે તે આતાપના લેવા બહાર ઉદ્યાનમાં નીકળી પડ્યા. તે સાધ્વીજી બહાર ઉદ્યાનમાં આતાપના લેતા હતા, ત્યાં જ ઉદ્યાનના એક ખૂણમાં તેમની દૃષ્ટિ પડી.... આમેય આતાપનાનો થાક હતો....તનની જોડે મન પણ થાકયું હતું. નજર આમતેમ ભમતી હતી. ઉદ્યાનમાં જે દૃશ્ય જોયું

તેનાથી તો સુકુમારિકા સાધ્વીજી હાલી ઉઠ્યા....સુકુમારિકા સાધ્વી હતા છતાંય વિચારી બેઠા–"વાહ! શું અદ્‌ભુત છે આ જીવન....કેટલા પતિ છે પેલી સ્ત્રીના?....અહા! શું પુરુષો આની પાછળ પાગલ થયા છે....!"

❋ વેશ્યા દર્શને સુકુમારિકાનું નિયાણું

....આ ઉદ્યાનમાં એક વેશ્યા આવી હતી. આ એક જ વેશ્યામાં પાંચ પુરુષો તન્મય થઇ ગયા હતા. બધાને આ વેશ્યા પ્રાણપ્રિય લાગતી હતી. એટલે આજે પાંચેય તેની સેવામાં રહી તેને કાકલૂદી કરતા હતા. એક જણે તો વેશ્યાને ખોળામાં બેસાડી છે. પેલી પોતાના રૂપ અને કામ ગુણ પર આફરીન બીજા પુરુષનાં ખોળામાં પોતાના પગ નાંખીને બેઠી છે. પેલો તેના પગને ધીમે ધીમે દબાવી રહ્યો છે. ત્રીજો એક જણ તે વેશ્યાને ગરમી ન લાગે માટે છત્ર ધરી રહ્યો છે. ચોથો તેના છૂટા વાળને ધીમે ધીમે ગુંથા રહ્યો છે અને પાંચમો તે વેશ્યાને ધીમે ધીમે ચામર વીંઝી રહ્યો છે. બસ, સુકુમારીકાએ આ વેશ્યાનો વૈભવ જોયો અને તેનું મન હાલી ઊઠ્યું. પોતાનું પૂર્વ જીવન યાદ આવી ગયું.... અહો! કેવું હતું એ દુર્ભાગ્ય કે પોતાનો પતિ પણ પોતાના સ્પર્શથી દૂર દૂર ભાગી જતો. અને આ રંગીલાઓ કયાંય કયાંયથી આવીને વેશ્યાની આવી સેવા કરી રહ્યા છે. શું આ બધું વેશ્યાને પુણ્યથી મળ્યું છે? પુણ્ય એ તપ–ત્યાગનું ફળ નથી? તો શું તપ ત્યાગ મેં પણ નથી કર્યાં? અને તે જ ક્ષણે તે સુકુમારિકા સાધ્વીજીએ નક્કી કર્યું–"ભો–

મેં પાળેલાં સાધુપણામાં અને કરેલા તપમાં કોઇ શક્તિ હોય તો મને પણ આવી જ રીતે પાંચ પુરુષોની સેવા મળો....”

આ બનાવ બન્યા બાદ સુકુમારિકા સાધ્વીજી ઉપાશ્રયે તો આવ્યા પણ, એનો સંયમ દેહ મોહના સાગરમાં ડૂબી ગયો હતો. એ હવે શરીરને ટીપટોપ રાખવા માંડ્યા. વાર-વાર હાથ-પગ ધોઈને આકર્ષક દેખાવા પ્રયત્ન કરવા માંડ્યા. મોટા સાધ્વીજીએ સુકુમારિકા–સાધ્વીજીને શણગાર કરતા રોકયા. પણ ઉદ્ધતાઈમાં ચઢેલ અને વિકારમાં ફસાયેલ સુકુમારિકા સાધ્વીજીએ કોઈનું કશું જ માન્યું નહીં. ઉપરથી એવો વિચાર કરવા માંડ્યાં કે “ આ બધા સાધ્વીજી પહેલાં મારી જોડે કેવો સુંદર સંબંધ રાખતા હતા. હવે મને વાર-વાર ટોકયા કરે છે. આવી ટકટક કરનાર સાધ્વીજીનો સંગ જ ન જોઈએ.” અને સુકુમારીકા સાધ્વી બધાથી જુદી પડીને રહેવા લાગ્યા. સુકુમારિકા સાધ્વીજીમાં તપ ત્યાગ કરવાની શક્તિ હતી, મનમાં વિકાર ઊંડા ચાલી ગયા હોવા છતાંય આ ભવમાં તો વ્રત તોડવું નથી તેવો તેનો નિર્ધાર હતો. એટલે તપ ખૂબ કર્યો. અને કાળધર્મ પામતા પહેલાં આઠ માસની સંલેખના કરી, પણ પોતાના દોષો અને પાપોનું પ્રાયશ્ચિત ન કર્યું. પોતાનું આયુષ્ય પૂરુ કરીને તે સુકુમારીકા ત્યાંથી સૌધર્મ નામના દેવલોકમાં દેવી બની.

❋ સુકુમારિકા જ દ્રૌપદી

અધીર બનીને સાંભળી રહેલા સહુ રાજાઓ અને સભાસદો સમજી ગયા કે આ સુકુમારિકા એ જ આજની દ્રૌપદી

છે. ચારણમુનિએ કહ્યું–" પૂર્વભવમાં જે પાપ–પુણ્ય કર્મ કર્યું છે તે આજ ભવમાં દ્રૌપદી ભોગવી રહી છે....એનાં પાંચ પતિઓ થાય છે તેમાં કશુંય આશ્ચર્ય કરવા જેવું નથી...." આટલી વાત પૂરી થતાંની સાથે જ ચારણમુનિએ ત્યાંથી આકાશમાર્ગે પ્રયાણ કર્યું !

મુનિ તો માર્ગ બતાવનાર કહેવાય....પ્રકાશ પાથરનાર કહેવાય પછી બાકી કે ટેકરો હોય તે આપણે જોવાનું.... અહીં બધા રાજકુમારો વિચારમાં પડ્યા છે. મુનિ નિર્ણયની દિશા આપી ગયા છે પણ નિર્ણય જાહેર તો નથી જ કરી ગયા ! આખરે શ્રી કૃષ્ણે જોયું કે મારે જ કંઈક કહેવું પડશે....શ્રી કૃષ્ણજી ઊભા થાય છે....જાહેર કરે છે...."સભાજનો ! આ પ્રસંગે થયેલ દિવ્યવાણી....આ મુનિએ દ્રૌપદીની પૂર્વભવની કહેલી કથા આ બધું શું સમજાવે છે ?" બાસ કોઈના પણ મુખ પર વિરોધની રેખા શ્રીકૃષ્ણ જોતા નથી એટલે તુરત જાહેર કરે છે...." જો દ્રૌપદીની પણ આ પાંચેય પાંડવોને વરવાની ઈચ્છા હોય અને પાંચેય પાંડવો આ પરિસ્થિતિ નભાવી શકે તેમ હોય તો આની સામે કોઈનો વાંધો ન હોવો જોઈએ...." રાજા દ્રુપદ અને ધૃષ્ટદ્યુમ્ન પણ વિચારે છે....જો વાત બધાને ઠીક લાગતી હોય તો અમારે પોતે વિરોધ ન કરવો; કારણ હવે આ પ્રસંગની બાસ કોઈ ટીકા ટીપ્પણ થવાની નથી.

પધારેલા ચારણ શ્રમણ મુનિના ખુલાસાથી ઘણાના શંકાના સમાધાન થઈ ગયા.... મહામુનિએ દ્રૌપદીની

હાજરીમાં જ તેના પૂર્વભવોની વાત કરી તેથી દ્રૌપદી પણ સમજે છે કે તેને મળનારા પાંચ પતિ એ પૂર્વભવમાં પોતે કરેલ અશુભ ભાવના અને અશુભ સંસ્કારનું જ પરિણામ છે. ભલે સંયમના સંસ્કારથી સતિત્વ અખંડિત રહેતું હોય પણ પાંચ પતિ હોવામાં હરખાવા જેવું કશું જ નથી. આસ્તિક લોકો પણ આ વાત સમજી ગયા કે પાંડવો જેવા પતિ દ્રૌપદીને મળ્યા તે પુણ્યોદય હોય પણ પાંચ પતિ હોવા એ એમના માટે કષ્ટ જ છે....! લોકો પણ સમજે છે કે પતિ અને પત્નિનો સંબંધ એ ભોગની ભાગીદારી માત્ર નથી.... પતિ સેવ્ય છે, પત્નિ સેવિકા છે.... એક સેવ્યના અનેક સેવક હોય તે સેવ્યનો વૈભવ છે.... પણ એક સેવકના બે સ્વામી હોય તો તે સેવકની કૂજેતી છે. જેઓ આવા સ્વામી સેવકના ભાવને સમજે છે તેમના માટે દ્રૌપદી એક અપવાદિત ઘટના છે. તેથી જ દ્રુપદે પણ ભારે મને લગ્નની તૈયારી કરવા માંડી છે....

આ પ્રસંગે દુર્યોધન અને ખાસ પેલા શકુનિના મન પર ખૂબ જ ઘેરી અસર ઉપજતી હતી.... તેમનું ચાલત તો તેઓ સ્વયંવર મંડપનો ભંગ કરત....પણ લાજ નડતી હતી પેલી માતા સત્યવતી અને પિતામહ ભીષ્મની, ધૃતરાષ્ટ્રની અને પાંડુની, કૌરવના કુળની અને મુનિના વચનની, શ્રીકૃષ્ણની દરમ્યાનગીરીની અને પાંડવોને પ્રાપ્ત થયેલી સજ્જનોની સહાનુભૂતિની. ....તેથી આ પ્રસંગે દુર્યોધને અને કર્ણે મૌન રાખી લીધું.

❋ દ્રૌપદી હસ્તિનાપુરની લક્ષ્મી બને છે.

મહારાજા દ્રુપદે ખૂબ જ ઠાઠ પૂર્વક લગ્નની તૈયારી કરાવી હતી એટલી જ સમૃદ્ધિ અને શક્તિથી આ પ્રસંગને ગૌરવવંતો બનાવ્યો. પાંડુરાજાના આશીર્વાદ પામેલા પાંડવોની પણ આજે કોઈ અદ્‌ભુત શોભા લાગતી હતી. શણગાર તો રૂપવિહીનને પણ તેજસ્વી બનાવે તો આ રૂપાળા પાંડવોનું તો પૂછવું જ શું? સાક્ષાત્ દેવ કુમારો આજે કાંપિલ્યપુરમાં પધાર્યા હોય તેવું લાગતું હતું. લોકોને આશ્ચર્ય એ હતું કે આ પાંચેય વચ્ચે હમણાં આ એક જ દ્રૌપદી છે તેમ છતાં ય કોઈના મુખ ઉપર ઈર્ષ્યાનો ભાવ કેમ નથી?

પાંડવોનો આ પ્રેમ સહુના માટે વિસ્મયકારી હતો. વિવાહની મંગળ વિધિ ચાલી રહી હતી. રાજા દ્રુપદે પાંડવોને પોતાનો હતો એટલો બધાનો સમર્પણ કર્યો. હસ્તિનાપુરની રંગ અને રોનક ફેરવી દે એટલી વિશાળ સમૃદ્ધિ સાથે પાંડવોએ પોતાના નગર તરફ પ્રયાણ આદર્યું.

પાંચેય પાંડવો પ્રત્યે પોતાને સમાન ભાવ લાગી રહ્યો હોવા છતાંય જે બન્યું તેના માટે દ્રૌપદીને પણ આશ્ચર્ય હતું. ભાવી જીંદગીના પ્રશ્નો હોવા છતાંય એક ભવ્ય પ્રાપ્તિ પોતાને થઈ હોય તેવી ભાવના દ્રૌપદીના મુખ પર વંચાતી હતી. પિતાનું ઘર–જન્મભૂમિ....અનેક સંબંધીઓ.... આ બધું છોડીને અજાણ્યા સ્થળે, અજાણ્યા માણસની વચમાં જવાની વેળા સમજદાર સ્ત્રીઓને પણ વિહ્વળ બનાવી દે છે. છતાંય કર્તવ્ય પંથ પર તો સહુએ ચાલવાનું જ હોય છે.

દ્રૌપદીને વળાવવાની વસમી વેળા આવી. મહારાજા પાંડુ આદિ સહુ તૈયાર થઈ ગયા છે. દ્રૌપદી પણ હવે કાંપિલ્યપુરની કમલિની મટી હસ્તિનાપુરની લક્ષ્મી બની ચૂકી છે. સ્વયંવર મંડપમાં પધારેલ શ્રીકૃષ્ણજી અને બીજા રાજવીઓએ પણ પાંડુની સાથે પ્રયાણ કર્યું. દ્રુપદરાજા બહુ દૂર સુધી પાંડવોને મૂકવા ગયા. પાંડુએ ખૂબ જ સમજાવ્યા ત્યારે ભારે મને પોતાના નગર તરફ વળ્યા.

❋ શ્રી કૃષ્ણજીની ચિંતા નારદનો ખુલાસો.

પાંડુ મહારાજાએ આનંદપૂર્વક હસ્તિનાપુર તરફ પોતાનો રથ લઈ લીધો. બાસો રાજકાફલો આજે હસ્તિનાપુરમાં હતો શ્રીકૃષ્ણ પણ હમણાં હસ્તિનાપુરમાં જ રોકાયા હતા. શ્રીકૃષ્ણ એ કંઈક બાનગી સલાહ આપવા પાંચેય પાંડવોને એકાંતમાં બોલાવી લેવા તેવું વિચાર્યું. આજે શ્રીકૃષ્ણને એવું કંઈક કહેવું હતું કે જેથી પાંડવોનું ભાવિ જીવન શાંતિમય રીતે પસાર થાય. પાંચ પતિ વચ્ચે એક પત્ની એટલે ઝઘડાનું મૂળ કહેવાય. પણ કોઈની વ્યક્તિગત બાબતમાં એવો સીધો પ્રવેશ કરવો એ પણ વિચારણીય હતું.

સારા નસીબે ત્યાં જ આકાશમાં એક તેજ પુંજ દેખાયો સહુ પાંડવોની ડોક ઊંચી થઈ ગઈ. તેજ પુંજમાંથી સ્પષ્ટ આકાર દેખાયો. ત્યાં જ શ્રી કૃષ્ણજી બોલી ઊઠ્યા....“પધારો

....પધારો....મુનિરાજ....આપના જ આગમનની રાહ જોઉ છું. આવો, આ મારા પાંડુના પુત્રોને આપ આશીર્વાદ આપો.''

પાંડવોએ પણ વિનયપૂર્વક નારદજીને હાથ જોડી આવકાર્યા. શ્રીકૃષ્ણજીએ પાંડવોને બેસી જવા ઇશારો કર્યો ઉતાવળા ઉતાવળા નારદજી શા માટે આવ્યા હતા તે જાણવાની સહુની આતુરતા હતી. શ્રીકૃષ્ણજી નારદજીથી પરિચિત હતા પણ પાંડવોને તો આ પહેલો જ પ્રસંગ હતો. આવા મહામુનિનું આકસ્મિક આગમન પાંડુ પુત્રોના મનમાં એક પ્રશ્ન પેદા કરતું હતું. ત્યાં જ નારદજી પ્રકાશ્યા.

''દિકરાઓ....! મારે ખૂબ જ ફરવાનું હોય છે. છે ક દેવલોકથી માંડીને આ મનુષ્યલોક અને પાતાળ લોક સુધી મારે ધ્યાન રાખવું પડે છે. ત્રણેય લોકમાં કંઈક અવનવી ઘટના થાય તો મારે તેની નોંધ રાખવી પડે છે. ''તમારા પાંચેયના લગ્ન દ્રુપદની પુત્રી દ્રૌપદી જોડે થયા છે ને ?'' પાંડુ કુમારો શ્રીકૃષ્ણ મહારાજ સામે જોઈ વિનય પૂર્વક બોલ્યા– ''હા, મુનિ શ્રેષ્ઠ, અમારા વિવાહની તમામ વાત શ્રીકૃષ્ણજી જાણે છે.'' નારદજી કહે છે, '' દિકરાઓ ! શ્રીકૃષ્ણ પણ ત્યાં હાજર હતા અને તમારા બધાય વડીલો ત્યાં હતા તે મેં જાણ્યું. ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુર, દ્રોણ બધાય હાજર હતા શ્રીકૃષ્ણ પણ ત્યાં હતા છતાંય કોણ જાણે આ બધા કેવા છે ? કોઈ ભવિષ્યની ચિંતા કરતા નથી. માટે જ મારે આવવું પડયું છે. આ મારા શ્રીકૃષ્ણ કંઈક

સમજતા હોય તોય જલ્દી ભગનું નામ મરી પાડે તેવા નથી. અને મારે તો ચોખ્ખું જ કહેવા જોઈએ.”

યુધિષ્ઠિર—“મુનિશ્રેષ્ઠ ! શ્રીકૃષ્ણજી અમારા હિતચિંતક છે. અને આપ તો અમારા પૂજ્ય પણ છો. આપને જે ઠીક લાગે તે કહો, ભલે અમારા વડીલોએ ધ્યાન ન દોર્યું હોય પણ આપ જે જણાવવા યોગ્ય હોય તે જણાવો.” નારદજી—“જુઓ બેટા ! દ્રૌપદીને પાંચ પતિ કરવા પડ્યા છે. તમે પાંચે ય અત્યારે તો આનંદમાં છો. પણ દુનિયામાં બધા ઝઘડા થતા હોય તો આ ઔરાંઓથી જ થાય છે.” નારદજીની વાત સાંભળી ભીમ કંઇક મરકી પડે છે. પણ યુધિષ્ઠિરની ગંભીર મુખ મુદ્રા જોઈને ચૂપ જ રહે છે. નારદજી આગળ ચલાવે છે....“જુઓ, ઝઘડાના મૂળ જેવી સ્ત્રીના તમે પાંચેય પતિ છો. આજે નહીં તો કાલે પણ તમારામાં ઝઘડો થયા વિના રહેશે નહીં.

સ્ત્રીની જાત જ ઝગડાલુ છે. અંતે એકમાંથી બે કરવાનું જ તેનું મન હોય છે. મારે તો કોઈ ચિંતા નથી. પણ તમે ભવિષ્યમાં નકામા લડી પડશો. આ દ્રૌપદી હાજર નથી માટે તમને ખરેખરી વાત સમજાવવી છે. કૃષ્ણને પણ પૂછો કે આગળ જતાં તકલીફ આવશે કે નહીં ? સ્ત્રીઓ માટે આગળના કેટલાય રાજવીઓ રણે ચડ્યા છે. કેટલાય એક જ સ્ત્રીના મોહના ખાતર પરસ્પર કપાઈ મર્યા છે, તમારે વિચાર કરવો જ જોઈએ. બેટાઓ....માનવની જાત એવી છે કે એ જેટલું સમજે છે એટલું જોઇ શકતી નથી. જો તમે કોઈપણ જાતની મર્યાદા નહીં રાખો તો પરસ્પર

ઈર્ષ્યાથી સળગી જશો. તમારો સંપ તૂટી જશે. તમે પરસ્પર કલહ કરી મૂકશો. મને તમારા આ શાંત જીવનમાં કચાંય અગ્નિ ચંપાઇ તો નહીં જાય ને તેની ચિંતા છે.” પાંચેય પાંડવોને આજે તો કોઈ એવો ભાવ ન હતો. પણ નારદજીની વાત કંઈક વ્યવહારુ લાગતી હતી. યુધિષ્ઠિરે કહ્યું–“મુનિ-શ્રેષ્ઠ ! તમે જે કોઈ માર્ગ બતાવશો એ અમારે સહુને માન્ય છે.” નારદજીએ તુરત જ રસ્તો બતાવ્યો.

❋ પાંડવોની પ્રતિજ્ઞા

“જુઓ, દ્રૌપદી ભલે પોતાની મરજી પ્રમાણે કોઇપણ પાંડવની સાથે રહે, સાથે જાય પણ જ્યારે પાંચેયમાંથી કોઈ એકની પાસે હોય ત્યારે બીજા કોઈપણ પાંડવે તેની પાસે જવું નહીં. દ્રૌપદીને જોવી પણ નહીં. અને જો તેમ કરવામાં કોઇપણ ભૂલ કરે તો ભૂલ કરનારે બાર વર્ષ સુધી વનમાં જવું.”

પાંડવોએ શ્રી કૃષ્ણજી સામે દૃષ્ટિ દોડાવી શ્રી કૃષ્ણજીને પણ આ વાત વ્યાજબી લાગી હતી. પાંડવોને તો અત્યારે સંતોષ હતો. પરસ્પર પ્રેમ હતો. તેમ છતાંય ભવિષ્યમાં શું થાય તે કેમ કહેવાય ? અને જેને **નિયમના પાલન કરવામાં તકલીફ ન હોય તે નિયમ લેતા શું કરવા ગભરાય ? નારદજીનું** પહેલું જ દર્શન હતું. પાંચેય જણાને લાગતું હતું કે વિના નિયમે પણ પાલન કરવાનું જ છે, ભલે, મુનિ મહારાજ પ્રસન્ન થાય. અને પાંચેય જણાએ નારદજીના ચરણમાં ઝૂકી તેમના કહ્યા પ્રમાણે પ્રતિજ્ઞા કરી.

નારદઋષિ પોતાની આ વાતની સ્વીકૃતિથી ખૂબ ખુશ

થઈ ગયા. તેમને લાગ્યું કે ચાલો, આટલે દૂરથી આવ્યો તો સારું થયું નહીં તો બિચારા આ લોકો લડી મરત. ઘણી-વાર એવું બને છે કે કહેવાતા મધ્યસ્થ માણસો જ પક્ષ-કારોના ઝઘડાનું મૂળ પહોળું કરીને ફેલાવી દેતા હોય છે. નારદજી તો ખુશ ખુશ થઈને આશીર્વાદ આપી અન્ય સ્થળે જવા રવાના થઇ ગયા. શ્રીકૃષ્ણજીને પણ લાગ્યું કે કે હવે પાંડવોનો સંપ તૂટે તેવું કોઈ કારણ નથી. એટલે તે પણ ભીષ્મ, પાંડુ અને પાંડવોની રજા લઇને દ્વારિકા નગરીમાં પહોંચી ગયા.

હસ્તિનાપુરમાં પાંચેય પાંડવો આનંદમાં હતા. આમેય પાંડવો સંયમી મનવાળા હતા. તેમાં નારદજીએ નિયમ કરાવ્યો એટલે તો શાંતિ જ હતી, દ્રૌપદીનું પણ પવિત્ર શીલ હતું. કહેવાય છે કે તે જ્યારે પાંચમાંથી કોઇપણ એક પાંડવ સાથે રહેતી ત્યારે બીજા પાંડવ તરફ તેની જરાય વિષય ભાવના રહેતી નહીં. પાંચેયની સાથે સંગ કરતી હોવા છતાંય સંગવેળાએ પણ તે એક પતિવાળી સતી જેવી પવિત્ર હતી. આ બાજુ પાંડવો પણ એવા પરસ્પર પ્રેમવાળા હતા કે તેમનામાં કોઈ કલહ થતો નહીં. ઉપરથી તેઓના અદ્‌ભુત સંપ અને શાંતિમય જીવને આખાય નગરજનોમાં એક નવી જ છાપ ઉભી કરી હતી. મહારાજા પાંડુના ન્યાયના લોકો હવે મહોંફાટ વખાણ કરવા માંડ્યા. ભાઇ, પાંડુ મહા-રાજાના છોકરાઓ પણ કેવા ડાહ્યા છે! પાંચેય સાથે રહ્યા છે પણ છે કોઈ વિવાદ કે કજીયો? છોકરાનેય કોઇ વાતનું દુઃખ નથી અને હજી સુધી પાંડવોએ કોઈ બીજી સ્ત્રીની સાથે લગ્નનો પણ વિચાર કર્યો નથી!

⁂ દ્રૌપદીને પાંચ પુત્રોનો જન્મ

દ્રૌપદીએ પણ જાણે પોતાના આ ન્યાય અને પતિવ્રતની સાબિતી જેવા પાંચ પુત્રોને જન્મ આપ્યો. આ પાંચેય અદ્‌ભુત સંપિલા પિતાઓના પુત્રો હતા. બધાયના નામો તો જુદા જુદા જ હોય ને ! પણ આ પાંચેય નાના–મોટા છતાંય એક સરખા લાગતા દ્રૌપદીના પુત્રોનું એક જ નામ પડયું 'પાંચાલ.' દ્રૌપદી પંચાલ દેશની હોવાથી તેનું નામ પાંચાલી પણ કહેવાતું. અને તેથી જ પાંચાલીના પુત્ર પાંચાલ કહેવાયા.

આમ તેઓનો સંસાર સુંદર અને શાંતિથી પસાર થતો હતો. ત્યાં જ એક ઘટના બની ગઇ !

⁂ હસ્તિનાપુરમાં પશુઓની ચોરી

રાત્રિનો અંધકાર જામ્યો હતો. પ્રભાત થવાને હજી બાસી વાર હતી. હસ્તિનાપુરમાં આજે ચીસાચીસ થઇ રહી હતી. મોટા ચોરોનું ધાડું આજે આવી પડયું હતું. નગરના કોઇના ઘર આજે એવા નહોતા રહ્યાં જ્યાં ગોધન હોય ત્યાં બધેય ચોરો પેસી ગયા ન હોય. આખા ગામનું પશુધન લૂંટી જવા ચોરોની નેમ હતી. નગરના બધાય બહાદુર પુરુષો લડવા નીકળ્યા છે. પણ ચોરોએ જાણે બાણનો વરસાદ વરસાવ્યો છે. અંધારી રાતમાં જાણે અનરાધાર વરસાદ વર્ષે તે રીતે બાણો વર્ષે છે. ગામના લોકો પોતાની જાતને પરવશ જુએ છે. આખરે આ ચોરના ત્રાસમાંથી બચવા બધા રાજમહેલ પહોંચ્યા છે. રાજમહેલ આગળ આવીને અર્જુનની

સામે પોકાર કરે છે. "ઓ....મહારાજા અર્જુન ! તમારી બાણવિદ્યાને આજે દર્શાવો....આજે નગરજનોનું રક્ષણ કરો.... આજે આ લુંટાઈ જતાં પશુધનને રોકી હસ્તિનાપુરની લાજ રાખો.....!"

⁂ અર્જુનનું અજોડ પરાક્રમ

આવી બૂમરાણ થતાં અર્જુન જાગી ગયો. હવે વિચાર કરવાનો સમય જ ન હતો. ચોરો હસ્તિનાપુરની હદની બહાર નીકળે તે પહેલા પશુઓને છોડાવવા જરૂરી હતા. અર્જુન દોડવા જાય છે પણ યાદ આવે છે; હાથમાં ધનુષ્ય તો નથી ! અર્જુન વિચારે છે, "અરે ધનુષ્ય કયાંથી લાવવું ? ધનુષ્ય તો મહારાજા યુધિષ્ઠિરના શયન ખંડમાં છે. મહારાજા યુધિષ્ઠિર આજે શયન ખંડમાં દ્રૌપદીજીની સાથે સૂતા છે. વધુ વિચાર કરવાનો સમય નથી. ભલે નારદજીએ આપેલો નિયમ તૂટતો. ભલે મારે જંગલમાં જવું પડે. પણ હવે વિલંબ નહીં થઇ શકે."

સત્ત્વશાળી અર્જુન યુધિષ્ઠિરના શયન ખંડમાં પહોંચી ગયા. ધનુષ્ય અને બાણ લઈને ચોરોની પાછળ દોડયા. અર્જુન જેવા નાયક પોતે જ બહાર આવ્યા એટલે નગરજનોનો ઉત્સાહ સો ગણો થઈ ગયો. અર્જુનની સાથે સહુ નગરજનો ગામ બહાર ઉપડયા. અનેરા ઉત્સાહથી ચોરોનો પ્રતિકાર કર્યો. ચોરો પશુઓને તો લઈ જઈ ન શકયા પણ પોતાના પ્રાણને પણ માંડ માંડ બચાવી શકયા.

ॐ શ્રી અર્જુનનો વનવાસ નિર્ણય

ગામનું એક પણ ઢોર ઓછું થાય તે અર્જુનને પોષાય તેમ ન હતું. પશુધન એ જ સાચું ધન છે, પશુધન વિનાના ધનપતિઓ ખરેખર પશુ સમાન છે. આ પવિત્ર પશુ-ધનની સાથે હસ્તિનાપુરની શાનની પણ અર્જુને રક્ષા કરી છે. દોડભાગ પૂરી થતાં અને પશુઓને પોતપોતાને ઠેકાણે રવાના કરતા સુધીમાં ઠીક ઠીક પ્રકાશ ભૂમિ પર પથરાઈ ગયો છે. અર્જુન પુનઃ પ્રસન્ન ચહેરે નગરના પ્રવેશ દ્વારે આવી ઉભા છે. ઉપકૃત થયેલા નગરજનો અર્જુનને દ્વાર આગળ ઉભા રહેલા જોઈ અટકી જાય છે. નગરજનો કહી રહ્યા છે–"પધારો.....સ્વામિનાથ! અમે તો આપના જેવા મહારાજાઓથી પરમ સુખી છીએ." પણ અર્જુન જરાય અસતા નથી. અર્જુન નગરજનોને કહે છે–"પ્રિય નગરજનો! હવે હું તો અહીંથી જ વિદાય લઈશ....તમે બધા અંદર જાવ અને મહારાજા યુધિષ્ઠિર, ભીષ્મપિતામહ, માતાકુંતી અને દ્રૌપદીને સમાચાર આપો કે અર્જુન હવે વનવાસમાં જઈ રહ્યા છે તો આપ અનુજ્ઞા આપો."

નગરજનો આ નવી જ જાહેરાતથી આશ્ચર્ય ચકિત થાય છે. અર્જુન નારદમુનિના નિયમની વાત કરે છે. બધા જ નગરજનો કહે છે–"સ્વામી! આપ જરાય ચિંતા કરશો નહીં. અમે મહારાજ યુધિષ્ઠિરને હમણાં જ સમજાવી દઈશું. આપ ભલે યુધિષ્ઠિર અને દ્રૌપદી સૂતા હતાં ત્યાં ગયા હતા, પણ આપનો નિયમ ભાંગ્યો નથી. આપનો ભાવ અમને બચાવ-વાનો હતો. આપનો ભાવ અમારું રક્ષણ કરવાનો હતો.

આવા શુદ્ધ ભાવથી તમે સહસા યુધિષ્ઠિરના શયનગૃહમાં ગયા તેથી કદી નિયમ તૂટે નહીં.”

અર્જુન–“પ્રિય નગરજનો ! વ્હાલા બંધુઓ ! મારે શું કરવા યોગ્ય છે તે હું જાણું છું. તમે માત્ર મારા વડીલોને મારો અભિપ્રાય જણાવો.”

⁂ સ્વજનોની વિનવણી

છોભીલા પડેલા નગરજનો સત્વર દોડીને યુધિષ્ઠિરની પાસે પહોંચ્યા. પાંડુ–ભીષ્મપિતામહ અને કુંતીને પણ અર્જુનના વનવાસના સમાચાર મળ્યા. સહુ એકઠા થયા છે. સહુએ નક્કી કર્યું છે, અર્જુનને વનવાસમાં જવા જ ન દેવાય.... જાણે આજે આખું ગામ–નગર બહાર ઉમટ્યું છે. કુરુવંશના બધા વડીલોની હાજરી છે. સહુનું એક જ કહેવું છે, “અમે સમજાવીશું અને અર્જુનને વનમાં જતા રોકીશું.”

સહુ પ્રથમ પિતા પાંડુ આવ્યા છે. અર્જુનનો હાથ પકડીને કહે છે–“બેટા ! તું અને જંગલ ! ચાલ, ભૂલી જા એવી વાત. તું દાદો બને ને, ત્યારે તારા છોકરાઓના માથે જવાબદારી નાંખીને પછી જંગલમાં જજે. આ તો કંઈ તારી ઉંમર છે. જંગલમાં જવાની ? હજી અમારા જેવાય જંગલમાં જવાનું વિચાર કરતા હોય તો કંઈક બરોબર કહેવાય. ચાલ....બેટા....ચાલ....આવું ન કરીએ” અને પાંડુનું ગળું ભરાઈ જાય છે. માતા કુંતીની આંખે તો આંસુના તોરણીયા બંધાઈ રહ્યા છે. ગળગળી બની ગયેલી માતા કહી રહી

છે–"બેટા ! અર્જુન ! જો, વડીલ પિતાની આજ્ઞા ન ઓળંગાય. તારા જેવો દીકરો તો પોતાની નહીં પણ પિતાની વાત જ સત્ય કરે. તું તો સમજદાર છે. આવી જીદ કરાય બેટા ? આ તારું શરીર અને જંગલનો કોઈ મેળ છે ? દૂધ–દહીં ખાવાની તને રોજની ટેવ અને પેલા વનમાં તો માત્ર જંગલી ફળોનો આહાર....અહીં તો તારા માથા પર સૂર્યના કિરણો પણ ન પડે. હંમેશા તારા માથે છત્ર ધરેલું રહે છે. અને ત્યાં જંગલમાં તડકામાં તારી શી દશા થાય ? બેટા ! મારા જેવી માને રડતી મૂકીને તારાથી જવાય ?"

આમ છતાંય આજે અર્જુન મૌન છે. તેની મક્કમતામાં કશો ફરક પડ્યો હોય તેવું લાગતું નથી. મા–બાપની લાગણી સમજવા અર્જુન તૈયાર છે. પણ આજે તેમની લાગણી પર કોઈ ધ્યાન આપવાની અર્જુનની તૈયારી નથી. એણે તો નિશ્ચય કરી લીધો છે કે નિયમ તૂટ્યો છે, અને મારે જંગલમાં જવાનું છે. તેથી જ ધર્મરાજ યુધિષ્ઠિર બોલી ઊઠે છે. "ભાઈલા ! અર્જુન ! આ તારો વિરહ માતા–પિતાથી કેવી રીતે ખમાશે ?" જો અત્યારે તું હજી જંગલમાં જવાની વાત કરે છે ત્યાં જ મા–બાપ આવા ઢીલા થઈ ગયા છે. તો બાર વર્ષ કોને કહે છે ? દરેક વિધિ અને નિષેધમાં મા–બાપની વડીલોની આજ્ઞા જ સૌથી મોટી આરાધના છે. મા–બાપની આજ્ઞાને ઠોકરે ચઢાવનારને કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી અર્જુન ! વિચાર કર....' આ બધું સાંભળવા છતાંય અર્જુનના મુખ પર કોઈ ભાવ બદલાતો નથી. છેવટે ધર્મરાજ યુધિષ્ઠિર કહે છે, "વનમાં જવાની તારી વાત પછી પણ પહેલાં તો નારદમુનિ એ કરાવેલો નિયમ

તૂટયો છે એવું કહે છે કોણ ? તું મારા શયનખંડમાં દ્રૌપદીને મળવા નહતો આવ્યો. તારો આશય કોઇ ખરાબ ન હતો. ઉપરથી તેં મારી–પિતાની અને હસ્તિનાપુરની આબરૂ ટકી રહે તે માટે કાર્ય કર્યું છે. આવા પ્રજા રક્ષણના કાર્યનો શિરપાવ આપવાનો હોય તે માટે શિક્ષા હોય જ નહીં. **સહસાત્કારથી થયેલી કોઇ ભૂલથી કદી નિયમ તૂટતો નથી.** અને આ બધીય દલીલો હોવા છતાંય તું એમ માને છે કે મેં નિયમ તોડયો જ છે, તો હે બંધુ અર્જુન ! તેં તોડેલા નિયમનું પ્રાયશ્ચિત પણ થઈ ગયું છે. બધી ગાયોને બચાવી, નગરજનોના પશુધનનું રક્ષણ કર્યું એ જ તારી ભૂલનું પ્રાયશ્ચિત છે.”

યુધિષ્ઠિર હજી પણ અર્જુનને સમજાવી રહ્યા છે. “બંધુ અર્જુન ! નારદમુનિના નિયમ પર એટલો તો વિચાર કર કે હું અને તું કદી પરાયા છીએ ખરા ! એક પાંડવ હોય ત્યારે બીજા પાંડવે આવવું નહીં એવી વાત તો હું અને તું જુદા હોઈએ ત્યારે બને. હે અર્જુન ! તારો અને મારો એક જ આત્મા છે તો નિયમ તૂટયો કેવી રીતે કહેવાય ?”

અર્જુન વડીલોની વાતને ભાવપૂર્વક સાંભળે છે. પણ તેના ચહેરા પર તો વનમાં જવાની ઉતાવળ સિવાય અત્યારે બીજો કોઇ ભાવ દેખાતો નથી. ભીમે પણ અર્જુનની આ મક્કમ દશા જોઈ કહ્યું–“ભાઈ અર્જુન ! આ તને શોભતું નથી તારા જેવાએ વળી જંગલમાં જવાનું ? જંગલમાં તો જાય તારો કોઇ દુશ્મન અને એવા કોઈને જંગલમાં જ જવું હોય તો આ ભીમ તેને જલ્દી પહોંચાડી દે તેમ છે.

અર્જુન ભલે તારી ગમે તેટલી જંગલમાં જવાની ઇચ્છા હોય પણ મોટાભાઈએ હવે બધો ખુલાસો કરી દીધો છે. તેમને કોઈ પણ વાતનો વાંધો નથી માટે તું મોટાભાઇની વાતને માનીને હવે જંગલમાં જવાનું માંડી વાળ.” સહદેવ અને નકુલ તો કહી રહ્યા છે–“અરે ઓ વડીલ બંધુ ! તમારી જોડે તો અમને કેટલો આનંદ આવે છે ? તમે જંગલમાં જાઓ તો અમને બંનેને રમાડશે કોણ ? તમે તો ધર્મરાજ યુધિષ્ઠિર અને ભીમ કરતાં પણ અમારા બે પર વધુ પ્રેમ રાખો છો. મહેરબાની કરી અને આપ હવે આ નિર્ણય છોડી દો.” અર્જુને બધાની વાત સાંભળી લીધી છે. પણ તે પોતાના નિર્ણયમાંથી એક તસુ પાછળ હઠવા તૈયાર નથી.

⁂ અર્જુનનો સાત્વિક પ્રત્યુત્તર

અર્જુનનું માતા–પિતાને કહેવું છે–“ વડીલો ! આપ મારી ચિંતા ન કરતા. આપની હાજરી અત્યારે મારું જેટલું કલ્યાણ કરશે તેથી વધુ વનમાં આપના આશીર્વાદ મારું કલ્યાણ કરવાના છે. ભાઈ યુધિષ્ઠિરને હું તેમના શયન-ગૃહમાં ગયો તેનો વાંધો હોય જ નહીં. હું અને ભાઈ એક જ છીએ. ભલે હું ચોરોને બચાવવા ધનુષ્ય લેવાના ભાવથી તેમના શયનગૃહમાં ગયો. પણ મેં જે નિયમ ગ્રહણ કર્યો હતો તે તૂટ્યો છે તે વાત નક્કી છે. એકવાર હું આવું નક્કી કરેલું ફેરવી નાંખીશ તો આ કુરુવંશમાં કોઇનેય વચનની કિંમત નહીં રહે. કુરુવંશીઓનું વચન એ કંઈ પાણી પરના લખેલા અક્ષર નથી, એ તો શિલાલેખ છે. બધાયનો ફેરફાર

થાય પણ કુરુવંશીઓના વચન પાલનમાં ફેરફાર ન થાય.” ફરી અર્જુન કહે છે–“ મારી તો આશા એ જ હતી કે તમે સહુ મને કુરુવંશનું ગૌરવ ટકાવી રાખવા જંગલમાં જવાની આજ્ઞા કરશો જ. તેને બદલે તમે જ મને અહીં રહેવાનો આગ્રહ કરો છો. શું જંગલમાં આવનારા દુઃખોથી તમે મને જવાની ના કહો છો ?

દુઃખ એ તો જીવનની અનિવાર્ય આવશ્યકતા છે. સુખ કરતાંય દુઃખ વધારે જરૂરી છે. દુઃખને અનુભવ્યા વિના સુખ મેળવી બેસનારો સુખનું અવમૂલ્યન કરે છે. સુખની કિંમત કદીય સમજી શકતો નથી.

દ્રૌપદીનું મનોમંથન અને મનોરથ

મારે તો મને મળી ચૂકેલો મોંઘેરો આ વનવાસ વેઠવો જ છે. અને માતા–પિતાને તમે મારા કરતાં પણ સારી રીતે સાચવી શકશો. માત્ર તેમને મારો વિરહ પડશે પણ એ અહીં તો તમારા બધાની હાજરી છે જ, તેથી થોડા દિવસમાં ભૂલાઈ જશે. અને આખરે નારદમુનિની સામે કબૂલ કરેલો નિયમ શાબ્દિક ભાવનાથી પણ પાળવો જરૂરી જ છે.” દ્રૌપદી પોતાના જ કારણે ઊભી થયેલી આફત જોઈ વિહ્વળ બની ચૂકી છે. તે વિચારે છે કે એક તો પાંચ પતિનું દુઃખ પામી છું અને હવે અર્જુનનો વિયોગ સહન કરવાનો ! અર્જુનને આખરે તો મારા જ કારણે જંગલમાં જવાનું થયું ને ! દ્રૌપદી જાણે છે કે જે પોતાના વડીલોના

વારવાથી રોકાય નહીં તેવા અર્જુન જેવા સાત્વિક પુરુષ કંઈ ઝેરીના કહેવાથી—એક સ્ત્રીના કહેવાથી પોતાનો નિર્ણય બદલે એ તો શકય જ નથી. દ્રૌપદીનું હૈયું ભરાઈ ગયું છે. હૃદયમાંથી જાણે આંસુનો દરિયો બહાર નીકળવા જોર કરી રહ્યો છે. પણ દ્રૌપદીએ આંસુના દરિયાને હૃદયમાં જ થીજવી દીધો છે. પોતે પતિના પ્રયાણ વખતે રુદન કરે તો પતિ અર્જુનને અપમંગળ થાય તેથી દ્રૌપદીએ આંસુને હૃદય અને આંખની વચમાં જ કયાંય રોકી દીધા છે. છતાંય દ્રૌપદી કહેવા જાય છે, "હે પતિદેવ! હે અર્જુન! આપે આ બરોબર તો નથી કર્યું છતાંય હું, પગની પાનીએ બુદ્ધિવાળી એક સ્ત્રી આપને શું સલાહ આપી શકું?"

દ્રૌપદી જાણે જ છે કે હવે અર્જુનને રોકવાની વાત કરીએ છીએ એ વાતથી પણ તેને પીડા થાય છે, એટલે જાણે અર્જુનના પ્રયાણ મંગલની પવિત્ર ભેરી બજાવવાની હોય તેવી રીતે દ્રૌપદી કહે છે—"હે પતિદેવ! જો મારી તમારા પ્રત્યે સાચી પ્રીતિ હશે તો જ હું મારું આયુષ્ય અહીં રહીને ધારણ કરી શકીશ, અન્યથા મને પ્રાણ નીકળી જાય તેટલું દુઃખ થાય છે. ભલે, હવે મારી તમામ કુલ દેવતાઓને એક જ પ્રાર્થના છે કે તે બધા કુળદેવતા આ ભયંકર વનમાં તમારું સદા રક્ષણ કરે"

હૃદયમાં વિરહ હોવા છતાં....આગ જેટલી ગરમી અને નાગના જેવા ડંખ હોવા છતાંય દ્રૌપદીએ આજે કર્તવ્યપંથને મહાન માન્યો છે.

આ ભારત દેશની નારી એ કર્તવ્ય નારી હતી...
આ દેશની સતી એક મહાન શક્તિ હતી....દ્રૌપદી અર્જુનના ઊછળતા સત્ત્વને જોઇને ખુશ થયેલી છે. કુરુવંશના એક ગજબ સીતારા તરીકે નિહાળીને તેનું મન પ્રસન્ન બની રહ્યું છે. એના અંતરમાં એવી એક નિશ્ચલતાની લહેર ઊઠી છે કે....મારો અર્જુન પરોપકારી છે....વચન પાલનમાં તત્પર છે....અને સાહસવીર છે તો શા માટે તેની ઈચ્છાને રોકવી....? શા માટે શૂરવીર એવા સિંહને શિયાળ બનાવવાના મળસીયા ગાવા ? દ્રૌપદી વિચારે છે....મારા પોતાના વ્યક્તિગત સુખ માટે હું શા માટે અર્જુનના વ્યક્તિત્વને મસળી નાખું ?

આ ભારતની સન્નારીએ પતિને પોતાના આલિંગનમાં જકડીને બેસાડી દીધો હશે પણ તેણે એ ધ્યાન હંમેશા રાખ્યું છે કે પતિના સદ્‌ગુણો તો વિશ્વમાં વહેતા રહે! પતિનો દેહ ભલે સતી પાસે રહે પણ પતિનો ગુણ-દેહ વિશ્વવ્યાપી બને એ જ ભારતીય સતીની એક નેમ હોય છે.

આજે અર્જુન જંગલમાં પ્રયાણ કરે છે ત્યારે જ દ્રૌપદી જોઈ રહી છે કે પતિના ગુણો હવે વિશ્વવ્યાપી બનવા તલસી રહ્યા છે ! જે સહુના હોય તેને સંભાળવાની ફરજ સતીની છે. પણ પતિને પોતાની પાસે સંધરીને પોતાનામાં સીમિત કરી શોષી લેવો એ વીર પત્નીનું કર્તવ્ય નથી. આથી જ દ્રૌપદી પોતાના પ્રાણ પ્રિય અર્જુનને કહે છે.... "તમારો

આજનો આ ઉભળકો અદ્‌ભુત છે. તમે વનવાસ દરમ્યાન અમૂલ્ય અનુભવો મેળવશો! આપને અનેક વિદ્યાની પ્રાપ્તિ થશે! ચારે બાજુ આપની કીર્તિ પ્રસરી જશે! આપ અનેક પ્રકારની લક્ષ્મીના ભંડારથી ભરપૂર થઇ જશો.... અને હે નાથ! આપને એવી મહાન જાત્રાઓ થશે કે આપ પાછા વળ્યા હશો ત્યારે હું આપના પવિત્ર દેહને આલિંગન આપીને ધન્ય કૃતાર્થ બની જઇશ! ....બસ, સ્વામિન્! આવી આપની સિદ્ધિ થવાની હોય ત્યાં મને આવ્યા વિના કેમ ચેન પડે? પણ હું જાણું છું, હું આપને જંગલમાં કોઈ રીતે સહાયક નહીં થાઉં.... મારા કારણે આપનો બોજ વધશે. માટે જ મેં મારી તીવ્ર તમન્ના આપની સાથે આવવાની હોવા છતાંય મારી જાતને પરાણે પણ રોકી રાખી છે!" આટલું કહેતાં તો દ્રૌપદી પુનઃ ગળગળી થઈ ગઈ. પ્રસ્થાન આદરી રહેલ પતિદેવને અંતિમ આલિંગન આપી ધન્ય બની!

અર્જુન પણ દ્રૌપદીની વાતથી મુગ્ધ થયેલ છે. ચતુર દ્રૌપદીના સ્નેહ-પાશને છોડીને જવું અર્જુન માટે પણ વસમું હતું. છતાંય આ બધા આત્માઓ ભોગવીર નહીં, પણ કર્મવીર હતા. કર્મ-ફરજના ખાતર ત્યાગ કરવામાં તેમને કોઈ ભાર લાગતો જ ન હતો!

અર્જુન એક મહાત્મા એક સંત પુરુષની અદાથી એકાકી તૈયાર થઇ ચૂકયા છે! પુરજનોના હૃદયના ધબકારા અને અર્જુનના પગરવ સિવાય કશું જ સંભળાતું નથી. લોકો એકદમ શાંત થઈ ગયા છે. કુરુવંશના કર્તવ્યપંથી અર્જુ-

નનું આ મંગલ પ્રયાણ હસ્તિનાપુરની ધૂળને આજે પવિત્ર કરી રહ્યું છે. પુરજનોએ વિદાય લેતા અર્જુનને સજલ નયને નિહાળ્યા જ કર્યા છે. અર્જુને પણ એકવાર પાછા ફરીને નગરજનોને નિહાળ્યા અને પ્રાણ પ્રિયા દ્રૌપદી સમક્ષ એક પ્રણય ભરી નજર નાંખી જાણે કહ્યું....

"દ્રૌપદી! તારો સ્નેહ કબૂલ છે. પણ કર્તવ્ય કરતાં તેની કિંમત ઓછી છે. મને હવે જવા દે...."

અને ધીમે ધીમે પુરજનોએ ભારે હૈયે વિદાય લેવા માંડી. સહુ વિચારતા હતા આ પ્રસંગ સુખદ છે કે દુઃખદ ....ગમે તેમ હોય પણ પ્રસંગ ચિરસ્મરણીય હતો....

અર્જુન.... સ્વજનોના પ્રેમને વટાવી હવે વનની વાટે આવીને ઊભા છે....!

(હવે આગળ જુઓ પૃષ્ઠ ૩૧૩)

❋ પ્રવચનસાર

卐 પ્રત્યેક ભારતીય મનુષ્યે મહાભારતનું વાંચન કરવું જરૂરી છે. મહાભારત માત્ર ઈતિહાસ નથી.... સફળ જીવન જીવવાનો નકશો પણ છે.

卐 જે પરિસ્થિતિ તમારા માટે નિર્મિત હોય તે માટે તમારે હરખભેર તૈયાર થવું જોઈએ.

卐 અચાનક પાપોદય આવે તો ગભરાતા નહીં પણ અચાનક પુણ્યોદય આવી ગયો હોય તો ખૂબ સાવધાન રહેજો.

卐 દુઃખ ભોગવવાની ટેવથી સુખી થવાય છે. સુખ ભોગવવાની ટેવથી દુઃખી બનવું પડે છે.

卐 સંસ્કારોનું જોર જબરજસ્ત હોય છે. એક ભવમાં પાંચ પતિના મનસુબામાં રાચનાર દ્રૌપદીને બીજા ભવમાં પાંચ પતિ મળ્યા તે સંસ્કારનો પ્રભાવ છે.

卐 દુઃખમાં દીક્ષા લે તે અનુમોદનીય ગણી શકાય પણ દુઃખથી ડરીને જ દીક્ષા લે તેને કોઈવાર આગળ જઈને પણ પાછા ફરવું પડે.

卐 સંયમ જીવનમાં મોટામાં મોટી ચીજ ગુરુ આજ્ઞાનું પાલન છે.

卐 જિન આજ્ઞા વિનાનો ઉદ્યમ એટલે તરસ છીપાવવા માટે અગ્નિનું પાન.

卐 સ્વતંત્ર સાધુ–સાધ્વીજી કદાચ દુનિયાનું મનોરંજન કરી શકે.... પણ ભવથી પાર તો તે જ સાધુ સાધ્વીજી પામી શકે છે કે જેઓ ગુરુતંત્ર અને શાસ્ત્રતંત્ર હોય.

卐 ડાહ્યા માણસો તો સમજે કે જગત જે રીતે ચાલે છે તે બરોબર છે. તેમાં બહુ સંઘર્ષ કરવા જેવો નથી. પણ દોઢ ડાહ્યાઓ સમજે છે પોતાની દખલગિરિ સિવાય આ જગતમાં કોઈ પણ ચીજ ચાલી નહીં શકે.

卐 ઝઘડાને અને સ્ત્રીને બહુ સંબંધ છે. મોટાભાગના ઝઘડાઓ સ્ત્રીઓ કરતી હોય છે. જે ઝઘડાઓ સ્ત્રીઓ કરતી નથી હોતી તે ઝઘડાઓ પણ હોય પુરુષોના તો પણ સ્ત્રીઓ માટે જ, અને જે ઝઘડાઓ સ્ત્રીઓના કે સ્ત્રી માટેના નથી હોતા તેવા પણ ઝઘડાઓ હોય છે તો એ સ્ત્રીઓ એ જ ઊભા કરેલા હોય છે અથાત્ **ઝઘડો એટલે સ્ત્રીઓથી થતો અથવા સ્ત્રીઓ માટે થતો.... અથવા સ્ત્રીઓ દ્વારા થતો... એક શબ્દ સંગ્રામ !**

卐 નારદ એ ભલે એક બ્રહ્મચારીનું નામ હોય પણ તે નામ કુખ્યાત બની ગયું છે. નારદ બંનેય પક્ષને પહેલાં લડવાનું કારણ શોધી આપે. પછી લડાઈ જામી જાય

ત્યારે બંનેય પક્ષની સમજૂતી કરવા જાય. આવી રીતે બંનેય પક્ષને ભેદાન-ભેદાન કરી ન્યાયના નામે લડત ચલાવી પોતાનો પટારો ભરે તે નારદ!

卐 નારદજી જેવા પવિત્ર અને બ્રહ્મચારીને પણ તમાશો જોવાનો ઉમળકો હોય તો એ મોહની જ બલિહારી છે.

卐 મન મજબૂત હોય તો નિયમનું શું કામ છે? નિયમથી શું ફાયદો? આમ ઘણા કહે છે પણ હું પૂછું છું મન મજબૂત છે તો નિયમ લેવામાં વાંધો કયાં છે? મન મજબૂત છે તો નિયમ લેવાના ફાયદા ઘણા છે.

(૧) જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન.

(૨) જે ગુરુ પાસેથી નિયમ ગ્રહણ કરો તેના આશીર્વાદ

(૩) જે ગુરુ પાસેથી નિયમ ગ્રહણ કરો તેના આધ્યાત્મિક વારસાના આંશિક પણ તમે વારસદાર બનો છો.

卐 દ્રૌપદી શીલવંતી સતી છે એ વાત બરી પણ તેનો માર્ગ એ માત્ર વ્યક્તિમાર્ગ છે, અને તે માત્ર દ્રૌપદીના એકલા માટેનો જ માર્ગ છે.

卐 સહુને સુખના માર્ગે ચઢાવવા માટે પોતાને દુઃખના માર્ગે જવું પડે તો પણ જાય તેનું નામ નાયક કહેવાય.

卐 અર્જુન એક શ્રેષ્ઠ નાયક છે. તે જાણે છે કે હું કોઈને સત્કાર્ય કરવાનું કહીશ તો કોઇ અન્યને કરવાનું કહેશે. પણ હું સત્કાર્ય કરી લઇશ તો જ બીજો પણ તે કાર્ય કરશે.

卐 પહેલાં તમે વચનને પાળો પછી વચન તમને પાળશે. અર્થાત્ તમારું વચન હંમેશા સિદ્ધ થશે.

卐 મા–બાપની આજ્ઞા તો અવશ્ય માનવી જ જોઈએ પણ મા–બાપના અનુરોધ કે અનુનયને આધીન થવું એ જરૂરી નથી.

卐 દ્રૌપદી અર્જુનને વિદાય કરે છે તે પ્રસંગમાં જ તેમનું નારીત્વ ખીલ્યું છે તે પતિ ભલે પંડમાં સમાય પણ પતિની પ્રતિભા તો પૃથ્વી પર પથરાવવી જ જોઈએ. તેવી એક શીલવતી સતીની ઝંખના હોય છે.

卐 વનવાસ એ જ મહાપુરુષોની જનેતા છે. વનવાસ બાદ જ વ્યક્તિના જીવનમાં શક્તિના સ્રોતો ખૂલ્લા થાય છે.

卐 'વનવાસ' નો સ્થૂલ અર્થ છે.... વનમાં જઇને વસવું. વનવાસનો સૂક્ષ્મ અર્થ છે... કોઈની પણ અપેક્ષા વિના, કોઈની પણ સહાયતા વિના પોતે પોતાની જાત પર જીવવું.

卐 સાત્ત્વિક આત્મા માટે વનવાસ રાજ્યવાસ કરતાંય ઘણો ઉપકારી બને છે.

卐 કર્તવ્ય એ જીવનની શાળાના વર્ગો છે. (Periods) જ્યારે લાગણી એ રીસેસ છે. (Recess) જીવનમાં લાગણી અને કર્તવ્યનું પ્રમાણ સમજવા માટે અર્જુન એ ઉત્તમ ઉદાહરણ છે.

卐 કર્તવ્યના ભાન વિનાની લાગણી એટલે ઘેલછા, અને ગમે તેવી ઘેલછા આવી હોવા છતાંય કર્તવ્યના નામે ઘેલછાને સમેટી શકે તેનું નામ જ સાચી લાગણી.

卐 કર્તવ્ય વિનાની લાગણી મીઠા વિનાની દાળ જેવી છે.

卐 લાગણી અને કર્તવ્યમાંથી એકનો ત્યાગ જ્યારે પણ કરવાનો અનિવાર્ય બન્યો છે ત્યારે મહાપુરુષોએ લાગણીનો ત્યાગ કર્યો છે.

卐 જગતની આ દુકાનમાં પ્રભુ પરમાત્માને મહાનતાનો ભાવ પૂછવા માટે ઘણા આવે છે પણ મહાનતાની ખરીદી કરનારા બહુ ઓછા હોય છે.

卐 દુઃખ, જગતરૂપી બારદાનમાં કેવો માલ છે તેનો પરિચય આપે છે.

卐 જગતના બધા સુખોમાં સૌથી ઉંચું કોઈ સુખ હોય તો દુઃખ ભોગવી શકવાનું સુખ.

卐 દુઃખ ભોગવીને સુખી થવાનો કિમીયો એટલે સંયમ.



કથાસાર

(પૃ. ૩૦૭થી ચાલુ)

⁂ અર્જુનનો વનવાસ

દ્રૌપદી, પાંડવો અને નગરજનો દૃઢ અને સાત્ત્વિક અર્જુનને હજી નીરખી જ રહ્યા છે....ધીમે ધીમે અર્જુનની આકૃતિ ઝાંખી થતી દેખાય છે. નગરજનોની દૃષ્ટિ હજી ત્યાંથી ખસતી નથી. પણ હવે તો માત્ર દૂરની દિશાઓ સિવાય કશું જ દેખાતું નથી. એટલે બધાય ભારે મને પાછા વળે છે. સહુના મુખ પર અર્જુનની વાહવાહ છે.

⁂ મંગલકારી જિનદર્શન

ધર્મવીર અર્જુન પણ જાણે આજે યોગી બન્યા છે! સહુથી વિખુટા પડેલા અર્જુનને હવે આ વનની નીરવ શાંતિ વિચારોના ગહન વનમાં લઈ જાય છે. અર્જુન જેમ જેમ વનમાં ઊંડાને ઊંડા પ્રવેશતા જાય છે તેમ તેમ જંગલી પ્રાણીઓના વિવિધ અવાજો સ્પષ્ટ થતા જાય છે. અર્જુન સાવધાન થઈને ચાલે છે પણ તેમને કોઈનોય ડર નથી. મસ્ત ફકીરની અદાએ ચાલતા અર્જુન પ્રકૃતિના આ સૌંદર્યને નિરખતાં નિરખતાં પેલા ભેંકારના ધ્વનિને એક મધુર સંગીત સમજી સાંભળી રહ્યા છે. **મૃત્યુને મુઠ્ઠીમાં બાંધીને ચાલતા મહાત્માને વળી ડર કોનો?** આગળને આગળ જતાં એક

ટેકરી દેખાઈ. ટેકરી ઉપર સ્પષ્ટ રીતે જ કોઈક સુંદર મંદિર દેખાતું હતું. મંદિરનું શિખર તો જાણે અર્જુનને બોલાવી રહ્યું હોય તેમ લાગતું હતું. આ શિખર પર એક અદ્‌ભુત પુષ્પ દેખાતું હતું. આ વિશાળ પુષ્પને જોઈને અર્જુનને આશ્ચર્ય થયું. મંદિરને જોઈને કોઈ માનવની વસ્તીનો અર્જુને કયાસ કાઢયો. માનવ મન જ વિચિત્ર છે. વસ્તીમાં તે માનવથી કંટાળે છે. શૂનકારમાં તે માનવ વિના કંટાળે છે. સ્વાભાવિક જ છે કે આ જંગલમાં માનવ સંપર્ક થવાના ખ્યાલે અર્જુનમાં એક આનંદની લહેર ઊઠી. પેલા પુષ્પ અને શિખર તરફ જવા અર્જુનના પગ જોરથી ઊપડી ગયા. થોડીજ ક્ષણોમાં દેવ વિમાન જેવા જિનમંદિરની પાસે અર્જુન આવી ગયા. નજીક જતાં જ એમને સમજ પડી ગઈ "આ મંદિરમાં વીતરાગ દેવની જ પ્રતિમા છે! પોતાનો પૂજા કરવાનો મંગળ મનોરથ પૂર્ણ થશે. નજીકની વાવમાં સ્નાન કરી અર્જુને પોતાના થાકને હળવો કર્યો. જિન મંદિરમાં પ્રવેશતા અર્જુનના રોમાંચ ખડા થઈ ગયા. વનવાસના પ્રથમ જ પ્રયાણે આવું મંગલકારી જિનમંદિર મળશે તે અર્જુનની ધારણા બહાર હતું.

જિન મંદિરમાં બિરાજમાન આદિનાથ ભગવાનને જોતાં અર્જુને સ્તુતિનો આરંભ કર્યો.

"પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્ય ચિદ્‌દ્રડ્‌મયં,
રૂપાતીતમયં સ્વરૂપરમણં સ્વાભાવિકશ્રીમયં
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં સ્યાદ્‌વાદ વિદ્યાલયં,
શ્રી સિદ્ધાચલ તીર્થરાજમનિશં વંદેડહમાદીશ્વરમ્"

મનના મોરલાએ આજે પ્રભુની પાસે ધરાઈ ધરાઈને નૃત્ય કર્યું. અર્જુન પૂજાવિધિ પરિપૂર્ણ કરી બહાર નીકળ્યા. સમસ્ત મંદિરની વિશાળ ભમતીમાં ભ્રમણ કરવા લાગ્યા. તેમના મનમાં ધારણા હતી કે કોઈ માનવ મળશે, પણ હજી સુધી કોઈ દેખાયું ન હતું.

⁘ આપઘાત શા માટે ?

આખરે પર્વતના એક ખૂણે જરા સરખો અવાજ થયો. અર્જુનના આંખ અને કાન બંનેય ત્યાં કેન્દ્રિત થયા. સફાળા અર્જુન તે પર્વતની ધાર પર આવ્યા. એક માણસ આ પર્વત પરથી પડીને પોતાની જિંદગી પૂર્ણ કરવા ઝંખી રહ્યો હતો. એક સુશીલ નારી આંખમાંથી આંસુ સારી રહી હતી.—"દેવ મને છોડીને કયાંય ન જતા." પણ પેલો પુરૂષ તો જાણે જીવનને ટૂંકું કરવા તલ પાપડ હતો. અર્જુનથી આ ન જોવાયું. તેમનું દયા ભરેલું હૈયું દ્રવી ઊઠયું. પુરુષ મુખ પરથી સજ્જન લાગતો હતો. તેનો ચહેરો તેની કુલીનતા અને શીલમયતાનો પરિચય આપતો હતો. આવો સજ્જન માણસ કેમ આપઘાત કરવા ધરછે છે ? એ પ્રશ્ન અર્જુનને મુંઝવી રહ્યો હતો.

અર્જુને સહસા જ પૂછ્યું—"હે સજ્જન શિરોમણિ ! તું ચહેરા પરથી ભવ્ય માનવ લાગે છે. તારા પર કોઈ અજ્ઞાત આફત ત્રાટકી હોય તેવું હું સમજું છું. પણ આફતનો સામનો એ જ સાચું જીવન છે. તું શા માટે મૃત્યુ માટે ઉતાવળો થયો છે. તારે કોઈ દુઃખ હોય તો કહે. શકય

હશે તો હું અવશ્ય નિવારણ કરીશ.” પેલો અજાણ્યો પુરૂષ પણ અર્જુનના આ સૌજન્ય અને દયાભાવથી ઉપકૃત છે. અર્જુન કોઇ મહાપુરુષ છે તે સમજતા તેને વાર નથી લાગતી. પેલો માનવી અર્જુનને કહે છે–“ભાઇ ! તમે પરોપકાર પરાયણ છો. બીજાના દુઃખે દુઃખી થવાની તમારી આદત હોય તેવું લાગે છે. પણ મહેરબાની કરો, મારા જેવા પાપીને એકલાને જ દુઃખી થવા દો. આપ જરાય દુઃખી ન થાવ.”

અર્જુન–“ઓ સાત્વિક શિરોમણિ ! તારું દુઃખ ન કહીને તું મને દુઃખમાંથી દૂર કરવા ઈચ્છે છે પણ તું ભૂલે છે. હું કુરુવંશીય છું. મારા કુળમાં એક જ સંસ્કાર છે. માત્ર સ્વના જ સુખે સુખી ના થવું. પણ પરના દુઃખે દુઃખી થવું. તેથી જ્યાં સુધી તું મને તારા દુઃખની વાત નહીં કહે ત્યાં સુધી મારું દુઃખ વધતું જશે. માટે મહેરબાની કરીને તારી વાત સંભળાવ.” પેલા આપઘાત ઉત્સુક પથિકનો હવે છૂટકો ન હતો. તેણે પોતાનો પરિચય આપવાનું શરૂ કર્યું.–“હું મણિચૂડ છું. કનકસુંદરી મારી માતા છે. ચંદ્રાવતંસ મારા પિતા છે. આ મંદિરથી દક્ષિણ દિશામાં દેવોની પેલી દૂર સુદૂરની રત્નપુરી નગરી મારું નિવાસ-સ્થાન છે. મારે એક પ્રભાવતી નામની બેન છે.”.... અને વિદ્યાધરે પોતાનો વૃત્તાંત આગળ વધાર્યો.

....“યૌવનમાં આવતા મારા માતા–પિતાએ મારા લગ્ન કરવાનું નક્કી કર્યું. ચંદ્રાપીડ રાજાની રૂપવતી પુત્રી ચંદ્રાનનાની સાથે મારા લગ્ન થયા. મારી બેન પ્રભાવતીને પણ હિરણ્યપુરના રાજા હેમાંગદ સાથે પરણાવી દીધી. અમારો

સમય આનંદથી વ્યતીત થવા માંડયેા. મેં પણ કાળે કાળે કુળ પરંપરાથી આવેલી વિદ્યાને પ્રાપ્ત કરી. સમય તેા પાણીના રેલાની માફક પસાર થતેા હતેા. મારા પિતા મૃત્યુ પામ્યા. મંત્રીઓએ મને રાજગાદીને ચેાગ્ય જાણી રાજ્યાભિષેક કર્યો. મારે હવે કેાઈ ચિંતા હતી નહીં. પરરાજ્યના રાજાઓને મારા પ્રત્યે સારેા ભાવ હતેા. એક માત્ર મારેા પિત્રાઈ ભાઈ વિદ્યુત્વેગ મારાથી નારાજ રહ્યા કરતેા હતેા. મારા પ્રત્યે શું દુર્ભાવ હશે તે હું સમજી શકતેા ન હતેા. પણ તે મારા માટે ખૂબ જ વૈરભાવના રાખતેા હતેા. તેણે આજુબાજુના વિદ્યાધરેાને સમજાવીને એક મેાટું સૈન્ય એકત્રિત કર્યું. જ્યારે તે મારા રાજ્ય પર ચઢી આવ્યેા ત્યારે જ મને ખ્યાલ આવ્યેા કે મારેા પિત્રાઈ ભાઈ મારા પ્રત્યે ખૂબ જ ઈર્ષ્યા ધરાવે છે. મારે તેની સાથે લડાઇ કર્યા વિના છૂટકેા ન હતેા. પણ યુદ્ધ માટે મારી કેાઈ તૈયારી હતી નહીં. મારેા પિત્રાઇ ભાઈ વિદ્યુત્વેગ બધી જ રીતે તૈયાર થઈને આવેલેા છતાંય મેં જોરદાર પ્રતિકાર કર્યો. જોરદાર લડત ચાલી પણ મારી હાર થઈ. મારા પિત્રાઈ ભાઈએ જ મને રાજ્યભ્રષ્ટ કર્યો. મને હડધૂત કરી નગરની બહાર કાઢી મૂકયેા. આવા હલકા વર્તાવની મેં વિદ્યુત્વેગ પાસેથી કદી આશા રાખી ન હતી. બીજા મારા મિત્ર રાજાઓ પણ વિદ્યુત્વેગના વધતાં બળને જોઈને મને સહાય કરવા તૈયાર ન થયા. હું સમજી ચૂકયેા છું કે **જેનેા પુણ્ય સાથી નથી તેનેા કેાઈ સાથી બનતેા નથી.** મારું હૃદય આ પ્રસંગથી સંસારથી કંટાળી ગયું છે. હું હવે આ સ્વાર્થી સંસારમાં લાંબું જીવવા માંગતેા નથી. અને તેથી જ આપઘાત કરવા અહીં આવ્યેા છું. પણ આ મારી પત્ની એ વાત કયાંયથીય જાણી

ગઈ છે અને હવે મારી વચમાં આવે છે. જીવન તો હું શાંતિપૂર્વક જીવી નથી શકયો પણ હવે આ સ્ત્રી મને શાંતિથી મરવા પણ દેતી નથી. એ સાત્ત્વિક શિરોમણિ ! આટલી જ મારા દુખિયારાની આ કથા છે. બસ, હવે તું પણ મને આ દુનિયાનો ત્યાગ કરવા માટે વિદાય આપ. સજ્જન પુરુષ! મારી આટલી નાની પ્રાર્થનાને તું અવશ્ય સ્વીકારજે.”

❋ વિદ્યાધર મણિચૂડને સહાય કરવાનો નિર્ણય

આ વૃત્તાંત સાંભળતા અર્જુનનું હૈયું દ્રવી ઊઠયું. તેનામાં રહેલી પરોપકારવૃત્તિ જાણે તેને પડકાર કરી રહી છે. “ઊઠ ! તારા દુઃખને રડીશ નહીં. જગતમાં જે દુઃખી હોવા છતાંય બીજાના દુઃખને સમજી શકે છે, બીજાના દુઃખને નિવારવા માટે પ્રયત્ન કરી શકે છે તે ખરેખર સુખી જ છે. અર્જુન વિદ્યાધર મણિચૂડને કહે છે–“એ શ્રેષ્ઠ વિદ્યાધર ! તારો આપઘાત કરવાનો વિચાર પડતો મૂક. માનવ જીવનને જો ફોગટમાં નાશ કરવાનું હોય તો માનવ જીવનની મહત્તા મુનિઓએ ગાઈ ન હોત. માનવ જીવન તો પવિત્ર અને મોંઘેરું જીવન છે. સુખ-દુઃખ, સંપત્તિ–વિપત્તિ તો ક્ષણિક છે, તે માટે કંઈ જીવનનો નાશ ન કરાય. અને હવે મણિ-ચૂડ! તમે સમજી લેજો કે તમને પાંડુપુત્ર ધનુર્ધર અર્જુનનું શરણ મળ્યું છે. મારો નિશ્ચય છે કે હું તમને તમારા અન્યાયી પિત્રાઇ ભાઈ વિદ્યુત્વેગ પાસેથી તમારું રાજ્ય અવશ્ય પાછું અપાવીશ.”

અર્જુનની આ વાત સાભળતાં વિદ્યાધર મણિચૂડમાં

નવું સામર્થ્ય પ્રગટયું. પાંડુપુત્ર અર્જુનના દર્શન એ પણ પુણ્યનો અવસર ગણાતો હોય તો આજે સાક્ષાત્ અર્જુન જ પોતાને મદદ કરવાનું કહે તો કેટલું મોટું સૌભાગ્ય કહેવાય!!! હર્ષઘેલા મણિચૂડમાં એક નવીન જીવિતાશા ઊભરાવા માંડી. તે અર્જુનની અમોઘ બાણવિદ્યાથી પરિચિત હતો. અને તેથી જ તેણે અર્જુનને કહ્યું–"ભાગ્યવાન! તમે મને સહાય કરશો એ વાત ખરી. પણ, એક ભૂચરે, એક માનવીએ જો એક વિદ્યાધરનો સામનો કરવો હોય તો અવશ્ય એણે વિદ્યાઓ સિદ્ધ કરી લેવી જોઇએ. આપ પરોપકારી છો.... આપ સાત્વિક છો....આપ જ મને આ આફતમાંથી બચાવી શકશો. તેથી જ કહું છું કે, "ઓ ધનંજય! ઓ અર્જુન! તમે હવે મને પ્રાપ્ત થયેલી વિદ્યાઓને પહેલાં સિદ્ધ કરો અને પછી અવશ્ય મારા શત્રુગણનો સામનો કરજો."

અર્જુનને તો ગમે તેમ થાય પરોપકાર જ કરવાનો હતો. આ જંગલમાં....આ વનવાસમાં અર્જુનને પરાર્થ સિવાય અન્ય કશું કાર્ય કરવાનું ન હતું. મહાપુરુષોની એ જ સિદ્ધિ હોય છે કે તેઓ પરના દુઃખને દૂર કરવામાં પોતાનું બધું જ દુઃખ ભૂલી જાય છે.

આજે હવે અર્જુનને ન તો દ્રૌપદીની યાદ આવે છે ....ન તો પાંડવ બંધુની યાદ સતાવે છે....ન તો માતા કુંતીનો સ્નેહ તેમના અંતરને ચચરાવે છે. કારણ આજે અર્જુનના મસ્તક પર એક કર્તવ્ય આવીને ઊભું રહ્યું છે. કર્તવ્ય એ એવી પુણ્યમય તક છે કેજો તમે તેને વફાદાર રહો તો તમને આ ધરતી પર પણ એક મન માન્યું સ્વર્ગ મળે.

❋ શ્રી અર્જુનની વિદ્યાસિદ્ધિ

અર્જુન નમ્ર ભાવે વિદ્યાધર મણિચૂડને કહે છે–"ઓ વિદ્યાધર વરેણ્ય ! તમારી કોઈપણ વાત મારે પ્રમાણ છે. આપ મને યોગ્ય સમજો તો વિદ્યા આપો. હું તે વિદ્યાઓને પ્રાણાંતે પણ સિદ્ધ કરીશ." મણિચૂડે હવે પોતાની પત્ની ચંદ્રાનનાને કહ્યું–"જો પ્રિયે ! તું માત્ર મને પગ પકડીને એક આપઘાત કરવા જતાં રોકતી હતી પણ મારે જરૂર હતી કોક હાથ પકડનારની ! કુરુવંશના આ વિખ્યાત નબીરા અર્જુનની કીર્તિથી તું પણ પરિચિત છે. આજે એ અર્જુન આપણા કોઇ પરમ ભાગ્યે અહીં આવેલ છે. હવે મારા જ કાર્ય માટે અર્જુન વિદ્યા સિદ્ધ કરશે. અને જગતને બતાવશે કે એચર (વિદ્યાધર) કે ભૂચર (મનુષ્ય) મોટો નથી પણ મોટો માનવો તો કૃપાપર (દયાલુ) હોય તેજ બની શકે છે. હવે મારા અને તારા દુઃખના દિવસો દૂર થયા છે. પણ પ્રિયે ! આ વિદ્યા સાધના દરમ્યાન હું મહાત્મા અર્જુનનો સેવક બનીશ. તારું અત્રે હવે કોઈ કામ નથી. મહેરબાની કરીને જો તું તારા પિતા ચંદ્રાપીડને ઘેર જાય તો હું અત્રે શાંતિથી અર્જુનને વિદ્યા સાધનામાં સહાય કરી શકું." ચતુર ચંદ્રાનના પોતાના પ્રિયની આ સિદ્ધિમાં વિઘ્ન ન આવે માટે શીઘ્ર પોતાના પિતાના ઘર તરફ ઊપડી. મણિચૂડ તેને વળાવીને પુનઃ મહાત્મા અર્જુન પાસે આવ્યો. અર્જુને ખૂબ જ વિનય પૂર્વક વિદ્યાઓ ગ્રહણ કરી. પદ્માસન લગાવીને ધ્યાનસ્થ થયો. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ

અર્જુનની કસોટી વધતી ગઇ. કોઈ રાક્ષસોએ આવીને તેને વિદ્યા સાધના ભંગ કરવા અનેક ઉપદ્રવો કરવા માંડ્યા. કોઈવાર અર્જુનની ચારે બાજુ કોઈ માનવ શબના ટુકડાઓ વેરાઈ જતા હતા. કોઈકવાર માનવીય ખોપરીઓની માળા પહેરેલા અને ભયંકર ત્રાડો પાડતા રાક્ષસો પોતાની ભયંકર ત્રાડથી અર્જુનને હચમચાવી નાંખવા પ્રયત્ન કરતા હતા. ધીર અને શાંત અર્જુન પોતાની સિદ્ધિ સિવાય કયાંય અટકે તેમ ન હતા મહિનાઓ થવા માંડ્યા. આવા રાક્ષસોના ઉપદ્રવોથી હવે તે ટેવાઇ ગયા હતા. હાથી અને સિંહના ભયંકર રૂપવાળા દેવોથી તે જરાય ડરતા ન હતા. પેલા વિઘ્નકારી તત્ત્વો સર્પ બનીને શરીરે વિંટળાઈ જાય તોય અર્જુનનું રૂંવાડું ફરકતું ન હતું. આખરે પેલા વિઘ્નકારી તત્ત્વોએ કરામત અદ્દલી હવે તેઓએ માતા કુંતીનું રૂપ ધારણ કર્યું. અર્જુનની પાસે આવી આજીજી ભર્યા સ્વરે વિલાપ કરવા માંડી. પેલી દ્રૌપદીનું રૂપ ધારણ કર્યું પણ અર્જુનને પોતાના ધ્યાનમાંથી જરાય ચલિત ન કરી શકયા. આમ ને આમ છ માસ પૂર્ણ થવા આવ્યા. અર્જુને આઠેય મહા વિદ્યાઓને સિદ્ધ કરી. આખરે વિદ્યાની અધિષ્ઠાયિકા દેવીઓ વિદ્યુત જેવા કડાકા સાથે આવીને ઊભી રહી. હાથ જોડીને ઊભી રહેલ આ આઠેય વિદ્યાદેવીઓ કહી રહી છે "સત્ત્વ શિરોમણિ! અમે ભલે વિદ્યાધરોની વિદ્યા દેવીઓ છીએ. પણ અમારે મન તો સાધક તે જ વિદ્યાધર છે. તું માનવ હોવા છતાંય તારા અદ્‌ભુત સત્ત્વ અને ધૈર્યથી અમે પ્રસન્ન છીએ. હવે તું કંઈક આજ્ઞા કર."

❋ સિદ્ધિ છતાંય નિઃસ્પૃહતા

છ માસની સાધનાને અંતે પોતાનું ધાર્યું કાર્ય સિદ્ધ થતાં અર્જુન પરમ પ્રસન્ન થયા. તેમણે આ આઠેય વિદ્યા દેવીઓને કહ્યું–"જો તમે આઠેય સિદ્ધ થઇ હોય તો મારા ઉપકારી મારા વિદ્યાગુરુ મણિચૂડનું તમે સતત સાંનિધ્ય કરો. તેની અધિષ્ઠાયિકાઓ બનો." વિદ્યાદેવીઓના આશ્ચર્યનો પાર નથી આવી ઘોર સાધના બાદ મળેલા ફળને બીજાના ચરણમાં સમર્પિત કરી દેવાની અર્જુનની ભાવનાથી વિદ્યાદેવીઓ પણ અર્જુનના ચરણમાં ઝૂકી જાય છે. "અર્જુન! તું અર્જુન જ છે! પરના માટે તમામ સિદ્ધિઓ ને સમર્પિત કરી દેવાની ભાવના પણ મહાન પુણ્યોદય વિના પ્રાપ્ત થતી નથી." વિદ્યાદેવીઓ તે સાત્વિક શિરોમણિ અર્જુનને વંદન કરી રહી છે. વિદ્યાદેવીઓ કહે છે–"હે કુરુવંશ શિરોમણિ અર્જુન! તેં વિદ્યા સાધના વડે અમારાં આસન ચલાયમાન કરી દીધાં છે. પણ આ સિદ્ધિ બીજાને આપવાની તારી ભાવનાથી તો તેં અમારાં મન પણ ચલાવી દીધાં છે. છતાંય ઓ નરોત્તમ અર્જુન! અમારી એ મર્યાદા છે કે અમે એનું જ સાંનિધ્ય કરી શકીએ કે જેણે વિદ્યા સાધના કરી હોય. હવે અમે પળ–પળ તારું સાંનિધ્ય કરીશું. પણ મણિચૂડે વિદ્યાઓ સિદ્ધ નથી કરી. મણિચૂડે જે વિદ્યાઓ તને આપેલી છે તે તેને પરંપરાથી મળી છે. પણ તેણે તેની સાધના કરી નથી. સાધના વિના વિદ્યા કયાંથી ફળે! અર્જુન! અમે તારા પર સદાય પ્રસન્ન છીએ. તું યાદ કરીશ ત્યારે અમે હાજર થઈશું."

વિદાય લેતી વિદ્યાદેવીઓને અર્જુન કહે છે, "આપ દેવીઓ છો, આપના દર્શને મારા મનોરથ પૂર્ણ થવા જોઈએ, તેના બદલે આપ જેવાના દર્શને મારું તો કોઈ જ કાર્ય સિદ્ધ થતું નથી. આપ અનુગ્રહ કરીને મારું કાર્ય પુરું કરો."

❋ મણિચૂડને વિદ્યા સહાયક શ્રી અર્જુન

વિદ્યાદેવીઓ—"અર્જુન! તારી ભાવના છે કે, અમે મણિચૂડનું સાંનિધ્ય કરીએ પણ તે માટે તારે મણિચૂડને વિદ્યાઓની સાધના કરાવવી પડશે. જા, અમારું વરદાન છે કે તું જો મણિચૂડને વિદ્યા સાધનામાં સહાયક થઈશ તો તેને પણ વિદ્યા તરત જ સિદ્ધ થશે,! પણ સાધના તો કરવી જ પડશે!"

પરોપકારમાં નિરત અર્જુને હવે મણિચૂડને વિદ્યાસાધના કરવા બેસાડ્યો. પરોપકારી—સાત્વિક અર્જુનની સહાયથી મણિચૂડને પણ શીઘ્ર વિદ્યા સિદ્ધ થઇ.

વિદ્યા સિદ્ધ થતાં જ બે દિવ્ય વિમાનો ત્યાં આવ્યા. વિમાનોમાંથી અનેક ગાંધર્વો ઊતર્યા. તેમણે આ બંનેને—વિદ્યાસાધકોને સ્નાન કરાવ્યા....સુગંધી વિલેપનો કરાવ્યા.... મોંઘામૂલા વસ્ત્રો અને અલંકારો પહેરાવ્યા....કોઈ તેમને છત્ર ધરવા લાગ્યા....કોઈ ચામર વીંઝવા લાગ્યા....કોઇ ભેરી અને મૃદંગ વગાડી તેમના ગુણો ગાવા માંડ્યા....!

અર્જુન અને મણિચૂડ વધુ વિચાર કરે તે પહેલાં તો મણિચૂડની પ્રિયા પોતાના પતિને વિદ્યા સિદ્ધ થયેલી જાણીને ત્યાં દોડી આવી. પોતાના પ્રિયની સિદ્ધિમાં સહાયક અર્જુનની ગવાય તેટલી ગુણાવલી ગાવા લાગી. પેલા ગાંધર્વો વિદાય થયા પણ વિમાનો હાજર હતા. અર્જુને પળના પણ વિલંબ વિના કહ્યું, "ચાલો, મણિચૂડજી ! આપના નગરમાં પહોંચી જઈએ, અને પેલા વિદ્યુતવેગને ખબર આપી દઈએ કે હવે તારા દિવસો પૂર્ણ થયા છે. કયાં તો ન્યાયને અનુસર અને રાજ્ય પાછું આપી દે અને અન્યાય જ કરવો હોય....અને....રાજ્ય પાછું ન જ આપવું હોય તો લડવા તૈયાર થઈ જા !"

વિમાનમાં આરૂઢ થઈને રત્નપુર શહેરની નજીક તેઓ બંને આવી ગયા. આ સત્યશિરોમણીના આગમને રત્નપુરની બહાર હજારો લોકો આવવા માંડયા. બધાએ તેમને યુદ્ધ કરી વિદ્યુત્વેગને પીસી નાંખવા જણાવ્યું, પણ ન્યાયની મર્યાદા જાણનાર તેઓએ સૌથી પહેલા દૂત દ્વારા વિનંતિ કરવાનું જ પગલું લેવું યોગ્ય માન્યું. અર્જુનના દૂતે ત્યાં જઈ વિદ્યુત્વેગને અર્જુનનો સંદેશો જણાવ્યો. વિદ્યુત્વેગ આજે સત્તાના મદથી છકી ગયો હતો ! મહાસાત્વિક અને મહાસાધક અર્જુનને તે ઓળખી ગયો હોવા છતાંય પોતાના મદથી તેણે અર્જુનની ઉપેક્ષા કરવા માંડી. તેણે કહ્યું— "જા દૂત ! તારા અર્જુનને કહે, તે તેનું રાજ્ય સંભાળે છે તે ઘણું છે. અહીં વિદ્યાધરોની કૌટુંબિક વાતમાં માથું મારવાની તેને શી જરૂર પડી છે ? જા, તારા અર્જુનને કહે, જો બહુ ભલાઈ કરવાનું મન થયું હોય તો યુદ્ધના મેદાનમાં મરવા માટે ઉતાવળો થાય."

❋ વિદ્યુત્વેગ સાથે યુદ્ધ

દૂતની ખૂબ સમજાવટ છતાંય વિદ્યુત્વેગ મણિચૂડને રાજ્ય સોંપવા તૈયાર થતો નથી. રાજ્યનો અડધો ભાગ કરીને વહેંચવાનો પણ કોઈ પ્રસ્તાવ તે અર્જુન પાસે મોકલતો નથી. તે એમ જાણે છે કે પેલો મણિચૂડ તો વિદ્યાવિહીન છે, અને અર્જુન ગમે તેટલો બાણાવલી હશે તો ય વિદ્યાધરની સામે શું કરી શકશે! પણ વિદ્યુત્વેગને પલટાઇ ગયેલ દિવસોનો કોઈ ખ્યાલ નથી, તેને કોઈ ખ્યાલ કરવો પણ નથી?

"માનવના મગજ રૂપી મેદાનમાં જ્યારે જીદ્દ પ્રવેશે છે ત્યારે આ ધરતીને મેદાનરૂપી મગજમાં ન છૂટકે પણ યુદ્ધનો પ્રવેશ કરાવવો પડે છે!"

બંનેય વચ્ચે ભયંકર યુદ્ધ થયું! તાકાતવાન હોવા છતાંય વિદ્યુત્વેગ અર્જુનની સામે કશું કરી ન શકયો. તેનું સૈન્ય અર્જુનની બાણવર્ષાને સહન ન કરી શકવાથી દશે દિશામાં નાસ–ભાગ કરી ગયું. વિદ્યુત્વેગ પણ અર્જુનના બાણ પ્રહારને સહન ન કરી શકવાથી રણમેદાનમાંથી ભાગી નીકળ્યો! તેના સેવકો અર્જુનને શરણે ગયા. વિજયી અર્જુનનો વિદ્યાધર નરેન્દ્ર મણિચૂડની સાથે આજે પુનઃનગર પ્રવેશ થયો. લોકો પણ મૂળ રાજાને જોઈને અને તેને સહાય કરનાર મનુષ્યને જોઈને ખૂબ ખુશ થયા. આ રત્નપુરીના વિદ્યાધરોનાં ઘરે–ઘરે અર્જુનના ગુણો ગવાવા લાગ્યા!

મણિચૂડ વિદ્યાધર તો એક અનન્ય સેવક હોય તેમ અર્જુનની સેવા અને મહત્તા કરવા લાગ્યો! મહાદુઃખોથી મુક્ત થયેલી પેલી દેવી ચંદ્રાનનાએ તો અર્જુનની સેવા–ભક્તિમાં કોઈ કમીના નથી રાખી. થોડા દિવસમાં મણિચૂડે રાજ્યધુરા સારી રીતે સંભાળી લીધી.

એક દિવસ અર્જુને કહ્યું–"મણિચૂડ! આપ તો વિદ્યાધર છો આપનું વચન ઓળંગવાની મારી શક્તિ નથી. પણ હવે આપ મહેરબાની કરીને મને અહીંથી જવાની રજા આપો. હું તો વનવાસ માટે નીકળ્યો છું, મારે હજી તીર્થાટન કરવું છે. એક જ સ્થાને બેસી રહેવાથી મને કશો લાભ નથી."

મણિચૂડ અર્જુનને વિદાય તો કેવી રીતે આપે? છતાંય મણિચૂડ એક વાત સમજે છે, અર્જુન હવે અહીં વધુ રોકાશે નહીં....પોતાના સ્વાર્થ માટે આવા પ્રબળ પરોપકારી તત્ત્વને સિમિત કરવાનું ઉચિત નથી.

સૂર્યથી ગમે તેટલી સિદ્ધિ થતી હોય પણ સૂર્યને તો ગગન મંડળમાં ભ્રમણ કરવા દેવું જ પડે! સૂર્યનું ભ્રમણ અટકે તો જગતનો વ્યવહાર ખોરવાઈ જાય! છતાંય અર્જુનને રત્નપુરીમાં રહેવા માટે બંનેય પતિ–પત્નીએ ખૂબ ખૂબ વિનવણી કરી. અર્જુને પ્રેમપૂર્વક તેનો જવાબ આપ્યો.

❋ પુનઃ વનની વાટે

આખરે સહુની વિદાય લઈ અર્જુને પુનઃ વનની વાટ

લીધી. હવે તો જંગલમાં હોવા છતાંય અર્જુન વિદ્યાધર બની ચૂકેલ હતા. તીર્થોની યાત્રા કરવાની તેમને તીવ્ર ઝંખના હતી! તીર્થરાજ અષ્ટાપદ જવાનો તેમને મનોરથ થયો. દુઃખના અને વિરહના દિવસોમાં તીર્થયાત્રા જેવું બીજું કયું નિર્મળ આલંબન હોય!

અષ્ટાપદ પહોંચતાં જ અર્જુનનો જિનેશ્વર પ્રત્યેનો ભક્તિભાવ ઊછળી ઊઠ્યો ખૂબજ તન્મય થઈને પ્રભુની પૂજા કરી. દ્રવ્ય અને ભાવ પૂજામાં લયલીન બની અર્જુને પોતાનો વનવાસ સફળ કર્યો. એક રીતે વિચારતા લાગે છે. અર્જુનને વનવાસ એ જાણે શિક્ષા છે....પ્રાયશ્ચિત છે....બીજી રીતે વિચારીએ તો સમજાય છે કે અર્જુન માટે વનવાસ જ આશીર્વાદ બન્યો છે.

ખરેખર તો પ્રત્યેક શ્રાપ–પ્રત્યેક આફત એક આશીર્વાદ અને એક સફલતાનો સંકેત લઈને જ આવતા હોય છે. પણ કોઈક જ તે સંકેતને વાંચી શકે છે અને સફળ થાય છે જ્યારે બાકીના બીજાઓ સફળતાથી વંચિત રહી જતા હોય છે!

અર્જુનને આટલી શાંતિ અને એકાગ્રતા પૂર્વકની થયેલી આરાધનાથી પરમ આનંદ હતો! પૂજા પરિપૂર્ણ કર્યા બાદ અર્જુન જિનમંદિરની શોભા નિરખવા બહાર ભ્રમણ કરવા લાગ્યા. પરમ પુણ્યોદયે ત્યાંજ કોઈ મહામુનિ દેખાયા. મહામુનિને આવા એકાંત અને નિર્જન સ્થળે નિરખી અર્જુનનું હૈયું ગદ્‌ગદ્‌ થઈ ગયું.

મહામુનિની મહા સાધના કોઈ બીસ્સામાં રાખેલી નોટ જેવી નથી કે છુપી રહે એ તો માથા પર પહેરાવેલા મુગટની માફક સદાય પ્રગટ જ રહે છે !

મહામુનિને વંદન કરી અર્જુન કૃતાર્થ થયો ! ઘણા વખતે મુનિ દર્શનનો યોગ થયો હોવાથી અર્જુનને ધર્મ-દેશના સાંભળવાની તીવ્ર અભિલાષા પ્રગટી. આજે અર્જુન સંવેગથી તરબોળ બન્યા છે....વૈરાગ્યથી વાસિત થયા છે.... રાજ્યગાદી–સત્તા અને સમૃદ્ધિ બધું જ તેમને તુચ્છ સમજાયું છે....આખરે જે છોડીને ચાલી જવાનું છે તેની પાછળ થતા માનવ જીવનના વેડફાટથી અર્જુન દુઃખી છે. દેશના સાંભળતા તો તેનું હૈયું એવું કોમળ બન્યું છે કે સામર્થ્ય હોત તો તે જ ક્ષણે દીક્ષા લઈ લેત. પણ, આ બધી દેશના સાંભળતા એક જિજ્ઞાસા તેનામાં જાગી છે. 'મારો મોક્ષ કયારે થશે....? જન્મ–મરણના આ ચક્રો કયારે બંધ થશે....''

મહામુનિએ જણાવ્યું–'' અર્જુન ! હજી થોડો સમય આ ભવ પૂર્વ સંસ્કારોના કારણે ખૂબ વ્યગ્રતામાં જતો લાગશે પણ આ જ ભવમાં તું આ બધાથી એકવાર શાંત થઈશ. બધી જાળ અને ઝંઝટથી તું મનથી ન્યારો થઈ જઇશ. અને આજે જે ધર્મશ્રદ્ધા તારામાં છે તેનો વિકાસ થતાં-પૂર્ણ વિકાસ થતાં તું અવશ્ય આ જ ભવે મોક્ષ પામી શકીશ. અર્જુન ! **સુખ અને દુઃખ તો જીવનરૂપી માનવના બે પગ છે, એક પગલું સુખનું પડયા બાદ બીજું દુઃખનું પગલું ન પડે તો જીવનરૂપ માનવ આગળ ચાલી જ ન શકે !** માટે તું જરાય સુખ-દુઃખથી લેપાયા વિના જીવન ગતિ પર ધ્યાન રાખીને કલ્યાણ કરજે....''

મહામુનિના મંગલ આશીર્વાદથી આજે અર્જુન ખુશ ખુશ થયા છે ! વનવાસ એ કેટલો ધન્યવાસ બન્યો છે એની મઝા તો અર્જુન જ જાણે છે. હજી પણ અનેક તીર્થોની યાત્રા કરવાના તેના મનોરથો છે ! વર્ષો પણ ઘણા પૂરા કરવાના છે, તેથી યથેચ્છ યાત્રાઓ કરી લગભગ બાર વર્ષ પૂર્ણ કર્યાં.

❋ હિરણ્યપુરનો દુઃખી હેમાંગદ

'સંસાર એક બંધન છે—અનેક ફરજ છે' તે વિચારે હવે પુનઃ હસ્તિનાપુરના માર્ગે અર્જુન જઇ રહ્યા છે. હસ્તિનાપુર તરફ પહોંચતાં માર્ગમાં જ એક ઠેકાણે તેમને કરુણ આક્રંદન સંભળાય છે ! દયાળુ—સજ્જનને ઘેર જવાની ઉતાવળ હોય તોય કોઈને દુઃખી જોવું તેને પોષાય નહીં. અર્જુન પોતાનું વિમાન ત્યાંજ ઉતારી દે છે. આજુબાજુમાં કોઈ દેખાતું નથી તો પણ અર્જુને ખાત્રી કરવા માટે એક વિદ્યાધરને સાદ કર્યો. વિદ્યાધર કેસરે તુરત જ હાજર થઈને જંગલમાં શોધ ચલાવવા માંડી....તેની નજરે એક સ્વરૂપવાન અને સુંદર રાજવી દેખાયો. રાજવી હોવા છતાંય આજે જાણે એક નાના બાળકની માફક તે રડી રહ્યો હતો ! પેલા બિચારા રાજસેવકો તેને છાનો રાખવા તેની આગળ—પાછળ ફર્યા કરતા હતા. કેસરે તે બધાની પાસે જઈને આ દુઃખી રાજવીની વાત જાણવાનો પ્રયાસ કર્યો !

આ દુઃખી રાજવી હિરણ્યપુરનો રાજા હેમાંગદ હતો. હેમાંગદને પ્રભાવતી નામની પટ્ટરાણી હતી. પ્રભાવતીના રૂપથી બધાય વિદ્યાધરો પરિચિત હતા. પણ પેલો લંપટ મેઘનાદ

વિદ્યાધર પ્રભાવતીની પાછળ પાગલ બન્યો હતો. કોઈપણ ભોગે તેણે પ્રભાવતીને પોતાની પ્રાણપ્રિયા બનાવવાનું નક્કી કરી લીધું હતું. મેઘનાદ યુદ્ધ કરીને તો હેમાંગદને હરાવીને પ્રભાવતીને મેળવી શકે એ શકય જ નહોતું. પ્રભાવતીને કોઈ પ્રલોભનની અસર થાય તે ય શકય દેખાતું ન હતું. માત્ર, એકજ માર્ગ મેઘનાદ પાસે હતો. અને તે પ્રભાવતીનું હરણ કરવાનો ! મેઘનાદ એકવાર પાછલી રાતે હેમાંગદના રાજ-ભવનમાં પહોંચી ગયો. હેમાંગદ અને પ્રભાવતી સ્વપ્નની મીઠી નિદ્રામાં પોઢયા હતા. ત્યાંજ પેલા મેઘનાદે પ્રભાવતીને ઉપાડી લીધી. સતી પ્રભાવતી જાગી ઉઠીને ઘૂમ મારે તે પહેલાં જ મેઘનાદે તેને પોતાના વિમાનમાં બેસાડી દીધી. છતાંય તેને વિમાનમાં ઘૂમરાણ મચાવી દીધી. હેમાંગદ આ સ્વપ્ન છે કે સાચું છે તેનો નિર્ણય કરે.... સ્વસ્થ થઈને દોડે તે પહેલાં તો મેઘનાદ રવાના થઈ ગયો. હેમાંગદ રાત્રિના અંધકારમાં મેઘનાદને ઓળખી ન શકયો. કેટલેય સુધી પોતાની ખુલ્લી તલવાર લઈને પીછો કર્યો, પણ મેઘનાદ હાથ ન લાગ્યો. મેઘનાદના હૈયામાં પ્રભાવતી માટે આટલું ગાંડું લાગ્યું હશે. તેની હેમાંગદને કયારેય કલ્પના ન હતી. તેણે ચારે તરફ પોતાના માણસો મોકલી તપાસ કરી પણ કોઈ સ્થાનેથી પોતાની પ્રિયાના સમાચાર ન મળ્યા. આ આઘાતથી રાજા હેમાંગદ બહાવરો બની ગયો હતો. પ્રિયનો વિયોગ સમસ્ત સુખને હરી લે છે. રાજા અને તેની પાછળ સમસ્ત પ્રજા પણ બેચેન છે. રાજા આ જંગલના વેલડી–વેલડીને પણ જાણે પોતાની પ્રિયા હોય તેવી રીતે પોકારી રહ્યો છે !

❋ પ્રભાવતી કોણ ?

કેસરે આ વાત સેવકો દ્વારા જાણી અર્જુનને કહી. અર્જુનનું હૈયું દુઃખથી ભરાઇ ગયું. તેમાંય પ્રભાવતીનું નામ સાંભળતાં તેને શંકા થઈ, રખેને મારા ઉપકારી મારા વિદ્યાગુરુ મણિચૂડની બહેન જ પ્રભાવતી નહીં હોય ને ! ભલે ગમે તે પ્રભાવતી હોય પણ મારે હેમાંગદનું દુઃખ દૂર કરવું જોઇએ. અર્જુને કેસરને હેમાંગદ પાસે મોકલી કહેવડાવ્યું કે–'હે રાજન્ ! તારા પરમ સદ્‌ભાગ્યથી આ જંગલમાં અર્જુન આવી ગયો છે. પાંડવ–અર્જુન હવે તારું દુઃખ દૂર કર્યા વિના નહીં રહે ! મને પણ ૧૨ વર્ષથી પરિવાર અને પ્રિયાનો વિરહ છે ! પ્રિયાના વિરહનું દુઃખ હું પણ સમજું છું. ગમે તે રીતે હવે તેની શોધ થશે. જ્યાં સુધી હું શોધ કરી પાછો ન ફરું ત્યાં સુધી તું કોઈ અપકૃત્ય ન કરીશ.'' કેસરે આ વાત રાજસેવકો દ્વારા રાજા હેમાંગદને પહોંચાડી. હેમાંગદે જ્યાં સુધી અર્જુન પાછા ન ફરે ત્યાં સુધી તે જ જંગલમાં રહેવાનો નિર્ણય કરી દીધો. મહામના માનવ અર્જુનની શોધખોળ સફળ થાય અને પોતાની પ્રાણપ્રિયા પ્રભાવતી પાછી મળે તેની જ ઝંખના હેમાંગદ રાત દિવસ કરવા લાગ્યો.

અર્જુન કેસરને લઇને પ્રભાવતીની શોધ માટે ઉપડ્યા. આટલા બધા રાજાઓ આટલા બધા રાજ્ય મહેલો એ બધામાં કેવી રીતે પ્રભાવતી મળે, તે એક પ્રશ્ન હતો. પણ....**સાત્ત્વિક પુરુષો પ્રશ્નથી, સમસ્યાથી ડરતા નથી, એ સમજે છે પ્રશ્ન હોય તો ઉત્તર હોય જ સમસ્યા હોય તો સમાધાન હોય જ.** અર્જુને ચતુર કેસરને પૂછ્યું–''જો કેસર ! પ્રભાવતી

તો મને મહાસતી હોય તેવું લાગે છે. પ્રલોભનમાં આવી જાય તેવી હોત તો કોઇને તેનું હરણ કરવાની જરૂર પડી ન હોત. જેણે પણ આવી પ્રભાવતીનું હરણ કર્યું હશે તે કોઈ સામાન્ય રાજવી નહીં જ હોય. કોઇપણ મોટો રાજવી આવી સ્ત્રીનું હરણ કરીને તુરત જ પોતાના રાજ્ય મહેલમાં જાય તે મને શકય નથી લાગતું. હરણ કરનાર રાજા હજી સુધી તો તેને મનાવવા....રાજી કરવા પ્રયત્નમાં જ લાગ્યો હશે. અને તેની સાથે ક્રીડા કરવા માટે તે કોઇક અતિ મનોહર સ્થળે પહોંચ્યો હશે. જો તું મને આવા કોઇ સ્થળે લઇ જાય તો મને લાગે છે કે આપણે શોધ કરવામાં સફળ થઈએ.

❋ હેમકૂટનું અનોખુ સૌંદર્ય

અર્જુનની વાત કેસર વિદ્યાધરના સમજમાં આવી ગઇ. તેણે કહ્યું–"સાહેબ! અમારે વિદ્યાધરોમાં આવા પ્રેમ સંબંધો સ્થાપવાનું એક ખૂબ જાણીતું સ્થળ છે. ખૂબ જ મનોહર સ્થળ છે. વિશાળ એકાંત હોવા છતાંય તેમાં ઘણું ગુપ્ત કાર્ય થઈ શકે તેવી ગહન ઓડની રચના છે. તે સ્થાનનું નામ છે હેમકૂટ પર્વત. આ પર્વત ઉપર અનેક બાગ છે. તેમાંય ઈન્દ્ર નામનો બાગ ખૂબજ પ્રખ્યાત છે. અર્જુને આ વાત સાંભળતાં જ કેસરને કહ્યું–"સૌથી પહેલાં તું મને હવે હેમકૂટ પર્વતના ઈન્દ્ર બાગમાં લઈ જા." હેમકૂટ પર્વતનું સૌંદર્ય જોઇને અર્જુનનું મન પ્રસન્ન થઇ ગયું. ભોગીઓને ભોગ લીલા માટે આકર્ષતું અને યોગીઓને યોગ સાધના માટે સદાય આમંત્રિત કરતું. આ સ્થાન અર્જુનને ખૂબ

ગમ્યું. અનેક વિશાળ બાગોને વટાવી અર્જુન મુખ્ય ઇન્દ્ર બાગમાં છૂપી રીતે પ્રવેશ્યા છે. અનેક વિદ્યાધરો અને વિદ્યાધરીના પ્રેમના–રિસામણા–મનામણા ચાલે છે. મુશ્કેલી તો ત્યાં હતી કે માત્ર નામ સિવાય બંનેને કોઈ પરિચય પ્રભાવતીનો ન હતો. છતાંય બંને કૃત નિશ્ચય હતા ગુન્હેગાર ને પકડવામાં. એક બાજુના ખૂણામાં એક વિદ્યાધરની પાસે એક વિદ્યાધરી હતી. આંખમાં આંસુની ધાર હતી. વિદ્યાધરીની હતાશા અને નિરાશાનો કોઈ પાર ન હતો. અર્જુન અને કેસર ધીમે પગલે બાજુની ઝાડીમાં જઈ પહોંચ્યાં.

⁂ મેઘનાદની હાર અને હૃદય પરિવર્તન

પેલો વિદ્યાધર બોલી ઉઠયો–"જો પ્રિયે! જો પ્રભાવતિ! તારી આંખ ઉંચી કર, એકવાર આ તારા સેવકને નજરથી પાવન કર. તું હેમાંગદ જેવા એક સામાન્ય રાજવીની પત્ની છે." અને આવું સાંભળતાં કેસરે અર્જુનની સામે જોયું. કેસર તુરત જ તે વિદ્યાધરને પકડવા જતો હતો. અર્જુને હજી ધૈર્ય રાખીને પૂરી વાત સાંભળવા ઇશારો કર્યો. પેલો વિદ્યાધર મેઘનાદ આગળ કહેતો જતો હતો. "દેવી! મારી પ્રાણ વલ્લભા બન, હું તને વિદ્યાધરીઓની દેવી બનાવીશ. હું તને મહાન વિદ્યાઓ શીખવીશ તું આ બધી વિદ્યાઓથી ઈન્દ્રાણી જેવી બનીશ અને પછી હું અને તું ઇન્દ્ર અને ઈન્દ્રાણી બનીને ખૂબ રંગરાગ કરીશું આવ, શોક મૂક, તૈયાર થઇ જા. મને તો લાગે છે હવે તારો પ્રિય પણ તારી પાછળ ઝૂરીને મરી ગયો હશે, હવે મારી વાત માન્ય કર

અને મને સુખી કર.” વિદ્યાધરની વાત સાંભળીને અશ્રુ વહાવતી પ્રભાવતી ખૂબજ ગુસ્સે થઈ કોપ કરી બોલી. “કોણ મરી ગયું હશે કે મરશે તેની મને ખબર નથી પણ દુષ્ટ ! એ મારા સ્વામીદેવ તારો પત્તો લગાવ્યા વિના નહીં રહે. અને તને નરાધમને શોધી કાઢશે. પછી તારી શી દશા થશે તે મને પણ ખબર નથી. તેમના પ્રબળ પરાક્રમ પાસે તું વિદ્યાધર હોવા છતાંય વામણો છે. ઓ ચોર ! તારામાં સામર્થ્ય હતું તો શા માટે મને ચોરી કરીને લાવ્યો ? યુદ્ધ કરવાને કેમ તૈયાર ન થયો ? હું પણ મારા સ્વામી સાથે સૂતેલી હતી એવા વખતે મારું હરણ કરીને હવે તારી યશ ગાથાઓ ગાતા તને શરમ નથી આવતી ? હું મૃત્યુને આધીન થઇશ પણ મારા શીલથી કદી ચલિત નહીં થઉં. ઓ વિદ્યાધમ ! તને વિદ્યાધર કહેવો એ વિદ્યાનું અપમાન છે. જા મારી દૃષ્ટિથી દૂર થા નહીં તો બળીને ભસ્મ થઇ જઈશ.”

અને ત્યાં જ અર્જુને પ્રભાવતીને મહાસતી જાણીને પોતાની હાજરી પ્રગટ કરી મેઘનાદને પડકાર કરીને કહ્યું– “કયાં તો આ પ્રભાવતીને મને આધીન કર નહીં તો યુદ્ધ કરવા તૈયાર થા.” સ્ત્રીલંપટ મેઘનાદ પ્રભાવતીને એમ શાનો છોડે ? તે તો ગર્જી ઉઠ્યો. “અરે ! એય ! બહુ બોલકા ! હું પ્રભાવતીનું હરણ કરીને લાવ્યો છું. હું તેને મારી આધીન કરીશ, તું વચમાં આવનાર કોણ ?” અને પ્રભાવતી ત્યાં જ પોકારી ઉઠી–“ઓ ઉત્તમ પુરુષ ! તમે તો પિતા જેવા લાગો છો. ઓહ ! મહામાનવ ! તમે તો મારા

ધર્મબંધુ મણિચૂડ જેવા લાગે છે.” અર્જુને કહ્યું—“હા, બેન! મણિચૂડ માત્ર તારા બંધુ નથી, મને વિદ્યા પ્રદાન કરનાર મારા વિદ્યાગુરુ છે. તેની ભગિની તું હોય તો મારી પણ ભગિની જ છે. ઓ વિદ્યાધરાધમ! હું તને યમરાજનો અતિથિ ન બનાવું ત્યાં સુધી તું ઊભો રહેજે.” અને મેઘનાદ અર્જુન પર પણ ત્રાટક્યો. બંને બળિયા એક બીજા પર એવા ત્રાટક્યા કે ઝાડપાન પણ હાલતા બંધ થઈ ગયા. પ્રભાવતીનો જીવ તાળવે ચોંટી ગયો. શૂરવીર અર્જુને લાગ જોઈને તેના બંનેય બાહા પર જોરથી પ્રહાર કર્યો. બાહા તુટી જવાથી અને હાથમાં વેદના હોવાથી એક પણ શસ્ત્ર ધારણ કરવાની શક્તિ રહી ન હતી. ભયંકર પછડાટ ખાઈને મેઘનાદ જમીન પર પડ્યો. પ્રહારની પીડાથી તેને મૂર્છા આવી ગઈ હતી. અર્જુન જો ધારત તો આ મૂર્છિત મેઘનાદના ત્યાં જ ટુકડે ટુકડા કરી શકત પણ સાત્વિક અર્જુને મેઘનાદ પર પાણી સિંચ્યું. તેને પવન નાંખવા લાગ્યો. જ્યારે મેઘનાદ મૂર્છામાંથી બેઠો થયો ત્યારે શરમાઈ ગયો. અર્જુનને પોતાની સેવા કરતો જોઈ છોભીલો પડ્યો. અર્જુને કહ્યું—“આફતમાં આવેલ શત્રુની પણ સેવા કરવી તે ક્ષત્રિયની ફરજ સમજું છું, પણ તું સ્વસ્થ થા અને હજીય તને એમ લાગતું હોય કે હું લડી શકું તેમ છું તો ઉભો થા અને મને હરાવ.” હવે તો મેઘનાદ તનથી અને મનથી બંનેયથી હારી ગયો. આવા મહામાનવથી હારવામાં પણ તેને જીત લાગવા માંડી. તે દીનતા પૂર્વક બોલવા લાગ્યો—“પાંડુપુત્ર! મારી નજીકમાં આવ, હવે મારાથી શત્રુતા છોડી દે. હું તારાથી ખૂબ ઉપકૃત થયો છું. પરસ્ત્રીના મોહે મને ભાન ભૂલાવ્યો. પણ પ્રતિજ્ઞા

કરૂં છું કે કોઈપણ પરસ્ત્રી સામે નજર પણ ઉંચી કરીશ નહીં.” આજથી મેં મનથી શીલવ્રત ગ્રહણ કર્યું છે. પ્રભાવતીને હવે આજથી હું પણ મારી બેન માનું છું. મને આ મારા પાપ કાર્યની શરમ આવે છે. હું તો હેમાંગદની સામે જવાની હિંમત નથી કરી શકતો. અર્જુન! તમે મને માફ કરી શીઘ્ર હેમાંગદ પાસે પહોંચો. અને એટલા જલ્દીથી પહોંચજો કારણ કે મેં એક ભેટી બાજી ગોઠવી છે. એ બાજીનો ભોગ પેલો હેમાંગદ બને તે પહેલાં તમે ત્યાં તેમની પાસે પહોંચી જાવ.” અર્જુન મેઘનાદના આ હૃદયપૂર્વકના પરિવર્તનથી ખુશ થયા. મેઘનાદના કહ્યા પ્રમાણે સત્વરે અર્જુન કેસર અને પ્રભાવતીને લઈને પેલા વનમાં હેમાંગદ પાસે આવ્યા.

❋ અજબ ગજબની ઘટના

....અહીં તો અર્જુનના આવતા પહેલાં એક અજબ ગજબની ઘટના બની ગઈ હતી. અર્જુનને ગયે હજી થોડી જ ક્ષણો થઈ હશે ત્યાં કોઈકે આવીને હેમાંગદને વધામણી આપી—“રાજન્! ઊઠો, શોકના દિવસ પૂર્ણ થયા છે. આપની પ્રાણપ્રિયા અહીંથી થોડે જ દૂર છે. એક ઝાડ નીચે બેસી પ્રેમથી પુષ્પો વીણે છે.” રાજા હેમાંગદ પ્રભાવતીની વાત સાંભળી બેસી રહે? તરત પોકારી ઉઠયા—“પ્રભાવતી.... પ્રભાવતી....ઓ પ્રિય પ્રભાવતી! તું કયાં ગઇ હતી? તુ એકાએક અહીં કેવી રીતે આવી ગઇ?” રાજાની આંખો ખૂમોંથી સાથે રહેલ પ્રજાજનો અને રાજ સેવકો ખૂબજ આનંદમાં આવી ગયા. બધાએ પ્રભાવતીને પેલા વૃક્ષ નીચે

જોઈ. સહુએ પ્રભાવતીની પાસે જવા દોડ માંડી પણ હજી કોઈપણ વ્યક્તિ ત્યાં પહોંચે તે પહેલા ઝાંડીમાંથી એક ભોરિંગ નાગ નીકળ્યો. હજી સહુની નજર પડે તે પહેલાં તો નાગ ડંખ મારીને ઝાડીઓમાં અદૃશ્ય થઇ ગયો. પ્રભાવતી "ઓ પ્રિય! મરી ગઈ, મને બચાવો.' એમ ચીસ પાડીને પ્રભાવતી ધરતી પર ઢળી પડી. તુરત જ ભયંકર ઝેર શરીરમાં વ્યાપી ગયું. એક મડદાની માફક નિશ્ચેષ્ટ થઈને પ્રભાવતી ધરતી પર ઢળી પડી.

હેમાંગદ તો કલ્પાંત કરી બેઠો. તેના છાતી ફાટ રુદને વૃક્ષોને પણ કંપાવી નાંખ્યા. સહુએ પ્રભાવતીને ભાનમાં લાવવાના પ્રયત્નો કર્યા પણ બધું જ નિષ્ફળ. અનુભવીઓએ કહ્યું—"હવે ઝેર સંપૂર્ણ રીતે ચઢી ગયું છે. પ્રભાવતી ગમે તે રીતે પણ હવે પુનઃ જીવિત નહીં થાય, મોતે તેને સદા માટે વિખૂટી પાડી દીધી છે." રાજા હેમાંગદ શૂન્યમનસ્ક થઈ ગયો છે. કશું બોલી કે વિચારી શકતો નથી. તે તો કહે છે. "જો પ્રિયા! તું બોવાઇ ગઇ તે મહાદુઃખ હતું પણ આવી અજાણી રીતે પાછી નજરે દેખાઈ તે ઘણો ઘણો આનંદનો વિષય હતો. પણ મારા દેખતા દેખતા જ તું મૃત્યુ પામી તેથી મારૂં હૈયું ભેદાઈ ગયું છે. પહેલાં તો હું કહેતો હતો કે મારી પ્રિયાને હું જગતો હોત તો મારી પાસેથી લઈ જવાની કોની તાકાત હતી? પણ અહીંથી તો પેલો યમરાજા સિધી તને મારી સામેથી જ મારા દેખતા ઉંચકી ગયો. ધિક્કાર છે પ્રભાવતી મારા જીવનને! શું એ પુરુષ પુરુષ છે કે જે પોતાની પ્રિયાનું રક્ષણ ન કરી શકે? બસ, પ્રિયા પ્રભાવતી. હવે

મારો એક જ નિર્ણય છે કે હું અને તું એક જ ચિતામાં સળગીશું.'' લોકોએ રાજા હેમાંગદને ચિતામાં પ્રવેશ કરવાનો નિર્ણય છોડી દેવા માટે ખૂબ સમજાવ્યું પણ હેમાંગદ એકના બે ન થયા. પ્રિયપાત્ર સાથે જીવવાનું હોય તો જીવન પુષ્પ જેવું હળવું લાગે છે. પણ એવું જ હળવું જીવન જો પ્રિયનો વિયોગ હોય તો પર્વત જેવું ભારે થઇ જાય છે. આખરે નગરજનોએ પ્રભાવતીના શબને ભવ્યતાપૂર્વક તૈયાર કરીને ચિતામાં આરૂઢ કર્યું રાજા હેમાંગદે પણ તે ચિતામાં ઝંપલાવવાની તૈયારી કરી દીધી. ત્યાં જ કોઈક ડાહ્યા માણસે યાદ અપાવી. ''સાત્વિક અર્જુને તેના માણસો દ્વારા કહ્યું હતું કે પોતે ન આવે ત્યાં સુધી રાજાએ ધીરજ રાખવી.''

રાજા હેમાંગદે કહ્યું–ભાઈ! તારી વાત સાચી છે પણ બિચારા અર્જુનને હવે પ્રભાવતી કયાંથી મળશે? પ્રભાવતીને તો અહીં આપણા સહુની વચ્ચે ચિતામાં બેસાડેલી છે. હવે અર્જુનના માટે રાહ જોવાની કોઈ જરૂર નથી.'' ડાહ્યા માણસોએ કહ્યું–''ભલે ગમે તેમ હોય પણ રાજન્ હેમાંગદ! તમારે અર્જુનની રાહ જોવી જ જોઈએ. ભલે પ્રભાવતી તેઓને મળે કે ન મળે પણ સાહેબ! આપના જ માટે જેઓ કાર્ય કરવા ગયા છે તેઓની રાહ તો જોવી જ જોઈએ.''

રાજા હેમાંગદ ખૂબ દુઃખી છે. પોતે દુઃખી હૃદયે સ્વીકારે છે કે અર્જુનને વચન આપ્યું છે તો તેની આવવા સુધી રાહ જોવી જોઈએ. પણ પ્રભાવતી ઘેલું બનેલું તેનું હૃદય

કોઈપણ રીતે વિલંબ સહી શકે તેમ ન હતું. આખરે રાજા હેમાંગદે પણ અર્જુનના આવતા પહેલાં જ ચિતા પર સુવાનું નક્કી કર્યું. લોકોનો કોલાહલ એકદમ વધી ગયો. ચારેબાજુ અને દશેય દિશામાં અવાજ અવાજ છવાઈ ગયો. આટલા બધાં ઘોંઘાટ વચ્ચે પેલા અર્જુન અને કેસર આવી પહોંચ્યા છે. તેને રાજા હેમાંગદને વધાઈ આપવી છે. પણ શું વધાઈ આપે? અહીં તો તેને પ્રભાવતી ચિતામાં સૂતેલી દેખાય છે. કેસરનું માથું ફરવા માંડે છે. હજી હમણાં તો પ્રભાવતીને અર્જુનની સાથે બેસાડીને આવ્યો છું અને અહીં આ બધા જણાવે છે–'પ્રભાવતી કયારની મૃત્યુ પામી છે.' અને ચિતામાં તેના દેહ પર અગ્નિ પ્રગટાવવાની તૈયારી ચાલે છે. કેસર ગભરાઈ ઉઠે છે....આશ્ચર્ય પામે છે. લોકોને કહે છે– "જુઓ! પ્રભાવતી તો ત્યાં અર્જુનની પાસે છે. અહીં ચિતા પર કોઇક બીજું જ હોવું જોઈએ. અને નગરજનો પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. અર્જુનના આશ્ચર્યનો પાર નથી. અને ખુદ અર્જુન સાથે આવેલી પ્રભાવતીને પણ આશ્ચર્ય થાય છે. આવું હોતું હશે? પોતાના જ બે રૂપ અને પોતાને ખબર ન હોય. શું પ્રભાવતી નામની પોતાના જ નામ–ગુણવાળી કોઇ બીજી આ સૃષ્ટિમાંથી મળી આવી હશે!"

❋ પ્રિય પ્રભાવતીની પ્રાપ્તિ

અર્જુનને થયું હવે આ વાતનો નિર્ણય થવો જોઈએ. એટલે પોતે ચિતા તરફ આવ્યા. નીકળતી વખતે મેઘનાદે

કહેલી કોઈ ભેદની વાતને અર્જુને યાદ કરી. અર્જુનનેખ્યાલ આવ્યો કે આમાં કોઈક ભેદ છે. એટલે પોતે જ પેલી ચિતામાં પ્રતિષ્ઠત પ્રભાવતી પાસે આવ્યા. પ્રભાવતીને પણ હૈયાના ધડકારા બંધ થાય તેવું થવા માંડયું. પણ જેવો અર્જુન ચિતાની નજીક ગયો કે તુરત જ પેલી ચિતામાં રહેલી પ્રભાવતી ભાગીને નાશી ગઈ. ખરેખર તો એ પ્રભાવતી જેવી જ આકૃતિ હતી. બાકી હતી એક વિદ્યાશક્તિ. આ વિદ્યાશક્તિથી અર્જુનનો પ્રભાવ સહન ન થયો એટલે પેલી વિદ્યા ભાગી ગઈ. આખરે હેમાંગદને પોતાની પ્રિયા પ્રભાવતીની પ્રાપ્તિ થઈ.

પોતાની પ્રિયા પ્રભાવતીની પ્રાપ્તિથી પરમ પ્રસન્ન બનેલ હેમાંગદ અર્જુનને બહુમાન પૂર્વક પોતાના નગર હિરણ્યપુરમાં લાવ્યા. સમસ્ત હિરણ્યપુરના નગરજનોએ શ્રી અર્જુનને પ્રમથી વધાવ્યા. પોતાના સ્વામી પર આવો પરોપકાર કરનાર શ્રી અર્જુનને સહુએ ખૂબજ ભાવપૂર્વક વંદન કર્યા.

હેમાંગદની કલ્પનાતીત કૃતજ્ઞતા

હેમાંગદે તો રાજસભા ભરાવી. રાજસભામાં રાજાના મુખ્ય આસન પર અર્જુનને બેસાડયા. પોતે નીચા આસન પર બેસી ખૂબજ વિનયપૂર્વક શ્રી અર્જુનની સ્તુતિ કરવા લાગ્યો. "ઓ પ્રાણાધાર અર્જુન! મારા પ્રાણની રક્ષા આપે કરી છે. મારી પ્રિયાનો મેળાપ આપે જ કરાવ્યો છે. આપ દયાળું છો. સેવકની પ્રાર્થનાનો કદી ભંગ ન કરો તો આ

દીન સેવકની એક પ્રાર્થના સાંભળો આ રાજ્ય આપ અંગીકાર કરો....મને આપની સેવા કરવાનો અવસર આપો. મને કૃતાર્થ કરો.”

હેમાંગદમાં આજે અપૂર્વ કૃતજ્ઞતા ભાવ પ્રગટ થયો છે. માનવજીવનનો મહાન લહાવો અપકારી પર પણ ઉપકાર કરવાનો છે. પણ જે જીવનમાં ઉપકારી પર પણ ઉપકાર ન થઈ શકે તે જીવન તો અધમ જીવન છે. હેમાંગદના ભાવો જોઈને અર્જુન પ્રસન્ન થાય છે મહાન પુરૂષો દેવ પ્રતિમા જેવા હોય છે. તેમની આગળ ગમે તે ધરાવો તેમને કશો ઉપયોગ હોતો નથી. પણ તેઓ નૈવેદ્ય ધરાવનારને અવશ્ય તારે છે. શ્રી અર્જુન પણ હેમાંગદે ધરેલ સમસ્ત રાજ્યના નૈવેદ્યથી પ્રસન્ન છે. શ્રી અર્જુન વિચારે છે– “માનવ જીવનનો મહાન અવસર દાન છે....પરોપકાર છે.... હેમાંગદનું રક્ષણ કર્યું તે કોઈ મોટું કાર્ય મેં નથી કર્યું. એક વટેમાર્ગુ–એક મુસાફર તરીકેની મારી ફરજ મેં બજાવી છે.”

શ્રી અર્જુને કૃતજ્ઞતાથી ઉલ્લસિત હેમાંગદને કહ્યું “બંધુ! આ પૃથ્વી પર રાજા બનવું એટલે એક વ્યવસ્થાને ધારણ કરવાની છે. એમાં હક્કનો કશો વિચાર કરવાનો નથી. રાજ્ય એ સંપત્તિ નથી પણ પ્રજાએ રાજાને સોંપેલી થાપણ છે. આ થાપણ હું સંભાળું કે તમે સંભાળો એક જ છે. તમે આ પ્રજાનું રક્ષણ કરવામાં નિષ્ણાત છો. પ્રજાને સુખી–સમૃદ્ધ બનાવીને ધર્મમય બનાવવા તમે સમર્થ છો. મારા તમને અંતરના શુભાસીષ છે કે તમે રાજ્ય સુંદર રીતે ચલાવો.”

બંનેયનો પ્રેમપૂર્વકનો વિવાદ ચાલતો હતો ત્યાં આકાશ-માર્ગથી વિદ્યાધર મણિચૂડ આવ્યા. પોતાની બેન પ્રભાવતીની પાસેથી સર્વ વૃતાંત જાણીને મણિચૂડના આનંદનો પાર ન રહ્યો. શ્રી અર્જુન તેના પોતાના માટે તેમજ પોતાની બહેન માટે પણ પરમ ઉપકારી બન્યા હોવાથી મણિચૂડ ખૂબજ ખુશ થયા. તેમણે હેમાંગદની વિનંતિને શ્રી અર્જુન સ્વીકારે તે માટે ખૂબ પ્રયત્નો કર્યા. પણ શ્રી અર્જુનને એવું રાજ્ય ખપતું ન હતું. આખરે હેમાંગદે વિનંતિ કરી કે "સ્વામી! જો આપ મારું રાજ્ય ન સ્વીકારો તો મારા આતિથ્યને સ્વીકારો, મારા રાજ્યને થોડા દિવસ તો પાવન કરો." અર્જુને આ વાતનો કોઈ જવાબ ન આપ્યો પણ તેઓ શ્રી મણિચૂડની સામે જોવા લાગ્યા. મણિચૂડે જણાવ્યું—"સ્વામી! આપ અત્રે અવશ્ય રોકાણ કરો હું પણ અહીં જ રોકાઈ જઈશ. આપના જ્ઞાન—ધ્યાન અને સદ્‌ગુણોનો લાભ આ નગ-રજનોની સાથે મને પણ મળી જશે."

❋ હસ્તિનાપુરથી દૂતનું આગમન

ત્રણેય રાજાઓ એક રાજ્યમાં પરમ પ્રેમથી રહેવા લાગ્યા. આનંદ—મંગલ પૂર્વક દિવસો પસાર થતા હતા. ચર્ચા અને જ્ઞાન વિનોદમાં પસાર થતો સમય કોઈનેય જણાતો ન હતો. પણ શ્રી અર્જુનની આ રિદ્ધિસિદ્ધિની વાત હસ્તિ-નાપુર સુધી પહોંચી ગઈ હતી. હસ્તિનાપુરમાં તો મહારાજા પાંડુને નિવૃત્તિ સાધવી હતી. તેઓને રાજ્યભાર યુધિષ્ઠિરના મસ્તક પર આરૂઢ કરીને નિવૃત્ત થવું હતું. યુધિષ્ઠિરના રાજ્યાભિષેક પ્રસંગે શ્રી અર્જુન જેવા પ્રબળ વીરની હાજરી

આવશ્યક હતી. મહારાજા પાંડુએ જાતે જ શ્રી અર્જુનને હસ્તિનાપુર બોલાવવા સંદેશો મોકલ્યો. દૂતે આવીને શ્રી અર્જુનને જણાવ્યું—"ઓ વીર! તમારી વનવાસમાં પણ પ્રાપ્ત થયેલી સિદ્ધિથી અમે ગૌરવશાળી છીએ. તમે દુઃખવાસ જેવા વનવાસને પણ સુખવાસ બનાવી ચૂકયા છો એ મહાપુણ્યની નિશાની છે. પણ આપ જેવાએ હવે વનમાં રહેવા જેવું નથી. વનવાસના બારવર્ષ પૂરા થઈ ગયા છે. અને મહારાજા પાંડુ નિવૃત્તિ સાધવા ઉત્કંઠિત છે. ભાઈ યુધિષ્ઠિર હવે આપની પ્રતીક્ષા કરી રહ્યા છે. માતા કુંતી તો આપના વિના રાત-દિવસ આંખમાંથી આંસુ જ પાડે છે. માટે આપ શીઘ્ર હસ્તિનાપુર પધારો."

શ્રી અર્જુન પોતાના જ નગરથી આવેલા દૂતના સમાચાર મેળવી પરમ આનંદિત થયા. વર્ષો વીતી ગયા હોવા છતાંય સહુએ તેમના માટેની પ્રીતનો છોડવો લીલો ને લીલો જ રાખ્યો હતો. **માનવ ભલે ને ગમે તેવો મોટો હોય પણ માનવનું જોર એટલે કોઈના હૃદયનો સાચો પ્રેમ.** શ્રી અર્જુન ખુશીને ખુશીમાં દૂતને પણ ભેટી પડયા. દૂતને કહ્યું—'બંધુ! તું અત્યારે વિદાય થા અને મારા પૂજય પિતાશ્રી પાંડુરાજને જણાવજે કે તેમનો અર્જુન શીઘ્ર પાછો આવી રહ્યો છે. વળતા માર્ગમાં શત્રુંજયની યાત્રા કરીને આવશે મોટાભાઇ યુધિષ્ઠિર-ભીમ આદિને પ્રણામ કહેજે. નાના બંન્ને બંધુઓને હેત કરજે." દૂત શ્રી અર્જુનની આજ્ઞા થતાં હસ્તિનાપુર તરફ વિદાય થયો. આ તરફ હવે શ્રી હેમાંગદ અર્જુનને આગ્રહ કરે તે પણ નકામું હતું. હેમાંગદનું હૃદય અને મન ભરાઈ જતું હોવા છતાંય શ્રી અર્જુનને વિદાય આપી. પણ

શ્રી મણિચૂડને જણાવ્યું કે તમો છેક હસ્તિનાપુર સુધી શ્રી અર્જુનને પહોંચાડવામાં સાથે રહેજો. શ્રી મણિચૂડ અને શ્રી અર્જુન હિરણ્યપુરથી વિમાનમાં બેસી શત્રુંજય પર્વત પર આવ્યા.

ઋષભદેવ પરમાત્માની ખૂબજ હૃદયના ઉમળકાથી ભક્તિ કરી. અર્જુનને આ શત્રુંજય પર્વતનું વાતાવરણ કંઈક જનમ જનમનું સાક્ષી હોય તેવું લાગ્યું. આ શત્રુંજયની ભૂમિ પણ પોતાને સાધના કરવા પોકારી રહી હોય તેવું શ્રી અર્જુનને લાગતું હતું. પણ કાર્યવ્યગ્ર અર્જુનને આજે સમય હતો નહીં. હસ્તિનાપુર પિતાજીની પાસે પહોંચી જવું જરૂરી હતું અને હમણાં છેલ્લે છેલ્લે એવો વિચાર આવ્યો હતો કે શત્રુંજયથી દ્વારિકા નજીક છે. આટલે દૂર આવ્યા છીએ તો શ્રીકૃષ્ણ જેવા પ્રતાપી પુરુષને મળીને જ જઈએ. મહાપુરુષોનો અને શક્તિશાળીનો સંગ અવશ્ય સફળ બનાવે છે. કદાચિત ફળ ન મળે તો પણ શીતળ છાયા તો અવશ્ય મળે છે.

❋ શ્રી કૃષ્ણ દ્વારા શ્રી અર્જુનનું ભવ્ય સ્વાગત

શ્રી અર્જુન યાત્રા કરીને શ્રી કૃષ્ણજીને મળવા ગયા. શ્રી કૃષ્ણ પ્રાજ્ઞ પુરુષ હતા. તેઓએ શ્રી અર્જુનની ખૂબ આગતા સ્વાગતા કરી. તેઓ પણ જાણતાં હતા કે ભાવિમાં અર્જુનનો સિતારો ચમકતો છે. એટલે તેઓ શ્રી અર્જુનની સાથે એવો કોઈ સંબંધ બાંધી દેવા માંગે છે જેથી શ્રી

અર્જુન હંમેશા પોતાની સાથે જોડાયેલા રહે, એટલે આ વખતે શ્રી કૃષ્ણજીએ શ્રી અર્જુનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. લોકો શ્રી કૃષ્ણજીએ કરેલા આવા ભવ્ય સ્વાગતને કંઇક વધારે પડતું થયું તેમ માનતા હતા; શ્રી કૃષ્ણજી જાણતા હતા કે તેમનું કોઈ પગલું કયારેય વધારે પડતું હોતું જ નથી. તેમનું દરેક કાર્ય તે ગણત્રીપૂર્વકનું જ હોય છે. અર્થાત્ જરૂરિયાત જેટલું જ હોય છે. શ્રી અર્જુન સ્વાગતથી પ્રસન્ન હતા.

❋ શ્રી અર્જુનના સુભદ્રા સાથે લગ્ન

એકવાર લાગ જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું–"અર્જુન! વનવાસથી પાછા ફરતાં તમે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે; એ હું જાણું છું પણ જ્યાં સુધી એકમાંથી બે થઈને ન આવ્યા હોય ત્યાં સુધી અધુરું છે. દ્રૌપદી તો સમસ્ત પાંડવોની એક પત્ની કહેવાય. તમારા જેવા શૂરવીરને બીજી પત્ની હોવી જોઈએ. અર્જુને શ્રીકૃષ્ણજીને કહ્યું– "તમારી વાત સાચી છે પણ...." ત્યાં જ શ્રીકૃષ્ણજી એ કહ્યું–"મારી એક વાત સાંભળો મારી બેન સુભદ્રા સર્વ ગુણે પૂરી છે. તેનું રૂપ અને સૌંદર્ય ત્રણેય લોકમાં પંકાય છે. મહેરબાની કરીને હવે તમે જ સુભદ્રાનો સ્વીકાર કરી લો, એટલે મારો અને તમારો, દ્વારિકા અને હસ્તિનાપુરનો સદા માટે પ્રેમમય સંબંધ બંધાઇ જાય. શ્રી અર્જુન શ્રી-કૃષ્ણજીના માંગાને કેવી રીતે પાછું ઠેલી શકે? આખરે ત્યાં જ દ્વારિકામાં તુરત તેઓના લગ્ન લેવાઇ ગયા!

અર્જુન જાણે શ્રીકૃષ્ણજીના વચનને નકારવાની શક્તિ જ ધરાવતા ન હતા....શ્રીકૃષ્ણજીએ પ્રથમથી જ કુરુવંશના એક આપ્તની માફક કાર્ય કર્યું હતું. તેથી આ લગ્ન વખતે ન તો ભીષ્મપિતામહને કે પાંડુને સમાચાર પહોંચાડ્યા; નથી તો દ્રૌપદી આદિને પણ આ પ્રસંગે બોલાવવામાં આવ્યા. શ્રીકૃષ્ણજીના ભાવિના મનોરથો અને આયોજન શું હશે તે તો શ્રીકૃષ્ણજી જ જાણે ! આજે શ્રીકૃષ્ણને પરમ પ્રસન્નતા હતી કે તેમની બહેન સુભદ્રા એક સુયોગ્ય પાત્રને પામી પોતાનું ગૃહસ્થ જીવન સફળ કરી રહી હતી. અને એટલે જ શ્રીકૃષ્ણજીએ પહેરામણીમાં પણ ધનની વર્ષા કરી હતી. હાથી–ઘોડા રથ અને અનેક પ્રકારના રત્નોની જાણે વૃષ્ટિ કરી હતી. કદાચિત્ એવું જ હશે કે શ્રીકૃષ્ણજી અર્જુનની આ મહાન સમૃદ્ધિ અને વનમાં થયેલા મહાન ઉદયથી પ્રભાવિત હશે. વનવાસ દરમ્યાન પણ શ્રી અર્જુને કરેલ મહાન પરોપકારના કાર્યોથી શ્રી કૃષ્ણજી પરમ પ્રસન્ન બન્યા હશે, ગમે તેમ હોય આજે તો શ્રીકૃષ્ણજીએ અર્જુનને પોતાના પરમ આત્મીય–પરમ મિત્ર બનાવવામાં કોઈ કમીના ન રાખી.

"સંબંધો એ કોડિયું છે, તેમાં સાચો સ્નેહ એજ તેલ છે. સ્નેહ હોય તો જ સંબંધરુપી કોડિયામાં શાંતિ રૂપી દીપક પ્રગટેલો રહે."

શ્રીકૃષ્ણજીએ શ્રી અર્જુનની હસ્તિનાપુર પહોંચવાની ઘણી ઉતાવળ હોવા છતાંય તેમને ઠીકઠીક રોકી રાખ્યા. એક દિવસ શ્રી અર્જુને વિનયપૂર્વક કહ્યું–"હવે તો આપ મને

હસ્તિનાપુર જવા દો તો સારું !" શ્રી કૃષ્ણજી શ્રી અર્જુનની હસ્તિનાપુર પહોંચવાની ઉત્કંઠાને તુરત સમજી ગયા. શ્રી અર્જુને પણ હવે હસ્તિનાપુરના ગમનની તૈયારી કરી. શ્રી મણિચૂડ અને હેમાંગદે પણ આ તૈયારીને અનુપમ બનાવી. તેઓ એ પણ આકાશ માર્ગે જવા પોતાના સૈન્યને સજ્જ કર્યું, શ્રી અર્જુનનું વૈભવી પ્રયાણ શ્રીકૃષ્ણને પણ આશ્ચર્ય પમાડે તેવું હતું. સુભદ્રા, શ્રી અર્જુન, મણિચૂડ અને હેમાંગદ અને મનોહર દૃશ્યો જોતાં અને વાર્તા–વિનોદ કરતાં હસ્તિનાપુરની નજીક પહોંચવા આવ્યા છે, હવે હસ્તિનાપુરના લોકોને પણ શ્રી અર્જુનના આકાશ માર્ગે આગમનની જાણ થઈ ચૂકી છે. સમસ્ત હસ્તિનાપુરમાં આનંદની ઉર્મિઓ ઉછળવા માંડી છે. રાજ્ય પરિવાર અને નગરજનો સહુ અંતરના ઉમળકે શ્રી અર્જુનને નિહાળવા....વધાવવા ઉત્કંઠિત થઇ રહ્યા છે. બાર વર્ષના કાળબાદ શ્રી અર્જુન કેવા દેખાતા હશે ? સુભદ્રા સહિત શ્રી અર્જુનની કેવી શોભા હશે ? સાક્ષાત્ દેવની જેમ આકાશમાંથી આવનાર શ્રી અર્જુનનું પુણ્ય કેવું હશે ? આપણને લાગતું હતું કે અર્જુનને બાર વર્ષમાં તો કેવીય આફત આવશે પણ પુણ્યશાળીને તો 'પદે–પદે નિધાન' આવી આવી કેટલીય વાતો લોકોના મોંઢે થઈ રહી છે.

(હવે આગળ જુઓ પૃ. ૩૫૩ પર)

❋ પ્રવચનસાર

卐 ડરવા જેવું જો કોઈનાથી હોય તો ડરપોક મનથી જ ડરવા જેવું છે. ડરપોક મનમાં દરેક વસ્તુ ભયજનક લાગે છે. વધુ પડતો ડરપોક કદાચિત્ પોતાના શરીરથી પણ ડરે તો આશ્ચર્ય પામવા જેવું નથી.

卐 વૃત્તિઓ શાંત હોય તો નગર પણ વન છે. અને બહેકી ગઈ હોય તો વન પણ ધમધમાટ કરતું નગર છે.

卐 મન; વન અને તો મનવાસ એજ વનવાસ છે.

卐 કાર્યના પ્રારંભમાં જો મન પ્રસન્ન હોય તો સમજજો તે સૌથી મોટા શુભ શુકન છે.

卐 સજ્જન પોતાના દુઃખને જાણીને બીજા કોઇ દુઃખી ન થાય તેની પણ તકેદારી રાખનારા હોય છે.

卐 સજ્જન પોતાના દુઃખને જાતમાં દબાવે છે.

卐 સજ્જન પોતાના સુખને જગતમાં ફેલાવે છે.

卐 ઉગતો સૂર્ય, વહેતી નદી, ખીલતું વૃક્ષ આ બધામાંથી કોઈપણ જો તમને પરોપકારનો સંદેશો આપતા ન લાગે તો સમજવું કે તમે અથવા તો તમારી સમજ બહેરી અને મુંગી છે.

卐 જેઓ આપઘાત કરવાનો વિચાર કરે છે તેઓ પાપઘાત કરવાનો વિચાર કરતા થઈ જાય તો તેમને આપઘાત કરવાનું કોઈ કારણ રહે નહીં.

卐 દુઃખ તો ગમે તે આપે, પારકો આપે કે પોતીકો આપે, દુઃખમાં કોઈ ફરક નથી પણ પોતીકાએ આપેલા દુઃખથી આપણે બળભળી ઉઠીએ છીએ કારણ આપણે માન્યતા બાંધી લીધી છે કે પોતીકો હોય તે દુઃખ આપે જ નહીં. સત્ય હકીકત એ છે કે કર્મ સારા હોય તો પરાયો પણ આપણને સુખ આપે. આપણા કર્મ વિપરીત હોય તો પોતીકો પણ પીડા પમાડે.

卐 આ ભારતવર્ષની સામાન્યમાં સામાન્ય ઘરની પત્નીને સુખી થવાની હોંશ હોઈ શકે છે. પણ તેનું સુખ પતિની પસંદગી પર આધારિત હોય છે. પતિ આપઘાત કરવા જાય તો પત્ની માટે આપઘાત પણ સુખ છે. પતિ રોગી થાય તો પત્ની માટે સેવા એ સુખ છે. અર્થાત્ આ દેશની આર્યનારીનું સુખ એક જ....પતિની પસંદગી.

卐 સાધના વિના સૌંદર્ય પામી ન શકાય.

卐 સાધનામાં પહેલી આવશ્યકતા છે એકાગ્રતા
એકાગ્રતાની પહેલી આવશ્યકતા છે સ્થિરતા
સ્થિરતાનો પહેલા આધાર છે બ્રહ્મચર્ય અર્થાત્ સાધનાના દાદાનો બાપ છે બ્રહ્મચર્ય.

卐 કૂતુહલ એક અણુ જેટલું નાનું પાપ હોય તેમ લાગે છે. પણ સાધના સિદ્ધ થવામાં પર્વત જેટલું મોટું વિઘ્ન મનાયું છે.

卐 કોઈપણ સાધના કે કોઈપણ ધર્મ સંસ્કારને સ્વભાવ-ગત થતાં છ માસ લાગે છે.

卐 સંતની સાદી સમજ છે. કષ્ટ પોતે લેવું–ઈષ્ટ બીજાને આપવું.

卐 'લડાઈ કરવામાં જે વધુ તાકાતવાન હોય તે શ્રેષ્ઠ હોય છે" આ પશુ સમાજે સ્વીકારેલો સિદ્ધાંત છે. પણ આશ્ચર્ય છે કે માનવ સમાજે પણ આ કાયદો માન્ય રાખ્યો છે. અને એટલે યુદ્ધ એક પાશવીક્રિયા છે માનવીય નહીં....દૈવી તો કદી જ નહીં.

卐 શું પશુઓને માનવ બનવાના ઉત્સાહનો નાશ આ યુદ્ધો જોઇને જ નહીં થતો હોય ને!

卐 પશુ યુદ્ધ રહિત બને તો દેવ બની શકે છે. અને માનવ પણ યુદ્ધમાં જ પડેલો રહે તો પશુ બની જાય છે.

卐 પરોપકારી આત્માને પોતાના સ્નેહ બંધને બાંધવા તેના કરતાં પોતે પરોપકારીના બંધને બંધાઇ જવું ઉત્તમ છે. કારણ આખરે પરના પણ બંધન તોડવાની તાકાત પરોપકારીમાં જ આવે છે.

卐 સિદ્ધિ આફ઼ત મારફ઼તે જ આવે છે. અર્થાત્ એ સિદ્ધિનો મારફ઼તીયો છે.

卐 સમસ્યા + શાંતિ = સમાધાન
સમાધાન – શાંતિ = સમસ્યા

卐 ભારત એક સંતોની તિતિક્ષા, તાપસોની તપશ્ચર્યા અને રાજાઓના શીલવ્રતની એક ઉજ્જવળ પરંપરાનો દેશ છે.

卐 સ્ત્રી લંપટતા એટલે સદ્‌ગુણોની એક સામટી હોળી.

卐 નિષ્ફળતા પછી પણ વૈરાગ્ય આવે તો નિષ્ફળતા સફળ જ બને છે.

卐 સફલ બનવું સહેલું છે સરલ બનવું મુશ્કેલ છે.

卐 સિદ્ધાંત ખાતર લડનાર આત્મા હારનાર પર પણ પ્રેમ અને કરુણા વરસાવી શકે છે. લડત માટે સિદ્ધાંત ચલાવનાર હારેલા ને તિરસ્કારે છે. મરેલાને મારવાં જાય છે.

卐 હાથ તૂટવાથી માનવ માત્ર ઠુંઠો થાય છે પણ સાથ તૂટવાથી તો માનવ બહેરો, બોબડો, લંગડો અને ઠુંઠો થઈ જાય છે.

卐 બાલ્યાવસ્થામાં માતાનો સાથ....
યૌવનમાં પત્નીનો સાથ....
અને વૃદ્ધાવસ્થામાં પુત્રનો સાથ....
ભલે ગમે તેટલા મહત્ત્વના ગણાયા હોય પણ સાચો સાથ તો પ્રભુનો સાથ છે, જે ત્રણેય કાળમાં જીવનને ટકાવી શકે છે. કારણ પ્રભુ જ સાચો નાથ છે.

卐 પ્રભુનો સાદ ઘણાને સંભળાય છે પણ પ્રભુનો સાથ બોછાને પ્રાપ્ત થાય છે.

卐 મા + નવ = સંસ્કૃતમાં 'મા' એટલે 'લક્ષ્મી.' જેની પાસે નવ પ્રકારની લક્ષ્મી હોય તે જ માનવ છે.

(૧) સંસ્કાર લક્ષ્મી (૨) સદ્‌બોધ લક્ષ્મી (૩) સારલ્ય લક્ષ્મી (૪) સમભાવ લક્ષ્મી (૫) સન્માર્ગ લક્ષ્મી (૬) સદ્‌ગુરુ લક્ષ્મી (૭) સંતોષ લક્ષ્મી (૮) ક્ષમા લક્ષ્મી (૯) શ્રદ્ધા લક્ષ્મી

વાત નાની સાત મોટી

શું કરીએ પટેલ મુઆ છીએ....!!

ચરોતર તરફના પટેલો પોતાની જાતને બહુ ઊંચી માને છે. તેઓ ખૂબ મર્યાદામાં રહેવું તેવું માને. તેઓ ચાલે તો ધોતિયું જમીન પર ઘસડાતું હોય. એક દિવસ કોઇ સજ્જને કહ્યું : પટેલ ! ધોતીયું જમીન પર ઘસડાય છે, અને બગડે છે, તેમાં નારાજ શું થાવ છો ? અને આટલા બધા નારાજ થતાં હોવ તો અમારી જેમ જરા ઊંચું પહેરતાં નથી આવડતું ?

પટેલે દુઃખી દુઃખી થતાં કહ્યું : 'ભઈલા ! ધોતીયું તો અમને ય ઊંચું પહેરતાં આવડે છે.'

તો પહેરતા કેમ નથી ?

પટેલ કહે : એ જ મોકાણ છે ને ? અમે કાંઈ તમારા જેવા લોક થોડાં છીએ ? અમે તો પટેલ મુઆ છીએ. ધોતિયું બગડે ને પગમાં ભરાય તો ય અમારે તો આવું લબડતું જ ધોતિયું પહેરવું પડે.

મોટા થવામાં અને મોટા રહેવામાં ઘણાં દુઃખ હોય છે. હલકા ફૂલ જેવા થઈને ફરવામાં આનંદ છે.

મોટાઈ તમને ભલે સારી લાગતી હોય પણ એટલું સમજજો કે **મોટાઈ એ હૃદય પર મૂકેલો શીલા છે. જ્યારે નમ્રતા એ સુંદર પુષ્પ છે.** હૃદય પર શિલા રાખવી કે સુંદર પુષ્પ રાખવું એ તમારે નક્કી કરવાનું છે.

卐 卐 卐

કથાસાર

(પૃ. ૩૪૭ થી ચાલુ)

❋ શ્રી અર્જુનનું હસ્તિનાપુરમાં આગમન

હસ્તિનાપુર નગરી આજે ગજબની આતુરતા અનુભવી રહી છે. રાજમાર્ગો પર માનવ મહેરામણ ઉભરાયેલ છે. બાર વર્ષ બાદ અતિ સમૃદ્ધ બનીને આવતા શ્રી અર્જુન સહુના માટે આકર્ષણરૂપ બની ગયા છે....

શ્રી ભીષ્મપિતમહ શ્રી પાંડુ અને શ્રી યુધિષ્ઠિર જેવા ધીર પુરુષો પણ આજે અધીરા બન્યા છે. તેઓ પણ શ્રી અર્જુનને હૈયામાં સદ્‌ભાવથી વધાવવા નગરની બહાર જઇ રહ્યા છે. નગરજનોના ટોળેટોળા પાછળ ચાલી રહ્યા છે. દરેકના મનમાં શ્રી અર્જુનને પહેલા નિરખી લેવાની હોંશ છે. બધાની ધારણા હતી કે અર્જુન પગે ચાલીને આવશે યા તો કોઈ સારા રથમાં બેસીને આવશે, પણ નગરજનોના આતુર નયનોએ કંઈક નવું જ આશ્ચર્ય જોયું. ગામ બહાર પહોંચતાં જ આકાશના દૂર ભાગમાંથી એક પક્ષી જેવો આકાર દેખાયો. ધીમે ધીમે જાણે તે આકર મોટો થતો ગયો. શ્રી પાંડુ, શ્રી યુધિષ્ઠિર અને શ્રી ભીષ્મ પિતામહ સહુને પાછળ રહેવા સૂચના આપી, પોતે આ આકાશી પક્ષી જેવા દેખાતા આકારની નજીક જાય છે શું હશે ? એ શંકાએ તલવારની મુઠ પર હાથ મુકેલ છે પણ આ શું ? ત્યાં તો પેલો પક્ષી જેવો આકાર નીચે સ્થિર થયો આ કોઈ પક્ષી નથી પણ વિમાન છે, એવું તો સમજ્યા પણ સામાન્ય

માનવોના આશ્ચર્યનો પાર ન રહ્યો. હજી વિમાનને જોવાનું આશ્ચર્ય પૂર્ણ થાય તે પહેલાં "પરોપકારી મહાપુરૂષ મહારાજા અર્જુનનો જય થાવ" નો પોકાર થયો. શ્રી મણિચૂડ અને હેમાંગદ ખૂબ જ હર્ષ ઘેલા થઈને પોતાના ઉપકારી અર્જુનની છડીઓ પોકારવા માંડયા હતા તે બન્નેની પાછળ શ્રી અર્જુન પણ વિમાનમાંથી ઉતર્યા. શ્રી ભીષ્મ પિતામહ અને યુધિષ્ઠિર શ્રી પાંડુ અને શ્રી ધૃતરાષ્ટ્ર સહુની આંખમાંથી હર્ષની અશ્રુધારાઓ વહેવા માંડી. અર્જુને તો વિમાનમાંથી ઉતરતાં એક પછી એક વડીલોના ચરણમાં પોતાનું મસ્તક ઝૂકાવવા માંડયું. **મહાનતા પ્રાપ્ત કર્યા બાદનું સાચું સુખ એ જ છે કે વડીલોના ચરણમાં શીશ ઝૂકતું રહે** અર્જુન આજે વડીલોના ચરણમાં મસ્તક મૂકવાનું મહાસુખ માણી રહ્યા છે. વડીલોના અંતઃકરણના આશિષ જ તેમને મહા આનંદ આપે છે. નગરજનોએ તો જય જયકાર સાથે અનેક પ્રકારે નાચ–ગાન શરૂ કરી દીધા છે. વાજિંત્રોના નાદે દિશાઓને બહેરી કરી નાંખી છે. શ્રી અર્જુનને પણ પોતાના આવા આવકારે ગદ્ગદ કરી નાખ્યા છે. વિનીત આત્મા એ જ ઈચ્છે છે કે પોતાના **સેવ્ય પાત્રો સદા પ્રસન્ન રહે; એ જ જીવનનો સાર છે.** આજે વડીલોએ પણ મોકળા મને અર્જુનને માન આપ્યું હતું. **સુયોગ્ય આશ્રિત આત્માને જે વડીલો માન આપતાં ગભરાય છે તેઓ આશ્રિતોના ગુણોના ખુની બને છે.** આશ્રિત આત્માઓ વડીલોની પ્રેરણા અને વાત્સલ્યને પામી નથી શકતા ત્યારે તેમનું ગુણ વૃક્ષ પાનખર ઋતુની માફક ઠુંઠા જેવું બની જાય છે. વાત્સલ્યદાયી

વડીલની નાનીશી પ્રેરણા પણ સુયોગ્ય આત્માના ગુણવૃક્ષને વસંતઋતુની માફક વિકસતુ અને મહેકતું કરી દે છે.

શ્રી અર્જુનને સમજાઈ ગયું છે કે આવા ગુણીયલ વડીલ ના ઉપકારને વાળવા જાતના જોડા સીવડાવીએ તો ય બદલો વાળી ન શકાય. આવા કંઈક શુભ મનોરથોમાં મહાલતા અને નગરજનોના ઉમળકાને નિહાળતા શ્રી અર્જુન રાજમહેલ સુધી આવી પહોંચ્યા. અહીં તો કલાકોથી રાહ જોઇને ઉભેલી પેલી માતા કુંતી દેખાઈ માતા કુંતી ને જોતા અર્જુનનું હૃદય ઉછળ્યું. ક્ષણવાર તો માતાને નીચે બેસાડીને તેની ગોદમાં છુપાઈ જવાનું અર્જુનને દિલ થયું, પણ આ રાજ્ય રસાલો સાથે હતો.... તેથી સંયમ રાખ્યો

માતા કુંતી પણ પોતાના આ પુત્રની આરતી ઉતારવા બહાવરી બની હતી. મંગળ વિધિ કરવી જરૂરી હતી. માતા કુંતીએ જ આરતી ઉતારી, ભામણા લઈ શ્રી અર્જુનને પોતાના રાજમહેલમાં પ્રવેશ કરાવ્યો.

રાજમહેલના પ્રવેશ બાદ ઔચિત્ય વિધિ થઈ. શ્રી અર્જુને સહુને પોત પોતાના સ્થાને રવાના કર્યા. હવે તેને ઉત્કંઠા હતી પ્રાણ પ્રિય સતી દ્રૌપદીને મળવાની પોતાનાં રાજખંડમાં પ્રવેશ કરતાં જ દ્રૌપદી સામે મળી. બંનેયના આતુર નયનોએ ક્ષણવારમાં ઘણી ઘણી વાતો કરી લીધી. **મુખ જ્યારે વાત કરી શકતું નથી ત્યારે વાત કરવાનો વારો આંખનો જ હોય છે.**

મુખ તો વચન પેદા કરે છે.... વચન એ તો **નય છે.** આંખથી થતું જ્ઞાન એ મતિજ્ઞાન છે. શાસ્ત્રો કહે છે મતિ-જ્ઞાન પ્રમાણ છે, નય કરતાં પ્રમાણ વધારે બળવાન હોય તેમાં પ્રશ્ન પણ શું છે ?.... અને તેથી જ નયનોથી નિહાળીને દ્રૌપદીએ ભાવાવેશમાં જ શ્રી અર્જુનને નમસ્કાર કર્યાં. શ્રી અર્જુને અત્યારે સઘળા અરમાનો અને વાતોને દૂર કરી જિનપૂજા માટે સ્નાન જલની અભિલાષા કરી. સ્નાન કર્યું. જિનપૂજા કરી. જિનપૂજામાં આજે એકલીનતા પ્રગટી. શ્રી અર્જુન સમજે છે કે સંસારના સંબંધો ક્ષણિક છે. શાશ્વત છે.... માત્ર જિનેશ્વરની સાથેનો સંબંધ. ક્ષણિક ગમે તેટલું પ્રિય લાગે પણ શાશ્વત સિવાય કોઈ આરો કે ઓવારો નથી દ્રવ્ય અને ભાવ જિનપૂજા પૂર્ણ કરી મનમાં શ્રી જિને-શ્વરને જ રટતાં શ્રીઅર્જુન ગૃહ જિનાલયમાંથી બહાર આવ્યા. દ્રૌપદીએ આજે અવનવી રસવતી બનાવી હતી, શાંત અને સ્વસ્થ ચિત્તે દ્રૌપદીએ ભોજન કરાવ્યું. ભોજન બાદ લગભગ સંધ્યા થવા આવી હતી શ્રી અર્જુનને ખૂબ પરિશ્રમ હતો શ્રી અર્જુન પલંગ પર આરૂઢ થયા દેવી દ્રૌપદી ત્યાં હાજર થયા. બાર-બાર વર્ષના સુખ-દુઃખોની વાત કરતાં કરતાં બંનેય મન-વચન અને તનથી પણ અભિન્ન થઇ ગયા.

અર્જુનને તો લાગતું હતું કે હું થાકયો છું; સૂઇ જઈશ તેવું સવાર થશે. પણ દ્રૌપદી આરામ લેવા દે ત્યારે ને! આખરે જ્યારે નયનો એમને એમ મિંચાવવા માંડયા ત્યારે શ્રી અર્જુને પ્રેમપૂર્વક પંપાળીને કહ્યું – "દેવી! હવે તો સુવા દે." અને ત્યાં જ પ્રભાતનો છડીદાર કુકડો પોકારી ઉઠયો....

દેવો આતો સવાર થયું.” દ્રૌપદી સ્મિતથી બોલી–“નાથ તમે આવો પછી સવાર કેમ ન થાય? નાથ! હવે આપ ક્ષણવાર આરામ કરો, હું તેટલીવારમાં સવારના કાર્યથી નિવૃત્ત થઈ પુનઃ આપની સેવામાં હાજર થાઉં.

❋ “ શ્રી પાંડુની નિવૃત્તિ અને શ્રી યુધિષ્ઠિરની વરણી ”

વેનાઢા સુભદ્રા પ્રાણપ્યારી દ્રૌપદી, વિદ્યાધર મણિચૂડ તથા હેમાંગદની સાથે અવનવી વાત–વિનોદ અને આનંદ કરતાં શ્રી અર્જુનનો સમય પસાર થાય છે.

શ્રી પાંડુ જુએ છે કે અર્જુન આવી ગયો છે. રાજ્ય વહીવટ પણ બરાબર ચાલે છે પણ કોઈ મારી નિવૃત્તિને યાદ કરતું નથી. યુધિષ્ઠિર તો જાણે પોતાને કોઈ શિક્ષા થવાની હોય તેમ દૂર ને દૂર રહે છે. વિશ્રામણા (પગ દબાવવા) કરવા પણ એવા સમયે આવે છે કે મારાથી અંતરની કોઈ વાત થઈ નશકે.

શ્રી પાંડુ સમજી ગયા છે ‘માંગ્યા વિના મા પણ ન પીરસે.’ મારે જાતે જ હવે સીધી રીતે મારી નિવૃત્તિની વાત યુધિષ્ઠિરને યાદ કરાવવી પડશે. એક દિવસ શ્રી પાંડુએ પાંચેય પાંડવોને, દુર્યોધન આદિ સો ભત્રીજાઓને તથા રાજ્યના વૃદ્ધ પુરૂષોને પણ બોલાવ્યા. સહુને એકત્રિત કરી મહારાજા પાંડુએ કહ્યું – “જુઓ, હવે હું ખૂબ જ વૃદ્ધ થયો છું. આ રાજ્યભાર મારાથી સંભાળાતો નથી....”

ભારત ભૂમિનો એ પ્રતાપ હતો.... આર્ય સંસ્કારોનો એ પ્રભાવ હતો.... સહુના દિલમાં એમ થતું હતું કે જીવન જીવવા કંઇક કરવું પડે, કંઇક કમાવવું પડે, કંઈક ફરજ બજાવવી પડે, એ વાત જુદી છે પણ જીવનનો મુખ્ય ધ્યેય તો હોવો જોઈએ ત્યાગ.... ત્યાગવૃત્તિ અને તેથી જ મહારાજા પાંડુને સત્તા છોડવાની ઉત્કંઠા હતી.

સત્તાનો ત્યાગ કરવો એ દુષ્કર કાર્ય હોય છે, પણ કુરૂ જેવા મહાન રાજવંશોમાં તો આખરે ત્યાગ અનિવાર્ય ગણાતો હતો સત્તા પર ચીટકી રહેવાનો ચસ્કો ઘણાને રહેતો હોય છે. પણ શ્રી પાંડુ તેનાથી મુક્ત હતા. સત્તા પર હતા ત્યારે પણ તેઓએ વડીલોની ઈચ્છા સલાહ મુજબ રાજ્ય કર્યું છે. શ્રી પાંડુએ રાજ્યની સંપત્તિને પોતાની સંપત્તિ ન સમજતા તેમણે પોતાની સંપત્તિને રાજ્યની સંપત્તિ બનાવી હતી. પ્રજાના દુઃખે પોતે ઉજાગરા વેઠ્યા હતા. પણ પોતાના દુઃખને તો પોતાના હૃદય ભંડારમાં ક્યાંય ભંડારી દીધું હતું. શ્રી પાંડુ મહારાજાને સત્તા છોડવામાં ઉતાવળ હોય એ સ્વાભાવિક છે.

શ્રી પાંડુ મહારાજાની સત્તા પરથી મુક્ત થવાની વાત શ્રી ભીષ્મ પિતામહ, શ્રી ધૃતરાષ્ટ્ર શ્રીવિદુર વિગેરે સહુએ સાંભળી. તેઓએ મહારાજા શ્રી પાંડુની વાતને વધાવી. પણ શ્રી પાંડુ નિવૃત્ત થાય તો નવા રાજા કોણ થાય તે પણ સવાલ હતો. આ પ્રસંગે ક્ષણવાર ધૃતરાષ્ટ્રને સ્વપ્ન આવી ગયું હશે. તેમને થતું હશે કે જો ન્યાયની વાત થાય તો ગાદી મારા દુર્યોધનને જ મળવી જોઈએ. હું અંધ હોવાથી

મને રાજ્ય ન મળ્યું એ ન્યાયની વાત છે. પણ મારો પુત્ર દુર્યોધન તો અંધ નથી. પાંડુ મારાથી નાનો હોવા છતાંય રાજ્યગાદી પર આરૂઢ થયો તો દુર્યોધન પણ કદાચ યુધિષ્ઠિર કરતાં નાનો હોવા છતાંય રાજ્યગાદી પર બેસે તો શું વાંધો ! તેમ છતાંય યુધિષ્ઠિરની જ્યેષ્ઠતા અને શ્રેષ્ઠતાની સામે ધૃતરાષ્ટ્ર કશું બોલી શકે તેમ ન હતા.

ભીષ્મ પિતામહ, વિદુર વિગેરે વડીલોએ એક જ અવાજે કહ્યું–મહારાજા પાંડુ ! જો આપ નિવૃત્ત થવા માંગતા હશોતો રાજ્યાભિષેક શ્રી યુધિષ્ઠિર પર જ કરવો પડશે.

યુધિષ્ઠિર–ધર્મરાજા....છે તેથી તે ધર્મનું જ રાજ કરશે. યુધિષ્ઠિર–ધર્મરાજ છે....માટે તે ધર્મ માટે જ રાજ્ય કરશે યુધિષ્ઠિર–ધર્મરાજ છે–માટે તે ધર્મ વડે જ રાજ્ય કરશે. જ્યાં ધર્મ વડે, માટે જ ધર્મનું રાજ્ય ચાલવાનું હોય ત્યાં અન્યને રાજ્ય ચલાવવાનો પ્રશ્ન જ ક્યાંથી હોય ?

સહુ નગરજનોને પણ ધર્મરાજનું નામ પસંદ હતું. મહારાજા પાંડુએ પણ સહુના આ નિર્ણયને વધાવ્યો. નવા મહારાજાની વરણી સમયે જ જાણે દિવ્ય સંકેતો પ્રગટવા માંડયા. સહુ આનંદ વિભોર બન્યા શ્રી અર્જુને ઘોષણા કરીકે મહારાજા પાંડુનો નિર્ણય અમને પણ પ્રમાણ છે. અને જે આ નિર્ણય માટે સંમત ન હોય તે પોતાનું માથું આગળ કરે જેથી હું બાણથી તે મસ્તકને ચિરકાળનું પ્રવાસી બનાવી દઉં. શ્રી અર્જુને આટલું કહેતાં દિવ્ય ધનુષ્યનો ટંકાર કર્યો અને સહુ પ્રજાજનોએ તેને વધાવી

લીધો. સહુની જ્યાં આટલી બધી મરજી હોય ત્યાં ધૃતરાષ્ટ્ર પોતાની વાત કેવી રીતે કરી શકે? તેમની તો મનની મનમાં જ રહી.' અને અહીં તો રાજ્યાભિષેકની તૈયારીઓ થવા માંડી.

❋ શ્રી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક

રાજ્યાભિષેકની તૈયારીનું મુખ્ય તમામ કાર્ય શ્રી અર્જુને ઉપાડી લીધું હતું. વિદ્યાધર શ્રી હેમાંગદ અને મણિચૂડને હજી શ્રી અર્જુને જવા દીધા ન હતા. શ્રી અર્જુનની સાથે વિદ્યાધર મણિચૂડ અને હેમાંગદે પણ મહારાજા યુધિષ્ઠિરના રાજ્યાભિષેકની ભવ્ય તૈયારીઓ કરવી શરૂ કરી સેંકડો માનવો એકી સાથે અભિષેક કરી શકે અને હજારો માનવો એ જોઈ શકે તેવો ભવ્ય મંડપ રચાયો. સભા મંડપ કેટલીય કિંમતી સામગ્રીઓથી સુસજ્જ કરવામાં આવ્યો હતો સભા મંડપની દિવાલો અને એક એક થાંભલાઓ અવનવી ભાતની અવનવી ચિત્ર રચનાથી અનેરુ આકર્ષણ જગાવતા હતા. આ સભા મંડપના મધ્યમાં જ્યાં રાજ્યાભિષેક થવાનો હતો ત્યાં અનેક વિશાળ શકુનવંતી અને ભવ્ય ભદ્રપીઠની રચના કરવામાં આવી હતી. મહારાજા યુધિષ્ઠિરનો આ રાજ્યાભિષેક મહોત્સવ સમસ્ત હસ્તિનાપુરનો મહોત્સવ હતો. એક પણ ઘર રાજ્યમાં બાકી ન હતું જ્યાં આનંદ ન હોય! સર્વત્ર આનંદ હતો તેથી બધેય મંગલ વાંજીત્રો વાગતા હતા. કેળના મંડપો રચાયા હતા....દ્વારે દ્વારે તોરણો બંધાયા હતા....નગરીના તમામ ઘરે–ઘરમાં જાણે લગ્ન પ્રસંગ આવ્યો

હોય તેવો ઉત્સાહ દેખાઈ આવતો હતો. મહારાજા યુધિષ્ઠિરના આ રાજ્યાભિષેકને જોવા માટે નગરજનો તો આતુર હોય જ પણ દેશ-વિદેશથી લોકો આ પવિત્ર પ્રસંગે હાજર રહેવા ટોળે-ટોળા હસ્તિનાપુરમાં ઉમટતા હતા અનેક રાજાઓ પોતાના રાજવી રસાલા સહિત આ અભિષેક મહોત્સવમાં ઉપસ્થિત રહેવા હાજર થયા હતા.

આ તમામ મહોત્સવની વચ્ચે મહારાજા યુધિષ્ઠિર વધુ ને વધુ ગંભીર દેખાતા જતા હતા. લોકો માનતા હતા કે મહારાજા યુધિષ્ઠિર નવી જવાબદારી માટે ચિંતિત હશે પણ મહારાજા યુધિષ્ઠિર ને કોઈ જવાબદારી મૂંઝવતી ન હતી પણ તેઓ વારંવાર ધૃતરાષ્ટ્રના ચહેરાને જોયા કરતા હતા. કાકા ધૃતરાષ્ટ્ર અને કાકી ગાંધારીનું મુખ ઉદાસીન અને ફીક્કું દેખાતું હતું. દુર્યોધન કોઈ પણ તૈયારીમાં કયાંય હાજર રહેતા ન હતા. જ્યાં હાજરી આપવી પડે ત્યાં માત્ર નીચું જોઈને જ ઉભા રહેતા હતા. કાકા વિદુરને યુધિષ્ઠિર પૂછતા " કાકા ! હમણાં મોટાકાકા ધૃતરાષ્ટ્ર ઉદાસ કેમ દેખાય છે] દુર્યોધન તો નજરે ય કેમ ચડતો નથી ? "

વિદુરે યુધિષ્ઠિરને કહ્યું – બેટા ! અરે.... ભૂલ્યો ભાવિના મહારાજા યુધિષ્ઠિર ! તમે હવે એ ચિંતા ન કરો. આ મંગલ પ્રસંગે કોઇ અપમંગલની વાતનો વિચાર કરતા નહીં-કોઈનેય કશું પૂછવા જતાં નહીં, દિવસો જશે એટલે બધું ઠેકાણું પડી જશે પણ શ્રી યુધિષ્ઠિર સમજી ગયા છે કે જે દુર્યોધને વડીલોના રાજ્યકાળમાં પણ કર્ણનો સહુ વડીલની

પરવાનગી વિના રાજ્યાભિષેક કરી દીધો છે તે દુર્યોધનને રાજ્યાધિકારની ખૂબ લાલસા છે. ક્ષણવારતો યુધિષ્ઠિરે વિચાર્યું–"ધિક્કાર છે રાજ્યલક્ષ્મીને કે જેને મેળવવાની વાત આવે છે ત્યારથી જ કેટલાય આત્માની નકામી નારાજી વહોરવી પડે છે. આવા સહુના નિઃસાસાના ધામ જેવા રાજ્યને લઈને શું મેળવવાનું છે? એકવાર તો શ્રી યુધિષ્ઠિરને થયું–"પિતાજી પાંડુ અને ભીષ્મ પિતામહને પગે પડીને કહી દઉં કે આપીદો આ રાજ્ય દુર્યોધનને અને તેની આ નારાજી તેની આ વેર પરંપરાને બંધ કરાવો. પણ વડીલો યુધિષ્ઠિર માટેનો નિર્ણય કોઈપણ રીતે બદલવા તૈયાર ન હતા. પ્રજાજનોને યુધિષ્ઠિર સિવાયનો કોઈપણ વિચાર પસંદ ન હતો. છતાંય શ્રી યુધિષ્ઠિર ચિંતા મગ્ન હતા. શ્રી ધૃતરાષ્ટ્રને તથા દુર્યોધનને ખુશ કરવાની શ્રી યુધિષ્ઠિરની ભાવના હતી. આ તરફ રાજ્યાભિષેકની ઝડપભેર તૈયારીઓ ચાલી. નગર આખુંય ઉત્સાહમાં હતું, એટલે ધૃતરાષ્ટ્રે તથા દુર્યોધને પણ લોકલાજે હવે ઉત્સાહ બતાવવા માંડયો. સમય પસાર થતાં શુભ દિવસે, શુભ લગ્ને માતા કુંતી તથા માદ્રીએ મહારાજા યુધિષ્ઠિરને મંગલસ્નાન કરાવ્યું. ઉત્તમ વસ્ત્રો અને કિંમતી આભૂષણોથી મહારાજા અલંકૃત થયા. વાદ્યોના નિનાદ સાથે માતાના આશીર્વાદ લઈ ભવ્ય સભા મંડપમાં શ્રી યુધિષ્ઠિરે પ્રવેશ કર્યો. 'મહારાજા યુધિષ્ઠિરનો જય હો જયનાદ સાથે મહારાજ યુધિષ્ઠિર ભદ્રાસન પર આરૂઢ થયા. અનેક તીર્થોના પવિત્ર જળ આવી ગયા હતા. સોનાના કળશોમાં જળભરી કળશોને ગોઠવી દીધા હતા. જળમાં અનેક સુગંધિત પદાર્થો મિશ્રિત કરેલા હોવાથી આ સભામંડપ મઘમઘાયમાન થઈ

રહ્યો હતો. સુવર્ણ કળશો પર પુરોહિતોએ અનેક મંત્રોચ્ચારો દ્વારા વિધિ વિધાનો કર્યા. જ્યારે શુભ સમયની પળ પાસે આવી ત્યારે ભીષ્મ પિતામહે સુવર્ણ કળશને પોતાના હાથમાં લીધો. પુરોહિતોએ વાજિંત્રનાદ કરવા આદેશ આપ્યો. બે પાંચ ક્ષણમાં તો વાજિંત્રોના ગગનભેદીનાદથી સભામંડપ ડોલી ઉઠ્યો. વાજિંત્રો બંધ થયા. સહુનેશાંત રહેવા આદેશ અપાયો. અને સમય થતાંની સાથે ભીષ્મ પિતામહે રાજ્યાભિષેકનો પ્રારંભ કરતાં 'મહારાજા યુધિષ્ઠિરનો જય....જયકાર કરાવ્યો. ક્ષણવાર પહેલાંશાંત બનેલો સભામંડપ પુનઃ જયજયકારના નાદથી છલકાઈ ગયો. ભીષ્મપિતામહબાદ અભિષેકનો વારો આવ્યો શ્રી ધૃતરાષ્ટ્રનો, ત્યાર પછી પાછળ હતા. વિદુર, પછી ભીમ, અર્જુન અને અનેક બીજા રાજવીઓ. સહુની શરમે આજે દુર્યોધન પણ અભિષેકની લાઈનમાં ઉભા હતા. પણ આજે બાપ–દીકરાના કે બીજા કૌરવોના મુખ પર આનંદ દેખાતો ન હતો. જે આનંદ તેઓ બતાવતા હતા એ કોઈ લૂચ્ચા રંગારાએ પાતળો ચૂનો દિવાલ પર ધોળ્યો હોય તેવો ફીકકો ઉપર છલ્લો લાગતો હતો.

તેમના આનંદરૂપ ચૂના જેવા રંગની નીચે પણ તેમના શોકરૂપ ભીંતના ધાબ્બાઓ સ્પષ્ટ દેખાતા હતા.

❋ પૂર્ણાહુતિ પહેલા

રાજ્યાભિષેકો તો ક્રમ પ્રમાણે થયા. આજના આ આનંદમય પ્રસંગની પૂર્ણાહુતિ માટે જનતા આતુર હતી.

ત્યાં નૂતન મહારાજા યુધિષ્ઠિરે જાહેર કર્યું–'સહુ નગરજનો પ્રતિક્ષા કરે! જ્યાં સુધી હું મારા વડીલોની આજ્ઞા મેળવીને કંઈ ઉદ્‌ઘોષણા ન કરું ત્યાં સુધી સહુ પોતાના સ્થાન પર જ રહે!' યુધિષ્ઠિર પહોંચ્યા ભીષ્મપિતામહ અને મહારાજા પાંડુ પાસે. આગ્રહ કરીને તેમને કહ્યું–'જુઓ વડીલો! તમારી આજ્ઞાથી મેં હસ્તિનાપુરના રાજ્યની ધુરાતો સંભાળી છે. હસ્તિનાપુરનું રાજ્ય મુખ્ય રાજ્ય છે એટલે સમગ્ર રાજ્ય મારું કહેવાય પણ આપે દુર્યોધન આદિનો કંઈક વિચાર કરવો જ જોઈએ. તેમના માટે પણ આજના શુભ દિવસે કંઈક શુભનિશ્ચય થવો જોઈએ.

વડીલો તો સમજે છે કે દુર્યોધનને આગળ કરવામાં માલ નથી. પણ યુધિષ્ઠિરે વડીલોની પાસે કબૂલ કરાવી દીધું કે ઈન્દ્રપ્રસ્થના રાજ્ય પર દુર્યોધન આરૂઢ થશે. અને બાકીના કૌરવોને પણ નાના નાના રાજ્યના માલિક બનાવવામાં આવશે. વડીલોને પણ હવે સંમતિ આપ્યા વિના છૂટકો ન હતો. મહારાજા યુધિષ્ઠિરે પુનઃ રંગમંચ પર આવી દુર્યોધન તથા તેના બંધુઓના રાજ્યાભિષેકની જાહેરાત કરી. હાજર રહેલા શ્રીકૃષ્ણજી વિગેરે વિચારવાન રાજાઓને આ જાહેરાત કંઈક બેહુદી લાગેલી. શ્રી યુધિષ્ઠિરના વધુ પડતા ભોળપણ માટે કેટલાય વિચારકોએ ઉપાલંભ આપ્યો હતો. **સ્વભાવથી દુર્જન બનેલાને સંતોષ આપવા માટે તમે જે જે આપો તે આગમાં ઘી હોમવા જેવું હોય છે. ઘી થી આગ શાંત થતી નથી પણ પ્રજ્વળે છે. તેમ દુર્જનને સંતોષ આપવાના પ્રયત્ન કરવાથી તેનો સંતાપ વધે છે.!**

રાજનીતિતો એજ કહે છે કે દુર્જનને માર્ગમાંથી દૂર જ કરવો જોઈએ. તેને પોષવાથી રાજ્યકારભાર ચાલી શકે નહીં. રાજ્ય ધર્મોમાં પણ ફરમાવ્યું છે કે દુષ્ટસ્ય દંડ સજ્જનસ્ય પૂજા' રાજાની પહેલી ફરજ છે–કે દુષ્ટને દંડ કરવો સજ્જનની પૂજા ત્યારે જ સંભવી શકે છે જ્યારે દુષ્ટને દંડ થયો હોય. દુષ્ટોને ઉછેરવા પોષવા એટલે સજ્જનોના પ્રત્યે અન્યાય કરવો. પણ મહારાજા યુધિષ્ઠિર સમજે છે આટલું કરતાં જો દુર્યોધન માની જાય, ધૃતરાષ્ટ્ર ખુશ થઇ જાય તો ઘરમાં કજીયો ન રહે. અને કુરૂવંશની પ્રતિષ્ઠા જળવાઇ રહે.

રાજ્ય અભિષેક મહોત્સવબાદ મહારાજા યુધિષ્ઠિરને રાજાઓએ અનેક ભેટણા અને નજરાણા અર્પણ કર્યાં નવા મહારાજા યુધિષ્ઠિરની સાથે સહુ રાજવીઓ સંબંધો બાંધવા આતુર હતા. સહુ રાજવીઓ જાણતા હતા કે યુધિષ્ઠિર ન્યાયી છે....પ્રમાણિક છે એટલે કોઇ હેરાન ગતિતો નહિ જ થાય. પણ એક સનાતન નિયમ છે કેમહાપુરુષોની નજરમાં વારંવાર આવ્યા કરવાથી પણ કલ્યાણ થાય છે. કૃપા કટાક્ષની આકાંક્ષા કરતાં કેટલાય રાજવીઓએ યુધિષ્ઠિરની સાથે બન્યો તેટલો વધુ સમય વીતાવ્યો. મહારાજા યુધિષ્ઠિરે પણ આ પ્રસંગે આવેલા મહારાજા શ્રીકૃષ્ણ જેવા મહાન રાજવીઓનું બહુમાન કર્યું. અન્ય રાજવીઓને પણ આ આનંદના પ્રસંગે સારી ભેટ–સોગાદો આપી. શ્રી યુધિષ્ઠિરને રાજ્યગાદી પ્રાપ્ત થઈ હોવા છતાંય તેમનામાં કોઈ ફરક થયો ન હતો. હા ફરક એટલો જ થયો હતો કે તેઓ પહેલાં કરતાં પણ વધુ ગંભીર અને વધુ નમ્ર બન્યા હતા. રાજાઓને વિદાય કરી યુધિષ્ઠિર પિતા શ્રી પાંડુને નમસ્કાર કરવા ગયા. મહારાજા

પાંડુએ પોતાના લાડકવાયાને અંતરના આશીષ આપ્યાને કહ્યું–"બેટા ! કુરુવંશની આબરુ વધે તેવી રીતે રાજ્ય કરજે. રાજ્ય પર દુઃખ આવે તો પહેલા તું દુઃખી થજે, પણ પ્રજાને દુઃખી થવા ના દઈશ. પ્રજાને ન્યાય–નીતિથી પ્રાણની માફક પોષજે. આ રાજ્ય ગાદીને આખરે છોડીને આત્મસાધના કરજે, બસ, હવે મને જંગલમાં જઈને સાધના કરવા દે."

મહારાજાપાંડુનું આ વચન સાંભળતાં યુધિષ્ઠિર તો શોક મગ્ન થઈ ગયા. પોતાના બંધુઓની સામે નિઃસહાય નજરે જોવા લાગ્યા.

પિતાજી જંગલમાં જાય તે શ્રી યુધિષ્ઠિરને જરાય પસંદ ન હતું. તેમના ભાવ બીજા ભાઈઓએ પણ જાણી લીધા સહુએ પાંડુ રાજાને પ્રાર્થના કરી–"પૂજ્યવર ! આપ અહીં જ બિરાજમાન રહો. આપને અમે કોઈ સંસારિક કાર્યમાં નાંખીશું નહીં. આપ આપના મહેલના વિશાળ ઉદ્યાનમાં જ ઝૂંપડી બનાવીને રહો, પણ આપની હાજરી વિના અમે નહીં રહી શકીએ. ગમે તેમ થશે પણ આપને અમે જંગલમાં નહીં જ જવા દઈએ.

❋ નિવૃત્ત પાંડુ રાજમહેલમાં શ્રી ધૃતરાષ્ટ્રનું ઇંદ્રપ્રસ્થ ગમન

પુત્રના આગ્રહની પાસે પિતા પીગળી ગયા. આખરે મહારાજા પાંડુએ રાજ્ય મહેલમાં જ રહીને નિવૃત્તિ સાધવાનું

નક્કી કર્યું. આ તરફ રાજ્ય તો વહેંચાઈ ગયા હતા, પણ વસવાટમાં ફેરબદલી થવાની બાકી હતી. ગમે તેટલો મંતવ્યભેદ કે વિચારભેદ પાંડુ સાથે હોય પણ એકદમ જુદા થવાની વાત શ્રી ધૃતરાષ્ટ્રને પણ ગમે તેમ ન હતી.

હસ્તિનાપુરના રાજમહેલની સાથે તો શું પણ હસ્તિનાપુરની શેરીઓની ધૂળ સાથે પણ ધૃતરાષ્ટ્રને પ્રેમ હતો. બાળપણથી માંડીને આજ સુધીની પ્રત્યેક ઘટનાનું હસ્તિનાપુર સાક્ષી હતું. આવા હસ્તિનાપુરને છોડવું દુર્યોધનને પોષાય પણ શ્રી ધૃતરાષ્ટ્રથી બનવું મુશ્કેલ હતું.

....પણ દુર્યોધન માટે આ વાત અકળાવનારી બનતી હતી. એના દિલમાં તો પાંડવો માટે કયારનોય અસદ્‌ભાવ પ્રગટી ચૂકયો હતો. ભીમ માટેના તેના મનમાં ચોક્કસ પૂર્વગ્રહો બંધાઈ ગયા હતા. યુધિષ્ઠિરની સજ્જનતાની ગમે તેટલી છાપ હોવા છતાંય શ્રી દુર્યોધનનો તર્ક હતો કે યુધિષ્ઠિર ભલે ગમે તેટલા સારા હોય પણ પેલા ઉપદ્રવી ભીમ અને અન્યાયી અર્જુનને સાથ આપનાર યુધિષ્ઠિર છે. ભલે બહારથી ગમે તેવા શાણા અને ભલા દેખાતા હોય પણ અંદરથી તો એકના એક જ છે. આવા પૂર્વગ્રહથી પીડાતા શ્રી દુર્યોધન પોતાના પિતા હસ્તિનાપુરમાં રહે તે કેમ માની શકે! શ્રી દુર્યોધને પણ પોતાની પિતૃભક્તિનો દાવો પિતા શ્રી ધૃતરાષ્ટ્રના ચરણમાં રજૂ કર્યો. શ્રી ધૃતરાષ્ટ્રના હસ્તિનાપુર તરફના રોકાણની ભાવનામાં કંઈક દૂરંગામી ભાવના પણ હતી. શ્રી ધૃતરાષ્ટ્રને સ્પષ્ટ સમજાતું હતું કે પુત્ર દુર્યોધન ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય કરે અને પોતે હસ્તિનાપુરમાં રહે તો બંનેય ઠેકાણે

પોતાનો અવાજ અને અધિકાર રહે. ભવિષ્યમાં દુર્યોધન શાંત થાય તો ઐક્ય જળવાઈ રહે અને દુર્યોધનમાં ઐક્ય ભાવના ન પણ પ્રગટે તોય પોતાની હસ્તિનાપુરમાં હાજરી હોવાથી પોતાના પુત્ર દુર્યોધનની વિરુદ્ધમાં કોઇ જઈ ન શકે, પણ દુર્યોધનને આ વાત સમજાય તેમ ન હતું શ્રી દુર્યોધનને તો પોતે યુધિષ્ઠિર આદિ કરતાં વધુ પિતૃભક્ત છે તે દુનિયાને બતાવવું હતું. દુનિયાના માનવો પાસે દેખાવ કરવાની વૃત્તિ આવે ત્યારે ભલભલો વિચારક પણ થાપ ખાઈ જાય છે, તો બિચારા દુર્યોધનનું શું ગજું ?

શ્રી ધૃતરાષ્ટ્ર આખરે વડીલોની આજ્ઞા મેળવી, યુધિષ્ઠિર આદિને આશીર્વાદ આપી પુત્ર દુર્યોધન સાથે ઇન્દ્રપ્રસ્થ પધાર્યા હસ્તિનાપુરનું ભાગ્ય હવે સોળે કળાએ ખીલી ઉઠયું. ભીષ્મ અને પાંડુના શાંત તપ–ત્યાગની આશિષ વૃષ્ટિ વધુને વધુ જોરથી વરસવા માંડી. યુધિષ્ઠિરની નમ્રતા અને વિનયથી પરિવારના તમામ વડીલો સદાય પ્રસન્ન હતા. ભર્યાભાદર્યા ૧૦૫ રાજપુત્રોના પરિવારથી ગુંજતા રાજ ભુવનમાં માત્ર પાંચ જ રત્નો રહ્યા હતા. તેઓની વસતી ઘટવા છતાંય સાચા અર્થમાં રાજ મહેલમાં આજે શાંતિ હતી.

શ્રી યુધિષ્ઠિરે ધર્મ અને મોક્ષ પુરુષાર્થનો વિરોધ ન થાય તેવી તમામે પ્રવૃત્તિ દ્વારા અર્થ પુરુષાર્થનો જોરદાર પ્રયાસ કર્યો છે. રાજ્યની તિજોરી અને પ્રજાના મન બંનેયને તેમણે સમૃદ્ધિથી છલકાવી દીધા છે. તેમના રાજ્ય નીતિના સૂર કંઈક એવા હતા, સહુને સુખી કરીને પોતે મહા સુખી

બનવું. કોઈને દુઃખી કરી સુખી થવું એટલે બીજાને દુઃખ આપવા માટે પોતાને એટલા બધા દુઃખના સંગ્રાહક[Stockist] બનવું પડે છે કે પોતે કદીય સુખી બની શકતા નથી. બાકીના ચારેય બંધુઓ મોટાભાઈની ભાવનાને સાકાર કરે છે. મોટાભાઈ જે દિશા દર્શાવે છે...ચારેય ભાઇઓ તે દિશામાં દોટ મૂકે છે. યુધિષ્ઠિર આ ચારેય બંધુઓનું પ્રેમપૂર્વક જતન કરે છે. ચતુર પાંચાલી દ્રૌપદી પણ રાજકારભારની નિષ્ણાત નારી છે. દ્રૌપદી રાજ્ય દરબારમાં જઈને ફક્ત બેસતી નથી પણ રાજ્ય કારભારની રજેરજથી માહિતગાર છે. મહારાજા યુધિષ્ઠિરને દિશા સૂચન કરવામાં અને ચારેય બંધુઓને કાર્ય કરવામાં સતત પ્રેરણારૂપ છે. નારીનું સાચું સ્વરૂપ પ્રેરણા છે....પ્રવૃત્તિ એ પુરુષ છે પ્રવૃત્તિમાં વેગ ત્યારે જ આવે કે જ્યારે પ્રેરણા હોય, સન્નારી એ પ્રેરણા છે, વચન દ્વારા ઓછી પણ કર્તવ્ય દ્વારા પૂરી. પ્રેરણા એટલે પૂરકતા પરિણામે જે જે કાર્યમાં જ્યાં જ્યાં અધુરાશ હોય ત્યાં ત્યાં મધુરાશ વેરી પૂર્ણતા કરવી એ સતીનારીનું વ્રત હોય છે. માતા કુંતી અને માદ્રી પણ તેવા જ પૂરકબળો છે. માનવને સફળતા માટે શું જોઈએ ?

વાત્સલ્ય અને આશીર્વાદ....
પ્રેરણા અને પૂરકતા....
સહાય અને સહયોગ....

આટલું મેળવી ચૂકેલ મહાભાગી યુધિષ્ઠિર શા માટે વિશ્વ પર સામ્રાજ્ય ન કરે ?

❋ દિગ્વિજયનો મનોરથ.

....એકવાર રાજદરબાર ભરાયેલો છે. ચારેય બંધુઓ સેવામાં હાજર છે. યુધિષ્ઠિર શાંત અને ગંભીર મુદ્રાએ રાજ્ય સિંહાસન પર બિરાજમાન છે. આજે કોઈ ચતુર કવિએ દિગ્વિજય કરનાર રાજાઓની વંશાવલિ વાંચવા માંડી છે. દિગ્વિજયની શરતો અને તેની મહાનતાનું તે કવિ વારંવાર પુનઃ પુનઃ પારાયણ કરતો જાય છે. ચારેય બંધુઓ કંઈક વિચારે પુનઃ પુનઃ મહારાજા યુધિષ્ઠિરના મુખ સામે જુએ છે. યુધિષ્ઠિરના મુખ પર કોઈક અભિલાષ પ્રગટ થતો દેખાય છે; પણ મહારાજા યુધિષ્ઠિર આજે કશું બોલતા નથી છતાંય તેઓ પણ પુનઃ પુનઃ ભીમ અને અર્જુન પર દૃષ્ટિ નાંખતા જાય છે. નકુલ અને સહદેવ પણ સમજી ચૂક્યા છે કે આ વર્ણને મહારાજા યુધિષ્ઠિરમાં કંઈક અભિલાષ પ્રગટ કર્યો છે. નકુલ અને સહદેવે પણ ભીમ અને અર્જુનને કંઈક સંકેતો કર્યા. ચારેયની દૃષ્ટિઓએ કરવા જેવી વાત કરી લીધી. શ્રીભીમે સહુના તરફથી રજુઆત કરી–"મહારાજા યુધિષ્ઠિર આપે આખું રાજ્ય પૂર્ણ પણે આબાદ કરી દીધું છે. ચારેય તરફ સહુને શાંતિ અને સંતોષ છે. અમારા જેવા આપના સેવકો હવે કોઈ પણ જાતના પરાક્રમ કરવા તૈયાર છે.

હવે—કાર્ય ક્ષેત્રની કોઈ દિશા દેખાડો તો સરું મહારાજા યુધિષ્ઠિરે કહ્યું, "વત્સ! જીવન તો બહુ મોટું કાર્ય ક્ષેત્ર છે. કોઈપણ વ્યક્તિના મૃત્યુ વખતે કોઈપણ વ્યક્તિએ પોતાનું કાય પૂર્ણ કરેલું હોતું નથી....પણ આજે મને આ મહાકવિ દ્વારા દિગ્વિજયનું વર્ણન સાંભળતા થાય છે તે બધા તો

હતા આપણા પ્રતાપી પૂર્વજો ! હું પણ જો તમારા બધાની સંમતિ હોય તો દિગ્‌વિજય માટે પ્રસ્થાન કરું.” ભીમે કહ્યું “જ્યેષ્ઠ બંધુ ! આપ આં શું બોલ્યા ! આપનું વચન–આપની ઈચ્છા અમને સહુને પ્રમાણ છે. દિગ્‌વિજય તો હવે થવાનો જ છે. અરે ! થઈ જ ગયો છે તે નક્કી પણ તે દિગ્‌વિજય કરવા જવામાં આપનો નંબર–ક્રમ કયાંય આવે તેવો નથી.” પ્રસન્ન થતાં યુધિષ્ઠિર કહે છે–“બંધુ તું શું કહે છે ? સ્પષ્ટ કહે.” અર્જુન કહે છે “રાજન્ ! મોટાભાઈ ભીમની વાત બહુ સ્પષ્ટ છે....સીધી છે. અમે ચાર બંધુ આપની સેવામાં છીએ. દિશાઓ પણ ચાર છે. આપણે ચાર જ દિશાઓમાં જઈને દિગ્‌વિજય કરવાનો છે. આ પૂર્વ દિશા તરફ મારો અપૂર્વ બળી બંધુ ભીમસેન જશે. હું મારાથી પરિચિત દક્ષિણ દિશા તરફ આપની આજ્ઞાથી જઈશ નકુલને પશ્ચિમના સમુદ્ર કિનારા સુધીનો સારો પરિચય છે તેથી પશ્ચિમ દિશામાં જશે. અને સહદેવ, દેવની વસતી જેવા હિમાલય સુધી ઉત્તરમાં પહોંચશે. ભોલા બંધુ ! આપના માટે દિશા જ કયા છે ? આપ અમને આજ્ઞા કરો ! અમે પ્રસ્થાનની તૈયારી કરીએ. આપ અત્રે જ હસ્તિનાપુરના કેન્દ્રમાં બિરાજમાન રહી પરિધિ પર ભ્રમણ કરતાં આપના ચારેય બંધુઓનું રક્ષણ કરજો આજે જ આજ્ઞા કરો....બંધુવર ! અમે બધા આપના સેવકો જાગતા છીએ, આપને શા માટે દિગ્‌વિજય કરવાનો પરિશ્રમ લેવો પડે !”

❋ દિગ્‌વિજય પ્રસ્થાનની પૂર્વે

યુધિષ્ઠિરને બંધુઓના વચન પર, સત્યતા પર અને સત્યની સફળતા પર પૂરો વિશ્વાસ છે. તેમનું હૈયું આનંદથી ઉભરાઈ જાય છે. વિનીત પુત્રોની જેમ સેવા કરતાં બંધુઓને જોતાં આંખના ખૂણા હર્ષાશ્રુથી ભરાઈ જાય છે. યુધિષ્ઠિરે કહ્યું. "બંધુઓ ! તમારી ભાવનાની સફળના માટે મારા અંતરના આશિષ છે. દિગ્‌વિજય કરતાં આપણે ખ્યાલ રાખવાનો છે કે રાજ્યની લિપ્સા કરતાં રાજ્યની સુચારૂ વ્યવસ્થા એ આપણું અરમાન હોવું જોઇએ. માર્ગના રાજાઓને મોટે ભાગે સામ અને દામથી જ આધીન કરવા. ભેદ અને દંડ ભલે રાજનીતિમાં પ્રવેશ કરાયેલ હોય, પણ ભેદ અને દંડ એ ન છૂટકાના ઉપાયો છે. અસાધ્ય રોગને દૂર કરવાના અનિષ્ટ ઉપાયો જેવા છે. તો ધ્યાન રાખજો કે પરાક્રમ જ્યાં તમારે બતાવવું પડે ત્યાં પણ તમે પ્રતિસ્પર્ધી રાજાની સામે ઉદ્ધત અને અક્કડ રહેતા નહીં. જબરજસ્ત માથા ભારે શત્રુને પણ હાથનો સાથ બનાવી તેને પણ હૈયાનો પ્રેમ આપજો. સર્વથા સફળ થાવ તેવી મારી ભાવના છે, પણ એકવાર હું શ્રી ભીષ્મ પિતામહને વાત કરી લઉં. પિતા પાંડુ આમતો નિવૃત્ત છે પણ તેમનાય આશિષ મેળવી લઉં. પછી શુભ દિવસે તમને પ્રસ્થાન કરવા જણાવીશ.

શ્રી ભીષ્મપિતામહ આદિ દરેક વડીલો જણાવે છે– "શુભસ્ય શીઘ્રમ્." રાજ્ય દરબાર વિસર્જન થયો છે પણ એક નવ સર્જનના મનોરથે સહુને ઘેરી લીધા છે. શ્રી યુધિષ્ઠિરે વડીલોના અંતઃકરણના આશિષ મેળવી અપૂર્વ તૈયારીઓ કરવા માંડી છે.

❋ જો દિગ્વિજય માટે જવાના હોત

યુધિષ્ઠિર પોતે જાત તો કદાચિત્ ઓછી ચકાસણી કરત પણ પોતાના વ્હાલા ભાઈઓ ચારેય દિશામાં યુદ્ધ માટે જઈ રહ્યા હતા. માટે યુધિષ્ઠિર ઝીણી ઝીણી ચકાસણી કરતા હતા. પ્રત્યેકના પાયદળો, સેનાધિપતિઓ, હાથી–ઘોડાની તો શું પણ રથના દરેક ભાગોની પણ મહારાજા યુધિષ્ઠિરે ચોકસાઈ કરાવડાવી હતી. ચારેય ભાઈઓને માર્ગની તમામ વાતો સમજાવી. કયા કયા ક્રમે રાજ્યો જીતવા તે અંગેના વ્યૂહની પણ ઝીણવટ ભરી ચર્ચા કરી હતી. છતાંય મહારાજા યુધિષ્ઠિરની શિખામણ એ જ હતી, વ્હાલા બંધુઓ! રાજ્ય લિપ્સા છે, એટલે સામ્રાજ્યના માલિક બનવાનું છે. છતાંય ધ્યાન રાખજો. આપણા સૈન્ય કરતાં આપણું પુણ્ય મોટો ભાગ ભજવશે, સૈન્ય કરતાં આપણો સદ્ વ્યવહાર સારો માર્ગ કરશે. સહુ રાજાઓને બને ત્યાં સુધી સામ ઉપાયથી આધીન કરજો દિગ્વિજય આપણા ક્રેટલાય પૂર્વજો એ કર્યો છે. પણ પ્રત્યેક મહારાજાઓએ 'સામબળ' પર જોર વધારે આપ્યું છે. સામથી–સમજાવટથી જ રાજ્ય ચાલે છે. તેવું નથી; પણ આ સામ ઉપાયનો સાચો ઉપયોગ કર્યા વિના દામ ઉપાય અને દંડ ઉપાયમાં જવું એ પણ અણ આવડત છે.

મારા બંધુઓ ક્ષત્રિયો માત્રને પ્રાણની પરવાહ નથી પણ આપણે ક્ષત્રિય હોવા સાથે જૈન છીએ. **જીવને થયેલ એક નાનાશા પ્રાણનું નુકશાન પ્રાણના થયેલા વિયોગનો પુનઃ સંયોગ જગતની જબરજસ્ત શક્તિ પણ કરાવી શકતી નથી, તો શા માટે નિરર્થક પ્રાણોનો વિયોગ કરવો?**

બંધુઓ ! હરાવેલા રાજાઓને જીતેલા રાજા જેટલા સન્માનવા એજ આ કુરુવંશી રાજવીઓની સાચી જીત છે. હાર અને જીતનો હિસાબ સંગ્રામમાં જ પૂર્ણ કરી દેવો. સંગ્રામની બહાર તો સદાય એક ઉદારદિલ–સજ્જન–નમ્ર–શીલવંત રહેવું.

⁂ મંગલ પ્રસ્થાન !

શુભ દિવસે....શુભ મુહૂર્તે વિજય પ્રસ્થાન થયું. માતા કુંતીએ પોતે જ ચારેય પુત્રના માટે પ્રસ્થાન મંગળ કર્યું. પુત્રોના ભામણા લીધા. વધામણા કીધા અને ચારેય દિશામાં ડંકા નિશાન ગાજી ઉઠ્યા.

પૂર્વ તરફ બળવાન ભીમે પ્રસ્થાન કર્યું. દક્ષિણ દિશા તરફ મહારાજા અર્જુને પ્રયાણ આદર્યું. પશ્ચિમના કાંઠે ઉપડ્યા શ્રી સહદેવ અને શ્રી નકુલે સવારી હંકારી દેવરાજ હિમાલયથી મંડિત ઉત્તર દિશામાં. હસ્તિનાપુર નગરીએ પોતાના પનોતા રાજવીઓની સફળતા માટે આજે થાય એટલી ભગવાનને પ્રાર્થના કરી. પોતાના ઈષ્ટ દેવોની અનેક માન્યતા કરી. કૃતજ્ઞ પ્રજા સમજતી કે સ્વામીનો વિજય એજ સેવકનો વિજય છે.

⁂ દિગ્‌વિજય સાધના

મહારાજા ભીમે પોતાના પરાક્રમ પર જાણે અજબ સંયમ રાખ્યો હતો. છતાંય પૂર્વદેશના – રાજવીઓ

મહારાજા ભીમનું નામ પડતાં જ ભેટ સોગાદો લઇને સામે આવતા હતા. રાજવીઓ જાણે કોઈ એક મહારાજવીની– સુયોગ્ય મહારાજવીની વરણીને વધવતા હોય તેવા હૈયે સ્વાગત કરતા હતા. પોતાના કુળનું ગૌરવ....રાજાપાંડુની સરળતા....મોટાભાઇ ધર્મરાજાની ધર્મનિષ્ઠાની છેક પૂર્વના સીમાડાઓ સુધી સુવાસ ફેલાઈ હતી. મહારાજા ભીમ આ બધી સુવાસથી પ્રભાવિત હતા. સત્કીર્તિ તો એક એવું નાણું છે કે દુનિયાના કોઇપણ બજારમાં તે વટાવી શકાય છે. મહારાજા ભીમે કામરૂ દેશને આધીન કર્યો. અંગદેશ બંગદેશ અને મહાસામ્રાજ્ય જેવો કલિંગદેશ તથા ડામર-દેશને પણ મહારાજા ભીમે પોતાની સત્તા હેઠળ આણ્યા. પોતે નમ્ર સેવક રૂપે મહારાજા યુધિષ્ઠિરનો જયજયકાર કરાવ્યો. મહારાજા ભીમ છેક પૂર્વસાગર સુધી પહોંચ્યા પવિત્રતમા ગંગા નદીના સાગર મિલન સ્થળે એક યશસ્થંભની રચના કરી. કુલિન મહારાજા ભીમે પોતાના કુલની ગૌરવ ગાથાને સાગરતટે સદાય માટે સુરીલી બનાવી....

આ તરફ મહારાજા અર્જુન પણ પોતાના અમોઘ બાણની માફક સડસડાટ આગળ વધ્યા.

લાટ દેશના રાજવીઓ તેમને ભળી પડયા....

કોંકણદેશના રાજવીઓએ પોતાની કોણીઓ ભેગી કરી. શ્રી અર્જુનને પ્રણામ કર્યા....

મહારાષ્ટ્ર દેશના બહાદુર મરહઠ્ઠાઓએ પણ શ્રી અર્જુનના મનોરથને મહોરાવ્યા....

કર્ણાટકદેશે તો શ્રી અર્જુનના 'યશ' અને વિજયનું જાણે અદ્‌ભુત નાટક રચ્યું....

તૈલંગ દેશના રાજવીઓએ કોઈપણ રંગભંગ કર્યા વિના શ્રી અર્જુનનો ભાવપૂર્ણ સંગ સ્વીકાર્યો....

દ્રાવિડોએ શ્રી અર્જુન દ્વારા ધર્મરાજાના નેતૃત્વને સ્વીકારવામાં કોઈ વ્રીડા (લજ્જા) ન અનુભવી પણ તેમનેય સમસ્ત દેશમાં ધર્મરાજા યુધિષ્ઠિરની યશશ્રીને ક્રીડા કરાવવામાં અનેરો સાથ આપ્યો....શ્રી અર્જુન છેક તામપર્ણી નદીના તટે પહોંચ્યા. ધરતીના પાદ પ્રક્ષાલતા પેલા સમુદ્રના તટે તેમણે પણ પાંડવોની યશોગાથાનો સ્થંભ રોપ્યો....

પશ્ચિમ દિશામાં પહોંચેલ શ્રીનકુલ પણ જોરાવર યોદ્ધા સિદ્ધ થયા. આમેય દ્વારિકામાં શ્રીકૃષ્ણની હાકતો વાગતી જ હતી. શ્રી કૃષ્ણના ઈશારાને આ પશ્ચિમ તટના રાજવીઓ ન સમજે તે શક્ય જ ન હતું. નકુલને જાણે સૌરાષ્ટ્ર અને પ્રભાસ ક્ષેત્રમાં, ગુર્જર અને માળવામાં, સિંધ અને મરુભૂમિમાં માત્ર એક આનંદ પ્રવાસ યોજ્યો હોય તેવું જ લાગવા માંડ્યું. શ્રી નકુલે પ્રભાસક્ષેત્રના મુકુટ મણિ શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરની પણ અંતરના ભાવપૂર્વક અનેરી ભક્તિ કરી, ચંદ્રપ્રભ ભગવાનની થયેલી આ યાત્રા પણ શ્રી નકુલનું એક યાદગાર શમણું બની ગયું હતું.

ઉત્તર દિશામાં ઉન્નતિના સોપાનને ચઢતા શ્રી સહદેવે પોતાનું અતુલ પરાક્રમ ફોરવ્યું....અને નેપાળ જેવા મોટા રાજ્યોના પાયા હચમચાવી છેક ધરતીની ઢાલ જેવા હિમા-

લય સુધી તે પહોંચ્યા. અધર્મને ફેલાવનાર અને અવ્યવસ્થાને ફેલાવનાર કેટલાય રાજાઓને પદભ્રષ્ટ કર્યા. નવા ધાર્મિક રાજાઓનો રાજ્યાભિષેક કરી પ્રજામાં શાંતિ ફેલાવી. શ્રી સહદેવે કેટલાક માથાભારે લાગ્યા તેવા રાજવીઓને કેદ પણ કરાવ્યા. પોતાના સૈન્યની સાથે તે બંદીવાન રાજવીઓને પણ સાથે લીધા.

❋ પુનઃ ગૃહાગમન

ચારેય બંધુઓએ ધાર્યા સમયમાં પોત-પોતાનું કાર્ય પૂર્ણ કરી હસ્તિનાપુરના પ્રાંગણમાં આવીને ઉભા હતા. લખલૂંટ સંપત્તિ અને અનેક અદ્‌ભુત આશ્ચર્યકારી ચીજોના ઢગલે-ઢગલા સાથે લાવ્યા હતા. હસ્તિનાપુરના પ્રજાજનો આજે પોતાના ફેંફસાઓમાં એટલી બધી હવા ભરતા હતા કે તેમની છાતી ઉન્નત અને ઉન્નત જ રહેતી હતી. સારાય નગરમાં જાણે વિજયનો ઉન્માદ છવાયો હતો. હસ્તિનાપુર આજે વિજયપુર લાગતું હતું. !

ચારેય ભાઈઓના આવા વિજયને જોઈને યુધિષ્ઠિરનું હૈયું પણ ઝાલ્યું નહોતું રહેતું. પાંચેય બંધુઓ જ્યારે મળ્યા ત્યારે એક અલૌકિક દૃશ્ય ખડું થઈ ગયું હતું. મને તો લાગે છે કે....

'કોઈપણ બે સંબંધીઓ જ્યારે સ્વાર્થ વિના એક બીજાને સત્કારતા હોય છે ત્યારે ત્યાં સ્વર્ગ પણ તુચ્છ બની જતું હોય છે !'

ચારે ભાઈઓએ મહારાજા યુધિષ્ઠિરના ચરણે સર્વસ્વ સમર્પિત કર્યું. શ્રી યુધિષ્ઠિરે એ સર્વસ્વનું પ્રતિ સમર્પણ કર્યું. સંપત્તિ તો સહુની થવાની હતી અને સહુની રહી પણ સહુની વચમાં એક નિઃસ્વાર્થ આનંદનું કલકલતું ઝરણું ખળ-ખળ કરતું વહી જતું હતું....!

મહારાજા શ્રી યુધિષ્ઠિરે બંધુઓના વિનયને ગંભીરભાવે સ્વીકાર્યો હતો. અને તે સ્વીકારની સાથે બંધુઓને એક રાજવી સન્માન પણ આપતા ઘણીવાર વાત્સલ્યથી પોતે જાતે જ સહુ બંધુઓને રાજ્ય સિંહાસન પર બેસાડતા. રાજદરબાર ઉમળકાથી તેઓનો આદર કરતો હતો.

સુખ-સંપત્તિની છોળો ઉછળતી હોવા છતાંય તેઓમાં વિવેક હોવાથી પરમ શાંતિપૂર્વક તેમનો કાળ પસાર થતો હતો!

શ્રી અર્જુન પોતાના વનવાસથી પુનરાગમન પહેલાં શ્રી કૃષ્ણની બહેન સુભદ્રાને વરી ચૂકયા હતા. કેટલાય દિવસોથી તેને શુભ ચિહ્નો દેખાતા હતા. પુત્રની આશાએ સહુને ઉત્કંઠિત બનાવ્યા હતા....મહારાજા યુધિષ્ઠિર પણ આ બધી મહાસંપત્તિઓ પામ્યા બાદ કોઈ સારો પ્રસંગ ઝંખી રહ્યા હતા. આ શુભ પ્રસંગે અગણિત દાન-પુણ્ય કરવાના તેમના મનોરથ હતા....

(પૃ. ૩૮૫ પર જુઓ)

❋ પ્રવચનસાર

卐 બનવા જોગ છે કે આપણું પુણ્ય પાતળું હોય... આપણે માન મેળવી શકીએ તેવું પુણ્ય ન કર્યું હોય.... પણ....કોઈ આત્માને માન આપવા જેટલી પુણ્યાઈ તો આપણે અવશ્ય કરી જ શકીએ છીએ.

卐 એક વખત કોઈને માન આપતાં તમને ખચકાટ થશે પણ....માન આપવાની શરૂઆત કરશો ત્યારે સમજાશે કે જીવનના ઘણા જટિલ પ્રશ્નોનું સમાધાન છે. "માન–દાન"

卐 સુખ સમયને ટુંકો બનાવે છે....અને.... દુઃખ સમયને લાંબો બનાવે છે તેવું લાગે છે. પણ આ ભ્રમ છે. સાચી વાત તો એ છે કે સુખમાં મન લપસે છે....દુઃખમાં મન લટકે છે.

卐 રાજ્યગાદીએ એમને જ ગબડાવ્યા છે કે જેઓ સમય થતાં પહેલા ગાદીને ગબડાવી નથી શકયા....

卐 સજ્જનો માટે પહાડો હલાવી નાંખવા સહેલા છે....બે હાથથી સમુદ્રને તરવાની હિંમત પણ તેઓ કરી શકે છે પણ....દુર્જનને ખુશ કરવાની શક્તિ તો તેમનામાં ય નથી.

卐 સજ્જનોને રાજ્યની હદ પાર કરો કે ફાંસીના માંચડે ચડાવો....પણ તેમને આ શિક્ષા....શિક્ષારૂપે નથી લાગતી પણ....તે સજ્જનોની સામે જ જ્યારે દુષ્ટોની દુર્જનતાની પૂજા થાય છે ત્યારે તેમને ફાંસી પર ચડવા કરતાં ય વધારે શિક્ષા થતી હોય તેવું લાગે છે....

卐 સારા દેખાવું કદાચિત્ સારૂં હશે પણ....સારા દેખાવા માટે તમે એટલો બધો પ્રયત્ન ન કરતા કે જેથી તમે ખરેખર સારા જ ન રહી શકો....

卐 આજે સમાજમાં સ્ત્રીના હક્કો અને પુરુષની ફરજો માટે એટલી બધી ચળવળો અને પ્રતિચળવળો ચાલી રહી છે....પણ ધ્યાનમાં રાખવા જેવી તો એક જ વાત છે કે સ્ત્રી અને પુરુષની વાતમાં માનવતા લજવાઇ ન જાય....માનવતા લૂંટાઇ ન જાય....

卐 માણસ નાનો હોય કે મોટો હોય, કામનો હોય કે નકામો હોય....

આયુષ્ય લાંબુ હોય કે ટૂંકુ હોય....પણ તેના મૃત્યુબાદ પણ તેના કરવાના ઘણાં કાર્યો બાકી રહી ગયા હોય છે. તેથી જ....બધાંય કાર્યો પૂરાં કરીને મરવાની ઇચ્છા રાખવાં કરતાં સારા કાર્યો ને તરત જ પૂરાં કરી લેવા તે ડહાપણ છે.

卐 શેઠ અને નોકરની વચમાં સ્વામી સેવકભાવ લુપ્ત થતો જાય છે. શેઠ નોકરના દુઃખ પ્રત્યે ઉદાસીન છે....તો નોકર શેઠની ઉન્નતિ પ્રત્યે ઈર્ષ્યાળુ છે....

કુવામાં હોય તો જ હવાડામાં આવે એવું પહેલાના નોકરો માનતા હતા. આજે એવું મનાય છે કે ....હવાડો ભરાયેલો રાખો....કુવો સુકાઈ જશે તો બીજે શોધીશું....

卐 વિવેક એ કોઈ જુદો ગુણ નથી. પ્રત્યેક ગુણો કેટલા પ્રમાણમાં હોવા જોઇએ તેનું માપ એટલે વિવેક....

સદ્ગુણોનો ઉપયોગ કયાં, કેટલો અને કેવી રીતે થાય તેની સમજ એટલે જ વિવેક....

卐 જીવન કેવું છે ?
આપવા માટે જીવી જાણવું હોય તો સહેલું છે...
મેળવવા માટે જીવવું હોય તો અઘરૂં છે,

卐 તમે નાના બની શકશો તો લોકો તમને ચોક્કસ મોટા બનાવી દેશે.

卐 દર્દીના શ્વાસ ચાલુ હોય ત્યાં સુધી દવા કરોછો....તો....
વિશ્વાસ હોય ત્યાં સુધી ગમે તેવા પાપી પર પણ દયા કરો.

卐 દવા રોગીને સુધારશે.
દયા પાપીને તારશે.

卐 વડીલોને પક્ષમાં લેવાનો એક જ રસ્તો છે....સદા તેમના આશીર્વાદ માંગતા રહો....

卐 દુનિયા તમને એક ગુણ હશે તો પણ મહાન કહેશે....
ગામવાળો તમારામાં હજાર ગુણ આવશે ત્યારે મહાન માનશે....પણ....ઘરવાળાઓ તો તમારામાં લાખો ગુણો આવ્યા બાદ પણ તમને મહાન કહેવામાં વિચાર કરશે....

卐 રાજકીય ક્ષેત્રના સલાહકારો રાજ્ય સારી રીતે કેમ ચાલે તેની સલાહ નથી આપતા પણ રાજ્ય પોતાના–સલાહકારોના તાબામાંથી છૂટી ન જાય તેવા જ રસ્તા બતાવે છે.

卐 જે ગુણને મુખ્ય કરીને તમે વ્યક્તિને માન આપશો તો તે ગુણ તમારામાં સહજ પ્રગટશે.

卐 જીવનનો સાચો રસ ધન અર્જનમાં નહીં પણ ઉપકારના સર્જનમાં છે.

卐 તમને રાતના સૂતા પહેલાં કોઈનો પણ નાનો સરખો ઉપકાર દિવસ દરમ્યાન કર્યો હોય તેવું યાદ ન આવે તો સમજજો કે તમને સુવાનો તો અધિકાર છે પણ પાછા જાગવાનો અધિકાર નથી.

卐 દર્શનથી ચાલે....પૂજા કરવાની શી જરૂર ? એવું કહેનાર કયારે સમજશે કે દર્શનથી નયનો પવિત્ર થશે–પણ બાકીની ચાર ઈન્દ્રિયોને પૂજા સિવાય કોણ પવિત્ર કરશે ?

卐 ધૂપપૂજા–પુષ્પપૂજા–દીપકપૂજા....ઘ્રાણેન્દ્રિયને પવિત્ર કરે છે.
અક્ષતપૂજા–નૈવેદ્યપૂજા અને ફળપૂજા રસનેન્દ્રિયને પવિત્ર કરે છે.
જળપૂજા–કેસરચંદનપૂજા સ્પર્શેન્દ્રિયને પવિત્ર કરે છે.
પ્રભુ દર્શન ચક્ષુરિન્દ્રિયને પવિત્ર કરે છે.
ચૈત્યવંદન–સ્તુતિ–સ્તવન શ્રવણેન્દ્રિયને પવિત્ર કરે છે.
સ્તુતિ–ચૈત્યવંદન–સ્તવનાદિ મનને પવિત્ર કરે છે.

卐 નોકરી કરનારને પંચાવન વર્ષની ઉંમરે ય પેન્શન મળે છે પણ આ વેઠીયા જેવા શેઠીયાને પેન્શન કઈ ઉંમરે ?

卐 આજે શાંતિ નથી મળતી એવી બૂમો મારનાર ઘણા છે. પણ....શાંતિ મેળવવા માટે ધંધો છોડવાની કોઈની ય તૈયારી નથી હોતી.

卐 દુષ્ટોનું પોષણ એટલે સજ્જનોનું શોષણ....

卐 પોતાના સ્વાર્થના રક્ષણ માટે પણ પરાર્થની જરૂર છે જ. પરના હિતની જો સદંતર ઉપેક્ષા કરશો તો....તમે તમારો સ્વાર્થ પણ કદી સાધી નહીં શકો.

卐 સમર્પણ એ જીવનની સૌથી કઠણ છતાં ય સર્વોચ્ચ કળા છે. જે જીવનમાં કોઈને પણ સમર્પિત નથી બની શકયો તેને પોતાનું જીવન પહાડ જેવું બોજારૂપ લાગે છે.

卐 જીવનમાંથી કોઈના પણ પ્રત્યેની કડવાશ કાઢી નાંખીએ અને જીવનમાં અનેક સિદ્ધિઓ હોવા છતાં ય હળવાશ જાળવી રાખીએ તો જીવનની એક એક ક્ષણ રસમય બની જશે સાચા અર્થમાં જીવન સ + રસ (સરસ) બની જશે.

卐 વડીલોના આશીર્વાદની ઝંખના એ જ સફળતાની શોભા છે.

卐 વડીલની સલાહ નિષ્ફળ જાય પણ વડીલના આશિષ કદાપિ નિષ્ફળ જાય નહીં.

卐 જે આંખોથી જિનને નિહાળવાના છે તે આંખોથી કોઈનેય નિહાળવા ન પડે તો કેટલું ભાગ્ય ખૂલી જાય!

❀

⁂ જીભલડીનો રસ ટપકે છે.

સારુંય સગરામપુર ગામ જાણે કે વિઠ્ઠલથી દૂર રહેતું, વિઠ્ઠલને લોકો વગર ચાલે નહીં પણ વિઠ્ઠલથી લોકો બધાય દૂર ભાગે ભલે તે પરગજુ અને ભોળો હતો. પણ તેનું બોલવાનું ઠેકાણું ન હતું. કયા પ્રસંગે શું બોલાય તે કદી સમજતો ન હતો. ગામ આખુંય એકવાર તેના બડબડાટથી કંટાળ્યું. ગામના લોકોએ ગામ બહાર કાઢ્યો. બિચારો વિઠ્ઠલ એક જીભને વશ ન રાખી શકયો તેથી ગામ છોડવું પડયું. વિઠ્ઠલને વિચાર તો ખૂબ આવ્યો. આવી મારી દશા! પણ આદત બરાબ ચીજ છે. વિઠ્ઠલ નિરાધાર થઈને બાજુના ધરમપુર ગામે પહોંચ્યો. તે ગામના એક ડોશીમાને દયા

આવી. ડોશીને થયું ભલે બિચારો એક દહાડો ખાઈને જાય. જરા આશરો મળ્યો એટલે વિઠ્ઠલની આદતે જોર કર્યું. ડોશીમાએ ચૂલા પર ખીચડી ચઢાવી હતી. પેલા વિઠ્ઠલને વગર વિચારી બોલવાની ખાજ ઉપડી તેણે પૂછ્યું – "માજી! ધારો કે ખીચડીની હાંડલી ફૂટી જાય તો શું થાય?" માજી કહે છે. "અલ્યા આવું ન બોલાય." વિઠ્ઠલ થોડીવાર શાંત રહ્યો. પછી જીભ સળવળી. "પણ, માજી તમે અહીં એકલા રહો છો કે દીકરો છે?" માજી– "છે, બેટા મારો દીકરો દેશાવર છે. પણ છેલ્લા બે વર્ષથી આવ્યો નથી." અને ભાન વગરનો વિઠ્ઠલ બોલી ઊઠયો– "માજી! તપાસ કરવા જેવું ખરું? કદાચ તમારો દીકરો મરી પણ ગયો હોય." ડોશીને આ મૂર્ખ પર અપાર ગુસ્સો ચઢયો. હાંડલીમાં ખીચડી હજી ચડીય ન હતી. પેલા વિઠ્ઠલને કહે છે. મૂરખ, લે તારી જીભ જ એવી છે કે બધા તને કાઢી મૂકે ઊઠ અહીંથીય જા.... લે, આ ખીચડી. ખીચડી તો હજી કાચી હતી. અને વિઠ્ઠલે કપડામાં ખીચડી બાંધીને ચાલવા માંડયું. ખીચડીમાંથી પાણી ટપક ટપક થતું હતું. કોઈકે પૂછ્યું– "ભાઇ! આ પાછળ શું ટપકયા કરે છે?" વિઠ્ઠલ પોતાની ફજેતી સમજી ગયો હતો. તેણે કહ્યું– "ભાઈ આ તો મારી જીભલડીનો રસ ટપકે છે."

"પ્રસંગે જે યોગ્ય બોલવાનું જાણતો નથી તે બોલવાના બદલે બોળી નાંખે છે."

"જીભ પર કાબૂ હોય તો રોગ અને શોક બેય દૂર રહે!!!"

❋ કથાસાર

(પૃ. ૩૭૮ થી ચાલુ)

આવા શુભ મનોરથોમાં મહારાજા યુધિષ્ઠિર મહાલતા હતા ત્યાંજ પેલી મંજુલ ભાષિણી દાસીએ સમાચાર આપ્યા.

"મહારાજા યુધિષ્ઠિરનો જય હો....!

મહારાજા અર્જુનનો જય હો....!

મહારાણી સુભદ્રાએ પુત્ર રત્નને જન્મ આપ્યો છે!"

મહારાજા યુધિષ્ઠિરે સમાચાર સાંભળતાની સાથે જ વધામણી આપનારને ઉચ્ચ પ્રકારની પહેરામણીથી વધાવી દીધી. અને ત્યારબાદ રાજા યુધિષ્ઠિરે પાર વિનાનું ધન યાચકોને આપ્યું. કોણ જાણે યુધિષ્ઠિરનો જન્મ બધાને આપવા માટે હોય તેમજ લાગતું! શ્રી યુધિષ્ઠિર માનતા હતા કે લેવાનું કાર્ય—મેળવવાનું કાર્ય—છીનવી લેવાનું કાર્ય આત્માએ ભવોભવ કર્યું છે. જે ભવમાં સમજદારી હોય એ ભવ તો આપવામાં જ વીતાવવો જોઈએ!

નવા જન્મેલ સુભદ્રાના પુત્રરત્નથી આખોય રાજમહેલ આનંદમાં રંગાઈ ગયો હતો. સહુ આલાડકવાયાને રમાડવા તલસતા હતા. હમણાં જાણે અર્જુનનો સિતારો તેજ લાગતો હતો! વનવાસ તેના માટે ધન્યવાસ બની ગયો, વનવાસમાં દરરોજ નવી સિદ્ધિ પ્રાપ્ત થતી હતી.! વનવાસને અંતે તો તેને સુભદ્રા મળી હતી ને! અને આજે એજ સુભદ્રાને

ત્યાં પારણું ઝુલતું હતું. રાજા યુધિષ્ઠિરને તો સ્વ-પરના ભેદ જેવું હતું જ કયાં? તેઓ તો રાજમહેલની કાર્યવાહીથી જરા હળવા થાય કે આ છોકરા પર મુગ્ધ થઈ જતા.

⁂ નવજાતનું નામ કરણ

સહુ આ આગંતુક જીવનું કશું નામ પાડવા માંગતા હતા. નવો પેદા થતો જીવ ભલે પોતાનું ભાગ્ય લઈને જન્મતો હોય પણ નામ લઈને કોઈ થોડો જ જન્મે છે. અને એટલે જ બધા ભેગા થઈને અનામીના પણ નામ પાડવાની ચેષ્ટા કરતા હોય છે!

સહુ શુભ દિવસે ભેગા મળ્યા. આ સુભદ્રાના છૈયાનું નામ પાડયું....'અભિમન્યુ....' માનવ વિવિધતા પ્રિય છે. દરેક જમાનામાં લોકો નામતો કંઈક નવું જ પાડવાની કોશિષ કરતા હોય છે!

'અભિમન્યુ' તદ્દન નવું નામ હતું. કુટુંબની કેટલીક સ્ત્રીઓને તો તે નામ જલ્દી બોલતા ફાવે તેમ ન હતું છતાંય હોંશે હોંશે તે બધી સ્ત્રીઓએ અભિમન્યુનું નામ યાદ કરી નાંખ્યું! રાજા યુધિષ્ઠિરે કરેલી આ નામની પસંદગીને સહુએ વધાવી લીધી હતી!

સહુનો લાડકવાયો બાળ અભિમન્યુ જાણે કોઈ પુણ્ય પગલાનો આવ્યો હોય તેમ લાગતું હતું!

અભિમન્યુને રમાડતા ઘણીવાર યુધિષ્ઠિર કહેતા....

"બેટા, અભિ! તું મહાપુણ્યપગલાનો છે. તારા જન્મ બાદ સ્વાભાવિક સાતેય ક્ષેત્રમાં મારી દાનરુચિ વધી

ગઇ છે. રોજ અવનવું દાન કરતો નથી ત્યાં સુધી ચેન પડતું નથી. અને દાન કરવા બેસું છું ત્યારે તારો કોમળ ચહેરો અને કુંકુમ વર્ણા પગલાં યાદ આવ્યા વિના રહેતા નથી.''

ઃઃ જિન મંદિરનું નિર્માણ

મહારાજા યુધિષ્ઠિરે જોયું કે પોતે સર્વ રીતે હવે ઠરી ઠામ થયા હતા. આવા વખતે ધર્મનો વિચાર કર્યા વિના સુંદર કાર્ય કરી જ લેવા જોઇએ અને એજ ભાવનાથી તેમણે ભાઇઓ પાસે એક વાત રજૂ કરી.

યુધિષ્ઠિર–''બંધુઓ ! જુઓ, લક્ષ્મી તો વિનશ્વર છે ! આ રાજ્યગાદીનો કોઈ ભરોસો નથી. અરે આ જીવન પણ કયારે પુરું થાય તે કશું કહેવાય તેમ નથી તો આ અસાર લક્ષ્મીનો અનુપમ ઉપયોગ કરવા એક ભવ્ય જિનમંદિર બનાવીએ તો કેમ ?'

ચારેય બંધુઓ કહી ઊઠયા. ''ભાઈ ! આ રાજ્ય લક્ષ્મીજ નહીં પણ....અમારા પ્રાણ પણ આપને આધીન છે. મોટાભાઇ ! આપ માત્ર લક્ષ્મી જ નહીં અમારા પ્રાણોને પણ આપની ઇચ્છા મુજબ ઉપયોગમાં લઈ શકો છો. આપનો વિચાર મહાન જ હોય છે. માટે જ અમે ચારેયે નક્કી કર્યું છે કે મહાનતા મોટાભાઇમાં છે તો મહાન સંકલ્પ તેઓ કરે અમારું કામ સેવકનું....મોટા ભાઈના સંકલ્પને અમે સાર્થક કરીશું....''

બસ, વિશ્વમાં એક અદ્ભુત જિન મંદિરના નિર્માણનો પ્રારંભ થઈ ગયો ! જિન ભક્તિથી ઉછળી રહેલ શ્રી યુધિષ્ઠિ-

રના અંતરમાં એજ મનોરથ હતો કે દુનિયા આખીય આ મંદિરમાં આવે! તેવું ભવ્ય અને દિવ્ય જિનાલય બનાવવું.

જિનમંદિરની શોભા જોવાના નામે આવશેતોય ભાવિકો જિનરાજનું દર્શન કરીને કલ્યાણ સાધી જશે....!

આવા શુભ ભાવથી તેમણે આ મંદિરમાં સોનું અને ચાંદી, સ્ફટિક અને નીલમ, વજ્ર અને વૈડુર્ય વિગેરે કિંમતી રત્નોને છૂટથી જડાવી દીધા હતા. જો જિન મંદિરમાં આ રત્નો ન લાગ્યાં હોત તો કેટલાય માનવો પોતાના જન્મારામાં આવા કિંમતી રત્નોના દર્શન કરી શકયા ન હોત. જગત જેની ઉપાસના અને સેવા કરે તેવા કિંમતી રત્નો આ મંદિરની ફરસ પર માનવીના પગ નીચે ઘસાતા હતા! જાણે લાગતું હતું કે જિનેશ્વરની સામે લક્ષ્મી પણ જિન ભક્તિમાં મગ્ન એવા જિન ભક્તોના પગ નીચે કચડાવામાં પોતાનું ભાગ્ય માનતી હતી!

લક્ષ્મી જાણે નમીને કહેતી હશે....

"હે પ્રભુ! આપ સાક્ષાત્ હતા ત્યારે હું સુવર્ણ કમળો રૂપે આપના પવિત્ર ચરણ કમળ નીચે ચગદાઈ હતી અને આપ આજે સાક્ષાત: હાજર નથી ત્યારે આપના ભક્તોના ચરણો નીચે ચગદાઈ રહી છું! મારું પરમ: ભાગ્ય: છે!

મહારાજા શ્રી યુધિષ્ઠિરે આ મંદિર બનાવવામાં કોઈ કમીના નથી રાખી! મહાન અને અનન્ય મંદિર થવું જોઈએ તેવી તેમની ભાવના પ્રખર શિલ્પીઓએ આજે સિદ્ધ કરી હતી. મંદિર તૈયાર થયું ત્યારે તો દેવને પોતાના દેવ વિમાન પણ પૃથ્વી પર ઉતારતા શરમ આવે તેવું ભવ્ય લાગવા

માંડ્યું હતું. બસ હવે મહારાજા શ્રી યુધિષ્ઠિર રાહ જોતા હતા કોઇ સુયોગ્ય ગુરુભગવંતની !

પુણ્યશાળીને પદે પદે નિધાન હોય છે. આ ભવ્ય ચૈત્ય તૈયાર થયું ત્યાંજ અપૂર્વ જ્યોતિર્ધર પ્રતિષ્ઠાવિધિવિશારદ આચાર્ય ભગવંત બુદ્ધિસાગરસૂરિજીની હસ્તિનાપુરમાં પધરામણી થઈ. આમેય સાધુની સેવામાં ભક્ત પાંડવોને આજે આવા અવસરે આવા જ્ઞાની ગુરુભગવંતોની પધરામણીએ અપાર હર્ષ થયો ! નગરમાં ગુરુભગવંતોનું ભવ્ય સ્વાગત થયું.

ગુરૂ ભગવંતની નજર હેઠળ આખોય પ્રાસાદ ચકાસાવી મહારાજા શ્રી યુધિષ્ઠિરે પ્રતિષ્ઠા માટેનું પુણ્યમુહૂર્ત માંગ્યું.

❋ પ્રતિષ્ઠા – મહોત્સવ

શુભ મુહૂર્તની પ્રાપ્તિ થતાં મહાન જિનભક્તિ મહોત્સવ પ્રારંભાયો ! અનેકાનેક દેશમાં નિમંત્રણ ગયા. છતાંય મહારાજા યુધિષ્ઠિરે ખાસ ખાસ જગ્યાએ તો પોતાના અંગત માણસોને જ મોકલ્યા.

શ્રી કૃષ્ણ મહારાજાને બોલાવવા નકુલને મોકલ્યા અને હજીય યુધિષ્ઠિરને ક્ષણે–ક્ષણે જે યાદ આવી રહ્યા હતા તે પોતાના બંધુ દુર્યોધન આદિ વડીલોને ઈંદ્રપ્રસ્થ નગરીથી ખાસ બોલાવવા માટે સહદેવને મોકલ્યો. સહદેવને તેમણે ખાસ કહ્યું– સહદેવ જોજે, બંધુ દુર્યોધન, કાકા ધૃતરાષ્ટ્રને કે વિદુરને આ પ્રસંગે હાજર રહેવા મોકલી પોતે છટકી ન જાય. દુર્યોધનને તો તું આ પ્રસંગે અવશ્ય બોલાવીને જ આવજે.”

સુંદર ધર્મ કાર્ય પ્રસંગે સહુને નિમંત્રણ મોકલવા પાછળ યુધિષ્ઠિરનો એવો પણ ઉમદા હેતુ છે કે પુરાણા વેર ઝેર ખલાસ થઈ જાય મહારાજા યુધિષ્ઠિર વિચારે છે કે આ પ્રસંગે દુર્યોધન સાથે છૂટથી વાતચીત થશે તો તેના હૃદયનો ક્ષોભ–સંકોચ નીકળી જશે.

અનેક રાજાઓ ઘણા વખતથી હસ્તિનાપુરની શોભા જોવા ઝંખી રહ્યા હતા. આ આમંત્રણ મળતા તો સહુમાં નવો ઉત્સાહ આવી ગયો ! ચારેય દિશામાંથી આ પરમ ઉપકારી સોળમા શાંતિનાથ પ્રભુના જિનાલયના પ્રતિષ્ઠા પ્રસંગે આવનારની દોડા–દોડ વધવા માંડી.

આવો મહાન પુણ્ય પ્રસંગ જોવાનું ચૂકવું કોઈને પોસાય તેમ ન હતું. આ બધાય રાજવીઓ મહારાજા શ્રી યુધિષ્ઠિર માટે એક–એકથી ચડીયાતી ભેટ લઈ આવ્યા હતા.

પેલા પૂર્વ દેશના રાજવીઓ તો ગજરાજના ભેટણાં લઈ આવ્યા હતા....

પેલા દક્ષિણ દેશના રાજવીઓ માત્ર નાના નાના જ ડાભડા લાવ્યા હતા. પણ તેમાંનાં રત્નો તો મોટો મહેલ અને મહેલાતો ખરીદી શકે તેટલાં કીંમતી હતાં....

પશ્ચિમ દેશના રાજવીઓ તો ગાંસડાબંધ રેશમી કૌશેય વસ્ત્રો અને ઢગલાબંધ સોનાનાં ઘરેણાંઓ લઈને આવ્યા હતા....

ઉત્તર દેશના ચપળ રાજવીઓ તો પોતાની ચપળતાને સૂચવતા ચપળ અશ્વોના ટોળે–ટોળાં લઈને ઉપડી આવ્યા હતા....

રાજા યુધિષ્ઠિરે ન છૂટકે પણ આ બધા ભેટણાંને સ્વીકાર્યા અને સહુ રાજવીઓને પ્રતિષ્ઠા મહોત્સવ માટે તૈયાર થવા આદેશ કર્યો પ્રતિષ્ઠાના મહોત્સવમાં આ રાજવીઓ પૃથ્વી પરના ઇંદ્ર જેવા શોભવા લાગ્યા. ચતુર મહારાજા યુધિષ્ઠિરે દરેક રાજાને પોતાને યોગ્ય એવા પ્રતિષ્ઠા કાર્યમાં જોડી દીધા.

કોઈક રાજાને નંદ્યાવર્ત અને જિનવેદીના રક્ષણાર્થે તલવાર લઈને ઊભા રાખ્યા હતા.... કોઈક રાજવીઓને નિરંતર ધૂપ–ધાણામાં ધૂપ દાન કરવા માટે યોજયા હતા... કોઇક રાજવીઓને તીર્થના જળ ભેગાં કરવામાં લગાવી દીધા હતા.... કોઇક પ્રધાન રાજવીઓને દરેક તીર્થથી આવેલા જલમાં દિવ્ય ઔષધીઓ મેળવી દેવાના કાર્યમાં પરોવી દીધા હતા....

કોઈક રાજવીઓ દ્વાર પર ઊભા રહીને સહુને ભાવના ચંદનના તિલક કરી રહ્યા હતા.

કોઇક રાજાએ દર્પણ ધારણ કર્યા છે....

કોઇક પ્રભુને કુસુમાંજલી ચડાવી રહ્યા છે....

તો કોઈ દૂધ–દહીંના પાત્રો અને મેવા મીઠાઈના થાળો લઈને ઊભા રહ્યા છે.... !

યોગ્ય સમયે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી બુદ્ધિસાગર સૂરિજી પધાર્યા !

મુહૂર્ત સાથે શ્વાસની ગતિને મેળવી.... મુહૂર્ત આવ્યું ડંકો વાગ્યો.... ચારેય બાજુ વાજિંત્રો ગાજી ઉઠયા.... આકાશમાંથી સાચાં કુસુમો જ નહીં પણ મોતીની વૃષ્ટિ

થઈ.... સોનાના ધ્વજદંડ પર ધ્વજા ફરકી ઊઠી! ક્ષણવાર તો આ હસ્તિનાપુર હર્ષાદ્વૈતમય બની ગયું!

દસ દિવસ સુધી ભવ્ય મહોત્સવ ચાલ્યો હજીય તેનાથી સંતોષ ન પામતા શ્રી યુધિષ્ઠિરે શ્રી હસ્તિનાપુર તથા બહારથી આવેલ સમસ્ત સંઘની પૂજા કરી. પેલા રાજવીઓ જેવી-જેવી અને જેટલી ભેટો લાવ્યા હતા તેના કરતાં પણ ઊંચી-ઊંચી પ્રતિ ભેટો આપી શ્રી યુધિષ્ઠિરે પધારેલા તમામ મહેમાનોને પ્રેમપૂર્વક વિદાય આપી.

વિદાય પામતા આ રાજવીઓનો શ્રી યુધિષ્ઠિર નમ્રતા પૂર્વક આભાર માનવાનું ભૂલ્યા ન હતા.

લઘુથી લઘુ માણસની પાસે જે લઘુ બની શકે તે જ સાચા પ્રભુ હોય છે!

❋ સહુની વિદાય – શ્રી દુર્યોધનનું રોકાણ

આ સહુ રાજાઓને વિદાય આપનાર શ્રી યુધિષ્ઠિરે પોતાના સ્વજન સમા શ્રી કૃષ્ણને તથા દુર્યોધન આદિને વિદાય થવા સંમતિ આપી ન હતી. પણ....એકાએક શ્રી સમુદ્રવિજયના સમાચાર આવ્યા. તેઓ હવે શ્રી કૃષ્ણને તુરત જ દ્વારિકા બોલાવતા હતા. શ્રી યુધિષ્ઠિરને માટે કોઈ રસ્તો ન હોવાથી તેઓને તો રજા આપી પણ ભાઈ દુર્યોધનને કહ્યું– "ભાઈ! તું તો ઘરનો છે તારાથી

આવી ઉતાવળથી જવાય નહીં. આ સમસ્ત મહોત્સવ જ અરેઅર તારે કરવો જોઈએ પણ હવે મારું નિમંત્રણ પામીને આવ્યો જ છે તો થોડા દિવસ અહીં જ રહી જા. સમય હશે તો હું ખુદ તારી સાથે ઇંદ્રપ્રસ્થ આવી જઈશ"

યુધિષ્ઠિરમાં અખૂટ સજ્જનતા છે.... તેને માનવના ઉત્થાનમાં અખૂટ શ્રદ્ધા છે.!

છેલ્લા સમય સુધી જેમ ચતુર વૈદ્ય દવા કરવાનું છોડતો નથી, તેમ એક ચતુર સુધારક.... એક સરળહૃદયી સંત.... એક વાત્સલ્યસભર આત્મા કયારેય બીજાને સુધારવાના પ્રયત્નો છોડતો નથી.

શ્રી યુધિષ્ઠિરે ગમે તે ભોગે પણ શ્રી દુર્યોધનને રોકાઈ જવા કહ્યું પણ દુર્યોધનના હૃદયમાં પાપ હતું. પાપ હોવાથી તે શંકાશીલ હતો.... શંકાશીલ હોવાથી તે ભયભીત હતો! યુધિષ્ઠિરના આ ભવ્ય પ્રસંગને જોઈને તે એટલો બધો નિઃસ્તેજ બની ગયો હતો કે તે પોતાને પણ હવે યુધિષ્ઠિરની વાતને નકારવા જેટલો શક્તિમાન નહોતો માનતો. છતાંય પેલી શંકાના કારણે કાન ખાવામાં ચતુર મામા શકુનીને સાથે રાખ્યા! મામા શકુનિ રહે તો જ દુર્યોધન રહે તેમ હતું. શ્રી યુધિષ્ઠિરને કોઇ વાંધો ન હતો. ભલે શકુનિ સાથે રહે, હસ્તિનાપુરમાં તે બંનેયનું ભવ્ય આતિથ્ય થશે! પણ શ્રી યુધિષ્ઠિર સમજ્યા કે હજીય દુર્યોધન મને પોતીકા બંધુને પરાયો સમજે છે.... અને પરાયા શકુનિને પોતીકો સમજે છે!

દુર્યોધન હસ્તિનાપુર રહ્યા છે.... અનેક પ્રકારની મોજ મઝા કરી રહ્યા દેખાય છે. પણ તેના અંતરમાં ઈર્ષ્યાની પેલી આગ સળગ્યા જ કરે છે બહારથી મલકતો આ દુર્યોધન અંદરથી તો મરવાનો ભય રાખી રહ્યો છે !

દુર્યોધન પાંડવોનો વૈભવ જુએ તો તેના અંતઃકરણને હડકવા લાગે છે અને જો પાંડવો તેમને વૈભવ ન બતાવે તો તેનામાં એક અદમ્ય લાલસા અને લાલચ પ્રગટે છે ! એકવાર તો પાંડવોનું બધું જ જોઈ લેવાનો દુર્યોધનનો ભાવ હતો. અને એમાંય થોડાજ દિવસમાં રાજસભા ભરાવાની હતી. આ ભવ્ય રાજસભાની ઘણી વાતો સાંભળીને ઉત્સુક બનેલા શ્રી દુર્યોધને વધુ થોડા દિવસ ખેંચી કાઢયા...

❋ શ્રી શકુનિનું નિરીક્ષણ

....શકુનિએ આ દિવસો દરમ્યાન માત્ર પાંડવોની સપત્તિ જ ન જોઈ તેની ચતુર આંખો હંમેશા યુધિષ્ઠિરની નાની નાની પ્રવૃત્તિઓનો ખ્યાલ રાખતી હતી. તેણે જોયું કે પરમ પ્રસન્ન બનેલા રાજા યુધિષ્ઠિરને ધર્મચર્ચા સિવાય કયાંય કશું જ કામ નથી હોતું. રાજાને કંઈક સમય પસાર કરવાનો પણ પ્રશ્ન હોય તેવું લાગતું. શકુનિએ જોયું આવા ફાજલ સમયે યુધિષ્ઠિર નાનો–મોટો જુગાર ખેલી લેતો. શેતરંજ–ચોપાટ પરનો જુગાર શ્રી યુધિષ્ઠિરનો પ્રિય શોખ બનતો જતો હતો !

....શકુનિએ જોયું કે યુધિષ્ઠિર ભલે કોઈનીય સાથે જુગાર ખેલે પણ તેઓ કદી જીતતા નથી. અને હંમેશા હારતા

હોવા છતાંય તેમનો જુગાર રમવાનો ઉમળકો જરાય ઓછો થતો નથી. કોણ જાણે આવા મોટા માણસના મગજમાં પણ એવી ધૂન ચડી ગઈ છે કે આ જુગાર—આ ચોપાટમાં મારે પ્રવીણ બનવું છે! અને સામેની વ્યક્તિને દરેક દાવમાં હરાવવી છે. શકુનિ શ્રી યુધિષ્ઠિરના મનોભાવને સમજવામાં સફળ બની ચૂકયા છે, તે વખતે—વખતે યુધિષ્ઠિર સાથે અલક મલકની વાતો કર્યે જાય છે પણ તેનું નિરીક્ષણ એ છે કે યુધિષ્ઠિરમાં મોટાઇના ભાવ ખૂબ છે. કોઇ તેમની મોટાઈની પ્રશંસા કરીને તેમની પાસેથી ધારે તે કરાવી શકે તેમ છે એ વાત શકુનિને બરોબર સમજાઈ ગઇ છે....

❋ દિવ્ય સભામાં પ્રવેશ હસવામાં બસવું

....આ તરફ પાંડવોની દિવ્ય સભા જોવા માટે દુર્યોધન ઊપડી ગયો, દુર્યોધનને આ દિવ્ય સભાના રહસ્યો તો સમજવા હતા. તે ચતુર હતો....જાગૃત હતો....પણ ઘણીવાર વધુ પડતી જાગૃતિ પણ ઊંધું કાર્ય કરાવી બેસે છે!

દિવ્ય સભામાં દુર્યોધનનું પણ સ્વાગત કરવા સેવકો તૈયાર થઈને ઊભેલા છે. રાજા દુર્યોધને જોયું કે આ તો કંઈક વિચિત્રતા છે. અહીં પાણીનો હોજ દેખાય છે....શું કરવા રાખ્યો હશે! અહીં ચાલવાના રસ્તામાં પાણીનો હોજ....!

ગમે તે કારણ હોય પણ કપડાં પલળી ન જાય તેનું ધ્યાન તો રાખવું જોઈએ ને!

દુર્યોધને તુરત પોતાનું ધોતિયું ઉપર ચડાવી દીધું. ધોતિયું ઉપર ચડાવીને સાચવી – સાચવીને ચાલે છે એટલે પાંડવોના નોકરોને હસવું આવ્યું તે સમજી ગયા શ્રી દુર્યોધન આવા નિર્મળ સ્ફટિકને પાણી સમજી બેઠા છે! દુર્યોધનને એ નિર્દોષ અને સહજ હાસ્યમાં એક પડકાર લાગ્યો! પોતાનો તુચ્છ લોકો તરફથી પરિહાસ થતો લાગ્યો છતાંય ખામોશી રાખી જરાક આગળ વધ્યા....સ્ફટિકના એ પગથિયા પૂરા થતાં જ ખરેખરો પાણીનો હોજ આવતો હતો. પણ શ્રી દુર્યોધન બંનેની સ્વચ્છતા એકસરખી હોવાથી ભૂલા પડ્યા. ખરેખરા હોજમાં જમીન પર ચાલતા હોય તેવી રીતે પગ મૂકયો....સીધા હોજમાં પડયા કપડાં બધાંજ પલળી ગયાં.... હોજ બહુ ઊંડો ન હતો છતાંય પડે તો વાગે તો ખરૂં જ ને!

મહારાજા યુધિષ્ઠિરે તો ગંભીર બની કહ્યું "ભાઈ! થઈ જાય અજાણ્યું હોય તો ભૂલ પણ થાય. લે ભીનાં કપડાં કાઢી નાંખ....' પણ....પેલા ભીમથી રહેવાય! એ તો ખડ-ખડાટ હસી પડયો. નોકરોના હસવામાં તો હજીય સ્વાભાવિકતા હતી. પણ ભીમના આ હસવાને દુર્યોધન કોઇ રીતે ક્ષમા કરી શકે તેમ ન હતો! આજે દુર્યોધને પોતાના રોષને બહાર નથી આવવા દીધો. પણ એના અંગે અંગે રોષ વ્યાપી ગયો છે....હજીય અધુરું હતું કે આગળ જતાં જમીન ઊંચી–નીચી છે તે બબર પડી નહીં, અને દુર્યોધન ચાલતાં–ચાલતાં પડી ગયો! હવે કોણ જાણે પેલા અર્જુનને પણ હસવું આવી ગયું!

દુર્યોધન સમજ્યા આ બધું સ્વાભાવિક થતું નથી તેને

આ સર્વ પોતાનું અપમાન કરવાનો એક પેંતરો લાગે છે. તેમણે હવે તો નક્કી જ કરી દીધું છે આ પાંચેયે આજે મને હલકો પાડવા જ આ યોજના કરી છે. આકાશ-પાતાળ એક કરીશ પણ આખરે આ અપમાનનો બદલો લઈશ જ એમ મનમાં વિચારે છે. એક પછી એક બધા ખડખડાટ હસે છે અને બીજાઓ ઊભા ઊભા મલકાય છે. અરે ! નોકરો હસે તો પણ તેમને કોઈ રોકતું નથી. જોઉં છું હજી આગળ કેવો ખેલ ચાલે છે ! દુર્યોધન કોઈની સાથે કશું જ બોલતા નથી કોઈ તેનો કોપ ઉતારવા માટે જાણે કશો પ્રયત્ન પણ કરી રહ્યા નથી. અંદરની ગૂંગળામણ વધતી જાય છે કોઈ અગમ્ય ભાવ તેને ભરખી જાય છે !

હવે દુર્યોધન રાજમહેલમાંથી બહાર નીકળવાની તૈયારીમાં છે. સામેનું બારણું તદ્દન ખુલ્લું છે. વારંવાર થતાં અપમાનને કારણે તેને સૌથી પહેલા આ બારણેથી નીકળી જવું છે. પણ તેને સામેનું બારણું તદ્દન બંધ દેખાયું. બારણાની એકદમ નજીક જઈ દુર્યોધન પાછો ફર્યો બોલી ઊઠ્યો...."રસ્તો કયાં....?" અને....ત્યાંજ પેલા નકુલ અને સહદેવ તેજ પેલા ખુલ્લા બારણેથી બહાર નીકળી ગયા. દુર્યોધન ખુલ્લા બારણાને પણ પાછળ રહેલ રત્નના અતિ ચળકાટથી બંધ સમજી બેઠા હતા....

નકુલ અને સહદેવનું હાસ્ય જોઇ દુર્યોધનનો આખરી નિર્ણય થઈ ચૂકયો ! બસ, હવે તો આ જીવનમાં એકજ કર્તવ્ય છે....

કયાં તો હું મરૂં....
કયાં હું આ પાંડવોને મારૂં....

કયાં તો હું બેદ્દાન-મેદ્દાન થઈ રસ્તા પર ભટકતો થઈ જઉં....નહીં તો પાંડવોને બેદ્દાન-મેદ્દાન કરી નાંખું....

પણ....સમોવડીયા હોવા છતાંય-એક પરિવારને વરેલા હોવા છતાંય હું તેનાં આવાં અપમાન કદી સહન કરવાનો નથી....

કેવા છે, આ પાંડવો....!! યુધિષ્ઠિર દુનિયામાં પોતાની જાતને સજ્જન શિરોમણી કહેવડાવે છે. દૂરના જોડે તો મીઠી-મીઠી વાતો કરે છે પણ આ અંદરના જોડે-આ પોતીકા જોડે એનો વ્યવહાર કેવો છે? શું યુધિષ્ઠિર આ બધામાંથી કોઈનેય ઠપકો ન આપી શકે? શેનો આપે યુધિષ્ઠિર ઠપકો? એ શાણો છે....એ તો હસ્યો નથી જ પણ....આ બધાને આ રીતે હસાવનાર એજ છે!

દુનિયાની પાસે મોટા કહેવડાવવામાં કશી બહાદુરી નથી.. જ્યારે ઘરની વ્યક્તિ મહાન કહે ત્યારે જ મહાનતા પર મ્હોર પડે!

❋ પુનઃ ઇંદ્રપ્રસ્થમાં

દિવ્ય રાજસભાની શોભા જોઈને શ્રી દુર્યોધન બહાર નીકળ્યા ઔપચારિક વાત પણ શ્રી યુધિષ્ઠિર સાથે કરી પણ ડંખતે હૃદયે....છૂટે મને નહીં! મહારાજા યુધિષ્ઠિર પાસેથી નીકળીને શ્રી દુર્યોધન શકુનિની સાથે માર્ગે જતા હતા. શકુનિએ જોયું કે દુર્યોધન ગંભીરતાના સાગર જેવા બની ગયા છે. એક અક્ષર પણ બોલતા નથી.

વિચિત્ર છે માનવ, એ ગુસ્સો બીજા પર કરે છે પણ ગુસ્સાનો બોજ પોતાના માથે ઉપાડે છે....!

શકુનિએ ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ શ્રી દુર્યોધન હળવા ન જ થઇ શકયા! આખરે મામા શકુનિએ શ્રી દુર્યોધનનો હાથ પકડી તેમને જરા ઢંઢોળ્યા....“અરે ઓ રાજવીવર્ય દુર્યોધન! જરા બોલો તો ખરા?

શ્રી દુર્યોધન ભારે અવાજે કહે છે....“શું બોલ્યા ફરી બોલો, શું હું દુર્યોધન રાજા છું....?

કોણે કહ્યું દુર્યોધન રાજા છે? રાજા તો પેલા રહ્યા પાંડુના અવિવેકી નબીરાઓ....”

શકુનિ—દુર્યોધન! આમ ન કર, આવો વિચાર ન કર, જીંદગી છે. સુખેથી જીવ, દરેકનો રસ્તો નીકળશે! દુર્યોધન–“રહેવા દો. મામા, રસ્તાની વાતો!”

“પણ....હવે જીવવું જ કોને છે; હું તો આત્મહત્યાના નિર્ણય પર જ આવી ગયો છું!”

શ્રી શકુનિ જાણતા જ હતા કે આજે દુર્યોધનને હાડોહાડ અપમાન લાગી ગયા છે અને ખરી વાત તો એજ હતી કે શકુનિ પણ ઇચ્છતા હતા કે એક એવો દિવસ આવે અને દુર્યોધન પાંડવોની સાથે નખ–શીખ શત્રુતા કરી દે!

આજે એ દિવસ આવીને જ ઊભો હતો છતાં ય ચીઢા અને દઢ શ્રી શકુનિએ દુર્યોધનને ચકાસી જોવા આગળ ચલાવ્યું. “ઓ દુર્યોધન! આવો વિચાર ન કરો. શું થયું છે તો કહો.”

દુર્યોધન : "શું કહું ? તમારા જેવા ચતુર રાજપુરુષને ! મારા આપ્તજનને હજી ય કશું કહેવાનું મારે બાકી છે. મારા બેહદ અપમાન કરનાર પાંડવો આવી અફાટ સમૃદ્ધિમાં મ્હાલતા હોય....અને હું તે જોઈને સુખી કેવી રીતે થઈ શકું ? મને તો તેમને કચડી નાંખ્યા વિના સંતોષ જ નહીં થાય...."

શ્રી શકુનિ : "દુર્યોધન ! આ બધા ક્ષણિક આવેગો છે. આમ તો તમે બધા ય એક જ છો. આ પાંડવોની સંપત્તિ એ તમારી જ સંપત્તિ કહેવાય. ગમે તેમ તો ય હું પારકો કહેવાઉં અને ગમે તેમ તો ય તમે એક જ કુળના પિતરાઈ ભાઈઓ છો !"

દુર્યોધન : "મામા શકુનિજી ! હવે બંધ કરો એ વાત. મારા જેવા સામર્થ્યશાળીનું અપમાન કરનાર એ બધા મારા ભાઈઓ છે ? હા....હશે એક વાર ભૂતકાળમાં ! પણ આજે તો એ મારા દુશ્મન જ છે. મારે તો તેમને હવે નામશેષ કરવા જ પડશે...."

શ્રી શકુનિ ચતુર છે. એ જાણે છે કે દુર્યોધન હવે પાંડવોની સાથે સંગ્રામ છેડશે જ, અને સંગ્રામ છેડશે તો દુર્યોધન હારવાનો જ છે. તેથી દુર્યોધનને સત્ય માર્ગે વાળવો જરૂરી છે.

શ્રી શકુનિ : "દુર્યોધન ! યુદ્ધની વાત તો ઠીક છે પણ આ પાંડવોની સાથે યુદ્ધ એટલે જેમ પતંગીયું આગ પર આક્રમણ કરે તેના જેવી વાત છે. જો યુધિષ્ઠિરની

સાથે યુદ્ધ કરશો તો આખરે જેમ પતંગીયું દીવામાં હોમાઈ જાય તેમ હોમાઈ જશો." આટલું સાંભળતા દુર્યોધન તો લાલચોળ થઈ ગયો. શ્રી શકુનિજીને લાગ્યું કે આ દુર્યોધન હમણાં જ મને લાત મારી દેશે તેથી તરત જ ચતુર શકુનિએ વાત ફેરવી દીધી....

શ્રી શકુનિજી : રાજન્ ! કદાચિત્ આપ પાંડવોને જીતી પણ જાવ. પરંતુ આપણે તેવો અખતરો જ નથી કરવો, વિના યુદ્ધે પણ તેઓને નિઃસ્તેજ બનાવી બધું જ તમને આધીન કરવાની યોજના મેં કયારનીયે વિચારી લીધી છે.

દુર્યોધન ભલે ગમે તેટલા ધુધવાટા કરતો હોય પણ યુદ્ધનું પરિણામ તો એ પણ જાણે છે કે પોતે જીતી શકે તેમ નથી. તેથી તુરત જ મામા શકુનિજીને કહે છે, "આપ તો ઘણા મોટા છો....રાજનીતિના વિશારદ છો....યુદ્ધને તો બાજુ પર મૂકી દઉં પણ આપની વિચારેલી યોજના તો મને જણાવો....આપ મારા સ્વામી તુલ્ય છો. મેં સદાય આપની યશોગાથા વધારી છે. આપ જે માર્ગ બતાવશો તે સાચો અને સારો જ હશે !

શ્રી શકુનિજી : "ઓહ દુર્યોધન ! રસ્તો તો એવો છે કે પાંડવોની સર્વસમૃદ્ધિ તમારા ચરણમાં આવી જાય. પણ તે માટે તમારે કંઈક કામ કરવાનું છે. તમે

જેટલા યુદ્ધ વિશારદ છો તેનાં કરતાં ય મારી જુગારની વિશારદતા વિશેષ છે. ભલભલા પ્રતિસ્પર્ધીઓને જુગાર રમાડવામાં હરાવવા એ મારું કામ છે. અને પેલા યુધિષ્ઠિરની તને ખબર છે કે તેઓ તો જુગારની રમત જુએ કે તરત જ ઘેલા ઘેલા થઈ જાય છે.... તેઓ તારી સાથે જુગાર રમે એટલે તેના રાજ્યને પણ દાવમાં મૂકાવીને તેઓને નગરની બહાર કઢાવી મૂકું."

દુર્યોધન તો મામા શકુનિની આ યોજનાથી ખૂબ જ પ્રભાવિત થયા છે. દુર્યોધન કહે છે, "મામા, ચાલો! આપણે તો અહીંથી જ પાછા વળી જઈએ અને પેલા પાંડવોની સંપત્તિના કોળીયા કરીને પાછા આવીએ."

શ્રી શકુનિજી : "દુર્યોધનજી! એમ ન થાય....એકવાર તો તમારે ઇંદ્રપ્રસ્થ જવું જ પડશે. અને ગમે તે હિસાબે તમારે આપણા વડીલ શ્રી ધૃતરાષ્ટ્રજીના આશીર્વાદ મેળવવા જ પડશે. ત્યાર પછી તેમની સંમતિથી જ આગળ વધાશે."

દુર્યોધન : "આવી બન્યું મારું! મારા પિતા શ્રી ધૃતરાષ્ટ્રજી મને જુગાર રમવાની અને તે ય પાંડવોની સાથે જુગાર રમવાની મને રજા આપે ખરા? આ વાત તો અશક્ય જ રહેવાની. ચાલો ત્યારે....જવા દો આ વાતને...."

શ્રી શકુનિજી : "દુર્યોધનજી ! તમને હજી સમજ નથી. આપણે ગમે તેટલા સામર્થ્યવાન હોઈએ તો પણ વડીલોના આશીર્વાદ વગર આગળ વધવું જ નહીં....તમે તમારા પિતાની પાસેથી આવી નાની સરખી પણ રજા ન મેળવી શકો તે કેમ ચાલે !

આજે રણમેદાનમાં નહીં પણ ગૃહાંગણમાં તમારે કેવું ઉપજે છે એ જ મારે જોવું છે. જાવ....ગમે તે રીતે પિતા ધૃતરાષ્ટ્રજી પાસેથી તમે જુગાર રમવાની છૂટ લઈ લો....

દુર્યોધન : શ્રી શકુનિજી ! યુધિષ્ઠિર આદિ પાંચે ય પાંડવો સાથે જુગાર રમવાની પિતાજી છૂટ આપે અને તે દ્વારા રાજ્ય મેળવી લેવાની વાતને પિતાજી માની લે તે વાત શકય લાગે છે ખરી ?

શ્રીશકુનિ : "દુર્યોધનજી ! વાત મનાવવી કે ન મનાવવી તમારા હાથમાં છે, મેં તો જોયું છે કે શ્રી ધૃતરાષ્ટ્રજી તમારી વાતમાં છેક સુધી ના....ના...કરે છે પણ આખરે તો વાત તમારી જ માને છે. મને તો લાગે છે કે જો તમને આ વાત મનાવતા આવડે તો ધૃતરાષ્ટ્રજી ચોક્કસ માને !"

દુર્યોધન : મામાજી ! તમારી વાત બરોબર છે. હું જે ધારું તે વાત મારા પિતાજી પાસે કરાવી શકું છું. પિતાજીનો મારા પર અનન્ય પ્રેમ છે પણ આ વાત કરતી વખતે તમે સાથે રહો તો જ કામ થાય,

પિતાજીનો મારા પર આટલો પ્રેમ હોવા છતાં ય ઘણીવાર તો પાંડવોની જરાક જેટલી પણ વાત આડી બોલું તો ઉગ્ર થઈ જાય છે. કોણ જાણે તેમના ય મગજમાં પાંડવો જ શ્રેષ્ઠ છે તેવું બેઠેલું છે. પણ મામાજી ! તમે સાથે હશો તો પિતાજીને પણ મારી વાતમાં કંઈક સત્ય છે તેવું લાગશે....મામા શકુનિને પણ એ જ જોઇતું હતું ને ! યુદ્ધમાં તો ઘણાય યોદ્ધાઓની જરુર પડે. યુદ્ધની હારજીતમાં તો અનેકો યશના ભાગીદાર પણ બને. આ તો જુગાર રમવાનું હતું એટલે જીતાડવાનો સમગ્ર યશ પોતાને જ મળવાનો હતો. જો કે યુધિષ્ઠરની સામે જુગારમાં હારવાનો સવાલ જ ન હતો. કદાચ હારે તો ય ગુમાવવાનું શ્રી દુર્યોધનને હતું. મામા શકુનિને અંગે તો જરાય ઉઝરડો પણ પડવાનો ન હતો. કદાચ આખી જિંદગી આવા મહાન સમ્રાટને પોતાની આણ નીચે રાખી સમગ્ર હસ્તિનાપુરના બેતાજ રાજા બનવાનું શકુનિનું સ્વપ્ન હશે ! આજે આ તક ગુમાવવા શકુનિ જરાય તૈયાર નથી. તેમણે કહી દીધું કે હે દુર્યોધનજી ! તમારી ઈચ્છા હશે તો અવશ્ય તમારી સાથે ધૃતરાષ્ટ્રજી પાસે આવીશ, પણ પિતાજી પલળશે તો તમારી લાગણીથી જ, મારે તો માત્ર તેમની આગળ ચોજના જ રજુ કરી તેની સફળતા માટે ખાત્રી કરાવવાની છે.

દુર્યોધન : મામાજી ! એ બધું બરોબર છે. તમને તે સમયે જે યોગ્ય લાગે તે કહેજો. પણ હવે પિતાજી પાસે આપણે જલ્દી પહોંચી જઈએ.... આ પ્રમાણે નિર્ણય કરી તેઓ શકય તેટલી ઝડપે ઈન્દ્રપ્રસ્થ પહોંચી ગયા.

દુષ્ટ યોજના માટે શ્રી ધૃતરાષ્ટ્રજીની સાથે મંત્રણા

દુર્યોધન અને શકુનિ આજે ઇન્દ્રપ્રસ્થ પહોંચ્યા છે. વડીલ ધૃતરાષ્ટ્રને તેઓના આગમનના સમાચારથી આનંદ વ્યાપી ગયો છે ધૃતરાષ્ટ્ર વિચારે છે કે હમણાં મારો સુયોધન (દુર્યોધન) આવશે.... પિતાજી.... પિતાજી.... કહીને પગે પડશે. માથું મારા ચરણમાં મૂકશે અને હું માથા પર હાથ ફેરવીશ મારો દુર્યોધન અવનવા અનુભવની મીઠી મીઠી વાતો કરવા માંડશે.... આવા વિચારના વહેણમાં શ્રી ધૃતરાષ્ટ્રને એક વિચાર આવે છે કે શકુનિ શા માટે સાથે આવતો હશે ? શકુનિના આ ઘરમાં ડેરા પડી રહ્યા છે તે શ્રી ધૃતરાષ્ટ્રને ગમતું ન હતું. પણ ધૃતરાષ્ટ્ર તેના ઉપકાર નીચે જાણે દબાઈ ગયા છે ! અને પેલા શકુનિને પણ પારકી પંચાતમાં જ રસ લાગે છે. ગાંધારીઆદિના બંધુ પ્રેમથી તેને છૂટો દોર મળી ગયો છે. ધૃતરાષ્ટ્ર ઘણી વખત વિચારે છે કે આ શકુનિ દુર્યોધનઆદિને મામાને છાજે તેવા યોગ્ય સંસ્કાર અને સમજ નથી આપી રહ્યો....

શ્રી ધૃતરાષ્ટ્રના મનમાં શકુનિ શા માટે આવી રહ્યો છે?.... તે વિચારની કંઈક ગડમથલ ચાલતી હતી ત્યાં જ દુર્યોધન અને શકુનિ આવી પહોંચ્યા. અંધ શ્રી ધૃતરાષ્ટ્રે પગલાંના અવાજ પર ધ્યાન આપ્યું. દુર્યોધનના પગલામાં આજે કોઈ ઉમળકો કે ઉત્સાહ જણાતાં ન હતા. દુર્યોધનના પગરવમાં ફીકાશ હતી. તેથી જ શ્રી ધૃતરાષ્ટ્રજી સાવધ થઈ ગયા છે કહે છે.... "બેટા દુર્યોધન! આમ ધીમો ધીમો શા માટે આવે છે? છ મહિનાનો બિમાર, તમામ સંપત્તિ હારેલો જુગારી કે ભયંકર રીતે અપમાનિત થયેલો માણસ જે અદાથી નિષ્પ્રાણ શબ્દોનો ઉચ્ચાર કરે તે રીતે દુર્યોધન બોલ્યો, "બો પિતાજી.... આ....આ....આવ્યો હું.... શ્રી ધૃતરાષ્ટ્રજીએ તેને નજીક આવેલો સમજીને આશીર્વાદ આપવા માટે પોતાના હાથ ઊંચા કર્યા ત્યાં તો ધમણ ચાલતી હોય તેવા જોર જોરથી ચાલતા શ્વાસ અને ડુસકાં સંભળાયાં.

ધૃતરાષ્ટ્ર વ્યગ્ર મને પોતાના આ હૈયાના હાર જેવા પુત્રને કહી ઊઠયા, બેટા તારા જેવા ધીર, વીર, બહાદુર, પરાક્રમી શક્તિશાળી પુત્રને શું થયું છે? આમ હીઝરાયેલો અને ગભરાયેલો કેમ લાગે છે? બેટા! બોલ, તારું કોઈએ અપમાન કર્યું છે? તને કઈ વાતનું બોછું આવ્યું છે? બેટા કોણે તારૂં પ્રતિકૂળ કર્યું છે? જલ્દી બોલ બેટા! તને કોઈ દુઃખી કરી શકે તેમ નથી છતાંય તું કેમ દુઃખી છે? બેટા.... સમજાતું નથી.... બેટા.... સમૃદ્ધિથી છલકાતા રાજદરબારમાં તને શું દુઃખ હોય? બેટા! તારી ઋદ્ધિ સિદ્ધિ અને વૈભવનો કોઈ પાર નથી છતાંય તું કેમ દુભાય છે?"

પિતાજીનો રિદ્ધિ સિદ્ધિ શબ્દ સાંભળતા જ દુર્યોધન વ્યગ્ર બની ગયો પિતાજી! આપે મને આજ સુધી અંધારામાં જ રાખ્યો છે. માત્ર મને જ નહીં પણ આપ પણ અંધારામાં જ રહ્યા છો આપ માત્ર મારી જ સંપત્તિની વાત જાણો છો પણ પેલા.... આપના ભાઇ પાંડુરાજની છલકાઈ જતી ઋદ્ધિ અને સિદ્ધિનો વિચાર જ કર્યો કર્યો છે? શું છે આપણી ઋદ્ધિમાં? પેલા પાંડવોની સંપત્તિ તો જુઓ, તેનું વર્ણન તો સાંભળો, તેઓની સંપત્તિ પાસે તો આપણા રાજ મહેલો પણ વખાર જેવા છે. હું સીધો હસ્તિનાપુરથી જ આવું છું પાંડવોની ભવ્ય અને દિવ્ય રાજ સભા જોઇ ત્યારે જ મને સમજાયું છે કે સમૃદ્ધિ કોને કહેવાય! તેમના મહેલ પાસે આપણો મહેલ તો ઝુંપડી જેવો જ લાગે છે. મને તો લાગે છે કે પાંડવોના ખાસ સેવકોને ય આપણા કરતા કંઇક ઘણા મોટા અને ભવ્ય રાજમહેલો છે. માનવ જાતિની સફળતા તો ખરેખર તેઓ જ માણી રહ્યા છે. પિતાજી મારાથી તેમનો આ વૈભવ જરાય સાંખી શકાતો નથી. મને તો હસ્તિનાપુરનો મહેલ જોતાં ત્યાં જ રડવું આવી જતું હતું. પાંડવો ખૂબ સારા અને ડાહ્યા છે, એવું આપ રોજ કહ્યા કરો છો પણ.... આ અફાટ સંપત્તિ થયા બાદ આપને પણ કદી તેઓએ બોલાવ્યા છે? આ તો ઠીક થયું કે હું ત્યાં ગયો. નહીં તો એમની સંપત્તિની મને કદીય ખબર ન પડત. મામા શકુનિ તો કહે છે કે ખરેખર આ સંપત્તિ તો તમારી જ કહેવાય. પાંડવો ભલે પૂરે પૂરી સંપત્તિ ન આપે પણ અડધી સંપત્તિ તો તેમણે આપવી જ જોઈએ.

શ્રી ધૃતરાષ્ટ્ર સમજી ગયા છે કે આજે દીકરાની આંખમાંથી ઈર્ષ્યાની આગ ઝરી છે. હવે તે સત્ય જોઇ શકવાનો નથી, સત્ય નહીં જોઇ શકે એટલું તો ઠીક છે પણ હવે આ દુર્યોધન શાંતિથી જીવી પણ નહીં શકે. બીજાના સુખની આગમાં આજે દુર્યોધનનું હૈયું શેકાઈ રહ્યું છે અને શકુનિ તેના પર તેલ છાંટી રહ્યો છે.

પિતા શ્રી ધૃતરાષ્ટ્રજી કશું કહે તે પહેલાજ શકુનિએ કહ્યું, "જવા દો કોડો અને અબજો રૂપિયાના દર દાગીનાની વાતોને.... ! જવા દો મૂલ્યવાન વસ્ત્રોની વાતને.... જવા દો મૂલ્યવાન હરતી અને અશ્વરત્નોની વાત ને.... પણ મુખ્ય વાત તો એ છે કે તેઓએ પોતાની આવી સમૃદ્ધિના જોરે દેશ વિદેશના નાના મોટા દરેક રાજાઓને આધીન કર્યા છે. શું રોફ વધી ગયો છે યુધિષ્ઠિરનો ! મેં તો કદી ય આપના ભાઈ શ્રી પાંડુરાજનો આવો રોફ અને ઠસ્સો જોયો નથી. આ યુધિષ્ઠિરભાઈ તો જાણે શી વાતે થઈ ગયા છે. મોટા મોટા રાજાઓની તો એમને ત્યાં એવી તો લાઇન લાગે છે કે મારા જેવાને તો એમની પાસે જવાનો મોકો ય ન મળે અરે ! મારી વાત તો છોડો....હું તો પરાયો કહેવાઉં પણ પોતાના જ બંધુ દુર્યોધન જેવાને પણ યુધિષ્ઠિરને મળવા માટે લાઈન લગાડવી પડે તો હદ થઈ ગઇ ને ! વડીલ ધૃતરાષ્ટ્રજી ! આ દુર્યોધન જ એવોછે કે આવું સહન કરીલે.... બાકી મારા જેવો તો આવું જોઈને આપઘાત જ કરે. શ્રી ધૃતરાષ્ટ્રજી બિચારા શું કરે ? એ સમજે કે સલાહ આપનારો શબ્દો કોમળ બોલે છે પણ ખરેખર તો તે દુર્યોધનના હૃદયમાં આગ પ્રગટાવે છે.

આપી શકો તો કોઈને શાંતિ આપજો....પણ....કોઈને સંતાપ તો ન જ આપતા....

ઘેલા બનેલા દુર્યોધનની વિહ્વળતા તથા ઉશ્કેરાટ ભરી શકુનિની વાત સાંભળી ધૃતરાષ્ટ્રતો ડઘાઈ જાય છે. શ્રી ધૃતરાષ્ટ્રજી પોતાના વ્હાલા દુર્યોધનના માથા પર હાથ ફેરવીને કહે છે, બેટા ! આપણી પાસે શું નથી ?

પારકા ભાણે લાડુ મોટા લાગે....પણ તું વિચાર કર તારો રાજમહેલ કંઈ ઓછો ભવ્ય નથી. તને પણ બહુ રાજાઓની કંઈ ઓછી હુંફ નથી. બેટા ! કદાચિત્ યુધિષ્ઠિર પાસે કંઈક વધારે હોય તો પણ થઈ શું ગયું ? શું પાંડવો તારા ભાઈઓ નથી ?

દુર્યોધન : "પિતાજી ! ભાઈઓ છે....અને તેમાંય વળી મોટા હોવાનો રોફ રાખીને ફરી રહ્યા છે. એની જ પંચાત છે ને ? એક તો ભાઈ થઈને મોટા કહેવાય....અને આવા સુંદર રાજ મહેલો બંધાવે અને આપણને જણાવે પણ નહીં ? પિતાજી ! અમને એ મોટાભાઈએ બોલાવ્યા શા માટે ? સંપત્તિમાંથી ભાગ આપવા નહીં પણ અંગારા જેવી સંપત્તિથી અમારાં કોમળ કાળજાંને બાળવા માટે જ બોલાવ્યા ને ?

કોણે કહ્યું હતુ કે તમે અમને હસ્તિનાપુર બોલાવો ? શકુનિ વ્યંગથી કહે છે, "ભાઈ ! મોટા માણસોની મોટાઈ તો ત્યારે જ કહેવાય કે નાના પર પોતાનો દોર દમામ ગુજારે !

શ્રી ધૃતરાષ્ટ્રજી : બેટા દુર્યોધન ! અરે શકુનિજી ! આવો વિચાર કરવો આપણને શોભતો નથી... કોઈની પણ સંપત્તિને આબાદીને અને ચડતીને જોઈને આપણે આનંદ લેવો જોઈએ. તેમાંય સ્વજનોની આબાદીથી તો આપણે ગૌરવ લેવું જોઈએ !!

અરે ઓ મન! તારી શું દશા છે? નજીકમાં ઊગેલું ઝાડ હોય તો છાંયો તો મળશે ને? એ વિચારે તું આનંદ કરે છે, અને નજીકના સ્વજનની સંપત્તિથી તું સળગી ઊઠે છે? તું શા માટે પ્રજવલી ઊઠે છે?

જે પરની સંપત્તિમાં સુખ જોઇ શકે છે તે એવો સુખી મહાસુખી બને છે કે તેને પોતાના દુઃખને પણ ભૂલતા વાર લાગતી નથી.

શ્રી ધૃતરાષ્ટ્રજી : "બેટા દુર્યોધન! શકુનિજી! આવા વિચાર કરવા તમને શોભતા નથી. આ પાંડવો તો આપણા જ છે ને?"

દુર્યોધન! "પિતાજી ત્યાં જ વાંધો છે ને? આપ હજી ભ્રમમાં જ છો. તેઓ ભેગા હતાં ત્યારેય કદી આપના હતા નહીં અને આજેય આપણા નથી. માત્ર આપ જ બધાને 'મારા' 'મારા' કરી રહ્યા હતા. અમે તો ત્યારથી જ સમજી ગયા હતા કે બધાય પાંડવો છે જુદા પણ અંદરથી તો એક જ છે. આપણને જુદા પાડવાના જ ખેલ ખેલી રહ્યા છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે તેઓને અમારી સાથે વેર વિરોધ જ કરવો છે. મારું અને મારા નવ્વાણુ ભાઈઓનું ખરાબ જ દેખાડવું છે. પિતાજી! ભલે....આપને ખુશી પડે તેમ કરો હું તો આવું જીવન જીવવા કરતાં જીંદગીને ટૂંકી કરવામાં જ માનું છું" દુર્યોધન શકુનિને સાથે લઇને ઊભા થઇ જાય છે. ધૃતરાષ્ટ્ર તેઓને રોકીને કહે છે, "બેસો, એમ ઉતાવળા થઈને ઊભા ન થઈ જવાય"

દુર્યોધન બેઠા તો ખરા પણ ડુસકાં ભરતાં હોય તેવા અવાજે રડવા લાગ્યા. પિતાજી ! પેલા પાંડવોને તો આપણી સાથે કોઇ આત્મીયતા જેવું પણ નથી. હા....છે સંપત્તિનો મહાગર્વ ! શું હું આપને મારા મોંઢેથી જ મારું અપમાન કહું ? આ મામાજીને પૂછો કે તેઓએ રાજમહેલમાં અમારી કેવી ક્રૂર મજાક કરી છે ? મને તો લાગે છે કે આપના પ્રેમ ખાતર જ આ વાત આપને જણાવવા માટે આવી શકયો છું. બાકી હું તો ત્યાં જ મરી ગયો હોત !

મામા શકુનિ શ્રી ધૃતરાષ્ટ્રજીને જે બન્યું છે તે બધું કહી સંભળાવે છે.

શ્રી ધૃતરાષ્ટ્રજી સમજે છે કે અપમાન અને ઈર્ષ્યાના દાવાગ્નિથી દુર્યોધન સળગી ઊઠયો છે. પરિણામે કયાંય પ્રાણ પણ ગુમાવી બેસશે ! તેથી અત્યારે તેને શાંત કરવો જ જરૂરી છે. કંઇક વિચાર કરીને શ્રી ધૃતરાષ્ટ્રજી કહે છે "બેટા ! શું કરીશું એ પાંડવોની જોડે ? શું આપણી તાકાત છે કે એ મહાનવીરોને આપણે યુદ્ધમાં હરાવી શકીએ ? કુરુવંશના નબીરા થઈને તમે પરસ્પર લડશો તેમાં આપણા વંશની કીર્તિ થવાની છે ખરી ? અત્યાર સુધીની વંશની કીર્તિ પર પાણી ફરી વળશે વળી લજ્જાથી આપણા મસ્તક ઝૂકી પડશે. બેટા દુર્યોધન ! આખી દુનિયા મને પીંખી નાંખશે. બધા જ કહેશે કે આ વૃદ્ધ આજે પોતાના પુત્રના મોહમાં આવી ગયા છે પોતાના છોકરાઓને ઈર્ષ્યા–મત્સર કરતા રોકી ન શકયા તેથી જ બેટા દુર્યોધન ! પુનઃ પુનઃ તને કહું છુ કે **અભિમાન એ પતનનું કારણ છે.**

લોકો સમજે છે કે અભિમાન એ ઊર્ધ્વતાની સીડી છે પણ ખરેખર એ સીડી પર ચડીને કોઇ ટકયો નથી દરેકનું તેના પરથી પતન થયું જ છે.

બેટા ! તું મહેરબાની કરીને આ અહંકારને છોડી દે !

બેટા ! આ લપસણી સીડીને છોડી દે ! જો પાંડવો તારી સામે થઈ જશે તો લાખો વીરોનો સંહાર થઈ જશે !

બેટા ! તારા મગજના નાનકડા અહંકારને ખાતર તું માનવ જાત પર એક અત્યાચાર આચરીશ નહીં !

બેટા ! આ યુદ્ધની ભયાનકતાની તો હું કલ્પના પણ કરી શકતો નથી !!

મામા શકુનિજી મોકો જોઈને બોલી ઊઠયા....

" વડીલવર્ય શ્રી ધૃતરાષ્ટ્રજી ! આ મારા ભાણિયા ને હું આ વાત સમજાવવા માટે જ આપની પાસે લાવ્યો છું. હું કેટલાય વખતથી ભાણીયાને સમજાવી રહ્યો છું કે આ પાંડવોની જોડે લડી શકાય તેવું છે જ નહીં છતાં ય આ છોકરો માનતો જ નથી...." અને જરાક વિલક્ષણ ચહેરે દુર્યોધનની સામે જોઈ લે છે દુર્યોધન કંઈક બોલવા જાય તે પહેલાં જ તેને ચૂપ રહેવાની સંજ્ઞા કરે છે.

શકુનિ પોતાની વાતને આગળ ચલાવે છે. " વડીલવર્ય ! પાંડવો સજ્જન છે તેમાં ના નહીં. તેમાંય આપના ભત્રીજા છે....દુર્યોધનના બંધુઓ છે....આ બધી વાત ખરી....પણ સમસ્યા તો એક જ છે કે આ પાંડવોની પાસે અનર્ગલ લક્ષ્મી વધતી જ જશે તો આ બિચારા મારા ભાણિયા....કૌરવોનું કોડીનું પણ મૂલ્ય નહીં રહે દુર્યોધનનું આજે પાંડવકુળમાં

જે અપમાન થયું છે તેમાં હું તો આપનું પણ હડહડતું અપમાન અને આપની મજાક જ જોઉં છું. આપના જેવા વડીલના પુત્રોની આવી મજાકમાં દ્રૌપદી પણ ભળે એ સ્પષ્ટ રીતે ખતરનાક ચીજ છે! છતાં ય આપ તો વિચારક છો! આપને જે વિચારવું હોય તે વિચારો''

ચતુર શકુનિએ ધૃતરાષ્ટ્રના અહંકારને ઉશ્કેર્યો દુર્યોધનના અહંકારને શાંત પાડવા મથતા શ્રી ધૃતરાષ્ટ્રજી ચતુર શકુનિની વાતમાં ઝડપાઈ ગયા છે. ચતુર શાળા શકુનિજી શ્રી ધૃતરાષ્ટ્રજીની મગજ ધુરા માટે ધૃતધુરા બની ગયા.

શ્રી ધૃતરાષ્ટ્રજી બોલી ઊઠ્યા, ''શું પાંડવોની સંપત્તિ આપણને એમને એમ કંઈ મળતી હશે? શું યુધિષ્ઠિર કંઈ પોતાનો અધિકાર છોડે ખરો? મને તો લાગતું નથી કે કોઇ માર્ગ હોય!'

શકુનિ, ''શ્રી વડીલવર્ય! આપની કૃપાએ હું પણ કંઇક વિચારી શકું છું. જો આપ આજ્ઞા કરો તો હું કોઇ એવા માર્ગનું આયોજન કરું કે જેનાથી પાંડવોની સાથે યુદ્ધ પણ ન થાય. વળી તેમની સાથેના સંબંધો ય ન બગડે અને પાંડવોનો બધાનો સીધો હસ્તિનાપુરથી ઈંદ્રપ્રસ્થ આવીને ઊતરે'' શકુનિએ આગળ ચલાવતાં કહ્યું કે શ્રી ધૃતરાષ્ટ્રજી! યુધિષ્ઠિર પાંડવોમાં નાયક છે. પાંચે ય પાંડવો એક એકથી ચડે તેવા હોવા છતાંય તેઓનો સંપ ઉત્તમ છે. યુધિષ્ઠિર જે કહે તેને સહુ પ્રમાણ કરે છે. આ યુધિષ્ઠિરમાં એવી કોઇ કુટેવ નથી કે જેનાથી તે કબજે થાય. એવું કોઇ વ્યસન પણ તેને લાગ્યું નથી કે જેનાથી તેને કબજામાં લઇ શકાય.... પણ....હા, એક વાત યાદ આવે છેકે તેને એક શોખ લાગ્યો છે. જુગારબાજીની વાત આવે ત્યાં જ તે તૈયાર થઈ જાય છે.

પણ તેને જુગાર રમતાં જરાય આવડતું નથી. વળી ધૃતરાષ્ટ્રજી ! આપની કૃપાએ જુગારમાં મને કોઈ હરાવે તેમ નથી. જો આપ આજ્ઞા આપો તો હું પાંડવોની સમગ્ર લક્ષ્મીને આપના ચરણમાં પધરાવી દઉં અરે !....

ત્યાંજ દુર્યોધન કહે છે " પિતાજી ! મામાજીની આ વાત પણ આપ માનતા નથી. માતા ગાંધારી પણ ઘણી વખત કહેતી હોય છે કે તારા પિતાજીને મારા ભાઇ જેવા અનુભવીની હોંશીયારી અને સલાહની કશી દરકાર જ નથી. નહીં તો આપણે પણ કયાંય આગળ વધી ગયા હોત હવે તો આ બાબતમાં આપે મામાજીને સંમતિ આપવી જ પડશે. શકુનિ કહે છે," જુઓ હું આપને જુગાર રમવા માટે દબાણ કરતો હોઉં તો જુદી વાત છે. જુગાર તો દુર્યોધન અને હું રમીશું આપને તો માત્ર સંમતિ જ આપવાની છે. આપ વડીલને પૂછયા વગર આગળ ન જ વધવું એવી મારા ભાણિયા દુર્યોધનની અતિ ઉત્તમ અને વિનયપૂર્ણ લાગણી છે....

વડીલવર્ય ! આપ હવે દુર્યોધનને અન્યાય ન કરશો !

શ્રી ધૃતરાષ્ટ્રજી તો ક્ષણવાર વિચારમાં પડી જાય છે. પોતાના જ ભોળા શંભુ જેવા યુધિષ્ઠિરને શકુનિ જુગારમાં હરાવી દે તે તો શકય જ હતું પણ....આ માર્ગ કેવો કહેવાય તે અંગે શ્રી ધૃતરાષ્ટ્રજી મુંઝવણ અનુભવતા હતા આ માર્ગના આઘાત-પ્રત્યાઘાતને તેઓ હમણાં ને હમણાં વિચારી શકે તેમ ન હતું. આ બાજુ દુર્યોધન તુરતજ જવાબ લેવા જીદ લઈને બેઠો હતો. થોડા વિચારબાદ શ્રી ધૃતરાષ્ટ્રજીએ કહ્યું, " શકુનિજી ! તમારી વાત નવી છે તેથી થોડી વિચારણા માંગે છે. એટલે જ હમણાં હું હા કહી શકું તેમ તો નથી છતાંય ના પણ કહેતો નથી. પરંતુ આપો વિચાર તો હું કાલે જણાવીશ."

દુર્યોધન : પિતાજી ! કાલે શા માટે ? જવાબ તો આજે જ આપવો જોઇએ.

શ્રી ધૃતરાષ્ટ્રજી : બેટા ! આમ જીદ ન કર ! આવી વાતનો એક જ ઝાટકે કયારે પણ નિર્ણય ન કરાય. હું વિચાર કરીશ ત્યાર બાદ આપણે જેના રાજ્યમાં છીએ.... જેનો હું આશ્રિત છું તે તારા વિદુર કાકાને પણ મારે પૂછવું પડશે''– આવી વાત સાંભળતા જ દુર્યોધન છેડાઈ પડયો મનમાં ને મનમાં બોલી ઊઠયો, હયો ! આવી વાતમાં ય તમારે તમારાથી નાના ભાઈ વિદુરને પૂછવું પડે ? યુદ્ધ માટે પોતે ના કહી અને હવે ઘૂત માટે પોતે ના ન પાડવી પડે માટે વિદુર કાકાનું નામ લે છે આ વિદુર કાકો કયારે હા કહેવાનો છે ?'' ધૂંઆ પૂંઆ થયેલો દુર્યોધન અસહાય નજરે મામા શકુનિની આંખે જુએ છે. મામા શકુનિ શાંત છે.... જાણે આંખના ઈશારાથી કહી રહ્યા છે.... '' શાંતિ રાખો ! વાતમાં થોડો પડદો પડવા દે ! આખરે મારા દાવથી કોઇ બચી નહીં શકે. હું આગળ બધું જ સંભાળી લઈશ.''

છતાં ય પગ પછાડતો દુર્યોધન બોલ્યો, '' ભલે તમે વિદુર કાકાને પણ પૂછો. પણ જો કાકાનો જવાબ ના હોય અને તમે શકુનિ મામાને આજ્ઞા ન આપવાના હોય તો જાણી લેજો કે મારે આ રાજ્યનું તો શું....પણ આ જીવનનું ય કશું કામ નથી. હું તો શાંતિથી મરી જઈશ. પાંડવોના આવા અપમાનથી ક્ષણે ક્ષણે મરી જવા કરતાં.... આગમાં પડી જવાથી મને ઠંડક વધારે થશે.... પછી પિતાજી ! તમે અને વિદુર કાકા સુખેથી રાજ્ય ભોગવજો અને.... જો તમને આ રાજ્ય ભોગવતાં એકલાપણું લાગતું હોય તો તમે બન્ને ય પેલા પાંડુકાકાને શરણે જજો.

ગુસ્સામાં ને ગુસ્સામાં દુર્યોધન ઊભો થાય છે. છતાં ય શ્રી ધૃતરાષ્ટ્રજી પ્રેમપૂર્વક દુર્યોધનનું નીચે ઢળી ગયેલું મુખ ઊંચું કરે છે. માથા પર હાથ પંપાળીને કહે છે, "બેટા! દુર્યોધન! તારી સંપત્તિ કઈ ઓછી નથી. એ કારણથી જ તને ગુસ્સો આવતો હોય તો તેનો રસ્તો હું હમણાં જ કરી નાંખું છું તેઓની દિવ્યસભા કરતાં પણ તારી રાજસભાને હું સુંદર બનાવીને રહીશ. બેટા! તારા મનોરથ હું અવશ્ય પૂર્ણ કરીશ....

આટલું સાંભળ્યા પછી દુર્યોધન શાંત પડ્યો ખરો. કદાચ જાણી બુઝીને પણ શાંત રહ્યો હશે!

શ્રી ધૃતરાષ્ટ્રજી તરત જ ઈન્દ્રપ્રસ્થના ચતુરમાં ચતુર સ્થપતિઓને બોલાવે છે. સેંકડો ભવ્ય દરવાજાવાળી અને હજારો મણિમાણેકથી જડિત થાંભલાવાળી રાજસભાના મંડાણ કરાવે છે. આ રાજસભાનું નિર્માણ શક્ય તેટલી ઝડપે પરિપૂર્ણ કરવા તાકીદ કરે છે.

❋ શ્રી વિદુરજીનું આગમન

હવે અવસર જોઈને એક દિવસ પોતાના અંગત વિશ્વાસુ માણસોને-શ્રી વિદુરને બોલાવવા માટે મોકલે છે. શ્રી વિદુર પણ પોતાના વડીલબંધુ શ્રી ધૃતરાષ્ટ્રજીનું આમંત્રણ પ્રાપ્ત કરી ધૃતરાષ્ટ્રજીના ચરણોમાં મસ્તક ઝૂકાવીને.... હાથ જોડીને સેવામાં ઊભા રહ્યા છે, કહી રહ્યા છે, "હે વડીલવર્ય! આપે આ સેવકને શા માટે યાદ કર્યો છે?"

શ્રી ધૃતરાષ્ટ્રજીએ પણ પ્રાસંગિક વાત પૂર્ણ કર્યા બાદ.... દુર્યોધને અને શકુનિએ કહેલી તમામ વાત શ્રી વિદુરને સમજાવી. અને તે માટે શ્રી વિદુરનો અભિપ્રાય માંગ્યો.

શ્રી વિદુરજી આ વાત સાંભળીને શોકમગ્ન બની ગયા. તેમના મુખ પરનો તમામ હર્ષ જાણે હવામાં જ ઓગળી ગયો. તેમણે તો મોટાભાઈને શાંત પણે છતાંય મક્કમ અવાજે કહી દીધું "ઓ ભાઈ! ઓ વડીલવર્ય! આપ દુર્યોધનનું નામ જ ન દો. એ હીનાત્મા માટે સંતપુરુષોએ ઉચ્ચારેલી વાણી સાચી જ પડવાની છે. આ દુર્યોધન આપણા કુળ પર્વતને આગ લગાડીને જ જંપવાનો છે. ભાઈ શ્રી ધૃતરાષ્ટ્રજી! હું આપને શું કહું? જુગાર એ તો જુગાર જ છે. તેમાંય યુધિષ્ઠિરને જુગાર રમાડીને તેની સંપત્તિ મેળવવાનો વિચાર એ તો અધમાધમ છે. હું તો યુધિષ્ઠિરને પણ કહીશ અને તમને પણ કહું છું કે જુગારનું વ્યસન તો આપણા રાજકુળમાં જોઈએ જ નહીં આ જુગારના વ્યસનથી જ ભૂતકાળમાં અનેક અનર્થો સર્જાયા છે. પેલા સાત્વિક નળ કૂબરનો નાશ પણ આ જુગારમાં જ થયો હતો....

ધનવાન છતાં આળસુ.... લોભી અને ધૂર્ત લોકોએ જ ભેગા થઈને ગોઠવેલા જે દાવ તે જ જુગાર છે.

આવા જુગારને કોઈ પણ ડાહ્યા માણસે પ્રોત્સાહન ન આપવું જોઈએ. શ્રી ધૃતરાષ્ટ્રજી! આપ તો સૌથી મોટા છો. મને એ નથી સમજાતું કે છોકરાઓનો આવો વિચાર તમે સાંભળી પણ કેમ શકયા?.... હવે શ્રી વિદુરજી આ પ્રસંગે શ્રી ધૃતરાષ્ટ્રજી આદિ સહુને નળકૂબરનો ઈતિહાસ સંભળાવી રહ્યા છે....

❋ પ્રવચનસાર

卐 પ્રેમ અને વિશ્વાસ બે જુદી ચીજ છે.

પ્રેમ પૂર્વના કોઈ ઋણાનુબંધથી હોય છે. તે વિના પ્રયત્ને પણ મળી જાય છે. જ્યારે વિશ્વાસ એક આ જન્મની સાધના છે અને સદ્‌ગુણોની પ્રાપ્તિ સિવાય કોઇનો વિશ્વાસ મેળવી શકાતો નથી.

卐 પ્રેમ મેળવી જાણો....વિશ્વાસ કેળવી જાણો.

卐 આશ્ચર્ય છે....ઘડીયાળની ટકટક ગમે છે પણ ઘરડાની ટકટક આપણને ગમતી નથી.

ઘડીયાળ સમયનું જ્ઞાન કરાવતી હશે તો ઘરડા પણ સમય (પ્રસંગ)નું ભાન ઉત્તમ રીતે જ કરાવે છે.

卐 કોઈ પણ જાતના વિજય બાદ પ્રભુભક્તિ, ગુરુભક્તિ અને વડીલોની ભક્તિ કરવાથી વિજયનો ઉન્માદ રોકાઈ જાય છે અને ઉન્માદ રોકાતા પતન પણ અટકી જાય છે. જો વિજય બાદ વિનયી ન બનાય તો વિનાશ અનિવાર્ય છે.

卐 દિગ્વિજય બાદ યુધિષ્ઠિરે યોજેલ મહાન જિનભક્તિ મહોત્સવ એ વિરલ વિજયને પચાવવાની એક પવિત્ર પ્રક્રિયા હતી.

卐 હાસ્યને કેટલાક લોકો સદ્‌ગુણ ગણે છે. પણ....નિર્દોષ કહેવાતા એવા પણ હાસ્યે વિનાશ સર્જ્યો છે. કહેવતમાં પણ કહ્યું છે "કજીયાનું મૂળ હાંસી."

卐 દુર્યોધનની દિવ્ય સભામાં થયેલી દુર્દશા પર જો દ્રૌપદી કે યુધિષ્ઠિર અન્ય પાંડવો હસ્યા ન હોત તો કદાચ મહાભારત રચાયું ન હોત.

卐 સદા પ્રસન્ન રહેવા માટે હાંસીખોર રહેવું જરૂરી નથી. ઉપરથી હાંસીખોરના જીવનમાં ક્ષણવાર પ્રસન્નતા પ્રગટતી હોય છે. બાકી તો કલેશ જ હોય છે. અને એ ક્ષણિક પ્રસન્નતા પણ ઉપરછલ્લી જ હોય છે. આંતરિક પ્રસન્નતા હોતી નથી.

卐 અતિથિ બનેલ વ્યક્તિને કયારેય અપમાન ન લાગી જાય તેનો ખ્યાલ રાખવો, નહીં તો એ વેર લીધા વિના નહીં રહે. યુધિષ્ઠિર આ સમજતા હતા માટે ગંભીર હતા. ચારે ભાઈઓ આ ન સમજી શકયા માટે કરૂણતા સર્જાઈ.

卐 ચોટ એટલે માર વાગ્યા પછી લોહી નીકળી જાય તે સારું ગણાય છે. પણ જો લોહી બહાર ન વહે તો ઘા ગંભીર કહેવાય છે. તેવી રીતે કોઈનું મન અતિ દુઃખી થાય તો તેને જલ્દી બોલાવી લેવો, નહીં તો એ મૂઢમાર જેવી ગંભીર ચોટ બની જશે.

卐 સુખી થવાનો સૌથી મોટો રસ્તો એ છે કોઈને સુખી જોતાં કદી દુઃખી ન બનો.

卐 હસ્તિનાપુરમાં દુર્યોધન ગયા ન હતા તે પહેલાં તે એટલા દુઃખી ન હતા પણ યુધિષ્ઠિરને અતિ સુખી જોયા બાદ તે ભયંકર દુઃખી થયા છે.

卐 ચોરી અને જૂઠ જેવા પાપ હજીય કોઈ રીતે અર્થદંડના પાપમાં ગણી શકાય પણ ઈર્ષ્યા તો સ્પષ્ટ રૂપે જ અનર્થદંડ રૂપ પાપ છે.

卐 ઈર્ષ્યા એટલે બીજાના સુખને જોઈ પોતાના સુખનો વિનાશ નોંતરવો.

卐 ઈર્ષ્યાને દૂર કરવાની એ જ દવા છે અને તે છે પ્રમોદ ભાવના.

卐 ઈર્ષ્યા એને જ પેદા થાય છે જેને જીવનની સ્પર્ધામાં પોતાની હાર કબૂલી છે.

卐 જ્યાં સુધી સ્પર્ધા હોય ત્યાં સુધી હાર હોતી નથી, હાર હોતી નથી ત્યાં દુઃખ હોતું નથી. પણ જ્યાં સ્પર્ધામાં દુઃખ પેદા થાય છે ત્યાં સમજી લેવું કે તમે હારને એડવાન્સમાં (આગોતરી) સ્વીકારી લીધી છે.

卐 ઘોર પાપનો ઉદય જાગે ને કદાચિત્ દુર્યોધન જેવા બનવું પડે તો હજીય બનજો પણ શકુનિ જેવા તો કદીય ન બનતા.

卐 દુર્યોધન દુષ્ટતાનું પ્રતિક છે પણ....શકુનિ તો દુષ્ટતાની ફેક્ટરી છે.

卐 પિતા ધૃતરાષ્ટ્રને આપઘાતની ધમકી આપતા દુર્યોધન એક સ્ત્રી જેવા લાગે છે. દુઃખી પરિસ્થિતિમાંથી છૂટવા માટે આપઘાત નહીં પણ પાપઘાત કરવાની જરૂર છે.

卐 આપઘાત—દેહ નાશ કરી શકે પણ પાપઘાતથી જ દુઃખ નાશ થાય છે.

卐 આપઘાત સામાજિક, રાજકીય અને ધાર્મિક ગુન્હો છે. પણ પાપઘાત આધ્યાત્મિક ગુણ છે.

卐 સારું કામ દેવને પૂજીને જ કરો છો તેમ કોઈપણ કામ વડીલને પૂછીને જ કરો.

卐 વડીલની સલાહથી કરેલા કાર્યમાં વકીલની ફી ચૂકવવાનો વારો આવતો જ નથી.

卐 શકુનિ મહાન રાજકારણી છે; દુર્યોધનને કહે છે—"જુગાર રમવાની રજા તો તારે ધૃતરાષ્ટ્ર પાસે લેવી જ પડશે, ધૃતરાષ્ટ્રને પૂછવું જ પડશે." તેમાં આશય ધૃતરાષ્ટ્રની સંમતિની અપેક્ષા નથી. પણ પૂછીને કરીશું તો ધૃતરાષ્ટ્ર વિરોધ નહીં કરે.

卐 પ્રેમ સ્નેહ સ્વરૂપે હોય છે ત્યાં સુધી પોતાના પ્રિય પાત્રમાં પણ ન્યાય અન્યાયનો વિચાર કરી શકાય છે જ્યારે મોહરૂપે પરિણમે છે ત્યારે ન્યાયની ભાવના ખલાસ થઈ જાય છે.

卐 ધૃતરાષ્ટ્રને પુત્ર મોહ હતો એટલે જ દુર્યોધનના ગમે તેવા દોષોને ન જાણી શકયા. તેનામાં દોષો હોવાં છતાંય તેઓ દુર્યોધનને છોડી શકયા ન હતા.


卐 કોઈપણ પાત્ર પર મોહ હોવો એટલા માટે ગુન્હો કે પ્રેમ પાત્રના ખાતર તે સહુને અન્યાય કરી શકે છે.

卐 પ્રેમ માનવને જગાડે છે....મોહ માનવને ભગાડે છે.

卐 યુવાનોની ફરીયાદ છે—ઘરડાઓ દરેક કાર્યમાં વિચારવાની વાત કરે છે અને મરે ત્યાં સુધી વિચાર જ કર્યા કરે છે,

ઘરડાઓનું નિરીક્ષણ છે કે આજના યુવાનો વિચાર જ કરતા નથી અને કોઈપણ કાર્યમાં ઝંપલાવે છે પરિણામે વિચાર થાય ત્યાં સુધી જીવતાં નથી.

卐 લાંબો વિચાર કરવો એ થોડી ભૂલ છે પણ ખોટો વિચાર કરવો એ મોટી ભૂલ છે.



વાત વાળી લાત મોટી

❋ હિંગુલ દેવ !

પટણાનું નામ કુસુમપુર હતું. ત્યાં ફૂલો ખૂબ થતા. એક માળી સવારે ખૂબ જ વહેલો ઊઠી ફૂલો આપવા જતો. એકવાર તેને રસ્તામાં જ સંડાસની હાજત થઈ. માળી તે હાજતને રોકી ન શકયો. આખરે રસ્તા પર જ સંડાસ બેસી ગયો. બેઠા પછી ખૂબ ડર લાગ્યો. કોઈ જોઈ જશે તો સવારના પહોરમાં ગાળો દેશે. પણ તેને એક તુક્કો સૂઝયો. પોતાના કરેલા સંડાસ પર ફુલો મૂકી દીધા, બીજા માળીએ આ જોઈ લીધું. તેણેય ફુલો ચઢાવ્યા. બીજા પ્રમાણે ત્રીજાએ.... અને ધીમે ધીમે રસ્તે ચાલનારા રાહદારીઓએ પણ ફુલ ચઢાવવા માંડયા. આટલા બધા માણસોમાંથી ફૂલ ચઢાવ્યા બાદ કેટલાયની શ્રદ્ધા ફળી. જેની શ્રદ્ધા ફળી તેણે તો ફૂલના ઢગલા કરવા ચાલુ રાખ્યા. અરે ! ધીમે ધીમે આ દેવ હજરાહજૂર મનાવા લાગ્યા. રાજાના મંત્રી સુધી વાત પહોંચી. આવા ચમત્કારી દેવ કોણ છે ? તપાસ કરો. જો ખરેખર ચમત્કારી હોય....તો આપણેય દર્શન કરી આવીએ.'

ચતુર મંત્રીએ શોધ કરી. ફૂલની નીચેથી દેવ કાઢયા પણ....દુર્ગંધ જ દુર્ગંધ....આ શું ? આને દેવ કોણે કહ્યા ? તપાસ ચાલી. માળી પકડાયો. બોલ તારા દેવનું નામ શું છે ? માળીએ કહ્યું– "સાહેબ ! લોકો હિંગુલ દેવ કહે છે." મંત્રી કહે છે–"પણ, તું જ કહેને તે કયા દેવ છે ?" માળીએ ડરતા ડરતા આખી વાત કરી. નગરજનોના આશ્ચર્યનો તો પાર ન રહ્યો.

આ તે દેવ કે માળીની વિષ્ટા....

ગતાનુગતિક લોકોની દશા દયનીય હોય છે.

શ્રી
અભિનવ-મહાભારત

❋ ❋ ❋

વિભાગ–૧

❋

❋ સંપૂર્ણ ❋

卐



આશીર્વૃષ્ટિ

હે શિષ્યદેવ !

તમારા હૈયામાં ગુરુ ભક્તિના અમૃત ઝરણાં ઝરી રહ્યા છે તે ઝરણાં વિશાળ સાગર બને અને આત્માની અખૂટ.....અતૂટ....અનંત શક્તિના સ્વામી બની. પૂ. સ્વર્ગીય પરમ ગુરુદેવેશના નામી પ્રશિષ્ય બની શાસનની સેવા કરી મુક્તિના મીઠા મેવા લેવા ખૂબ ખૂબ સંયમની પાલનામાં અપ્રમત્ત બની જ્ઞાનોપાસના માં રક્ત બની મહાજ્ઞાની બની....ધ્યાની થઇ દુપ્પસહ સૂરિ મ. સા સુધીની પાટ પરંપરા ચલાવનારા બનો એજ.

પંન્યાસ. વિક્રમ વિ.ના અનુ
વિ.સં ૨૦૨૦ મહાવદ-૫

પૂ.પં રાજ્યશા વિ.મ.ના દીક્ષાના પ્રથમ દિને પૂ. ગુરુદેવે આપેલ શુભાશિષ સદ્‌ગુરુની અંતરની અભિલાષા સદા સફળ બનેછે.

